ચોથી શ્રેણી

પુસ્તક-૯૧

તા. ૨૮મી માર્ચ, ૨૦૨૨
ચૈત્ર ૭, ૧૯૪૪ શાકે
થી
તા.૨૯ મી માર્ચ, ૨૦૨૨
ચૈત્ર ૮, ૧૯૪૪ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## દસમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક-૯૧

# અ નુ ક્ર મ ણિ કા

ચોથી શ્રેણી


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૨૮મી માર્ચ ૨૦૨૨ ચૈત્ર ૭, ૧૯૪૪ શાકે** | | |
| પોઇન્ટ ઓફ ઓર્ડર(પોલીસ સ્ટાફ દ્વારા ધારાસભ્યશ્રીઓ અને એમના સ્ટાફને રોકવા અંગે) | ૧ | ૩ |
| તારાંકિત પ્રશ્નો | ૪ | ૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨ | ૧૦૫ |
| અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી) | ૧૦૬ | ૨૨૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૨૭ | ૨૫૯ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત (પ્રાકૃતિક ખેતી અંગેના વર્કશોપના આયોજન અંગે) | ૨૫૯ | ૨૫૯ |
| **તા.૨૯મી માર્ચ ૨૦૨૨ ચૈત્ર ૮, ૧૯૪૪ શાકે(પહેલી બેઠક)** | | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૬૦ | ૨૯૮ |
| પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન(પાર-તાપી નર્મદા લીંક યોજના અંગે) | ૨૮૪ | ૨૮૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(આઠમો દિવસ)(ક્રમશઃ) | ૨૮૪ | ૨૯૭ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત(સભ્યશ્રીઓના ગૃપ ફોટા પાડવા અંગે) | ૨૯૮ | ૨૯૮ |
| **તા.૨૯મી માર્ચ ૨૦૨૨ ચૈત્ર ૮, ૧૯૪૪ શાકે(બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૯૯ | ૩૦૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૦૯ | ૪૧૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૧૭ | ૪૧૮ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૪૧૮ | ૪૧૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | ૪૧૮ | ૪૩૯ |

ચૈત્ર ૭, ૧૯૪૪ શાકે
પોઇન્ટ ઓફ ઓર્ડર

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૨૮મી માર્ચ,૨૦૨૨**
**ચૈત્ર-૭, ૧૯૪૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડૉ.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર..ઓર્ડર પ્રશ્ન ક્રમાંક-૧ સંજયભાઇ સોલંકી. (અંતરાય)

પોઇન્ટ ઓફ ઓર્ડર

પોલીસ સ્ટાફ દ્વારા ધારાસભ્યશ્રીઓ અને એમના સ્ટાફને રોકવા અંગે

શ્રી અમિત ચાવડા (આંકલાવ): માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. પોલીસ દ્વારા..

અધ્યક્ષશ્રી : અત્યારે નહિ, પ્રશ્નોત્તરી પછી. હમણા કઇ નહિં. પ્રશ્નોત્તરી પૂરી થાય પછી. સૌ સભ્યો માટે પ્રશ્નોત્તરી બહુ અગત્યની છે, એટલે પ્રશ્નોત્તરી પછી તક આપીશ. પ્રશ્નોત્તરી પછી તક આપીશ.(અંતરાય) હું સૂચના આપું છું.

અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી,અમે કોઇ આંતકવાદીઓ છીએ? (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું તપાસ કરાવી લઉં છું. હું તપાસ કરાવી લઉં છું. પ્રશ્નોત્તરી શરૂ કરવા દો. આપ બેસો. તપાસ કરાવી લઉં છું. બેસો. બેસો.(અંતરાય) હું સમજી ગઇ. (અંતરાય)

અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી,એકવાર વાત સાંભળો કે શું પ્રશ્ન છે?

અધ્યક્ષશ્રી : આપણે પ્રશ્નોત્તરી પછી કરીએ. શ્રી શૈલેષભાઇ શું છે? ટૂંકમાં કહેજો. બધા બેસો.

અમિત ચાવડા: માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાનું ગૃહ ચાલે છે. સરકાર દ્વારા ધારાસભ્યશ્રીઓના અધિકૃત નિવાસ સ્થાન ફાળવેલ છે. ધારાસભ્યશ્રીઓ નિવાસસ્થાનેથી નીકળીને વિધાનસભામાં આવતા હોય ત્યારે જાણે કોઇ આંતકવાદી માટે ઘેરો ઘાલવામાં આવ્યો હોય તે રીતે સદસ્ય નિવાસનો ઘેરો ઘાલવામાં આવ્યો. તે રીતે એક એક ગાડીને ચેક કરવામાં આવે, પૂછવામાં આવે. પોલીસ આંતકવાદી, ગુનેગારોની તપાસ કરે. ગૃહમાં પણ..

અધ્યક્ષશ્રી : બેસો આપ. શ્રી ભગાભાઇએ આવીને મને વાત કરી છે.

અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી,ગૃહમાં પ્રવેશ કરતા પહેલા ઓછામાં ઓછા ૨૦ ધારાસભ્યો હતા. આ મીડિયાના મિત્રો હાજર હતા. ગૃહમાં કોઇ આંતકવાદી ઘૂસવાના હોય એ રીતે કોંગ્રસના ધારાસભ્યોને જ રોકવામાં આવે. અમારા આસિસ્ટંટ હોય, સિક્યોરિટીને નહિ આવવાનું. બાકી ભારતીય જનતા પાર્ટીના બધાને છૂટ.

અધ્યક્ષશ્રી : બેસો આપ. ભગાભાઇ પર્સનલી આવીને મળી ગયા છે. ચર્ચા થઇ ગઇ છે. તરત જ મારી ઓફિસમાંથી પોલીસને ફોન કરેલ છે. કોઇને રોકવામાં ન આવે એવી મારી ઓફિસે સૂચના આપી દીધી છે. મેં જવાબ આપી દીધો છે. રૂબરૂ વાત થઇ ગઇ. મેં તરત જ સૂચના અપાવી છે. એમ.એલ.એ. ક્વાર્ટર્સ હોય કે વિધાનસભા હોય કોઇ ધારાસભ્ય કે એમના (અંતરાય) મારી વાત તો સાંભળો. તમારો પ્રશ્ન મેં કહી દીધો. આપનો પ્રશ્ન (અંતરાય) આપ બેસો. આપનો પ્રશ્ન મેં સાંભળ્યો.

અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગયા સત્રમાં આ જ રીતે કરવામાં આવ્યું. આ વખતે કરવામાં આવ્યું.

અધ્યક્ષશ્રી: આપ બેસો. આપનો પ્રશ્ન સમજી લીધો. મારો જવાબ સાંભળો. આપ બેસો. શ્રીઅમિતભાઇએ જે વાત કરી. શ્રીભગાભાઇએ જે વાત કરી. મેં સૂચના આપી છે. મારી પાસે શ્રી ભગાભાઇ પર્સનલી આવીને ચર્ચા કરી ગયા છે. સૂચના આપી છે કે એમ.એલ.એ. ક્વાર્ટસ હોય કે વિધાનસભા હોય. (અંતરાય) પૂરી વાત નહિ સાંભળવાની? તમે મને સાંભળો તો ખરા? પ્રશ્ન ક્રમાંક-૧ માનનીય શ્રી સંજયભાઇ સોલંકી. તમારે સાંભળવું જ નથી. મેં કહ્યું કે સૂચના આપી દીધી છે. કોઇને પણ અટકાવવામાં નહિ આવે. શ્રીશૈલેષભાઇ બોલે છે. બેસો. બધા બેસો

શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી,આ મુદો એટલા માટે ઉપસ્થિત કરવામાં આવ્યો. પોલીસ દ્વારા એમ.એલ.એ. ક્વાર્ટસ હોય, ધારાસભ્યશ્રીની ગાડી હોય કે ધારાસભ્યશ્રીને જે રોકવામાં આવ્યા. પોલીસ દ્વારા એવું કહેવામાં આવ્યું કે માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અમે આ કામ કરી રહ્યાં છીએ. માટે આ પ્રશ્ન વિધાનસભામાં ઉપસ્થિત કર્યો છે.

અધ્યક્ષશ્રી : મેં આવી કોઇ સૂચના કોઇને આપી નથી. એમ.એલ.એ. ક્વાર્ટર્સ મારા ક્ષેત્રાધિકારમાં આવતું પણ નથી. મારા પરિસરની વાત છે. મેં નીચે સૂચના આપી દીધી. ધારાસભ્ય, એમના કાર્યકર્તા, એમનો સ્ટાફ બધાને લિસ્ટ લઇને પ્રવેશ આપવામાં આવે એવી સૂચના આપી દીધી છે. શ્રીભગાભાઇએ જે એમ.એલ.એ. ક્વાર્ટસની વાત કરી એ ત્યાં પણ વાત કરી છે. શ્રીવિક્રમભાઇ, આપ આપની જગ્યાએ જાવ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિપક્ષના મિત્રોને વિનંતી કરું છું, એક-બે મિનિટ માટે બેસી જાઓ. હું કંઇક કહેવા માગું છું, પણ આપ બધા જ ઉભા હોવ...

અધ્યક્ષશ્રી : શ્રીઅમીતભાઇને સાંભળ્યા, શ્રીશૈલેષભાઇને સાંભળ્યા. આપ બેસી જાઓ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : તમે બધા, તમે બધા હું કહું છું ને, (અંતરાય) પણ આપ સાંભળવા પણ નહીં માગો.

તા. ૨૮મી માર્ચ ૨૦૨૨

પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રી : શ્રીવિક્રમભાઇ,

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આપની વાત મેં સાંભળી.

અધ્યક્ષશ્રી : શ્રીવિક્રમભાઇને જે કહેવું હોય એ આપની જગ્યાએ જઇને કહો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આ પ્રશ્નકાળનો આટલો સારો સમય જાય છે.

અધ્યક્ષશ્રી : આપની જગ્યાએ જઇને કહો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : હું વિનંતી કરું છું. તમારી વાત સાંભળી, આપણે બધાએ સાંભળી. આપની વાત સાંભળી, પણ મારે એક રજૂઆત કરવી છે.

અધ્યક્ષશ્રી : આપ આપની જગ્યાએ જાઓ. શ્રીભગાભાઇ આવીને રજૂઆત કરી ગયા છે. (અંતરાય)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : મારે રજૂઆત કરવી છે. એક-બે મિનિટ આપ બેસી જાઓ પ્લીઝ. હું વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું એમને આપના માધ્યમથી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : આપ બધા બેસો, સાંભળો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : હું એમને કંઇક કહેવા માગું છું. સાંભળો તો ખરા પણ.

અધ્યક્ષશ્રી : આપને સૌને સાંભળ્યા હવે સંસદીય મંત્રીશ્રી જે કહે એ તો સાંભળો. મેં આપને કહ્યું...(અંતરાય)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : બે મિનિટ બેસી જાઓ.

અધ્યક્ષશ્રી : શ્રીવિક્રમભાઇ, આપ આપની જગ્યા ઉપર જાઓ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : બે મિનિટ આપ બેસો તો ખરા.

અધ્યક્ષશ્રી : શ્રીવિક્રમભાઇ, આપ આપની જગ્યાએ જાઓ. હું આપને એલાઉ કરું છું. પહેલાં આપની જગ્યાએ જાઓ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આપની જગ્યાએથી સાંભળો ને.

અધ્યક્ષશ્રી : હું આપને એલાઉ કરું છું. આપની જગ્યાએ જાઓ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આપની જગ્યાએ તો જાઓ.

અધ્યક્ષશ્રી : આપની જગ્યાએ જાઓ. બેસો આપ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : આપ બધાને સાંભળો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય શ્રીપુંજાભાઇ,

અધ્યક્ષશ્રી : શ્રીપુંજાભાઇ, આપ બેસો. સંસદીય મંત્રીશ્રી કહે છે તે સાંભળો. હું આપને એલાઉ કરું છું. આપ બેસો તો ખરા. આપને કંઇ કહેવું છે? સાંભળો તો ખરા.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : તમે પણ કહેજો. તમે કહેજો.

અધ્યક્ષશ્રી : આપ કહી દો જે. શ્રીવિક્રમભાઇ, આપ બોલો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય ગૃહના નેતાશ્રીએ કહ્યું કે પહેલા શ્રી વિક્રમભાઇને સાંભળો.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી,મારી પહેલી દલીલ એ છે કે, મંત્રીશ્રી જવાબ આપે તે વાત વ્યાજબી છે, પણ મારી પીડા સાંભળ્યા પછી જવાબ આપે ને?

અધ્યક્ષશ્રી : આપ બોલો.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, સવારના પ્હોરમાં ઘરેથી નીકળ્યા.

અધ્યક્ષશ્રી : શ્રી પુંજાભાઇ, નથી બોલવા દેવાના? આપના સભ્ય બોલે છે. (અંતરાય) આપના સભ્ય બોલે છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, સવારના પ્હોરમાં ઘરેથી નીકળ્યા. ભેગા પોલીસવાળા ધારાસભ્યોના દરવાજે આવી જાય. ધારાસભ્યોને રોકે. તેમને કહ્યું કે તમે ગૃહની હદની બહાર જાઓ. ધારાસભ્યોને કેવી રીતે રોકી શકે? ધારાસભ્યોને પી.એસ.આઇ અને તમે કહો છો અહીં ગેટ નંબર-૧ પર ગેટ નંબર-૧ પર હું નામજોગ કહું છું, પી.એસ.આઇ. જાડેજા છે. તેમણે આપના નામજોગ કોટ કર્યુ કે, અધ્યક્ષશ્રીની સૂચના છે.

અધ્યક્ષશ્રી : કોઇ જ સૂચના મેં કોઇને આપી નથી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી,પહેલાં મને સાંભળો, પછી મને જવાબ દેજો. આપને સાંભળ્યા. હું એક નહીં, એક નહીં. દસ ધારાસભ્યો, મીડિયા, શુટિંગ આપને જે જોઇતું હોય તે આપવા તૈયાર છું. જો આ રીતે ધારાસભ્યોનું અપમાન પી.એસ.આઇ દ્વારા કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : સવાલ જ નથી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, તો લોકશાહી ક્યાં બચી છે? આપ ના પાડતા હતા કે મારો ઓર્ડર નથી. આપ ના પાડતા હતા કે આપનો ઓર્ડર નથી, તો એ પી.એસ.આઇ. આપના નામજોગ બોલે છે. તમે કહો એટલા પ્રૂફ આપવા તૈયાર છું. હવે મંત્રીશ્રી જવાબ આપે.

અધ્યક્ષશ્રી : આપ બેસો. માનનીય શ્રી રાજેન્દ્રભાઇ

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપની વાત સાંભળી. આપની વાત સાંભળી. સ્પીકર સાહેબે આપની વાત સાંભળી. વારેઘડીએ બોલીને કંઇ અર્થ છે?

અધ્યક્ષશ્રી : શ્રીરાજેન્દ્રભાઇને તો બોલવા દો?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી...

અધ્યક્ષશ્રી : શ્રી બળદેવભાઇ આપ બેસો, પ્લીઝ. શ્રીભગાભાઇ આપ બેસો. માનનીય મંત્રીશ્રીને પ્લીઝ સાંભળી લઇએ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી: માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય પ્રણાલિકાને જોતા પ્રશ્નકાળના સમયમાં આપણે બીજા કોઇ પ્રશ્નો હાથ પર લેતા હોતા નથી. પરંતુ આ પ્રશ્ન, વાત સાંભળો પહેલાં, વાત સાંભળો, સાંભળો વાત (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી પ્રતાપભાઇ, આપ બેસો. શ્રી લલિતભાઇ બેસો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નકાળ દરમ્યાનમાં અગાઉ કોઇ ઘટના બની હોય અને તેવી મહત્વની ઘટના હોય તો આપનો સાંભળવાનો ચોક્કસ અધિકાર છે. તેની રૂએ આપે પરમિશન પણ આપી. માનનીય ધારાસભ્યશ્રીને અટકાવવા જોઇએ નહીં તે સર્વસંમત બાબત છે.

અધ્યક્ષશ્રી : બિલકુલ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પરંતુ આ જે કોઇ ફરિયાદ છે, મારી વિપક્ષને વિનંતી છે કે જેની સાથે જે ઘટના બની છે તે રિસેસના સમયમાં લખીને માનનીય અધ્યક્ષશ્રીને આપો. મારી વાત સાંભળો. અરે, વાત તો સાંભળો. પૂરી વાત તો સાંભળી લો. પૂરી વાત સાંભળો. માનનીય અધ્યક્ષશ્રી, જે કંઇ ઘટના બની હોય તેના સંદર્ભમાં ચોક્કસપણે અટકાવ્યા હોય, તેમને રોક્યા હોય, વિપક્ષની ફરિયાદ છે તે ચકાસીને આપે નિર્ણય લેવો જોઇએ, પરંતુ અત્યારે પ્રશ્નકાળ તમારા માટે વધારે અગત્યનો છે તેને ચાલવા દો. પછી ફરી કહેજો જે કહેવું હોય તે. પ્રશ્નકાળ માટેની અગત્યતતા તમે સમજો છો. તે વિપક્ષ માટે વધારે અગત્યનો છે. તમે એ પછી પણ આ વાત કરી શકશો. માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ નિર્ણય લે એવું આપ ઇચ્છો છો? માનનીય અધ્યક્ષશ્રી તમે કહો એ પ્રમાણે હમણા જ નિર્ણય લે એવું આપ ઇચ્છો છો? આપની વાતમાં તપાસ કરવા માટે સમય જોઇએ.

અધ્યક્ષશ્રી : આપની વાત સાંભળી લીધી અને મારા નામે આવી કોઇ ખોટી વાત કરતું હોય તો હું ચોક્કસ તપાસ કરાવીશ અને જે કાંઇ કાર્યવાહી કરવી પડશે એ કરીશું આપણે. માનનીય શ્રી શૈલેષભાઇ,

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રીએ સ્પષ્ટ કહ્યું છે કે આવી કોઇ સૂચના એમણે નથી આપી ત્યાર પછી આપણે એ તપાસ કરવા માટે સમય તો આપવો પડશે અને દરેક જણ વિગત આપે એમાં કંઇ વાંધો નહીં.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે વાત કરી, આપે પરમિશન આપી માટે આપનો આભાર માનુ છું. માનનીય શ્રીરાજેન્દ્રભાઇ, સવાલ એ કે સો ટકા વિધાનસભા ગૃહનો પ્રશ્નોતરીકાળનો સમય ખૂબ મહત્વનો છે અને એ પ્રશ્નો કોણ પૂછે છે? વિપક્ષના સભ્યો દ્વારા ગુજરાતની જનતાના જે પ્રશ્નો છે એ પ્રશ્નો અમે પૂછતા હોઇએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ છે કે, માનનીય શ્રીઅમિતભાઇએ જે મુદો ઉઠાવ્યો, જે વાત માનનીય શ્રીવિક્રમભાઇએ કરી, માનનીય શ્રીભગવાનભાઇએ વાત કરી કે, ધારાસભ્યશ્રીઓને રોકવામાં આવ્યા. એમ.એલ.એ. ક્વાર્ટરથી રોકવામાં આવ્યા, એમની કારને રોકવામાં આવી, ગેટ ઉપર આપના નામથી રોકવામાં આવ્યા અને બીજુ ધારાસભ્યશ્રીના બાવડા પકડવામાં આવે, એમને ધક્કા મારવામાં આવે એની વિડિયોગ્રાફી ઓલરેડી છે. તમે જેમ શર્ટ ઉતાર્યો એની વિડિયોગ્રાફી જોઇ હતી એમ આ વિડિયોગ્રાફી તમે જોઇ શકો છો. માનનીય અધ્યક્ષશ્રી, અમારી વિનંતી છે કે, એક તો પેપર સરકારથી ફૂટે છે અને ધારાસભ્યોને તમે પકડો છો, ધારાસભ્યોને તમે રોકો છો? માનનીય અધ્યક્ષશ્રી, ડ્રાઇવરને પણ રોકવામાં આવ્યા. શ્રી ભગાભાઇના ડ્રાઇવરને રોકવામાં આવ્યાં, આપને પણ મળ્યા, ડી.એસ.પી.ને વાત કરી ત્યારે ડ્રાઇવરને છોડ્યો. એટલે મૂળભૂત વાત એ છે કે, મુદો એટલે શ્રીઅમિતભાઇએ ઉપસ્થિત કર્યો કે ધારાસભ્યોના સ્વમાનનો પ્રશ્ન છે અને ખાસ ગંભીર બાબત એ છે કે, આપના નામથી પોલીસ અધિકારીઓ જ્યારે એમ કહેતા હોય કે અમને અધ્યક્ષશ્રીની સૂચના છે. તો ગંભીર રીતે આની તપાસ કરો અને અધિકારીને સસ્પેન્ડ કરો, જેથી બીજી વખત આ રીતનું કૃત્ય વિધાનસભા ચાલુ હોય ત્યારે ન કરે અને કોઇ ધારાસભ્યશ્રીને રોકવામાં ન આવે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કહે છે કે લેખિત આપો. ગયા વખતે સત્રમાં... (અંતરાય)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : લેખિત આપવું હોય તો આપો એવું મારું સૂચન છે.

અધ્યક્ષશ્રી : એ એમનું સૂચન છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ વિધાનસભાના સત્ર વખતે પણ આજ રીતનું કૃત્ય કરવામાં આવ્યું હતું. એમ.એલ.એ. કવાર્ટરમાં રાત્રે ૧૨-૦૦ વાગે ફેમિલી સાથે હતા ત્યારે...(અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, નહીં. ગયા સત્રની ચર્ચા અહીં ન હોય, આપ બેસો, આપ બેસો. માનનીય શ્રી લલિતભાઇ બોલો.

તા. ૨૮મી માર્ચ ૨૦૨૩
તારાંકિત પ્રશ્નો

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું ગેટ નંબર ૧માંથી આવ્યો મને અડધી કલાક ગેટ નં.૧ ઉપર ઉભો રાખ્યો એના પુરાવા હું આપી શકું એમ છું. મારી સાથે મારા મોટા ભાઇ હતા, બીજા પાંચ જણા હતા અને બધા ૬૦ વર્ષની ઉંમરના હતા, મેં પી.આઇ.ને કહ્યું કે આમાંથી એક પણ વિદ્યાર્થી આંદોલનકારી નથી. તમે આની ઉંમર જોઇ લો. મેં એસ.પી.ને વાત કરી, મેડમશ્રી, બે મિનિટ મને સાંભળજો પ્લીઝ. હું અહીંયા ગેટ ઉપર આવ્યો. ગેટ ઉપરથી અમને કોઇને આવવા ન દીધા. મારી સાથે, મારી સાથે માનનીય સદસ્ય બહેન સુમનબેન જેઓ ભારતીય જનતા પાર્ટીના સભ્ય છે, તેઓ પણ આવી રહ્યા હતા અને એમની સાથે ચાર લોકો હતા, એમને ગેટમાં અંદર આવવા દીધા. મેં પી.આઇ.ને કહ્યું કે એમના પાસ જુઓ, આમને કેમ જવા દીધા અને મને શા માટે નથી જવા દેતા? એ અંદર ગયા પછી પી.એસ.આઇ. ત્યાં ગયા અને કાર્ડ માગ્યા. અંદર જઇને છેક લિફ્ટ પાસે ગયા પછી, તો અમે શું ત્રાસવાદી છીએ? ભારતીય જનતા પાર્ટીની ઓફિસમાંથી મેં ફોન કરાવ્યો કે મારા લોકોને આવવા દો. માનનીય ગૃહના નેતાશ્રી, આપ આ ગૃહના ભિષ્મ પિતામહ છો, અમારું માન જાળવવાની આપની જવાબદારી છે. અમે ભારતીય જનતા પાર્ટીની ઓફિસમાંથી ફોન કરાવીએ તો અમને આવવા દીધા. અહીંયા જીતુભાઇ વાઘાણી હાજર હતા, (અંતરાય) મેં જીતુભાઇને કહ્યું કે પ્લીઝ અમને બચાવો.

શ્રી ભગાભાઇ ધા. બારડ: માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે રાત્રે પણ હું મોડી રાત્રે આવ્યો ત્યારે પણ પોલીસ દ્વારા ત્યાં ગાડી રોકવામાં આવતી હતી. એમ.એલ.એ.નું બોર્ડ જોઇને, અમુક વસ્તુ જોઇને પછી ગાડી જવા દીધી. તો સદસ્ય નિવાસના પ્રિમાઇસીસમાં આપે જો એમને પરમિશન આપી હોય તો અમને કોઇ વાંધો નથી. પણ આપની પરમિશન લીધા સિવાય રાત્રે જો ત્યાં પોલીસ આવી અને એમએલએની ગાડી રોકવાનો પ્રયત્ન કરે તો એ પણ બરાબર નથી. આજે મારો ડ્રાયવર મને અહીંયા છોડીને જાય છે. મારે ત્યાં મહેમાન છે. મારો પરિવાર છે, તેમના માટે દૂધ લેવા નીકળ્યો તો એ ડ્રાયવરને બેસાડી દીધો. મેં એસ.પી.ની સાથે વાત કરી ત્યાં કોઇ ભરવાડ કરીને હતા તે મારી સાથે વાત કરવા તૈયાર ના થાય. મેં મયુર ચાવડા જે એસ.પી.છે તેની સાથે વાત કરી. પોણો કલાક સુધી મારા ડ્રાયવર સાથે મને વાત કરવા ના દે અને તેને ફોન ઉપાડવા ના દે.

અધ્યક્ષશ્રી : શ્રીભગાભાઇની સાથે મેં રૂબરૂ પણ ચર્ચા કરી છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પંડયા સાહેબને વાત કરી. તેના પછી નિર્ણય ના આવ્યો, ત્યારે તેના પછી હું આપની આગળ આવ્યો અને આપની સાથે વાત કર્યા પછી તે ડ્રાયવરને દસ મિનિટ પછી છોડવામાં આવ્યો. એટલે આ પ્રથા બરાબર નથી. અમારું રક્ષણ થાય તે માટે અમે આપને વિનંતી કરીએ છીએ.

અધ્યક્ષશ્રી: શ્રીઅમીતભાઇએ, શ્રીશૈલેષભાઇએ, શ્રીભગાભાઇએ, શ્રીલલીતભાઇએ માનનીય સંસદીય મંત્રીશ્રીએ જે વાત કરી આ બધી જ ચર્ચાઓ (અંતરાય ) શ્રી જીતુભાઇ બોલો.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી લલીતભાઇ અમારા સન્માનીય છે, વડીલ છે.. (અંતરાય) શ્રી લલીતભાઇ, મને બોલી લેવા દો. મારા નામનો ઉલ્લેખ થયો છે. મને એ મળ્યાં અને મેં જે દ્રશ્ય જોયુ તેમાં અંદરથી શ્રી લલીતભાઇ બહાર આવતા હતા અને તેમણે મને વાત કરી. (અંતરાય) હું આખી વાત કરું છું. મીડિયા પણ હતું અને તેમણે મને કહ્યું કે અમને આવવા દેતા નથી. એટલે મેં કહ્યું કે આ પર્વ્યુ છે તે માનનીય અધ્યક્ષશ્રીનો છે. આપણે અધ્યક્ષશ્રીને કહેવું જોઇએ, પણ અંદરથી તે બહાર આવતા હતા અને તેની સાથે તે વખતે કોઇ હતું નહીં. મારે બન્નેને ડાયલોગ પણ થયા તે અંદર જઇને બહાર આવતા હતા અને મને તેમણે વાત કરી કે અમને જવા દેતા નથી.... (અંતરાય)

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું ગેઇટની અંદર નહોતો, પણ જે સિક્યુરીટી છે તેની બહાર હતો... (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બન્ને બેસો, શ્રી લલીતભાઇ, શ્રી જીતુભાઇ આપ બન્ને બેસો. મને લાગે છે કે આપણે એકબીજા સાથે ચર્ચા ના કરીએ. અહીંયા જે રજૂઆત થઇ. શ્રી અમીતભાઇએ જે મુદ્દો ઉઠાવ્યો, શ્રી શૈલેષભાઇએ વાત કરી, માનનીય સંસદીય મંત્રીશ્રી રાજેન્દ્રભાઇએ કહ્યું, શ્રી ભગાભાઇ મને પર્સનલી આવીને મળ્યાં અને શ્રી લલીતભાઇનો જે કંઇ આક્રોશ મેં જોયો અને બધાની રજૂઆત છે, પણ બે-ત્રણ જણાંએ પોતાની વાત કરી. હું એટલુ જ કહીશ કે આ જે વિષય આવ્યો છે અને મારા નામ ઉપર જો કોઇ આવુ કહેતુ હોય કે મેં સૂચના આપી છે કે કોઇને આવવા ના દેવા. આ બાબતે હું પૂરેપૂરો રેકર્ડ જોઇ, પૂરી તપાસ કરી... (અંતરાય) શ્રી પુંજાભાઇ, મને તો બોલવા દો. હવે તમે જ બોલ બોલ કરશો? પૂરેપૂરી તપાસ કરીને જે કંઇ પગલાં લેવાનાં હશે તે સખત પગલાં લેવડાવીશ. હવે આપણે શાંતિથી પ્રશ્નોત્તરી કરીએ. વિપક્ષોને માટે આ બહુ અગત્યનું છે.

**તારાંકિત પ્રશ્નો**

**ભરૂચ જિલ્લામાં ગેરકાયદે ઝીંગા ફાર્મ**

તારાંકિત પ્રશ્નો

* ૪૫૩૫૬**શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાંસત્રમાં તા.૩૦-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૯૧૧૦ (અગ્રતા-૬૫)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં સરકારી જમીન પર ગેરકાયદે દબાણ કરીને ઝીંગા ફાર્મ ઉભા કરાયેલ તે પૈકી ૪૩૦૭૨ ચો.મી. જમીનના ૫ તળાવોમાં ગેરકાયદે દબાણ દૂર કરવાના બાકી હતા તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા દબાણ દૂર કરવામાં આવ્યા, | (૧), (૨) અને (૩)<br>દબાણવાળી જમીનમાં માપણી કરી હદનિશાન નક્કી કરવા સંબંધિત ડી.આઇ.એલ.આર.ને સુચના આપવામાં આવી છે, હદનિશાન નક્કી થયેલ ન હોવાથી હાલ દબાણ દૂર થઈ શકેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનનાકેટલા દબાણ દૂર કરવાના બાકી છે, અને | |
| (૩) ઉક્ત બાકી રહેલ ગેરકાયદે ઝીંગા ફાર્મને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ? | |

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ફાર્મ ઉભા કરયેલા છે તે પૈકી ૪૩,૦૭૨ ચો.મી.જમીનના ૫ તળાવોમાં ગેરકાયદેસર દબાણ દૂર કરવાના બાકી હતા તે પૈકી તારીખઃ ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા દબાણો દૂર કરવામાં આવ્યા ? ઉકત સ્થિતિએ કેટલી જમીનના કેટલા દબાણ દૂર કરવાના બાકી છે ? અને ઉકત બાકી રહેલ ગેરકાયદે ઝીંગા ફાર્મને કયાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ ઝીંગાનો પ્રશ્ન આજે મારે શરૂઆતમાં જ નંબર.૧ તરીકે આવ્યો છે મને કાંઇ બહુ ગમ્યું નથી, પણ મહેસૂલ મંત્રી તરીકે મારે જવાબ આપવો પડે. તેમનો પ્રશ્ન સાચો છે માનનીય શ્રી સંજયભાઇએ જે પ્રશ્ન મૂકયો કે આ દબાણવાળી જે જગ્યા ૪૩,૦૭૨ ચો.મી.જમીન હાંસોટ તાલુકામાં સરકારી જમીન ઉપર ગેરકાદેસર દબાણ તે દૂર કરવાનુ બાકી છે કે કેમ ? તેનો જવાબ આપ્યો છે કે, દબાણવાળી જમીનમાં માપણી કરી હદનિશાન નક્કી કરવા સંબંધિત ડી.આઇ.એલ.આર.ને સૂચના આપવામાં આવી છે. હદનિશાન નક્કી થયેલ ન હોવાથી હાલ દબાણ દૂર થઇ શકેલ નથી, પરંતુ આ હાઉસને જણાવતા મને આનંદ થાય છે કે, મારો મહેસૂલ વિભાગ ખૂબ ત્વરાથી કામ કરે છે. આ જવાબ જયારે આપ્યો ત્યારે તે તારીખથી આજની તારીખમાં એ જે દબાણનો પ્રશ્ન આપે કહ્યો છે તે દૂર થઇ ગયો છે, તેને દૂર કરી દેવામાં આવ્યું છે તેનો છેલ્લો હું આજની તારીખમાં આપનો જવાબ આપું છું અને આવા કોઇ પણ દબાણો હશે તો એ દબાણો ઝડપથી દૂર કરવામાં આવશે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે અગાઉ પણ આવો પ્રશ્ન પૂછાયો છે અને આજે પણ પૂછાયો છે. ૪૩,૦૭૨ ચો.મી. જમીન પર ઝીંગા ઉછેર કેન્દ્રવાળા લોકો દ્વારા આ દબાણ કરવામાં આવ્યું છે. આપે પણ કહ્યું છે કે એક લારી મૂકે તો પણ લેન્ડગ્રેબિંગ કરો. ઘણા બધા કિસ્સાઓમાં કોઇ સરપંચ ઘરની પાસે ભેંસ બાંધે તો એના પર ગાંધીનગરમાં લેન્ડ ગ્રેબિંગ થયેલ છે. કોઇ રબારી સમાજના લોકોએ ખાલી ઘર બાંધ્યું હોય તો પણ એની પર લેન્ડ ગ્રેબિંગ થયેલું છે. મારે માત્ર એટલું જ જાણવું છે કે આ ઝીંગા ઉછેર કેન્દ્રવાળા લોકોને તમે વિઘો જમીન આપી હોય અને એની ઉપર એણે બે વિઘામાં તળાવ બનાવ્યું હોય અને આવી ઘણી બધી જમીનોનું એણે ગેરકાયદેસર રીતે દબાણ કર્યું છે તો એની ઉપર લેન્ડ ગ્રેબિંગનો કાયદો લાગુ કરીને કાર્યવાહી કરવા માંગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આપણી ૧૮ મિનિટ ગઇ છે એટલે ઝડપથી ટૂંકા પ્રશ્નો પૂછીએ અને ટૂંકા જવાબ આપીએ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી બળદેવજીભાઇ જ્યારે પણ પ્રશ્ન પૂછે છે તો ખૂબ જ મહેનતથી સમજણપૂર્વકનો પ્રશ્ન પૂછે છે અને એ મારા પ્રિય છે. એ પ્રશ્ન પૂછે છે એ મને ગમે છે. ઝીંગા ફાર્મની જગ્યા સરકારે આપી હોય છે. સરકારે આપેલી જગ્યામાં કોઇ ગેરકાયદેસર દબાણ કરે તો ચોક્કસપણે લેન્ડ ગ્રેબિંગ લાગે અને એવા એક કિસ્સામાં લેન્ડ ગ્રેબિંગ લગાડ્યું છે અને એ જગ્યા ખાલી થઇ છે. બીજી વાત આપે કહી કે મેં એમ કહ્યું હતું કે લારી મૂકે તો લેન્ડ ગ્રેબિંગ કરો. મેં એવું નથી કીધું. મેં એવું કહ્યું છે કે ફૂટપાથની જગ્યા કે જે લોકોની ચાલવાની જગ્યા છે એની પર કોઇ કેબિન કે લારી મૂકી દબાણ કરે તો એ લેન્ડ ગ્રેબિંગ જેવું જ કહેવાય એવા શબ્દો વાપર્યા છે. વકીલ છું, એટલે સમજણપૂર્વક જવાબ આપું છું.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, આ ગેરકાયદેસર ઝીંગા ફાર્મના દબાણ કોના દ્વારા કરવામાં આવે છે અને સદર દબાણ દૂર કરવા ક્યારે નોટિસ આપવામાં આવી હતી?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું અરૂણસિંહજીને આપના મારફત વિગતો આપવા માંગુ છું કે દબાણ કરતાં બાબુભાઇ મગનભાઇ મિસ્ત્રી, અંબેટા, ઠાકોરભાઇ ભાણાભાઇ વસાવા, કેશીબેન, કેરીબેન, મગનભાઇ મુરારભાઇ,

## તા. ૨૮મી માર્ચ ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

જશુબેન મુરારભાઇ, અમલીબેન મુરારભાઇ, સોનાબેન મુરારભાઇને અનુક્રમે તા.૧૭/૧૦/૨૦૨૦, તા.૨૭/૧૧/૨૦૨૦, તા.૨૦/૩/૨૦૨૧, તા.૭/૩/૨૦૨૨, તા.૧૭/૧૦/૨૦૨૨, તા.૧૭/૧૧/૨૦૨૨, તા.૨૦/૩/૨૦૨૧, તા.૭/૩/૨૦૨૨, તા.૧૭/૧૦/૨૦૨૦, તા.૨૭/૧૧/૨૦૨૦, તા.૨૦/૩/૨૦૨૧ અને તા.૭/૩/૨૦૨૨ એ પ્રમાણે દરેકને નોટિસ આપવામાં આવી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સંજયભાઇએ બહુ સ્પષ્ટ પૂછ્યું છે કે ૪૩,૦૭૨ ચો.મી.જગ્યામાં ગેરકાયદેસર દબાણ દૂર કરવાના બાકી હતા. સરકારે જવાબ આપ્યો છે કે ડી.આઇ.એલ.આર.ને સૂચના આપવામાં આવી છે. સૂચના આપ્યા પછી હદનિશાન નક્કી થયેલ ન હોવાથી હાલના દબાણો દૂર થઇ શક્યા નથી. તો આ દબાણ કેટલા વખતથી છે. તમે એમ કહો છો કે હદ નક્કી નથી થઇ. એનો મતલબ એવો થયો કે જ્યાં ઝીંગા ફાર્મના તળાવ ચાલે છે ત્યાં જે તે અધિકારીઓએ કોઇ દિવસ વિઝિટ કરી નથી. મહેસૂલ વિભાગના કોઇ પણ જવાબદાર અધિકારીઓએ એ વિસ્તારની મુલાકાત લીધી નથી. જ્યારે ધારાસભ્યશ્રી વિધાનસભા ગૃહમાં પ્રશ્ન પૂછે છે ત્યારે જે તળાવ ઉપર ગેરકાયદેસર કબજો કરવામાં આવ્યો છે એની અરજી એમણે આપેલી જ છે. એમની અરજીને પણ ધ્યાનમાં રાખવામાં આવી નથી. આ દબાણો કેટલા સમયથી કરવામાં આવ્યા છે. અહીં તો માત્ર ૪૩,૦૭૨ ચો.મી.નું જ દબાણ કર્યું છે પણ આવા અસંખ્ય ચો.મી. પર દબાણ હશે તો સરકારશ્રી એનો જવાબ આપે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી શૈલેષભાઇએ જે પ્રશ્ન પૂછયો છે તેને એવોઇડ કરી શકાય તેમ છે પણ મારે જવાબ આપવો છે. આ દબાણો તા.૩૦/૦૩/૨૦૨૧ના રોજ આ પ્રશ્ન પૂછાયો ત્યારે દબાણ સ્વરૂપે હતા. તે તારીખની દ્રષ્ટિએ ડી.આઈ.એલ.આર. ની માપણી થઈ ન હતી, એટલે ચોક્કસ કઈ અને કેટલી જગ્યા છે તેનું માપ થઈ શક્યું ન હતું, પરંતુ આજની તારીખે મારી મહેસૂલ વિભાગને સ્પષ્ટ સૂચના છે કે આવા કોઈ પણ દબાણોની બાબતમાં ઝડપથી કાર્યવાહી કરવી જોઈએ, માપણી પણ ઝડપથી કરવી જોઈએ અને દબાણો ઝડપથી દૂર થવા જોઈએ.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભરૂચ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ઝીંગા ફાર્મનું કેટલું દબાણ ધ્યાન ઉપર આવ્યું છે? તે પૈકી કેટલા દબાણો દૂર કરવામાં આવ્યા છે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન ટૂંકો છે અને જવાબ પણ ટૂંકો છે. અંભેટા ગામમાં હેક્ટર ૨,૯૦૦ ચો.મી. જમીનમાં દબાણ ધ્યાન પર આવેલ છે તે પૈકી ૨,૪૬૯-૨૮ ચો. મી. પરના જમીનના દબાણ દૂર કરવામાં આવેલા છે. ઝંબુસર તાલુકાના દહેગામ થી ગંગવા રોડ હેક્ટર ૨૬,૦૦૦ ચો.મી. તથા કપુરિયા ગામે ૨૦,૦૦૦ ચો.મી. મળીને કુલ ૪૬,૦૦૦ ચો.મી દબાણ ધ્યાન પર આવેલ છે. તે સંપૂર્ણ દબાણો દૂર કરવામાં આવેલા છે. એ માટે હું મારા મહેસૂલ વિભાગને અભિનંદન આપું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું. માનનીય શ્રી બળદેવજીભાઈએ કહ્યું તેમ સરકારે જવાબ આપ્યો છે કે ૪૩ હજાર કરતાં વધુ ચો.મી.ના ૫ તળાવોમાં ગેરકાયદે દબાણ થયું છે. ડી.આઈ.એલ.આર.ને સૂચના આપી છે. સ્ટાફના અભાવે ખેતીની જમીન (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : ટૂંકમાં પ્રશ્ન પૂછો. આપણો બહુ સમય ગયો છે.

શ્રી પરેશ ધાનાણી : માલધારીઓએ માલ-ઢોર રાખવા માટે વાડા રાખ્યા હોય તો તે નિયમિત થતાં નથી. રહેઠાણના ૧૦૦ ચો.મી.ના પ્લોટ ખરાબા કે પડતરની જમીન ઉપર કોઈએ રહેઠાણ બનાવવું હોય તો આપણે તેને નિયમિત કર્યા નથી.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રશ્ન છે. પાથરણાવાળાને પોલીસ હાંકી કાઢે છે, લારી-ગલ્લાવાળાને પણ હાંકી કાઢે છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પર આવો. અત્યારે જે પ્રશ્ન છે, તેના ઉપર પૂછો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ જ મુદ્દા છે, દબાણનો મુદ્દો છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પ્રશ્ન જ નથી. માનનીય સભ્યશ્રીએ પહેલા જ કહ્યું કે એમની વિનંતી છે એટલે એમનું સૂચન છે.

શ્રી પરેશ ધાનાણી : મારી નાની એવી વિનંતી છે કે રાજ્યમાં ૫૦૦ કરતાં વધુ મંદિરો તોડી નાખ્યા. આખા સમુદ્ર કાંઠે આવેલા ઝીંગા ફાર્મના બિનઅધિકૃત દબાણમાં કોને અને શું રસ છે તે ખબર પડતી નથી. આવા માલધારીના વાડા હોય કે ખરાબા કે પડતરમાં કોઈના રહેઠાણ હોય, પાથરણાવાળા, લારી ગલ્લાવાળા કે મંદિર આ સરકારી ખરાબા કે પડતરમાં બન્યા હોય તો તેને નિયમિત કરવા માગો છો?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી પરેશભાઈ આપણા વિપક્ષના નેતા રહી ચૂક્યા છે અને ખૂબ અનુભવી છે. તેઓ જાણે છે કે આ પ્રશ્ન સ્કોપ બહાર છે. આ પ્રશ્નને કંઈ લાગતું વળગતું નથી પરંતુ એમને જે વિગત કહેવી હતી તે સૂચન તરીકે કહી દીધી છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઝીંગા ઉછેર માટે સરકારી જમીનની ફાળવણીની નીતિ ક્યારથી અમલમાં આવી અને તે અંતર્ગત ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૧માં તાલુકાવાર ઝીંગા ફાર્મ માટે કુલ કેટલી જમીન કોને કોને ફાળવવામાં આવી છે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો બે વર્ષના જ પ્રશ્નો પૂછાતા હોય છે, પરંતુ એમણે ત્રણ વર્ષની વિગતો પૂછેલી છે. હું બે વર્ષની વિગતો આપું છું. ભરૂચ જિલ્લામાં ૭ સહાકારી મંડળીઓ અને ૪૬ વ્યક્તિગત કિસ્સાઓમાં જમીન ફાળવવામાં આવેલ છે. આમ કુલ મળીને ૫૩ વ્યક્તિઓને આ જમીન ફાળવવામાં આવેલ છે. ઝીંગા ઉછેર માટે સરકારી જમીન ફાળવણીની નીતિ તા.૦૩/૧૦/૨૦૧૮ના રોજ અમલમાં આવેલી છે. વર્ષ ૨૦૧૯માં વ્યકિતગત કિસ્સામાં કુલ ૩૩ લાભાર્થીઓને કુલ ૧૦૨ હેકટર જમીન ફાળવવામાં આવેલી છે, પરંતુ ફાળવણી કરેલી જમીન સી.આર.ઝેડમાં આવતી હોવાથી પછીથી ફાળવણી રદ કરવામાં આવેલી. એ અંગે અરજદારશ્રીઓએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં કેસ દાખલ કરેલો છે અને હાલ કોર્ટમાં પડતર છે. વર્ષ ૨૦૨૦માં વ્યકિતગત કિસ્સામાં ૧૩ લાભાર્થીઓને કુલ ૬૩ હેકટર જમીન ફાળવવામાં આવેલી. સહકારી મંકળીઓને કુલ ૯૬ હેકટર જમીન ફાળવવામાં આવેલ. વર્ષ ૨૦૨૧માં ૫ સહકારી મંડળીઓને કુલ ૫૦ હેકટર જમીન ફાળવવામાં આવેલી. મારી પાસે ૫૩ જણનું ઘણું લાંબુ લીસ્ટ છે. શ્રી અક્ષયભાઇને લીસ્ટની જરૂર હશે તો હું આપી દઇશ.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સંજયભાઇનો પ્રશ્ન ભરૂચ જિલ્લાના જંબુસરનો છે. પરંતુ હાંસોટમાં વર્ષ ૨૦૧૪-૧૫માં જયારે કોમી રમખાણો થયા, એમાં પણ ઝીંગાનો તળાવોનો જ મુદ્દો હતો. હાંસોટ, ઓલપાડ અને આખા સુરત જિલ્લામાં જે રીતે ઝીંગાના તળાવો ચાલે છે એમાં હજારો એકર જમીનો કબજે થયેલ છે. જયારે માનનીય શ્રીમતી આનંદીબેન મુખ્યમંત્રી હતા ત્યારે પણ આ મુદ્દો આખા ગુજરાતમાં હતો. માત્ર જમીનો જ નહીં ઝીંગા પણ અહીંયા વિધાનસભા સુધી પહોંચે છે. હમણાં શ્રી રાજેન્દ્રસિંહજીએ પ્રશ્ન પૂછયો કે, કોણ કોણ હતા? તો કયા કયા નામો છે? અને સુરત જિલ્લામાં કેટલા હેકટરમાં જમીન હડપ થઇ છે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી આનંદભાઇએ સુરત જિલ્લાનો પ્રશ્ન કર્યો છે. આ પ્રશ્ન ભરૂચ જિલ્લાનો છે. આ તો મને એવું લાગે છે કે ઝીંગામાં રસ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, દબાણ એ ગંભીર ચિંતાનો વિષય છે. પરંતુ ૧ હેકટર કે ૨ હેકટર જમીન ફાળવી અને સ્થળ ઉપર ૫ કે ૬ હેકટર દબાણ કર્યુ હોય અને પછી કહે માપણી કરાવીને ખુલ્લું કરાવીશું. મોટાભાગે માપણી કરાવ્યા સિવાય જ દબાણ ખુલ્લું કરાવવું જોઇએ. કારણ કે દબાણ છે એ તો નિશ્ચિત જ છે તો પછી સીધેસીધી વહીવટીતંત્ર સૂચના આપીને જ દબાણ દૂર કરાવવામાં આવે. કારણ કે, ડી.આઇ.એલ.આર. કચેરીમાં માપણી કરવા માટે સર્વેયરોની જગ્યાઓ ખાલી છે. આ વર્ષો સુધી લાંબુ ચાલે છે. તો કલેકટરશ્રીઓને જનરલ સૂચના આપીને આ પ્રકારના દબાણો સીધેસીધા ખુલ્લા કરાવવા માંગીએ છીએ કે કેમ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી પુંજાભાઇનો જે અનુભવ છે અને તેઓશ્રી જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે ત્યાં આ વ્યવસાય પણ છે. એમનું સૂચન ખૂબ સારું છે અને અમે ચોક્કસ ધ્યાનમાં લેશું.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, ઝીંગા ફાર્મ માટે જમીન કેટલા સમયની મુદ્દત માટે ભાડાપટ્ટે આપવામાં આવે છે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ભાડાપટ્ટાની મુદ્દત પ્રથમ તબક્કે ૨૦વર્ષની હોય છે. આ મુદ્દત બાદ કલેકટરશ્રીએ આ જમીન જે શરતોએ ભાડાપટ્ટે ફાળવી હોય તે તમામ શરતોનું તેમણે ફરજિયાત પાલન કરવાનું છે. એ ખાતરી કર્યા પછી ભાડાપટ્ટાની મુદ્દત બીજા ૧૦ વર્ષ લંબાવી શકાતી હોય છે. ત્યારબાદ ભાડાપટ્ટો લંબાવવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો આ અંગે કલેકટરશ્રીએ સરકારશ્રીની મંજૂરી લેવાની હોય છે.

### દાહોદ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો

* ૪૪૨૪૨ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં ન્યુ હાઉસ હોલ્ડસ હેઠળ તાલુકાવાર કેટલા કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં બનેલ વ્યક્તિગત શૌચાલયની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૩૯૯૬ |
| ૨ | દેવગઢ બારીઆ | ૧૫૬૭ |
| ૩ | ધાનપુર | ૩૨૨૦ |
| ૪ | ફતેપુરા | ૨૮૨૫ |

| | | |
|---|---|---|
| ૫ | ગરબાડા | ૪૦૪૫ |
| ૬ | ઝાલોદ | ૪૩૫૦ |
| ૭ | લીમખેડા | ૪૦૨૫ |
| ૮ | સંજેલી | ૧૫૯૯ |
| ૯ | સીંગવડ | ૩૨૪૯ |
| | **કુલ** | **૨૮૮૭૬** |

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ બનેલ વ્યક્તિગત શૌચાલયનો ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|---|
| ૧ | દાહોદ | ૪૩૭.૨૮ |
| ૨ | દેવગઢ બારીઆ | ૧૮૮.૦૪ |
| ૩ | ધાનપુર | ૩૮૬.૪૦ |
| ૪ | ફતેપુરા | ૩૩૭.૪૪ |
| ૫ | ગરબાડા | ૪૧૫.૫૬ |
| ૬ | ઝાલોદ | ૪૮૫.૭૬ |
| ૭ | લીમખેડા | ૩૧૨.૪૮ |
| ૮ | સંજેલી | ૧૬૩.૩૨ |
| ૯ | સીંગવડ | ૨૫૦.૩૨ |
| | **કુલ** | **૨૯૭૬.૬૦** |

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના શું છે? એનો હેતુ શું છે? તેમજ કેવા લાભાર્થીઓનો એમાં સમાવેશ કરવામાં આવે છે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજનાનો વર્ષ ૨૦૧૪માં ૨જી ઓક્ટોબરે અમલ ચાલુ કર્યો. આ યોજનાનો પ્રથમ મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારમાં ખુલ્લામાં શૌચથી મુકિત આપવાનો છે. એ સિવાય ઘન અને પ્રવાહી કચરો છે એનો યોગ્ય નિકાલ થાય એનું પણ આ યોજનામાં પૂરું ધ્યાન રાખવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ ફેઝ-૧ અને ૨ અંતર્ગત શૌચાલય વિનાના જે નોંધાયેલા કુટુંબો છે એને શૌચાલય આપવા માટે આ સરકાર પૂરી પ્રતિબદ્ધ છે. આ યોજના અંતર્ગત તમામ બી.પી.એલ. કુટુંબો, એ.પી.એલ. પૈકી અનુસૂચિત જાતિ અને જનજાતિ, જે કુટુંબના વડા અપંગ હોય, નાના અને સિમાન્ત ખેડૂતો, જમીન વિહોણા હોય, જે કુટુંબના વડા સ્ત્રી હોય, આ રીતે ૨જી ઓકટોબર ૨૦૧૭માં રાજયને ઓ.ડી.એફ.નો દરજ્જો પ્રાપ્ત થયો છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મારા મત વિસ્તાર ગરબાડામાં ૪,૦૪૫ શૌચાલયો બનાવવામાં આવ્યા છે અને ધાનપુરમાં ૩,૨૨૦ બનાવવામાં આવ્યા છે આમ કુલ ૭,૪૨૫ શૌચાલયો બનાવવામાં આવ્યા છે, તો એ કઇ એજન્સી મારફત બનાવવામાં આવ્યા છે અને આ ૭,૪૨૫ માંથી કોઇ ભ્રષ્ટાચારની ફરિયાદ મળી છે કે કેમ?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધયક્ષશ્રી, આવી કોઇ ફરિયાદ ભ્રષ્ટાચારની મળી નથી. અલગ નોટિસ પાઠવશે તો એનો જવાબ પણ અમે આપીશું.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અન્ય કઇ કઇ કામગીરી હાથ ધરવામાં આવે છે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના હેઠળ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવે છે, એ સિવાય આગળના જવાબમાં મેં કહ્યું તેમ ઘન કચરાનો સલામત રીતે નિકાલ કરવાની વ્યવસ્થા, પ્રવાહી કચરાનું ગ્રે વોટર છે તેના નિકાલની વ્યવસ્થા, જરૂર જણાય ત્યાં ધાર્મિક સ્થળો હોય, અને મોટા ગામ હોય તે જગ્યાએ સામૂહિક શૌચાલય પણ બનાવવાનું આયોજન કરીએ છીએ. આ સિવાય આ યોજનાનો લાભ બધાને મળે તેના માટે પૂરતો પ્રચાર-પ્રસારની પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : મારો જવાબ અધૂરો છે કે કઇ એજન્સી મારફત આ શૌચાલયો બનાવવામાં આવ્યા છે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, અલગ નોટિસથી એમને ટેબલ ઉપર જવાબ આપી દઇશું.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દાહોદ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયની કુલ કેટલી અરજીઓ આવી, કેટલા મંજૂર કર્યા અને કેટલા બનાવવાના બાકી છે? અને

બાકી છે તે કેટલા સમયમાં બનાવવામાં આવશે? અને શૌચાલયની વ્યક્તિદીઠ કોસ્ટ કેટલી છે? અને આ દાહોદ જિલ્લામાં, દાહોદ, ધાનપુર, ગરબાડામાં કઇ કઇ એજન્સીઓ મારફત આ શૌચાલય બનાવવામાં આવ્યા?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં કુલ લક્ષ્યાંક ન્યુ હાઉસ હોલ્ડનો ૩૧,૬૬૭ હતો અને તેની સામે ૩૦,૦૯૯ જેટલા શૌચાલયો પૂર્ણ કરવામાં આવ્યા છે અને આવનારા સમયમાં ૧,૫૬૮ આવાસોમાં ઝડપથી પૂરા થશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી મારી વિનંતી છે કે, શ્રીમતી ચંદ્રિકાબેન અને શ્રી વજેસિંગભાઇ, બન્ને સભ્યશ્રીઓએ સ્પેસિફિક સવાલ પૂછ્યો છે, જયારે ૩૦ હજાર કરતા વધારે શૌચાલયો બન્યા છે ત્યારે કોઇ એજન્સીને કામ તો આપવામાં આવ્યું હશે ને? તો કઇ એજન્સી દ્વારા કામ કરવામાં આવ્યું તે બન્ને સભ્યશ્રીઓએ પૂછયું છે? અને માનનીય મંત્રીશ્રી એનો જવાબ નથી આપતા.

અધ્યક્ષશ્રી : આપની પાસે તેનો જવાબ હોય તો આપો. એજન્સીનું નામ હોય તો આપો?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું છે કે ટેબલથી આપી દઇશું. અને મોટા ભાગના આવા શૌચાલયો છે એ પોતે વ્યક્તિગત શૌચાલયો પોતાની જાતે જ બનાવવાના હોય છે. લાભાર્થી પોતાની જાતે જ બનાવે છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ મેં શૌચાલય બાબતે પ્રશ્ન પૂછ્યો હતો. મોટા આંકડા આપવામાં આવે છે. શૌચાલય બને એના ફોટા પાડીને આંકડા આપી દેવામાં આવે છે, પરંતુ એનાથી ૩૫ થી ૫૦ ટકા શૌચાલયો ઉપયોગ કરવા લાયક નથી હોતા અને બંધ હાલતમાં હોય છે. તો એમાં તપાસ કરીને કંઇક કરવા માગો છો કે કેમ?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સારો પ્રશ્ન પૂછ્યો છે. સરકારશ્રીનો હેતુ એ હતો કે ખુલ્લામાં શૌચથી મુકિત મળે. વિરોધપક્ષના બધા મિત્રોને જણાવવાનું કે સરકાર દ્વારા જાગૃતિ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે એમાં તમારો સહકાર મળી રહેશે તો બધા ચોકકસ ઉપયોગ કરશે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળ્યો નથી. શૌચાલય બન્યા પછી ઉપયોગ ન થાય તેવા થયા છે તો એની તપાસ કરાવવા માગો છો કે કેમ?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, શૌચાલય બન્યા પછી એનો ઉપયોગ કરવાની જવાબદાર એમની છે. ભ્રષ્ટાચારની કોઇ ફરિયાદ મળી હોય તો અમને આપજો અમે ચોકકસ તપાસ કરાવડાવીશું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : સ્વચ્છતા અભિયાન યોજના હેઠળ ગામડાંમાં જાજરૂ બાથરૂમ બનાવવામાં આવ્યા છે એ સારી હાલતમાં છે કે કેમ? ગામડાંમાં પીવાના પાણીનો પ્રશ્ન છે. જાજરૂ જવા માટે દસ લિટર પાણી જોઇએ, પરંતુ ત્યાં પીવા માટેનું પાણી પણ મળતું નથી, તો આ જાજરૂ બાથરૂમ બનાવ્યા પછી એ કેવી રીતે એનો ઉપયોગ કરતા હશે એ મારે જાણવું છે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ફરીથી પ્રશ્ન પૂછવામાં આવે?

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન એવો કર્યો હતો કે ગામડાંમાં પીવાના પાણીનો પ્રશ્ન છે. જાજરૂ જવા માટે ઓછામાં ઓછા દસ લિટર પાણી જોઇએ. ગામડાંમાં પાણી જ મળતું નથી તો તમારું આ સ્વચ્છતા અભિયાન ચાલે છે એ કેટલું સફળ થયું છે અને કેટલું નિષ્ફળ ગયું છે. કેટલા ચાલુ હાલતમાં છે અને કેટલા બંધ છે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, જળ સે નળ યોજના છે એના હેઠળ ઘરે જ નળ દ્વારા પાણી મળે છે અને બાકી છે ત્યાં ઝડપથી આ યોજના પૂર્ણ કરવામાં આવશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતા શ્રી સુખરામભાઇએ પ્રશ્ન પૂછ્યો છે એમાં જણાવવાનું કે શૌચાલય બનાવીએ છીએ. અત્યારે ગુજરાત આખાય ભારતમાં નળ સે જળ પહોંચાડવામાં આગળ છે. નળથી પાણી પહોંચાડવાનું ખૂબ ઝડપથી ચાલી રહ્યું છે, આ યોજના અમુક જિલ્લાઓમાં પૂર્ણ કરી ચૂક્યા છીએ દરેક ઘરે નળ પહોંચ્યા છે. બીજા નંબરમાં અત્યારે મહત્તમ સરફેસ વોટર પહોંચાડવા માટે પ્રયત્ન કરી રહ્યા છીએ. જેથી ક્વોલિટી અને કોન્ટિટી બંને મળી રહે. જે જિલ્લા બાકી છે એમાં ઝડપથી નળ ઘર સુધી પહોંચે એના માટે કામ ચાલી રહ્યું છે. જેટલા ઘેર નળ પહોંચ્યા છે, એ બધાને ઘેર પાણી આવે છે. જયાં સરફેસ વોટર નથી ત્યાં સ્થાનિક સોર્સનો ઉપયોગ કરીને ચાર હજાર ગામડાંમાં નળથી પાણી પહોંચાડવાની વ્યવસ્થા પૂરી કરી છે. ભૂતકાળમાં જયારે જયારે ઉનાળો આવે, એટલે કચ્છના લોકોને તો ઢોર સાથે હિજરત કરવી પડતી હતી. ટેન્કર રાજ ચાલતું હતું. તેમ છતાં કયાંક નાની મોટી ફરિયાદ મળશે તો એ વ્યવસ્થા પૂરી કરવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે અને એ પૂરી કરવા માટે રાજય સરકારનું કમિટમેન્ટ છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે દાહોદ જિલ્લાના નવ તાલુકામાં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વ્યકિતગત શૌચાલયો ૨૮,૮૭૬ અને બીજું દાહોદ જિલ્લાના નવ તાલુકાના ૨,૯૭૬ એટલે ટોટલ ૩૧,૮૫૨ વ્યકિતગત શૌચાલયો બનાવેલા છે. એટલે કુલ ૩૧,૮૫૨ વ્યક્તિગત શૌચાલયો બનાવેલા છે. અત્યાર સુધી આ શૌચાલયો બનાવ્યા તેના પૈસા જે તે લાભાર્થીને કેટલા ચૂકવાયા અને કેટલા ચૂકવવાના બાકી છે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ શૌચાલયના લાભાર્થીઓને તમામ રકમની ચૂકવણી થઇ ગઇ છે અને ૨૮,૮૭૬ તે સંખ્યા છે અને ખર્ચ છે તે નીચે આપેલ છે, ૨,૯૭૬ રૂ. લાખમાં.

તા. ૨૮મી માર્ચ ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારમાં વ્યક્તિગત શૌચાલય માટે કેટલી રકમ ચૂકવવામાં આવે છે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, વ્યક્તિગત શૌચાલય માટે ૧૨,૦૦૦ રૂપિયા જેવી પૂરક સહાય આપવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ અહીં જે જવાબ આપ્યો છે. આપણે વાસ્તવિકતાને સ્વીકારીએ. જે શૌચાલય બનાવ્યા છે, વ્યક્તિગત બનાવીએ છીએ અને સાથોસાથ ગ્રામપંચાયત મારફત ક્લસ્ટરમાં પણ બનાવ્યા છે. જવાબદાર તરીકે દાવા સાથે કહી શકું કે ક્લસ્ટરમાં જે શૌચાલય બનાવ્યા છે, એક પણ ગ્રામપંચાયતમાં એક પણ શૌચાલય ચાલુ હાલતમાં નથી. આ વાસ્તવિકતા છે ત્યારે ખરેખર આવનારા દિવસોમાં તેમાંથી બોધપાઠ લઇને ખરેખર વાસ્તવિક રીતે સ્વચ્છ ભારત મિશન છે તેનું અમલીકરણ થાય તેના માટે આપણે શું કરવા માગીએ છીએ એ હું જાણવા માગું છું?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, નાના-મોટા ગામમાં નાના-મોટા પ્રસંગો થતા હોય છે અને મોટા ગામમાં અવરજવર પણ હોય છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રજાની સુવિધા માટે જાહેર શૌચાલયો બનાવવા જરૂરી છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા નેતાએ ૧૦ લિટર પાણીના વપરાશની વાત કરી. અત્યારે પાણી આવતું નથી, તો સાહેબે કહ્યું કે ટ્રેક્ટરથી કે ટેંકરથી આપવું હોય તો પણ વાંધો નથી, કાં નળથી આપો, પણ અમને પાણી પૂરું પાડવા માગો છો કે કેમ?(અંતરાય)

અધ્યક્ષશ્રી : તેમણે એવું પૂછ્યું કે ૧૦ લિટર પાણી ટ્રેક્ટરથી કે ટેંકરથી આપવા માગો છો કે નહીં?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ સૂચન છે અને સરકાર કટિબદ્ધ છે કે બધાને ઘેરઘેરે નળથી પાણી મળે અને નળથી જ પાણી આપવાનું છે.

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટોકર ખરીદી માટે સહાય**

* ૪૫૨૨૪**શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર (ટબ) ખરીદી માટે સહાય આપવાની યોજના ક્યારથી અમલમાં છે, | (૧) તા.૦૭-૦૬-૨૦૨૧થી યોજના અમલમાં છે. |
| (૨) ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી, | (૨) |

| | | |
|---|---|---|
| બનાસકાંઠા જિલ્લો | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | ૭૫,૧૬૪ અરજીઓ. |
| કચ્છ જિલ્લો | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૩) |

| | | |
|---|---|---|
| બનાસકાંઠા જિલ્લો | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઈ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| કચ્છ જિલ્લો | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | | |
|---|---|---|
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઈ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૪) કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ?

(૪)

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| વર્ષ ૨૦૨૧-૨૨ | બનાસકાંઠા જિલ્લાની ૭૫,૧૬૪ અરજીઓ અને કચ્છ જિલ્લાની ૩૬,૨૧૩ અરજીઓ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ., ગાંધીનગર દ્વારા ટેન્ડરની કાર્યવાહી ચાલુ હોઈ પડતર છે. |

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટોકર સહાય માટે તા. ૭-૬-૨૦૨૧થી યોજના અમલમાં હોવા છતાં યોજનાનો લાભ આજદિન સુધી કેમ મળેલ નથી? બીજો પ્રશ્ન છે કે તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોની અરજીઓ મળેલી છે, તે પૈકી કેટલી અરજીઓ પાત્રતા ધરાવે છે?

શ્રી રાઘવજીભાઈ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને સહાય કીટમાં આપેલ સાધનોની ઉપયોગિતાને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે ખેડૂતોના કૃષિ ઈનપુટ્સની જાળવણી, સંગ્રહ અને મૂલ્યવૃદ્ધિ થઈ શકે એ માટે ખેડૂતોને જરૂરી કીટ જેમ કે ૨૦૦ લિટરનું ઢાંકણવાળું ડ્રમ અને ૧૦ લિટરના પ્લાસ્ટિકના ૨ (બે) ટોકર આપવાની નવી યોજના અમલમાં મૂકેલ છે. આ યોજનામાં સહાયનુ ધોરણ ૨,૦૦૦ રૂપિયાનું છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં બનાસકાંઠા જિલ્લાની તાલુકાવાર ખેડૂતોની મળેલ અરજીઓ પૈકી પાત્રતા ધરાવતી અરજીઓની તાલુકાવાર માહિતી આપું તો અમીરગઢમાં ૧,૮૪૬ અરજીઓ પૈકી તમામ પાત્રતા ધરાવતી હતી. કાંકરેજમાં ૬,૩૯૧ અરજીઓ મળી તે તમામ પાત્રતા ધરાવતી હતી. ડિસામાં ૯,૬૮૬ અરજીઓ મળી એ તમામ પાત્રતા ધરાવતી હતી. થરાદમાં ૮,૫૪૭ અરજીઓ મળી, એમાંથી ૮,૪૬૦ અરજીઓ પાત્રતા ધરાવતી હતી. દાંતામાં ૩,૫૨૬ અરજીઓ મળી એમાંથી ૩,૪૯૫ અરજીઓ પાત્રતા ધરાવતી હતી. દિયોદરમાં ૪,૮૫૩ અરજીઓ મળી એ તમામ પાત્રતા ધરાવતી હતી. ધાનેરામાં ૪,૮૫૫ અરજીઓ મળી એમાંથી ૪,૮૪૯ પાત્રતા ધરાવતી હતી. પાલનપુરમાં ૮,૫૭૧ અરજીઓ મળી એમાંથી ૮,૫૭૦ અરજીઓ પાત્રતા ધરાવતી હતી. ભાંભર તાલુકામાંથી ૨,૩૨૪ અરજીઓ મળી એ તમામ પાત્રતા ધરાવતી હતી. લાખણીમાં ૩,૧૫૨ અરજીઓ મળી એ તમામ પાત્રતા ધરાવતી હતી. વડગામમાં ૭,૯૦૮ અરજીઓ મળી એ તમામ પાત્રતા ધરાવતી હતી. વાવમાં ૬,૦૩૪ અરજીઓ મળી એ તમામ પાત્રતા ધરાવતી હતી. સુઈગામમાં ૩,૦૮૦ અરજીઓ મળી એ તમામ પાત્રતા ધરાવતી હતી. એમ કુલ ૭૫,૧૬૪ અરજીઓ મળી એમાંથી ૭૫,૦૬૪ અરજીઓ પાત્રતા ધરાવતી હતી.

અધ્યક્ષશ્રી : બહુ લાંબુ હોય તો એમને આપી દેજો.

શ્રી રાઘવજીભાઈ પટેલ : કચ્છ જિલ્લાના આંકડા જો સભ્યશ્રી જાણવા માગતા હોય તો બોલું. નહીં તો ટેબલ કરી દઈશ.

અધ્યક્ષશ્રી : સમય ઓછો છે. એમને આપી દેજો.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને વિનામૂલ્યે આ ડ્રમ અને પીપડાં આપવામાં આવે છે એ યોજનાની અમલવારી ક્યારથી કરવામાં આવી અને એની પાછળ કેટલી રકમ ફાળવવામાં આવી છે?

શ્રી રાઘવજીભાઈ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ખેડૂતોના હિત માટે સતત પ્રયત્નશીલ છે. રાજ્યના ખેડૂતો દ્વારા કૃષિ ઈનપુટ્સની જાળવણી, સંગ્રહ અને મૂલ્યવૃદ્ધિ થઈ શકે એ માટે ખેડૂતોને જરૂરી કીટ જેમ કે ૨૦૦ લિટરનું ઢાંકણવાળું ડ્રમ અને ૧૦ લિટરના પ્લાસ્ટિકના ૨ ટોકર આપવાની નવી યોજના અમલમાં મૂકેલ છે. આ યોજનામાં સહાયનું ધોરણ ૨,૦૦૦ રૂપિયાનું છે. આ યોજના ૨૦૨૧-૨૨માં નવી બાબત તરીકે મંજૂર થયેલ છે. આ યોજનાનો હેતુ ખેડૂતોના ખેતીમાં ઉત્પાદિત ધાન્ય, કઠોળ, બિયારણનો બગાડ અટકે, ખર્ચ ઘટે, અનાજની મૂલ્યવૃદ્ધિ થાય અને ખેડૂતોને વધારે બજારભાવ મળી શકે અને તેઓ આર્થિક રીતે સમૃદ્ધ થાય એ છે. આ યોજના માટે ૮૬ કરોડ અને ૪૭ લાખ રૂપિયાની જોગવાઈ ચાલુ વર્ષે નવી આઈટમ તરીકે મંજૂર કરેલ છે. કેટેગરીવાઈઝ જણાવું તો અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે ૯.૫૯ કરોડ રૂપિયા, અનુસૂચિત જાતિના

ખેડૂતો માટે ૩.૧૪ કરોડ રૂપિયા, સામાન્ય ખેડૂતો માટે ૭૪.૭૩ કરોડ રૂપિયાની જોગવાઇ મંજૂર થયેલ છે. અંદાજિત ૪ લાખ ખેડૂતોને લાભ આપવાનો લક્ષ્યાંક છે. આ યોજના ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓ માટે અમલમાં છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યનું કૃષિ ખાતું ખેડૂતોને પોતાના અનાજનો સંગ્રહ થાય અથવા ખેડૂતોને પીપડામાં ખેતરે પાણી લઇ જવું હોય તો લઇ જવાય એટલા માટે તમે આ ડ્રમ લાવ્યા છો. સામાન્યતઃ બજારમાં આ પીપડાં, મેં ગઇ વખતે પણ વાત કરેલી, ૭૦૦ થી ૮૦૦ રૂપિયામાં મળે છે અને ટોકર ૧૦૦ રૂપિયામાં મળે છે. ૨ હજારની વાત તમે કરી છે એનો મને આનંદ છે. સરકારનો કૃષિ વિભાગ જ્યારે પોતે સંચાલન કરતો હતો, ત્યારે ૧,૩૦૦ રૂપિયાનો ભાવ આવતો હતો. તપાસ કરાવજો. આ બળતું ઘર તમે ગુજરાત એગ્રોને આપ્યું છે અને એ સંચાલન કરી રહ્યું છે ત્યારે શું ભાવે ખરીદી કરવાના છો એ આપના મારફતે જાણવું છે?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અમે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝને એટલા માટે આપી છે કે યોજનાના વિતરણ માટે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝના તાલુકાવાર ડિસ્ટ્રિબ્યુટરો, એના એજન્ટો અને ગામવાર એની એજન્સીઓ છે, જેથી ખેડૂતોને વિતરણ વ્યવસ્થા માટે અનુકૂળતા પડે. બીજી વાત માનનીય વિપક્ષના નેતાશ્રીએ ભાવ બાબતની વાત કરી. આ યોજનાની ટેન્ડરની પ્રક્રિયા હજી ચાલુ છે. એની તમામ પ્રકારની ચકાસણી પણ ચાલુ છે. ભૂતકાળમાં જે ભાવની બાબત છે, એના માટે જણાવું તો છેલ્લા બે વર્ષમાં પેટ્રોલિયમ પ્રોડકટના જે ભાવો વધ્યા એના કારણે સ્વાભાવિક છે કે પ્લાસ્ટિકના પણ ભાવો વધવાના, પણ આ બધી પ્રક્રિયા અમારા ખાતાની ચકાસણી હેઠળ છે અને એ પ્રક્રિયા સંપૂર્ણપણે પૂરી થશે અને પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શી રહેશે એવી રીતે અમે આ પ્રક્રિયા પૂરી કરીશું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ યોજના જૂની સરકારમાં આવી. ખેડૂતોને જયારે જાહેરાત થઇ કે સમયમર્યાદામાં તમે અરજી કરો. આ ગુજરાતમાં ૧૪,૦૩,૯૭૫ અરજીઓ થઇ. એક ટીપડું અને બે બેરલ માટે આવડી મોટી લાઇન થઇ. હજી સુધી ખેડૂતો અમને ગામડાંમાં પૂછે છે કે આ સરકાર ખભે ટીંપડું લઇને કયારે આવે છે? તો હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખેડૂતો ખૂબ હેરાન થયા છે. આમાં આ ચૌદ લાખ લોકોને તમે કયારે, કેટલા સમયમાં ટીંપડું અને બેરલ પહોંચાડવા માંગો છો?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવું તો ટેન્ડરની જે વહીવટી પ્રક્રિયા હતી એના કારણોસર થોડોક વિલંબ થયો છે એ સ્વાભાવિક છે, પણ રાજયના ચૌદ લાખ કરતા વધુ ખેડૂતોને જેમ બને તેમ ઝડપથી ડ્રમ અને ટોકર મળી રહે એવું અમારું આયોજન છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને પૂછવા માગું છું. ઓર્ગેનિક ખેતી માટેનો ભૂપેન્દ્રસિંહ બાપુ પણ અહીંયા સંકલ્પ લઇને આવ્યા હતા અને આપણે બધાએ પણ એમાં સમર્થન કર્યું છે. મારી માનનીય મંત્રશ્રીને વિનંતી છે કે ખેડૂત ઓર્ગેનિક ખેતી કરીને કંઇક ઉગાડે તો એને નજીકની અંદર યોગ્ય ભાવ મળી રહે, યોગ્ય માર્કેટ મળી રહે તો જ એનો વ્યાપ વધશે તો આવી કોઇ વ્યવસ્થા આપણે કરવા માંગીએ છીએ?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે તેમણે જે પ્રશ્ન પૂછયો છે એ પ્રશ્ન સાથે આને કાંઇ લાગતું વળગતું નથી, પણ માનનીય સભ્યશ્રીને હું કૃષિ મંત્રી તરીકે ખાતરી આપવા માગું છું કે પ્રાકૃતિક ખેતીની ઉત્પાદિત જણસીઓ અને ઓર્ગેનિક ખેતીની ઉત્પાદિત જણસીઓ એના ઉત્પાદક ખેડૂતોને એનું મૂલ્ય એની કિંમત પૂરતી મળી રહે એના માટે આ રાજય સરકારે પૂરતું આયોજન કર્યું છે એટલે એ બાબતની કોઇ ચિંતા નથી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને ડ્રમ અને ટોકર મળી રહે એના માટે અરજી કરવાની કાર્યપદ્ધતિ શું છે? અને ચાલુ વર્ષે અરજી કરવાની મુદત શું હતી? ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝમાં કેટલા સમયથી ટેન્ડરની કાર્યવાહી પડતર છે? અને કેટલા સમયમાં ખેડૂતોને એ લાભ મળી શકે તેમ છે?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો એ છે કે ગુજરાત એગ્રોને અમે આ યોજનાનું અમલીકરણ આઠમા મહિનાથી આપ્યું છે એટલે લાંબા સમયથી પડતર નથી. બીજું, ડ્રમ અને ટોકર માટે અરજી કરવાની કાર્યપદ્ધતિ આ યોજનાનો લાભ લેવા રાજયમાંના જમીનધારકો તથા કોઇપણ ખાતેદાર ખેડૂત આઇ પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરી શકે છે. ઓનલાઇન અરજી ગ્રામીણ કક્ષાએ ઇ-ગ્રામ સેન્ટર મારફતે અથવા જયાં પણ કોમ્પ્યૂટર ઇન્ટરનેટની સુવિધા હોય ત્યાંથી ખેડૂત કરી શકે છે. ઓન લાઇન અરજી કર્યા બાદ અરજદારે અરજીની પ્રિન્ટ લઇ તેના ઉપર સહી તથા અંગૂઠો કરી જરૂરી સાધનિક કાગળો સાથે જે તે વિસ્તારના ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી, ખેતી, તાલુકા અમલીકરણ અધિકારી અથવા જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીને સમયમર્યાદામાં રજૂ કરવાનું રહે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**ગીર સોમનાથ જિલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ**

૪૫૨૯૩**શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના કોબ અને ચિખલી ગામે કેટલી સરકારી પડતર, ખરાબાની જમીનમાં ગેરકાયદે દબાણ કરી ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહ્યા છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કોઈ દબાણ ચાલી રહ્યા નથી.

(૨) ઉક્ત ગેરકાયદે દબાણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલા લેવામાં આવ્યા, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે અન્વયે કેટલી જમીનમાંથી ગેરકાયદે દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગાંધીનગર જિલ્લામાં મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન**

૪૪૩૦૪**શ્રી જગદીશ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે,

(૧) ૪૪૫ ચો.મી.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે, અને

(૨) કાર્યવાહી ચાલુ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ખાતેદારોને કેટલી રકમ વળતર પેટે ચૂકવવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના**

૪૪૨૩૭**શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) અંતર્ગત વર્ષવાર કેટલી અરજીઓ મળી, અને

(૧)

| જિલ્લો | વર્ષ ૨૦૨૦ | વર્ષ ૨૦૨૧ |
|---|---|---|
| બનાસકાંઠા | ૪૧૮૦ | ૭૬૩ |

(૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

(૨)

| જિલ્લો | તે પૈકી મંજૂર કરેલ અરજીઓ | |
|---|---|---|
| | વર્ષ ૨૦૨૦ | વર્ષ ૨૦૨૧ |

---------

**મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટોકર ખરીદી માટે સહાય**

૪૫૨૭૮**શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર (ટબ) ખરીદી માટે સહાય

(૧) તા.૦૭-૦૬-૨૦૨૧થી યોજના અમલમાં છે.

આપવાની યોજના ક્યારથી અમલમાં છે,

(૨) ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી,

(૨)

| | | |
|---|---|---|
| મોરબી જિલ્લો | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | ૩૧,૭૮૮ અરજીઓ. |
| સુરેન્દ્રનગર જિલ્લો | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩)

| | | |
|---|---|---|
| મોરબી જિલ્લો | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઈ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| સુરેન્દ્રનગર જિલ્લો | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઈ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૪)કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ?

(૪)

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| વર્ષ ૨૦૨૧-૨૨ | મોરબી જિલ્લાની ૩૧,૭૮૮ અરજીઓ અને સુરેન્દ્રનગર જિલ્લાની ૫૯,૫૧૫ અરજીઓ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી., ગાંધીનગર દ્વારા ટેન્ડરની કાર્યવાહી ચાલુ હોઈ પડતર છે. |

---------

**આણંદ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની સહાય**

૪૪૨૫૧**શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની રકમ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૧૮ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૭૨ અરજીઓ. |
| (૩) તે પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૩૪૪.૦૦ લાખ. |

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

### ગાંધીનગર જિલ્લામાં મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન

૪૪૨૯૭**શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે, | (૧) ૪૪૫ ચો.મી. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે, અને | (૨) કાર્યવાહી ચાલુ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ખાતેદારોને કેટલી રકમ વળતર પેટે ચૂકવવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

### રાજ્યમાં મગફળી અને કપાસના પોષણક્ષમ ભાવો

૪૫૨૫૪**ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના ખેડૂતોને મગફળી અને કપાસના પોષણક્ષમ ભાવો મળે અથવા ભાવોમાં વધારો કરવા માટે વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને ક્યારે પત્ર લખ્યા, માંગણીકરી, રજૂઆત કરી કે દરખાસ્ત કરી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શાં પ્રતિભાવ મળ્યા ?

**જવાબ**

(૧) ગુજરાત કૃષિ ભાવ પંચ દર વર્ષે ભારત સરકારશ્રીની સંસ્થા કૃષિ ખર્ચ અને ભાવ પંચ, નવી દિલ્હી ને ટેકાના ભાવોની ભલામણ કરે છે. તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારશ્રીની સંસ્થા કૃષિ ખર્ચ અને ભાવ પંચ, નવી દિલ્હીને નીચેની વિગતે ખરીફ પાકોના ટેકાના ભાવ માટે દરખાસ્ત કરવામાં આવી.

| વર્ષ | તારીખ |
|---|---|
| ખરીફ-૨૦૨૦ | ૧૩-૦૨-૨૦૨૦ |
| ખરીફ-૨૦૨૧ | ૧૦-૦૨-૨૦૨૧ |

(૨) છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારશ્રી દ્વાર મગફળી અને કપાસના ટેકાના ભાવો નીચે મુજબ જાહેર કરવામાં આવેલ છે.

| પાકનું નામ | ટેકાના ભાવ (રૂ.ક્વિ.) | |
|---|---|---|
| | વર્ષ ૨૦૨૦-૨૧ તા.૦૮-૦૬-૨૦૨૦ | વર્ષ ૨૦૨૧-૨૨ તા.૧૧-૦૬-૨૦૨૧ |
| મગફળી | ૫૨૭૫ | ૫૫૫૦ |
| કપાસ (લંબતારી) | ૫૮૨૫ | ૬૦૨૫ |
| કપાસ (લંબતારી) | ૫૫૧૫ | ૫૭૨૬ |

- - - - - - - - -

### રાજ્ય સરકાર પાસે ડીઝાસ્ટર મેનેજમેન્ટ ફંડમાં જમા રકમ

૪૫૫૯૦**શ્રી ગ્યાસુદીન શેખ** (દરીયાપુર) : **માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે ડીઝાસ્ટર મેનેઝમેન્ટ ફંડમાં જમા રકમ કેટલી છે,

(૨) કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં તે અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે ડીઝાસ્ટર મેનેજમેન્ટ ફંડ (હાલમાં સ્ટેટ ડીઝાસ્ટર રીસ્પોન્સ ફંડ તરીકે ઓળખાય છે.)માં રૂ.૧૧૬૫.૩૪ કરોડ જમા છે.

(૨) કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | કેન્દ્ર સરકાર દ્વારા મળેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૮૮૬.૮૦ |

| | |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૩૨૪.૦૦ |
| ૨૦૨૧-૨૨ | ૧૦૫૯.૨૦ |

વધુમાં તૌકતે વાવાઝોડાના કારણે થયેલ નુકસાન બદલ કેન્દ્ર સરકાર દ્વારા સ્પેશિયલ પેકેજ અંતર્ગત રૂ.૧૦૦૦ કરોડની ગ્રાન્ટ N D R F માંથી ફાળવવામાં આવેલ છે.

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨૪૩૫.૨૨ |
| ૨૦૨૦-૨૧ | ૨૩૪૦.૧૬ |
| ૨૦૨૧-૨૨ (તા.૦૧-૦૪-૨૦૨૧થી તા.૩૧-૧૨-૨૦૨૧) | ૧૦૦૪.૮૭ |

\- - - - - - - - -

### વલસાડ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના

૪૪૨૩૫**શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષવાર કેટલી અરજીઓ મળી, અને

(૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લો | વર્ષ.૨૦૨૦ | વર્ષ.૨૦૨૧ |
|---|---|---|
| વલસાડ | ૨૪૬૫ | ૬૬૧ |

(૨)

| જિલ્લો | વર્ષ.૨૦૨૦ | વર્ષ.૨૦૨૧ |
|---|---|---|
| વલસાડ | ૨૪૦૪ | ૫૯૫ |

\- - - - - - - - -

### સાવરકુંડલા અને અમરેલી જિલ્લામાં જમીનના ક્ષેત્રફળમાં ફેરફાર

૪૫૪૧૭**શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં જમીન દફતરમાં ખેડૂતોની જમીનના ક્ષેત્રફળમાં ફેરફાર માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ ના મંજૂર કરવામાં આવી અને કેટલી પડતર છે, અને

(૩) ઉક્ત પડતર અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્ષેત્રફળમાં ફેરફારની અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં ૪૨ અરજીઓ તથા લીલીયા તાલુકામાં ૧૫ અરજીઓ મળેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓને મંજૂર કે ના મંજૂર ના કરતાં માપણી કરી નિકાલ કરવામાં આવે છે. આમ, માપણી કરી નિકાલ કરેલ અરજીઓ તથા પડતર અરજીઓ નીચે મુજબ છે.

| તાલુકા | માપણી કરી નિકાલ કરેલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|
| સાવરકુંડલા | ૩૫ | ૦૭ |
| લીલીયા | ૦૩ | ૧૨ |

(૩) ઉક્ત પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

### બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જમીન રી-સરવે

૪૫૨૧૪**ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જમીનોના રી-સરવે બાદ મૂળ જમીનોના ક્ષેત્રફળમાં વધ-ઘટ થઇ હોય તેવી કેટલી

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ક્ષેત્રફળ વધ-ઘટની કુલ-૩૩૦૬૨ તથા કચ્છ જિલ્લામાં ક્ષેત્રફળ વધ-ઘટની કુલ-૯૫ ફરિયાદો મળેલ છે.

ફરિયાદો છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર મળી,

(૨) જમીનનું ક્ષેત્રફળ ઘટી ગયું હોય અને ખેડૂત ખાતેદાર ફરિયાદ કરે પરંતુ આજુબાજૂના ખેડૂતો જમીન માપણી માટે સંમતિ ન આપે તો તેવા ખેડૂતોની અરજીઓ દફતરે કરવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો તેના કારણો શાં છે ?

(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ના નિયમ ૨૧(૧) મુજબ તકરાર ન હોય ત્યારે જમીન ધારણ કરનાર (ખેડૂત ખાતેદાર)ની કેફિયત (સંમતિ) અનુસાર સરવે અધિકારી હદ નક્કી કરી શકે છે. પરંતુ જ્યારે તકરાર હોય ત્યારે આજુબાજૂના ખેડૂતોની સંમતિ ન મળવાના કારણે અરજી દફતરે કરવામાં આવે છે.

- - - - - - - - -

**#S B / ખેડા જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રકમ**

૪૫૩૩૨**શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ફાળવવામાં આવી,

(૧) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લા/તાલુકાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લા/તાલુકાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO)દ્વારા જમા થાય છે.

(૨) ઉક્ત રકમમાંથી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલા તળાવો ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી,અને

(૨) જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર(FTO) દ્વારા જમા થાય છે તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર નીચેની વિગતે તળાવો ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી.

| ક્રમ | તાલુકો | ઉંડા કરવામાં આવેલ તળાવોની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૨૦ | વર્ષ ૨૦૨૧ |
| ૧ | ગળતેશ્વર | ૧૨ | ૦ |
| ૨ | કપડવંજ | ૬૬ | ૧૬ |
| ૩ | કઠલાલ | ૩ | ૬ |
| ૪ | ખેડા | ૫ | ૩ |
| ૫ | મહુધા | ૧ | ૨ |
| ૬ | માતર | ૧૫ | ૦ |
| ૭ | મહેમદાવાદ | ૨૨ | ૯ |
| ૮ | નડિયાદ | ૧૦ | ૭ |
| ૯ | ઠાસરા | ૪૨ | ૧૨ |
| ૧૦ | વસો | ૩૫ | ૨૦ |

**નોંધ :-** મનરેગા સોફ્ટમાં નાણાકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઈ, નાણાકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર

(૩) તે પૈકી કેટલા તળાવો શ્રમિકો દ્વારા અને કેટલા તળાવો મશીનો દ્વારા ઉંડા કરવામાં આવ્યા ?

(૩) તે પૈકી તમામ તળાવો શ્રમિકો દ્વારા ઉંડા કરવામાં આવ્યા.

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ**

૪૪૨૯૨**શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધોની નિકાલ બાકી છે,

(૧) ૨૯૩૯

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી

(૨)

નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

| | |
|---|---|
| કુલ પાડેલ નોંધો | ૫૬૭૫૮ |
| મંજૂર નોંધો | ૫૨૭૮૨ |
| નામંજૂર નોંધો | ૧૦૩૭ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

(૩)
(૧) આધાર પુરાવાઓનો અભાવ હોવાથી.
(૨) રેકર્ડ સાથે સુસંગત ન હોવાથી.
(૩) ૧૩૫-ડી ની નોટિસ પરત આવેલ હોવાથી.
(૪) બીનખેતીના પુરાવા ન હોવાથી.
(૫) બીજા હક્કમાં બોજો હોવાથી.

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં સામૂહિક કુવા બનાવવા માટેની યોજના**

૪૫૧૫૮**શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ સામૂહિક કુવા બનાવવા માટેની યોજનાની સરકારે ક્યારે જાહેરાત કરી,

(૧) તા.૧૩-૦૮-૨૦૧૩

(૨) ઉક્ત યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ તાલુકાવાર માગણી કરી અને કેટલી માગણીઓ ક્યારે મંજૂર કરી, અને

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **સામૂહિક કુવા બનાવવા અંગેની માંગણીની વિગત** | | |
|---|---|---|---|---|
| | | **માંગણી કરેલ લાભાર્થીઓની સંખ્યા** | **મંજૂર માંગણીની સંખ્યા** | **માંગણી મંજૂર કર્યા તારીખ** |
| ૧ | સંખેડા | ૦ | ૦ | - |
| ૨ | જેતપુર પાવી | ૫૪ | ૦ | - |
| ૩ | છોટાઉદેપુર | ૫૭ | ૩ | તા.૩૦-૦૪-૨૧ |
| | | | ૧૦ | તા.૦૮-૦૨-૨૨ |
| ૪ | નસવાડી | ૦ | ૦ | - |
| ૫ | ક્વાંટ | ૭૦ | ૧૦ | તા.૧૩-૦૫-૨૦ |
| | | | ૪૪ | તા.૧૫-૦૫-૨૦ |
| | | | ૧૦ | તા.૨૮-૦૬-૨૦ |
| | | | ૦૬ | તા.૩૦-૦૬-૨૧ |
| ૬ | બોડેલી | ૫૫ | ૧૦ | તા.૧૦-૧૧-૨૦ |
| | | | ૧ | તા.૧૪-૧૧-૨૧ |

**નોંધ :-** મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઇ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર

(૩) તાલુકાવાર મંજૂર કરેલ લાભાર્થીને કેટલી રકમ ક્યારે ચૂકવી ?

(૩)

| **ક્રમ** | **તાલુકો** | **મંજૂર કરેલ લાભાર્થીને ચુકવેલ રકમ રૂ.(લાખમાં)** | |
|---|---|---|---|
| | | **ચૂકવેલ રકમ (રૂ.લાખમાં)** | **ચૂકવ્યા તારીખ** |
| ૧ | સંખેડા | ૦ | - |
| ૨ | જેતપુર પાવી | ૦ | - |
| ૩ | છોટાઉદેપુર | ૨.૩૯ | તા.૦૯-૦૭-૨૧ |
| | | ૦.૬૮ | તા.૨૫-૦૨-૨૨ |
| ૪ | નસવાડી | ૦ | - |
| ૫ | ક્વાંટ | ૫.૪૯ | તા.૦૭-૦૭-૨૦ |
| | | ૨.૬૭ | તા.૦૨-૦૫-૨૧ |
| | | ૨૪.૩૭ | તા.૧૨-૦૬-૨૧ |
| | | ૭૦.૦૧ | તા.૧૩-૦૬-૨૧ |

| | | | |
|---|---|---|---|
| | | ૨.૨૦ | તા.૧૯-૦૬-૨૧ |
| | | ૫.૯૬ | તા.૨૧-૦૬-૨૧ |
| | | ૪.૨૭ | તા.૧૪-૦૮-૨૧ |
| | | ૨૧.૩૮ | તા.૧૨-૧૨-૨૧ |
| | | ૩૫.૬૧ | તા.૦૯-૦૧-૨૨ |
| ૬ | બોડેલી | ૧૦.૩૪ | તા.૧૫-૦૩-૨૦ |

---------

**ડાંગ જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ**

૪૪૩૦૩ **શ્રી વિજયભાઈ પટેલ** (ડાંગ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૧) ૧૯૫

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| કુલ પાડેલ નોંધો | ૧૩૫૮ |
| મંજૂર નોંધો | ૧૧૨૭ |
| નામંજૂર નોંધો | ૩૬ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે ?

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.
૧. બેંકનો બોજો હોવાથી.
૨. નોંધ સાથે રજૂ થયેલ સોગંદનામા, પેઢીનામા તેમજ હસ્તલિખિત ૭/૧૨, ૮-અ માં ખાતેદારના નામોમાં વિસંગતતા હોવાથી.
૩. ૭૩ એએ ના ભંગ બદલ કાર્યવાહી થયેલ હોય તથા જમીન સરકાર દાખલ હોવાથી.
૪. અગાઉ નોંધ પ્રમાણિત થયેલ હોય ફરીથી નોંધ પાડવામાં આવેલ હોવાથી.
૫. તકરારી અરજીમાં સક્ષમ અધિકારી દ્વારા વાંધો ગ્રાહ્ય રાખેલ હોવાથી.
૬. સહ કબજેદારો દ્વારા સહમતી રજૂ થયેલ ન હોવાથી.
૭. અરજદારે રજૂ કરેલ સંમતિપત્રમાં ક્ષતિઓ તથા વિસંગતતા હોવાથી.
૮. અન્ય વારસદારોના નામ દાખલ કરવાપાત્ર થતા હોવાથી.

---------

**ભરૂચ જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન**

૪૪૨૭૧**શ્રી વી. ડી. ઝાલાવાડિયા** (કામરેજ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૧) ૨૯૧

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૨) ૬૯,૦૬૨

(૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું ?

(૩) ૯,૧૩૩

---------

**દસાડામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે જમીન ફાળવણી બાબત**

૪૫૨૭૨**શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નવી બાબત ૨૦૧૫-૧૬માં દસાડા નવીન

(૧) તા.૧૮-૦૯-૨૦૨૦

સામૂહિક આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટે નમૂના ૭/૧૨, ગામ નમૂનો ૮અ (જમીનની ખાતાવહી) સહિતની દરખાસ્ત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગર દ્વારા કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગરને તા.૧૫-૦૯-૨૦૨૦ થી મોકલેલ છે તે કલેક્ટર કચેરી સુરેન્દ્રનગર ખાતે ક્યારે મળેલ છે.

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત બિલ્ડીંગના બાંધકામ માટે જમીન ફાળવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને જમીન ફાળવવામાં આવશે ?

(૨) અને (૩)
કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગર દ્વારા તા.૦૫-૦૪-૨૦૨૧ના રોજ જમીન ફાળવણીનો હુકમ કરેલ છે. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં જમીન શ્રી સરકાર કરવા બાબત**

૪૫૨૬૦**શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીન શ્રી સરકાર કરવામાં આવી, અને

(૧)

| **મહેસાણા** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકો** | **શ્રી સરકાર કરવામાં આવેલ જમીન (ચો.મી.)** | |
| | | **વર્ષ-૨૦૨૦** | **વર્ષ-૨૦૨૧** |
| ૧ | વિસનગર | - | ૯૬૨૬૩ |
| ૨ | ઉંઝા | ૨૩૧૫ | ૮૭૦૫ |
| ૩ | બેચરાજી | ૬૯૩૭ | - |

| **અમદાવાદ** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકો** | **શ્રી સરકાર કરવામાં આવેલ જમીન (ચો.મી.)** | |
| | | **વર્ષ-૨૦૨૦** | **વર્ષ-૨૦૨૧** |
| ૧ | ઘાટલોડિયા | ૨૨૩૬૧ | - |
| ૨ | સાબરમતી | - | ૧૩૫૬૨ |
| ૩ | મણીનગર | ૬૫૨૬ | ૭૨૦૩૩ |
| ૪ | દસક્રોઇ | - | ૯૯૮૧૬ |
| ૫ | સાણંદ | ૫૪૬૪ | ૯૫૧૩૮૦ |
| ૬ | ધોળકા | ૧૧૩૨૯ | - |

(૨) ઉક્ત જમીન શ્રી સરકાર કરવાના મુખ્ય કારણો શાં છે ?

(૨) જમીન ફાળવણીની મૂળ શરતો/ ગણોતધારાની જોગવાઇઓનો ભંગ થતો હોવાથી.

---------

**પંચમહાલ જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિરો યોજવા બાબત**

૪૪૨૬૬**શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન-ઓઇલસીડ એન્ડ ઓઇલપામ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી,

(૧) ૧૪

(૨) સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને

(૨) ૪૨૦ ખેડૂતો

(૩) તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ?

(૩) રૂ. ૩,૩૫,૪૦૦/-

---------

અતારાંકિત પ્રશ્નો

**નવસારી જિલ્લામાં જમીન સંપાદનનું વળતર અન્યને ચૂકવવા બાબત**

૪૫૩૨૯**શ્રી પૂનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૧૫-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં વડોદરા- મુંબઇ એક્સપ્રેસ હાઇવે માટે જમીન સંપાદનનું વળતર જમીન માલિકને આપવાના બદલે બારોબાર અન્યને ચૂકવી દેવાયુ છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો કેટલા જમીન માલિકોનું આવું વળતર બારોબાર અન્યને ચૂકવી દેવાયાનું સામે આવ્યુ, અને | (૨) ૪૫ જમીન માલિક |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ શા પગલા લેવામાં આવ્યા ? | (૩) ૨૨ જેટલા પાવર ઓફ એટર્ની હોલ્ડર સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવેલ છે, જ્યારે જવાબદાર અધિકારીને કારણદર્શક નોટિસ પાઠવવામાંઆવેલ છે. |

- - - - - - - - -

**જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટોકર ખરીદી માટે સહાય**

૪૫૨૯૬**શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર (ટબ) ખરીદી માટે સહાય આપવાની યોજના ક્યારથી અમલમાં છે,

(૧) તા.૦૭-૦૬-૨૦૨૧ થી યોજના અમલમાં છે.

(૨) ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી,

(૨)

| | | |
|---|---|---|
| **જૂનાગઢ જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | ૭૭,૨૭૭ અરજીઓ. |
| **ભાવનગર જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧- | ૭૮,૩૫૨ અરજીઓ. |

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩)

| | | |
|---|---|---|
| **જૂનાગઢ જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઇ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **ભાવનગર જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઇ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો પ્રશ્ન |

(૪) કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ?

(૪)

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તા. ૨૮મી માર્ચ ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૧-૨૨ | જૂનાગઢ જિલ્લાની ૭૭,૨૭૭ અરજીઓ અને ભાવનગર જિલ્લાની ૭૮,૩૫૨ અરજીઓ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ., ગાંધીનગર દ્વારા ટેન્ડરની કાર્યવાહી ચાલુ હોઈ પડતર છે. |

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં બકરા એકમના લાભાર્થી**

૪૪૨૮૩**શ્રી ભરતભાઇ પટેલ** (વલસાડ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં બકરા એકમ (૧૦+૧) યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૧૮ લાભાર્થીઓ |
| (૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ? | (૨) રૂ. ૮,૧૦,૦૦૦/- |

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં ખોટા ખાતેદાર ખેડૂતો**

૪૫૩૫૦ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩૦-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૯૧૦૪ (અગ્રતા-૯૮)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ખોટી રીતે ખાતેદાર ખેડૂત બન્યા બાબતના ૧૭ કિસ્સાઓ પડતર હતા તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા કિસ્સાનો નિકાલ કરવામાં આવ્યો, | (૧) ૧૩ કિસ્સાઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત કિસ્સાઓ પૈકી કેટલા કિસ્સાઓમાં ખોટા ખાતેદાર ખેડૂત બન્યાનું સામે આવ્યું, | (૨) ૧૩ કિસ્સાઓમાં ૧૪ બિનખેડૂત ખાતેદાર ખેડૂત બન્યાનું સામે આવેલ છે. |
| (૩) તે અન્વયે કોની સામે શા પગલા લીધાં, અને | (૩) ૧૩ કિસ્સાઓની જમીનો સરકાર દાખલ કરવામાં આવેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલા કિસ્સાઓનો નિકાલ કરવાનો બાકી છે, તેના કારણો શા છે, તેનો નિકાલ ક્યાં સુધી કરવામાં આવશે ? | (૪)<br>– ૧૭ કિસ્સાઓ પૈકી ૪ કિસ્સાઓમાં નિકાલ કરવાનો બાકી છે.<br>– જે કિસ્સાઓમાં અરજદારશ્રીઓ દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પીટીશન દાખલ કરી, સ્ટે ઓર્ડર મેળવેલ હોય તેનો નિકાલ થઇ શકેલ નથી. આ કિસ્સાઓમાં સરકારી વકીલશ્રી સાથે સંકલનમાં રહી કાર્યવાહી ચાલુમાંછે. |

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં ગણોતધારા હેઠળની જમીન**

૪૪૨૯૪**શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીન ખરીદ કિંમત ભરાયેલ હોય કેસોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૬૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે ? | (૨) ૧૮ |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકોને લાભ**

૪૪૨૭૭**માલતીમહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કચ્છ જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૨૪૬ |
| (૨) તે અન્વયે કુલ કેટલી સહાય આપવામાં આવી ? | (૨) રૂ. ૭,૩૮,૦૦૦/- |

- - - - - - - - -

**મહેસૂલ વિભાગના તાબા હેઠળની કચેરીનું મંજૂર મહેકમ**

૪૫૨૬૯ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસૂલ વિભાગના તાબા હેઠળ અમદાવાદ જિલ્લાના ધંધુકા, ધોલેરા અને બોટાદ જિલ્લાના બરવાળા અને રાણપુર તાલુકાઓમાં આવેલ કચેરીઓવાર, સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, | (૧) *પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી ઉક્ત તાલુકાવાર કચેરીવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ કયા કારણોસર ખાલી છે, અને | (૨)<br>• ભરાયેલ જગ્યાઓ- *પત્રક-૨ મુજબ<br>• ખાલી જગ્યાઓ કારણો સહિત- *પત્રક-૩ મુજબ |
| (૩)ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) સીધી ભરતીથી ઉમેદવારો મળ્યેથી તથા ફીડર કેડરમાં બઢતી માટે જરૂરી અનુભવ ધરાવતા બઢતીપાત્ર કર્મચારીઓ ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે)

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં ક્ષેત્રિય નિદર્શન**

૪૪૨૫૬**શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના (એજીઆર-૩) હેઠળ કુલ કેટલા ક્ષેત્રિય નિદર્શન ગોઠવવામાં આવ્યા, | (૧) ૨,૨૫૧ |
| (૨) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) રૂ. ૮૭,૫૨,૭૨૮/- |
| (૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) સહાય ચૂકવવાની બાકી નથી. |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં ક્ષેત્રિય નિદર્શન**

૪૪૨૬૦**શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના (એજીઆર-૩) હેઠળ કુલ કેટલા ક્ષેત્રિય નિદર્શન ગોઠવવામાં આવ્યા, | (૧) ૧,૧૭૦ |
| (૨) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) રૂ.૪૫,૨૬,૪૩૬/- |
| (૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) સહાય ચૂકવવાની બાકી નથી. |

- - - - - - - - -

તા. ૨૮મી માર્ચ ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

**ભાવનગર જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકોને લાભ**

૪૪૨૭૨ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યાં, અને | (૧) ૩૪૯ |
| (૨) તે અન્વયે કુલ કેટલી સહાય આપવામાં આવી ? | (૨) રૂ.૧૦,૪૭,૦૦૦/- |

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના**

૪૪૨૪૮**શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષવાર કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લો | વર્ષ-૨૦૨૦ | વર્ષ-૨૦૨૧ |
|---|---|---|
| દાહોદ | ૭૦૩૭ | ૨૦૫૦ |

(૨)

| જિલ્લો | તે પૈકી મંજૂર કરેલ અરજીઓ | |
|---|---|---|
| | વર્ષ-૨૦૨૦ | વર્ષ-૨૦૨૧ |

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં થ્રેસર સહાયની અરજીઓ**

૪૪૨૫૪ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ જિલ્લામાં તાલુકાવાર થ્રેસર ખરીદીમાં સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ જિલ્લામાં તાલુકાવાર થ્રેસર ખરીદીમાં સહાય મેળવવા નીચે મુજબ અરજીઓ મળી.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૧ની સ્થિતિએ) |
|---|---|---|---|
| ૧ | ઉપલેટા | ૩૭૧ | ૪૩૪ |
| ૨ | કોટડા સાંગાણી | ૧૧૨ | ૧૧૯ |
| ૩ | ગોંડલ | ૩૨૪ | ૪૭૨ |
| ૪ | જેતપુર | ૧૦૬ | ૨૩૬ |
| ૫ | જસદણ | ૪૪૬ | ૬૦૪ |
| ૬ | જામકંડોરણા | ૧૩૧ | ૨૫૧ |
| ૭ | ધોરાજી | ૧૬૬ | ૨૦૧ |
| ૮ | પડધરી | ૫૧૫ | ૫૪૩ |
| ૯ | રાજકોટ | ૧૦૯ | ૧૪૨ |
| ૧૦ | લોધીકા | ૧૯૨ | ૧૯૪ |
| ૧૧ | વિંછીયા | ૧૨૬ | ૨૪૭ |
| | **કુલ** | **૨૫૯૮** | **૩૪૪૩** |

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) તે પૈકી નીચે મુજબની વિગતે અરજીઓમાં વર્ષવાર અને તાલુકાવાર સહાય ચૂકવવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ | | વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૧ સુધી) | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર અરજીઓ | સહાયની રકમ (રૂ.માં) | મંજૂર અરજીઓ | સહાયની રકમ (રૂ.માં) |
| ૧ | ઉપલેટા | ૩૬ | ૧૫,૦૨,૯૫૮ | ૧૯ | ૯,૯૪,૦૨૫ |
| ૨ | કોટડા સાંગાણી | ૮ | ૪,૧૦,૫૩૩ | ૭ | ૫,૧૦,૩૮૪ |
| ૩ | ગોંડલ | ૩૨ | ૧૪,૫૫,૧૭૩ | ૩૬ | ૨૫,૪૫,૫૮૧ |
| ૪ | જેતપુર | ૧૦ | ૪,૩૪,૪૫૦ | ૧૭ | ૧૦,૦૫,૮૩૯ |
| ૫ | જસદણ | ૪૦ | ૧૫,૭૮,૫૮૪ | ૨૪ | ૧૬,૮૦,૦૩૦ |
| ૬ | જામકંડોરણા | ૧૭ | ૮,૬૪,૯૭૪ | ૧૭ | ૧૨,૭૮,૮૨૮ |
| ૭ | ધોરાજી | ૧૯ | ૪,૪૬,૫૯૦ | ૭ | ૫,૮૦,૧૫૫ |
| ૮ | પડધરી | ૬૫ | ૨૦,૩૭,૪૦૨ | ૨૪ | ૧૧,૯૫,૯૬૫ |
| ૯ | રાજકોટ | ૧૨ | ૪,૦૯,૦૫૮ | ૮ | ૫,૨૮,૬૫૩ |
| ૧૦ | લોધીકા | ૧૩ | ૬,૬૨,૫૮૩ | ૬ | ૪,૧૧,૦૯૭ |
| ૧૧ | વિંછીયા | ૧૮ | ૯,૫૦,૭૫૦ | ૧૬ | ૧૨,૧૫,૫૪૫ |
| | **કુલ** | **૨૭૦** | **૧,૦૭,૫૩,૦૫૫** | **૧૮૧** | **૧,૧૯,૪૬,૧૦૨** |

\- - - - - - - - -

**ખેડા, વસો અને માતર તાલુકામાં મનરેગા યોજનાના કામો**

૪૫૩૯૮**શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ખેડા, વસો અને માતર તાલુકામાં મનરેગા યોજના અંતર્ગત કેટલા અને કયા કામો કરાવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષ (૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧)માં ખેડા જિલ્લામાં ખેડા, વસો અને માતર તાલુકામાં મનરેગા યોજના અંતર્ગત નીચેની વિગતે કામો કરાવવામાં આવ્યા.

| પ્રકારવાર હાથ ધરવામાં આવેલ કામોની સંખ્યા | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **કામનું નામ** | **ખેડા** | **વસો** | **માતર** |
| ૧ | જળસંચય અને જળસંગ્રહના કામો | ૩૩ | ૫૦ | ૫૦ |
| ૨ | અનુજનજાતિ / જાતિ. જમીન સુધારણાના લાભાર્થી માટે વ્યક્તિગત સિંચાઇ વ્યવસ્થા અને જમીન વિકાસના કામો | ૯૬ | ૨૪૧ | ૧૯૯ |
| ૩ | પરંપરાગત જળસ્ત્રોતના સંભાળના કામો | ૦ | ૮ | ૦ |
| ૪ | જમીન વિકાસના કામો | ૭ | ૯ | ૯ |
| ૫ | ગ્રામ્ય રસ્તાના કામો | ૭ | ૩ | ૫ |
| ૬ | વ્યક્તિગત શૌચાલયના કામો (રૂરલ સેનીટિશન) | ૫૮ | ૧૯ | ૭૬ |
| ૭ | ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રના કામો | ૧૦ | ૮ | ૪ |
| ૮ | આંગણવાડી બાંધકામ | ૪ | ૧૩ | ૧૩ |
| ૯ | અન્ય | ૪૫ | ૧૮ | ૭૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | નાની સિંચાઇના કામો | ૦ | ૦ | ૧૦ |
| | **કુલ** | **૨૬૦** | **૩૬૯** | **૪૪૩** |

**નોંધઃ** મનરેગા સોફ્ટમાં નાણાકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઇ, નાણાકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત કામોમાં મજૂરોથી કામ કર્યા વિના ખોટા દસ્તાવેજો ઉભા કરીને ગેરરીતિ કર્યા અંગેની કેટલી ફરિયાદો મળી ?

(૨) શૂન્ય.

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના**

૪૫૩૧૧**શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૮૬૫૧ (અગ્રતા-૧૨૫)ના અનુસંધાને **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અન્વયે વર્ષ ૨૦૧૯-૨૦ના અમરેલી તાલુકામાં-૧૮, કુંકાવાવ વડીયા-૧૩, ખાંભા તાલુકામાં-૬૯૭અને જાફરાબાદ તાલુકામાં-૭૨૧ દાવાઓમાં સહાય ચૂકવવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલા દાવાઓમાં કેટલી રકમ ચૂકવાઇ,

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ બાકી દાવાઓ પૈકી વીમા કંપની દ્વારા કોઇ રકમની ચૂકવણી કરવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા દાવાઓમાં કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

(૨) વર્ષ ૨૦૧૯-૨૦માં અમરેલી જિલ્લામાં તાલુકાવાર ચૂકવવાપાત્ર દાવાઓની સંખ્યા અને બાકી રહેલ રકમની વિગતો નીચે છે.

| તાલુકાનું નામ | ચૂકવવાપાત્ર દાવાની સંખ્યા | બાકી રહેલ દાવાની રકમ |
|---|---|---|
| અમરેલી | ૧૮ | ૨,૨૩,૦૫૦ |
| કુંકાવાવ વડીયા | ૧૩ | ૧,૬૮,૫૨૯ |
| ખાંભા | ૬૯૭ | ૨,૬૬,૭૨,૫૦૭ |
| જાફરાબાદ | ૭૨૧ | ૩,૦૪,૮૬,૧૫૩ |

(૩) ઉક્ત રકમ ચૂકવવાની બાકી રહેવાના કારણો શાં છે અને તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) વહીવટી કારણોસર ઉક્ત રકમ ચૂકવવાની બાકી છે તેમજ દાવા ચૂકવણી વીમા કંપની દ્વારા થતી હોઇ, તાત્કાલિક ચૂકવવા વીમા કંપનીને સૂચના આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ**

૪૫૩૬૫**શ્રી સુનિલભાઇ ગામીત** (નિઝર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૨૭૮૩ (અગ્રતા-૧૦૨)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ-મોજે.નારગોલ ખાતે સરકારી પડતર, ખરાબાની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહ્યા છે તે દબાણ બાબતે મામલતદાર દ્વારા દબાણકારોને નોટિસ પાઠવી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરેલ તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી ગેરકાયદેસર દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવામાં આવી, અને કેટલી

**જવાબ**

(૧), (૨) અને (૩)

મામલતદાર દ્વારા નોટિસ પાઠવેલ, દરમિયાન અરજદારો દ્વારા તેઓને આ હેતુ માટે ભાડાપટ્ટેથી આપેલ જમીનનો ભાડાપટ્ટો રીન્યુ કરવા પુનઃઅરજી કરેલ છે. જે ચકાસણી હેઠળ છે.

જમીનમાંથી દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

## આણંદ અને પંચમહાલ જિલ્લામાં શૌચાલયો બનાવવા માટેની અરજીઓ

૪૫૩૪૨**શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર શૌચાલયો બનાવવા માટે કેટલી અરજીઓ મળી,

(૧) **આણંદ**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૦ થીતા.૩૧-૧૨-૨૦૨૦ દરમ્યાન શૌચાલય બનાવવા માટે મળેલ અરજીઓ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ દરમ્યાન શૌચાલય બનાવવા માટે મળેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૩૨ | ૧૩ |
| ૨ | આંકલાવ | ૦ | ૦ |
| ૩ | બોરસદ | ૨૧૬ | ૧૩ |
| ૪ | ખંભાત | ૪૦૩ | ૪ |
| ૫ | પેટલાદ | ૬૬ | ૫ |
| ૬ | સોજીત્રા | ૨૫ | ૨૪ |
| ૭ | તારાપુર | ૧૭ | ૪૧ |
| ૮ | ઉમરેઠ | ૦ | ૧૭ |
| | **કુલ** | **૮૫૯** | **૧૧૭** |

**પંચમહાલ**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ દરમ્યાન મળેલ અરજીઓ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ દરમ્યાન મળેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૪૨૯ | ૦ |
| ૨ | મોરવા(હ) | ૬૨૦ | ૦ |
| ૩ | શહેરા | ૧૦૩૧ | ૦ |
| ૪ | કાલોલ | ૩૦૭ | ૦ |
| ૫ | હાલોલ | ૫૧૭ | ૦ |
| ૬ | જાંબુઘોડા | ૭૧૭ | ૦ |
| ૭ | ઘોઘંબા | ૫૮૮ | ૦ |
| | **કુલ** | **૪૨૦૯** | **૦** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) **આણંદ**

| ક્રમ | તાલુકાનું નામ | તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર અરજીઓ મંજૂર કરી સહાય નીચે મુજબ ચૂકવવામાં આવી | | | |
|---|---|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૨૦ થીતા.૩૧-૧૨-૨૦૨૦ દરમ્યાન મળેલ અરજીઓ | | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ દરમ્યાન મળેલ અરજીઓ | |
| | | મંજૂર અરજીઓની સંખ્યા | કુલ સહાય ચૂકવવામાં આવેલ અરજીઓની સંખ્યા | મંજૂર અરજીઓની સંખ્યા | કુલ સહાય ચૂકવવામાં આવેલ અરજીઓની સંખ્યા |
| ૧ | આણંદ | ૧૩૨ | ૧૦૪ | ૧૩ | ૦ |
| ૨ | આંકલાવ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | બોરસદ | ૨૧૬ | ૪૩ | ૧૩ | ૦ |
| ૪ | ખંભાત | ૪૦૩ | ૨૪૩ | ૪ | ૦ |
| ૫ | પેટલાદ | ૬૬ | ૪૦ | ૫ | ૦ |
| ૬ | સોજીત્રા | ૨૫ | ૨૫ | ૨૪ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | તારાપુર | ૧૭ | ૧૭ | ૪૧ | ૦ |
| ૮ | ઉમરેઠ | ૦ | ૦ | ૧૭ | ૦ |
| | **કુલ** | **૮૫૯** | **૪૭૨** | **૧૧૭** | **૦** |

**પંચમહાલ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થીતા.૩૧-૧૨-૨૦૨૦ દરમ્યાન શૌચાલય બનાવવા માટે મળેલ અરજીઓ** | | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ દરમ્યાન શૌચાલય બનાવવા માટે મળેલ અરજીઓ** | |
|---|---|---|---|---|---|
| | | **મંજૂર અરજીઓની સંખ્યા** | **કુલ સહાય ચૂકવવામાં આવેલ અરજીઓની સંખ્યા** | **મંજૂર અરજીઓની સંખ્યા** | **કુલ સહાય ચૂકવવામાં આવેલ અરજીઓની સંખ્યા** |
| ૧ | ગોધરા | ૪૨૯ | ૦ | ૦ | ૦ |
| ૨ | મોરવા(હ) | ૬૨૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | શહેરા | ૧૦૩૧ | ૦ | ૦ | ૦ |
| ૪ | કાલોલ | ૩૦૭ | ૦ | ૦ | ૦ |
| ૫ | હાલોલ | ૫૧૭ | ૦ | ૦ | ૦ |
| ૬ | જાંબુઘોડા | ૭૧૭ | ૦ | ૦ | ૦ |
| ૭ | ઘોઘંબા | ૫૮૮ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૪૨૦૯** | **૦** | **૦** | **૦** |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે ?

(૩)

**આણંદ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **પડતર અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | આણંદ | ૦ |
| ૨ | આંકલાવ | ૦ |
| ૩ | બોરસદ | ૦ |
| ૪ | ખંભાત | ૦ |
| ૫ | પેટલાદ | ૦ |
| ૬ | સોજીત્રા | ૦ |
| ૭ | તારાપુર | ૦ |
| ૮ | ઉમરેઠ | ૦ |

**પંચમહાલ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **પડતર અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ગોધરા | ૦ |
| ૨ | મોરવા(હ) | ૦ |
| ૩ | શહેરા | ૦ |
| ૪ | કાલોલ | ૦ |
| ૫ | હાલોલ | ૦ |
| ૬ | જાંબુઘોડા | ૦ |
| ૭ | ઘોઘંબા | ૦ |
| | **કુલ** | **૦** |

**ધાનેરા તાલુકાનું મહેસૂલી રેકર્ડ બનાવવા બાબત**

૪૫૨૧૮**શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકા અને શહેરમાં પૂરના કારણે મહેસૂલી રેકર્ડ નાશ પામેલ હોય તેવા કેટલા ગામોનું રેકર્ડ બનાવવાનું બાકી છે,

**જવાબ**

(૧)

(૧) તાલુકાનું રેકર્ડઃ

- તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ધાનેરા તાલુકામાં આવેલ પૂરથી ગામોના મહેસૂલી રેકર્ડ નાશ પામેલા ગામોની વિગત 'શૂન્ય' છે.

(૨) સિટી સર્વે રેકર્ડઃ

૧. ઇન્ક્વાયરી રજિસ્ટરો તમામ.
૨. એસ.આઇ.કેસો ૨૦૧૪ પહેલાના તમામ.
૩. ફેરફાર રજિસ્ટરો ૨૦૧૦ પહેલાના તમામ.
૪. વેચાણપ્રત સીટો ૧ થી ૮૪
૫. કચેરીના સ્થાયી હુકમો.
ઉપર મુજબનું તમામ રેકર્ડ પૂરના કારણે નાશ પામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રેકર્ડ નહીં બનાવવાના કારણો શાં છે, અને

(૨)
(૧) તાલુકાનું રેકર્ડઃ પ્રશ્ન નથી.
(૨) સિટી સર્વે રેકર્ડઃ ઉક્ત રેકર્ડ પૂરના પલળી જવાથી અવાચ્ય છે.

(૩) તે ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩)
(૧) તાલુકાનું રેકર્ડઃ પ્રશ્ન નથી.
(૨) સિટી સર્વે રેકર્ડઃ ધાનેરા સિટી સર્વે વિસ્તારમાં સને ૨૦૧૫-૧૬માં ઉપલબ્ધ તમામ પ્રોપર્ટી કાર્ડ ઓનલાઇન થયેલ છે. જે ઉપલબ્ધ છે.

---------

## સુરત અને વલસાડ જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટોકર ખરીદી માટે સહાય

૪૫૩૬૦**શ્રી આનંદભાઇ ચૌધરી** (માંડવી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર (ટબ) ખરીદી માટે સહાય આપવાની યોજના ક્યારથી અમલમાં છે,

(૧) તા.૦૭-૦૬-૨૦૨૧થી યોજના અમલમાં છે.

(૨) ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી,

(૨)

| | | |
|---|---|---|
| **સુરત જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | ૩૪,૧૭૭ અરજીઓ |
| **વલસાડ જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧- | ૨૮,૮૯૭ અરજીઓ |

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩)

| | | |
|---|---|---|
| **સુરત જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઇ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **વલસાડ જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઇ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો |

(૪) કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ?

(૪)

તા. ૨૮મી માર્ચ ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| વર્ષ ૨૦૨૧-૨૨ | સુરત જિલ્લાની ૩૪,૧૭૭ અરજીઓ અને વલસાડ જિલ્લાની ૨૮,૮૯૭ અરજીઓ ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ., ગાંધીનગર દ્વારા ટેન્ડરની કાર્યવાહી ચાલુ હોઇ પડતર છે. |

- - - - - - - - -

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં જમીન રી-સરવે**

૪૫૩૧૮**શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં જમીનોના રી-સરવે બાદ મૂળ જમીનોના ક્ષેત્રફળમાં વધ-ઘટ થઈ હોય તેવી કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમા જિલ્લાવાર મળી,

(૨) જમીનનું ક્ષેત્રફળ ઘટી ગયું હોય અને ખેડૂત ખાતેદાર ફરિયાદ કરે પરંતુ આજુબાજૂના ખેડૂતો જમીન માપણી માટે સંમતિ ન આપે તો તેવા ખેડૂતોની અરજીઓ દફ્તરે કરવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૩) જો હા, તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં ક્ષેત્રફળ વધ-ઘટની કુલ- ૪૬૦ તથા બોટાદ જિલ્લામાં ક્ષેત્રફળ વધ-ઘટની કુલ ૧૦૭૫ ફરિયાદો મળેલ છે.

(૨) હા, જી.

(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ના નિયમ ૨૧(૧) મુજબ તકરાર ન હોય ત્યારે જમીન ધારણ કરનાર (ખેડૂત ખાતેદાર)ની કેફિયત (સંમતિ) અનુસાર સરવે અધિકારી હદ નક્કી કરે શકે છે. પરંતુ જ્યારે તકરાર હોય ત્યારે આજુબાજૂના ખેડૂતોની સંમતિ ન મળવાના કારણે અરજી દફ્તરે કરવામાં આવે છે.

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં પવનચક્કીઓથી વૃક્ષોને નુકસાન**

૪૫૨૧૦**શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૯-૦૯-૨૦૧૮ (બીજી બેઠક) ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૧૧૩૨૦ (અગ્રતા-૩૨૪)ના અનુસંધાને**માનનીય મહેસૂલ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પવનચક્કીઓને લીધે વૃક્ષોને નુકસાન થાય છે તે ફરિયાદ સંબંધમાં સ્થાનિક સ્થળ તપાસ કરી અહેવાલ મોકલી આપવા માટે મામલતદાર તથા જંગલખાતાને જણાવેલ તે અહેવાલ ક્યારે મળેલ છે,

(૨) ઉક્ત અહેવાલ અન્વયે કોની સામે શાં પગલાં લેવામાં આવ્યાં, અને

(૩) ઉક્ત સ્થિતિએ પવનચક્કીઓ દ્વારા કેટલા વૃક્ષોને નુકસાન થયેલ છે?

**જવાબ**

(૧),(૨) અને (૩) ઉક્ત સ્થિતિએ અહેવાલ મળેલ નથી પરંતુ, વૃક્ષ છેદન કરનાર પવનચક્કી એકમો સામે સૌરાષ્ટ્ર વૃક્ષછેદન ધારા તળે કેસ ચલાવી દંડાત્મક કાર્યવાહી કરી રૂ.૧૨,૯૧,૧૫૦/- દંડ વસૂલ લીધેલ છે અને નુકસાન થયેલ ૨૧૮૬ વૃક્ષોની સામે બે ગણા વૃક્ષોનું વાવેતર કરવા અને તેના જતન કરવા હુકમો કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિરો યોજવા બાબત**

૪૪૨૬૪**શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન-ઓઇલસીડ એન્ડ

**જવાબ**

(૧) ૨૦

ઓઈલપામ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી,

(૨) સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને — (૨) ૭૧૪ ખેડૂતો.

(૩) તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ? — (૩) રૂ.૩,૨૮,૩૦૯/ -

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત જળસંગ્રહના કામો**

૪૪૨૪૫**શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત દાહોદ જિલ્લામાં જળસંગ્રહ માટે કયા પ્રકારના કામ હાથ ધરવામાં આવેલ છે,

(૧)

| **વર્ષ ૨૦૧૯-૨૦ (તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ)** | **વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ)** |
|---|---|
| ચેકડેમ, તળાવ ઊંડા કરવા, ચેકડેમ ઊંડા કરવા | ચેકડેમ, તળાવ ઊંડા કરવા, ચેકડેમ ઊંડા કરવા |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જળસંગ્રહના કુલ કેટલા કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને — (૨) ૫૭

(૩)ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? — (૩) રૂ.૧૧૭.૭૯ લાખ.

- - - - - - - - -

**પોરબંદર જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ**

૪૪૨૯૧**શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે, — (૧) ૨૦૭૧

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| **કુલ પાડેલ નોંધો** | ૧૮૯૧૭ |
| **મંજૂર નોંધો** | ૧૬૪૫૦ |
| **નામંજૂર નોંધો** | ૩૯૬ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

(૩) (૧) નોંધનું ડુપ્લીકેશન થતું હોવાથી.
(૨) સ્વપાર્જિત મિલકતના કિસ્સામાં વહેંચણી દસ્તાવેજ કરેલ ન હોવાથી.
(૩) વેચાણ રાખનારના ખેડૂત ખાતેદારના પ્રમાણપત્રમાં નકારાત્મક અભિપ્રાય આપેલ હોવાથી.
(૪) અરજી સાથે સાધનિક કાગળો રજૂ થયેલ ન હોવાથી.
(૫) સાધનિક કાગળોમાં વારસદારો બાબતે તફાવત આવતો હોવાથી.
(૬) ટુકડા ધારાનો ભંગ થતો હોવાથી.
(૭) જમીનમાં બોજો હોવાથી.

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં જમીન સંપાદનનું વળતર અન્યને ચૂકવવા બાબત**

૪૫૩૪૫**શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૧૫-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં બોગસ પાવર ઓફ એટર્નીથી — (૧) ''હા''.

જમીન સંપાદનનું વળતર જમીન માલિકના બદલે અન્યને ચૂકવવામાં આવ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો બોગસ પાવર ઓફ એટર્નીના આધારે કેટલા જમીન માલિકોનું કેટલું વળતર બારોબાર અન્યને ચૂકવી દેવાયું, અને

(૨) ૪૫ જેટલા કિસ્સામાં. રૂ.૧૨,૮૪,૩૭,૫૬૭/-

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યાં?

(૩) ૨૨ જેટલા પાવર ઓફ એટર્ની હોલ્ડર સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવેલ છે, જ્યારે જવાબદાર અધિકારીને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવેલ છે.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન**

૪૪૨૬૭**શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૮૧૭ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૨,૨૯,૮૩૫ |
| (૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું? | (૩) ૦ |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ વિકાસ પ્રભાગના તાબા હેઠળની કચેરીમાં ખાલી જગ્યા**

૪૫૨૧૬**શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ વિકાસ પ્રભાગના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧)

| **જિલ્લાકક્ષા** | | |
|---|---|---|
| **સંવર્ગનું નામ** | **ભરાયેલ જગ્યાની સંખ્યા** | **ખાલી જગ્યાની સંખ્યા** |
| નિયામક | ૧ | ૦ |
| મ.પ્રા.અધિ. (વહીવટ) | ૧ | ૦ |
| મ.પ્રા.અધિ. (હિસાબ) | ૦ | ૧ |
| મ.પ્રા.અધિ. (આંકડા) | ૧ | ૦ |
| નાયબ કાર્યપાલક ઈજનેર | ૧ | ૦ |
| નાયબ ચીટનીશ | ૨ | ૦ |
| સિનિયર ક્લાર્ક | ૦ | ૨ |
| જુનિયર ક્લાર્ક | ૧ | ૪ |
| ગુજરાતી ટાઈપિસ્ટ | ૧ | ૦ |
| અંગ્રેજી ટાઈપિસ્ટ | ૦ | ૧ |
| સ્ટેનો. ગ્રેડ-૨ | ૦ | ૦ |
| સ્ટેનો. ગ્રેડ-૩ | ૧ | ૦ |
| હિસાબનીશ | ૧ | ૧ |
| સિનિ. એકા. ક્લાર્ક | ૦ | ૧ |
| જૂ.એકા. ક્લાર્ક | ૦ | ૩ |
| સંશોધન મદદનીશ | ૦ | ૧ |
| આંકડા મદદનીશ | ૦ | ૧ |
| સુપરવાઈઝર | ૭ | ૭ |
| ડ્રાઈવર | ૩ | ૦ |

| | | |
|---|---|---|
| પટ્ટાવાળા | ૪ | ૦ |
| **કુલ** | **૨૪** | **૨૨** |

| **ઘટકકક્ષા** | | |
|---|---|---|
| **સંવર્ગનું નામ** | **ભરાયેલ જગ્યાની સંખ્યા** | **ખાલી જગ્યાની સંખ્યા** |
| તાલુકા વિકાસ અધિકારી | ૦ | ૪ |
| મદદનીશ તાલુકા વિકાસ અધિકારી | ૮ | ૨ |
| વિસ્તરણ અધિકારી | ૨૧ | ૭ |
| નાયબ હિસાબનીશ | ૫ | ૯ |
| સિનિયર ક્લાર્ક | ૭ | ૫ |
| ગ્રામસેવક | ૩૦ | ૩૦ |
| **કુલ** | **૭૧** | **૫૭** |

(૨) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ આઉટસોર્સીંગ, ફિક્સ પગારથી ભરાયેલ છે ?

(૨)

| **જિલ્લા કક્ષા** | | |
|---|---|---|
| **સંવર્ગનું નામ** | **આઉટસોર્સીંગથી ભરાયેલ જગ્યાની સંખ્યા** | **ફિક્સ પગારથી ભરાયેલ જગ્યાની સંખ્યા** |
| નિયામક | ૦ | ૦ |
| મ.પ્રા.અધિ. (વહીવટ) | ૦ | ૧ |
| મ.પ્રા.અધિ. (હિસાબ) | ૦ | ૦ |
| મ.પ્રા.અધિ. (આંકડા) | ૦ | ૧ |
| નાયબ કાર્યપાલક ઈજનેર | ૦ | ૧ |
| નાયબ ચીટનીશ | ૦ | ૦ |
| સિનિયર ક્લાર્ક | ૦ | ૦ |
| જુનિયર ક્લાર્ક | ૦ | ૦ |
| ગુજરાતી ટાઇપિસ્ટ | ૧ | ૦ |
| અંગ્રેજી ટાઇપિસ્ટ | ૦ | ૦ |
| સ્ટેનો. ગ્રેડ-૨ | ૦ | ૦ |
| સ્ટેનો. ગ્રેડ-૩ | ૦ | ૧ |
| હિસાબનીશ | ૦ | ૦ |
| સિનિ. એકા. ક્લાર્ક | ૦ | ૦ |
| જૂ.એકા. ક્લાર્ક | ૦ | ૦ |
| સંશોધન મદદનીશ | ૦ | ૦ |
| આંકડા મદદનીશ | ૦ | ૦ |
| સુપરવાઈઝર | ૧ | ૬ |
| ડ્રાઈવર | ૩ | ૦ |
| પટ્ટાવાળા | ૪ | ૦ |

| | | |
|---|---|---|
| **કુલ** | **૯** | **૧૦** |

| **ઘટકકક્ષા** | | |
|---|---|---|
| **સંવર્ગનું નામ** | **આઉટસોર્સીંગથી ભરાયેલ જગ્યાની સંખ્યા** | **ફિક્સ પગારથી ભરાયેલ જગ્યાની સંખ્યા** |
| તાલુકા વિકાસ અધિકારી | ૦ | ૦ |
| મદદનીશ તાલુકા વિકાસ અધિકારી | ૦ | ૧ |
| વિસ્તરણ અધિકારી | ૦ | ૧૬ |
| નાયબ હિસાબનીશ | ૦ | ૦ |
| સિનિયર ક્લાર્ક | ૦ | ૧ |
| ગ્રામસેવક | ૦ | ૧૧ |
| **કુલ** | **૦** | **૨૯** |

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ**

૪૫૩૬૯**શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૩૨૭૮૩ (અગ્રતા-૧૦૨)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ-મોજે.નારગોલ ખાતે સરકારી પડતર, ખરાબાની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહ્યા છે તે દબાણ બાબતે મામલતદાર દ્વારા દબાણકારોને નોટિસપાઠવી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરેલ તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી ગેરકાયદેસર દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવામાં આવી, અને કેટલી જમીનમાંથી દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

મામલતદાર દ્વારા નોટિસ પાઠવેલ, દરમિયાન અરજદારો દ્વારા તેઓને આ હેતુ માટે ભાડાપટ્ટેથી આપેલ જમીનનો ભાડાપટ્ટો રિન્યૂ કરવા પુનઃ અરજી કરેલ છે. જે ચકાસણી હેઠળ છે.

- - - - - - - - -

**નર્મદા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત જળસંગ્રહના કામો**

૪૪૨૪૩**શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત નર્મદા જિલ્લામાં જળસંગ્રહ માટે કયા પ્રકારના કામ હાથ ધરવામાં આવેલ છે,

**જવાબ**

(૧)

| **વર્ષ ૨૦૧૯-૨૦ (તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ)** | **વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ)** |
|---|---|
| ખેતતલાવડી, ચેકડેમ. | ચેકડેમ, ચેકડેમ |

| | |
|---|---|
| | ડીસીલ્ટીંગ. |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જળસંગ્રહના કુલ કેટલા કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને — (૨) ૫૨

(૩)ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે? — (૩) રૂ.૧૩૯.૧૨ લાખ.

---------

**કચ્છ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની સહાય**

૪૪૨૫૦**શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની રકમ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૧૬૮ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૩૫ અરજીઓ. |
| (૩) તે પૈકી કેટલી રકમ ચૂકવામાં આવી? | (૩) રૂ. ૨૬૫.૦૦ લાખ. |

---------

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં નાળીયેરીના બગીચાઓમાં નુકસાન**

૪૫૩૭૩**શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સફેદ ફૂગ (મસી)ના રોગના કારણે નાળીયેરીના બગીચાઓમાં ભારે નુકસાન થયું હોવાની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સફેદ ફૂગ (મસી)ના રોગના કારણે નાળીયેરીના બગીચાઓમાં આંશિક નુકસાનના અહેવાલ મળેલ છે. |
| (૨) જો હા, તો નાળીયેરીના બગીચાઓમાં થયેલ નુકસાન અન્વયે ખેડૂતોને કોઈ વળતર ચૂકવવામાં આવે છે કે કેમ, | (૨) ના, જી. |
| (૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમનું વળતર ચૂકવવામાં આવ્યું, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ ખેડૂતોને ઉક્ત રોગ અંગેનું યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે શી કાર્યવાહી કરી? | (૪) ખેડૂતોને વિસ્તરણ તંત્ર મારફત તાંત્રિક માર્ગદર્શન આપવામાં આવેલ છે. |

---------

**ખેડા જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ**

૪૪૩૦૫**શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે, | (૧) ૮૦૪૨ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને | (૨) |

| | |
|---|---|
| છેલ્લા એક વર્ષમાં પાડવામાં આવેલ નોંધો | ૬૪૨૨૫ |
| મંજૂર નોંધો | ૫૩૯૬૭ |
| નામંજૂર નોંધો | ૨૨૧૬ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે?

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.
૧. ખેડૂત ખાતેદારની ખરાઈ ન હોવા,
૨. ટાઇટલ કિલયર ન હોઈ,
૩. વેચાણ થતી જમીન પર બોજા હોઈ,
૪. કોર્ટના લીટીગેશન પેન્ડીંગ હોઈ,
૫. નવી શરતની જમીનો હોઈ તથા

તા. ૨૮મી માર્ચ ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

૬. સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓ/પરિપત્રોએ ઠરાવેલ જોગવાઈઓ પરીપૂર્ણ થતી ન હોવાથી નોંધો નામંજૂર કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**કચ્છ અને પાટણ જિલ્લામાં જમીન ભાડાપટ્ટે આપવા બાબત**

૪૫૨૩૩**શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બિનઉપજાઉ સરકારી પડતર જમીનને બાગાયતી ખેતી માટે ભાડાપટ્ટે આપવાની યોજના ક્યારે જાહેર કરવામાં આવી છે, અને | (૧) તા.૧૮-૦૧-૨૦૨૧ના ઠરાવથી. |
| (૨) ઉક્ત યોજના હેઠળ કચ્છ અને પાટણ જિલ્લામાં તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી જમીન ભાડાપટ્ટે આપવામાં આવી છે ? | (૨) શૂન્ય. |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં બકરા એકમના લાભાર્થી**

૪૪૨૨૬**શ્રી જે. વી. કાકડિયા** (ધારી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં બકરા એકમ (૧૦+૧) યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૨૪ લાભાર્થીઓ. |
| (૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ? | (૨) રૂ. ૧૦,૮૦,૦૦૦/- |

- - - - - - - - -

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જમીન રી-સરવે**

૪૫૨૯૧**શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જમીનોના રી-સરવે બાદ મૂળ જમીનોના ક્ષેત્રફળમાં વધ-ઘટ થઇ હોય તેવી કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર મળી, | (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ક્ષેત્રફળ વધ-ઘટની કુલ-૬૦૬ તથા જામનગર જિલ્લામાં ક્ષેત્રફળ વધ-ઘટની કુલ-૫૯૬ ફરિયાદો મળેલ છે. |
| (૨) જમીનનું ક્ષેત્રફળ ઘટી ગયું હોય અને ખેડૂત ખાતેદાર ફરિયાદ કરે પરંતુ આજુબાજૂના ખેડૂતો જમીન માપણી માટે સંમતિ ન આપે તો તેવા ખેડૂતોની અરજીઓ દફતરે કરવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેના કારણો શાં છે ? | (૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ના નિયમ ૨૧(૧) મુજબ તકરાર ન હોય ત્યારે જમીન ધારણ કરનાર (ખેડૂત ખાતેદાર)ની કેફિયત (સંમતિ) અનુસાર સરવે અધિકારી હદ નક્કી કરી શકે છે. પરંતુ જ્યારે તકરાર હોય ત્યારે આજુબાજૂના ખેડૂતોની સંમતિ ન મળવાના કારણે અરજી દફતરે કરવામાં આવે છે. |

- - - - - - - - -

**ગાંધીનગર અને રાજકોટ જિલ્લામાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવા બાબત**

૪૫૨૫૭**શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં લઘુતમ ગૌચર કરતાં ઓછું ગૌચર છે અને કેટલા ગામોમાં શૂન્ય ગૌચર છે,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | લઘુતમ ગૌચર કરતાં ઓછું ગૌચર ધરાવતા ગામોની સંખ્યા | શૂન્ય ગૌચર ધરાવતા ગામોની સંખ્યા |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| (૧) | ગાંધીનગર | ૨૬૩ | ૨૬ |
| (૨) | રાજકોટ | ૫૨૫ | - |

(૨) ઉક્ત ગામોમાં લઘુતમ ગૌચરથી ઓછું ગૌચર હોવાના કે શૂન્ય ગૌચર હોવાના કારણો શા છે,

(૨)

| ક્રમ | જિલ્લો | લઘુતમ ગૌચરથી ઓછું ગૌચર હોવાના કે શૂન્ય ગૌચર હોવાના કારણો |
|---|---|---|
| (૧) | ગાંધીનગર | મુખ્યત્વે,<br>➢ શરૂઆતથી જ ગામે ગૌચરની ઘટ હોવાથી,<br>➢ સરકારશ્રી દ્વારા ગૌચર નીતિ અમલમાં મૂકેલ તે પહેલાં ગામોમાં ઘર વિહોણાં કુટુંબોને રહેણાંક હેતુ માટે ગામે ઘર મળી રહે તે સારૂ ગામતળ નીમ કરવાથી,<br>➢ ગાંધીનગર પાટનગર અમલમાં આવતા પાટનગર આયોજન સારૂ ગૌચર સદરની જમીનો સંપાદન થવાથી ગામોમાં લઘુતમ ગૌચરથી ઓછું ગૌચર છે.<br>➢ શૂન્ય ગૌચરવાળા ગામોમાં શરૂઆતથી જ ગૌચર જમીનો ઉપલબ્ધ ન હોવાથી શૂન્ય ગૌચર છે. |
| (૨) | રાજકોટ | ➢ અમુક ગામોમાં પ્રમોલગેશનથી બિલકુલ ગૌચર નથી.<br>➢ અમુક ગામોમાં સ્થાનિક ગૌચરની જમીન ઉપલબ્ધ છે. પરંતુ, માપણી સમયે ગૌચરની જમીનની રેવન્યૂ રેકર્ડમાં અસર અપાયેલ ન હોવાથી, રેકર્ડમાં ગૌચર નથી.<br>➢ માપણી વખતે અથવા તો ગૌચર નીમ કરતી વખતે નજીક-નજીકના બંને ગામો વચ્ચે સંયુક્ત રીતે એક જ ગામમાં ગૌચર નીમ થયેલ હોવાથી, અન્ય ગામમાં ગૌચરની ઘટ અથવા શૂન્ય ગૌચર છે. |

(૩) ઉક્ત ખૂટતા ગૌચર સામે જમીન નીમ કરવા મહેસૂલ વિભાગ દ્વારા શા આદેશ કરવામાં આવ્યા, અને

(૩) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧-૦૪-૨૦૧૫ના ઠરાવથી તથા તે અનુસંધાને ઉત્તરોત્તર ઠરાવ/પરિપત્રથી ગૌચર જમીન અંગે નીતિ નક્કી કરવામાં આવેલ છે.

(૪) ક્યા સુધીમાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવનાર છે ?

(૪) જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત દ્વારા દરખાસ્ત રજૂ થયેથી સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ-નિયમોનુસાર ગૌચર જમીન નીમ કરવાની કાર્યવાહી કરવામાં આવનાર છે.

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં જમીન સંપાદનનું વળતર અન્યને ચૂકવવા બાબત**

૪૫૩૩૮**શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં વડોદરા-મુંબઈ એક્સપ્રેસ હાઈવે માટે જમીન સંપાદનનું વળતર જમીન માલિકને આપવાના બદલે બારોબાર અન્યને ચૂકવી દેવાયુ છે તે હકીકત સાચી છે, | (૧) ''હા''. |
| (૨) જો હા, તો કેટલા જમીન માલિકોનું આવુ વળતર બારોબાર અન્યને ચૂકવી દેવાયાનું સામે આવ્યું, અને | (૨) ૪૫ જમીન માલિક. |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શાં પગલા લેવામાં આવ્યાં? | (૩) ૨૨ જેટલા પાવર ઓફ એટર્ની હોલ્ડર સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવેલ છે, જ્યારે જવાબદાર અધિકારીને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવેલ છે. |

**દાંતા અને અમીરગઢ તાલુકામાં ખેતી પાકોને નુકસાન**

૪૫૨૨૨**શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં કુદરતી આપત્તિઓને કારણે ખેતી પાકોને થયેલ નુકસાન અન્વયે સહાય મેળવી કેટલી અરજીઓ મળી, | (૧) શૂન્ય (૦) અરજીઓ મળી. |

(૨) મળેલ અરજીઓ અન્વયે ઉક્ત વર્ષવાર, તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના નાળીયેરીના પાકને નુકસાન**

૪૫૩૦૨**શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નાળીયેરીના પાકને સફેદ માખીના ઉપદ્રવના કારણે ખેડૂતોને નુકસાન થયું હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યારે શી કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત બાબતે ખેડૂતોને થયેલ નુકસાન સામે કોઈ સહાય ચૂકવવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં છુટ્ટા છવાયા વિસ્તારોમાં સફેદ માખીથી નાળીયેરીના પાકમાં નુકસાન હોવાની કુલ -૬(છ) ફરિયાદો મળેલ છે.

(૨) ખેડૂતોને વિસ્તરણતંત્ર મારફત તાંત્રિક માર્ગદર્શન આપવામાં આવેલ છે.

(૩) ના, જી.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં બકરા એકમના લાભાર્થી**

૪૪૨૨૯**શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં બકરા એકમ (૧૦+૧) યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૪૫ લાભાર્થીઓ.

(૨) રૂ. ૨૦,૨૫,૦૦૦/-

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં પશુપાલકોને ખાણદાણ સહાય**

૪૪૨૨૭**શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ખેડા જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓને (ગાય/ભેંસ) ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) તેનો કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રૂ. ૪૯,૫૩,૦૦૦/-

(૨) ૧,૭૫૩ પશુપાલકો.

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં માનવદિન રોજગારી**

૪૪૨૪૬**શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૨) હા, જી.

(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ના નિયમ ૨૧(૧) મુજબ તકરાર ન હોય ત્યારે જમીન ધારણ

| | |
|---|---|
| | કરનાર (ખેડૂત ખાતેદાર)ની કેફિયત (સંમતિ) અનુસાર સરવે અધિકારી હદ નક્કી કરી શકે છે. પરંતુ જ્યારે તકરાર હોય ત્યારે આજુબાજૂના ખેડૂતોની સંમતિ ન મળવાના કારણે અરજી દફ્તરે કરવામાં આવે છે. |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ દાવા આખરીકરણની કાર્યવાહી**

૪૫૨૨૮ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૧૧-૧૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૯૪૬ (અગ્રતા-૧૧૧)ના અનુસંધાને **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૭માં આવેલ પૂરથી અસરગ્રસ્ત થયેલ પ્રત્યેક તાલુકામાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ દાવા આખરીકરણ કરવાની કાર્યવાહી સંબંધિત વીમા કંપની દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ થયેલ હતી. આ દાવા ચૂકવવા માટે વીમા કંપનીને સરકાર દ્વારા સૂચના આપવામાં આવેલ, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત પૈકી કેટલા દાવાઓ ચૂકવવાના બાકી છે, અને | (૨) ૨૫૨ (બસો બાવન) દાવાઓની રૂ.૮,૯૨,૪૬૯/- રકમ ચૂકવવાની બાકી છે. |
| (૩) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ? | (૩) ચૂકવણી વીમા કંપની દ્વારા થતી હોઈ, તે તાત્કાલીક ચૂકવવા વીમા કંપનીને સૂચના આપવામાં આવેલ છે. |

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં સીડ ફાર્મ માટે જમીન ફાળવવા બાબત**

૪૫૨૯૪**શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં સીડ ફાર્મ માટે કેટલી જમીન ફાળવવામાં આવેલી છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં સીડ ફાર્મ માટે કુલ ૧૯-૦૪-૩૮ હે. જમીન આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જમીનનો ક્યા હેતુ માટે ઉપયોગ થાય છે, અને | (૨) ખેતીના હેતુ માટે ઉપયોગ થાય છે. |
| (૩) ઉક્ત જમીન ક્યારથી બિન ઉપયોગી અને પડતર છે અને તેના કારણો શાં છે ? | (૩) વર્ષઃ ૨૦૦૭-૦૮ થી જિલ્લા પંચાયત જૂનાગઢ દ્વારા સીડ ફાર્મની કામગીરી બંધ કરવાનું ઠરાવતાં પડતર છે. |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની સહાય**

૪૪૨૫૨**શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની રકમ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૫૦ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૧૧ અરજીઓ. |
| (૩) તે પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૪૧૨.૦૦ લાખ. |

- - - - - - - - -

**મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રકમ**

૪૫૨૭૯ **શ્રી લલીતભાઇ કગથરા** (ટંકારા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે | (૧) |

વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

| વર્ષ-૨૦૨૦ (રકમ રૂ.લાખમાં) | વર્ષ-૨૦૨૧ (રકમ રૂ.લાખમાં) |
|---|---|
| ૧૫૧૩૮૯.૭૮ | ૧૨૭૯૪૭.૮૯ |

(૨) તે પૈકી મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવી, અને

(૨) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી. પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO)દ્વારા જમા થાય છે.

(૩)ફાળવવામાં આવેલ રકમ અન્વયે ઉક્ત જિલ્લાવાર વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઉભી થઈ ?

(૩)

| જિલ્લો | વર્ષ-૨૦૨૦ | વર્ષ-૨૦૨૧ |
|---|---|---|
| મોરબી | ૨૧૫૨૦૭ | ૧૪૦૨૭૭ |
| સુરેન્દ્રનગર | ૧૨૨૦૦૬૪ | ૧૩૫૨૩૭૫ |

**નોંધઃ** મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઈ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

---------

## ગાંધીનગર જિલ્લામાં રોડમાં કપાત જતી જમીનનું વળતર

૪૩૩૦૧**ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કોલવડા-આદરજ-જલુંદ-ધમાસણા રોડમાં કપાત જતી જમીનનું પૂરતું વળતર આપવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) કુલ-૪ (ચાર) ફરિયાદ. |
| (૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ક્યારે શી કાર્યવાહી કરી ? | (૨) સંપાદક સંસ્થાને નામદાર રેફરન્સ કોર્ટના ચૂકાદા મુજબ વધારાના વળતરની રકમ જમા કરાવવા વખતો વખત પત્રો પાઠવવામાં આવેલ છે. |

---------

## વલસાડ જિલ્લામાં ક્ષેત્રિય નિદર્શન

૪૪૨૫૭**શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના (એજીઆર-૩) હેઠળ જિલ્લામાં કુલ કેટલા ક્ષેત્રિય નિદર્શન ગોઠવવામાં આવ્યાં, | (૧) ૨,૭૭૭ |
| (૨) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) રૂ.૧,૧૧,૦૮,૦૦૦/- |
| (૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) સહાય ચૂકવવાની બાકી નથી. |

---------

## અમરેલી જિલ્લામાં તાઉતે વાવાઝોડા અંતર્ગત સહાયની અરજી

૪૩૭૯૪**શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં તાઉતે વાવાઝોડામાં મકાન પડી ગયા તેવા કેટલા અરજદારોની સહાય મેળવવા અરજીઓ મળી, | (૧) ઉક્ત સ્થિતિએ કુલ ૬૬૨૧ અરજીઓ મળેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલા લાભાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ કુલ ૩૩૬૬ અરજીઓમંજૂર કરેલ છે તથા કુલ રૂ.૯,૯૯,૨૪,૫૦૦/- ની ચૂકવણી કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| (૩) કેટલી અરજીઓ ક્યા કારણોસર નામંજૂર કરી ? | (૩) ઉક્ત સ્થિતિએ કુલ ૧૯૪૫અરજીઓ ૧૫ ટકા કરતા ઓછુ નુકસાન હોવાથી નામંજૂર કરવામાં આવેલ છે. **નોંધ:**તાઉતે વાવાઝોડામાં થયેલ નુકસાની સંદર્ભે સર્વેની કામગીરી તા.૨૯-૦૫-૨૦૨૧ના પૂર્ણ થયા બાદ સાવરકુંડલા શહેરી વિસ્તારમાં કુલ ૧૩૧૦ અરજીઓમહદઅંશે સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ આવેલ છે. |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના**

૪૫૨૧૫**ગેનીબેન ઠાકોર** (વાવ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૩૯૧૫૧ (અગ્રતા-૨૫૧)ના અનુસંધાને **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૭માં આવેલ પૂરથી અસરગ્રસ્ત થયેલ પ્રત્યેક તાલુકામાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ દાવા આખરીકરણ કરવાની કાર્યવાહી સંબંધિત વીમા કંપની દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ થયેલી હતી. આ દાવા ચૂકવવા માટે વીમા કંપનીને સરકારશ્રી દ્વારા સૂચના આપવામાં આવેલ તે મુજબ દાવાઓ પૈકી રૂ.૮,૯૨,૪૬૯/- ચૂકવવાના બાકી હતા તે પૈકી કેટલા દાવાઓમાં કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ચૂકવવામાં આવી, અને | (૧) ઉક્ત સ્થિતિએ બાકી રૂ.૮,૯૨,૪૬૯/-ના દાવાઓ પૈકી વીમા કંપની દ્વારા કોઇ રકમની ચૂકવણી કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને | (૨) રૂ.૮,૯૨,૪૬૯/- |
| (૩) ઉક્ત બાકી રકમ ચૂકવાય તે માટે સરકારે શાં પગલાં લીધાં ? | (૩) ચૂકવણી વીમા કંપની દ્વારા થતી હોઇ, રાજ્ય સરકારે ઉપસ્થિત થયેલ ચૂકવવાપાત્ર તમામ દાવાઓની ચૂકવણી સત્વરે પૂર્ણ કરવા વીમા કંપનીને સમયાંતરે સૂચના આપેલ છે. |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રકમ**

૪૫૩૩૩**શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઇપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લા/તાલુકાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લા/તાલુકાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO)દ્વારા જમા થાય છે. |
| (૨) ઉક્ત રકમમાંથી શ્રમિકોને વેતન ચૂકવવાના બદલે મશીનોથી કરવામાં આવેલ કામગીરીમાં નાણા ચૂકવાયા હોવા અંગેની કેટલી ફરિયાદો ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર મળી, અને | (૨) શૂન્ય. |
| (૩) મળેલ ફરિયાદો અન્વયે વર્ષવાર, તાલુકાવાર જવાબદારો સામે શી કાર્યવાહી કરી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના**

૪૫૧૫૯ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે | (૧) પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)ની |

વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મંજૂર થયેલા આવાસો પૈકી કેટલા આવાસોના બીજા અને ત્રીજા હપ્તાની રકમ ચૂકવવા માટે કેટલી અરજીઓ મળી,

માર્ગદર્શિકા મુજબ આવાસના બીજા અને ત્રીજા હપ્તાની રકમ FTO દ્વારા ચૂકવણી કરવા અર્થે કોઈ અરજી લેવામાં આવતી નથી.

(૨) આવાસ બનેલ હોવા છતાં તેમને બીજા અને ત્રીજા હપ્તાની રકમ નહીં ચૂકવવાના કારણો શાં છે, અને

(૨) આવાસ બનેલ હોવા છતાં તેમને બીજા અને ત્રીજા હપ્તાની રકમ નહીં ચૂકવવાના કારણો નીચે મુજબ છે.
- લાભાર્થીઓના આધારકાર્ડ PFMS માં વેરીફાય થવાની કામગીરી બાકી હોવાથી.
- અન્ય વહીવટી કારણોસર.

(૩) આવાસો પૂર્ણ કરવા માટે બાકી નીકળતી રકમ લાભાર્થીને ક્યારે ચૂકવવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

- - - - - - - - -

**સુરત જિલ્લામાં ગણોતધારા હેઠળની જમીન**

૪૪૨૯૩ **શ્રી વી.ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીન ખરીદ કિંમત ભરાયેલ હોય કેસોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૧૨૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે ? | (૨) ૩૧૭ |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર અને બનાસકાંઠા જિલ્લામાં જમીન ભાડાપટ્ટે આપવા બાબત**

૪૫૨૭૩ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બિનઉપજાઉ સરકારી પડતર જમીનને બાગાયતી ખેતી માટે ભાડાપટ્ટે આપવાની યોજના ક્યારે જાહેર કરવામાં આવી છે, અને | (૧) તા.૧૮-૦૧-૨૦૨૧. |
| (૨) ઉક્ત યોજના હેઠળ સુરેન્દ્રનગર અને બનાસકાંઠા જિલ્લામાં તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી જમીન ભાડાપટ્ટે આપવામાં આવી છે ? | (૨) ઉક્ત સ્થિતિએ કોઈ જમીન ફાળવવામાં આવેલ નથી. |

- - - - - - - - -

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટોકર ખરીદી માટે સહાય**

૪૫૨૬૨ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર (ટબ) ખરીદી માટે સહાય આપવાની યોજના ક્યારથી અમલમાં છે, | (૧) તા.૦૭-૦૬-૨૦૨૧થી યોજના અમલમાં છે. |
| (૨) ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી, | (૨) |

| | | |
|---|---|---|
| **અમદાવાદ જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | ૪૩,૪૪૬ અરજીઓ. |
| **બોટાદ જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર

(૩)

કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

| | | |
|---|---|---|
| **અમદાવાદ જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઇ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **બોટાદ જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઇ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૪) કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ?

(૪)

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| વર્ષ ૨૦૨૧-૨૨ | અમદાવાદ જિલ્લાની ૪૩,૪૪૬ અરજીઓ અને બોટાદ જિલ્લાની ૨૫,૪૮૪ અરજીઓ ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ., ગાંધીનગર દ્વારા ટેન્ડરની કાર્યવાહી ચાલુ હોઇ પડતર છે. |

- - - - - - - - -

**પંચમહાલ જિલ્લામાં બકરા એકમના લાભાર્થી**

૪૪૨૭૮ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં બકરા એકમ (૧૦+૧) યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૧) ૧૯૪ લાભાર્થીઓ.

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

(૨) રૂ.૮૭,૩૦,૦૦૦/-

- - - - - - - - -

**વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ માટે રકમની બજેટમાં જોગવાઈ**

૪૫૩૩૦ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિેએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર

(૧), (૨) અને (૩)

| **નાણાકીય વર્ષ** | **૨૦૧૯-૨૦ (રૂ.લાખ માં)** | **૨૦૨૦-૨૧ (રૂ.લાખ માં)** | **તાઃ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ (રૂ.લાખ માં)** |
|---|---|---|---|
| બજેટ જોગવાઈ | ૮૦૯.૦૦ | ૮૫૨.૮૫ | - |
| ફાળવેલ ગ્રાન્ટ | ૭૯૦.૦૩ | ૬૪૩.૬૬ | ૫૩૪.૩૧ |
| વપરાયેલ રકમ | ૭૧૯.૦૦ | ૬૩૫.૦૦ | - |
| વણવપરાયેલ રકમ | ૭૧.૦૩ | ૮.૬૬ | - |
| કારણો | વહીવટી કારણોસર રકમ વણવપરાયેલ રહેલ છે. | | |

વણવપરાયેલ રહી ?

- - - - - - - - -

**વિસાવદર અને ભેંસાણ તાલુકામાં કોર્ટ બિલ્ડીંગ માટે જોગવાઈ**

૪૫૨૯૭ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના વિસાવદર અને ભેંસાણ તાલુકાની એડીશનલ સેશન્સ કોર્ટ બિલ્ડીંગ ઉપર વધારાના માળ બાંધવા માટે કેટલી રકમની જોગવાઈ ક્યા વર્ષના બજેટમાં કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાની એડીશનલ સેશન્સ કોર્ટ બિલ્ડીંગ ઉપર વધારાના માળ બાંધવા માટે વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં નવા કામ તરીકે રૂ. ૬૩.૧૪ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે, અને

ભેંસાણ તાલુકાની એડીશનલ સેશન્સ કોર્ટ બિલ્ડીંગ ઉપર વધારાના માળ બાંધવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી સૂચના મળ્યેથી બજેટમાં જોગવાઈ કરવાની રહે છે.

(૨) વિસાવદર તાલુકાની એડીશનલ સેશન્સ કોર્ટ બિલ્ડીંગ ઉપર વધારાના માળ બાંધવાના કામ માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી વિગતવાર દરખાસ્ત મળ્યેથી નાણા વિભાગના પરામર્શમાં વહીવટી મંજૂરી મેળવવાની કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

(૩) વિસાવદર તાલુકાની એડીશનલ સેશન્સ કોર્ટ બિલ્ડીંગ ઉપર વધારાના માળ બાંધવાના કામ માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી વિગતવાર દરખાસ્ત મળ્યેથી નાણા વિભાગના પરામર્શમાં વહીવટી મંજૂરી મળ્યા બાદ માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં બનતી ત્વરાએ.

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન**

૪૪૩૦૦**શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વલસાડજિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે તાલુકાવાર કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને કેટલી જમીન સંપાદન કરવાવી બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ખાતેદારોને કેટલી રકમ વળતર પેટે ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વલસાડજિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે નીચેના કોષ્ટક મુજબની જમીન સંપાદન કરવાની થાય છે.

| **અ.નં.** | **તાલુકો** | **ક્ષેત્રફળ (હે.આરે.ચોમી.)** |
|---|---|---|
| ૧ | વલસાડ | ૩૯-૬૨-૬૫ |
| ૨ | પારડી | ૨૬-૬૮-૧૧ |
| ૩ | વાપી | ૨૯-૦૬-૯૮ |
| ૪ | ઉમરગામ | ૧૪-૮૨-૧૮ |
| | **કુલ** | **૧૧૦-૧૯-૯૨** |

(૨) ઉક્ત સ્થિતિએ સંપાદન કરવામાં આવેલ જમીનો અને સંપાદન કરવાની બાકી જમીનની વિગતો તાલુકાવાર નીચેના કોષ્ટક મુજબ છે.

| **અ.નં.** | **તાલુકો** | **સંપાદન થયેલ જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચોમી.)** | **સંપાદન કરવામાં બાકી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચોમી.)** |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૩૯-૬૨-૬૫ | ૦-૦૦-૦૦ |
| ૨ | પારડી | ૨૬-૬૮-૧૧ | ૦-૦૦-૦૦ |
| ૩ | વાપી | ૨૮-૬૭-૭૧ | ૦-૩૯-૨૭ |
| ૪ | ઉમરગામ | ૧૪-૮૨-૧૮ | ૦-૦૦-૦૦ |
| | **કુલ** | **૧૦૯-૮૦-૬૫** | **૦-૩૯-૨૭** |

(૩) ઉક્ત સ્થિતિએ ખાતેદારોને નીચેની વિગતે તાલુકાવાર વળતર ચૂકવાયેલ છે.

| અ.નં. | તાલુકો | વળતરની રકમ રૂ. (કરોડમાં) |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૧૨.૫૪ |
| ૨ | પારડી | ૫૬.૩૦ |
| ૩ | વાપી | ૧૯૪.૨૨ |
| ૪ | ઉમરગામ | ૭૬.૯૧ |
| | કુલ | ૪૩૯.૯૭ |

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં જમીન સંપાદનનું વળતર અન્યને ચૂકવવા બાબત**

૪૫૩૫૧**શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં બોગસ પાવર ઓફ એટર્નીથી જમીન સંપાદનનું વળતર જમીન માલિકના બદલે અન્યને ચૂકવવામાં આવ્યું છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો બોગસ પાવર ઓફ એટર્નીના આધારે કેટલા જમીન માલિકોનું કેટલું વળતર બારોબાર અન્યને ચૂકવી દેવાયું, અને | (૨) ૪૫ જેટલા કિસ્સામાં. રૂ. ૧૨,૮૪,૩૭,૫૬૭/- |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શા પગલા લેવામાં આવ્યા ? | (૩) ૨૨ જેટલા પાવર ઓફ એટર્ની હોલ્ડર સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવેલ છે, જ્યારે જવાબદાર અધિકારીને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવેલ છે. |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં જી.આઈ.ડી.સી.ને જમીન ફાળવવા બાબત**

૪૪૨૮૮**માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં જી.આઈ.ડી.સી. માટે જમીન ફાળવવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ક્યારે ફાળવવામાં આવેલ છે ? | (૨) હે.૭૫-૦૦-૦૦ ચો.મી., તા.૨૪-૦૯-૨૦૨૦ના હુકમથી. |

- - - - - - - - -

**કૃષિ પ્રભાગના તાબા હેઠળ અમદાવાદ જિલ્લામાં મંજૂર મહેકમ**

૪૫૨૭૦**શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએકૃષિ પ્રભાગના તાબા હેઠળ અમદાવાદ જિલ્લાના ધંધુકા, ધોલેરા અને બોટાદ જિલ્લાના બરવાળા અને રાણપુર તાલુકાઓમાં આવેલ કચેરીઓવાર, સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએઅમદાવાદજિલ્લાના ધંધુકા, ધોલેરા અને બોટાદ જિલ્લાના બરવાળા અને રાણપુર તાલુકાઓમાં કૃષિ પ્રભાગના તાબા હેઠળ કોઈ કચેરીઓ અસ્તિત્વમાં ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે પૈકી ઉક્ત તાલુકાવાર કચેરીવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**ભરૂચ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન**

૪૪૨૯૮ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચજિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે તાલુકાવાર કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ખાતેદારોને કેટલી રકમ વળતર પેટે ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચજિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે નીચેના કોષ્ટક મુજબની જમીન સંપાદન કરવાની થાય છે.

| અ.નં. | તાલુકો | ક્ષેત્રફળ (હે.આરે.ચોમી.) |
|---|---|---|
| ૧ | અંકલેશ્વર | ૩૫-૧૨-૯૯ |
| ૨ | ભરૂચ | ૭૧-૯૦-૯૦ |
| ૩ | આમોદ | ૨૦-૩૮-૧૮ |
| | **કુલ** | **૧૨૭-૪૨-૦૭** |

(૨) ઉક્ત સ્થિતિએ સંપાદન કરવામાં આવેલ જમીનો અને સંપાદન કરવાની બાકી જમીનની વિગતો તાલુકાવાર નીચેના કોષ્ટક મુજબ છે.

| અ.નં. | તાલુકો | સંપાદન થયેલ જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચોમી.) | સંપાદન કરવામાં બાકી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચોમી.) |
|---|---|---|---|
| ૧ | અંકલેશ્વર | ૩૫-૧૨-૯૯ | ૦-૦૦-૦૦ |
| ૨ | ભરૂચ | ૭૧-૬૭-૯૭ | ૦-૨૨-૯૩ |
| ૩ | આમોદ | ૨૦-૩૮-૧૮ | ૦-૦૦-૦૦ |
| | **કુલ** | **૧૨૭-૧૯-૧૪** | **૦-૨૨-૯૩** |

(૩) ઉક્ત સ્થિતિએ ખાતેદારોને નીચેની વિગતે તાલુકાવાર વળતર ચૂકવાયેલ છે.

| અ.નં. | તાલુકો | વળતરની રકમ રૂ. (કરોડમાં) |
|---|---|---|
| ૧ | અંકલેશ્વર | ૨૩.૧૩ |
| ૨ | ભરૂચ | ૨૮૦.૩૯ |
| ૩ | આમોદ | ૨૪.૦૪ |
| | **કુલ** | **૩૨૭.૫૬** |

---------

**ભાવનગર જિલ્લામાં મેથળા બંધારા યોજના માટે જમીન સંપાદન**

૪૪૩૦૧**શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મેથળા બંધારા યોજના માટે ભાવનગર જિલ્લામાં કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખાતેદારોને કેટલી રકમ વળતર પેટે ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) કુલ હે.૩૩૭-૨૫-૨૨ ચો.મી. જમીન.

(૨) હે.૩૩૭-૨૫-૨૨ ચો.મી. જમીન સંપાદન કરવા અંગેના કલમ-૧૯(૧)ના જાહેરનામા પ્રસિદ્ધ કરવાની બીજા તબક્કાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) એવોર્ડ જાહેર કરવાની પ્રક્રિયા ચાલુ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વલસાડ જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન**

૪૪૨૮૨**શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, — (૧) ૨૫૫

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને — (૨) ૬૫,૧૩૯

(૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું ? — (૩) ૪,૫૪૫

---------

**રાજકોટ જિલ્લામાં બકરા એકમના લાભાર્થી**

૪૪૨૮૬**શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં બકરા એકમ (૧૦+૧) યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૨૦ લાભાર્થીઓ. |
| (૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ? | (૨) રૂ. ૯,૦૦,૦૦૦/- |

---------

**ખેડા જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રકમ**

૪૫૩૩૬**શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લા/તાલુકાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લા/તાલુકાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO)દ્વારા જમા થાય છે. |
| (૨) ઉક્ત રકમમાંથી શ્રમિકોને વેતન ચૂકવવાના બદલે ખોટા દસ્તાવેજો ઉભા કરીને ગેરરીતિ થઈ હોવા અંગેની કેટલી ફરિયાદો ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર મળી, અને | (૨) વસો તાલુકામાં સને-૨૦૨૧માં ૧ ફરિયાદ મળી. |
| (૩) મળેલ ફરિયાદો અન્વયે વર્ષવાર, તાલુકાવાર જવાબદારો સામે શી કાર્યવાહી કરી ? | (૩) નિયમોનુસાર શિષ્ત વિષયક કાર્યવાહી શરૂ કરેલ છે. |

---------

**અમરેલી જિલ્લામાં નવા ગામતળ નીમ કરવા બાબત**

૪૫૩૧૨ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩૦-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૯૪૨૭(અગ્રતા-૧૧)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૮ અને ૨૦૧૯ના વર્ષમાં અમરેલી જિલ્લામાં નવાગામતળ નીમ કરવાની ૩૧ દરખાસ્તો સરકારને મળેલ તે પૈકી ૭ દરખાસ્તો પડતર હતી તે પૈકી કેટલી દરખાસ્તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મંજૂર કરવામાં આવી અને કેટલી દરખાસ્તો પડતર છે, અને | (૧) કુલ-૬ દરખાસ્તો મંજૂર કરવામાં આવી અને ૧-દરખાસ્ત દફ્તરે કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત પડતર રહેલ દરખાસ્તો ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે ? | (૨) કોઈ દરખાસ્ત પડતર ન હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**તાપી અને નવસારી જિલ્લામાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવા બાબત**

૪૫૩૬૬ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં લઘુત્તમ ગૌચર કરતા ઓછું ગૌચર છે અને કેટલા ગામોમાં શૂન્ય ગૌચર છે,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | લઘુત્તમ ગૌચર કરતાં ઓછું ગૌચર ધરાવતા ગામોની સંખ્યા | શૂન્ય ગૌચર ધરાવતા ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | તાપી | ૩૮૭ | ૪૮ |
| ૨ | નવસારી | ૨૮૧ | ૭૧ |

(૨) ઉક્ત ગામોમાં લઘુત્તમ ગૌચરથી ઓછું ગૌચર હોવાના કે શૂન્ય ગૌચર હોવાના કારણો શા છે,

(૨)

| ક્રમ | જિલ્લો | લઘુત્તમ ગૌચરથી ઓછું ગૌચર હોવાના કે શૂન્ય ગૌચર હોવાના કારણો |
|---|---|---|
| (૧) | તાપી | મુખ્યત્વે,<br>➢ શરૂઆતથી જ લઘુત્તમ ગૌચરથી ઓછું ગૌચર ઉપલબ્ધ હોવાથી,<br>➢ ગૌચરની ઘટ સને.૧૯૫૧-૫૨ શરૂઆતથી જ છે. પશુઓની સંખ્યા મુજબ જે તે સમયે ગૌચર નીમ કરવામાં આવેલ હતુ અને હાલ પશુઓની સંખ્યા વધવાથી લઘુતમ ગૌચર કરતા ઓછું ગૌચર છે,<br>➢ શુન્ય ગૌચર વાળા ગામોમાં પ્રોજેક્ટ વિસ્તાર અને જંગલ વિસ્તાર હોવાથી શુન્ય ગૌચર છે.<br>➢ સને.૧૯૭૧-૭૨માં ઉકાઇ જળાશય યોજના અમલમાં આવવાથી ગામો વિસ્થાપિત થયેલ હોય જેથી ગૌચરની જગ્યા ઉપસ્થિત નથી. |
| (૨) | નવસારી | ➢ શરૂઆતથી જ ગામે ગૌચરની ઘટ હોવાથી,<br>➢ પશુઓની સંખ્યા મુજબ ૧૦૦ પ્રાણી દીઠ ૪૦ એકરનાં પ્રમાણમાં ગૌચર નીમ કરવામાં આવેલ છે.હાલની સ્થિતિએ પશુઓની સંખ્યામાં વધારો થતા ગૌચરનું પ્રમાણ ઓછું હોવાનું જણાય છે.<br>➢ વાંસદા અને ખેરગામ તાલુકામાં મહત્તમ વન વિસ્તાર હોવાથી રેકર્ડ દફ્તરે ગૌચરનું પ્રમાણ ઓછું હોવાનું જણાય છે . |

(૩) ઉક્ત ખૂટતા ગૌચર સામે જમીન નીમ કરવા મહેસૂલ વિભાગ દ્વારા શા આદેશ કરવામાં આવ્યા, અને

(૩) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૫ ના ઠરાવથી તથા તે અનુસંધાનેના ઉત્તરોત્તર ઠરાવ/પરિપત્રથી ગૌચર જમીન અંગે નીતિ નક્કી કરવામાં આવેલ છે.

(૩) ક્યાં સુધીમાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવનાર છે?

(૩) જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત દ્વારા દરખાસ્ત રજૂ થયેથી સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ-નિયમોનુસાર ગૌચર જમીન નીમ કરવાની કાર્યવાહી કરવામાં આવનાર છે.

- - - - - - - - -

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જમીન રી-સરવે**

૪૫૩૪૩ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર દિલ્લામાં જમીનોના રી-સરવે બાદ મૂળ જમીનોના ક્ષેત્રફળમાં વધ-ઘટ થઇ હોય તેવી કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર મળી,

(૨) જમીનનું ક્ષેત્રફળ ઘટી ગયું હોય અને ખેડૂત ખાતેદાર ફરિયાદ કરે પરંતુ આજુબાજૂના ખેડૂતો જમીન માપણી માટે સંમતિ ન આપે તો તેવા ખેડૂતોની અરજીઓ દફ્તરે કરવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૩) જો હા, તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં ક્ષેત્રફળ વધ-ઘટની કુલ-૪૭૯ તથા છોટાઉદેપુર જિલ્લામાં ક્ષેત્રફળ વધ-ઘટની કુલ-૬૦૦ ફરિયાદો મળેલ છે.

(૨) હા, જી.

(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ના નિયમ ૨૧(૧) મુજબ તકરાર ન હોય ત્યારે જમીન ધારણ કરનાર (ખેડૂત ખાતેદાર)ની કેફિયત (સંમતિ) અનુસાર સરવે અધિકારી હદ નક્કી કરી શકે છે. પરંતુ જ્યારે તકરાર હોય ત્યારે આજુબાજૂના ખેડૂતોની સંમતિ ન મળવાના કારણે અરજી દફ્તરે કરવામાં આવે છે.

- - - - - - - - -

**ધાનેરા તાલુકામાં નવુ ગામતળ મંજૂર કરવાની દરખાસ્તો**

૪૪૬૦૨ **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં નવુ ગામતળ મંજૂર કરવા માટે કેટલી દરખાસ્ત સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી દરખાસ્તને મંજૂરી આપવામાં આવી અને કેટલી દરખાસ્ત પડતર છે, અને

(૩) પડતર દરખાસ્તોનો ક્યા સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **મળેલ દરખાસ્તો** |
|---|---|
| ૨૦૨૦ | ૦૧ |
| ૨૦૨૧ | ૧૯ |

(૨) મળેલ દરખાસ્તો પૈકી ૬ દરખાસ્તો દફ્તરે કરી છે અને ૧૪ દરખાસ્તો પડતર છે.

(૩) નિયમોનુસારની કાર્યવાહી કરી અગ્રતાના ધોરણે.

- - - - - - - - -

**સુરત અને વલસાડ જિલ્લામાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવા બાબત**

૪૫૩૬૧ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં લઘુત્તમ ગૌચર કરતા ઓછું ગૌચર છે અને કેટલા ગામોમાં શૂન્ય ગૌચર છે,

(૨) ઉક્ત ગામોમાં લઘુત્તમ ગૌચરથી ઓછું ગૌચર હોવાના કે શૂન્ય ગૌચર હોવાના કારણો શાં છે,

(૩) ઉક્ત ખૂટતા ગૌચર સામે જમીન નીમ કરવા

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **લઘુત્તમ ગૌચર કરતા ઓછું ગૌચર હોય તેવા ગામોની સંખ્યા** | **શૂન્ય ગૌચર હોય તેવા ગામોની સંખ્યા** |
|---|---|---|
| સુરત | ૨૨૨ | ૭૦ |
| વલસાડ | ૧૦૭ | ૨૫૦ |

(૨) પ્રથમથી જ ગૌચર આવેલ ન હોવાથી, સમયાંતરે ઢોરોની સંખ્યા વધવાથી તથા ગામોનો શહેરી વિસ્તારમાં સમાવેશ થવાથી.

(૩) ગૌચર નીમ કરવા માંગણી થયેથી જમીન મહેસૂલ

મહેસૂલ વિભાગ દ્વારા શા આદેશ કરવામાં આવ્યા, અને

(૪) ક્યાં સુધીમાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવનાર છે ?

અધિનિયમ અન્વયે કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) સંબંધિત ગ્રામ પંચાયતદ્વારા ગૌચરની જરૂરિયાત માટે માંગણી થયેલ ન હોવાથી હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવા બાબત**

૪૫૩૧૯ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં લઘુત્તમ ગૌચર કરતા ઓછું ગૌચર છે અને કેટલા ગામોમાં શૂન્ય ગૌચર છે,

(૨) ઉક્ત ગામોમાં લઘુત્તમ ગૌચરથી ઓછું ગૌચર હોવાના કે શૂન્ય ગૌચર હોવાના કારણો શાં છે,

(૩) ઉક્ત ખૂટતા ગૌચર સામે જમીન નીમ કરવા મહેસૂલ વિભાગ દ્વારા શા આદેશ કરવામાં આવ્યા, અને

(૪) ક્યાં સુધીમાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવનાર છે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | લઘુત્તમ ગૌચર કરતા ઓછું ગૌચર હોય તેવા ગામોની સંખ્યા | શૂન્ય ગૌચર હોય તેવા ગામોની સંખ્યા |
|---|---|---|
| ભાવનગર | ૪૮૫ | ૬૪ |
| બોટાદ | ૧૭૦ | ૯ |

(૨) પ્રમોલગેશન સમયથી જ ગૌચર આવેલ ન હોવાથી, પશુઓની સંખ્યામાં વધારો થવાથી, સિંચાઇ યોજનામાં ગૌચર જમીન સંપાદનના કારણે, સિટી લીમીટમાં સમાવિષ્ઠ થતા હોવાથી.

(૩) અને (૪) સંબંધિત ગ્રામ પંચાયતદ્વારા ગૌચરની જરૂરિયાત માટે માંગણી થયેલ ન હોવાથી હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**કચ્છ અને પાટણ જિલ્લામાં જમીન ભાડાપટ્ટે આપવા બાબત**

૪૫૨૧૧ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧૫-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બિન ઉપજાઉ સરકારી પડતર જમીનને બાગાયતી ખેતી માટે ભાડાપટ્ટે આપવાની યોજના ક્યારે જાહેર કરવામાં આવી છે, અને

(૨) ઉક્ત યોજના હેઠળ કચ્છ અને પાટણ જિલ્લામાં તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી જમીન ભાડાપટ્ટે આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) તા.૧૮-૦૧-૨૦૨૧ના ઠરાવથી.

(૨) શૂન્ય.

**ભાવનગર જિલ્લામાં બકરા એકમના લાભાર્થી**

૪૪૨૭૩ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં બકરા એકમ (૧૦+૧) યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૬ લાભાર્થીઓ.

(૨) રૂ.૭,૨૦,૦૦૦/-

- - - - - - - - -

તા. ૨૮મી માર્ચ ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટોકર ખરીદી માટે સહાય**

૪૫૩૪૬ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર (ટબ) ખરીદી માટે સહાય આપવાની યોજના ક્યારથી અમલમાં છે, | (૧) તા.૦૭-૦૬-૨૦૨૧થી યોજના અમલમાં છે. |
| (૨) ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી, | (૨) |

| | | |
|---|---|---|
| **દાહોદ જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | ૧૪,૯૧૧ અરજીઓ. |
| **છોટાઉદેપુર જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | ૨૭,૯૬૩ અરજીઓ. |

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩)

| | | |
|---|---|---|
| **દાહોદ જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઇ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **છોટાઉદેપુર જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઇ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો |

(૪) કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ?

(૪)

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| વર્ષ ૨૦૨૧-૨૨ | દાહોદ જિલ્લાની ૧૪,૯૧૧ અરજીઓ અને છોટાઉદેપુર જિલ્લાની ૨૭,૯૬૩ અરજીઓ ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ., ગાંધીનગર દ્વારા ટેન્ડરની કાર્યવાહી ચાલુ હોઇ પડતર છે. |

- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લામાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવા બાબત**

૪૫૨૩૪ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને | (૧) |

મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં લઘુત્તમ ગૌચર કરતા ઓછું ગૌચર છે અને કેટલા ગામોમાં શૂન્ય ગૌચર છે,

| જિલ્લો | લઘુત્તમ ગૌચર કરતા ઓછું ગૌચર હોય તેવા ગામોની સંખ્યા | શૂન્ય ગૌચર હોય તેવા ગામોની સંખ્યા |
|---|---|---|
| પાટણ | ૪૧૧ | ૧૨ |
| મહેસાણા | ૧૪૯ | ૩૧ |

(૨) ઉક્ત ગામોમાં લઘુત્તમ ગૌચરથી ઓછું ગૌચર હોવાના કે શૂન્ય ગૌચર હોવાના કારણો શા છે,

(૨) પ્રથમથી જ ગૌચર આવેલ ન હોવાથી, સમયાંતરે ઢોરોની સંખ્યા વધવાથી.

(૩) ઉક્ત ખૂટતા ગૌચર સામે જમીન નીમ કરવા મહેસૂલ વિભાગ દ્વારા શા આદેશ કરવામાં આવ્યા છે, અને

(૩) ગૌચર નીમ કરવા માંગણી થયેથી જમીન મહેસૂલ અધિનિયમ અન્વયે કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) ક્યાં સુધીમાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવનાર છે ?

(૪) સંબંધિત ગ્રામ પંચાયતદ્વારા ગૌચરની જરૂરિયાત માટે માંગણી થયેલ ન હોવાથી હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**દેવભૂમિ દ્વારકા અને અમરેલી જિલ્લામાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવા બાબત**

૪૫૨૯૨**શ્રી વિક્રમભાઇ માડમ** (ખંભાળિયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં લઘુતમ ગૌચર કરતા ઓછું ગૌચર છે અને કેટલા ગામોમાં શૂન્ય ગૌચર છે,

**જવાબ**

(૧)

| જિલ્લો | લઘુતમ ગૌચર કરતા ઓછું ગૌચર હોય તેવા ગામોની સંખ્યા | શૂન્ય ગૌચર હોય તેવા ગામોની સંખ્યા |
|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૧૯૪ | ૦૫ |
| અમરેલી | ૪૩૩ | ૧૨ |

(૨) ઉક્ત ગામોમાં લઘુતમ ગૌચરથી ઓછું ગૌચર હોવાના કે શૂન્ય ગૌચર હોવાના કારણો શા છે,

(૨) પ્રથમથી જ ગૌચર આવેલ ન હોવાથી,કેટલાક ગામો જંગલ વિસ્તારમાં આવેલ હોવાથી, ઢોરની વસ્તી આવેલ ન હોવાથી, ગૌચર જમીન વર્તુ ડેમમાં ડૂબમાં ગયેલ હોવાથી તથા સમયાંતરે પશુઓની સંખ્યા વધવાના કારણે.

(૩) ઉક્ત ખૂટતા ગૌચર સામે જમીન નીમ કરવા મહેસૂલ વિભાગ દ્વારા શાં આદેશ કરવામાં આવ્યાં, અને

(૩) ગૌચર નીમ કરવા માંગણી થયેથી જમીન મહેસૂલ અધિનિયમ અન્વયે કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) ક્યાં સુધીમાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવનાર છે ?

(૪) સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા ગૌચરની જરૂરિયાત માટે માંગણી થયેલ ન હોવાથી હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જમીન રી-સરવે**

૪૫૨૫૮ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જમીનોના રી-સરવે બાદ મૂળ જમીનોના ક્ષેત્રફળમાં વધ-ઘટ થઈ હોય તેવી કેટલી

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં ક્ષેત્રફળ વધ-ઘટની કુલ-૩૩૧૭ તથા અમદાવાદ જિલ્લામાં ક્ષેત્રફળ વધ-ઘટની કુલ-૫૧૨૩ ફરિયાદો મળેલ છે.

ફરિયાદો છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર મળી,

(૨) જમીનનું ક્ષેત્રફળ ઘટી ગયું હોય અને ખેડૂત ખાતેદાર ફરિયાદ કરે પરંતુ આજુબાજૂના ખેડૂતો જમીન માપણી માટે સંમતિ ન આપે તો તેવા ખેડૂતોની અરજીઓ દફ્તરે કરવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો તેના કારણો શાં છે ?

(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ના નિયમ ૨૧(૧) મુજબ તકરાર ન હોય ત્યારે જમીન ધારણ કરનાર (ખેડૂત ખાતેદાર)ની કેફિયત (સંમતિ) અનુસાર સરવે અધિકારી હદ નક્કી કરી શકે છે. પરંતુ જ્યારે તકરાર હોય ત્યારે આજુબાજૂના ખેડૂતોની સંમતિ ન મળવાના કારણે અરજી દફ્તરે કરવામાં આવે છે.

- - - - - - - - -

**મહીસાગર અને ડાંગ જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટોકર ખરીદી માટે સહાય**

૪૫૩૩૯**શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર (ટબ) ખરીદી માટે સહાય આપવાની યોજના ક્યારથી અમલમાં છે,

(૧) તા.૦૭-૦૬-૨૦૨૧થી યોજના અમલમાં છે.

(૨) ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી,

(૨)

| | | |
|---|---|---|
| **મહીસાગર જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | ૨૮,૩૯૬ અરજીઓ. |
| **ડાંગ જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧- | ૪,૯૬૧ અરજીઓ. |

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩)

| | | |
|---|---|---|
| **મહીસાગર જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઇ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **ડાંગ જિલ્લો** | વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | વર્ષ ૨૦૨૧-૨૨ | મળેલ અરજીઓ પૈકી કોઇ પણ અરજી મંજૂર કરેલ નથી, તેથી સહાય ચૂકવવાનો |

(૪) કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ?

(૪)

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૧-૨૨ | મહીસાગર જિલ્લાની ૨૮,૩૯૬ અરજીઓ અને ડાંગ જિલ્લાની ૪,૯૬૧ અરજીઓ ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ., ગાંધીનગર દ્વારા ટેન્ડરની કાર્યવાહી ચાલુ હોઇ પડતર છે. |

- - - - - - - - -

**મગફળી અને કપાસના પોષણક્ષમ ભાવો**

૪૫૩૦૩**શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ખેડૂતોને મગફળી અને કપાસના પોષણક્ષમ ભાવો મળે અથવા ભાવોમાં વધારો કરવા માટે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને ક્યારે-ક્યારે પત્ર દ્વારા રજૂઆત કરી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા ?

**જવાબ**

(૧) ગુજરાત કૃષિ ભાવ પંચ દર વર્ષે ભારત સરકારશ્રીની સંસ્થા કૃષિ ખર્ચ અને ભાવ પંચ, નવી દિલ્હીને ટેકાના ભાવોની ભલામણ કરે છે. તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજય સરકાર દ્વારા ભારત સરકારશ્રીની સંસ્થા કૃષિ ખર્ચ અને ભાવ પંચ, નવી દિલ્હીને નીચેની વિગતે ખરીફ પાકોના ટેકાના ભાવ માટે દરખાસ્ત કરવામાં આવી.

| **વર્ષ** | **તારીખ** |
|---|---|
| ખરીફ-૨૦૨૦ | ૧૩-૦૨-૨૦૨૦ |
| ખરીફ-૨૦૨૧ | ૧૦-૦૨-૨૦૨૧ |

(૨) છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારશ્રી દ્વારા મગફળી અને કપાસના ટેકાના ભાવો નીચે મુજબ જાહેર કરવામાં આવેલ છે.

| **પાકનું નામ** | **ટેકાના ભાવ (રૂ.ક્વિ.)** | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૨૦-૨૧ તા.૦૮-૦૬-૨૦૨૦** | **વર્ષ ૨૦૨૧-૨૨ તા.૧૧-૦૬-૨૦૨૧** |
| મગફળી | ૫૨૭૫ | ૫૫૫૦ |
| કપાસ (લંબતારી) | ૫૮૨૫ | ૬૦૨૫ |
| કપાસ (લંબતારી) | ૫૫૧૫ | ૫૭૨૬ |

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં પશુપાલકોને ખાણદાણ સહાય**

૪૪૨૮૪**શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન વલસાડ જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓને (ગાય/ભેંસ) ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) તેનો કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રૂ. ૬૮,૭૨,૭૦૦/-

(૨) ૨,૪૨૨ પશુપાલકો.

**નવસારી જિલ્લામાં સેન્દ્રિય ખાતર**

૪૪૨૫૯**શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના (એજીઆર-૩) હેઠળ જિલ્લામાં કુલ કેટલા હેક્ટરમાં સેન્દ્રિય ખાતર આપવામાં આવ્યું,

(૨) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧) ૧૪૫૭ હેક્ટર.

(૨) રૂ. ૭૨,૪૭,૫૪૧/-

(૩) સહાય ચૂકવવાની બાકી નથી.

- - - - - - - - -

તા. ૨૮મી માર્ચ ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

**સિદ્ધપુર શહેરમાં રેલવે ઓવરબ્રિજની કામગીરી**

૪૪૬૧૯**શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર):ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૩૪૫૫ (અગ્રતા-૮૨)ના અનુસંધાને**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સિદ્ધપુર શહેરમાં રેલવે ઓવરબ્રિજની કામગીરી માટે જમીન સંપાદનની કાર્યવાહી તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત કાર્યવાહી પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સિદ્ધપુર રેલવે ઓવરબ્રીજ એલ.સી.ફાટક નં.૧૮૮ના કામે કુલ ૨ દરખાસ્ત મળી આવેલ છે. જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ હેઠળ નીચે મુજબ કાર્યવાહી હાથ ધરાયેલ છે.

| વિગત | દરખાસ્ત-૧ | દરખાસ્ત-૨ |
|---|---|---|
| ક્ષેત્રફળ(ચો.મી.) | ૩૮૦૨.૭૨ | ૨૦.૭૮ |
| કલમ-૧૦(એ) | ૨૬/૦૫/૨૧ | ૩૦/૧૧/૨૧ |
| કલમ-૧૧(૧) | ૧૦-૦૮-૨૧ | કાર્યવાહી ચાલુમાં |
| કલમ-૧૯(૧) | ૦૧-૧૧-૨૧ | ---- |
| એવોર્ડ | કાર્યવાહી ચાલુમાં | ---- |

(૨) જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ મુજબ નિયત સમયમર્યાદામાં કાર્યવાહી ચાલુ છે.

(૩) બનતી ત્વરાએ.

---------

**નવસારી જિલ્લામાં પશુપાલકોને ખાણદાણ સહાય**

૪૪૨૮૦**શ્રી કાંતીભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન નવસારી જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓને (ગાય/ભેંસ) ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) તેનો કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રૂ. ૬૫,૧૭,૭૩૩/-

(૨) ૨,૨૯૪ પશુપાલકો.

---------

**ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રકમ**

૪૫૩૦૦**શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ગુજરાત સરકારને મળી,

(૨) તે પૈકી ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કેટલી રકમ ફાળવી, અને

(૩) ફાળવવામાં આવેલ રકમ અન્વયે ઉક્ત જિલ્લાવાર વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઊભી

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત નીચેની વિગતે રકમ ગુજરાત સરકારને મળી.

| વર્ષ ૨૦૨૦ (રકમ રૂ.લાખમાં) | વર્ષ ૨૦૨૧ (રકમ રૂ.લાખમાં) |
|---|---|
| ૧૫૧૩૮૯.૭૮ | ૧૨૭૯૪૭.૮૯ |

(૨) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્યકક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી. પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO)દ્વારા જમા થાય છે.

(૩)

| જિલ્લો | વર્ષ ૨૦૨૦ | વર્ષ ૨૦૨૧ |
|---|---|---|

થઇ ?

| | | |
|---|---|---|
| ગીર સોમનાથ | ૬,૪૭,૭૦૨ | ૫,૬૩,૧૩૮ |
| અમરેલી | ૫,૮૩,૪૫૯ | ૪,૯૮,૧૭૬ |

**નોંધઃ** મનરેગા સોફ્ટમાં નાણાકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઇ, નાણાકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**કાયદા વિભાગ માટે રકમની બજેટમાં જોગવાઇ**

૪૫૩૨૭**શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કાયદા વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૯-૨૦ | ૧૬૫૩.૩૫ કરોડ |
| વર્ષ ૨૦૨૦-૨૧ | ૧૬૮૦.૮૦ કરોડ |

(૨)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૯-૨૦ | ૧૨૯૭.૪૦ કરોડ |
| વર્ષ ૨૦૨૦-૨૧ | ૧૩૧૧.૨૩ કરોડ |

(૩)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૯-૨૦ | ૧૨૩૯.૦૯ કરોડ |
| વર્ષ ૨૦૨૦-૨૧ | ૧૨૨૦.૦૩ કરોડ |

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૯-૨૦ | ૫૮.૩૧ કરોડ |
| વર્ષ ૨૦૨૦-૨૧ | ૯૧.૨૦ કરોડ |

બાંધકામના કામોમાં વહીવટી-તાંત્રિક-ડી.ટી.પી મંજૂરી, જમીન ફાળવણી, ટેન્ડર પ્રક્રિયા, વગેરે સમય માંગતી પ્રક્રિયા હોઇ ઉક્ત રકમ વણવપરાયેલ રહેલ છે.

- - - - - - - - -

**ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની જગ્યા**

૪૫૩૦૬ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની કુલ કેટલી મંજૂર જગ્યાઓ છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) નીચે પત્રક મુજબઃ

| **અ.નં.** | **જિલ્લો** | **પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની મંજૂર જગ્યા** |
|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૨૦ |
| ૨ | ભાવનગર | ૨૮ |

(૨) જિલ્લાવાર ખાલી જગ્યાઓની માહિતીઃ

| **અ.નં.** | **જિલ્લો** | **પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની ખાલી જગ્યા** |
|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૦૯ |
| ૨ | ભાવનગર | ૧૮ |

(૩) પશુચિકિત્સા અધિકારીવર્ગ-૨ની ખાલી જગ્યાઓ ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ ભરવાનું આયોજન છે.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નાણાની ફાળવણી**

૪૪૭૫૯ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડીયા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ

**જવાબ**

(૧) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્યકક્ષાએથી કોઇપણ પ્રકારની

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કેટલી રકમ ફાળવવામાં આવી, | ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO)દ્વારા જમા થાય છે. |
| (૨) ઉક્ત ફાળવેલ રકમ અન્વયે કરવામાં આવેલ કામોમાં નાણાકીય અને વહીવટી ગેરરીતિની જિલ્લામાં કેટલી ફરિયાદો મળી, અને | (૨) શૂન્ય. |
| (૩) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

\- - - - - - - - -

**પશુપાલન પ્રભાગના તાબાના નિગમોમાં ભરતી**

૪૫૨૪૯ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પશુપાલન પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સીંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સીંગથી ફરજ બજાવે છે, | (૨) સામેલ પત્રક મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સીંગથી કરવામાં આવી, અને | (૩) સામેલ પત્રક મુજબ. |
| (૪) કોન્ટ્રાક્ટ, આઉટસોર્સીંગથી ભરતી કરવાના કારણો શાં છે ? | (૪) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ અનુસાર જે તે કચેરીની જરૂરિયાત/કામગીરી તેમજ આવશ્યક કચેરી વ્યવસ્થાપન મુજબ આઉટસોર્સીંગથી સેવાઓ લેવામાં આવે છે. |

**પત્રક**

| **ક્રમ** | **પશુપાલન પ્રભાગના તાબા હેઠળના નિગમો** | **ખંડ-૨ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સીંગથી ફરજ બજાવે છે ?** | **ખંડ-૩ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ,આઉટસોર્સીંગથી કરવામાં આવી ?** |
|---|---|---|---|
| ૧ | ગુજરાત પશુધન વિકાસ બોર્ડ-ગાંધીનગર | ૩૫ | ૫૦ |
| ૨ | ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ-ગાંધીનગર | ૯ | ૯ |
| ૩ | ગુજરાત પ્રાણીકલ્યાણ બોર્ડ-ગાંધીનગર | ૩ | ૪ |
| ૪ | ગુજરાત ઘેંટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડ-ગાંધીનગર | ૭ | ૧૧ |
| ૫ | ગુજરાત ડેરી વિકાસ નિગમ-ગાંધીનગર | ૫ | ૫ |

\- - - - - - - - -

**આણંદ જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકોને લાભ**

૪૪૨૬૯ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન | (૧) ૭૯ |

આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યાં, અને

(૨) તે અન્વયે કુલ કેટલી સહાય આપવામાં આવી ? | (૨) રૂ.૨,૩૭,૦૦૦/-

- - - - - - - - -

**ડાંગ અને સાબરકાંઠા જિલ્લામાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવા બાબત**

૪૫૨૪૬ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ડાંગ અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં લઘુતમ ગૌચર કરતા ઓછું ગૌચર છે અને કેટલા ગામોમાં શૂન્ય ગૌચર છે,

(૨) ઉક્ત ગામોમાં લઘુતમ ગૌચરથી ઓછું ગૌચર હોવાના કે શૂન્ય ગૌચર હોવાના કારણો શાં છે,

(૩) ઉક્ત ખૂટતા ગૌચર સામે જમીન નીમ કરવા મહેસૂલ વિભાગ દ્વારા શા આદેશ કરવામાં આવ્યાં છે, અને

(૪) ક્યાં સુધીમાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં શરૂઆતથી જ તમામ ૩૧૧ ગામ પ્રોટેક્ટ ફોરેસ્ટ અને રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાં આવેલ હોવાથી ત્યાં શૂન્ય ગૌચર છે.

સાબરકાંઠા જિલ્લાના ૪૦૧ ગામો લઘુતમ ગૌચર કરતા ઓછું ગૌચર ધરાવે છે તથા ૧૯૩ ગામો શૂન્ય ગૌચર ધરાવે છે.

(૨) પ્રથમથી જ ગૌચર આવેલ ન હોવાથી અથવા પ્રથમથી જ લઘુતમ ગૌચર કરતાં ઓછું ગૌચર હોવાથી, કેટલાક ગામો જંગલ વિસ્તારમાં આવેલ હોવાથી તથા સમયાંતરે પશુઓની સંખ્યા વધવાના કારણે.

(૩) ગૌચર નીમ કરવા માંગણી થયેથી જમીન મહેસૂલ અધિનિયમ અન્વયે કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) સંબંધિત ગ્રામ પંચાયતદ્વારા ગૌચરની જરૂરિયાત માટે માંગણી થયેલ ન હોવાથી હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં મીઠા ઉદ્યોગ**

૪૫૯૧૪ **શ્રી અંબરીશ ડેર** (રાજુલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર ક્યાં સ્થળે મીઠા ઉદ્યોગો આવેલા છે,

(૨) ઉક્ત ઉદ્યોગોને કયા દરે કેટલી સરકારી જમીન લીઝ ઉપર ફાળવવામાં આવી છે, અને

(૩) તે અન્વયે ઉદ્યોગવાર છેલ્લા બે વર્ષમાં ભાડા પેટે કેટલી રકમ વસૂલ કરી અને કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **મીઠા ઉદ્યોગ આવેલ હોય તે ગામના નામો** |
|---|---|
| રાજુલા | વિસળીયા, દાંતરડી, પટવા, ચાંચ, કથીવદર, સમઢીયાળા-૧, ખેરા, પીપાવાવ, ભેરાઇ, નિંગાળા-૧ |
| જાફરાબાદ | મીતીયાળા, વાંઢ, કડીયાળી, વઢેરા, જાફરાબાદ, ધારાબંદર |

(૨) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇ અનુસાર પટ્ટેદાર નાના અગરીયાના કિસ્સામાં (૧૦ એકર જમીન) વાર્ષિક પ્રતિ હેક્ટરે રૂ.૩૦૦/- તથા દર ત્રણ વર્ષે ૬% ભાડા વધારો (એટલે કે તા.૧૮-૧૦-૨૦૧૭ થી પ્રતિ હેક્ટર રૂ.૩૧૮/-) તેમજ તે સિવાયના મોટા એકમોના કિસ્સામાં વાર્ષિક પ્રતિ હેક્ટરે રૂ.૩૦૦/- તથા દર ત્રણ વર્ષે ૧૫% ભાડા વધારો (એટલે કે તા.૧૮-૧૦-૨૦૧૭ થી પ્રતિ હેક્ટર રૂ.૩૪૫/-) અથવા રૂ.૩૪૫/- પ્રતિ હેક્ટરથી વધુના સ્લેબમાં હોય તો તે મુજબ જમીનનું ભાડુ વસૂલવાની શરતે કુલ હે.આરે.૫૩૮૫-૫૩-૦૩ ચો.મી. જમીન લીઝથી ફાળવવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ પૂર્ણ થયેલ છેલ્લા બે મહેસૂલી વર્ષનું તમામ એકમો/પટ્ટેદારોએ ભાડુ ભરપાઇ કરેલ છે જેની વિગત *પત્રક-૧ મુજબ છે.

તા. ૨૮મી માર્ચ ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લેન્ડ કમિટીની બેઠકો**

૪૫૨૮૫ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાવાર સરકારી પડતર જમીન ખેતી માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ખેત વિહોણા ખેત મજૂરોને જમીન ફાળવવા કેટલી લેન્ડ કમિટીની બેઠકો મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વ્યક્તિઓને કેટલી જમીન ઉક્ત જિલ્લાવાર ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિ સુધીમાં કેટલા વ્યક્તિઓને જમીનના કબજા આપવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ આ હેતુ માટે કોઇ લેન્ડ કમિટી મળી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**આપત્તિ વ્યવસ્થાપન પ્રભાગ માટે રકમની બજેટમાં જોગવાઇ**

૪૫૨૫૨ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આપત્તિ વ્યવસ્થાપન પ્રભાગ માટે નાણાકીય વર્ષ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**જવાબ**

(૧)

| નાણાકીય વર્ષ | બજેટ જોગવાઇ |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૭૦૨૬.૦૨ લાખ |
| ૨૦૨૦-૨૧ | ૨૫૭૨૦.૪૦ લાખ |

(૨)

| નાણાકીય વર્ષ | ફાળવણી |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૭૦૨૬.૦૨ લાખ |
| ૨૦૨૦-૨૧ | ૨૫૬૯૫.૪૦ લાખ |

(૩)

| નાણાકીય વર્ષ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ | કારણો |
|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૬૯૫૦.૦૨ લાખ | ૭૬ લાખ | આપદામિત્ર તાલીમાર્થીઓની સંખ્યા ઓછી હોવાથી |
| ૨૦૨૦-૨૧ | ૨૫૬૯૫.૪૦ લાખ | શૂન્ય | - |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના**

૪૪૨૪૭**શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષવાર કેટલી અરજીઓ મળી, અને

(૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લો | વર્ષ૨૦૨૦ | વર્ષ૨૦૨૧ |
|---|---|---|
| બનાસકાંઠા | ૪૧૮૦ | ૭૬૩ |

(૨)

| જિલ્લો | તે પૈકી મંજૂર કરેલ અરજીઓ | |
|---|---|---|
| | વર્ષ૨૦૨૦ | વર્ષ૨૦૨૧ |

- - - - - - - - -

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં ખેડૂતોના આપઘાતના કિસ્સાઓ**

૪૫૯૩૯ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ પાક નિષ્ફળ જવાથી તથા કૃષિ ઉત્પાદનોના પોષણક્ષમ ભાવો નહીં મળવાથી ખેડૂતોના આપઘાત અને અપમૃત્યુના કિસ્સાઓ વધી રહ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં આવા કેટલા કિસ્સાઓ નોંધાયા, અને

(૩) આવા બનાવો રોકવા સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં કૃષિ પાક નિષ્ફળ જવાથી તથા કૃષિ ઉત્પાદનોના પોષણક્ષમ ભાવો નહીં મળવાથી ખેડૂતોના આપઘાત અને અપમૃત્યુનો એક પણ કિસ્સો નોંધાયેલ નથી. જેથી વધવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) શૂન્ય (૦)

(૩) આવા બનાવો રોકવા છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા અમરેલી અને ભાવનગર જિલ્લામાં કુદરતી આપત્તિથી થયેલ પાક નુકસાની માટે કૃષિ સહાય પેકેજ હેઠળ ૫,૯૫,૮૧૨ અસરગ્રસ્ત ખેડૂતોને રૂ.૮૬૦.૧૮ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે તેમજ કૃષિ પેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ટેકાના ભાવે ૩૬,૦૦૪ ખેડૂતો પાસેથી રૂ.૨૮૦.૩૯ કરોડની કૃષિ જણસની ખરીદી કરેલ છે.

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં બકરા એકમના લાભાર્થી**

૪૪૨૭૫**શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં બકરા એકમ (૧૦+૧) યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૨૨ લાભાર્થીઓ.

(૨) રૂ. ૯૯,૯૦,૦૦૦/-

- - - - - - - - -

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવા બાબત**

૪૫૩૪૯**શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં લઘુતમ ગૌચર કરતા ઓછું ગૌચર છે અને કેટલા ગામોમાં શૂન્ય ગૌચર છે,

| ૭ | આર.એન.મહેશ્વરી, જખૌ તા.નલિયા, જિ.કચ્છ તા.૧૩-૦૭-૨૦૨૦. | કચ્છ જિલ્લાના નલિયા તાલુકામાં જખૌ ગ્રામ પંચાયતમાં નરેગા અંતર્ગત થયેલ કામગીરી બાબત. | આપેલ ફરિયાદનો વિષય સમાન હોઈ પત્ર ક્રમાંકઃ Ref.drda/mgnrega/pgportal/2020-21/2614, તા.૩૦/૦૭/૨૦૨૦ થી અધિક કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ કચેરીને જવાબ મોકલી આપવામાં આવેલ છે. |
| ૮ | આર.એન.મહેશ્વરી, જખૌ તા.નલિયા, જિ.કચ્છ તા.૧૩-૦૭-૨૦૨૦ | નલિયા તાલુકામાં જખૌ ગામમાં નરેગા યોજનામાં થયેલા ભ્રષ્ટાચારનો આજદિન સુધી ઉકેલ ન આવવા બાબત. | આપેલ ફરિયાદનો વિષય સમાન હોઈ પત્ર ક્રમાંકઃ Ref.drda/mgnrega/pgportal/2020-21/2614, તા.૩૦/૦૭/૨૦૨૦ થી અધિક કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ કચેરીને જવાબ મોકલી આપવામાં આવેલ છે. |
| ૯ | દિલીપસિંહ પતુભા જાડેજા તા.૧૩-૦૭-૨૦૨૦ | કચ્છ જિલ્લાના નલિયા તાલુકામાં જખૌ ગ્રામ પંચાયતમાં નરેગા અંતર્ગત થયેલ કામગીરી બાબત. | આપેલ ફરિયાદનો વિષય સમાન હોઈ પત્ર ક્રમાંકઃ Ref.drda/mgnrega/pgportal/2020-21/2614, તા.૩૦/૦૭/૨૦૨૦ થી અધિક કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ કચેરીને જવાબ મોકલી આપવામાં આવેલ છે. |
| ૧૦ | વિશાલ ગોર, રમેશ મહેશ્વરી તા.૦૪-૧૨-૨૦૧૯ | કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં જખૌ ગ્રામ પંચાયતમાં મનરેગા અંતર્ગત થયેલ કૌભાંડ બાબતે કોઈ પણ પ્રગતિ ન થવા બાબત. | આપેલ ફરિયાદનો વિષય સમાન હોઈ પત્ર ક્રમાંકઃ Ref.drda/mgnrega/pgportal/2020-21/2614, તા.૩૦/૦૭/૨૦૨૦ થી અધિક કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ કચેરીને જવાબ મોકલી આપવામાં આવેલ છે. |
| ૧૧ | ગરવા હાજાભાઈ જીવાભાઈ તા.૦૭-૦૨-૨૦૧૯ | કર્મચારીઓના અપૂરતા ધ્યાનથી શ્રમિકોને સ્વરોજગારી મેળવવામાં હાલાકી બાબત. | આપેલ ફરિયાદનો જવાબ પત્ર ક્રમાંક નં.ગવઅ/મનરેગા/તપાસઅહેવાલ/૨૦૨૦-૨૧/૩૩૮૩, તા.૧૪/૦૯/૨૦૨૦ થી કરવામાં આવેલ છે. |
| ૧૨ | જતીનકુમાર લાલકા તા.૧૩-૦૭-૨૦૨૦ | કેવિએટ દાખલ કરવા બાબત. | આપેલ ફરિયાદનો જવાબ અધિક કમિશ્નરશ્રી ગ્રામ વિકાસ કચેરીને તા.૩૦/૦૭/૨૦૨૦ ના પત્રથી મોકલી આપવામાં આવેલ છે. |
| ૧૩ | ગરવા હાજાભાઈ જીવાભાઈ તા.૦૭-૦૨-૨૦૧૯ | મનરેગા શાખામાં કરજ બજાવતા કર્મચારીના અપૂરતા ધ્યાનથી શ્રમિકને સ્વરોજગારી મેળવવામાં હાલાકી બાબત. | આપેલ ફરિયાદનો જવાબ પત્ર ક્રમાંક નં.ગવઅ/મનરેગા/તપાસઅહેવાલ/૨૦૨૦-૨૧/૩૩૮૩, તા.૧૪/૦૯/૨૦૨૦ થી કરવામાં આવેલ છે. |

--------

**રાજ્યમાં કિન્નરો માટે "ગરીમા ગૃહ" યોજના**

અતારાંકિતઃ ૧૧૨૭૨ (૨૪-૦૧-૨૦૨૨) **શ્રી ગ્યાસુદ્દીન શેખ**(દરિયાપુર): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૧૧/૨૦૨૧ની સ્થિતિએ કેન્દ્ર સરકારના પાયલોટ પ્રોજેકટ અન્વયે રાજ્યમાં કિન્નરો (ટ્રાંસજેન્ડર્સ) માટે “ગરીમા ગૃહ" શેલ્ટર હોમ બનાવવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત યોજના હેઠળ કઇ જગ્યાએ અને કેટલા “ગરીમા ગૃહ" બનાવવામાં આવ્યા છે, અને

(૩) ઉકત બાકી રહેલ “ગરીમા ગૃહ” કઇ જગ્યાએ ક્યારે બનાવવાનું આયોજન છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :** (૨૪-૦૨-૨૦૨૨)

(૧) હા.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા કોમ્યુનીટી બેઇઝ ઓર્ગેનાઇઝેશન (C B O) લક્ષ્ય ટ્રસ્ટ, વડોદરાની અમલીકરણ સંસ્થા તરીકે પસંદગી કરી ૦૧ (એક) "ગરીમા ગૃહ" વડોદરા ખાતે બનાવવામાં આવ્યું છે.

(૩) અન્ય કોઇ "ગરીમા ગૃહ" બનાવવાનું બાકી નથી.

- - - - - - - -

**રાજ્યમાં વાહનોને સ્ક્રેપ કરવા બાબત**

અતારાંકિતઃ ૧૦૭૩૧ (૧૭-૧૨-૨૦૨૧) **શ્રી અંબરીશ ડેર** (રાજુલા): **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા.૨૦/૮/૨૦૨૧ની સ્થિતિએ ૧૫ વર્ષથી વધુ સમયના (જૂના) હોઇ તેવા મોટરકાર વાહનોને સ્ક્રેપ કરવાનું નકકી કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ૧૫ વર્ષ કરતા વધુ સમય જૂના કેટલા મોટરકાર વાહનો નોંધાયેલ છે,

(૩) ઉકત વાહનોને ક્યાં સુધીમાં કયા સ્થળે સ્ક્રેપ કરવામાં આવનાર છે,

(૪) ઉકત સ્ક્રેપ કરવાની કામગીરી કોનેં સોપવામાં આવેલ છે, અને

(૫) ઉકત મોટરકાર વાહનો સ્ક્રેપ કરવાથી શા ફાયદા થવાના છે ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :** (૦૪-૦૩-૨૦૨૨)

(૧) ના.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**રાજ્યમાં પ્રાણીના ટ્રાન્સપોર્ટેશન કરતા વાહનો**

અતારાંકિતઃ ૧૦૯૧૭ (૨૩-૧૨-૨૦૨૧) **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા): **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૧૦/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પ્રાણીના ટ્રાન્સપોર્ટેશન કરતા કેટલા વાહનો "સ્પેશ્યલ લાયસન્સ" ધરાવે છે,

(૨) સ્પે.લાયસન્સ ધરાવતા કેટલા વાહનોમાં સેન્ટ્રલ મોટર વ્હીકલ (એમેન્ડમેન્ટ) એક્ટ ૨૦૧૫ અનુસાર કાયમી પાર્ટીશન વાસ્તવિક રીતે મૂકાયા છે કે કેમ, અને

(૩) કાયમી પાર્ટીશન ન ધરાવતા વાહનોના સ્પે . લાયસન્સ રદ કરવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :** (૦૪-૦૨-૨૦૨૨)

(૧) તા.૩૧/૧૦/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પ્રાણીના ટ્રાન્સપોર્ટેશન કરતા ૬૩ વાહનો "સ્પેશ્યલ લાયસન્સ" ધરાવે છે. જિલ્લાવાર પત્રક આ સાથે સામેલ છે.

(૨) હા.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્ન અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૦૭૩૮ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૨ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૭૯૭૭, ૭૯૮૧, ૭૯૮૫, ૭૯૯૧, ૮૦૨૪, ૮૦૨૯, ૮૦૩૭, ૮૦૩૯, ૮૦૪૦, ૮૦૫૯, ૮૦૬૧, ૯૭૩૮, ૯૯૧૯, ૧૦૪૩૭, ૧૦૫૨૯ | ૧૫ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૧૧૨૬૮, ૧૧૨૮૩, ૧૧૨૮૬, ૧૧૨૮૮, ૧૧૩૦૨, ૧૧૩૦૫, ૧૧૩૨૭, ૧૧૩૪૧, ૧૧૩૫૩, ૧૧૩૬૧, ૧૧૩૬૪ | ૧૧ |
| ૪ | નાણા વિભાગ | ૧૧૩૫૫ | ૧ |
| ૫ | અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૧૨૫૬, ૧૧૨૬૩, ૧૧૨૯૦, ૧૧૩૦૬, ૧૧૩૨૯, ૧૧૩૩૫, ૧૧૩૪૪, ૧૧૩૫૦, ૧૧૩૫૭, ૧૧૩૬૩, ૧૧૩૭૦ | ૧૧ |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૦૭૫૮ | ૧ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૦૮૧૮, ૧૦૯૭૬, ૧૧૦૧૪ | ૩ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૧૦૩૩ | ૧ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ | ૧૧૨૯૬ | ૧ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૮૯૯૭, ૯૦૦૩ | ૨ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૧૨૭૨ | ૧ |
| ૧૨ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૧૦૭૩૧, ૧૦૯૧૭ | ૨ |
| | | **કુલ** | **૫૦** |

- - - - - - - -

**બારમી અતારાંકિત યાદી**

**ખેડા-આણંદ જિલ્લામાં આયોજન પંચ હેઠળ ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંકિતઃ ૧૦૬૧૬ (૦૩-૦૧-૨૦૨૨) **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા-આણંદ જિલ્લામાં તાલુકાવાર આયોજન મંડળની હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ વાપરવાની બાકી છે, અને

(૩) બાકી રહેવાનાં મુખ્ય કારણો શાં છે ?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન) **:** (૧૭-૦૨-૨૦૨૨)

(૧) અને (૨) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા-આણંદ જિલ્લામાં તાલુકાવાર આયોજન મંડળની હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને વણવપરાયેલ રહેલ ગ્રાન્ટની ખેડા જિલ્લાની વિગતો **પત્રક-અ** અને આણંદ જિલ્લાની વિગતો **પત્રક-બ** મુજબ છે.

(૩) ખેડા જિલ્લામાં મંજૂર કરેલ કામોની સામે તાંત્રિક અંદાજની રકમ ઓછી આવવાથી / રદ થવાનાં કારણે અને આણંદ જિલ્લામાં તાલુકા કક્ષાએથી પૂરતા પ્રમાણમાં તાંત્રિક અંદાજો ન મળવાથી વહીવટી મંજૂરી ૧૦૦% પૂર્ણ થયેલ નથી તેથી સદર ગ્રાંટ બાકી રહેલ છે.

**પત્રક-અ**

**જિલ્લો :- ખેડા**

| **વર્ષ ૨૦૧૮-૧૯** | | **(રૂ. લાખમાં)** | **(તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ)** |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **જિલ્લા આયોજન મંડળ તરફથી ફાળવવામાં આવેલ ગ્રાંટની રકમ (રકમ રૂ.લાખમાં)** | **બાકી રહેલ ગ્રાંટની રકમ (રકમ રૂ.લાખમાં)** |

| | | | |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૯૨.૧૯ | ૦.૨૬ |
| ૨ | મહેમદાવાદ | ૧૨૨.૫૦ | ૪.૨૯ |
| ૩ | મહુધા | ૯૭.૪૫ | ૩.૩૦ |
| ૪ | કઠલાલ | ૧૨૧.૦૬ | ૦.૦૨ |
| ૫ | કપડવંજ | ૧૪૭.૫૦ | ૫.૦૦ |
| ૬ | ઠાસરા | ૧૨૨.૪૩ | ૨.૦૬ |
| ૭ | ગળતેશ્વર | ૯૭.૪૯ | ૧.૬૪ |
| ૮ | નડિયાદ | ૯૨.૪૭ | ૦.૩૮ |
| ૯ | માતર | ૮૮.૫૦ | ૮.૧૨ |
| ૧૦ | વસો | ૯૭.૩૨ | ૩.૮૨ |
| | **કુલ :** | **૧૦૭૮.૯૧** | **૨૮.૮૯** |

**વર્ષ ૨૦૧૯-૨૦ (રૂ. લાખમાં) (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ)**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **જિલ્લા આયોજન મંડળ તરફથી ફાળવવામાં આવેલ ગ્રાંટની રકમ (રકમ રૂ.લાખમાં)** | **બાકી રહેલ ગ્રાંટની રકમ (રકમ રૂ.લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૯૨.૫૦ | ૨.૦૦ |
| ૨ | મહેમદાવાદ | ૧૨૧.૯૦ | ૬.૫૪ |
| ૩ | મહુધા | ૯૭.૦૦ | ૮.૧૦ |
| ૪ | કઠલાલ | ૧૨૨.૫૦ | ૨.૭૩ |
| ૫ | કપડવંજ | ૧૪૬.૭૫ | ૩.૩૧ |
| ૬ | ઠાસરા | ૧૨૨.૫૦ | ૦.૫૦ |
| ૭ | ગળતેશ્વર | ૯૭.૧૪ | ૦.૪૦ |
| ૮ | નડિયાદ | ૯૨.૪૦ | ૦.૦૦ |
| ૯ | માતર | ૮૮.૫૦ | ૬.૮૨ |
| ૧૦ | વસો | ૯૭.૫૦ | ૫.૬૬ |
| | **કુલ :** | **૧૦૭૮.૬૯** | **૩૬.૦૬** |

**વર્ષ ૨૦૨૦-૨૧ (રૂ. લાખમાં) (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ)**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **જિલ્લા આયોજન મંડળ તરફથી ફાળવવામાં આવેલ ગ્રાંટની રકમ (રકમ રૂ.લાખમાં)** | **બાકી રહેલ ગ્રાંટની રકમ (રકમ રૂ.લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૯૨.૫૦ | ૧૬.૩૬ |
| ૨ | મહેમદાવાદ | ૧૨૨.૫૦ | ૨૧.૨૭ |
| ૩ | મહુધા | ૯૭.૧૫ | ૨૩.૫૩ |
| ૪ | કઠલાલ | ૧૨૧.૭૫ | ૪.૦૯ |
| ૫ | કપડવંજ | ૧૪૭.૪૦ | ૨૧.૩૧ |
| ૬ | ઠાસરા | ૧૨૨.૫૦ | ૦.૧૫ |
| ૭ | ગળતેશ્વર | ૯૭.૧૦ | ૦.૦૪ |
| ૮ | નડિયાદ | ૯૨.૩૫ | ૦.૦૦ |
| ૯ | માતર | ૮૭.૫૫ | ૨૩.૩૦ |
| ૧૦ | વસો | ૯૬.૬૧ | ૧૪.૨૯ |
| | **કુલ :** | **૧૦૭૭.૪૧** | **૧૨૪.૩૪** |

તા. ૨૮મી માર્ચ ૨૦૨૫
અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

**પત્રક-બ**

**જિલ્લો :- આણંદ**

| **વર્ષ ૨૦૧૮-૧૯ (રૂ. લાખમાં) (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ)** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **જિલ્લા આયોજન મંડળ તરફથી ફાળવવામાં આવેલ ગ્રાંટની રકમ (રકમ રૂ.લાખમાં)** | **બાકી રહેલ ગ્રાંટની રકમ (રકમ રૂ.લાખમાં)** |
| ૧ | આણંદ | ૯૮.૭૦ | ૧.૩૦ |
| ૨ | ઉમરેઠ | ૯૩.૯૮ | ૬.૦૨ |
| ૩ | બોરસદ | ૧૧૯.૮૫ | ૫.૧૫ |
| ૪ | આંકલાવ | ૯૯.૯૭ | ૦.૦૩ |
| ૫ | પેટલાદ | ૧૧૩.૦૫ | ૧૧.૯૫ |
| ૬ | સોજીત્રા | ૯૭.૧૫ | ૨.૮૫ |
| ૭ | ખંભાત | ૧૨૧.૨૫ | ૩.૭૫ |
| ૮ | તારાપુર | ૯૯.૮૩ | ૦.૧૭ |
| | **કુલ :** | **૮૪૩.૭૮** | **૩૧.૨૨** |

| **વર્ષ ૨૦૧૯-૨૦ (રૂ. લાખમાં) (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ)** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **જિલ્લા આયોજન મંડળ તરફથી ફાળવવામાં આવેલ ગ્રાંટની રકમ (રકમ રૂ.લાખમાં)** | **બાકી રહેલ ગ્રાંટની રકમ (રકમ રૂ.લાખમાં)** |
| ૧ | આણંદ | ૯૮.૭૦ | ૧.૩૦ |
| ૨ | ઉમરેઠ | ૯૩.૯૮ | ૬.૦૨ |
| ૩ | બોરસદ | ૧૧૯.૮૫ | ૫.૧૫ |
| ૪ | આંકલાવ | ૯૯.૯૭ | ૦.૦૩ |
| ૫ | પેટલાદ | ૧૧૩.૦૫ | ૧૧.૯૫ |
| ૬ | સોજીત્રા | ૯૭.૧૫ | ૨.૮૫ |
| ૭ | ખંભાત | ૧૨૦.૯૦ | ૪.૧૦ |
| ૮ | તારાપુર | ૯૯.૮૮ | ૦.૧૨ |
| | **કુલ :** | **૮૪૩.૪૮** | **૩૧.૫૨** |

| **વર્ષ ૨૦૨૦-૨૧ (રૂ. લાખમાં) (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ)** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **જિલ્લા આયોજન મંડળ તરફથી ફાળવવામાં આવેલ ગ્રાંટની રકમ (રકમ રૂ.લાખમાં)** | **બાકી રહેલ ગ્રાંટની રકમ (રકમ રૂ.લાખમાં)** |
| ૧ | આણંદ | ૯૪.૭૯ | ૫.૨૧ |
| ૨ | ઉમરેઠ | ૮૯.૫૫ | ૧૦.૪૫ |
| ૩ | બોરસદ | ૧૧૮.૭૪ | ૬.૨૬ |
| ૪ | આંકલાવ | ૯૮.૪૪ | ૧.૫૬ |
| ૫ | પેટલાદ | ૧૧૭.૪૩ | ૭.૫૭ |

| | | | |
|---|---|---|---|
| ૬ | સોજીત્રા | ૮૯.૮૦ | ૧૦.૨૦ |
| ૭ | ખંભાત | ૧૧૦.૫૩ | ૧૪.૪૭ |
| ૮ | તારાપુર | ૯૯.૭૭ | ૦.૨૩ |
| | **કુલ :** | **૮૧૯.૦૫** | **૫૫.૯૫** |

- - - - - - - -

**ખેડા જિલ્લામાં આયોજન કામ અર્થે મળેલ દરખાસ્તો**

અતારાંકિતઃ ૧૦૬૧૯ (૦૩-૦૧-૨૦૨૨) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા કામોની દરખાસ્ત જિલ્લા આયોજન મંડળને મળી,

(૨) આ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કામોને વહીવટી મંજૂરી આપવામાં આવી હતી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યાં અને કેટલા કામો બાકી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન) **:** (૧૭-૦૨-૨૦૨૨)

(૧), (૨) અને (૩) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર જિલ્લા આયોજન મંડળને મળેલા કામોની દરખાસ્ત, આ પૈકી ઉક્ત સ્થિતિએ વહીવટી મંજૂરી આપવામાં આવેલ કામો તથા ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવેલ કામો અને બાકી રહેલ કામોની વિગતો **પત્રક-અ** મુજબ છે.

**પત્રક-અ**

**જિલ્લો :- ખેડા**

| | | | | **(તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ)** | | |
|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ** | **જિલ્લા આયોજન મંડળને મળેલ કામોની દરખાસ્તોની સંખ્યા** | **દરખાસ્તો પૈકી વહીવટી મંજૂરી આપેલ કામોની સંખ્યા** | **પૂર્ણ થયેલ કામોની સંખ્યા** | **બાકી રહેલ કામોની સંખ્યા** |
| ૧ | ખેડા | ૨૦૧૮-૧૯ | ૧૪૩ | ૧૩૯ | ૧૩૯ | ૦ |
| | | ૨૦૧૯-૨૦ | ૧૨૭ | ૧૨૭ | ૧૨૬ | ૧ |
| | | ૨૦૨૦-૨૧ | ૧૨૧ | ૧૧૮ | ૧૦૦ | ૧૮ |
| ૨ | મહેમદાવાદ | ૨૦૧૮-૧૯ | ૧૩૦ | ૧૨૯ | ૧૨૯ | ૦ |
| | | ૨૦૧૯-૨૦ | ૧૪૬ | ૧૪૧ | ૧૩૮ | ૩ |
| | | ૨૦૨૦-૨૧ | ૧૪૧ | ૧૩૦ | ૧૧૨ | ૧૮ |
| ૩ | મહુધા | ૨૦૧૮-૧૯ | ૧૦૭ | ૧૦૩ | ૧૦૩ | ૦ |
| | | ૨૦૧૯-૨૦ | ૧૧૧ | ૧૧૧ | ૧૦૭ | ૪ |
| | | ૨૦૨૦-૨૧ | ૧૨૪ | ૯૦ | ૭૪ | ૧૬ |
| ૪ | કઠલાલ | ૨૦૧૮-૧૯ | ૧૩૩ | ૧૨૩ | ૧૨૩ | ૦ |
| | | ૨૦૧૯-૨૦ | ૧૪૬ | ૧૪૬ | ૧૪૪ | ૨ |
| | | ૨૦૨૦-૨૧ | ૧૫૦ | ૧૪૩ | ૧૩૬ | ૭ |
| ૫ | કપડવંજ | ૨૦૧૮-૧૯ | ૧૭૦ | ૧૬૭ | ૧૬૩ | ૪ |
| | | ૨૦૧૯-૨૦ | ૧૯૦ | ૧૭૩ | ૧૬૯ | ૪ |
| | | ૨૦૨૦-૨૧ | ૧૬૩ | ૧૬૩ | ૧૪૨ | ૨૧ |
| ૬ | ઠાસરા | ૨૦૧૮-૧૯ | ૧૪૩ | ૧૪૩ | ૧૪૨ | ૧ |
| | | ૨૦૧૯-૨૦ | ૧૪૮ | ૧૪૩ | ૧૪૩ | ૦ |
| | | ૨૦૨૦-૨૧ | ૧૪૪ | ૧૪૨ | ૧૪૨ | ૦ |
| ૭ | ગળતેશ્વર | ૨૦૧૮-૧૯ | ૯૬ | ૯૩ | ૯૩ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૯-૨૦ | ૧૦૭ | ૧૦૭ | ૧૦૭ | ૦ |
| | | ૨૦૨૦-૨૧ | ૯૪ | ૮૪ | ૮૪ | ૦ |
| ૮ | નડિયાદ | ૨૦૧૮-૧૯ | ૧૧૯ | ૧૧૮ | ૧૧૮ | ૦ |
| | | ૨૦૧૯-૨૦ | ૧૨૦ | ૧૨૦ | ૧૨૦ | ૦ |
| | | ૨૦૨૦-૨૧ | ૧૩૭ | ૧૨૭ | ૧૧૭ | ૧૦ |
| ૯ | માતર | ૨૦૧૮-૧૯ | ૧૨૭ | ૧૨૧ | ૧૧૩ | ૮ |
| | | ૨૦૧૯-૨૦ | ૧૪૧ | ૧૩૫ | ૧૨૭ | ૮ |
| | | ૨૦૨૦-૨૧ | ૧૩૦ | ૧૨૨ | ૯૮ | ૨૪ |
| ૧૦ | વસો | ૨૦૧૮-૧૯ | ૮૦ | ૭૭ | ૭૫ | ૨ |
| | | ૨૦૧૯-૨૦ | ૯૯ | ૯૯ | ૯૫ | ૪ |
| | | ૨૦૨૦-૨૧ | ૯૧ | ૮૬ | ૭૫ | ૧૧ |
| | કુલ | **૨૦૧૮-૧૯** | **૧૨૪૮** | **૧૨૧૩** | **૧૧૯૮** | **૧૫** |
| | | **૨૦૧૯-૨૦** | **૧૩૩૫** | **૧૩૦૨** | **૧૨૭૬** | **૨૬** |
| | | **૨૦૨૦-૨૧** | **૧૨૯૫** | **૧૨૦૫** | **૧૦૮૦** | **૧૨૫** |

- - - - - - - -

**ખેડા અને આણંદ જિલ્લાના ગામોને ખાસ વિશિષ્ટ પછાત ભાલ વિસ્તાર જાહેર કરવા બાબત**

અતારાંકિતઃ ૧૦૬૨૬ (૦૩-૦૧-૨૦૨૨) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્ય સરકારે તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લાના તાલુકાવાર કયા ગામોને "ખાસ વિશિષ્ટ પછાત ભાલ વિસ્તાર" જાહેર કરેલ છે, અને

(૨) તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ ગામો માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન) **:** (૧૭-૦૨-૨૦૨૨)

(૧) રાજ્ય સરકારે તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લાના તાલુકાવાર "ખાસ વિશિષ્ટ પછાત ભાલ વિસ્તાર" જાહેર કરેલ ગામોની યાદી **પત્રક-અ** મુજબ છે.

(૨) તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ ગામોને ફાળવવામાં આવેલ ગ્રાન્ટની ખેડા જિલ્લાની વિગતો **પત્રક-બ** અને આણંદ જિલ્લાની વિગતો **પત્રક-ક** મુજબ છે.

**પત્રક-અ**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **"ખાસ વિશિષ્ટ પછાત ભાલ વિસ્તાર" જાહેર કરેલ ગામોના નામ** |
|---|---|---|---|
| ૧ | ખેડા | માતર | (૧) વિરોજા, (૨) દલોલી, (૩) હાંડેવા, (૪) વાલોત્રી, (૫) બામણગામ, (૬) ચાનોર, (૭) ઈન્દ્રવર્ણા, (૮) વસ્તાણા, (૯) સાયલા, (૧૦) નધાનપુર, (૧૧) અસામલી, (૧૨) ખરેટી. |
| ૨ | આણંદ | તારાપુર | (૧) રીઝા, (૨) નભોઈ, (૩) ખડા, (૪) મિલરામપુર, (૫) મોટા કલોદરા, (૯) જાફરગંજ, (૭) કાનવાડા, (૮) ચીતરવાડા, (૯) દુગારી, (૧૦) પચેગામ, (૧૧) ફતેપુર, (૧૨) ગાલિયાણા, (૧૩) કસ્બારા, (૧૪) ચાંગડા, (૧૫) વાંકતળાવ, (૧૬) ઈન્દ્રણજ, (૧૭) વરસડા, (૧૮) વાળદાપુર, (૧૯) વલ્લી, (૨૦) ઈસનપુર, (૨૧) રેલ, (૨૨) જીચકા, (૨૩) મહિયારી, (૨૪) ચિખલિયા, (૨૫) ટોલ, (૨૬) ઈસરવાડા, (૨૭) મોરજ, (૨૮) આદરુજ, (૨૯) માલપુર, (૩૦) અંબાલીયા, (૩૧) ગોરાડ, (૩૨) પાદરા, (૩૩) ખાખસર, (૩૪) જાફરાબાદ, (૩૫) બુધેજ, (૩૬) સાંઢ, (૩૭) ઉટવાડા. |
| | | ખંભાત | (૧) ભીમતળાવ, (૨) ગુન્ડેલ, (૩) તામસા, (૪) પાંદડા, (૫) તરકપુર, (૬) વડગામ, (૭) વૈણજ, (૮) નવાગામબારા, (૯) આખોલ, (૧૦) દહેડા, (૧૧) માલાસોની, (૧૨) મોતીપુરા, (૧૩) પાલડી, (૧૪) લૂણેજ, (૧૫) સોખડા, (૧૬) ગોલાણા, (૧૭) ખાનપુર, (૧૮) મિતલી, (૧૯) રોહણી (૨૦) હસનપુરા. |

અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)ના તા.૧૯-૦૮-૧૯૮૮ના ઠરાવ ક્રમાંક : વજઅ-૧૯૮૭-૧૧૨૭-ચથી ખાસ ભાલ પછાત વિસ્તારમાં ખેડા જિલ્લામાં તત્કાલિન ખંભાત તાલુકાનાં કુલ ૫૭ ગામો નક્કી કરવામાં આવેલ હતા. ત્યારબાદ વર્ષ ૧૯૯૭માં ખેડા જિલ્લામાંથી આણંદ જિલ્લો અલગ પડવાથી તત્કાલિન ખંભાત તાલુકામાંથી તારાપુર તાલુકાની રચના કરવામાં આવેલ હતી અને માતર તાલુકાનો સમાવેશ આણંદ જિલ્લામાં કરવામાં આવેલ હતો. સરકારશ્રી દ્વારા છેલ્લાં ત્રણ વર્ષમાં નવા સુધારા રજૂ કરેલ નથી.

**પત્રક-બ**

**જિલ્લો :- ખેડા**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | જિલ્લા આયોજન મંડળ તરફથી ફાળવવામાં આવેલ ગ્રાંટની રકમ રૂ. લાખમાં (તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ) | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ ૨૦૧૮-૧૯ | વર્ષ ૨૦૧૯-૨૦ | વર્ષ ૨૦૨૦-૨૧ |
| ૧ | માતર | વિરોજા | ૦.૦૦ | ૧.૩૦ | ૧.૪૦ |
| ૨ | | દલોલી | ૧.૦૦ | ૦.૩૦ | ૦.૨૫ |
| ૩ | | હાંડેવા | ૧.૨૫ | ૨.૩૦ | ૦.૦૦ |
| ૪ | | વાલોત્રી | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૫૦ |
| ૫ | | બામણગામ | ૧.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ |
| ૬ | | ચાનોર | ૦.૫૦ | ૧.૦૦ | ૧.૦૦ |
| ૭ | | ઈન્દ્રવર્ણા | ૧.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ |
| ૮ | | વસ્તાણા | ૦.૦૦ | ૦.૯૦ | ૦.૭૫ |
| ૯ | | સાયલા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | | નઘાનપુર | ૧.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૧ | | અસામલી | ૧.૦૦ | ૦.૦૦ | ૩.૬૦ |
| ૧૨ | | ખરેંટી | ૨.૨૫ | ૧.૨૦ | ૦.૫૦ |
| | | **કુલ** | **૯.૦૦** | **૯.૦૦** | **૯.૦૦** |

**પત્રક-ક**

**જિલ્લો :- આણંદ**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | જિલ્લા આયોજન મંડળ તરફથી ફાળવવામાં આવેલ ગ્રાન્ટની રકમ રૂ. લાખમાં (તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ) | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ ૨૦૧૮-૧૯ | વર્ષ ૨૦૧૯-૨૦ | વર્ષ ૨૦૨૦-૨૧ |
| ૧ | તારાપુર | રીઝા | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૫૦ |
| ૨ | | નભોઈ | ૦.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ |
| ૩ | | ખડા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | | મિલરામપુર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | | મોટા કલોદરા | ૧.૦૦ | ૦.૭૨ | ૦.૦૦ |
| ૬ | | જાફરગંજ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૫૦ |
| ૭ | | કાનવાડા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૮ | | ચીતરવાડા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | | દુગારી | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | | પચેગામ | ૦.૦૦ | ૨.૦૦ | ૦.૦૦ |
| ૧૧ | | ફતેપુર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૨ | | ગાલિયાણા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૩ | | કસ્બારા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | | ચાંગડા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૫ | | વાંકતળાવ | ૦.૦૦ | ૦.૫૦ | ૦.૦૦ |
| ૧૬ | | ઈન્દ્રણજ | ૦.૫૦ | ૦.૫૦ | ૦.૫૦ |

તા. ૨૮મી માર્ચ ૨૦૨૫

અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | જિલ્લા આયોજન મંડળ તરફથી ફાળવવામાં આવેલ ગ્રાન્ટની રકમ રૂ. લાખમાં (તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ) | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ ૨૦૧૮-૧૯ | વર્ષ ૨૦૧૯-૨૦ | વર્ષ ૨૦૨૦-૨૧ |
| ૧૭ | | વરસડા | ૨.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | | વાળદાપુર | ૦.૦૦ | ૫.૭૮ | ૦.૭૫ |
| ૧૯ | | વલ્લી | ૧.૫૦ | ૦.૦૦ | ૨.૦૦ |
| ૨૦ | | ઈસનપુર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૫૦ |
| ૨૧ | | રેલ | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૨ | | જીચકા | ૦.૫૦ | ૧.૦૦ | ૦.૦૦ |
| ૨૩ | | મહિયારી | ૨.૦૦ | ૦.૫૦ | ૩.૨૫ |
| ૨૪ | | ચિખલિયા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૫ | | ટોલ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૬ | | ઈસરવાડા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૭ | | મોરજ | ૨.૨૫ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૮ | | આદરુજ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૯ | | માલપુર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૦ | | અંબાલીચા | ૨.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ |
| ૩૧ | | ગોરાડ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૦ |
| ૩૨ | | પાદરા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૩ | | ખાખસર | ૦.૦૦ | ૧.૦૦ | ૪.૦૦ |
| ૩૪ | | જાફરાબાદ | ૨.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ |
| ૩૫ | | બુધેજ | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૬ | | સાંઢ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૭ | | ઉટવાડા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૮ | ખંભાત | ભીમતળાવ | ૧.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ |
| ૩૯ | | ગુન્ડેલ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪૦ | | તામસા | ૦.૮૦ | ૧.૫૦ | ૦.૫૦ |
| ૪૧ | | પાંદડા | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪૨ | | તરકપુર | ૧.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪૩ | | વડગામ | ૨.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪૪ | | વૈણજ | ૧.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪૫ | | નવાગામબારા | ૦.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ |
| ૪૬ | | આખોલ | ૦.૭૦ | ૧.૦૦ | ૦.૦૦ |
| ૪૭ | | દહેડા | ૧.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪૮ | | માલાસોની | ૦.૦૦ | ૦.૭૫ | ૦.૦૦ |
| ૪૯ | | મોતીપુરા | ૦.૫૦ | ૧.૭૫ | ૦.૦૦ |
| ૫૦ | | પાલડી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૫૧ | | લૂણેજ | ૦.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ |
| ૫૨ | | સોખડા | ૦.૦૦ | ૦.૫૦ | ૧.૦૦ |
| ૫૩ | | ગોલાણા | ૧.૫૦ | ૧.૫૦ | ૦.૦૦ |
| ૫૪ | | ખાનપુર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૫૫ | | મિતલી | ૦.૦૦ | ૧.૦૦ | ૪.૦૦ |
| ૫૬ | | રોહણી | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૦ |
| ૫૭ | | હસનપુરા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | | **કુલ** | **૨૫.૭૫** | **૨૬.૦૦** | **૨૨.૫૦** |

\- - - - - - - -

**ખેડા જિલ્લામાં ખાસ વિશિષ્ટ પછાત ભાલ વિસ્તારને ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંકિતઃ ૧૦૬૨૭ (૦૩-૦૧-૨૦૨૨) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર આયોજન મંડળની ૧૫ ટકા ''વિવેકાધીન'' અને ''ખાસ પછાત ભાલ વિસ્તાર'' હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ વાપરવાની બાકી રહી,

(૩) ગ્રાન્ટ વાપરવા અંગે ભ્રષ્ટાચારની કેટલી ફરિયાદો મળી, અને

(૪) ફરિયાદ સામે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન) **:** (૧૭-૦૨-૨૦૨૨)

(૧) અને (૨) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર આયોજન મંડળની ૧૫ ટકા ''વિવેકાધીન'' અને ''ખાસ પછાત ભાલ વિસ્તાર'' હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ તથા વાપરવાની બાકી રહેલ ગ્રાન્ટની વિગતો પત્રક-અ મુજબ છે.

(૩) શૂન્ય.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

**જિલ્લોઃ ખેડા** **(તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ)**

| | | | **૧૫% વિવેકાધીન** | | **ખાસ પછાત ભાલ વિસ્તાર** | |
|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં)** | **બાકી રહેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં)** | **ફાળવેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં)** | **બાકી રહેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં)** |
| ૧ | ખેડા | ૨૦૧૮-૧૯ | ૯૨.૧૯ | ૦.૨૬ | - | - |
| | | ૨૦૧૯-૨૦ | ૯૨.૫૦ | ૨.૦૦ | - | - |
| | | ૨૦૨૦-૨૧ | ૯૨.૫૦ | ૧૬.૩૬ | - | - |
| ૨ | મહેમદાવાદ | ૨૦૧૮-૧૯ | ૧૨૨.૫૦ | ૪.૨૯ | - | - |
| | | ૨૦૧૯-૨૦ | ૧૨૧.૯૦ | ૬.૫૪ | - | - |
| | | ૨૦૨૦-૨૧ | ૧૨૨.૫૦ | ૨૧.૨૭ | - | - |
| ૩ | મહુધા | ૨૦૧૮-૧૯ | ૯૭.૪૫ | ૩.૩૦ | - | - |
| | | ૨૦૧૯-૨૦ | ૯૭.૦૦ | ૮.૧૦ | - | - |
| | | ૨૦૨૦-૨૧ | ૯૭.૧૫ | ૨૩.૫૩ | - | - |
| ૪ | કઠલાલ | ૨૦૧૮-૧૯ | ૧૨૧.૦૬ | ૦.૦૨ | - | - |
| | | ૨૦૧૯-૨૦ | ૧૨૨.૫૦ | ૨.૭૩ | - | - |
| | | ૨૦૨૦-૨૧ | ૧૨૧.૭૫ | ૪.૦૯ | - | - |
| ૫ | કપડવંજ | ૨૦૧૮-૧૯ | ૧૪૭.૫૦ | ૫.૦૦ | - | - |
| | | ૨૦૧૯-૨૦ | ૧૪૬.૭૫ | ૩.૩૧ | - | - |
| | | ૨૦૨૦-૨૧ | ૧૪૭.૪૦ | ૨૧.૩૧ | - | - |
| ૬ | ઠાસરા | ૨૦૧૮-૧૯ | ૧૨૨.૪૩ | ૨.૦૬ | - | - |
| | | ૨૦૧૯-૨૦ | ૧૨૨.૫૦ | ૦.૫૦ | - | - |
| | | ૨૦૨૦-૨૧ | ૧૨૨.૫૦ | ૦.૧૫ | - | - |
| ૭ | ગળતેશ્વર | ૨૦૧૮-૧૯ | ૯૭.૪૯ | ૧.૬૪ | - | - |
| | | ૨૦૧૯-૨૦ | ૯૭.૧૪ | ૦.૪૦ | - | - |
| | | ૨૦૨૦-૨૧ | ૯૭.૧૦ | ૦.૦૪ | - | - |
| ૮ | નડિયાદ | ૨૦૧૮-૧૯ | ૯૨.૪૭ | ૦.૩૮ | - | - |

| | | | ૧૫% વિવેકાધીન | | ખાસ પછાત ભાલ વિસ્તાર | |
|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં)** | **બાકી રહેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં)** | **ફાળવેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં)** | **બાકી રહેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં)** |
| | | ૨૦૧૯-૨૦ | ૯૨.૪૦ | ૦.૦૦ | - | - |
| | | ૨૦૨૦-૨૧ | ૯૨.૩૫ | ૦.૦૦ | - | - |
| ૯ | માતર | ૨૦૧૮-૧૯ | ૮૮.૫૦ | ૮.૧૨ | ૯.૦૦ | ૦.૨૮ |
| | | ૨૦૧૯-૨૦ | ૮૮.૫૦ | ૬.૮૨ | ૯.૦૦ | ૦.૨૨ |
| | | ૨૦૨૦-૨૧ | ૮૭.૫૫ | ૨૩.૩૦ | ૯.૦૦ | ૩.૧૦ |
| ૧૦ | વસો | ૨૦૧૮-૧૯ | ૯૭.૩૨ | ૩.૮૨ | - | - |
| | | ૨૦૧૯-૨૦ | ૯૭.૫૦ | ૫.૬૬ | - | - |
| | | ૨૦૨૦-૨૧ | ૯૬.૬૧ | ૧૪.૨૯ | - | - |
| | | **૨૦૧૮-૧૯** | **૧૦૭૮.૯૧** | **૨૮.૮૯** | **૯.૦૦** | **૦.૨૮** |
| | **કુલ** | **૨૦૧૯-૨૦** | **૧૦૭૮.૬૯** | **૩૬.૦૬** | **૯.૦૦** | **૦.૨૨** |
| | | **૨૦૨૦-૨૧** | **૧૦૭૭.૪૧** | **૧૨૪.૩૪** | **૯.૦૦** | **૩.૧૦** |

- - - - - - - -

**ખેડા જિલ્લામાં આયોજન મંડળ દ્વારા ફાળવેલ વિવેકાધીન ગ્રાન્ટ**

અતારાંકિતઃ ૧૦૬૬૦ (૦૩-૦૧-૨૦૨૨) **શ્રી પ્રવિણભાઇ મુસડીયા** (કાલાવડ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લાના માતર, ખેડા, વસો તાલુકામાં આયોજન મંડળ હસ્તકની ૧૫ ટકા વિવેકાધીન ગ્રાન્ટ હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી ગ્રાન્ટ વાપરવાની બાકી રહી, અને

(૩) આ ગ્રાન્ટ ન વાપરવાનાં કારણો શા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન) **:** (૧૭-૦૨-૨૦૨૨)

(૧) અને (૨)ની તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લાના માતર, ખેડા, વસો તાલુકામાં આયોજન મંડળ હસ્તકની ૧૫ ટકા વિવેકાધીન ગ્રાન્ટ હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ, ઉક્ત સ્થિતિએ તે પૈકી વાપરવાની બાકી રહેલ ગ્રાન્ટની વિગતો પત્રક-અ મુજબ છે.

(૩) મંજૂર કરેલ કામોની સામે તાંત્રિક અંદાજની રકમ ઓછી આવવાનાં કારણે તથા કામો પ્રગતિ હેઠળ/રદ થવાના કારણે ગ્રાન્ટ વાપરવાની બાકી રહેલ છે.

**પત્રક-અ**

**(તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ)**

| | | | ૧૫% વિવેકાધીન | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં)** | **ઉક્ત સ્થિતિએ બાકી રહેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં)** |
| ૧ | માતર | ૨૦૧૮-૧૯ | ૮૮.૫૦ | ૮.૧૨ |
| | | ૨૦૧૯-૨૦ | ૮૮.૫૦ | ૬.૮૨ |

| | | | ૧૫% વિવેકાધીન | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં)** | **ઉક્ત સ્થિતિએ બાકી રહેલ ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં)** |
| | | ૨૦૨૦-૨૧ | ૮૭.૫૫ | ૨૩.૩૦ |
| ૨ | ખેડા | ૨૦૧૮-૧૯ | ૯૨.૧૯ | ૦.૨૬ |
| | | ૨૦૧૯-૨૦ | ૯૨.૫૦ | ૨.૦૦ |
| | | ૨૦૨૦-૨૧ | ૯૨.૫૦ | ૧૬.૩૬ |
| ૩ | વસો | ૨૦૧૮-૧૯ | ૯૭.૩૨ | ૩.૮૨ |
| | | ૨૦૧૯-૨૦ | ૯૭.૫૦ | ૫.૬૬ |
| | | ૨૦૨૦-૨૧ | ૯૬.૬૧ | ૧૪.૨૯ |
| | | **૨૦૧૮-૧૯** | **૨૭૮.૦૧** | **૧૨.૨૦** |
| | **કુલ** | **૨૦૧૯-૨૦** | **૨૭૮.૫૦** | **૧૪.૪૮** |
| | | **૨૦૨૦-૨૧** | **૨૭૬.૬૬** | **૫૩.૯૫** |

- - - - - - - -

**ધારાસભ્યોના પ્રોટોકોલ ન જાળવવા બદલ મળેલ ફરિયાદો**

અતારાંકિતઃ ૧૧૩૯૫ (૩૧-૦૧-૨૦૨૨) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર સરકારી ખાતા/કચેરીઓ દ્વારા ધારાસભ્યોના પ્રોટોકોલ ન જળવાતા હોય અને ભંગ થવાની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) પ્રોટોકોલ ભંગ કરનારા અધિકારીઓ સામે શા પગલાં લેવાયા, અને

(૩) પ્રોટોકોલ ભંગ ન થાય તે માટે શા પગલાં લેવાયા છે?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૧૬-૦૨-૨૦૨૨)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં નીચે મુજબ ફરિયાદો મળી.

| **વર્ષ** | **મળેલ ફરિયાદ/રજૂઆત** |
|---|---|
| ૨૦૧૯ | ૦૨ |
| ૨૦૨૦ | ૦૪ |
| ૨૦૨૧ | ૧૨ |

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૮-૧૦-૨૦૨૧ના સંકલિત પરિપત્રથી તથા તા.૨૯-૧૦-૨૦૨૧ના પરિપત્રથી રાજ્ય સરકાર તરફથી યોજવામાં આવતા સમારંભો તેમજ સરકારના વહીવટી અંકુશ હેઠળના બોર્ડ કોર્પોરેશન વગેરે તરફથી યોજવામાં આવતા કાર્યક્રમોમાં સંબંધિત મંત્રીશ્રી/પ્રભારીમંત્રીશ્રી/સહ પ્રભારીમંત્રીશ્રી/સંસદ સભ્યશ્રીઓ/ધારાસભ્યશ્રીઓ વગેરે લોકોના પ્રતિનિધિઓનો પ્રોટોકોલ જળવાય તે માટે સૂચનાઓ આપેલ છે.

**પત્રક**

| **ક્રમ** | **માન. ધા. સ. શ્રીનું નામ** | **લીધેલ પગલાં** |
|---|---|---|
| ૧ | માન. ધારાસભ્યશ્રી<br>વિરજી ઠુંમર (લાઠી)<br>તા.૧૮-૦૭-૨૦૧૯ | સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫-૧૧-૨૦૧૯ના પત્રથી સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓને ભારત સરકારના તા.૧૯-૧૨-૨૦૧૪ના પરિપત્રની અમલવારી નિયમોનુસાર થાય તે માટે જણાવેલ છે. |
| ૨ | માન. ધારાસભ્યશ્રી<br>વિનોદ મોરડીયા (કતારગામ)<br>તા.૦૭-૦૯-૨૦૧૯ | સા.વ.વિ.ના તા.૦૫-૧૧-૨૦૧૯ના પત્રથી અધિક મુખ્ય સચિવશ્રી (મહેસૂલ) અને અધિક મુખ્ય સચિવશ્રી (શહેરી વિકાસ)ને warrant of precedenceની નકલ મોકલી સદર બાબતે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. |
| ૩ | માન. ધારાસભ્યશ્રી | સા.વ.વિ.ના તા.૨૨-૦૯-૨૦૨૦ના પત્રથી તાત્કાલિક તપાસ કરાવી |

તા. ૨૮મી માર્ચ ૨૦૨૫

અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

| ક્રમ | માન. ધા. સ. શ્રીનું નામ | લીધેલ પગલાં |
|---|---|---|
| | જસુભાઇ પટેલ (બાયડ)<br>તા.૦૧-૦૯-૨૦૨૦ | ભવિષ્યમાં આવા બનાવો ન બને અને પ્રોટોકોલ ભંગ ન થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવા અને સંબંધિતોને જરૂરી સૂચના આપવા કલેક્ટરશ્રી અરવલ્લીને જણાવેલ છે. |
| ૪ | માન. ધારાસભ્યશ્રી<br>વિરજીભાઇ ઠુંમર (લાઠી)<br>તા.૨૦-૦૮-૨૦૨૦ | સા.વ.વિ.ના તા.૦૧-૧૦-૨૦૨૦ના પત્રથી ગૃહ વિભાગને કેસની વિગતો ચકાસી નિયમોનુસાર યોગ્ય કાર્યવાહી કરી, માન. ધારાસભ્યશ્રીને પ્રત્યુત્તર પાઠવવા તથા તેની જાણ અત્રે કરવા જણાવેલ છે. |
| ૫ | માન. મંત્રીશ્રી<br>કુંવરજીભાઇ બાવળીયા<br>(પાણી પુરવઠો, પશુપાલન અને ગ્રામ ગૃહ નિર્માણ)<br>તા.૧૮-૧૧-૨૦૨૦ | સા.વ.વિ.ના તા.૦૩-૧૨-૨૦૨૦ના પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા કલેક્ટરશ્રી બોટાદ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી બોટાદને જણાવેલ છે. |
| ૬ | માન. ધારાસભ્યશ્રી<br>જશપાલસિંહ પઢિયાર (પાદરા)<br>તા.૧૧-૦૧-૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૦૨-૦૨-૨૦૨૧ના પત્રથી પ્રસ્તુત બાબતે તપાસ કરવા તથા જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા અધિક મુખ્ય સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા કલેક્ટરશ્રી વડોદરાને જણાવેલ છે. |
| ૭ | માન. ધારાસભ્યશ્રી<br>અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા)<br>તા.૨૯-૦૧-૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૧૫-૦૨-૨૦૨૧ના પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા અધિક મુખ્ય સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા કલેક્ટરશ્રી મહેસાણાને જણાવેલ છે. |
| ૮ | માન. ધારાસભ્યશ્રી<br>મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર)<br>તા.૧૯-૧૨-૨૦૨૦ | સા.વ.વિ.ના તા.૧૫-૦૨-૨૦૨૧ના પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ તથા કલેક્ટરશ્રી છોટાઉદેપુરને જણાવેલ છે. |
| ૯ | માન. ધારાસભ્યશ્રી<br>ઋત્વિકભાઈ મકવાણા<br>(ચોટીલા)<br>તા.૧૯-૦૧-૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૧૬-૦૨-૨૦૨૧ના પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ તથા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને તથા કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગરને જણાવેલ છે. |
| ૧૦ | માન. ધારાસભ્યશ્રી<br>પુંજાભાઇ વંશ<br>તા.૨૭-૦૧-૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૧૬-૦૨-૨૦૨૧ના પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા બંદરો અને વાહન વ્યવહાર વિભાગ તથા કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગને તથા કલેક્ટરશ્રી પોરબંદરને જણાવેલ છે. |
| ૧૧ | માન. ધારાસભ્યશ્રી<br>અશ્વિન કોટવાલ<br>તા.૧૭-૦૩-૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૦૫-૦૫-૨૦૨૧ના પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા શિક્ષણ વિભાગ તથા કલેક્ટરશ્રી, સાબરકાંઠાને જણાવેલ છે. |
| ૧૨ | માન. ધારાસભ્યશ્રી<br>જસુભાઇ પટેલ<br>તા.૦૮-૦૬-૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૨૯-૦૬-૨૦૨૧ના પત્રથી મિનિસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન, ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગના તા.૦૧-૧૨-૨૦૧૧ના ઓફિસ મેમોરેન્ડમની ગાઇડલાઇનની અમલવારી કરવા સારુ અત્રેના તા.૦૫-૧૧-૨૦૧૯ના પત્રથી સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓને જણાવેલ છે.<br>ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા કલેક્ટરશ્રી, અરવલ્લીને જણાવેલ છે. |
| ૧૩ | માન. ધારાસભ્યશ્રી | સા.વ.વિ.ના તા.૩૧-૦૭-૨૦૨૧ના પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય |

અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

| ક્રમ | માન. ધા. સ. શ્રીનું નામ | લીધેલ પગલાં |
|---|---|---|
| | અશ્વિન કોટવાલ<br>તા.૨૭-૦૬-૨૦૨૧ | ત્યારે આમંત્રણ આપવા માટે સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓનું પાલન થાય તથા કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલયને તથા કલેક્ટરશ્રી, અરવલ્લીને સૂચના આપેલ છે તેમ જણાવેલ છે. |
| ૧૪ | માન. ધારાસભ્યશ્રી<br>વિરજી ઠુંમર<br>તા.૨૯-૦૬-૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૩૧-૦૭-૨૦૨૧ના પત્રથી માન. ધારાસભ્યશ્રી દ્વારા જે રજૂઆત કરવામાં આવેલ છે તે માર્ગ અને મકાન વિભાગને સંબંધિત હોઈ સદર બાબત માર્ગ અને મકાન વિભાગને તબદીલ કરવામાં આવે છે તેમ જણાવેલ છે. |
| ૧૫ | માન. ધારાસભ્યશ્રી<br>નૌશાદ સોલંકી<br>તા.૧૬-૦૯-૨૦૨૧ | - કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગરના તા.૨૯-૦૧-૨૦૨૨ના પત્રથી મોકલેલ અહેવાલમાં જણાવ્યા મુજબ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી તથા કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગર દ્વારા હવે પછીના આયોજિત કોઈપણ સરકારી કાર્યક્રમમાં પ્રોટોકોલ મુજબ દરેક ચૂંટાયેલ જનપ્રતિનિધિઓનું યોગ્ય સન્માન જાળવવા તથા તે મુજબની બેઠક વ્યવસ્થા રાખવાની ખાતરી આપેલ છે.<br>- આ ઉપરાંત, સા.વ.વિ.ના તા.૦૨-૦૨-૨૦૨૨ના પત્રથી આવા બનાવો ભવિષ્યમાં ન બને અને પ્રોટોકોલ ભંગ ન થાય તે અંગે તકેદારી રાખવા તથા રાજ્ય સરકારની સ્થાયી સૂચનાઓ અનુસાર યોગ્ય કાર્યવાહી કરવા કલેક્ટરશ્રી સુરેન્દ્રનગરને સૂચના આપેલ છે. |
| ૧૬ | માન. પરેશ ધાનાણી,<br>વિરોધપક્ષના નેતાશ્રી,<br>ગુજરાત વિધાનસભા<br>તા.૨૪-૦૯-૨૦૨૧ | - કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગરના તા.૨૯-૦૧-૨૦૨૨ના પત્રથી મોકલેલ અહેવાલમાં જણાવ્યા મુજબ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી તથા કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગર દ્વારા હવે પછીના આયોજિત કોઈપણ સરકારી કાર્યક્રમમાં પ્રોટોકોલ મુજબ દરેક ચૂંટાયેલ જનપ્રતિનિધિઓનું યોગ્ય સન્માન જાળવવા તથા તે મુજબની બેઠક વ્યવસ્થા રાખવાની ખાતરી આપેલ છે.<br>- આ ઉપરાંત, સા.વ.વિ.ના તા.૦૨-૦૨-૨૦૨૨ના પત્રથી આવા બનાવો ભવિષ્યમાં ન બને અને પ્રોટોકોલ ભંગ ન થાય તે અંગે તકેદારી રાખવા તથા રાજ્ય સરકારની સ્થાયી સૂચનાઓ અનુસાર યોગ્ય કાર્યવાહી કરવા કલેક્ટરશ્રી સુરેન્દ્રનગરને સૂચના આપેલ છે. |
| ૧૭ | માન. ધારાસભ્યશ્રી<br>સુનીલભાઇ ગામીત<br>તા.૨૭-૦૯-૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૧૮-૧૦-૨૦૨૧ના પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો ધારાસભ્યશ્રી તરીકેનો વિશેષાધિકાર ભંગ ન થાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તે અંગે તકેદારી રાખવા જણાવવામાં આવેલ છે તેમ જણાવેલ છે. |
| ૧૮ | માન. સુખરામ રાઠવા,<br>વિરોધપક્ષના નેતાશ્રી,<br>ગુજરાત વિધાનસભા<br>તા.૩૦-૧૨-૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૧૮-૦૧-૨૦૨૨ના પત્રથી સરકારી કાર્યક્રમોમાં જનપ્રતિનિધિશ્રીનો પ્રોટોકોલ જાળવવા બાબતના અત્રેના તા.૨૮-૧૦-૨૦૨૧ના સંકલિત પરિપત્રથી તથા તા.૨૯-૧૦-૨૦૨૧ના પરિપત્રથી તેમજ ભારત સરકારના તા.૦૧-૧૨-૨૦૧૧ના ઓફિસ મેમોરેન્ડમ તથા તા.૧૯-૧૧-૨૦૧૪ના પત્રથી વિગતવાર સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવા તથા ભવિષ્યમાં આવા બનાવ ન બને તેની તકેદારી રાખવા સહિતની નિયમોનુસારની કાર્યવાહી કરવા કલેક્ટરશ્રી, આણંદને જણાવેલ છે. |

- - - - - - - -

**રાજકોટ અને પોરબંદર જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત**

અતારાંકિતઃ ૮૦૧૪ (૨૧-૧૧-૨૦૨૦) **શ્રી લલીત વસોયા** (ધોરાજી): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૨૮મી માર્ચ ૨૦૨૫

## અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લાના ક્યા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨) જે તે તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી તે તાલુકાઓમાં માર્કેટ યાર્ડ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૩-૦૨-૨૦૨૨)

(૧) (i ) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના રાજકોટ, જસદણ, વિંછીયા, ધોરાજી, ઉપલેટા, જેતપુર, ગોંડલ અને જામકંડોરણા તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે. જ્યારે કોટડાસાંગાણી, પડધરી અને લોધિકા તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી.

(i i ) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ પોરબંદર જિલ્લાના પોરબંદર અને કુતિયાણા તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે, જ્યારે રાણાવાવ તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી.

(૨) (i ) રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી, પડધરી અને લોધિકા તાલુકામાં સ્થાનિક કક્ષાએથી માર્કેટ યાર્ડ જાહેર કરવા અંગેની દરખાસ્ત પ્રાપ્ત થયેથી આગળની કાર્યવાહી કરવાની રહે છે.

(i i ) પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકામાં સ્થાનિક કક્ષાએથી માર્કેટ યાર્ડ જાહેર કરવા અંગેની દરખાસ્ત પ્રાપ્ત થયેથી આગળની કાર્યવાહી કરવાની રહે છે.

\- - - - - - - -

**સુરત જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત**

અતારાંકિતઃ ૮૦૫૬ (૨૧-૧૧-૨૦૨૦) **શ્રી આનંદભાઇ ચૌધરી** (માંડવી): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ સુરત જિલ્લાના ક્યા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે અને કેટલા તાલુકાઓમાં નથી, અને

(૨) જે તે તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી તે તાલુકાઓમાં માર્કેટ યાર્ડ શરૂ કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૩-૦૨-૨૦૨૨)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ સુરત જિલ્લાના સુરત સિટી, કામરેજ, ઓલપાડ, બારડોલી, મહુવા, માંડવી, માંગરોળ, ઉમરપાડા તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ છે.

ચોર્યાસી અને પલસાણા તાલુકામાં માર્કેટ યાર્ડની સવલત ઉપલબ્ધ નથી.

(૨) ચોર્યાસી અને પલસાણા તાલુકામાં સ્થાનિક કક્ષાએથી માર્કેટ યાર્ડ જાહેર કરવા અંગેની દરખાસ્ત પ્રાપ્ત થયેથી આગળની કાર્યવાહી કરવાની રહે છે.

\- - - - - - - -

**રાજ્યમાં લાઈવસ્ટોક સેન્સસ**

અતારાંકિતઃ ૯૮૩૫ (૦૬-૦૯-૨૦૨૧) **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૯માં યોજાયેલ ૨૦મા લાઈવસ્ટોક સેન્સસ કયા કયા પ્રાણીઓના કેટલા ઘટાડા નોંધાયા,

(૨) આ ઘટાડો થવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત પ્રાણીઓની સંખ્યા વધે તે બાબતે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૮-૦૨-૨૦૨૨)

(૧)

| **અનં** | **વિગત** | **૨૦૧૨ (કા)** | **૨૦૧૯** | **વર્ષઃ ૨૦૧૨ની સરખામણીએ વર્ષઃ ૨૦૧૯માં નોંધાયેલ ઘટાડાની ટકાવારી** |
|---|---|---|---|---|
| ૧ | ગાય | ૯૯,૮૩,૯૫૩ | ૯૬,૩૩,૬૩૭ | -૩.૫૧ |
| ૨ | બકરાં | ૪૯,૫૮,૯૭૨ | ૪૮,૬૭,૭૪૪ | -૧.૮૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ખચ્ચર અને ગધેડાં | ૩૮,૯૯૩ | ૧૧,૨૯૧ | -૭૧.૦૪ |
| ૪ | ઉંટ | ૩૦,૪૧૫ | ૨૭,૬૨૦ | -૯.૧૯ |
| ૫ | ડુક્કર | ૪,૨૭૯ | ૬૫૮ | -૮૪.૬૨ |
| ૬ | સસલા | ૮,૬૫૮ | ૬,૯૭૮ | -૧૯.૪૦ |
| ૭ | કૂતરા | ૨,૫૩,૩૧૨ | ૬૫,૯૦૧ | -૭૩.૯૮ |

(૨) ચોક્કસ અભ્યાસ થયેલ નથી. પરંતુ પરિવહનમાં ઉપયોગ ઘટતાં ગદર્ભ અને ઉંટની વસતી તથા વસતી નિયંત્રણના કારણે શ્વાન અને ડુક્કરની વસતીમાં ઘટાડો થયેલ છે.

(૩) લોકોપયોગી પશુઓની જાળવણી અને સંવર્ધન માટે અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવે છે.

--------

**દાહોદ અને ડાંગ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૭૩૦૨ (૦૯-૧૦-૨૦૨૦) **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ દાહોદ અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓ કેટલી આવેલી છે ?

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૩) ઉક્ત શિક્ષકોની ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૬-૦૨-૨૦૨૨)

(૧)

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | સરકારી પ્રા.શાળા | ગ્રાન્ટેડ પ્રા.શાળા | ખાનગી પ્રા.શાળા |
|---|---|---|---|---|
| દાહોદ | દાહોદ | ૨૬૨ | ૧૧ | ૩૬ |
| | ગરબાડા | ૧૩૩ | ૦૨ | ૧૧ |
| | લીમખેડા | ૧૭૧ | ૦૧ | ૧૮ |
| | ધાનપુર | ૧૭૬ | ૦૦ | ૦૭ |
| | ફતેપુરા | ૨૩૬ | ૦૨ | ૧૭ |
| | ઝાલોદ | ૨૬૨ | ૦૫ | ૨૩ |
| | દેવગઢ બારીયા | ૨૧૮ | ૦૨ | ૧૨ |
| | સંજેલી | ૮૪ | ૦૦ | ૦૭ |
| | સિંગવડ | ૧૦૬ | ૦૦ | ૦૨ |
| ડાંગ | આહવા | ૧૫૪ | ૦૧ | ૧૯ |
| | વઘઇ | ૧૧૨ | ૦૦ | ૦૭ |
| | સુબીર | ૧૧૨ | ૦૦ | ૦૩ |

(૨)

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ |
|---|---|---|
| દાહોદ | દાહોદ | ૦૦ |
| | ગરબાડા | ૦૩ |
| | લીમખેડા | ૦૦ |
| | ધાનપુર | ૦૨ |
| | ફતેપુરા | ૦૦ |
| | ઝાલોદ | ૦૦ |
| | દેવગઢ બારીયા | ૦૦ |
| | સંજેલી | ૦૦ |

| | | |
|---|---|---|
| | સિંગવડ | ૦૦ |
| ડાંગ | આહવા | ૦૩ |
| | વઘઇ | ૧૧ |
| | સુબીર | ૧૩ |

(૩) જેમ બને તેમ ઝડપથી.

- - - - - - - -

**ખેડા જિલ્લામાં રેશનીંગ જથ્થાનું બારોબાર વેચાણ**

અતારાંકિતઃ ૧૦૬૪૭ (૨૮-૧૨-૨૦૨૧) **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લાના માતર-ખેડા-વસો તાલુકામાં કેટલી રેશનીંગ દુકાનોમાંથી ઘઉં, ચોખા અને કેરોસીનનો કેટલો જથ્થો બારોબાર વેચી દેવાના કેટલા બનાવો નોંધવામાં આવ્યા,

(૨) તે અન્વયે તાલુકાવાર પકડાયેલ જથ્થો કેટલો છે, અને

(૩) તે અન્વયે કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૧૯-૦૨-૨૦૨૨)

(૧) તા.૩૦-૦૯-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લાના માતર/ખેડા/વસો તાલુકામાં રેશનીંગ દુકાનોમાંથી ઘઉં, ચોખા અને કેરોસીનનો જથ્થો બારોબાર વેચી દેવા બાબતનો કોઇ બનાવ નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બોગસ રેશન કાર્ડ**

અતારાંકિતઃ ૧૧૩૦૪ (૨૧-૦૧-૨૦૨૨) **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ): **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલા બોગસ રેશન કાર્ડ પકડાયા, અને

(૨) બોગસ રેશન કાર્ડ ઇસ્યૂ કરનાર જવાબદારો સામે શા પગલાં લેવાયા ?

**અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૧૮-૦૨-૨૦૨૨)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કોઇ બોગસ રેશન કાર્ડ પકડાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**વેળાવદર પક્ષી અભયારણ્યમાં ખડમોર પક્ષીની વસ્તી**

અતારાંકિતઃ ૧૦૦૧૮ (૩૧-૦૭-૨૦૨૧) **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ વેળાવદર પક્ષી અભયારણ્યમાં છેલ્લી પક્ષી ગણતરી મુજબ દુર્લભ ખડમોર (લેસર ફ્લોરીકન) પક્ષીની વસ્તી કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ખડમોર પક્ષીની વસ્તી ઘટવાનાં શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પક્ષીની વસ્તી વધારવા શાં પગલાં ભરવામાં આવ્યાં ?

**વન મંત્રીશ્રી :** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) ગુજરાત રાજ્યમાં વેળાવદર પક્ષી અભયારણ્ય નામનું અભયારણ્ય નથી પરંતુ વેળાવદરમાં વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન છે. તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં ઓગસ્ટ-૨૦૨૦માં થયેલ છેલ્લા વસ્તી અંદાજ પ્રમાણે ૪૦ ખડમોર (લેસર ફ્લોરીકન) નોંધાયેલ છે.

(૨) વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં ખડમોર પક્ષીની વસ્તીમાં ઘટાડો નોંધાયેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)

- ખડમોરના કુદરતી આવાસોને બચાવવા માટે રહેઠાણ સુધારણાની કામગીરી કરવામાં આવે છે.
- આ વિસ્તારોમાં સ્થાનિક સ્ટાફ દ્વારા સતત ફેરણું કરી તકેદારી રાખવામાં આવે છે.
- આ પક્ષીના સંરક્ષણ અને સંવર્ધન માટે કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન વેળાવદર ખાતે કેપ્ટીવ બ્રીડીંગ સેન્ટર ઊભું કરેલ છે.
- યોગ્ય વ્યવસ્થાપન માટે તેમની મુવમેન્ટ જાણવા બે પક્ષીઓને સેટેલાઇટ ટ્રેકીંગ રેડીયો કોલર પહેરાવવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં વન્યપ્રાણીના શિકાર કરતી ટોળકીઓ**

અતારાંકિતઃ ૧૦૨૩૬ (૧૦-૦૮-૨૦૨૧) **શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં વન્યપ્રાણીઓના શિકાર કરતી કઇ શિકારી ટોળકીઓ આઇડેન્ટીફાય કરવામાં આવી,

(૨) ઉક્ત શિકારી ટોળકીઓની ગુનાહિત પ્રવૃત્તિઓ પર વોચ રાખવા શી કાર્યવાહી થઇ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શિકારી ટોળકીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**વન મંત્રીશ્રી :** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં વન્યપ્રાણીઓના શિકાર કરતી ૨૯ શિકારી ટોળકીઓ આઇડેન્ટીફાય કરવામાં આવી.

(૨) ઉક્ત શિકારી ટોળકીઓની ગુનાહિત પ્રવૃત્તિઓ પર વોચ રાખવા માટે સદરહું જગ્યા પર તાબાના સ્ટાફ દ્વારા અવારનવાર પેટ્રોલિંગ કરવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શિકારી ટોળકીઓ સામે વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**ભરૂચ, નર્મદા અને અમરેલી જિલ્લામાં નીલગાયની વસ્તી**

અતારાંકિતઃ ૧૦૪૭૭ (૦૨-૦૯-૨૦૨૧) **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) સને ૨૦૨૦-૨૧માં કરવામાં આવેલા નીલગાય વસ્તી સર્વેક્ષણ મુજબ ભરૂચ, નર્મદા અને અમરેલી જિલ્લામાં અનુક્રમે ૧૮૧૭, ૧૫૮ અને ૧૬,૨૯૫ નીલગાયની અંદાજિત વસ્તી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ ખેતીના પાકને ભારે નુકસાન કરતી ઉપરોક્ત નીલગાયને વૈજ્ઞાનિક રીતે પકડી અને કાયમી ધોરણે સુરક્ષિત જગ્યાએ વાડામાં કે જગ્યામાં સુરક્ષિત મૂકવા શી વ્યવસ્થા કરાઇ છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**વન મંત્રીશ્રી :** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) સાચી છે. ગીર ફાઉન્ડેશન દ્વારા સને ૨૦૨૦માં કરવામાં આવેલ નીલગાયની વસ્તી અંદાજ સર્વેક્ષણ મુજબ નીલગાયની અંદાજિત વસ્તી નોંધાયેલ છે.

(૨) આવી કોઇ યોજના અમલમાં નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**અમરેલી, મોરબી અને પોરબંદર જિલ્લામાં નીલગાયની વસ્તી**

અતારાંકિતઃ ૧૦૫૦૮ (૦૨-૦૯-૨૦૨૧) **શ્રી વિક્રમભાઇ માડમ** (ખંભાળિયા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) સને ૨૦૨૦-૨૧માં કરવામાં આવેલા નીલગાય વસ્તી સર્વેક્ષણ મુજબ અમરેલી, મોરબી અને પોરબંદર જિલ્લામાં અનુક્રમે ૬૪૮૧ અને ૩૭૭૪ નીલગાયની અંદાજિત વસ્તી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ ખેતીના પાકને ભારે નુકસાન કરતી ઉપરોક્ત રક્ષિત નીલગાયને વૈજ્ઞાનિક રીતે પકડી અને કાયમી ધોરણે સુરક્ષિત જગ્યાએ વાડામાં કે સુરક્ષિત જગ્યામાં મૂકવા શી વ્યવસ્થા કરાઇ છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**વન મંત્રીશ્રી :** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) સાચી છે. ગીર ફાઉન્ડેશન દ્વારા સને-૨૦૨૦માં કરવામાં આવેલ નીલગાયની વસ્તી અંદાજ સર્વેક્ષણ મુજબ નીલગાયની અંદાજિત વસ્તી નોંધાયેલ છે.

(૨) આવી કોઇ યોજના અમલમાં નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**પંચમહાલ, વડોદરા અને અરવલ્લી જિલ્લામાં નીલગાય સંરક્ષણની વ્યવસ્થા**

અતારાંકિતઃ ૧૦૬૮૭ (૩૦-૧૨-૨૦૨૧) **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) સન ૨૦૨૦-૨૧માં કરવામાં આવેલા નીલગાય સર્વેક્ષણ વસ્તી અંદાજ મુજબ પંચમહાલ, વડોદરા અને અરવલ્લી જિલ્લામાં અનુક્રમે ૫૬૧૮, ૬૦૭૪ અને ૯૨૬૯ નીલગાયની અંદાજિત વસ્તી જોવા મળી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ખેતીના પાકને નુકસાન કરતી ઉપરોક્ત રક્ષિત નીલગાયને વૈજ્ઞાનિક રીતે પકડી તેને સુરક્ષિત જગ્યાએ વાડામાં કે સંરક્ષિત જગ્યામાં કાયમી ધોરણે મૂકવા તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ શી વ્યવસ્થા થઇ છે, અને

(૩) આ કામગીરી ક્યાં સુધીમાં હાથ ધરી પૂર્ણ કરવામાં આવનાર છે ?

**વન મંત્રીશ્રી :** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) ગીર ફાઉન્ડેશન દ્વારા સને ૨૦૨૦માં કરવામાં આવેલા નીલગાયની વસ્તી અંદાજ સર્વેક્ષણ મુજબ નીલગાયની અંદાજિત નોંધાયેલ વસ્તી નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | વસ્તી |
|---|---|---|
| ૧ | પંચમહાલ | ૫૬૧૯ |
| ૨ | વડોદરા | ૬૦૭૫ |
| ૩ | અરવલ્લી | ૯૨૬૯ |

(૨) નીલગાયને વૈજ્ઞાનિક રીતે પકડી અને કાયમી ધોરણે સુરક્ષિત જગ્યાએ વાડામાં કે સુરક્ષિત જગ્યામાં મૂકવા વન વિભાગ તરફથી કોઇ વ્યવસ્થા કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**અમદાવાદ, આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં નીલગાય સંરક્ષણની વ્યવસ્થા**

અતારાંકિતઃ ૧૦૭૦૬ (૩૦-૧૨-૨૦૨૧) **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) સન ૨૦૨૦-૨૧માં કરવામાં આવેલા નીલગાય સર્વેક્ષણ વસ્તી અંદાજ મુજબ અમદાવાદ, આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં અનુક્રમે ૯૮૧૭, ૫૩૩૧ અને ૨૦૬૮ નીલગાયની અંદાજિત વસ્તી જોવા મળી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ખેતીના પાકને નુકસાન કરતી ઉપરોક્ત રક્ષિત નીલગાયને વૈજ્ઞાનિક રીતે પકડી તેને સુરક્ષિત જગ્યાએ વાડામાં કે સુરક્ષિત જગ્યામાં કાયમી ધોરણે મૂકવા તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ શી વ્યવસ્થા થઇ છે, અને

(૩) આ કામગીરી ક્યાં સુધીમાં હાથ ધરી પૂર્ણ કરવામાં આવનાર છે ?

**વન મંત્રીશ્રી :** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) ગીર ફાઉન્ડેશન દ્વારા સને ૨૦૨૦માં કરવામાં આવેલા નીલગાયની વસ્તી અંદાજ સર્વેક્ષણ મુજબ નીલગાયની અંદાજિત નોંધાયેલ વસ્તી નીચે મુજબ છે.

| **અનુ.** | **જિલ્લો** | **વસ્તી** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૯૮૧૬ |
| ૨ | આણંદ | ૫૩૩૦ |
| ૩ | છોટાઉદેપુર | ૨૦૬૮ |

(૨) નીલગાયને વૈજ્ઞાનિક રીતે પકડી અને કાયમી ધોરણે સુરક્ષિત જગ્યાએ વાડામાં કે સુરક્ષિત જગ્યામાં મૂકવા વન વિભાગ તરફથી કોઇ વ્યવસ્થા કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**દાહોદ, ખેડા અને મહીસાગર જિલ્લામાં નીલગાય સંરક્ષણની વ્યવસ્થા**

અતારાંકિતઃ ૧૦૭૫૩ (૩૦-૧૨-૨૦૨૧) **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) સન ૨૦૨૦-૨૧માં કરવામાં આવેલા નીલગાય સર્વેક્ષણ વસ્તી અંદાજ મુજબ દાહોદ, ખેડા અને મહીસાગર જિલ્લામાં અનુક્રમે ૩૧૯૩, ૧૧૬૭૩ અને ૯૩૨૮ નીલગાયની અંદાજિત વસ્તી જોવા મળી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ખેતીના પાકને નુકસાન કરતી ઉપરોક્ત રક્ષિત નીલગાયને વૈજ્ઞાનિક રીતે પકડી તેને સુરક્ષિત જગ્યાએ વાડામાં કે સંરક્ષિત જગ્યામાં કાયમી ધોરણે મુકવા તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ શી વ્યવસ્થા થઇ છે, અને

(૩) આ કામગીરી ક્યાં સુધીમાં હાથ ધરી પૂર્ણ કરવામાં આવનાર છે ?

**વન મંત્રીશ્રી :** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) ગીર ફાઉન્ડેશન દ્વારા સને ૨૦૨૦માં કરવામાં આવેલા નીલગાયની વસ્તી અંદાજ સર્વેક્ષણ મુજબ નીલગાયની અંદાજિત નોંધાયેલ વસ્તી નીચે મુજબ છે.

| **અનુ.** | **જિલ્લો** | **વસ્તી** |
|---|---|---|
| ૧ | દાહોદ | ૩૧૯૩ |
| ૨ | ખેડા | ૧૧૬૭૨ |
| ૩ | મહીસાગર | ૯૩૨૮ |

(૨) નીલગાયને વૈજ્ઞાનિક રીતે પકડી અને કાયમી ધોરણે સુરક્ષિત જગ્યાએ વાડામાં કે સુરક્ષિત જગ્યામાં મૂકવા વન વિભાગ તરફથી કોઇ વ્યવસ્થા કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા. ૨૮મી માર્ચ ૨૦૨૫
અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

- - - - - - - -

**રાજ્યમાં કોરોનાની કામગીરી માટે આશા વર્કર અને આંગણવાડી બહેનોને માસિક વળતર**

અતારાંકિતઃ ૧૦૬૫૪ (૩૧-૦૧-૨૦૨૨) **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૨૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કોરોના મહામારી દરમિયાન ટેસ્ટીંગ અને રસીકરણ માટે વિભાગ દ્વારા આશા વર્કર અને આંગણવાડી બહેનોને જવાબદારી આપવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કામગીરી માટે તેઓને કેટલું માસિક વળતર આપવાનું ઠરાવવામાં આવ્યું હતું, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી સંબંધમાં કોરોના સમય દરમિયાન કયા માસનું વળતર ચૂકવવામાં આવ્યું અને કયા માસનું વળતર ચૂકવવાનું બાકી છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૩-૦૨-૨૦૨૨)

(૧) તા.૨૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કોરોના મહામારી દરમિયાન ટેસ્ટીંગ અને રસીકરણ માટે વિભાગ દ્વારા ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ આશા વર્કરને પોતાના નિયત વિસ્તારમાં કોરોનાથી બચવા માટેના પગલાઓના પ્રચાર, સર્વે તેમજ રસીકરણની કામગીરીમાં મદદરૂપ થવાની કામગીરી આપવામાં આવેલ છે.

– તા.૨૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કોરોના મહામારી દરમિયાન ટેસ્ટીંગ અને રસીકરણ માટે વિભાગ દ્વારા આંગણવાડી બહેનોને મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કોઈ આદેશો કરવામાં આવેલ નથી.

(૨) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા અને તારીખ ૨૦-૦૪-૨૦૨૦, તા.૦૬-૦૮-૨૦૨૦ ના પત્ર મુજબ એપ્રિલ- ૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧ સુધીનું રૂ.૧૦૦૦/- પ્રતિ માસ કોરોના કામગીરીનું આશા ઈન્સેન્ટીવ તેમજ તારીખ ૦૪-૦૫-૨૦૨૧ ના પત્ર મુજબ એપ્રિલ-૨૦૨૧ થી સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીનું કોરોના કામગીરીનું આશા ઈન્સેન્ટીવ તેના માપદંડ મુજબ તેણે કરેલ કામગીરી મુજબ ચૂકવવા જણાવવામાં આવેલ તેમજ તારીખ ૦૬-૧૨-૨૦૨૧ના પત્રથી ઓક્ટોબર-૨૦૨૧ થી માર્ચ-૨૦૨૨ સુધીનું આશા ઈન્સેન્ટીવ તેના માપદંડ મુજબ તેણે કરેલ કામગીરી મુજબ ચૂકવવાનું સૂચવેલ છે.

– આંગણવાડી બહેનો માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા અને કામગીરીના માપદંડ મુજબ એપ્રિલ ૨૦૨૦ થી સપ્ટેમ્બર ૨૦૨૧ સુધીનું આશાને કોરોના કામગીરીનું ઈન્સેન્ટીવ ચૂકવવામાં આવેલ છે તેમજ ઓક્ટોબર ૨૦૨૧ થી કોરોના કામગીરીનું ઈન્સેન્ટીવ ચૂકવવાની કાર્યવાહી ચાલુમાં છે.

– આંગણવાડી બહેનો માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**રાજ્યમાં બોન્ડેડ લેબરર**

અતારાંકિતઃ ૧૧૩૮૧ (૦૧-૦૨-૨૦૨૨) **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા બોન્ડેડ લેબરર કાર્યરત છે, અને

(૨) બોન્ડેડ લેબરર બનાવનાર માલિકો સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે ?

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૬-૦૨-૨૦૨૨)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં બાળ શ્રમિકોનો સર્વે પામેલ કામદારો**

અતારાંકિતઃ ૧૧૪૨૧ (૦૧-૦૨-૨૦૨૨) **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

ચૈત્ર ૭, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં બાળ શ્રમિકોનો છેલ્લે સર્વે ક્યારે થયો,

(૨) આ સર્વે મુજબ જિલ્લાવાર કેટલા બાળ શ્રમિકો છે, અને

(૩) ઉક્ત બાળ શ્રમિકોને આ કામગીરીથી મુક્ત કરી પુન:સ્થાપિત કરવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) બાળ અને કિશોર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ સર્વે કરવાની કોઇ જોગવાઇ નથી. પરંતુ, ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય, નવી દિલ્હીના નેશનલ ચાઇલ્ડ લેબર પ્રોજેક્ટ (એન.સી.એલ.પી)ની ગાઇડલાઇન હેઠળ ૦૭ જિલ્લાઓમાં સ્વતંત્ર એજન્સી/એન.જી.ઓ. મારફત સર્વે કરવા માટે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને રચાયેલ જિલ્લા પ્રોજેક્ટ સોસાયટી દ્વારા સર્વે કરવા માટે ગ્રાન્ટ મળેલ.

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં બાળ શ્રમિકોના છેલ્લા સર્વેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૦૧૩ |
| ૨ | બનાસકાંઠા | ૨૦૦૫-૦૬ |
| ૩ | વડોદરા | ૨૦૧૬ |
| ૪ | દાહોદ | ૨૦૦૫ |
| ૫ | પંચમહાલ | ૨૦૧૯ |
| ૬ | સુરત | ૨૦૧૬ |
| ૭ | કચ્છ | ૨૦૨૧ |

(૨) રાજ્યમાં જિલ્લાવાર સર્વે મુજબ બાળ શ્રમિકોની વિગત.

| ક્રમ | જિલ્લાનું નામ | બાળ શ્રમિકો |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૨૫ |
| ૨ | બનાસકાંઠા | ૮૧૩ |
| ૩ | વડોદરા | ૧૬૧૧ |
| ૪ | દાહોદ | ૧૧૪૮ |
| ૫ | પંચમહાલ | ૩૩ |
| ૬ | સુરત | ૨૫૦૭ |
| ૭ | કચ્છ | ૧૧૩૫ |

(૩) ૧. અમદાવાદ જિલ્લામાં ઉક્ત બાળ શ્રમિકો સર્વે સમયે શાળામાં દાખલ થયેલ હોવાથી પુન:સ્થાપનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૨. બંનાસકાંઠા જિલ્લામાં સર્વે મુજબ બાળ શ્રમયોગીઓને મુક્ત કરી તેઓને પુન:સ્થાપિત કરવા નેશનલ ચાઇલ્ડ પ્રોજેક્ટ હેઠળ ૧૭ ખાસ શાળાઓમાં દાખલ કરવામાં આવેલ. અને આ બાળકોને તબક્કાવાર શિક્ષણનાં મુખ્ય પ્રવાહમાં દાખલ કરવામાં આવેલ.

૩. વડોદરા જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં ૧૩ જેટલાં ખાસ તાલીમ વર્ગો શરૂ કરી તાલીમ આપી મુખ્ય પ્રવાહમાં દાખલ કરવામાં આવેલ.

૪. દાહોદ જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં ૧૪ જેટલાં ખાસ તાલીમ વર્ગો શરૂ કરી, તાલીમ આપી મુખ્ય પ્રવાહમાં જોડવામાં આવેલ છે.

૫. પંચમહાલ જિલ્લામાં સર્વેમાં મળી આવેલ બાળ શ્રમિકો શાળાએ જતા હોઇ ખાસ તાલીમ વર્ગો શરૂ કરી પુન:સ્થાપન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૬. સુરત જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં ૨૦ જેટલાં ખાસ તાલીમ વર્ગો શરૂ કરી, તાલીમ આપી મુખ્ય પ્રવાહમાં જોડવામાં આવેલ છે.

૭. કચ્છ જિક્લ્લામાં એનસીએલપીની ગાઇડલાઇન મુજબ સર્વેમાં જે બાળ શ્રમયોગીઓ મળી આવેલ છે તેમને પુન:વસન માટે ભારત સરકારનાં શ્રમ અને રોજગાર મંત્રાલયને સર્વે રીપોર્ટ સાથે સ્પેશ્યલ ટ્રેઇનિંગ સેન્ટર ચાલુ કરવા માટેની યાદી મોકલવામાં આવશે. જે મંજૂરીને આધીન સ્પેશ્યલ ટ્રેઇનિંગ સેન્ટર શરૂ કરવામાં આવશે.

તા. ૨૮મી માર્ચ ૨૦૨૫
અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)
- - - - - - - -

**રાજ્યમાં ફેક્ટરીમાં અકસ્માતથી કામદારોના મોત**

અતારાંકિતઃ ૧૧૫૨૧ (૦૧-૦૨-૨૦૨૨) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ફેક્ટરીમાં અકસ્માત થવાથી કેટલા કામદારોના મોત થયા,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા કામદારોના વારસદારોને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું, અને

(૩) બાકીના કામદારોના વારસદારોને ક્યાં સુધીમાં વળતર ચૂકવવામાં આવનાર છે ?

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી :** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) એનેક્ષર- ૧ મુજબ.

(૨) રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક એકમોમાં અકસ્માતના કિસ્સામાં મૃતકના પરિવારજનોને આવું કોઇ વળતર ચૂકવવામાં આવતું નથી. શ્રમિકોના પરિવારજનોને વળતરની ચૂકવણી કામદાર રાજ્ય વીમા નિગમ (E S I C) ના નોટિફાઇડ વિસ્તાર હેઠળ આવતા ઔદ્યોગિક એકમોમાં કામદાર રાજ્ય વીમા નિગમ દ્વારા અને જ્યાં E S I C નોટિફાઇડ વિસ્તાર નથી ત્યાં કામદાર વળતર અધિનિયમ હેઠળ નિમાયેલ સક્ષમ સત્તાધિકારી દ્વારા હુકમ થયા મુજબ કારખાનેદાર દ્વારા ચૂકવવામાં આવે છે.

(૩) લાગુ પડતું નથી.

**એનેક્ષર- ૧**

| **જિલ્લો** | **ફેક્ટરીમાં અકસ્માત થવાથી મૃત્યુ પામેલ કામદારોની સંખ્યા** | | | **કુલ** |
|---|---|---|---|---|
| | **૨૦૧૯** | **૨૦૨૦** | **૨૦૨૧** | |
| અમદાવાદ | ૨૭ | ૩૪ | ૩૨ | ૯૩ |
| અમરેલી | ૦ | ૦ | ૨ | ૨ |
| આણંદ | ૧ | ૧ | ૦ | ૨ |
| અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ |
| બનાસકાંઠા | ૦ | ૧ | ૩ | ૪ |
| ભરૂચ | ૨૮ | ૪૦ | ૨૭ | ૯૫ |
| ભાવનગર | ૮ | ૩ | ૧૨ | ૨૩ |
| બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ |
| છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| દાહોદ | ૧ | ૧ | ૧ | ૩ |
| ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ |
| દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૧ | ૧ |
| ગાંધીનગર | ૧૨ | ૪ | ૧૧ | ૨૭ |
| ગીર સોમનાથ | ૦ | ૨ | ૦ | ૨ |
| જામનગર | ૧ | ૨ | ૨ | ૫ |
| જૂનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ |
| ખેડા | ૨ | ૨ | ૧ | ૫ |
| કચ્છ | ૧૮ | ૧૧ | ૧૬ | ૪૫ |
| મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ |
| મહેસાણા | ૧ | ૫ | ૧૦ | ૧૬ |
| મોરબી | ૩૨ | ૨૩ | ૧૮ | ૭૩ |
| નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ |
| નવસારી | ૨ | ૧ | ૧ | ૪ |

| જિલ્લો | ફેક્ટરીમાં અકસ્માત થવાથી મૃત્યુ પામેલ કામદારોની સંખ્યા | | | કુલ |
|---|---|---|---|---|
| | **૨૦૧૯** | **૨૦૨૦** | **૨૦૨૧** | |
| પંચમહાલ | ૬ | ૨ | ૧૨ | ૨૦ |
| પાટણ | ૦ | ૦ | ૧ | ૧ |
| પોરબંદર | ૧ | ૦ | ૯ | ૧૦ |
| રાજકોટ | ૯ | ૧૦ | ૮ | ૨૬ |
| સાબરકાંઠા | ૦ | ૨ | ૦ | ૨ |
| સુરત | ૩૩ | ૩૪ | ૪૦ | ૧૦૭ |
| સુરેન્દ્રનગર | ૨ | ૧ | ૦ | ૩ |
| તાપી | ૦ | ૧ | ૧ | ૨ |
| વડોદરા | ૧૪ | ૧૨ | ૨૦ | ૪૬ |
| વલસાડ | ૧૮ | ૨૦ | ૧૬ | ૫૪ |
| **કુલ** | **૨૧૬** | **૨૧૨** | **૨૪૪** | **૬૭૨** |

- - - - - - - -

**રાજ્યમાં સરકારી વકીલોની ખાલી જગ્યા બાબત**

અતારાંકિતઃ ૯૮૦૧ (૩૦-૦૭-૨૦૨૧) **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા): **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૫-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સરકારી વકીલોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**કાયદા મંત્રીશ્રી :** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) હા,જી. તા.૩૧-૦૫-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ૬૫ જેટલી સરકારી વકીલોની જગ્યાઓ ખાલી છે.

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં શક્ય તેટલી ઝડપીથી ભરવાનું આયોજન છે.

- - - - - - - -

**રાજ્યમાં આવેલ ડેમોની કેનાલોની સફાઇ પાછળ થયેલ ખર્ચ**

અતારાંકિતઃ ૧૦૬૪૧ (૦૭-૧૨-૨૦૨૧) **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ડેમોની કેનાલોની ચોમાસા પહેલાં સફાઇ કરવાની હોય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેનાલોની સફાઇ પાછળ ઉક્ત નાણાકીય વર્ષવાર અને જિલ્લાવાર કેટલો ખર્ચ થયેલ છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૨૧-૦૨-૨૦૨૨)

(૧) ચોમાસા અગાઉ સ્થળ સ્થિતિ અને આવશ્યકતા અનુસાર ડેમોની કેનાલની સફાઇ કરવામાં આવતી હોય છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં કેનાલોની સફાઇ પાછળ ઉક્ત નાણાકીય વર્ષવાર અને જિલ્લાવાર થયેલ ખર્ચની વિગતનું પત્રક-અ આ સાથે સામેલ છે.

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૮૧.૩૬ | ૩૫૨.૧૦ | ૩૮૦.૭૯ |
| ૨ | ગાંધીનગર | ૧૧૦.૭૪ | ૧૦.૯૧ | ૭૭.૪૧ |
| ૩ | પાટણ | ૨૦૬.૨૮ | ૬૩૩.૭૯ | ૨૯૪.૨૩ |
| ૪ | મહેસાણા | ૧૪૭.૯૫ | ૧૩૪.૫૩ | ૨૧૭.૪૫ |

તા. ૨૮મી માર્ચ ૨૦૨૫

અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
|---|---|---|---|---|
| ૫ | બનાસકાંઠા | ૨૫૫.૦૫ | ૪૮૨.૨૭ | ૬૨૦.૫૮ |
| ૬ | અરવલ્લી | ૧૦૬.૮૬ | ૯૬.૧૬ | ૪૨.૦૬ |
| ૭ | સાબરકાંઠા | ૫૬.૬૬ | ૬૧.૭૫ | ૮૭.૪૬ |
| ૮ | વડોદરા | ૯૦.૪૭ | ૧૨૭.૬૫ | ૩૮૯.૫૨ |
| ૯ | આણંદ | ૧૦૭.૯૭ | ૩૨૩.૭૫ | ૨૪૪.૧૨ |
| ૧૦ | છોટાઉદેપુર | ૨૨.૪૭ | ૭૬.૦૨ | ૪૬.૭૫ |
| ૧૧ | ખેડા | ૯૪.૮૦ | ૧૮૪.૫૧ | ૧૯૪.૭૪ |
| ૧૨ | દાહોદ | ૪૩.૪૧ | ૮૩.૦૫ | ૪૧.૫૧ |
| ૧૩ | મહીસાગર | ૨૬.૦૫ | ૭૮.૯૨ | ૯૧.૫૦ |
| ૧૪ | પંચમહાલ | ૨૬.૪૯ | ૧૮૩.૩૭ | ૧૩૮.૧૭ |
| ૧૫ | વલસાડ | ૪૧.૭૬ | ૫૫.૮૦ | ૨૪.૭૨ |
| ૧૬ | સુરત | ૧૩૦.૧૮ | ૧૮૩.૭૪ | ૧૬૨.૭૩ |
| ૧૭ | નવસારી | ૩૭.૪૪ | ૧૪૦.૧૯ | ૬.૮૮ |
| ૧૮ | ભરૂચ | ૧૨૨.૨૯ | ૧૯૭.૯૭ | ૨૧૭.૮૮ |
| ૧૯ | તાપી | ૭૪.૪૦ | ૪૭.૭૫ | ૧૯.૫૧ |
| ૨૦ | ડાંગ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૧ | નર્મદા | ૩૧.૪૦ | ૪૦.૦૬ | ૪.૪૭ |
| ૨૨ | અમરેલી | ૩૦.૭૫ | ૪૩.૩૫ | ૮.૬૩ |
| ૨૩ | ભાવનગર | ૧૬૪.૯૯ | ૨૨૧.૨૫ | ૭૧.૨૨ |
| ૨૪ | બોટાદ | ૪૪.૮૮ | ૧૪.૪૭ | ૩૯.૪૯ |
| ૨૫ | દેવભૂમિ દ્વારકા | ૨૧.૨૯ | ૪૧.૪૩ | ૧૧.૩૨ |
| ૨૬ | ગીર સોમનાથ | ૫૨.૧૧ | ૪૧.૩૭ | ૧૩.૨૬ |
| ૨૭ | જામનગર | ૧૩૯.૦૮ | ૧૩૬.૪૧ | ૪.૨૮ |
| ૨૮ | જૂનાગઢ | ૧૫.૬૧ | ૨૯.૦૨ | ૧૨.૦૧ |
| ૨૯ | મોરબી | ૨૦૮.૯૨ | ૪૦.૦૧ | ૧૧૧.૪૫ |
| ૩૦ | પોરબંદર | ૩.૩૧ | ૧.૪૬ | ૯.૭૭ |
| ૩૧ | રાજકોટ | ૪૩.૮૩ | ૧૧૭.૬૦ | ૧૧૨.૮૩ |
| ૩૨ | સુરેન્દ્રનગર | ૬૩૦.૮૦ | ૭૪૨.૫૨ | ૬૭૧.૧૫ |
| ૩૩ | કચ્છ | ૨૪૭.૦૯ | ૪૨૩.૫૬ | ૯૨.૨૩ |
| | **સમગ્ર કુલ** | **૩૫૧૬.૭૦** | **૫૩૪૬.૬૯** | **૪૪૬૦.૧૧** |

**ખેડા અને આણંદ જિલ્લામાં કાર્યરત પાણી પુરવઠા યોજના**

અતારાંકિતઃ ૧૦૬૪૩ (૦૭-૧૨-૨૦૨૧) **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે,

(૨) ઉક્ત યોજનામાં તાલુકાવાર કેટલાં ગામો/ પરાઓનો સમાવેશ કરાયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાથી દરરોજ કેટલો સમય પાણી આપવામાં આવે છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૧૬-૦૨-૨૦૨૨)

(૧) અને (૨),

ખેડા અને આણંદ જિલ્લામાં નીચેની વિગતે બોર્ડ હસ્તકની જૂથ પાણી પુરવઠા યોજના કાર્યરત છે.

| ક્રમ | તાલુકા | તાલુકાવાર કાર્યરત જૂથ પાણી પુરવઠા યોજનાઓ | યોજનામાં સમાવિષ્ટ |
|---|---|---|---|

| | | | ગામ | પરા |
|---|---|---|---|---|
| | | જિલ્લો- ખેડા | | |
| ૧ | ખેડા | ૧ | ૩૨ | ૨૭ |
| ૨ | માતર | ૨ | ૪૭ | ૫૦ |
| ૩ | વસો | ૧ | ૪ | ૫ |
| ૪ | કઠલાલ | ૬ | ૫૭ | ૧૬૫ |
| ૫ | કપડવંજ | ૪ | ૧૦૩ | ૨૪૦ |
| ૬ | મહુધા | ૨ | ૨ | ૩ |
| ૭ | ઠાસરા | ૪ | ૨૪ | ૫૪ |
| ૮ | ગળતેશ્વર | ૨ | ૧૪ | ૨૮ |
| ૯ | મહેમદાવાદ | ૨ | ૨૦ | ૪૭ |

| ક્રમ | તાલુકા | તાલુકાવાર કાર્યરત જૂથ પાણી પુરવઠા યોજનાઓ | યોજનામાં સમાવિષ્ટ | |
|---|---|---|---|---|
| | | | ગામ | પરા |
| | | જિલ્લો- આણંદ | | |
| ૧ | ખંભાત | ૬ | ૬૧ | ૯૦ |
| ૨ | તારાપુર | ૬ | ૪૨ | ૪ |
| ૩ | પેટલાદ | ૨ | ૭ | ૧૩ |
| ૪ | સોજીત્રા | ૪ | ૧૫ | ૨૨ |
| ૫ | બોરસદ | ૧ | ૧૫ | ૨૮ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનામાંથી દરરોજ નીચે દર્શાવેલ સમય મુજબ પાણી પુરવઠો આપવામાં આવે છે.

| ક્રમ | જૂથ યોજનાનું નામ | સરેરાશ કલાક (આશરે) |
|---|---|---|
| | જિલ્લો- ખેડા | |
| ૧ | વાત્રક | ૦૪ |
| ૨ | પરીએજ | ૧૮ |
| ૩ | નગરામા | ૧૦.૫ |
| ૪ | રવદાવત | ૦૯ |
| ૫ | દાણા | ૦૬ |
| ૬ | રામપુરા-લક્ષ્મણપુરા | ૨૧ |
| ૭ | કપડવંજ-લસુન્દ્રા | ૨૧ |
| ૮ | વનોડા | ૧૮ |
| ૯ | ખીજલપુર | ૦૮ |
| ૧૦ | બાધરપુર | ૬.૫ |
| ૧૧ | મહેમદાવાદ ભાગ-૧ | ૧૨ |
| ૧૨ | મહેમદાવાદ ભાગ-૨ | ૧૨ |
| ૧૩ | કપડવંજ- સાઉથ ઝોન | ૦૫ |
| ૧૪ | ફાગવેલ | ૨૧ |

| ક્રમ | જૂથ યોજનાનું નામ | સરેરાશ કલાક (આશરે) |
|---|---|---|
| | જિલ્લો- આણંદ | |
| ૧ | મિલરામપુરા | ૧૮ થી ૨૦ |
| ૨ | ગોરાડ | ૧૮ થી ૨૦ |
| ૩ | વાંકતળાવ | ૧૮ થી ૨૦ |
| ૪ | કાણીસા | ૧૮ થી ૨૦ |
| ૫ | લુણેજ-માલાસોની | ૧૮ થી ૨૦ |

તા. ૨૮મી માર્ચ ૨૦૨૫

અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

| | | |
|---|---|---|
| ૬ | ધુવારણ | ૧૮ થી ૨૦ |
| ૭ | ભાલ પ્રદેશ | ૧૮ થી ૨૦ |
| ૮ | પંડોળી | ૧૮ થી ૨૦ |
| ૯ | ડભોઉ-દેવા-વાંટા | ૦૮ |
| ૧૦ | રાસ | ૧૨ થી ૧૬ |
| ૧૧ | મેઘલપુર | ૦૬ |
| ૧૨ | પરીએજ (જિ.ખેડા) | ૦૯ થી ૧૩ |

- - - - - - - -

**રાજ્યમાં ભૂગર્ભજળ સપાટી ઉંડી ઉતરવા બાબત**

અતારાંકિતઃ ૧૦૮૦૩ (૨૩-૧૨-૨૦૨૧) **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના કયા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ભૂગર્ભજળ સપાટી કેટલી ઉંડી ઉતરી છે,

(૨) ભૂગર્ભજળ સપાટી ઉંડી ઉતરવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓની ભૂગર્ભજળ સપાટી ઉંચી લાવવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**જળસંપત્તિ મંત્રીશ્રી:** (૨૩-૦૨-૨૦૨૨)

(૧) ગુજરાત રાજ્યમાં તા.૩૧-૦૫-૨૦૨૧ની સ્થિતિએ નીચે છેલ્લા ત્રણ વર્ષમાં નીચે દર્શાવેલ ૧૯(ઓગણીસ) જિલ્લાઓમાં ભૂગર્ભજળની સપાટી નીચે ગયેલ છે :

(૧) આણંદઃ ૦.૦૫ મી., (૨) બનાસકાંઠાઃ ૦.૧૨ મી., (૩) સુરેન્દ્રનગરઃ ૦૨૯ મી., (૪) વલસાડઃ ૦.૪૦ મી., (૫) છોટાઉદેપુરઃ ૦.૪૫ મી., (૬) તાપીઃ ૦.૪૭ મી. (૭) દેવભૂમિ દ્વારકાઃ ૦.૪૭ મી., (૮) નવસારીઃ ૦.૭૨ મી., (૯) ખેડાઃ ૦.૭૮ મી., (૧૦) દાહોદઃ ૦.૮૬મી., (૧૧) ડાંગઃ ૦.૯૪ મી., (૧૨) પંચમહાલઃ ૧.૪૪ મી., (૧૩) ગીર સોમનાથઃ ૨.૨૨ મી., (૧૪) મહીસાગરઃ ૨.૩૭ મી., (૧૫) કચ્છઃ ૨.૩૯ મી., (૧૬) ગાંધીનગરઃ ૨.૫૫ મી., (૧૭) સાબરકાંઠાઃ ૩.૫૧ મી., (૧૮) જૂનાગઢઃ ૩.૯૩ મી. અને (૧૯) અરવલ્લીઃ ૪.૫૬ મી.

(૨) ભૂગર્ભજળ સપાટી ઉંડી ઉતરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

ઓછો વરસાદ તેમજ ભૂગર્ભ જળનો દિન પ્રતિદિન વધતો જતા વપરાશને કારણે ભૂગર્ભ જળસપાટી ઉંડી ઉતરે છે.

(૩) ભુગર્ભજળ સપાટી ઉંચી લાવવા સૂક્ષ્મ સિંચાઈના કામો, સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત જળસંચયના કામો, રેઈનવોટર હાર્વેસ્ટીંગના કામો હાથ ધરવામાં આવે છે. તથા લોકોને ભૂગર્ભજળનો વપરાશ ઓછો કરવા તથા ભૂગર્ભ જળ રીચાર્જ વધુ થાય તેવા પ્રયાસો કરવા માહિતગાર કરવામાં આવે છે. ભુગર્ભજળના વપરાશમાં ઘટાડો થાય તથા સપ્લાયમાં વધારો થાય તે પ્રકારની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

- - - - - - - -

**ખેડા જિલ્લામાં મહી સિંચાઈ સંચાલિત પાણીના નિકાલ માટેની કાંસો**

અતારાંકિતઃ ૧૧૦૯૨ (૧૫-૦૩-૨૦૨૨) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ ખેડા જિલ્લાના વસો, માતર અને ખેડા તાલુકામાં મહી સિંચાઈ યોજના સંચાલિત પાણીનો નિકાલ કરવા માટેની કેટલી કાંસો આવેલી છે,

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ઉક્ત પૈકી કેટલી કાંસોનું સમારકામ કરવામાં આવ્યું છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પેટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૨૨-૦૨-૨૦૨૨)

અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

(૧) તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ ખેડા જિલ્લાના માતર, વસો અને ખેડા તાલુકામાં મહી સિંચાઈ યોજના આધારીત નીચે મુજબની કાંસો આવેલી છે.

| ક્રમ | તાલુકો | કાંસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | માતર | ૮૭ |
| ૨ | વસો | ૧૪ |
| | **કુલ** | **૧૦૧** |

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ઉક્ત પૈકી નીચે મુજબની કાંસોનું સમારકામ કરવામાં આવ્યું છે.

| ક્રમ | તાલુકો | ૨૦૧૯-૨૦૨૦ | ૨૦૨૦-૨૦૨૧ | ૨૦૨૧-૨૦૨૨ |
|---|---|---|---|---|
| ૧ | માતર | ૧૩ | ૧૫ | ૦૯ |
| ૨ | વસો | ૦૧ | ૦૨ | ૦૧ |
| | **કુલ** | **૧૪** | **૧૭** | **૧૦** |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાંસના સમારકામ પેટે નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | તાલુકો | ૨૦૧૯-૨૦૨૦ (રૂ. લાખમાં) | ૨૦૨૦-૨૦૨૧ (રૂ. લાખમાં) | ૨૦૨૧-૨૦૨૨ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | માતર | ૯.૩૬ | ૩૨.૦૨ | ૧૧.૩૮ |
| ૨ | વસો | ૧.૧૦ | ૧.૮૯ | ૦.૪૫ |
| | **કુલ** | **૧૦.૪૬** | **૩૩.૯૧** | **૧૧.૮૩** |

- - - - - - - -

**છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાના ડેમોમાં કાંપ કાઢવા બાબત**

અતારાંકિતઃ ૧૧૩૪૭ (૩૧-૦૩-૨૦૨૨) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર કયા કયા ડેમોમાં કાંપ જમા થયો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડેમવાર કેટલો કાંપ કાઢવામાં આવ્યો, અને

(૩) ઉક્ત બાકી ડેમોમાં કાંપ કાઢવાનું શું આયોજન છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૧૪-૦૩-૨૦૨૨)

(૧) દરેક જળાશયમાં ચોમાસા દરમ્યાન પાણીના આવરા સાથે ઓછાવત્તા પ્રમાણમાં કાંપ આવતો હોય છે. દર વર્ષે આ જથ્થામાં ફેરફાર થતો હોય છે.

(૨) શૂન્ય.

(૩) દર વર્ષે સ્થળ સ્થિતિ અને જરૂરિયાત મુજબ કાંપ કાઢવાની કામગીરીનું આયોજન કરવામાં આવે છે.

- - - - - - - -

**વડોદરા અને ભરૂચ જિલ્લામાં ગૌચરની જમીનમાંથી વૃક્ષો કાપવા બાબત**

અતારાંકિતઃ ૮૫૨૧ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ પંચાયત હસ્તકના ગૌચરની જમીનના વૃક્ષો કાપી હરાજી કરતા પહેલા તેની અંદાજી કિંમત વન ખાતા પાસે તૈયાર કરાવ્યા પછી જ અપસેટ પ્રાઈસે તેનું વેચાણ કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વડોદરા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં ઉક્ત જોગવાઈનો અમલ કર્યા સિવાય ગૌચરની જમીનમાં ઉગેલા કેટલા વૃક્ષો કાપીને હરાજી કરવામાં આવી,

(૩) તે માટે જવાબદારો સામે શાં પગલા લેવાયા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જોગવાઈનો અમલ કરવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૩-૦૨-૨૦૨૨)

(૧) હા.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં કાર્યરત ગૌચર દબાણ સેલ**

અતારાંકિતઃ ૮૫૯૦ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં ગૌચર દબાણ સેલ કાર્યરત છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણ સેલ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ગેરકાયદે ગૌચર દબાણો દૂર કરી કેટલી જમીન છુટી કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ગૌચર દબાણ દૂર કરવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી ગૌચર દબાણો ક્યા સુધીમાં દૂર કરવાનું આયોજન છે?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૩-૦૨-૨૦૨૨)

(૧) દબાણ શાખા કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ દબાણ શાખાની રાહબરી અને માર્ગદર્શન હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૨૩ ગૌચર દબાણો દૂર કરી ૨૯.૯૬.૭૦ હે.આરે.પ્ર. જમીન તથા બોટાદ જિલ્લામાં કુલ ૪ ગૌચર દબાણો દૂર કરી ૦૪.૪૩.૨૯ હે.આરે.પ્ર. જમીન છુટી કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ૧ (૦.૦૨.૦૦ હે.આરે.પ્ર) તથા બોટાદ જિલ્લામાં ૧૨૫ (૧૧૮.૭૨.૫૨ હે.આરે.પ્ર.) ગૌચર દબાણો દૂર કરવાના બાકી છે.

(૪) સુરેન્દ્રનગર જિલ્લાનાં દબાણો બાબતે નામ.કોર્ટમાં કેસ દાખલ થેયલ હોઈ, કોર્ટનાં ચુકાદા આવ્યેથી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે. બોટાદ જિલ્લાનાં ૧૨૫ (૧૧૮.૭૨.૫૨ હે.આરે.પ્ર.) ગૌચર દબાણો પૈકી ૧૯ (૨૧.૩૬.૯૭ હે.આરે.પ્ર.) ગૌચર દબાણો તા.૩૧-૦૫-૨૦૨૧ના રોજ દૂર કરવામાં આવેલ છે. બાકી રહેલ ૯૭.૩૫.૫૫ હે.આરે.પ્ર. ગૌચર જમીન પરનાં દબાણો પૈકી રાણપુર તાલુકાની ૬૩.૨૭.૯૦ હે.આરે.પ્ર. ગૌચર દબાણવાળી જમીનની માપણી કરાવચાં ૨૨.૭૬.૫૩ હે.આરે.પ્ર. ગૌચર જમીન તથા ૪૦.૫૧.૩૭ હે.આરે.પ્ર. સરકારી પડતર જમીન હોવાનું માલુમ પડેલ છે. આમ, બાકી રહેલ ૧૦૬ (૫૬.૮૪.૧૮ હે.આરે.પ્ર.) ગૌચર જમીન પરનાં દબાણો સંબંધે કેટલાક કિસ્સાઓમાં નામ.કોર્ટમાં કેસ દાખલ થયેલ હોઈ, નામ. કોર્ટનાં ચુકાદા આવ્યેથી તેમજ કેટલાક કિસ્સાઓમાં આનુષાંગિક કાર્યવાહી ચાલુ હોય, કાર્યવાહી પૂર્ણ થયેથી.

- - - - - - - -

**આણંદ અને મહીસાગર જિલ્લામાં ગૌચર દબાણ સેલ**

અતારાંકિતઃ ૮૭૯૪ (૧૧-૦૧-૨૦૨૧) **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ આણંદ અને મહીસાગર જિલ્લામાં જિલ્લા અને તાલુકા ગૌચર દબાણ સેલની રચના કરાઈ છે કે કેમ,

(૨) જો ના, તો તેના શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની રચના ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૩-૦૨-૨૦૨૨)

(૧) અને (૨) જિલ્લામાં દબાણ શાખા કાર્યરત છે. જ્યારે તાલુકામાં વિસ્તરણ અધિકારી દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**દાહોદ અને વડોદરા જિલ્લામાં ગૌચર દબાણ સેલ**

અતારાંકિતઃ ૮૮૧૨ (૧૧-૦૧-૨૦૨૧) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ દાહોદ અને વડોદરા જિલ્લામાં જિલ્લા અને તાલુકા ગૌચર દબાણ સેલની રચના કરાઈ છે કે કેમ,

(૨) જો ના, તો તેના શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની રચના ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૩-૦૨-૨૦૨૨)

(૧) અને (૨) જિલ્લામાં દબાણ શાખા કાર્યરત છે. જ્યારે તાલુકામાં વિસ્તરણ અધિકારી માફરત મોનીટરીંગ કરવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદ, આણંદ અને અરવલ્લી જિલ્લામાં ગૌચર દબાણો રજિસ્ટરમાં નોંધવા બાબત**

અતારાંકિતઃ ૧૦૧૪૧ (૦૫-૦૮-૨૦૨૧) **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ, આણંદ અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર દબાણ રજિસ્ટરમાં કેટલા ગૌચર દબાણો નોંધવાના બાકી છે ?

(૨) ઉક્ત દબાણો દબાણ રજિસ્ટરમાં ન નોંધવાના શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગૌચર દબાણો ક્યાં સુધીમાં દબાણ રજિસ્ટરમાં નોંધવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) એક પણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત નથી.

**જૂનાગઢ, ખેડા અને કચ્છ જિલ્લામાં ગૌચર દબાણો રજિસ્ટરમાં નોંધવા બાબત**

અતારાંકિતઃ ૧૦૧૯૫ (૦૫-૦૮-૨૦૨૧) **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ, ખેડા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર દબાણ રજિસ્ટરમાં કેટલા ગૌચર દબાણો નોંધવાના બાકી છે ?

(૨) ઉક્ત દબાણો દબાણ રજિસ્ટરમાં ન નોંધવાના શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગૌચર દબાણો ક્યાં સુધીમાં દબાણ રજિસ્ટરમાં નોંધવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) એક પણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત નથી.

--------

**ભરૂચ, ભાવનગર અને છોટાઉદેપુર જિલ્લામાં ગૌચર દબાણો રજિસ્ટરમાં નોંધવા બાબત**

અતારાંકિતઃ ૧૦૨૫૩ (૦૫-૦૮-૨૦૨૧) **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ, ભાવનગર અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર દબાણ રજિસ્ટરમાં કેટલા ગૌચર દબાણો નોંધવાના બાકી છે ?

(૨) ઉક્ત દબાણો દબાણ રજિસ્ટરમાં ન નોંધવાના શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગૌચર દબાણો ક્યાં સુધીમાં દબાણ રજિસ્ટરમાં નોંધવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) એક પણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત નથી.

--------

**વડોદરા, સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગૌચર દબાણો રજિસ્ટરમાં નોંધવા બાબત**

અતારાંકિતઃ ૧૦૨૫૫ (૦૫-૦૮-૨૦૨૧) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા, સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર દબાણ રજિસ્ટરમાં કેટલા ગૌચર દબાણો નોંધવાના બાકી છે ?

(૨) ઉક્ત દબાણો દબાણ રજિસ્ટરમાં ન નોંધવાના શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગૌચર દબાણો ક્યાં સુધીમાં દબાણ રજિસ્ટરમાં નોંધવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) એક પણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**તાપી, પાટણ અને વલસાડ જિલ્લામાં ગૌચર દબાણો રજિસ્ટરમાં નોંધવા બાબત**

અતારાંકિતઃ ૧૦૨૬૭ (૦૫-૦૮-૨૦૨૧) **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ તાપી, પાટણ અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર દબાણ રજિસ્ટરમાં કેટલા ગૌચર દબાણો નોંધવાના બાકી છે ?

(૨) ઉક્ત દબાણો દબાણ રજિસ્ટરમાં ન નોંધવાના શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગૌચર દબાણો ક્યાં સુધીમાં દબાણ રજિસ્ટરમાં નોંધવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) એક પણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં જિલ્લાવાર વિલના આધારે જમીનોમાં નોંધ**

અતારાંકિતઃ ૨૯૧૮ (૦૨-૧૧-૨૦૧૮) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર વિલના આધારે કેટલી જમીનોમાં નોંધ પાડવામાં આવી,

(૨) ઉક્ત પાડવામાં આવેલ નોંધમાં જિલ્લાવાર ખેડૂતો કેટલા અને બિનખેડૂતો કેટલા છે, અને

(૩) બિનખેડૂતની વિલના આધારે નોંધ પાડી ગેરકાયદેસર ખેડૂત બનતા અટકાવવા સરકારે શું અયોજન કરેલ છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૫-૦૨-૨૦૨૨)

(૧) પત્રક-અ મુજબ.

(૨) પત્રક-બ મુજબ.

(૩) વિલના આધારે નોંધ દાખલ કરતા પહેલા જરૂરી નિયમોનુસારના આધારો અરજી સાથે સ્વિકારવામાં આવે છે. તેમજ ખેડૂત હોવાના આધારો રજૂ ન કરવાના કિસ્સામાં નોંધ નામંજૂર કરવામાં આવે છે. બિનખેડૂતના કિસ્સામાં ગણોતધારા
કલમ-૬૩ના ભંગ બદલ ગણોતધારાની કલમ-૮૪ (સી)ની કાર્યવાહી માટે મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનનો કાયદો-૧૯૪૮માં જોગવાઈ કરેલ છે.

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | ૨૦૧૭ | ૨૦૧૮ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૦૪ | ૧૧૬ | ૧૦૫ | ૯૨ | ૧૦૪ | ૫૨૧ |
| ૨ | અમરેલી | ૨૧ | ૩૦ | ૨૯ | ૧૬ | ૨૪ | ૧૨૦ |
| ૩ | આણંદ | ૨૨૩ | ૨૧૫ | ૧૫૦ | ૧૪૯ | ૧૭૭ | ૯૧૪ |
| ૪ | બનાસકાંઠા | ૧૯ | ૧૬ | ૧૭ | ૨૫ | ૨૭ | ૧૦૪ |
| ૫ | ભરૂચ | ૧૨૫ | ૧૦૫ | ૧૦૯ | ૧૦૮ | ૧૩૨ | ૫૭૯ |
| ૬ | ભાવનગર | ૧૩ | ૧૮ | ૧૫ | ૯ | ૧૨ | ૬૭ |
| ૭ | દાહોદ | ૪૬ | ૨૧ | ૧૩ | ૧૫ | ૨૧ | ૧૧૬ |
| ૮ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | ૩ |
| ૯ | ગાંધીનગર | ૬૮ | ૬૮ | ૪૯ | ૪૮ | ૬૨ | ૨૯૫ |
| ૧૦ | જામનગર | ૧૬ | ૨૬ | ૨૮ | ૨૨ | ૪૧ | ૧૩૩ |
| ૧૧ | જૂનાગઢ | ૨૯ | ૩૧ | ૨૫ | ૨૫ | ૧૯ | ૧૨૯ |
| ૧૨ | કચ્છ | ૧૨૧ | ૧૦૦ | ૧૧૭ | ૧૦૫ | ૮૫ | ૫૨૮ |
| ૧૩ | ખેડા | ૧૬૧ | ૧૪૧ | ૯૪ | ૮૦ | ૯૧ | ૫૬૭ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | મહેસાણા | ૬૪ | ૬૦ | ૬૫ | ૪૪ | ૬૦ | ૨૯૩ |
| ૧૫ | નર્મદા | ૬ | ૨૧ | ૨૦ | ૧૩ | ૧૨ | ૭૨ |
| ૧૬ | નવસારી | ૧૪૫ | ૧૩૮ | ૧૧૩ | ૧૧૨ | ૧૩૨ | ૬૪૦ |
| ૧૭ | પંચમહાલ | ૮૬ | ૭૪ | ૪૪ | ૬૫ | ૬૪ | ૩૩૩ |
| ૧૮ | પાટણ | ૨૧ | ૧૨ | ૨૭ | ૨૧ | ૨૫ | ૧૦૬ |
| ૧૯ | પોરબંદર | ૭ | ૧ | ૬ | ૮ | ૨ | ૨૪ |
| ૨૦ | રાજકોટ | ૧૯૭ | ૧૨૮ | ૫૦ | ૨૮ | ૩૨ | ૪૩૫ |
| ૨૧ | સાબરકાંઠા | ૪૧ | ૩૭ | ૪૨ | ૨૮ | ૧૯ | ૧૬૭ |
| ૨૨ | સુરત | ૧૯૪ | ૨૨૫ | ૨૦૧ | ૧૫૨ | ૨૩૭ | ૧૦૦૯ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૬૧ | ૪૯ | ૪૯ | ૪૨ | ૪૯ | ૨૫૦ |
| ૨૪ | વડોદરા | ૧૧૬ | ૯૬ | ૭૮ | ૭૮ | ૯૯ | ૪૬૭ |
| ૨૫ | વલસાડ | ૪૯ | ૬૧ | ૧૦૦ | ૮૯ | ૬૮ | ૩૬૭ |
| ૨૬ | તાપી | ૭૧ | ૭૯ | ૬૧ | ૫૬ | ૫૫ | ૩૨૨ |
| ૨૭ | બોટાદ | ૮ | ૯ | ૬ | ૩ | ૬ | ૩૨ |
| ૨૮ | મોરબી | ૨૭ | ૨૧ | ૧૭ | ૮ | ૨૧ | ૯૪ |
| ૨૯ | દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૭ | ૮ | ૭ | ૧૨ | ૪૬ |
| ૩૦ | ગીર સોમનાથ | ૫૧ | ૨૮ | ૮ | ૫ | ૪ | ૯૬ |
| ૩૧ | અરવલ્લી | ૧૯ | ૨૨ | ૧૨ | ૧૩ | ૧૬ | ૮૨ |
| ૩૨ | મહીસાગર | ૨૩ | ૨૨ | ૨૧ | ૧૩ | ૧૩ | ૯૨ |
| ૩૩ | છોટાઉદેપુર | ૬૧ | ૧૫ | ૧૬ | ૧૪ | ૧૦ | ૧૧૬ |
| | **કુલ** | **૨૨૦૫** | **૧૯૯૨** | **૧૬૯૫** | **૧૪૯૪** | **૧૭૩૩** | **૯૧૧૯** |

**પત્રક-બ**

| ક્રમ | જિલ્લાનું નામ | ખેડૂત | બિનખેડૂત |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૨૧ | ૦ |
| ૨ | અમરેલી | ૧૨૫ | ૪ |
| ૩ | આણંદ | ૯૧૪ | ૦ |
| ૪ | બનાસકાંઠા | ૧૦૧ | ૩ |
| ૫ | ભરૂચ | ૬૦૭ | ૦ |
| ૬ | ભાવનગર | ૮૧ | ૧ |
| ૭ | દાહોદ | ૧૬૦ | ૦ |
| ૮ | ડાંગ | ૧૧ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૨૯૫ | ૦ |
| ૧૦ | જામનગર | ૧૫૩ | ૦ |
| ૧૧ | જૂનાગઢ | ૧૩૦ | ૦ |
| ૧૨ | કચ્છ | ૪૯૮ | ૦ |
| ૧૩ | ખેડા | ૩૧૬ | ૫ |
| ૧૪ | મહેસાણા | ૨૯૩ | ૦ |
| ૧૫ | નર્મદા | ૭૧ | ૦ |
| ૧૬ | નવસારી | ૩૬૬ | ૦ |
| ૧૭ | પંચમહાલ | ૩૧૬ | ૦ |
| ૧૮ | પાટણ | ૧૨૫ | ૦ |
| ૧૯ | પોરબંદર | ૨૩ | ૦ |
| ૨૦ | રાજકોટ | ૪૩૫ | ૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૭૨ | ૦ |
| ૨૨ | સુરત | ૧૧૦૨ | ૪૫ |

| ક્રમ | જિલ્લાનું નામ | ખેડૂત | બિનખેડૂત |
|---|---|---|---|
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૫૦ | ૦ |
| ૨૪ | વડોદરા | ૩૦૬ | ૦ |
| ૨૫ | વલસાડ | ૩૬૭ | ૦ |
| ૨૬ | તાપી | ૧૫૬ | ૦ |
| ૨૭ | બોટાદ | ૩૦ | ૨ |
| ૨૮ | મોરબી | ૯૪ | ૦ |
| ૨૯ | દેવભૂમિ દ્વારકા | ૪૫ | ૨ |
| ૩૦ | ગીર સોમનાથ | ૪૨ | ૫૧ |
| ૩૧ | અરવલ્લી | ૮૩ | ૦ |
| ૩૨ | મહીસાગર | ૯૨ | ૦ |
| ૩૩ | છોટાઉદેપુર | ૧૦૩ | ૦ |
| | **કુલ** | **૮૩૮૩** | **૧૧૩** |

\- - - - - - - -

**દાહોદ જિલ્લામાં સરકારી જમીનમાં શરતભંગના કેસો**

અતારાંકિતઃ ૮૦૪૧ (૦૪-૧૨-૨૦૨૦) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર સરકારી જમીનમાં શરતભંગ બદલ કેટલા કેસો ધ્યાન પર આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ શરતભંગ બદલ શાં પગલાં લેવામાં આવ્યા,

(૩) તે અન્વયે તાલુકાવાર કેટલી રકમનો દંડ વસૂલ થયો, અને

(૪) તાલુકાવાર કેટલી સરકારી જમીનો પરત લેવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૯-૦૨-૨૦૨૨)

(૧)

| તાલુકાનું નામ | વર્ષ | શરતભંગના કેસોની સંખ્યા |
|---|---|---|
| ઝાલોદ | ૨૦૧૭-૧૮ | ૦૮ |
| | ૨૦૧૮-૧૯ | ૦૦ |
| | ૨૦૧૯-૨૦ | ૦૩ |
| | **કુલ** | **૧૧** |

(૨) શરતભંગ થયેલ જમીનમાં બિનઅધિકૃત રીતે પ્રવેશ કરનારને દબાણ દૂર કરવા નોટિસ આપી સદર જમીન સરકારી હેડે દાખલ કરવામાં આવેલ છે અને ઉપજ દંડ વસૂલ કરવામાં આવેલ છે.

(૩) ઝાલોદ તાલુકામાં રૂ.૨૦૪૯૮/- (અંકે રૂપિયા વીસ હજાર ચારસો અઠ્ઠાણું પૂરા)નો દંડ વસૂલ થયો.

(૪) ઝાલોદ તાલુકામાં હે.આરે.ચો.મી. ૧૨.૩૧.૧૭ જમીન પરત લેવામાં આવી.

\- - - - - - - -

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં સરકારી જમીનમાં શરતભંગના કેસો**

અતારાંકિતઃ ૮૦૪૩ (૦૪-૧૨-૨૦૨૦) **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર સરકારી જમીનમાં શરતભંગ બદલ કેટલા કેસો ધ્યાન પર આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ શરતભંગ બદલ શાં પગલાં લેવામાં આવ્યા,

(૩) તે અન્વયે તાલુકાવાર કેટલી રકમનો દંડ વસૂલ થયો, અને

(૪) તાલુકાવાર કેટલી સરકારી જમીનો પરત લેવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૯-૦૨-૨૦૨૨)

(૧) દાહોદ

| વર્ષ | શરતભંગના કેસોની સંખ્યા |
| --- | --- |
| ૨૦૧૭-૧૮ | ૦૮ |
| ૨૦૧૮-૧૯ | ૦૦ |
| ૨૦૧૯-૨૦ | ૦૩ |
| **કુલ** | **૧૧** |

પંચમહાલ શૂન્ય

(૨)

| | |
| --- | --- |
| દાહોદ | શરતભંગ થયેલ જમીનમાં બિનઅધિકૃત રીતે પ્રવેશ કરનારને દબાણ દૂર કરવા નોટિસ આપી સદર જમીન સરકારી હેડે દાખલ કરવામાં આવેલ છે અને ઉપજ દંડ વસૂલ કરવામાં આવેલ છે. |
| પંચમહાલ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩)

| | |
| --- | --- |
| દાહોદ | ઝાલોદ તાલુકામાં રૂ.૨૦૪૯૮/- (અંકે રૂપિયા વીસ હજાર ચારસો અઠ્ઠાણું પૂરા)નો દંડ વસૂલ થયો. |
| પંચમહાલ | પ્રશ્ન નથી. |

(૪)

| | |
| --- | --- |
| દાહોદ | ઝાલોદ તાલુકામાં હે.આરે.ચો.મી.૧૨.૩૧.૧૭ જમીન પરત લેવામાં આવી. |
| પંચમહાલ | પ્રશ્ન નથી. |

- - - - - - - -

**નર્મદા જિલ્લામાં સરકારી જમીનમાં શરતભંગના કેસો**

અતારાંકિતઃ ૮૦૫૨ (૦૪-૧૨-૨૦૨૦) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નર્મદા જિલ્લામાં તાલુકાવાર સરકારી જમીનમાં શરતભંગના કેટલા કેસો ધ્યાન પર આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ શરતભંગ બદલ શાં પગલાં લેવામાં આવ્યા,

(૩) તે અન્વયે તાલુકાવાર કેટલી રકમનો દંડ વસૂલ થયો, અને

(૪) તાલુકાવાર કેટલી સરકારી જમીનો પરત લેવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૯-૦૨-૨૦૨૨)

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નર્મદા અને જામનગર જિલ્લામાં પશુ ચરિયાણ માટે વસ્તીના પ્રમાણમાં ગૌચર જમીન**

અતારાંકિતઃ ૮૯૬૭ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નર્મદા અને જામનગર જિલ્લામાં તાલુકાવાર રાજ્ય સરકારના પ્રસ્થાપિત ૧૦૦ પ્રાણદીઠ ૪૦ એકર મુજબ કેટલા ગામોમાં પશુના ચરિયાણ માટે વસ્તીના પ્રમાણમાં કેટલી ગૌચર જમીન હોવી જરૂરી છે,

(૨) તે સામે ઉક્ત તાલુકાઓમાં કેટલી ગૌચર જમીન ઉપલબ્ધ છે,

(૩) ઉક્ત સ્થિતિએ જે ગામોમાં ગૌચરની જમીન ઓછી છે ત્યાં વૈકલ્પિક જમીન ફાળવવા/નીમ કરવા છેલ્લા ત્રમ વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) તે જમીનો ક્યાં સુધીમાં નીમ કરવામાં આવનાર છે?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૯-૦૨-૨૦૨૨)

(૧) સામેલ પત્રકના કોલમ-૫ મુજબ.

(૨) સામેલ પત્રકના કોલમ-૬ મુજબ.

(૩) સામેલ પત્રકના કોલમ-૭ મુજબ.

(૪) સામેલ પત્રકના કોલમ-૮ મુજબ.

**પત્રક**

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **ગામની સંખ્યા** | **તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નર્મદા અને જામનગર જિલ્લામાં તાલુકાવાર રાજ્ય સરકારના પ્રસ્થાપિત ૧૦૦ પ્રાણીદીઠ ૪૦ એકર મુજબ કેટલા ગામોમાં પશુના ચરિયાણ માટે વસ્તીના પ્રમાણમાં કેટલી ગૌચર જમીન હોવી જરૂરી છે** | **તે સામે ઉક્ત તાલુકાઓમાં કેટલી ગૌચર જમીન ઉપલબ્ધ છે.** | **ઉક્ત સ્થિતિએ જે ગામમાં ગૌચરની જમીન ઓછી છે ત્યાં વૈકલ્પિક જમીન ફાળવવા/નીમ કરવા છેલ્લા ત્રણ વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને** | **તે જમીનો ક્યાં સુધીમાં નીમ કરવામાં આવનાર છે ?** |
|---|---|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** |
| ૧ | નર્મદા | નાંદોદ | ૧૦૨ | એ.૨૭૬૦૦-૦૦ ગુંઠા | એ.૭૨૮૪-૦૦ ગુંઠા | ઉક્ત તાલુકાઓમાં ગૌચરની જમીન નીમ કરવા બાબતે પંચાયત તરફથી કોઈ માંગણી થયેલ નથી. | સંબંધિત પંચાયત તરફથી માંગણી થયેલ ન હોઈ હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | | તિલકવાડા | ૯૭ | એ.૧૬૨૨૪-૦૦ ગુંઠા | એ.૭૫૩-૦૦ ગુંઠા | | |
| | | ગરૂડેશ્વર | ૮૬ | એ.૨૭૬૩૯-૦૦ ગુંઠા | એ.૨૪૧૩-૦૦ ગુંઠા | | |
| | | દેડીયાપાડા | ૧૩૪ | એ.૩૬૪૦૬-૦૦ ગુંઠા | એ.૪૪૩૨-૦૦ ગુંઠા | | |
| | | સાગબારા | ૯૫ | એ.૩૮૦૦-૦૦ ગુંઠા | એ.૪૬૧-૦૦ ગુંઠા | | |
| ૨ | જામનગર | જામનગર (ગ્રામ્ય) | ૧૦૦ | એ.૩૧૭૭૦-૦૦ ગુંઠા | એ.૧૭૫૯૭-૦૦ ગુંઠા | જામનગર જિલ્લામાં જોડિયા તાલુકાના રણજીતપર ગામ સિવાય અન્ય કોઈ ગામોમાં ગૌચરની જમીન નીમ કરવા બાબતે માંગણી રજૂ થયેલ નથી. રણજીતપર ગામે ગૌચર નીમ કરવાની કાર્યવાહી ચાલુ છે. | જામનગર જિલ્લામાં જોડીયા તાલુકાના રણજીતપર ગામે ગૌચર નીમ કરવાની કાર્યવાહી ચાલુ છે. તે સિવાયના ગામોએ ગ્રામ પંચાયત દ્વારા ગૌચરની જમીન નીમ કરવાની માંગણી કરવામાં આવેલ નથી. આથી હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | | કાલાવાડ | ૯૮ | એ.૨૫૪૦૩-૦૦ ગુંઠા | એ.૨૬૫૩૭-૦૦ ગુંઠા | | |
| | | ધ્રોલ | ૪૨ | એ.૧૧૦૬૯-૦૦ ગુંઠા | એ.૭૭૭૬-૦૦ ગુંઠા | | |
| | | જોડિયા | ૩૭ | એ.૧૦૩૫૨-૦૦ ગુંઠા | એ.૧૧૪૮૩-૩૩ ગુંઠા | | |
| | | લાલપુર | ૭૩ | એ.૨૭૨૦૯-૦૦ ગુંઠા | એ.૧૯૬૬૩-૦૬ ગુંઠા | | |
| | | જામજોધપુર | ૬૯ | એ.૨૯૯૫૨-૦૦ ગુંઠા | એ.૨૫૫૬૧-૧૫ ગુંઠા | | |

--------

## જૂનાગઢ, ખેડા અને કચ્છ જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકન દર/ભાડાથી સરકારી જમીન

અતારાંકિતઃ ૧૦૨૭૮ (૨૩-૦૮-૨૦૨૧) **શ્રી ગુલાબસિંહ રાજપુત** (થરાદ): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થતિએ જૂનાગઢ, ખેડા અને કચ્છ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કઈ શૈક્ષણિક સંસ્થાઓને કેટલી સરકારી જમીન ટોકન દર/ભાડાથી આપવામાં આવી હતી,

(૨) તે પૈકી ઉપરની સ્થિતિએ કઈ સંસ્થાઓએ શરતભંગ કરેલ છે,

(૩) શરતભંગ કરનારી સંસ્થાઓ સામે ઉક્ત સ્થિતિએ શા માટે પગલાં લેવાયા છે, અને

(૪) કઈ સંસ્થાઓ સામે પગલાં લેવામાં આવ્યા નથી અને તેના કારણો શા છે?

તા. ૨૮મી માર્ચ ૨૦૨૫

અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૯-૦૨-૨૦૨૨)

(૧) ઉક્ત સ્થિતિએ જૂનાગઢ, ખેડા અને કચ્છ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ શૈક્ષણિક સંસ્થાને સરકારી જમીન ટોકન દર/ભાડાથી આપવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં શૂન્ય ગૌચર**

અતારાંકિતઃ ૧૦૪૯૯ (૦૯-૦૯-૨૦૨૧) **શ્રી લલીત વસોયા** (ધોરાજી): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં બિલકુલ ગૌચર નથી અથવા શૂન્ય ગૌચર છે,

(૨) આ ગામોમાં ગૌચર શૂન્ય થવાના શા કારણો છે, અને

(૩) શૂન્ય ગૌચર સામે ખૂટતા ગૌચરની ફાળવણી ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૯-૦૨-૨૦૨૨)

(૧)

| **જિલ્લો** | **ગામની સંખ્યા** |
|---|---|
| રાજકોટ | ૫૬ (છપ્પન) |
| પોરબંદર | ૫ (પાંચ) |

(૨) સદરહું ગામોમાં પ્રથમ પ્રમોલગેશનથી જ ગૌચર નથી.

(૩)

| | |
|---|---|
| રાજકોટ | સંબંધિત પંચાયત તરફથી દરખાસ્ત રજૂ થયેલ ન હોવાથી હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| પોરબંદર | કુલ ૫(પાંચ) ગામો પૈકી એક ગામમાં ગૌચર નીમ કરવા અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ છે, નિયમાનુસારની પ્રક્રિયા અનુસરીને. અન્ય ગામોમાં સંબંધિત પંચાયત તરફથી દરખાસ્ત રજૂ થયેલ ન હોવાથી હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**મહીસાગર જિલ્લામાં શૂન્ય ગૌચર**

અતારાંકિતઃ ૧૦૫૨૨ (૦૯-૦૯-૨૦૨૧) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કેટલા ગામોમાં બિલકુલ ગૌચર નથી અથવા શૂન્ય ગૌચર છે,

(૨) આ ગામોમાં ગૌચર શૂન્ય થવાના શા કારણો છે, અને

(૩) શૂન્ય ગૌચર સામે ખૂટતા ગૌચરની ફાળવણી ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૯-૦૨-૨૦૨૨)

(૧) કુલ ૨૨૮ ગામોમાં.

(૨) પ્રથમથી જ ગૌચર ઉપલબ્ધ ન હોવાથી.

(૩) સંબંધિત પંચાયતો તરફથી માંગણીઓ રજૂ થયેલ નથી, આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**નર્મદા જિલ્લામાં શૂન્ય ગૌચર**

અતારાંકિતઃ ૧૦૫૪૧ (૦૯-૦૯-૨૦૨૧) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં કેટલા ગામોમાં બિલકુલ ગૌચર નથી અથવા શૂન્ય ગૌચર છે,

(૨) આ ગામોમાં ગૌચર શૂન્ય થવાના શા કારણો છે, અને

(૩) શૂન્ય ગૌચર સામે ખૂટતા ગૌચરની ફાળવણી ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૯-૦૨-૨૦૨૨)

(૧) ૧૯૪

(૨) ઉક્ત ગામોમાં પ્રથમથી જ ગૌચર આવેલ નથી. પશુઓના ચરીયાણ માટે જંગલ વિસ્તાર ઉપલબ્ધ છે.

(૩) સંબંધિત ગ્રામ પંચાયત તરફથી ગૌચર નીમ કરવા માટે દરખાસ્ત મળેલ નથી. આથી હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**નર્મદા જિલ્લામાં પશુ ચરિયાણ માટે વસ્તીના પ્રમાણમાં ગૌચર જમીન**

અતારાંકિતઃ ૧૦૭૬૮ (૨૫-૦૧-૨૦૨૨) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૬-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારના પ્રસ્થાપિત ધોરણ મુજબ ૧૦૦ પ્રાણીદીઠ ગામમાં ૪૦ એકર જમીન પશુના ચરિયાણ માટે ગૌચર જમીન હોવી જોઈએ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે સામે નર્મદા જિલ્લામાં ઉક્ત ધોરણ મુજબ તાલુકાવાર કેટલી ગૌચર જમીન ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ જે ગામોમાં ગૌચર જમીન ઓછી છે ત્યાં વૈકલ્પિક જમીન ફાળવવા/નીમ કરવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૯-૦૨-૨૦૨૨)

(૧) હા, જી.

(૨)

| **તાલુકાનું નામ** | **ઉપલબ્ધ ગૌચર જમીન** |
|---|---|
| નાંદોદ | હે.૨૮૩૦-૬૨-૯૭ ચો.મી. |
| ગરૂડેશ્વર | હે.૧૩૧૯-૭૦-૬૮ ચો.મી. |
| તિલકવાડા | હે.૩૭૯-૩૧-૨૭ ચો.મી. |
| દેડીયાપાડા | હે.૧૪૨૦-૭૨-૭૧ ચો.મી. |
| સાગબારા | હે.૨૫૩-૧૨-૩૭ ચો.મી. |
| **કુલ** | **હે.૬૨૦૩-૫૦-૦૦ ચો.મી.** |

(૩) નર્મદા જિલ્લાના ૨૮૯ ગામોમાં પહેલાથી જ સરકારે ઠરાવેલ લઘુતમ જોગવાઈથી ઓછું ગૌચર આવેલ છે. આ ગામોમાં ગૌચરની જરૂરીયાત માટે સંબંધિત ગ્રામ પંચાયત તરફથી માંગણી થયેલ નથી, આથી હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**તાપી જિલ્લામાં પશુ ચરિયાણ માટે વસ્તીના પ્રમાણમાં ગૌચર જમીન**

તા. ૨૮મી માર્ચ ૨૦૨૫

અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

અતારાંકિતઃ ૧૦૭૭૪ (૨૩-૧૨-૨૦૨૧) **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૬-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારના પ્રસ્થાપિત ધોરણ મુજબ ૧૦૦ પ્રાણીદીઠ ગામમાં ૪૦ એકર જમીન પશુના ચરિયાણ માટે ગૌચર જમીન હોવી જોઈએ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે સામે તાપી જિલ્લામાં ઉક્ત ધોરણ મુજબ તાલુકાવાર કેટલી ગૌચર જમીન ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ જે ગામોમાં ગૌચરની જમીન ઓછી છે ત્યાં વૈકલ્પિક જમીન ફાળવવા/નીમ કરવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૪-૦૩-૨૦૨૨)

(૧) હા, જી.

(૨)

| **તાલુકાનું નામ** | **ગૌચર જમીન ઉપલબ્ધ (એ.ગું.)** |
|---|---|
| વ્યારા | ૬૯૧૦.૯૧ |
| ડોલવણ | ૩૯૨૧ |
| વાલોડ | ૬૬૮ |
| સોનગઢ | ૮૦૨૮ |
| ઉચ્છલ | ૯૫૦૨ |
| નિઝર | ૫૨૬.૪૩ |
| કુકરમુંડા | ૨૮૨ |
| **કુલ** | **૨૯૮૩૮.૩૪** |

(૩) ઓછું ગૌચર હોય, તે ગામોમાં વૈકલ્પિક જમીન ફાળવવા/નીમ કરવા પંચાયત વિભાગ તરફથી કોઈ દરખાસ્ત કરવામાં આવેલ નથી, આથી હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**ખેડા અને આણંદ જિલ્લામાં રસ્તા વિહોણા ગામો**

અતારાંકિતઃ ૧૦૬૩૦ (૧૭-૧૨-૨૦૨૧) **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ): **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લાના તાલુકાવાર કેટલા ગામો, પેટા પરાઓ પાકા રસ્તા વિહોણા છે, અને

(૨) રસ્તા વિહોણા ગામ, પેટા પરાઓને ક્યાં સુધીમાં રસ્તાથી જોડવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :** (૨૨-૦૨-૨૦૨૨)

(૧) તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર ગામો અને પરા/પેટા પરાઓ પાકા રસ્તા વિહોણા છે.

| **જિલ્લો** | **તાલુકો** | **ગામ** | **પરા/પેટા પરા** |
|---|---|---|---|
| ખેડા | મહેમદાવાદ | ૦ | ૭ |
| | મહુધા | ૦ | ૩ |
| | માતર | ૦ | ૨ |
| | ખેડા | ૦ | ૦ |
| | નડીયાદ | ૦ | ૨ |
| | વસો | ૦ | ૦ |
| | ઠાસરા | ૦ | ૧૦ |
| | ગળતેશ્વર | ૦ | ૦ |
| | કપડવંજ | ૦ | ૩૬ |
| | કઠલાલ | ૦ | ૪ |

| જિલ્લો | તાલુકો | ગામ | પરા / પેટા પરા |
|---|---|---|---|
| આણંદ | આણંદ | ૦ | ૦ |
| | ઉમરેઠ | ૦ | ૦ |
| | બોરસદ | ૦ | ૪ |
| | આંકલાવ | ૦ | ૦ |
| | પેટલાદ | ૦ | ૮ |
| | સોજીત્રા | ૦ | ૩ |
| | ખંભાત | ૦ | ૪ |
| | તારાપુર | ૦ | ૪ |

(૨) ખેડા જિલ્લાના ૬૪ પરા પૈકી ૬૪ પરા મંજૂર થયેલ હોઈ અને આણંદ જિલ્લાના ૨૩ પરા પૈકી ૫ પરા મંજૂર થયેલ હોઈ બનતી ત્વરાએ. આણંદ જિલ્લાના રસ્તા વિહોણા ૧૮ પરા વસ્તીના આધારે તાંત્રિક જરૂરીયાત અને આંતરિક અગ્રતા અનુસાર.

- - - - - - - -

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્ન અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૦૬૧૬, ૧૦૬૧૯, ૧૦૬૨૬, ૧૦૬૨૭, ૧૦૬૬૦, ૧૧૩૯૫ | ૦૬ |
| ૨ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૮૦૧૪, ૮૦૫૬, ૯૮૩૫ | ૦૩ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૭૩૦૨ | ૦૧ |
| ૪ | અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૦૬૪૪, ૧૧૩૦૪ | ૦૨ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૦૦૧૮, ૧૦૨૩૬, ૧૦૪૭૭, ૧૦૫૦૮, ૧૦૬૮૭, ૧૦૭૦૬, ૧૦૭૫૩ | ૦૭ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૦૬૫૪ | ૦૧ |
| ૭ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ | ૧૧૩૮૧, ૧૧૪૨૧, ૧૧૫૨૧ | ૦૩ |
| ૮ | કાયદા વિભાગ | ૯૮૦૧ | ૦૧ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૦૬૪૧, ૧૦૬૪૩, ૧૦૮૦૩, ૧૧૦૯૨, ૧૧૩૪૭ | ૦૫ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૮૫૨૧, ૮૫૯૦, ૮૭૯૪, ૮૮૧૨, ૧૦૧૪૧, ૧૦૧૯૫, ૧૦૨૫૩, ૧૦૨૫૫, ૧૦૨૬૭ | ૦૯ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૨૯૧૮, ૮૦૪૧, ૮૦૪૩, ૮૦૫૨, ૮૯૬૭, ૧૦૨૭૮, ૧૦૪૯૯, ૧૦૫૨૨, ૧૦૫૪૧, ૧૦૭૬૮, ૧૦૭૭૪ | ૧૧ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૧૦૬૩૦ | ૦૧ |
| | | **કુલ** | **૫૦** |

- - - - - - - -

**તેરમી અતારાંકિત યાદી**

**રાજ્યમાં રજિસ્ટ્રેશન વગરની ફિશિંગ બોટ**

અતારાંકિતઃ ૧૧૫૩૮ (૦૧-૦૨-૨૦૨૨) **શ્રી અનંતકુમાર પટેલ**(વાંસદા): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર રજિસ્ટ્રેશન વગરની જિલ્લાવાર રજિસ્ટ્રેશન વગરની કેટલી ફિશિંગ બોટ કાર્યરત છે,

(૨) તે કેટલા સમયથી કાર્યરત છે, અને

(૩) રજિસ્ટ્રેશન વગરની ફિશિંગ બોટ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૧૧-૦૩-૨૦૨૨)

તા. ૨૮મી માર્ચ ૨૦૨૫

અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર રજિસ્ટ્રેશન વગરની કોઇ ફિશિંગ બોટ કાર્યરત નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા**

અતારાંકિતઃ ૬૬૦૨ (૦૬-૦૧-૨૦૨૦) **શ્રી અશ્વિનભાઇ કોટવાલ** (ખેડબ્રહ્મા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા નથી, અને

(૨) ઉક્ત શાળાઓમાં ક્યાં સુધીમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૮-૦૨-૨૦૨૨)

(૧)

| ક્રમ | જિલ્લો / કોર્પોરેશન | કોમ્પ્યુટર લેબ ન ધરાવતી કુલ શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૭૦ |
| ૨ | અમદાવાદ કોર્પો. | ૨૭૩ |
| ૩ | અમરેલી | ૭૯ |
| ૪ | આણંદ | ૩૨૭ |
| ૫ | અરવલ્લી | ૮૨ |
| ૬ | બનાસકાંઠા | ૯૨ |
| ૭ | ભરૂચ | ૨૬૮ |
| ૮ | ભાવનગર | ૬૭ |
| ૯ | બોટાદ | ૩૨ |
| ૧૦ | છોટાઉદેપુર | ૯૨૮ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૪૫૪ |
| ૧૨ | દાહોદ | ૧૦૨૪ |
| ૧૩ | ગાંધીનગર | ૪૧૧ |
| ૧૪ | ગીર સોમનાથ | ૯૯ |
| ૧૫ | જામનગર | ૧૪૦ |
| ૧૬ | જૂનાગઢ | ૧૭૦ |
| ૧૭ | કચ્છ | ૭૩૯ |
| ૧૮ | ખેડા | ૫૬૭ |
| ૧૯ | મહેસાણા | ૯૯૧ |
| ૨૦ | મહિસાગર | ૬૪૨ |
| ૨૧ | મોરબી | ૪૪૩ |
| ૨૨ | નર્મદા | ૪૦૯ |
| ૨૩ | નવસારી | ૪૬૧ |
| ૨૪ | પંચમહાલ | ૮૫ |
| ૨૫ | પાટણ | ૭૮૬ |
| ૨૬ | પોરબંદર | ૭૬ |
| ૨૭ | રાજકોટ | ૫૬૭ |
| ૨૮ | રાજકોટ કોર્પો. | ૦ |

| ક્રમ | જિલ્લો / કોર્પોરેશન | કોમ્પ્યુટર લેબ ન ધરાવતી કુલ શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૨૯ | સાબરકાંઠા | ૪૬૪ |
| ૩૦ | સુરત | ૫૧૮ |
| ૩૧ | સુરત કોર્પો. | ૭૨ |
| ૩૨ | સુરેન્દ્રનગર | ૧૮૮ |
| ૩૩ | તાપી | ૪૯૫ |
| ૩૪ | ડાંગ | ૩૭૮ |
| ૩૫ | વડોદરા | ૪૨૯ |
| ૩૬ | વડોદરા કોર્પો. | ૫૩ |
| ૩૭ | વલસાડ | ૫૩૯ |
| | **કુલ** | **૧૩૮૧૮** |

(૨) સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રયોગશાળાઓ આપવામાં કે તૈયાર કરવામાં આવતી નથી, પરંતુ ઉચ્ચ પ્રાથમિક ધોરણો માટે પ્રયોગો અને પ્રવૃત્તિઓ કરવા માટે NCERT-મેથ્સ કિટ અને સાયન્સ કિટ પૂરી પાડવામાં આવે છે. ઉક્ત શાળાઓમાં કોમ્પ્યુટર લેબના સ્થાને નવિનત્તમ ટેક્નોલોજીના ઉપયોગથી શિક્ષણકાર્ય માટે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ વર્ગખંડો ઝડપથી તબક્કાવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

--------

**કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં વધારે ફી ઉઘરાવતી શાળાઓ**

અતારાંકિતઃ ૧૧૨૧૮ (૨૯-૦૧-૨૦૨૨) **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા જાહેર થયેલ ફી કરતાં કઈ કઈ શાળાઓ વધુ ફી ઉઘરાવતી પકડાઈ,

(૨) આવી શાળાઓ સામે શા પગલાં લેવાયા,

(૩) કઇ કઇ શાળાઓએ ઉઘરાવેલી વધુ ફી વાલીઓને પરત આપી, અને

(૪) વધુ ફી વાલીઓને પરત ન અપાઇ હોય તો તેના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં પરત ચૂકવવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૪-૦૨-૨૦૨૨)

(૧) કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા જાહેર થયેલ ફી કરતાં વધુ ફી ઉઘરાવતી શાળાઓ ''શૂન્ય'' છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પાટણ અને મહેસાણા જિલ્લામાં વધારે ફી ઉઘરાવતી શાળાઓ**

અતારાંકિતઃ ૧૧૨૩૪ (૨૯-૦૧-૨૦૨૨) **શ્રી કીરીટભાઈ પટેલ** (પાટણ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા જાહેર થયેલ ફી કરતાં કઈ કઈ શાળાઓ વધુ ફી ઉઘરાવતી પકડાઈ,

(૨) આવી શાળાઓ સામે શા પગલાં લેવાયા,

(૩) કઇ કઇ શાળાઓએ ઉઘરાવેલી વધુ ફી વાલીઓને પરત આપી, અને

(૪) વધુ ફી વાલીઓને પરત ન અપાઇ હોય તો તેના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં પરત ચૂકવવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૪-૦૨-૨૦૨૨)

(૧) પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા જાહેર થયેલ ફી કરતાં વધુ ફી ઉઘરાવતી શાળાઓ ''શૂન્ય'' છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં વધારે ફી ઉઘરાવતી શાળાઓ**

અતારાંકિતઃ ૧૧૨૪૦ (૨૯-૦૧-૨૦૨૨) **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા જાહેર થયેલ ફી કરતાં કઈ કઈ શાળાઓ વધુ ફી ઉઘરાવતી પકડાઇ,

(૨) આવી શાળાઓ સામે શા પગલાં લેવાયા,

(૩) કઇ કઇ શાળાઓએ ઉઘરાવેલી વધુ ફી વાલીઓને પરત આપી, અને

(૪) વધુ ફી વાલીઓને પરત ન અપાઇ હોય તો તેના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં પરત ચૂકવવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૪-૦૨-૨૦૨૨)

(૧) ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા જાહેર થયેલ ફી કરતાં વધુ ફી ઉઘરાવતી શાળાઓ ''શૂન્ય'' છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં વધારે ફી ઉઘરાવતી શાળાઓ**

અતારાંકિતઃ ૧૧૩૪૬ (૨૯-૦૧-૨૦૨૨) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા જાહેર થયેલ ફી કરતાં કઈ કઈ શાળાઓ વધુ ફી ઉઘરાવતી પકડાઇ,

(૨) આવી શાળાઓ સામે શા પગલાં લેવાયા,

(૩) કઇ કઇ શાળાઓએ ઉઘરાવેલી વધુ ફી વાલીઓને પરત આપી, અને

(૪) વધુ ફી વાલીઓને પરત ન અપાઇ હોય તો તેના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં પરત ચૂકવવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૮-૦૨-૨૦૨૨)

ચૈત્ર ૭, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

(૧) સામેલ પત્રક 'અ' મુજબ.

(૨) સામેલ પત્રક 'બ' મુજબ.

(૩) વધુ ફી ઉઘરાવતી નીચે મુજબની શાળાઓએ વાલીઓને ફી પરત આપી.

| ક્રમ | જિલ્લો | શાળાનું નામ |
|---|---|---|
| ૧ | વડોદરા | અક્ષર પબ્લિક સ્કૂલ, ગોત્રી-ભાયલી રોડ, સેવાસી, વડોદરા. |
| ૨ | વડોદરા | બિલાબોન્ગ હાઇ ઇન્ટરનેશનલ સ્કૂલ, વડસર-કલાલી રોડ, બી.પી. પેટ્રોલ પંપની બાજુમા, રોયલ એક્સ, વડોદરા. |
| ૩ | વડોદરા | ગ્લોબલ ડિસ્કવરી સ્કૂલ, રાધેશ્યામ પાર્ટી પ્લોટ પાસે, હરણી-વિરોદ રોડ, હરણી, વડોદરા. |

(૪) સામેલ પત્રક 'ક' મુજબ

**પત્રક 'અ'**

| ક્રમ | વર્ષ | જિલ્લો | વધુ ઉઘરાવતી શાળાઓ |
|---|---|---|---|
| ૧. | ૨૦૧૯-૨૦૨૦ | છોટાઉદેપુર | શૂન્ય |
| | ૨૦૨૦-૨૦૨૧ | છોટાઉદેપુર | શૂન્ય |
| ૨. | ૨૦૧૯-૨૦૨૦ | વડોદરા | શૂન્ય |
| | ૨૦૨૦-૨૦૨૧ | વડોદરા | ૧) અક્ષર પબ્લિક સ્કૂલ, ગોત્રી-ભાયલી રોડ, સેવાસી, વડોદરા. |
| | | | ૨) દિલ્હી પબ્લિક સ્કૂલ, ટ્રાન્સપેક વડસર રોડ, કલાલી વડોદરા |
| | | | ૩) દિલ્હી પબ્લિક સ્કૂલ, મોટનાથ મહાદેવ મંદિર, હરણી વિરોદ રોડ, હરણી, વડોદરા |
| | | | ૪) બિલાબોન્ગ હાઇ ઇન્ટરનેશનલ સ્કૂલ, વડસર-કલાલી રોડ, બી.પી. પેટ્રોલ પંપની બાજુમા, રોયલ એક્સ, વડોદરા. |
| | | | ૫) પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, સિકંદરપુરા, માધવનગર પાસે, આજવા રોડ, તા.વાઘોડિયા, જિ.વડોદરા |
| | | | ૬) પોદાર વર્લ્ડ સ્કૂલ, બાપુનગર બસ સ્ટેશન, ભીમપૂરા કોયલી કેનાલ રોડ, શેરખી, વડોદરા. |
| | | | ૭) સંત કબીર સ્કૂલ, રાણેશ્વર મહાદેવ સામે, વાસણા રોડ, વડોદરા. |
| | | | ૮) વીબગ્યોર હાઇ ઇન્ટરનેશનલ સ્કૂલ, બાંકો પ્રોડક્ટસની સામે, ભાયલી રેલ્વે સ્ટેશન પાછળ, વડોદરા. |
| | | | ૯) ગ્લોબલ ડિસ્કવરી સ્કૂલ, રાધેશ્યામ પાર્ટી પ્લોટ પાસે, હરણી-વિરોદ રોડ, હરણી, વડોદરા. |

**પત્રક 'બ'**

| ક્રમ | જિલ્લો | શાળાનું નામ | શાળા સામે લીધેલ પગલા |
|---|---|---|---|
| ૧. | વડોદરા | અક્ષર પબ્લિક સ્કૂલ, ગોત્રી-ભાયલી રોડ, સેવાસી, વડોદરા. | ફી નિયમન સમિતિએ શાળા અને ફરિયાદીઓની ફરિયાદના આધારે વધુ લીધેલ ફી ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ના નિયમ નં.૭(૫)(ક) મુજબ રીફંડ કરવા અને શાળાએ એફીડેવીટમાં રજૂ કરેલ બાબતનો ભંગ કરવા બદલ ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ના નિયમ નં.૭(૫)(ખ) મુજબ રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પૂરા) દંડ પેટે વસૂલ કરવાનો હુકમ કરેલ છે. |
| ૨. | વડોદરા | દિલ્હી પબ્લિક સ્કૂલ, ટ્રાન્સપેક વડસર રોડ, કલાલી વડોદરા | ફી નિયમન સમિતિએ શાળા અને ફરિયાદીઓની ફરિયાદના આધારે ટ્યુશન ફી, ટર્મ ફીનો ભાગ અને વધુ ફી ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ના નિયમ નં.૭(૫)(ક) મુજબ રીફંડ કરવા હુકમ કરેલ છે. |
| ૩. | વડોદરા | દિલ્હી પબ્લિક સ્કૂલ, મોટનાથ મહાદેવ મંદિર, હરણી વિરોદ રોડ, | ફી નિયમન સમિતિએ શાળા અને ફરિયાદીઓની ફરિયાદના આધારે ટ્યુશન ફી, ટર્મ ફીનો ભાગ અને વધુ ફી ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ના નિયમ નં.૭(૫)(ક) મુજબ રીફંડ કરવા હુકમ કરેલ છે. |

તા. ૨૮મી માર્ચ ૨૦૨૫

અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

| ક્રમ | જિલ્લો | શાળાનું નામ | શાળા સામે લીધેલ પગલા |
|---|---|---|---|
| | | હરણી, વડોદરા | |
| ૪. | વડોદરા | બિલાબોન્ગ હાઇ ઈન્ટરનેશનલ સ્કૂલ, વડસર-કલાલી રોડ, બી.પી. પેટ્રોલ પંપની બાજુમા, વડોદરા. | ફી નિયમન સમિતિએ શાળા અને ફરિયાદીઓની ફરિયાદના આધારે ટ્યુશન ફી, ટર્મ ફીનો ભાગ અને વધુ ફી ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ના નિયમ નં.૭(૫)(ક) મુજબ રીફંડ કરવા હુકમ કરેલ છે. |
| ૫. | વડોદરા | પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, સિકંદરપુરા, માધવનગર પાસે, આજવા રોડ, તા.વાઘોડિયા, જિ.વડોદરા | ફી નિયમન સમિતિએ શાળા અને ફરિયાદીઓની ફરિયાદના આધારે વધુ લીધેલ ફી ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ના નિયમ નં.૭(૫)(ક) મુજબ રીફંડ કરવા અને શાળાએ એફીડેવીટમાં રજૂ કરેલ બાબતનો ભંગ કરવા બદલ ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ના નિયમ નં.૭(૫)(ખ) મુજબ રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પૂરા) દંડ પેટે વસૂલ કરવાનો હુકમ કરેલ છે. |
| ૬. | વડોદરા | પોદાર વર્લ્ડ સ્કૂલ, બાપુનગર બસ સ્ટેશન, ભીમપૂરા કોયલી કેનાલ રોડ, શેરખી, વડોદરા. | ફી નિયમન સમિતિએ શાળા અને ફરિયાદીઓની ફરિયાદના આધારે લેટ ફીના નામે લીધેલ વધુ ફી ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ના નિયમ નં.૭(૫)(ક) મુજબ રીફંડ કરવા તેમજ ફી નિયમન સમિતિના આદેશોનું પાલન ન કરવા બદલ ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ના નિયમ નં.૭(૫)(ખ) મુજબ રૂ.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પૂરા) દંડ પેટે વસૂલ કરવાનો હુકમ કરેલ છે. |
| ૭. | વડોદરા | સંત કબીર સ્કૂલ, રાણેશ્વર મહાદેવ સામે, વાસણા રોડ, વડોદરા. | ફી નિયમન સમિતિએ શાળા અને ફરિયાદીઓની ફરિયાદના આધારે ટ્યુશન ફી, ટર્મ ફીનો ભાગ અને વધુ ફી ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ના નિયમ નં.૭(૫)(ક) મુજબ રીફંડ કરવા હુકમ કરેલ છે. |
| ૮. | વડોદરા | વીબગ્યોર હાઇ ઈન્ટરનેશનલ સ્કૂલ, બાંકો પ્રોડક્ટસની સામે, ભાયલી રેલ્વે સ્ટેશન પાછળ, વડોદરા. | ફી નિયમન સમિતિએ શાળા અને ફરિયાદીઓની ફરિયાદના આધારે ટ્યુશન ફી, ટર્મ ફીનો ભાગ અને વધુ ફી ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ના નિયમ નં.૭(૫)(ક) મુજબ રીફંડ કરવા હુકમ કરેલ છે. |
| ૯. | વડોદરા | ગ્લોબલ ડિસ્કવરી સ્કૂલ, રાધેશ્યામ પાર્ટી પ્લોટ પાસે, હરણી-વિરોદ રોડ, વડોદરા. | ફી નિયમન સમિતિએ શાળા અને ફરિયાદીઓની ફરિયાદના આધારે ટ્યુશન ફી, ટર્મ ફીનો ભાગ અને વધુ ફી ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ના નિયમ નં.૭(૫)(ક) મુજબ રીફંડ કરવા હુકમ કરેલ છે. |

**પત્રક 'ક'**

| ક્રમ | શાળાનું નામ | વધુ ફી વાલીઓને પરત ન અપાઇ હોય તો તેના કારણો | ક્યા સુધીમાં ફી પરત ચૂકવવામાં આવનાર છે. |
|---|---|---|---|
| ૧ | પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, સિકંદરપુરા, માધવનગર પાસે, આજવા રોડ, તા.વાઘોડિયા, જિ.વડોદરા | સદર શાળામંડળે ફી નિયમન સમિતિના હુકમ સામે SCA No. 2639/2021થી પીટિશન નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ છે. જે નામ. કોર્ટમાં ન્યાયાધીન છે. | નામદાર હાઈકોર્ટના ચૂકાદાને આધિન. |
| ૨ | પોદાર વર્લ્ડ સ્કૂલ, બાપુનગર બસ સ્ટેશન, ભીમપૂરા કોયલી કેનાલ રોડ, શેરખી, વડોદરા. | સદર શાળામંડળે ફી નિયમન સમિતિના હુકમ સામે SCA No. 786/2021થી પીટિશન નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ છે. જે નામ. કોર્ટમાં ન્યાયાધીન છે. | નામદાર હાઈકોર્ટના ચૂકાદાને આધિન. |
| ૩ | સંત કબીર સ્કૂલ, રાણેશ્વર મહાદેવ સામે, વાસણા રોડ, વડોદરા. | સદર શાળામંડળે ફી નિયમન સમિતિના હુકમ સામે SCA No. 6854/2020થી પીટિશન નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ | નામદાર હાઈકોર્ટના ચૂકાદાને આધિન. |

| ક્રમ | શાળાનું નામ | વધુ ફી વાલીઓને પરત ન અપાઇ હોય તો તેના કારણો | ક્યા સુધીમાં ફી પરત ચૂકવવામાં આવનાર છે. |
|---|---|---|---|
| | | કરેલ છે. જે નામ. કોર્ટમાં ન્યાયાધીન છે. | |
| ૪ | વીબગ્યોર હાઇ ઈન્ટરનેશનલ સ્કૂલ, બાંકો પ્રોડક્ટસની સામે, ભાયલી રેલ્વે સ્ટેશન પાછળ, વડોદરા. | સદર શાળામંડળે ફી નિયમન સમિતિના હુકમ સામે SCA No. 9228/2020થી પીટિશન નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ છે. જે નામ. કોર્ટમાં ન્યાયાધીન છે. | નામદાર હાઈકોર્ટના ચૂકાદાને આધિન. |
| ૫ | દિલ્હી પબ્લિક સ્કૂલ, ટ્રાન્સપેક વડસર રોડ, કલાલી વડોદરા | સદર શાળામંડળે ફી નિયમન સમિતિના હુકમ સામે SCA No. 6185/2021થી પીટિશન નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ છે. જે નામ. કોર્ટમાં ન્યાયાધીન છે. | નામદાર હાઈકોર્ટના ચૂકાદાને આધિન. |
| ૬ | દિલ્હી પબ્લિક સ્કૂલ, મોટનાથ મહાદેવ મંદિર, હરણી વિરોદ રોડ, હરણી, વડોદરા | સદર શાળામંડળે ફી નિયમન સમિતિના હુકમ સામે SCA No. 6186/2021થી પીટિશન નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ છે. જે નામ. કોર્ટમાં ન્યાયાધીન છે. | નામદાર હાઈકોર્ટના ચૂકાદાને આધિન. |

- - - - - - - -

**છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાની સરકારી શાળાઓ ખાનગી સંસ્થા/ટ્રસ્ટને સોંપવા બાબત**

અતારાંકિતઃ ૧૧૫૧૭ (૨૯-૦૧-૨૦૨૨) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર કઈ સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાનગી સંસ્થા/ટ્રસ્ટને સોંપવામાં આવી,

(૨) તેના શા કારણો છે, અને

(૩) સરકારી શાળાઓ ખાનગી સંસ્થા/ટ્રસ્ટને સોંપવાથી સરકારને ઉક્ત વર્ષવાર કેટલો આર્થિક બોજો આવ્યો છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૩-૦૩-૨૦૨૨)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**રાજ્યમાં સસ્તા અનાજ વિતરણ સંબંધે ફરિયાદો**

અતારાંકિતઃ ૧૦૯૫૮ (૩૦-૧૨-૨૦૨૧) **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર): **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૨૦માં જિલ્લાવાર સસ્તા અનાજ વિતરણ સંબંધી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને મળી,

(૨) આ ફરિયાદો મુખ્યત્વે કેવા કેવા પ્રકારની હતી, અને

(૩) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો ?

**અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૨૫-૦૨-૨૦૨૨)

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૨૦માં સસ્તા અનાજ વિતરણ સંબંધી કુલ-૧૧૪૫ ફરિયાદો મળી જેનું જિલ્લાવાર પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક**

| **રાજ્યમાં સસ્તા અનાજ વિતરણ સંબંધે જિલ્લાવાર મળેલ અને નિકાલ કરેલ ફરિયાદોની વિગત દર્શાવતું પત્રક** |
|---|

તા. ૨૮મી માર્ચ ૨૦૨૫
અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

| અ.નં. | જિલ્લાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ વિતરણ સંબંધે મળેલ ફરિયાદોની કુલ સંખ્યા | તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ નિકાલ કરેલ ફરિયાદોની સંખ્યા |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | અમદાવાદ જિ. | ૦ | ૦ |
| ૨ | અમદાવાદ શ. | ૧૩૬ | ૧૦૩ |
| ૩ | અમરેલી | ૨૨ | ૨૨ |
| ૪ | અરવલ્લી | ૯ | ૬ |
| ૫ | આણંદ | ૧૩ | ૧૩ |
| ૬ | બનાસકાંઠા | ૭૯ | ૭૯ |
| ૭ | બોટાદ | ૧૪૦ | ૧૪૦ |
| ૮ | ભરૂચ | ૨૩ | ૧૮ |
| ૯ | ભાવનગર | ૫૧ | ૪૧ |
| ૧૦ | છોટાઉદેપુર | ૫૮ | ૫૮ |
| ૧૧ | ડાંગ | ૩ | ૨ |
| ૧૨ | દાહોદ | ૭ | ૫ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૪૦ | ૪૦ |
| ૧૪ | ગાંધીનગર | ૭ | ૭ |
| ૧૫ | ગીર સોમનાથ | ૨૨ | ૨૦ |
| ૧૬ | જામનગર | ૧૯ | ૧૯ |
| ૧૭ | જૂનાગઢ | ૭ | ૭ |
| ૧૮ | ખેડા | ૧૯ | ૧૯ |
| ૧૯ | કચ્છ | ૧૫ | ૧૫ |
| ૨૦ | મહેસાણા | ૨૨ | ૨૨ |
| ૨૧ | મહિસાગર | ૧૦ | ૧૦ |
| ૨૨ | મોરબી | ૦ | ૦ |
| ૨૩ | નવસારી | ૯ | ૯ |
| ૨૪ | નર્મદા | ૩૫ | ૩૫ |
| ૨૫ | પંચમહાલ | ૨૮ | ૨૮ |
| ૨૬ | પાટણ | ૪૬ | ૪૬ |
| ૨૭ | પોરબંદર | ૩૩ | ૩૩ |
| ૨૮ | રાજકોટ | ૨૩ | ૧૩ |
| ૨૯ | સાબરકાંઠા | ૩૬ | ૩૬ |
| ૩૦ | સુરત | ૭૫ | ૭૫ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૯૪ | ૯૪ |
| ૩૨ | તાપી | ૨ | ૨ |
| ૩૩ | વડોદરા | ૧૭ | ૧૭ |
| ૩૪ | વલસાડ | ૪૫ | ૪૫ |
| | **કુલ** | ૧૧૪૫ | ૧૦૭૯ |

(૨) વિતરણ સંબંધી ફરિયાદોના પ્રકાર મુખ્યત્વે નીચે મુજબના જણાયેલ છે.

(૧) વાજબી ભાવની દુકાન સમયસર ન ખોલવા,

(૨) અનાજનો જથ્થો ઓછો મળવા તથા સગેવગે કરવા,

(૩) અનાજના જથ્થાંની કાળાબજાર કરવા અંગે,

(૪) કુડ કુપન ન આપવા અંગે,

(૫) નિયત ભાવ કરતાં વધુ ભાવ લેવા,

(૬) અનાજ ખરાબ ગુણવત્તાવાળુ આપવા,

(૭) દુકાન નિયમિત ન ખોલવા અંગે,

(૮) દુકાનદાર દ્વારા ગેરવર્તન કરવા બાબતે,

(૯) દુકાનમાં સ્વચ્છતા જાળવવા બાબતે,

(૩) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ કુલ-૧૦૭૯ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો.

--------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં બોગસ રેશનકાર્ડ**

અતારાંકિતઃ ૧૧૨૧૩ (૨૧-૦૧-૨૦૨૨) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બોગસ રેશનકાર્ડ પકડાયા, અને

(૨) બોગસ રેશનકાર્ડ ઈસ્યુ કરનાર જવાબદારો સામે શા પગલાં લેવાયા ?

**અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :** (૨૫-૦૨-૨૦૨૨)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કોઈ બોગસ રેશનકાર્ડ પકડાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**બનાસકાંઠા અને મોરબી જિલ્લામાં બોગસ રેશનકાર્ડ**

(૨) જરૂરિયાતની સામે કેટલા રેન બસેરાની જરૂર છે, અને

(૩) ખૂટતા રેન બસેરા બનાવવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૦૩-૦૩-૨૦૨૨)

(૧) રાજ્યમાં જિલ્લા મથકોમાં તા.૩૧-૦૫-૨૦૨૧ની સ્થિતિએ કુલ ૧૦૨ આશ્રય સ્થાનો ઉપલબ્ધ છે,

(૨) ભારત સરકારના આવાસ અને શહેરી ગરીબી નિર્મૂલન મંત્રાલયના તા.૧૩-૧૨-૨૦૧૩ ઓફિસ મેમોરેન્ડમ ક્રમાંક: F.No.K 14014/58/(19)/2012-USD, થી રેન બસેરા યોજનાને અનુરૂપ "Scheme of Shelter for Urban Homeless (SUH)" (શહેરી ઘર વિહોણા લોકો માટે આશ્રય સ્થાનો) યોજના અમલમાં છે.

(૩) "Scheme of Shelter for Urban Homeless (SUH)" (ઘર વિહોણા લોકો માટે આશ્રય સ્થાનો) યોજના અમલમાં હોવાથી રેન બસેરા ઉભા કરવાના રહેતા નથી.

- - - - - - - -

તા. ૨૮મી માર્ચ ૨૦૨૫
અતારાંકિત પ્રશ્નોની યાદી(અગિયારથી ચૌદમી)

**ગાંધીનગર શહેરમાં રેન બસેરાની જરૂરિયાત**

અતારાંકિતઃ ૯૮૪૨ (૩૧-૦૮-૨૦૨૧) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગાંધીનગર શહેરમાં તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ કેટલા રેન બસેરાની જરૂરિયાત છે,

(૨) ઉપરોક્ત સ્થિતિએ કેટલા રેન બસેરા કાર્યરત છે, અને

(૩) ખૂટતા રેન બસેરા બનાવવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૦૩-૦૩-૨૦૨૨)

(૧) ભારત સરકારના આવાસ અને શહેરી ગરીબી નિર્મૂલન મંત્રાલયના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનની શહેરી ઘર વિહોણા લોકો માટે આશ્રય સ્થાનની માર્ગદર્શિકા મુજબ ૨(બે) કાયમી સામૂહિક આશ્રયસ્થાનની જરૂરિયાત છે.

(૨) કુલ ૧૫૦ બેડની સુવિધા ધરાવતું એક કામ ચલાઉ આશ્રય સ્થાન કાર્યરત છે.

(૩) ખૂટતા આશ્રય સ્થાન બનાવવા નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

(૧) સેક્ટર-૩૦ ખાતે ૨૦૨ બેડનું ક્ષમતા ધરાવતું આશ્રય સ્થાન બનાવવા માટે જગ્યાની ફાળવણી કરવા માટેની મંજૂરી મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

(૨) વાવોલ ખાતે નવું આશ્રય સ્થાન બનાવવા TP-13 FP 304 માં જગ્યા ફાળવવામાં આવેલ છે. આ જગ્યામાં ૪૦૪ બેડની ક્ષમતા ધરાવતુ આશ્રય સ્થાન બનાવવા માટે આનુષાંગિક કાર્યવાહી ચાલુ છે.

--------

**રાજ્યમાં બંધ રેન બસેરા**

અતારાંકિતઃ ૯૮૪૩ (૩૧-૦૮-૨૦૨૧) **શ્રી ગ્યાસુદ્દીન શેખ**(દરિયાપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં જિલ્લા મથકોમાં તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ કેટલા રેન બસેરા બંધ હાલતમાં છે,

(૨) તેના શા કારણો છે, અને

(૩) બંધ પડેલ રેન બસેરા શરૂ કરવા માટે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) **:** (૦૪-૦૩-૨૦૨૨)

(૧) રાજ્યમાં જિલ્લા મથકોમાં તા.૩૧-૦૩-૨૧ની સ્થિતિએ ફક્ત અમદવાદ મહાનગરપાલિકામાં ૦૮ રેન બસેરા બંધ હાલતમાં છે.

(૨) રેન બસેરા બંધ રહેવાના કારણો નીચે મુજબ છે.

(૧) ૦૩ રેન બસેરાના મકાન જર્જરિત હાલતમાં હોઇ ઉપયોગમાં લઇ શકાય તેમ નથી.

(૨) એક વોર્ડમાં એકથી વધારે રેન બસેરા હોય તથા ક્ષમતા પ્રમાણેની ઓક્યુપન્સી જળવાતી ન હોય ૦૫ રેન બસેરાનો ઉપયોગ થતો નથી.

(૩) બંધ પડેલ રેન બસેરા પુનઃશરૂ કરવા યોગ્ય જણાય તેમ ના હોય તેમના બદલે કુલ ૩૪૪૨ શહેરી ઘર વિહોણાને આશ્રય આપવાની ક્ષમતા ધરાવતા નવા ૦૮ રેન બસેરા (આશ્રય ગૃહ) બનાવવાની કામગીરી હાલમાં પ્રગતિમાં છે.

--------

ચૈત્ર ૭, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૯૭૩૫, ૯૮૬૮ | ૦૨ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૧૧૨૪૪, ૧૦૬૩૯ | ૦૨ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૧૨૨૯ | ૦૧ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૯૯૧૩, ૧૦૦૫૩, ૧૦૭૫૪, ૧૦૭૫૬, ૧૧૨૨૮ | ૦૫ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૧૨૨૩ | ૦૧ |
| ૬ | ગૃહ વિભાગ | ૧૦૭૯૦, ૧૦૭૯૯, ૧૦૮૦૦, ૧૦૮૦૪, ૧૦૮૧૬, ૧૦૮૨૪, ૧૦૮૪૩, ૧૦૮૪૭, ૧૦૮૬૫, ૧૦૮૭૦, ૧૦૮૮૭, ૧૦૮૮૮, ૧૦૯૦૮, ૧૦૯૫૦, ૧૧૧૩૨, ૧૧૨૩૫, ૧૧૨૬૫, ૧૧૩૧૨, ૧૧૩૨૩, ૧૧૪૪૩, ૧૧૪૭૬, ૧૧૪૮૯. | ૨૨ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૧૨૨૫, ૧૧૨૪૯, ૧૧૨૫૦, ૧૧૩૨૫, ૧૧૩૨૮, ૧૧૩૩૩, ૧૧૫૪૫ | ૦૭ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૦૦૭૭, ૧૦૬૦૪ | ૦૨ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૧૦૫૧૪, ૧૦૭૦૮ | ૦૨ |
| ૧૦ | માર્ગ અને મકાન વિભાગ | ૧૦૬૧૧, ૧૦૬૧૨ | ૦૨ |
| ૧૧ | શહેરી વિકાસ અને હેરી ગૃહ નિર્માણ વિબાગ | ૯૮૦૬, ૯૮૪૦, ૯૮૪૨ ૯૮૪૩ | ૦૪ |
| | | **કુલ** | **૫૦** |

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

વન અને પર્યાવરણ વિભાગ**,** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**,** ક્લાઇમેટ ચેન્જ વિભાગ

**માગણી ક્રમાંક- ૨૬**

**વન અને પર્યાવરણ વિભાગ**

શ્રી કિરીટસિંહ રાણા **(** વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૭,૩૧,૧૧,૭૧,૦૦૦/-અને મૂડી ખર્ચ માટેની રૂ. ૬,૦૭,૫૧,૮૫,૦૦૦/-ની માગણી ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ(સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી**,** આજે વિપક્ષની જે રજૂઆત આપને મોકલેલ છે. એમાં હું પણ કહેવા માગું છું કે બધા ધારાસભ્યશ્રીઓ સન્માનનીય છે. આપના તરફથી રજૂઆત થઇ છે. કયાંય તકલીફ પડી છે**,** તો તકલીફ કયાં પડી**,** કેવી રીતે પડી તેનો મારે પણ કયાંય આદેશ આપવાનો હશે તો આપીશું. અને ફરીથી તકલીફ ન પડે એ જોઇશું.

તા. ૨૮મી માર્ચ ૨૦૨૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

અધ્યક્ષશ્રી : દરેક માનનીય સભ્યશ્રીઓનું સન્માન જળવાય એ સૌની જવાબદારી છે. આવું ખરેખર અપમાનિત થયું હોય તો તેની તપાસ કરાવીશું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ કહ્યું છે. જે કાઇ આની અંદર જવાબદાર હશે એની તપાસ કરાવીને પગલાં લેવામાં આવશે. અત્યારે મુખ્યમંત્રીશ્રીએ પણ ખાતરી આપી છે. સૌનું માન સન્માન જળવાય એમાં જ આપણા સૌનું ગૌરવ વધે છે.

**માગણી ક્રમાંક- ૨૭**

**વન અને પર્યાવરણ વિભાગ**

શ્રી કિરીટસિંહ રાણા ( વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૪૮,૦૦,૬૫,૦૦૦/- માગણી ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૯૨**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૪,૭૯,૬૬,૦૧,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૬,૨૭,૦૬,૧૫,૦૦૦/- ની માગણી ક્રમાંક-૯૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૯૨ રજૂ કરવામાં આવી.**

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.

ચૈત્ર ૭, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૯૫**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિ પેટા યોજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૪૬,૬૫,૨૫,૯૩,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૮,૪૯,૫૮,૬૧,૦૦૦/- ની માગણી ક્રમાંક-૯૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૯૫ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક ૧૦૭**

કલાઇમેટ ચેન્જ વિભાગ

શ્રી કિરીટસિંહ જી. રાણા (કલાઇમેટ ચેન્જ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલાઇમેટ ચેન્જ વિભાગની સેવાને લગતી કલાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૩૦,૭૨,૦૦૦/-ની માગણી ક્રમાંક ૧૦૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૦૭ રજૂ કરવામાં આવી.**

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૨ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૩ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૪ રજૂ કરવામાં આવી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૫ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૬ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૭ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૫૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૮ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૯ રજૂ કરું છું.

તા. ૨૮મી માર્ચ ૨૦૨૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૯ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૬૦ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **વન અને પર્યાવરણ વિભાગ**<br>**માંગણી નં-૨૬** | |
| ૧ | ૨૪૦૬-વન...પ્રાણીજીવન<br>૦૧-વનનિર્માણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨,૭૯,૨૯,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં-૮<br>પાના નં. ૧૩ અને ૧૪ | ૧૦૦ | ઇકોસેન્સેટીવ ઝોનના નિયમોની અમલવારી ન થતા ગીર ફોરેસ્ટ વિસ્તારના લોકોને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઇ બારડ |
| ૨ | VV ‘‘ VV | ૧૦૦ | વન વિસ્તારમાંથી પસાર થતા રસ્તાઓ નવા બનાવવાની મંજૂરી આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૩ | VV ‘‘ VV | ૧૦૦ | ગેરકાયદેસર રીતે જંગલોની લીઝોમાંથી ખનીજોની થતી ચોરીઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઇ કાલરીયા |
| ૪ | VV ‘‘ VV | ૧૦૦ | ધારી, ગીરના પૂર્વ વિસ્તાર અને શેત્રુંજીમાં બેલસીયા નામના રોગથી થયેલ સિંહોના મૃત્યુ અંગે તપાસ કરાવી જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| ૫ | VV ‘‘ VV | ૧૦૦ | વન શ્રમયોગીઓના લાંબા સમયથી પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૬ | VV ‘‘ VV | ૧૦૦ | ગીરના જંગલમાં ઓઇલ, ગેસ અને ફાયબર ઓપ્ટીકલ લાઇનો નાખવાની મંજૂરી આપવાથી વન્ય પ્રાણીઓ અને જંગલોને થતું વ્યાપક નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| *૭ | ૨૪૦૬-વન...પ્રાણી જીવન<br>૦૧-વનનિર્માણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨,૭૯,૨૯,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં-૮<br>પાના નં. ૧૩ અને ૧૪ | ૧૦૦ | વન વિભાગને લીઝની આવક અને માઇનીંગના ભાડા સહિતની થતી આવકમાંથી ફોરેસ્ટ ગાર્ડને આધુનિક હથિયારો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઇ જોષી |
| ૮ | ૨૪૦૬- વન...પ્રાણી જીવન<br>૦૨-પર્યાવરણલક્ષી.... પ્રાણી જીવન<br>૧૧૦- વન્ય...સંરક્ષણ<br>રૂ. ૨,૨૧,૯૮,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં-૮<br>પાના નં. ૨૩ થી ૨૯ | ૧૦૦ | કચ્છના દરીયાઇ વિસ્તારોમાં જંગલ ખાતા દ્વારા ચેર વૃક્ષ વાવેતરના ખોટા આંકડા દર્શાવી સરકારી રકમની ઉચાપત કરનારાઓની તપાસ કરી કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| *૯ | VV ‘‘ VV | ૧૦૦ | કચ્છ જિલ્લાના ઘોરડો અભ્યારણમાં નામશેષ થઇ રહેલ ઘોરાડ પક્ષીઓનું સંવર્ધન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| *૧૦ | VV ‘‘ VV | ૧૦૦ | વન્ય હિંસક પ્રાણીઓનો રહેણાંક વિસ્તાર ઘટવાથી તેઓને ગામડાઓ અને શહેરોમાં આવી મારણ કરતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઇ કોટવાલ |
| ૧૧ | VV ‘‘ VV | ૧૦૦ | રાજયમાં દીપડાઓનાં આંતક સામે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | VV cc VV | ૧૦૦ | તૌકતે જેવા ભારે વાવાઝોડા વખતે વન્ય સંપદા અને વન્ય પ્રાણીઓને થયેલ નુકસાનની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઇ ખરાડી |
| **માંગણી નં.-૨૭** | | | | |
| *૧૩ | ૨૨૧૫- પાણી...સ્વચ્છતા<br>૦૨-ગટર..સ્વચ્છતા<br>૧૦૬-વાયુ...નિવારણ<br>રૂ. ૧૨,૩૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં-૮<br>પાના નં. ૯ અને ૧૦ | ૧૦૦ | પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં પડતર ફરિયાદોનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઇ ભરવાડ |
| ૧૪ | VV cc VV | ૧૦૦ | પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના કર્મચારી-અધિકારીઓ સામે બેદરકારીની વ્યાપક ફરિયાદો મળવા છતાં અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૧૫ | VV cc VV | ૧૦૦ | પર્યાવરણ અંગેનું ના વાંધા પ્રમાણપત્ર લીધા વિના ઉત્પાદન કરતી ખાણો સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| ૧૬ | ૨૨૧૫- પાણી...સ્વચ્છતા<br>૦૨-ગટર..સ્વચ્છતા<br>૧૦૬-વાયુ...નિવારણ<br>રૂ. ૧૨,૩૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં-૮<br>પાના નં. ૯ અને ૧૦ | ૧૦૦ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પર્યાવરણના નુકસાન બદલ દંડ પેટે વસૂલાતી આવક પર્યાવરણની રક્ષા પાછળ કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી. જે. ચાવડા |
| ૧૭ | VV cc VV | ૧૦૦ | પર્યાવરણના ભંગ બદલ ઔદ્યોગિક એકમો પાસેથી દંડ પેટે લાખો રૂપિયાનો દંડ વસૂલાય છે પરંતુ પકડાયેલા ઇસમો સામે ફોજદારી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૧૮ | VV cc VV | ૧૦૦ | પોરબંદરના દરિયામાં સમગ્ર ઔદ્યોગિક કચરો ઠાલવવાના પ્રોજેક્ટથી દરીયાઇ જીવો, દરીયાકાંઠે વસતા માછીમારો, ખેતીની જમીન અને પશુધનને થતું વ્યાપક નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૧૯ | VV cc VV | ૧૦૦ | ઉદ્યોગોના કેમીકલ્સ યુકત ઝેરી જળને શુદ્ધ કરી તેનો પુન: ઉપયોગ કરવાની યોજના કાર્યરત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| ૨૦ | VV cc VV | ૧૦૦ | રાજયની મોટા ભાગની નદીઓમાં અશુધ્ધ પાણી ઠાલવતાં ઔદ્યોગિક એકમો સામે સઘન કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૨૧ | VV cc VV | ૧૦૦ | દરેક જિલ્લામાં જન પર્યાવરણલક્ષી અદાલતો શરુ કરી આમજનતાની ફરિયાદોનું નિવારણ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૨૨ | VV cc VV | ૧૦૦ | કેન્દ્ર સરકાર દ્વારા નદી સંરક્ષણ માટે કરોડો રૂપિયા ફાળવ્યા પછી સાબરમતી, મિંડોલા અને તાપી જેવી નદીઓને પ્રદુષિત થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દૂધાત |
| *૨૩ | VV cc VV | ૧૦૦ | પોલ્યુશન કંટ્રોલ બોર્ડ હસ્તકની જિલ્લા કચેરીઓ દ્વારા નિયમિત રીતે લોક સુનાવણીનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઇ સોઢાપરમાર |
| *૨૪ | ૨૨૧૫- પાણી...સ્વચ્છતા<br>૦૨-ગટર..સ્વચ્છતા<br>૧૦૬-વાયુ...નિવારણ<br>રૂ. ૧૨,૩૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં-૮<br>પાના નં. ૯ અને ૧૦ | ૧૦૦ | ભરૂચ-વડોદરા જિલ્લાના રાસાયણિક ઉદ્યોગો દ્વારા પર્યાવરણનો નાશ થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫ | VV 〃 VV | ૧૦૦ | પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા ગેરરીતિ કરનાર ઉદ્યોગોને નોટીસો આપ્યા બાદ તેનો કડકાઈથી અમલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |
| *૨૬ | VV 〃 VV | ૧૦૦ | પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ગેરરીતી આચરનાર અધિકારીઓ સામે સત્વરે નિયમાનુસાર પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી નિરંજન પટેલ |
| ૨૭ | VV 〃 VV | ૧૦૦ | પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સામે ભ્રષ્ટાચારની વ્યાપક ફરિયાદો હોવા છતાં તેની કામગીરી ઉપર ઉચ્ચકક્ષાએ મોનીટરીંગ સેલની રચના કરી જવાબદારો સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**માંગણી નં-૯૨**

| | | | | |
|---|---|---|---|---|
| *૨૮ | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૩- પછાત...કલ્યાણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૭,૮૩,૧૩,૦૦૦<br>અં.પ્ર.નં-૨૪ (ભાગ-૧)<br>પાના નં. ૯ અને ૧૦ | ૧૦૦ | આર્થિક રીતે પછાત વર્ગોના આવકના દાખલાને પાંચ વર્ષ સુધીની માન્યતા આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર |
| *૨૯ | VV 〃 VV | ૧૦૦ | પછાત વર્ગોના કલ્યાણ માટે દર વરસે કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં તેમનો વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૩૦ | VV 〃 VV | ૧૦૦ | આર્થિક રીતે પછાત વર્ગોના છેવાડાના માનવીને પૂરતો લાભ મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઈ પટેલ |
| ૩૧ | ૨૨૨૫- અનુસૂચિત...કલ્યાણ<br>૦૪- લઘુમતિઓનું કલ્યાણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૩૬,૬૭,૦૦૦<br>અં.પ્ર.નં-૨૪ (ભાગ-૧)<br>પાના નં. ૨૩ અને ૨૪ | ૧૦૦ | બજેટમાં લઘુમતી સમાજ માટે ફાળવવામાં આવતી રકમમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| ૩૨ | ૨૨૨૫- અનુસૂચિત...કલ્યાણ<br>૦૪- લઘુમતિઓનું કલ્યાણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૩૬,૬૭,૦૦૦<br>અં.પ્ર.નં-૨૪ (ભાગ-૧)<br>પાના નં. ૨૩ અને ૨૪ | ૧૦૦ | લઘુમતી સમાજના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| *૩૩ | VV 〃 VV | ૧૦૦ | લઘુમતી સમાજના બેરોજગાર યુવાનોને રોજગારીની પૂરતી તકો મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૩૪ | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૮૦-સામાન્ય<br>૮૦૦-અન્ય ખર્ચ<br>રૂ. ૧,૩૭,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં-૨૪ (ભાગ-૧)<br>પાના નં. ૩૦ થી ૩૬ | ૧૦૦ | રાજયમાં બિન અનામત વર્ગોને આર્થિક વિકાસના લાભો સરળતાથી મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| ૩૫ | ૨૨૩૫-સામાજિક ...કલ્યાણ<br>૦૨- સમાજ કલ્યાણ<br>૧૦૧-વિકલાંગોનું કલ્યાણ<br>રૂ. ૧,૯૭,૩૮,૯૬,૦૦૦<br>અં.પ્ર.નં-૨૪ (ભાગ-૧)<br>પાના નં. ૩૮ થી ૪૩ | ૧૦૦ | સરકારી નોકરીઓમાં વિકલાંગોની ભરતીનું પ્રમાણ વધારી સત્વરે નિમણૂકો આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બાબુભાઈ વાજા |
| ૩૬ | ૨૨૩૫- સામાજિક...કલ્યાણ<br>૦૨- સમાજ કલ્યાણ<br>૧૦૨-બાળ કલ્યાણ<br>રૂ. ૧,૬૦,૦૦,૨૭,૦૦૦<br>અં.પ્ર.નં-૨૪ (ભાગ-૧)<br>પાના નં. ૩૮ થી ૪૮ | ૧૦૦ | ચિલ્ડ્રન હોમમાં બિમાર બાળકો ઉપર માનસિક-શારીરિક ત્રાસ આપનાર ઇસમો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૭ | VV CC VV | ૧૦૦ | ચિલ્ડ્રન હોમમાં બિમાર બાળકોને સત્વરે સારવાર પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| *૩૮ | VV CC VV | ૧૦૦ | ચિલ્ડ્રન હોમમાં બાળ ગુન્હેગારોને ગુન્હાહીત પ્રવૃત્તિથી દૂર રાખવા, અધિકારીઓ દ્વારા નિયમિત મુલાકાત લઈ યોગ્ય માર્ગદર્શન આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીશભાઇ ડેર |
| ૩૯ | ૨૨૩૫- સામાજિક...કલ્યાણ<br>૦૨- સમાજ કલ્યાણ<br>૮૦૦- અન્ય ખર્ચ<br>૦૧-SSW-23<br>ભિક્ષુકો...ઉત્કર્ષ<br>રૂ. ૯,૬૬,૭૯,૦૦૦<br>અં.પ્ર.નં-૨૪ (ભાગ-૧)<br>પાના નં. ૩૮ થી ૫૮ | ૧૦૦ | ભિક્ષુકોના પુન:વસન માટે કરવામાં આવેલ કામગીરી અને ભિક્ષુકોના થયેલ પુન:વસનની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઇ દેસાઇ |
| ૪૦ | ૨૨૩૫- સામાજિક...કલ્યાણ<br>૦૨- સમાજ કલ્યાણ<br>૮૦૦- અન્ય ખર્ચ<br>૦૧-SSW-23<br>ભિક્ષુકો...ઉત્કર્ષ<br>રૂ. ૯,૬૬,૭૯,૦૦૦<br>અં.પ્ર.નં-૨૪ (ભાગ-૧)<br>પાના નં. ૩૮ થી ૫૮ | ૧૦૦ | વૃદ્ધો, અશકતો અને નિરાધારોના કલ્યાણ માટેની યોજના પાછળ પૂરતો ખર્ચ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| ૪૧ | VV CC VV | ૧૦૦ | ભિક્ષુક ધારો અમલમાં હોવા છતાં તે ધારાનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| | | **માંગણી નં-૯૫** | | |
| ૪૨ | ૨૨૨૫-અનુસૂચિત... કલ્યાણ<br>૦૧- અનુસૂચિત...કલ્યાણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૩૭,૦૩,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં-૨૪ (ભાગ-૨)<br>પાના નં. ૧૧૩ થી ૧૧૭ | ૧૦૦ | એટ્રોસિટીના કેસો ચલાવવા માટે અલગ કોર્ટોની સ્થાપનાની કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શૈલેષ પરમાર |
| *૪૩ | VV CC VV | ૧૦૦ | ગટર લાઇનો સાફ કરવા માટે અપાતા કોન્ટ્રાકટમાં ચાલતી ગેરરીતિના કારણે સફાઇ કામદારોના મોત થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇ મુસડીયા |
| ૪૪ | VV CC VV | ૧૦૦ | દલીતો ઉપર વધતા જતા અત્યાચાર સામે તમામ વર્ગોના આગેવાનો સાથે બેઠકો કરી ભાઇચારો જળવાઇ રહે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુનમભાઇ પરમાર |
| *૪૫ | VV CC VV | ૧૦૦ | સફાઇ કામદારોનું ચાલુ ફરજે મૃત્યુ થાય ત્યારે તેમના સ્વજનોને મળવાપાત્ર તમામ લાભો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઇ પરમાર |
| ૪૬ | VV CC VV | ૧૦૦ | સફાઇ કામદારોને સફાઇ કામ વખતે તેમના આરોગ્યને ધ્યાને લઇ જરૂરી સુવિધા મળે તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઇ મકવાણા |
| ૪૭ | VV CC VV | ૧૦૦ | જિલ્લાવાર અલાયદી એટ્રોસિટી કોર્ટ બનાવવા માટે રાજય અને કેન્દ્ર સરકારે ફાળવેલ રકમોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઇ સોલંકી |
| ૪૮ | VV CC VV | ૧૦૦ | અનુસૂચિત જાતિના લોકોના ઉત્થાન માટે અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ફાળવેલ નાણા અન્યત્ર ખર્ચાતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |

| | | | | |
|---|---|---|---|---|
| *૪૯ | ૨૨૨૫-અનુસૂચિત..કલ્યાણ<br>૦૧- અનુસૂચિત...કલ્યાણ<br>૧૦૨- આર્થિક વિકાસ<br>રૂ. ૩૮,૫૦,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં-૨૪ (ભાગ-૨)<br>પાના નં. ૧૧૩ થી ૧૧૮ | ૧૦૦ | દલિતોનો આર્થિક વિકાસ ઝડપથી થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા.. | શ્રી શીવાભાઇ ભુરીયા |
| *૫૦ | ૨૨૩૫-સામાજિક...કલ્યાણ<br>૦૨-સમાજ કલ્યાણ<br>૧૦૩-સ્ત્રીઓનું કલ્યાણ<br>૦૧-S C W-25 અનુસૂચિત....<br>સહાય<br>રૂ. ૨,૦૬,૧૭,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં-૨૪ (ભાગ-૨)<br>પાના નં. ૧૬૦ થી ૧૬૩ | ૧૦૦ | સમાજમાં વિધવા મહિલાઓના પુનઃસ્થાપન માટે ગંગાસ્વરૂપ પુનઃલગ્ન આર્થિક સહાય યોજના અંતર્ગત મહિલાઓને ચૂકવેલ સહાયની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| | **કલાઇમેટ ચેન્જ વિભાગ**<br>**માંગણી નં-૧૦૭** | | | |
| ૫૧ | ૩૪૫૧-સચિવાલય..સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-કલાઇમેટ...વિભાગ<br>રૂ. ૧,૩૦,૭૨,૦૦૦<br>અં.પ્ર.નં-૨૮<br>પાના નં. ૯ | ૧૦૦ | આમજનતાને સોલાર રૂફ ટોપ યોજનાનો સરળતાથી લાભ મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઇ કગથરા |
| ૫૨ | VV ‶ VV | ૧૦૦ | પર્યાવરણના બદલાઇ રહેલા મિજાજને પહોંચી વળવા પર્યાપ્ત આધુનિક સાધનો તથા ટેકનોલોજી વસાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| ૫૩ | VV ‶ VV | ૧૦૦ | હવામાન પરિવર્તનના ભાવી પડકારોનો સામનો કરવા માટે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૫૪ | VV ‶ VV | ૧૦૦ | આયોજન અને સંકલનના અભાવે કલાઇમેટ ચેન્જ વિભાગની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૫૫ | VV ‶ VV | ૧૦૦ | કલાઇમેટ ચેન્જ વિભાગના બજેટમાંથી વહીવટી ખર્ચની સાથે સંશોધન ખર્ચ પણ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી વિક્રમભાઇ માડમ |
| ૫૬ | VV ‶ VV | ૧૦૦ | વાતાવરણમાં થતાં પરિવર્તન સંબંધમાં આજદિન સુધી મોટું સંશોધન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઇ પટેલ |
| ૫૭ | VV ‶ VV | ૧૦૦ | વાતાવરણમાં ઉમેરાતાં કાર્બન ડાયોકસાઇડને દૂર કરવાના જરૂરી ઉપાયો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૫૮ | ૩૪૫૧-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-કલાઇમેટ...વિભાગ<br>રૂ. ૧,૩૦,૭૨,૦૦૦<br>અં.પ્ર.નં-૨૮<br>પાના નં. ૯ | ૧૦૦ | કલાયમેટ ચેન્જના કારણે કુદરતી આફતોનું પ્રમાણ વધી રહ્યું છે તે અંતર્ગત જરૂરી સંશોધન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૫૯ | VV ‶ VV | ૧૦૦ | વિભાગની કામગીરીને સંગીન બનાવવા માટે જરૂરી તજજ્ઞોના યોગ્ય માર્ગદર્શનનો અભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઇ ગામીત |
| ૬૦ | VV ‶ VV | ૧૦૦ | જળવાયુ પરિવર્તન મુદ્દે જરૂરી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઇ ચૌધરી |

*** આ કાપદરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.**

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી બળદેવજી ઠાકોર...(અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ગઇ કાલે વન રક્ષકની ભરતીમાં પેપર ફુટ્યું છે અને અગાઉ ૧૩ વખત પેપર ફુટ્યા છે અને ગઇ કાલે પાછું ૧૪મી વખત પેપર ફુટ્યું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી: આ ચર્ચામાં આ પોઇન્ટ ઓફ ઓર્ડર આવી શકે નહીં, તમે અલગથી નોટિસ આપજો.. (અંતરાય) એવો પોઇન્ટ ઓફ ઓર્ડર ના હોય, માનનીયશ્રી બળદેવજી ઠાકોર..(અંતરાય) ઓલરેડી મોડું થયું છે, ત્યારે આવા પોઇન્ટ ઓફ ઓર્ડર કહીને વાત કરો છો એ યોગ્ય નથી. તમે આટલા સિનિયર સભ્ય થઇને આવા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવો છો? (અંતરાય) ના, ના, તમે નોટિસ આપો હું મંજૂરી આપીશ, તમે નોટિસ આપો. આ પ્રશ્નની અલગથી નોટિસ આપો. એની ચર્ચા થશે. માનનીયશ્રી બળદેવજી ઠાકોર.. (અંતરાય) (આ તબક્કે વિપક્ષના સભ્યશ્રીઓ તરફથી પોસ્ટરો ઉંચા રાખીને પ્રદર્શન કરવામાં આવ્યું) આવી રીતે પ્રદર્શન કરવા યોગ્ય નથી, આપ બેસો. (અંતરાય) આપ આ રીતે ગૃહની અંદર પોસ્ટરોથી પ્રદર્શન કરી શકતા નથી. પ્લીઝ આપ સૌ સૌની જગ્યાએ બેસો... (અંતરાય) પ્લીઝ આપ બેસો, શ્રી અમિતભાઇ, આપ બેસો. આવો પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય. આપ ૧૧૬ની નોટિસ આપો. હું ચોક્કસ સમય આપીશ આપને, ચોક્કસ ચર્ચા થશે, આપ નોટિસ આપો. આવી કોઇ મંજૂરી આપે લીધી નથી, મંત્રીશ્રીની પણ મંજૂરી લીધી નથી, મારી લીધી નથી. આવી કોઇ મંજૂરી લીધી નથી અને મારી પાસે કાંઇ આવ્યું નથી, એટલે આ ચર્ચા અત્યારે હું ન આપી શકું. પ્લીઝ, હું નિયમોથી બંધાયેલી છું. આપ સૌ જાણો છો... (અંતરાય) પ્લીઝ, નહીં, નહીં. નિયમ બહારની વાત ન થઇ શકે, આ ગૃહ વિનંતીથી નથી ચાલતું. નિયમોથી અને બંધારણથી ચાલે છે, રૂઢીગત પ્રણાલીથી ચાલે છે. તમે મંત્રીશ્રીની મંજૂરી નથી લીધી, મારી નથી લીધી. ૧૧૬ની નોટિસ આપો... (અંતરાય) આ રીતે પ્રદર્શનો કરવા, પોસ્ટરો બતાવવા, વેલમાં આવી જવું એ કોઇ પણ રીતે યોગ્ય નથી. (આ તબક્કે શ્રી પુનાભાઇ ગામીત, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી ઋત્વિક મકવાણા, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી રાજેશભાઇ ગોહિલ, શ્રી મોહનલાલ વાળા, શ્રી રઘુભાઇ દેસાઇ, શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, શ્રી વજેસિંહ પણદા, શ્રી સુનિલભાઇ ગામિત, શ્રી ચંદનજી ઠાકોર, શ્રી કાળાભાઇ ડાભી સહિત વિપક્ષના સભ્યશ્રીઓ વેલમાં આવી ગયા)(આ તબક્કે વિપક્ષના સભ્યશ્રીઓએ સૂત્રોચાર કર્યા) સૌ પોત પોતાની જગ્યાએ જાવ, પ્લીઝ, આપ સૌ પોત પોતાની જગ્યાએ જાવ... (અંતરાય) આવા સૂત્રોચાર આપ નથી કરી શકતા. સાર્જન્ટશ્રી, સૌ સભ્યશ્રીઓને સન્માનપૂર્વક, વિવેકપૂર્વક ગૃહની બહાર લઇ જાવ. વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને સન્માનપૂર્વક બહાર લઇ જાવ. (અંતરાય) સૌ પોતાની જગ્યાએ જાવ. પ્લીઝ આ રીતે પ્રદર્શન ન કરો. વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને સાર્જન્ટો સન્માનપૂર્વક બહાર લઇ જાય. સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લો. પોસ્ટરો ન બતાવો. સૌ પોતાનું સ્થાન લો. વેલમાંથી સૌ પોતાનું સ્થાન લો. વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને સાર્જન્ટો સન્માનપૂર્વક બહાર લઇ જાય. **(સૂત્રોચ્ચાર)** આપ સૌ પોતાનું સ્થાન લો પ્લીઝ.

(આ તબક્કે માનનીય સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમા તથા શ્રી ઇમરાનભાઇ ખેડાવાલાને બહાર લઇ ગયેલા અને તેઓ ફરીને વેલમાં આવી ગયા)

(માનનીય સભ્યશ્રીઓ શ્રી સુનિલભાઇ ગામીત, શ્રી ઇમરાનભાઇ ખેડાવાલા, શ્રી મોહનલાલ વાળા, શ્રી ચંદનજી ઠાકોર, શ્રી કાંતિભાઇ ખરાડી, શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, શ્રી રઘુભાઇ દેસાઇ, શ્રી અનંતભાઇ પટેલ વેલમાં આવ્યા)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લો, હું ૧૫ મિનિટ માટે હાઉસ એડજોર્ન કરું છું ૧૫ મિનિટ પછી ગૃહ ફરી મળશે. **( સમય બપોરના ૧ - ૧૭ વાગ્યે)**

**મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧ - ૩૫ વાગ્યે ફરી મળ્યું**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રીઃ હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનું વર્ષ ૨૦૨૨-૨૩નું બજેટ ૨ લાખ, ૪૩ હજાર ૯૬૪.૭૩ કરોડ રૂપિયાનું છે. આ બજેટમાં ઓ.બી.સી. સમાજો માટે ફક્ત ૧.૯૬ ટકા, પૂરા ૨ ટકા પણ આ બજેટમાં આ સમાજો માટે ફાળવણી કરવામાં આવી નથી. આ રાજ્યમાં ૧૪૭ જ્ઞાતિઓ ઓ.બી.સી. સમાજમાં સમાવિષ્ટ થયેલ છે. ૫૦૦ કરોડની બજેટ ફાળવણી બિન અનામત માટે કરવામાં આવી છે, ત્યારે વસતિના ધોરણે જે બજેટ ફાળવાવું જોઇએ એ ખરેખર ફળવાયું નથી એ દુઃખની બાબત છે. આ તબક્કે હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, ઓ.બી.સી. માટેની જે ૨૭ ટકા અનામત આવેલી છે, એમાંથી સમસ્ત ઠાકોર કોળી સમાજને અલગથી ૨૦ ટકા અનામત ફાળવવામાં આવે. આ બન્ને સમાજ આર્થિક અને શૈક્ષણિક રીતે રાજ્યમાં ખૂબ પછાત છે અને પછાત છે એટલા માટે આ સમાજોને આર્થિક રીતે બેઠા કરવા માટે, શૈક્ષણિક રીતે બેઠા કરવા માટે ૨૭ ટકામાંથી ૨૦ ટકા અનામત અલગથી ફાળવવામાં આવે એવી હું માગણી કરું છું. ઠાકોર અને કોળી વિકાસ નિગમની જે સ્થાપના કરવામાં આવી છે, એમાં ૧,૫૦૦ કરોડ જેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવે એવી પણ હું માગણી કરું છું. દા.ત. બિન અનામતમાં તમે ૫૦૦ કરોડ ફાળવ્યા છે એમાં અમને કોઇ વાંધો હોઇ શકે નહીં. પણ આવડો મોટો કોળી સમાજ હોય, આર્થિક રીતે નબળો સમાજ હોય તો ૧,૫૦૦ કરોડ શા માટે ફાળવતા નથી? આ સમાજને બેઠો કરવા માટે દરેક જિલ્લામાં જિલ્લા મથકે

અને તાલુકા મથકે શૈક્ષણિક સંકુલો અને હોસ્ટેલો બનાવવામાં આવે તો આ સમાજને ખૂબ બહોળો ફાયદો થઇ શકે તેમ છે. જાતિ આધારિત વસતિ ગણતરી કરવામાં આવે તો સારું. હું હાર્દિક પટેલને અભિનંદન આપીશ કે એમણે પોતાના સમાજ માટે લડાઇ આપી. જો લડાઇ લડ્યા ન હોત તો તમે આ બિન અનામત આયોગ બનાવી ૫૦૦ કરોડની ફાળવણી કરી ન હોત. ૧ હજાર કરોડની ફાળવણી કરવી જોઇએ, શા માટે નહીં? દરેક સમાજોમાં આર્થિક રીતે નબળા કુટુંબો હોય છે એના માટે લડાઇ લડવી પડે. લડાઇ લડવા બહાર નીકળ્યા એમના ઉપર તમે કેસો કર્યા. કેસો કરવાની વાત દૂર રહી, એમના ઉપર રાજદ્રોહના ગુના પણ દાખલ કરવામાં આવ્યા. પાટીદાર સમાજના જે કેસો થયા છે, એમાં સમાજ માટે જે યુવાન દીકરાઓ લડવા નીકળ્યા હતા એના કેસો પાછા ખેંચી લેવાની વાત સરકારે કરી છે. આ બધા કેસો પાછા ખેંચવા જોઇએ, એમાં કોઇ વાંધો ન હોઇ શકે. આ તબક્કે હું વિનંતી કરીશ કે ઠાકોર સમાજમાં ઠાકોર સેના દ્વારા સમાજની લડાઇ લડવા માટે એના ઉપર પણ કેસો થયેલ છે. દલિત સમાજ, આદિવાસી સમાજ હોય કે એલ.આર.ડી.ના જવાનો હોય, બેરોજગાર યુવાનોની વાત હોય, આ રાજ્યમાં કરણી સેના હોય, રાજપૂત સમાજ હોય, તમામ જુદા જુદા સમાજોએ પોતાના સમાજો માટે કંઇક માગણી લઇને નીકળ્યા છે અને એ એના અધિકારો છે. તેના અધિકારોની રૂએ ક્યાંક આંદોલન કે રેલીઓના કારણે થયેલા કેસો પાછા ખેંચવા માટેની વાત કેમ કરતા નથી? શા માટે એક જ સમાજની વાત કરો છો? આ રાજ્યમાં તમામ પ્રકારના સમાજના લોકો રહે છે. તમે એક સમાજના કેસો પાછા ખેંચો છો અને બીજા સમાજના નહિ? તમે આ રાજ્યને શું દર્શાવવા માગો છો? આ ભારતીય જનતા પાર્ટીની સરકારને ફક્ત પાટીદારોનો ડર લાગે છે. બીજા સમાજનો ડર લાગતો નથી? બીજા સમાજની જો તમને ક્યાંક ચિંતા હોત તો પાટીદાર સમાજની સાથે સાથે બીજા સમાજમાં જે કેસો થયા છે તે પાછા ખેંચવાની વાત કરી હોત. આ તબક્કે આ વાત કરી નથી ત્યારે મારે દુઃખ સાથે કહેવું છે કે આ રાજ્યમાં પોતાના સમાજ માટે જે રેલીઓ કાઢી છે, જે વાત લઇને નીકળ્યા છે એવા તમામ કેસો પાછા ખેંચવામાં આવે તેવી વિનંતી કરું છું. હું પાટીદાર સમાજને એટલા માટે અભિનંદન આપીશ કે પોતાનાં સમાજનાં કામો કરાવવા માટે અને પોતાના સમાજની વાત રજૂ કરવા માટે જે સમાજના લોકોએ ધારાસભ્યોને ચૂંટ્યા છે એ સરકાર પાસે તમામ સમાજની જરૂરિયાતવાળા કામો કરાવે છે. આવા ધારાસભ્યો અભિનંદનને પાત્ર છે. હું અહીં બેઠેલા તમામ ધારાસભ્યોને વિનંતી કરું છું કે જો આ સમાજ પોતાના સમાજ માટે વાત કરી શકતો હોય તો આપણે શા માટે વાત કરી શકતા નથી? અમને ક્યાંક સાંભળવા મળે કે અમને તો ડિસિપ્લિન નડે છે. હું માનનીય શ્રી ગોવિંદભાઈ પટેલને અભિનંદન આપીશ. ડિસિપ્લિન તો એમને પણ નડતી હતી, પણ જ્યારે રાજકોટમાં કમિશનર ખંડણી ઉઘરાવતા હોય તેવા સંજોગોમાં પોતાના મતદારો માટે, પોતાના સમાજ માટે જો એ વાત કરી શકતા હોય અને એમને ડિસિપ્લિન ન નડતી હોય તો અહીં બેઠેલા તમામ સભ્યોને પોતાના સમાજની વાત કરવા માટે શા માટે ડિસિપ્લિન નડે છે તેનો જવાબ આપણી પાસે નથી. આ વાત એટલા માટે કરી કે તમે એક જ સમાજની વાત સાંભળો છો. આ રાજ્યમાં રહેતા તમામ સમાજની વાત સાંભળવા માટે સરકાર બંધાયેલી હોય છે, સરકારની જવાબદારી બને છે. તમે એક સમાજની વાત સાંભળો તો બીજા સમાજની વાત તમે શા માટે સાંભળતા નથી. જો બીજા સમાજને ખબર પડશે તો ગુજરાતમાં ભાજપ ગોત્યું પણ હાથમાં નહિ આવે. સમજતા નથી, પણ જ્યારે ઓટોમેટિક સમજણ આવશે ત્યારે તમારી વાત ત્યાં ચાલી શકવાની નથી. બજેટમાં ઓ.બી.સી. સમાજ માટે જે ફાળવણી કરવી જોઇએ એ પ્રમાણે ફાળવણી થતી નથી. મારો સમાજ દબાઈ-ચંપાઈને અને શાંતિથી બેઠો છે તેનો અર્થ એવો નથી કે આ સમાજને ખબર પડતી નથી. આ સમાજને તમામ પ્રકારની ખબર પડે છે પણ મેં કહ્યું તેમ એમને ડિસિપ્લિન નડે છે. ક્યાંક આંદોલન કરવા જાય અને તમે તેના ઉપર કેસ કરી દેશો એ કેસથી ડરે છે. આ ભારતીય જનતા પાર્ટીને સત્તામાં આવવું અઘરું પડી જશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા કડી અને કલોલ તાલુકામાં રાજપુર અને ઈન્દ્રાડ ગામમાં કેમિકલના કારખાનાવાળા કેમિકલયુક્ત પાણી જમીનમાં ઉતારે છે. આજુબાજૂના ખેડૂતોના બોરમાં કલરવાળું પાણી આવે છે જેનાથી ખેતી પણ થઈ શકતી નથી. જમીનની ફળદ્રુપતા ઓછી થાય છે અને જમીન બગડવાથી ખેતી કરવી પણ અઘરી પડી જાય છે. અમારા સાંતેજ વિસ્તારમાં પ્રદૂષણ થાય છે. આ વિસ્તારની આજુબાજુમાં મોટાભાગના ટી.બી.ના દર્દીઓ જોવા મળે છે. ટી.બી. જેવો રોગ ગુજરાતમાં જોવા મળતો ન હતો પણ અમારા વિસ્તારમાં ઉદ્યોગો દ્વારા કરવામાં આવતાં પ્રદૂષણના લીધે ચારેબાજુ આ રોગે ભરડો લીધો છે. મારા વિસ્તારમાં મોટીભોયણ ગામની અંદર મેડિકલ વેસ્ટની ફેક્ટરી આવેલી છે. આખા અમદાવાદનું જે મેડિકલ વેસ્ટ આવે છે એ ત્યાં બાળવામાં આવે છે. ગામની બાજુમાં જ તે ફેક્ટરી આવેલી છે. એમાંથી જે ધુમાડો નિકળે છે એનાથી ઘણીવાર તો ત્યાંના આજુબાજૂના લોકોને રાત્રે શ્વાસની તકલીફો ઉભી થાય છે. આટલી મોટી તકલીફો પડતી હોવા છતાં, ઘણી ફરિયાદો થતી હોવા છતાં, અમે સંકલનમાં પણ ફરિયાદો કરીએ છીએ, તાલુકામાં પણ ફરિયાદો કરીએ છીએ, છતાં પણ એ ફેક્ટરી કોની છે? એની તપાસ કરવામાં આવતી નથી કે તપાસ કરી કોઇ કાર્યવાહી પણ કરવામાં આવતી નથી. આ તબક્કે તપાસ કરી એની કાર્યવાહી કરી લોકોને શ્વાસની જે તકલીફો પડે છે એમાંથી રાહત અપાવો એવી વિનંતી કરું છું.

**શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર ૧૦૭ લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરૂ છું. આજની સૌથી મોટી સમસ્યા ક્લાઈમેટ ચેન્જની છે, ત્યારે કલાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના પડકારો આજની પેઢી માટે જ નહીં, પરંતુ આવતીકાલની પેઢી માટે પણ ખૂબ મહત્વના અને ગંભીર રહેનારા છે. દ્રષ્ટિવાન નેતૃત્વ કોને કહેવાય એ મહાત્મા ગાંધીજીનું એક સ્ટેટમેન્ટ હતું. આપણે વિશ્વમાં જે ફરક જોવા માંગીએ છીએ, એ

મુજબ આપણામાં ફરક લાવવો જરૂરી છે. આ સ્ટેટમેન્ટ આજે સાર્થક બેસે છે. સ્વામી વિવેકાનંદજીએ પણ લખ્યું હતું કે, All nature is bound by law. The law is of its own and this law can never be broken. If we could break the law of nature, all nature will come to an end and there would be no more nature. આજની પરિસ્થિતિ એવી છે કે પૃથ્વીના ત્રણ આવરણો છેઃ (૧) જલાવરણ (૨) મૃદાવરણ અને (૩)વાતાવરણ. આ ત્રણે આવરણો એટલે પર્યાવરણ. એવું કહી શકાય કે we are either the part of solution or we are a part of the problem. ત્યારે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આ દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, વર્લ્ડના પહેલા લીડર છે કે જેમણે 'Convenient Action' નામની બુક પ્રસારિત કરી હતી. ગ્લોબલ વોર્મિંગ શું છે એના માટેના પુસ્તકો લખાયા હતા, પણ આ વર્લ્ડના પહેલા લીડર કે જેમણે ગ્લોબલ વોર્મિંગના ઉકેલ માટે આ પહેલી બુક બહાર પાડી હતી. આજે ગુજરાત રાજ્યમાં જોવા જઇએ તો ગુજરાત રાજ્યનો સૌથી ચર્ચિત શબ્દ એ વિકાસ છે તથા સૌથી મોટો મંત્ર, સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ છે. આજે આપણે કોઇની સાથે નહીં, પણ આજે આપણે પોતાની સાથે સ્પર્ધા કરી રહ્યા છીએ ત્યારે we are challenging ourselves and we have to change ourselves એ આજનો મંત્ર છે. હમણાં જ ૨૨મી તારીખે વિશ્વ જળ દિવસ ગયો. એક રિપોર્ટ મારા હાથમાં આવ્યો અને એ બહું ઇન્ટ્રસ્ટિંગ રિપોર્ટ હતો. એ રિપોર્ટ એમ કહે છે કે આ પ્લેનેટ, એટલે આ પૃથ્વી વીલ ફેઇસ ૪૦ પર્સન્ટ સોર્ટફોલ ઇન વોટર સપ્લાય ઇન વર્ષ ૨૦૩૦. વર્ષ ૨૦૩૦ની અંદર આ વિશ્વનો ૪૦ ટકા ભાગ વોટર સપ્લાયમાં આપણને નડવાનો છે. અને ડિમાન્ડ ઇન વોટર, એ ૫૫ ટકા સુધી વધશે. અને આજની સ્થિતિ જોવા જઇએ તો ૨૦ ટકા પાણી તો વિશ્વનું ઓલરેડી એક્સ્પ્લોઇટેડ છે. અને વિશ્વની અડધી વસતિને પીવાનું પાણી આવનારા દિવસોમાં નથી મળવાનું. ત્યારે જળ દિવસે અનેક લોકોના સ્ટેટમેન્ટ હતા પણ મને એક નરેન્દ્ર મોદી સાહેબનું સ્ટેટમેન્ટ સૌથી વધારે આકર્ષક લાગ્યું તે એ હતું કે જેની પાસે મીઠા પાણીના સ્ત્રોત હશે એ આવનારા દિવસોની અંદર એ જ લોકો પૃથ્વી પર રહી શકશે, રાજ કરી શકશે અને દેશ આગળ આવી શકશે. એક રિપોર્ટ આજનો એવું પણ કહે છે કે વિશ્વમાં રોજ ૧ હજાર બાળકોનું મૃત્યુ ડાયેરિયાથી થાય છે, અનસેઇફ ડ્રિન્કિંગ વોટર અને પુઅર હાઇજેન અને સેનીટેશનને લીધે. આના લીધે એક હજાર બાળકો રોજ આ પૃથ્વી પર મરી રહ્યા છે. ફકત ૩ ટકા પાણી જ મીઠું છે અને બાકીનું ગ્લેશિયસ છે, એટલે બરફ છે. ત્યારે આપણી પાસે એમ કહી શકાય કે આ સૌથી મોટી આવનારા દિવસોની અંદર ચેલેન્જ છે. વર્લ્ડમાં જોવા જઇએ તો વિશ્વની ૧૭ ટકા વસતિ આપણ ભારત દેશની છે. ફકત એમાંથી ઇન્ડિયાનું જોવા જઇએ તો આપણે સી.ઓ. ટુ કહીએ છીએ, કાર્બન ડાયોકસાઇડની વાત કરીએ છીએ તે પર હેડ માત્ર ૫ ટકા જ છે. અને તેમાં પણ હું માનું છું ત્યાં સુધી ગુજરાત સરકારે જે પગલાં લીધાં છે તે બેમિસાલ છે. અને અનેક પગલાં માનનીય તત્કાલીન મુખ્યમંત્રી દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ હતા, એમણે જે ચારણકા ખાતે સોલર પાર્ક સ્થાપ્યો હતો, ત્યારે હું આ વિધાનસભાનો સભ્ય હતો અને સામેથી એના માટેના ઘણા બધા સારા સારા શબ્દો વાપર્યા હતા, નવાજયા હતા. અને આજે યાદ આવે છે કે આજે આ સોલર પાર્ક એમ કહી શકાય કે વિશ્વનું સૌથી મોટું એક્ઝામ્પલ પૂરું પાડયું હતું. વડોદરાની અંદર નહેર આધારિત, નહેરની ઉપર જે સોલર પેનલ બનાવી અને આપણે જોઇ શકીએ છીએ કે તે વખતનું એ વિશ્વમાં આવી પહેલ પહેલી વખત કરવામાં આવી હતી કે નહેર ઉપર પણ આપણે સોલર પેનલ બનાવીને વીજળી પેદા કરી શકીએ છીએ. આજના દિવસે, જયારે મોદી સાહેબે એક કલ્પના કરી છે અને એક સૂત્ર પણ આપ્યું છે. એક સૂરજ, એક વિશ્વ, એક ગ્રીડ નો માર્ગ આપણને બતાવ્યો છે. સૂરજ કયાંક ને કયાંક તો છે જ, અને એનાથી વીજળી કેમ મળી શકે એ વિષયની અંદર, એ વિઝનને દુનિયાએ આવકાર્યું છે. આજે જોવા જઇએ તો વિશ્વમાં ૧૨૨ દેશ એવા છે કે જેમાં ૩૦૦ દિવસથી વધારે સૂર્ય રહે છે. એટલે ઇન્ડિયા એમાં લીડ કરે છે, અને એ લીડ કરવા પાછળ હું માનું છું ત્યાં સુધી ગુજરાતે સૌથી મોટો રોલ ભજવ્યો છે. વર્ષ ૨૦૦૯ની અંદર કલાયમેન્ટ ચેન્જ ડિપાર્ટમેન્ટ શરૂ કરનાર ગુજરાત રાજય દેશમાં પ્રથમ રાજય હતું. અને હમણાં જ જે ગ્લાસ્ગો ખાતે કોપ ૨૬ ઇન્ટરનેશનલ પરિષદ યોજાઇ, તો નેટ ઝીરો કાર્બનની દિશામાં લક્ષ્યાંકની જાહેરાત કરી, અને મને કહેતા આનંદ થાય છે કે વર્ષ ૨૦૩૦ની અંદર આ ભારત દેશે એનો સંકલ્પ લીધો છે. આજે ગુજરાતમાં ૩ લાખથી વધારે સોલર રૂફટોપ, ૧,૬૮૦ મેગાવોટ મેળવી રાજય સમગ્ર દેશમાં પ્રથમ રાજય બન્યું છે. વધુ સવા લાખ ઘરો માટે આ વર્ષે બજેટમાં જોગવાઇ કરી છે અને આ વર્ષમાં એનો લાભ પણ મળવાનો છે. બીજું સારું કાર્ય એ કે ૯,૦૦૦ વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત ટુ વ્હીલર ખરીદવા માટે જોગવાઇ કરી છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. કાર્બન ક્રેડિટ્સ મેળવનાર સૌથી અગ્રેસર રાજય કોઇ હોય તો તે ગુજરાત છે. આપણે સૌથી પહેલી સોલર પોલિસી ડિકલેર કરી, હજુ તો ઘણા સ્ટેટની આ પોલિસી ડિકલેર પણ નથી થઇ. પણ એક દાયકા પહેલાની, દસ વર્ષ પહેલાની વાત કરું તો સોલર પોલિસીની જાહેરાત કરનાર એ ગુજરાત પહેલું રાજય હતું. નોન કન્વેશનલ એનર્જી સોર્સીસની અંદર આજે આપણે જોઇએ છીએ કે સોલર દ્વારા વીજળી પ્રાપ્ત કરીએ છીએ. વિન્ડ એનર્જી દ્વારા વીજળી પ્રાપ્ત કરીએ છીએ અને ઘણા બધા નવા આયામો એમ કહી શકાય કે ટાઇડલ એનર્જી મોજા આધારિત વીજળી પેદા કરવાના પ્રયોગો આપણા ગુજરાત રાજયની અંદર થઇ રહ્યા છે. રૂફટોફ સોલર પેનલ છે એની શરૂઆત ગાંધીનગરથી થઇ અને આપણું પર્યાવરણનું બિલ્ડિંગ છે સૌ પ્રથમ એને સોલર પેનલ લગાવી હતી. આજે સોલર પેનલના માધ્યમથી આપણે ખેડૂતોને ખૂબ મોટી મદદ કરી રહ્યા છીએ. પવન ઉર્જા એમ કહી શકાય કે ચાલુ વર્ષે ૪૮૮ મેગાવોટની ક્ષમતાના વધારા સાથે આજે જોવા જોઇએ તો પવન આધારિત વીજળી પેદા કરીએ છીએ એ ૮,૯૮૭ મેગાવોટ થઇ છે જે ભારતની અંદર બીજા ક્રમે આવે છે.

તા. ૨૮મી માર્ચ ૨૦૨૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સૌર ઉર્જા નીતિ વર્ષ ૨૦૨૧ હેઠળ ચાલુ વર્ષ દરમિયાન ૧,૯૯૭ મેગાવોટ ક્ષમતાનો સોલર પાવર કાર્યરત કર્યો છે. આથી એમ કહી શકાય કે સોલર ઉત્પાદન ક્ષમતા વધીને ૬,૨૬૯ મેગાવોટ થઇ છે. તાજેતરની અંદર ગુજરાત રાજયમાં ૨૪ મેગાવોટના પ્રથમ વિન્ડ સોલર હાઇબ્રીડ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે. એની સાથે સાથે ગુજરાતે કુલ પ્રાપ્ય ઉર્જાની કુલ ક્ષમતાનો ૧૫ ગીગાવોટથી વધુ થયેલ છે જે સમગ્ર દેશની અંદર અવ્વલ નંબરે આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળ પણ એક વાત કહેલી કે સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટની અંદર એ વિષય મૂકયો હતો. આજે સૌથી વધારે સાયન્ટિસ્ટો મથી રહ્યા છે, તો એ સૂર્યની ચમક ઓછી કરવાના પ્રયાસો કરી રહ્યા છે. કોઇપણ હિસાબે અત્યારે વાતાવરણ એવું છે કે જે પ્રકારે ગ્લોબલ વોર્મિંગે ભરડો લીધો છે એ એવું કહી શકાય કે અત્યારે તાત્કાલિક એને કોઇપણ રીતે ઠંડો કરવો પડે એના માટે આખા વિશ્વના સાયન્ટિસો એને કેવી રીતે ઠંડો થઇ શકે એના અનેક પ્રયોગો કરી રહ્યા છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન કરું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી પોતાના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની કુલ વસતિના પર ટકા ઓ.બી.સી. સમાજની છે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને એમાં પણ ૧૪૬ જ્ઞાતિઓનો સમાવેશ સન ૨૦૦૦ સુધીમાં થયો હતો. સન ૨૦૦૦ થી સન ૨૦૧૨ સુધીમાં બીજી ૧૬ જ્ઞાતિનો વધારો કરવામાં આવ્યો હતો. વારંવાર આ ગૃહની અંદર વિરોધપક્ષ તરફથી સરકારનું ધ્યાન દોરવામાં આવે છે કે રાજયના કુલ બજેટના અને કુલ વસતિ જે છે એના પ્રમાણમાં બજેટનું ફાળવણું કરવામાં આવે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે છેલ્લા છ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ બજેટના ૧.૬૫ ટકા, સન ૨૦૧૮-૧૯ના વર્ષમાં કુલ બજેટના ૧.૯૮ ટકા. સન ૨૦૧૯-૨૦ના વર્ષમાં કુલ બજેટના ૨.૫ ટકા. સન ૨૦૨૦-૨૧ના વર્ષના કુલ બજેટના ૧.૯૮ ટકા. સન ૨૦૨૧-૨૨ના કુલ બજેટના ૧.૯૧ ટકા અને સન ૨૦૨૨-૨૩ના કુલ બજેટના ૧.૯૬ ટકા કરવામાં આવેલ છે. એક વાર ૨.૫ ટકાની ફાળવણી કરવામાં આવેલ હતી. અમારી માગણી અને લાગણી છે કે ગુજરાતનો બક્ષીપંચ સમાજ અને ૧૪૬ જ્ઞાતિઓનો સમૂહ જયારે સંકળાયેલો હોય ત્યારે એ લોકોની વસતિના પ્રમાણમાં બજેટની ફાળવણી કરવી જોઇએ એવી અમારી માગણી છે. એવી અમારી માગણી છે અને એ પ૨ ટકા વસતિમાં પણ શ્રી બળદેવજીભાઇએ કહ્યું એ પ્રમાણે કોળી અને ઠાકોરની ૨૭થી ૩૦ ટકા વસતિ છે. તેમાં અમારી માગણી છે કે ઓ.બી.સી.માં પણ કોળી અને ઠાકોરની જે ૩૦ ટકા વસતિ છે તેને ધ્યાનમાં રાખીને બજેટમાં જોગવાઇ કરવામાં આવે. ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમની અંદર જે કંઇ ફાળવણી કરવામાં આવે છે. સત્તા પક્ષ તરફથી છેલ્લાં વર્ષોમાં જે રીતે જાહેરાત કરવામાં આવે છે. બક્ષીપંચ સમાજને જે પ્રકારે ગેરમાર્ગે અથવા ગુમરાહ કરવામાં આવે છે. સાચી હકીકતનો સરકાર સ્વીકાર કરે. જે લોકો ફરજ બજાવે છે, વાસ્તવિકતા શું છે? તમે નિગમ મારફત લોન આપો છો. સંખ્યા કેટલી આવે છે, તેની સામે તમે લોન કેટલી આપો છો? તેના ઉપર સરકારનું ધ્યાન દોરવું છે કે વર્ષ ૨૦૦૫-૦૬થી લઇને વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં લાભાર્થીની સંખ્યા નિગમ દ્વારા મને જે માહિતી પૂરી પાડવામાં આવી છે તે જોતાં તા. ૩૧-૮-૨૦૨૧ સુધી ૧૮,૨૨૬ લાભાર્થીઓ છે. આવડી મોટી વસતિમાં ૧૮,૦૦૦ની સંખ્યા, તેની સામે માગણીદારો છે તેને તમે લોન આપતા નથી, તો આ વાસ્તવિકતા છે તેનો સ્વીકાર કરીને કરવામાં આવે એવી સરકારશ્રીને હું વિનંતી કરું છું. શૈક્ષણિક લોનની પણ વાત કરવામાં આવે. અહીં અગાઉ બજેટની ચર્ચા વખતે, રાજ્યપાલશ્રીના પ્રવચન વખતે પણ સત્તા પક્ષના ધારાસભ્યો તરફથી કહેવામાં આવ્યું છે. મારે એ મિત્રોને કહેવું છે કે વર્ષ ૨૦૧૮-૧૯માં શૈક્ષણિક લોન માત્ર ૪૪ લાભાર્થીઓને આપવામાં આવી. વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૯૯ લાભાર્થીઓને શૈક્ષણિક લોન આપવામાં આવી. વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૭૦ લાભાર્થીઓને આપવામાં આવી છે અને વર્ષ ૨૦૨૧-૨૨માં માત્ર ૫૩ વિદ્યાર્થીઓને શૈક્ષણિક લોન આપવામાં આવી. આટલો મોટો સમાજ. આટલા મોટા સમાજમાં વિપુલ પ્રમાણમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા. એ લોન માટે અરજી કરે પછી તેને લોન આપવામાં આવે નહીં અને આપણે એમ કહીએ છીએ કે અમે બક્ષીપંચ સમાજના મસીહા છીએ કે તેના માટે કામગીરી કરીએ છીએ. રેકર્ડ ઉપર ચકાસતા અલગ બાબત છે અને અહીં જાહેરાત કરવામાં આવે એ અલગ બાબત છે, ત્યારે બક્ષીપંચના નામે ચિંતા કરે છે ત્યારે આ સમાજને મળવાપાત્ર હક્ક અને અધિકારો છે, એ પર્યાપ્ત પ્રમાણમાં આપવામાં આવે એવી માગણી કરીએ છીએ. અહીં શ્રી બળદેવજીભાઇએ કહ્યું છે તેને સમર્થન આપું છું કે રાજ્યમાં પોતાના હક્ક અને અધિકારો માટે જે સમાજોએ આંદોલન કર્યા છે તેમાં પોલીસ દ્વારા દમન થયા છે. અત્યાચારો થયા છે. ખોટી કલમો નાખીને ૩૦૭ જેવા ગુના દાખલ કર્યા છે. એક દાખલો આપીશ, તળાજા તાલુકાની અલ્ટ્રાટ્રેક કંપની સામે આજુબાજૂના કોળી સમાજના ગામો પોતાના હક્ક અને અધિકાર માટે જમીન બચાવવા માટે મહેનત કરતા હોય ત્યારે ૧૦૫ લોકો અને તેમાંય બહેનો. જ્યારે બક્ષીપંચના મંત્રી તરીકે અહીં ફરજ બજાવતા હોય તેમને તો હું આગ્રહભરી વિનંતી કરું છું કે તમારી પણ જવાબદારી છે કે જ્યાં અન્યાય થાય, તેવા સમાજને નુકસાન ન થાય. એ જવાબદારી તમે અદા કરો. જે કોઇ સમાજોએ પોતાના હક્ક અને અધિકારો માટે અંદોલન કર્યા છે એવા તમામ મેરિટ આધારિત સરકારે જે કેસો પરત ખેંચ્યા છે એવા તમામ સમાજના કેસો પરત ખેંચવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને અને સરકારને વિનંતી કરું છું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણની જાળવણી સારી રીતે થાય. મારે વધારેમાં વધારે ગીરપૂર્વ વિસ્તાર અને ગીર પશ્ચિમ વિસ્તારમાં વન વિસ્તાર આવે છે. એ વન વિસ્તારના સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે લાખો અને કરોડો રૂપિયાનું બજેટ છે. છેલ્લાં વર્ષોમાં કેન્દ્ર સરકાર પાસે જે બજેટની માગણી કરી છે તેમાં કેન્દ્ર સરકારે પૂરતા બજેટની ફાળવણી કરી નથી. ઘટાડો કર્યો છે. છેલ્લાં બે વર્ષની અંદર ૨૮૩ સિંહોનું સિંહબાળ સાથે મૃત્યુ થયું છે ત્યારે તેની પણ જાળવણી કરવામાં આવે. માલધારીઓ જંગલ વિસ્તારમાં રહે છે. માલધારીઓના પોતાના હક્ક અને અધિકાર માટે જ્યારે લડાઇ કરતા હોય છે, ત્યારે વર્ષ ૧૯૫૧ની મતદાર યાદીમાં કે વર્ષ ૧૯૫૬ની મતદાર યાદીમાં તેનું નામ હોય તો તેના દાખલા કે પ્રમાણપત્ર માગવામાં આવે. માલધારીના નેસડામાં તેમની પાસે ક્યાંથી હોય? સરકાર પાસે પુરાવા હોય તો આપે. એમની પાસે આ પુરાવા નથી અને માલધારીઓને આ પ્રકારનો અન્યાય ન થાય એના માટે સરકારને વિનંતી કરું છું. છેલ્લી વાત કરું તો તોક્તે વાવાઝોડું આવ્યા પછી આ ગૃહમાં મેં અગાઉ વાત કરી છે એનું પુનરાવર્તન કરીને માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, વાવાઝોડામાં જંગલ વિસ્તારમાં એક નેસમાં ૩૦ કુટુંબો હોય એમાં તમે ૫ કુટુંબને ૨૫ કે ૩૫ હજારનું ચૂકવણું કરો અને એ જ નેસની અંદર બાકીના કુટુંબોને ૫-૫ હજાર રૂપિયા આપો એ કોઇપણ સંજોગોમાં ઉચિત નથી. સરવે કરીને તમામ નેસમાં તમામ કુટુંબોને એક સમાન ધોરણે ચૂકવણું કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં કાપ દરખાસ્તમાં પણ જે મુદ્દો મૂક્યો છે એ મારા વિસ્તારને અત્યારે વધારે જો કોઇ પરેશાન કરતો મુદ્દો હોય તો ઇકો સેન્સિટીવ ઝોનનો મુદ્દો છે. વર્ષ ૨૦૧૬થી વાત કરીએ તો એક પ્રક્રિયા ચાલે છે. ક્યારેક વાત કરવામાં આવે કે કોર્ટની અંદર મેટર પડેલી છે. એના કારણે અમારો જંગલ વિસ્તાર અને ગીર વિસ્તારને જે મુશ્કેલીઓ અને યાતનાઓ ભોગવવી પડે છે. જે મંજૂરીઓ મેળવવાની હોય એ મંજૂરીઓ મળતી નથી. કાયદો પસાર થતો નથી. મારી સરકારશ્રીને વિનંતી છે કે તમે ૧, ૨, ૧૦ કે ૧૫ કિલોમિટર જે પસાર કરવો હોય એ કાયદો પસાર કરી દો તો અમને ખબર પડે કે ૧૦ કિલોમિટરનો ઇકો સેન્સિટીવ ઝોનનો કાયદો છે. કાયદો સૂચિત તરીકે ડિક્લેર કર્યો છે અને ત્યાંના લોકો આજે પરેશાની ભોગવે છે. ખેતીવાડીમાં કનેક્શન મેળવવું હોય તો એન.ઓ.સી. ન મળે, કૂવો ખોદવો હોય તો એન.ઓ.સી. ન મળે, રસ્તો બનાવવો હોય તો એન.ઓ.સી. ન મળે, વાડીએ મકાન બનાવવું હોય તો એન.ઓ.સી. ન મળે, અમારી જમીનની અંદર અમારે કાંઇ કોમર્શિયલ કરવું હોય તો એન.ઓ.સી. ન મળે. એવું કહેવામાં આવે કે ઇકો સેન્સિટીવ ઝોનનો કાયદો છે. કાયદો હજી પસાર નથી થયો. બે સૂચિત દરખાસ્તો રાજ્ય સરકારે તૈયાર કરી છે, નકશાઓ તૈયાર કર્યા છે, હાઇકોર્ટની અંદર સબમિટ થયેલ છે. હાઇકોર્ટમાં હીયરીંગ પણ થઇ ગયેલ છે. સરકારશ્રીએ ખાલી એનો જવાબ રજૂ કરવાનો છે કે કઇ દરખાસ્ત તમે એક્સેપ્ટ કરવા માગો છો? એકને ગોળ અને બીજાને ખોળ, એ નીતિ સરકારના નીતિ નિયમોમાં ન ચાલે? ગીર ફોરેસ્ટ વિસ્તારના લોકોને, આજે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું, સરકારને વિનંતિ કરું છું કે ગીરમાં સિંહો હોય, ગીરનું વન હોય, ગીરના ઝાડ હોય તો એ વિભાગ એવું ન માને કે અમારા થકી છે. ત્યાંના લોકો થકી સિંહો છે, ત્યાંના લોકો થકી સિંહો સલામત છે. એક દાખલો આપીશ. અમારા ખેતરમાં સિંહ આવી, માલિકીમાં આવીને અમારી ગાય કે ભેંસ, અમારા બાંધેલા ઢોરનું મારણ કરે કે જેની કિંમત ૧ થી ૨ લાખ રૂપિયા હોય છતાં એ ખેડૂત, એ માલિક સિંહને આરામથી મારણ ખાવા દે છે. ક્યારેય પરેશાન નથી કરતા. અમારો પરિવાર, અમારે ત્યાં મહેમાન આવ્યા હોય, અમારી માલિકીમાં સિંહ આવે છે, જંગલમાં મારણ કર્યું હોય અને અમારા મહેમાન ત્યાં સિંહ જોવા માટે આવે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ કેમ આવ્યા હોય એમ ફોરેસ્ટ વિભાગની ૩-૪ ગાડીઓ આવે, ત્યાં બેઠેલા લોકો હોય, સિંહ જોતા હોય એમની ધરપકડ કરવામાં આવે. એમને દંડ કરવામાં આવે. ૨૫ થી ૫૦ હજારનો દંડ કરવામાં આવે ત્યારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આ વાજબી વાત છે ખરી? અમારી માલિકીમાં સિંહ આવે, વન્ય પ્રાણીઓ અમારી માલિકીમાં આવે, અમારા પશુનું મારણ કરે, તેને નુકસાન કરે, અમારો પરિવાર અમારે ત્યાં મહેમાન આવે એ સિંહોને નિહાળે અને એમાં વન વિભાગ આવીને દંડ કરીને અને કાયદાકીય પ્રોસિજર કરતા હોય એ બરાબર નથી. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આમાં પણ વિભાગને થોડી સૂચના આપવામાં આવે. ઇકો સેન્સિટીવ ઝોનના મુદ્દામાં વિનંતી છે. અમારી માલિકીની જમીનમાં અમારે બાંધકામ કરવાનું હોય, કોમર્શિયલ બાંધકામ કરવું છે તો પરમિશન ૬ મહિના સુધી મળે નહીં અને પરમિશન મળ્યા પછી અમારી જમીનમાં ૧૫ ટકા બાંધકામ કરવાની પરમિશન મળે, ૧૩ મિટરની ઉંચાઇ સુધીનું જ બનાવવાનું એની પરમિશન મળે. માલિકીની જમીન અમારી. આજે મોટા કોર્પોરેશન જે શહેરી વિસ્તારમાં જે જગ્યાએ છે ત્યાં પણ સરકાર ૬૦ ટકાની બાંધકામની મંજૂરી આપે છે. આ તો અમારી માલિકીની જમીનની અંદર પરીપત્રનો એક આધાર રજૂ કરીને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ છે એ કહે ૧૫ ટકા જ તમારે બાંધકામ કરવાનું. ૧૫ ટકાથી ૮૫ ટકા ત્યાં અમારી જમીન એમને એમ સાર્વજનિક પડી રહે છે. માનનીય મંત્રીશ્રીને અને સરકારશ્રીને મારી વિનંતી છે કે આની અંદર પણ વિચારે. સિંહોનું જતન કરવું એ અમારી જવાબદારી છે. સિંહો છે એ ખાલી જોવા માટે નથી. ગીર વિસ્તારમાં વસતા સિંહો છે એને ત્યાંથી પ્રજાએ કાયમી સભ્ય તરીકે સ્વીકાર્યા છે. જંગલ છે એ અમારી મા છે. અમારી એ ભૂમિ છે એ પણ મારી મા છે. એનું રક્ષણ કરવું એ અમારી પણ જવાબદારી છે. આજની તારીખ સુધી ગીર ફોરેસ્ટ વિસ્તારની એકપણ પ્રજાએ કયારેય સિંહનો શિકાર કર્યો હોય કે સિંહને હેરાન કર્યા હોય એવો એક પણ દાખલો નથી. જયારે

શિકારી થયો છે ત્યારે એ આઉટ સ્ટેટના લોકોએ આવીને એનો શિકારી કર્યો છે અને પરેશાની ભોગવવી પડે છે ત્યાંની પ્રજાને એટલા માટે અમારી વિનંતી છે. આ અંદરથી એક આક્રોશ અમારો બોલે છે. ઈકો સેન્સિટીવ ઝોનના મુદ્દામાં ઘણાં વર્ષોથી અમે યાતનાઓ ભોગવી રહ્યા છીએ. અમારે સ્કૂલ બનાવવી હોય તો અમે ન બનાવી શકીએ. અમારે દવાખાનું બનાવવું હોય તો અમે ન બનાવી શકીએ. વાડી વિસ્તારના રસ્તાઓ ન બનાવી શકીએ. એકબીજા ગામને જોડતા રસ્તાઓ ન બનાવી શકીએ. અમારા ખેતરની અંદર, અમારી પ્રોપર્ટીની અંદર અમારે હોટલ બનાવવી હોય, અમારે રિસોર્ટ બનાવવું હોય તો એની મંજૂરી ન મળે, મંજૂરી મળે બે કિલોમિટર ઉપરની તો ૧૫ ટકા મળતી હોય છે, ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને અને સરકારશ્રીને વિનંતી કરું છું કે અમારા આ ઈકોસેન્સિટીવ ઝોનના કાયદાવાળી વાત છે એની વહેલી તકે અમલવારી થાય. જે નિર્ણય કરવો હોય તે વહેલી તકે કરો એવી મારી વિનંતી છે. ગીર વિશે અને ગીરના સિંહો વિશે બોલવું હોય તો કલાકોના કલાકો સુધી પણ બોલી શકીએ છીએ. બીજી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ઘણા સમયથી અમારે ત્યાં બ્લેક સ્ટોનની ખાણો આવેલી છે એનો ઇ.સી.નો મુદ્દો છે. કોઇ ઈકોસેન્સિટીવ ઝોનના સૂચિત નકશાની અંદર એ ખાણો આવતી નથી. મારી માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી છે કે એમાં શરતી એ લોકોને ઇ.સી. આપવામાં આવે કે જેનાથી એ લોકોની રોજગારી ચાલુ થાય એની ઉપર વેટનું જે ભારણ, બેંકના હપ્તાઓ ચડે છે એમાં આવક થાય અને હજારો માણસને રોજગારી મળે એ માટે વિચારે અને વહેલી તકે બ્લેક સ્ટોન ક્વોરીઓના અમારે એન.ઓ.સી. બાકી છે ઇ.સી.ની એ ઇ.સી. વહેલી તકે મળી જાય એ માટે આભાર સાથે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ દ્વારા રજૂ કરવામાં આવેલ વન અને પર્યાવરણ વિભાગની માગણી નં. ૨૬ અને ૨૭ ઉપર મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છેવાડાના માનવીની ચિંતા કરે છે એવી જ રીતે વન અને પર્યાવરણ વિભાગ પણ સતત વધતું ઔદ્યોગિકરણ હોય, શહેરીકરણને લીધે દરિયાઇકાંઠા ઉપર થતી વિપરીત અસરોમાં પહોંચી વળવા માટે પણ આ દરિયાકાંઠે જે વૃક્ષો સામૂહિક રીતે ઉછેરવાથી જે ફાયદા થાય છે. દરિયાકાંઠે ઉછરતા વૃક્ષોને ચેર કહેવામાં આવે છે અને તે એક વિરલ પ્રકારની વનસ્પતિ છે. કારણકે આ વનસપતિને સમુદ્રની ભરતી આવે, ઓટ આવે તો પણ સમુદ્રના ખારાશ ધરાવતા પાણીમાં ઉગી શકે છે. આ ચેરને સ્થાનિક ભાષામાં જુદાજુદા નામોથી ઓળખવામાં આવે છે. અંગ્રેજીમાં તેને મેન્ગ્રૂવ તરીકે ઓળખવામાં આવે છે. આ રાજયમાં ચેરના વિસ્તારોનો વહીવટ, વ્યવસ્થાપન મુખ્યત્વે વન વિભાગ, ઈકોલોજી કમિશન, ગાંધીનગર તથા મેરીટાઇમ બોર્ડ તથા રેવન્યુ વિસ્તારમાં મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ ચેરના વૃક્ષો વાવાઝોડા અને સુનામી જેવી કુદરતી આફતોમાંથી જે વિસ્તારમાં હોય એનું મજૂબતીકરણ તથા  રક્ષણ કરે છે. એમાં માછલીઓ તથા અન્ય દરિયાઇ સમુદાયોને વિપુલ માત્રામાં ખોરાક પણ પૂરો પાડે છે. અત્યંત ખારાશવાળા દરિયાઇ તથા પશુધન માટેનો ઉનાળાનો લીલો ચારો પણ પૂરો પાડે છે. ચેરના વૃક્ષો રોપવા એ અત્યંત જરૂરી છે. ચેરના વિકાસ માટે રાજય સરકારે વન વિભાગ દ્વારા ભૂમિ અને ભેજ સંરક્ષણની યોજના બીન આદિવાસી ડી.એફ.૮ મોડલ ચેર વાવેતરની યોજના, રાજય યોજના અને કચ્છ અને ખંભાતના અખાતને જાળવણી અને વ્યવસ્થાપન માટે તેમજ ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા વિશ્વ બેન્કમાં પુરસ્કૃત ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ યોજના થકી અમલ કરવામાં આવે છે. આ ચેરની અગત્યતાને ધ્યાને લઇએ તો ગુજરતમાં છેલ્લાં વર્ષોમાં કચ્છ, જામનગર હોય, સુરત, ભરૂચ, ભાવનગર હોય, મોરબી જિલ્લામાં ચેર વાવેતરની કામગીરી કરવામાં આવી રહેલ છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ૫૯,૯૪૭ હેક્ટરમાં વાવેતર કરેલ છે. છેલ્લાં ૨ વર્ષમાં ૧૧,૭૪૦ હેક્ટરમાં વાવેતર કરવામાં આવે છે. આ ગુજરાત રાજ્ય ચેર વનીકરણ રક્ષણ તેમજ અસરકારક વ્યવસ્થાપનના પ્રયાસ થકી ચેર વિસ્તારનો સતત વધારો કરેલ છે. આ વન વિસ્તારમાં થતા ફેરફારનો અભ્યાસ ફૉરેસ્ટ સરવે ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલ છે. ચેર વિસ્તારનો વ્યાપ અને ગુણવત્તાનો અભ્યાસ ફૉરેસ્ટ સરવે ઓફ ઈન્ડિયા દ્વારા બે વર્ષના અંતરે હાથ ધરવામાં આવે છે. જેમાં ઉપગ્રહ, ચિત્રો મારફતે અભ્યાસ તથા તેની સ્થળ મુલાકાત દ્વારા તેની ભૌતિક ચકાસણી કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં સૌથી વધુ ચેરનો વિસ્તાર કચ્છ જિલ્લામાં આવેલ છે. આ ગુજરાત રાજ્યમાં ચેર વિસ્તારનો વ્યાપ વર્ષ ૨૦૦૧ માં માત્ર ૯૧૧ ચો.કિ.મી.નો હતો. જે વર્ષ ૨૦૨૧ માં ૧૧૭૫.૭ ચો.કિ.મી. નો થયેલ છે. વર્ષ ૨૦૦૧ થી ૨૦૨૧ ના સમગગાળામાં રાજ્યમાં ચેરનો જંગલ વિસ્તાર ૨૬૪ કિ.મી.નો વધારો નોંધાયેલ છે. આ ફૉરેસ્ટ સરવે ઓફ ઈન્ડિયાના સરવે સને ૨૦૨૧ ના અહેવાલ મુજબ કચ્છ ૭૯૮.૭૪ ચો.કિ.મી.નો અને જામનગર જિલ્લામાં ૨૩૧.૨૬ ચો.કિ.મી.નો આ ચેર વિસ્તાર આવેલ છે. આ ગુજરાત વન વિભાગ દ્વારા ગુજરાત રાજ્યમાં ચેર જંગલમાં જોવા મળતું જૈવિક વૈવિધ્ય ચેરના જંગલોને ગ્લોબલ વોર્મિંગથી અટકાવવા માટે યોગદાન અને ચેરના વૃક્ષોથી થતું કાર્બન સેક્રિટેશન જેવા સંશોધનનો અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે. ભવિષ્યમાં લાંબાગાળાના આયોજન તરીકે ગુજરાત રાજ્યના સમુદ્ર કિનારાના કાંઠાવાળા વિસ્તારમાં આ ચેર પ્લાન્ટેશન માટે ઉપલબ્ધ થઇ શકે તેવા અનુકૂળ વિસ્તારમાં મોજણી શુક્ષ્મ સ્તરે આયોજન કરવામાં આવેલ છે. આ ચેર વિકાસ માટે રાજ્યમાં વન વિભાગ સિવાય ગીર ફાઉન્ડેશન ગાંધીનગર ગુજરાત ઈકોલોજી કમિશન, મરીન નેશનલ પાર્ક, કન્ઝર્વેશન  સોસાયટી, ગુજરાત મેરી ટાઇમ બોર્ડ, ગુજરાત મીનરલ  ડેવલપમેન્ટ કોર્પોરેશન, ગુજરાત હેવી કેમિકલ્સ લિ., ગુજરાત ઈન્ફો પેટ્રો લિ. વડોદરા, અમદવાદ અને કચ્છ વિશ્વ વિદ્યાલયોના ઈન્ડિયન સ્પેસ રિસર્ચ અને ઓર્ગેનાઇઝેશન, ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેઝર્ટ ઈકોલોજી લિ. સંસ્થા કાર્યરત છે. એટલા માટે તો સતત વધતા જતા ઔદ્યોગીકરણ અને

શહેરીકરણની દરિયાકાંઠા ઉપર થતી વિપરીત સરવે પહોંચી વળવા માટે ગુજરાત રાજ્ય સજાગ છે અને લોક સહકાર, લોક ભાગીદારીથી સહયોગી વ્યવસ્થા થકી દરિયાકિનારામાં ચેર વનીકરણ એક સંકલિત અભિગમ છે. આ પ્રસ્તાવ લઇને આવ્યા છે એને અનુમોદન આપું છું.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર): માનનીય અધ્યક્ષશ્રી મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે, એના ઉપર હું મારા વિચારો આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૩ ના વર્ષ માટેનું નાણામંત્રીશ્રી દ્વારા જે બજેટ રજૂ કરવામાં આવ્યું છે. એ બજેટ જે પાછલા વર્ષની અંદર બજેટ વર્ષ ૨૦૨૧-૨૨ માં ૨ લાખ ૨૭ હજાર ૨૯ કરોડનું હતું. વર્ષ ૨૦૨૨-૨૩ માં ૨ લાખ ૪૩ હજાર ૯૬૫ કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. એટલે પાછલા વર્ષની તુલનામાં જોઇએ તો તેમાં ૧૬,૯૩૬ કરોડનો વધારો કરવામાં આવેલ છે, પરંતુ દુઃખ સાથે કહેવું પડે કે જ્યારે વસતિ વધતી હોય, બજેટનો વ્યાપ વધતો હોય, લોકોની માગણીઓ વધતી હોય તેવા સમયમાં લઘુમતી સમાજનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે, તે દિવસનેને દિવસે બજેટ ઘટતું જાય છે, પણ તે પૂરેપૂરું વપરાતું પણ નથી. ગતવર્ષે લઘુમતીઓના કલ્યાણ માટે રૂપિયા ૭,૧૬૧ લાખનું બજેટ ફાળવવામાં આવેલ, જેમાં વિભાગની બેદરકારીના કારણે તેમાં ૨૨ કરોડ રૂપિયા વણવપરાયેલા રહ્યા છે. આ વર્ષે સરકારે લઘુમતીઓના કલ્યાણ માટે લગભગ રૂપિયા ૮,૦૫૮ લાખ ફાળવ્યા છે. તેમાં તમે લઘુમતીની વસતિ જુઓ તો ૬૫ થી ૭૦ લાખ જેટલી થાય છે. એટલે તે વસતિના પ્રમાણમાં ૦.૩૩ ટકા જ બજેટ ફાળવવામાં આવેલ છે. આપણે સૌનો સાથ, સૌના વિકાસ અને સૌના વિશ્વાસની વાત કરીએ છીએ તો આમાં સૌનો સાથ અને સૌનો વિકાસ કેવી રીતે થઇ શકશે. વર્ષ ૨૦૧૯-૨૦ ની અંદર બજેટમાં ૬૫.૧૬ કરોડની જોગવાઇ કરેલ હતી, જેની સામે ૧૨.૯૪ કરોડ રૂપિયાની રકમ વણવપરાયેલી રહી હતી. વર્ષ ૨૦૨૦-૨૧ ની અંદર ૧૦૪.૩૬ કરોડની જોગવાઇની સામે ફક્ત ૩૪ કરોડ રૂપિયા વપરાયા હતા અને તેમાં ૭૬ કરોડ રૂપિયા વણવપરાયેલા રહ્યા હતા. એક તો આમાં બહુ જ ઓછી ફાળવણી કરવામાં આવે છે અને વર્ષના અંતે તેમાં મોટાભાગના પૈસા વણવપરાયેલા રહ્યા છે. મારી સરકારશ્રી સમક્ષ માગણી છે કે, આમાં વસતિ આધારિત ફાળવણી કરવી જોઇએ. કોઇ સમાજનો વિકાસ કરવા માગતા હોય તો વસતિ આધારિત બજેટની ફાળવણી થવી જોઇએ. બીજા રાજ્યો જોઇએ તેમાં રાજસ્થાન અને મધ્યપ્રદેશ છે તે તમામ જગ્યાએ લઘુમતી વિભાગનું મંત્રાલય છે. અમારી માગણી છે કે, ગુજરાતમાં પણ લઘુમતી મંત્રાલય બનવું જોઇએ અને તેના માટે પૂરતું બજેટ ફાળવવામાં આવે અને ફાળવ્યા પછી તેનો પૂરતો ઉપયોગ કરવામાં આવે. આવું મંત્રાલય હશે તો તેની તે સંભાળ લઇ શકશે. અત્યારે જે મોબલિન્ચિંગની ઘટનાઓ બનતી જાય છે તે ઘટનાઓ પર કાબૂ લેવા માટે સરકારે લઘુમતી આયોગની રચના કરવી જોઇએ. જ્યાં આવી કમનસીબ ઘટનાઓ બનતી હોય તેની સામે પગલાંઓ લેવાં જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, હું બે દિવસ પહેલાંની વાત કરું તો મણીનગરની અંદર એક મુસ્લિમ યુવાન તેના હિન્દુ મિત્રો સાથે તેમાં લેડીઝ મિત્રો પણ હતા તેમની સાથે બેઠા હતા તો ત્યાં જઇને તે લોકોને એટલી બૂરી રીતે મારવામાં આવ્યા, જે દીકરી હતી તેના ફાધરે પણ પોલીસમાં કહ્યું કે, અમારા તો પારિવારિક સંબંધો છે. અમારે તેવું કંઇ નથી. આ ઘટના બની છે તે કમનસીબ છે. તેમાં મારે કહેવું છે કે, તેના ફાધરે આ વસ્તુ લખાવી છતાં પણ હજી સુધી તે ગુનાની અંદર ફરિયાદ નોંધવામાં આવી નથી. તે ગુનાની અંદર આજે પણ ફરિયાદ નોંધવામાં આવી નથી. મારી માગણી છે કે, આવી મોબલિન્ચિંગની કમનસીબ ઘટના હોય તેની સામે તાત્કાલિક ફરિયાદ નોંધવામાં આવે. છેલ્લાં ઘણાં વર્ષોથી અમે જોઇ રહ્યાં છીએ કે, જે રીતે એક જ સમાજને ટાર્ગેટ કરીને, સાંજે પણ તમે જુઓ, તમે નેશનલ ચેનલો જુઓ, તો તે ચેનલોની ઉપર હિન્દુ-મુસ્લિમ, હિન્દુ-મુસ્લિમ તે સિવાયનું બીજું કંઇ જ હોતું નથી. ગુજરાતની અંદર કોઇ કમનસીબ ઘટના બને તેને અમૂક વર્તમાનપત્રો જે રીતે વિકૃત સ્વરૂપ આપી રહ્યા છે, હું માનું છું તે ઘણી દુઃખદ બાબત છે. કોઇપણ બહેન દીકરી સાથે બળજબરી થાય, તેની સાથે છેતરપિંડી થાય, તેને ફાંસીએ ચઢાવો પરંતુ આ એક સામાજિક ઘટના છે. આ એકતરફી નથી. જેટલી હિન્દુ સમાજની બહેનો ધર્મ પરિવર્તન કરીને લગ્ન કરે છે, તેમાં છેલ્લાં બે વર્ષથી તેના કરતાં વધારે મુસ્લિમ યુવતીઓ, મુસ્લિમ દીકરીઓએ હિન્દુ ધર્મ અંગીકાર કરીને લગ્નો કર્યા છે. મેં ગઇ વખતે માનનીય મંત્રીશ્રીને આપ્યું હતું, સો દાખલા મેં તેમને આપ્યા હતા. એટલે આવી જે ઘટનાઓ છે તે કમનસીબ છે અને સામાજિક દૂષણ છે. હું માનું છું કે, તેની ઉપર કન્ટ્રોલ થવો જોઇએ. આમાં જે વિકૃત સ્વરૂપ આપવામાં આવે છે તે બહુ જ ગંભીર બાબત છે. મારે મુદ્દાઓ તો ઘણા બધા છે. સમય નથી એટલે ઝડપથી કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વકફ બોર્ડ છે તેની અંદર એકપણ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી તો તેમાં ગ્રાન્ટ ફાળવવામાં આવે. કબ્રસ્તાનો અને સ્મશાનો માટેની જગ્યાઓ નીમ કરવાની થતી હોય તે વકફ બોર્ડ દ્વારા નીમ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે. વડાપ્રધાનનો પંદર મુદ્દાનો કાર્યક્રમ છે તેની એક જ મીટિંગ એક વર્ષની અંદર થાય છે. એટલે આ પંદર મુદ્દા કાર્યક્રમનું અમલીકરણ થાય તેના માટે પૂરતો પ્રયાસ કરવામાં આવે. ખાસ કરીને સોશિયલ મિડિયાની અંદર ધમકીભર્યું વાતાવરણ ઉભું થાય છે તેમાં સંપૂર્ણ રીતે કાબૂ કરવામાં આવે. કારણકે તેનાથી ઘણી બધી સમસ્યાઓ ઉદ્ભવે છે. તેની પર સરકાર સુઓમોટો ફરિયાદ દાખલ કરે.

પોઇન્ટ ઓફ ક્લેરીફિકેશન

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે હમણાં વાત કરી એમાં એક શબ્દો અને એ વાક્ય પણ અજુગતું લાગ્યું કે, વર્તમાન પત્રો વિકૃત સ્વરૂપ આપી રહ્યા છે. જે બાબત આપના

તાબાની નથી. વર્તમાન પત્રોની ફરિયાદ કરવી હોય તો એના માટેનું એક ફોરમ છે એ ફોરમમાં કરી શકાય છે, એટલે એ વાત અહીંયા પ્રસ્તુત કરવી યોગ્ય નથી અને એ સરકારના તાબામાં જે વાત નથી એ વાત પ્રસ્તુત ન કરવી જોઇએ.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ક્લેરીફિકેશન છે, એટલે જવાબની જરૂર નથી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ વિભાગમાં હું સરકારશ્રીનું ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ગીર પંથકમાં હસ્નાપુર સહિત ૧૪ ગામ સેટલમેન્ટ યોજનામાં આવે છે, એટલે એના ૭/૧૨ છે એ વન વિભાગમાંથી નીકળે છે. આ ગામડાંઓની સ્થિતિ આજે એવી છે કે એ ૧૪ ગામડાં, ગ્રામ પંચાયતો પણ નથી કરી શકાતી, ૧૪ ગામની અંદર ક્યાંય રોડ રસ્તાની આપણે ગ્રાન્ટ પણ નથી આપી શકતા અને ત્યાંના ખેડૂતો છે સેટલમેન્ટમાં એને કોઇ જાતની અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિની સહાય પણ નથી આપી શકતા. *(xxx) કેમ એને આપણે જમીનનો હક નથી આપતા, કેમ એની વારસાઇ એન્ટ્રીઓ નથી પડતી? જંગલ ખાતુ ખરેખર ખૂબ હેરાન કરે છે. અમારે ત્યાં માલધારી બિચારો ગાયો ચારતો હોય એ ડેમ રેવન્યુમાં છે, ત્યાં ગાયો ચારતો હતો, તો ત્યાંથી એને ગાયો સહિત ઉપડ્યો અને જંગલમાં લઇ ગયા અને જંગલમાં લઇ જઇ નાકા ઉપર ગાયો-ભેંસોનું ફોરેસ્ટના અધિકારીઓએ સિંહ પાસે મારણ કરાવ્યું. દુઃખની વાત કહેવાય. આ છતાં પણ એની સામે કોઇ પગલાં ન લેવાય? અમે એટલા આંદોલન કર્યા કે ગાયોનું મારણ કરાવવામાં આવ્યું છે ત્યારે આપણે કઇ વાતો કરીએ છીએ? આની સામે માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પગલાં લેવાતાં નથી. ખેડૂત કોઇ વન વિભાગના અધિકારીઓ સામે થોડી ક જો કોઇ રજૂઆત કરીને બોલે તો વન વિભાગના અધિકારીઓ એ ખેડૂતને ત્યાંથી ઉઠાવી જંગલની હદમાં લઇ જાય અને જંગલની હદમાં લઇ જઇને પછી એમ કહે કે તું શું અહીંયા જંગલ સળગાવવા આવ્યો હતો? તું અહીંયા સિંહને હેરાન કરવા આવ્યો હતો? એમ કહીને એની ઉપર ગુના દાખલ કરે છે એ ખૂબ ચિંતાની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોપ-વેની એક વાત કરવી છે. ગિરનારનો રોપ-વે છે એમાં એચ.ટી. કનેકશન ઉપર માગ્યું, વન વિભાગે ૨ કરોડ રૂપિયાનું કોટેશન આપ્યું, જી.ઇ.બી.એ ૧૭,૦૦૦ નો દંડ કર્યો છતાં આજની તારીખમાં ખુલ્લી સર્વિસ છે. આવી જાડી સર્વિસ એચ.ટી.કનેકશનની ખુલ્લી છે, એનો ૨ કરોડનો દંડ ન ભર્યો કે કોઇ કોટેશન ન ભર્યું અને એમને એમ એને જંગલમાં છેક ગિરનાર ઉપર કનેકશન આપવામાં આવ્યું છે આની તપાસ થવી જોઇએ. આ સર્વિસમાં અમારા વન્ય પ્રાણી સિંહ કે દીપડો જો બે દાંત મારશે તો આખું જંગલ સળગશે અને કેટલાય પશુઓનો નાશ થશે. કેમ એ અધિકારીઓ સામે પગલાં લેવાતાં નથી? અહીંયા ભીખાભાઇનો પ્રશ્ન હતો કે, સામતપરા ગામમાં કોઇ કંપની જંગલની બોર્ડર ઉપર એના કામ કરે છે પણ જવાબમાં આવ્યું કે ત્યાં કોઇ કંપની કામ નથી કરતી. સામતપરા ગામમાં રિલાયન્સ જેવી કંપનીઓ ત્યાં આવી અને અમારા રસ્તાની પથારી ફેરવી નાંખે છે, હજારો ડમ્પરો ત્યાં ચાલે છે તો જવાબ કેમ ખોટા આપે છે? વન વિભાગના અધિકારીઓ ત્યાં કેમ એકશન નથી લેતા? કંપનીઓને ખોળામાં બેસાડે છે, અધિકારીઓ સેટિંગ કરે છે અને અમારા ગીરના રસ્તાઓની વારંવાર રજૂઆત કરીએ તો રસ્તાનાં કામ રોકાવે છે ત્યારે વન વિભાગને મારી વિનંતી છે કે, આમાં ધ્યાન આપે.

માનનીય અધ્યક્ષશ્રી, રોજડા, ભૂંડનો ત્રાસ ખૂબ છે. મારે સરકારને સૂચન કરવું છે કે રોજડા અને ભૂંડની એટલી બધી વસતિ વધે છે અને રોજડાની વસતિ વધવાની જ છે અને દીપડાની પણ વસતિ વધી છે. આપણું રાષ્ટ્રીય પક્ષી મોર છે આ મોરનું મારણ દીપડો કરે છે અને જો આ રીતે મારણ કરશે તો એક સમયે મોર બધા લૂપ્ત થઇ જશે. જો તમે આ દીપડાઓને પકડીને એને પાર્ક બનાવીને નહીં રાખો તો ખૂબ મોટું નુકસાન થશે કેમ કે આ દીપડો છે એ સિંહના બચ્ચા ઉપર પણ વાર કરીને મારી નાંખે છે. આ કોઇને ખબર નથી, કોઇ જંગલ ખાતાનો અધિકારી તમને વાત નહીં કરે સિંહના બચ્ચાનું પણ દીપડો મારણ કરે છે અને સિંહની વસતિ ઘટવાનું એક કારણ આ પણ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે મને બે મિનિટનો સમય આપો મારે ઘણી વાત કરવી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. વિરામ બાદ ગૃહ બપોરે ૩-૦૦ કલાકે ફરી મળશે.

**( વિ રા મ બપોરના ૨-૩૦ થી ૩-૦૦)**

**( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર(ચાણસ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની જે માગણીઓ લઇને,

અધ્યક્ષશ્રી : દિલીપભાઇ, એક મિનિટ.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય હર્ષદભાઇ રીબડિયાજી જે બોલતાં હતા તેમાં એમણે એવુ કહ્યું કે ૧૪ ગામની અંદર કયાંય રોડ, રસ્તા કે આપણે ગ્રાન્ટ પણ નથી આપી શકતા અને ત્યાંના ખેડૂતો જે સેટલમેન્ટમાં તેને કોઇ જાતની અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિમાં સહાય પણ નથી આપી શકતા *(xxx) એટલે આવા શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મ‍ાગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

અધ્યક્ષશ્રી : આપણે પાકિસ્તાન જોડે સરખાવીએ તે બરાબર નહીં એટલા પૂરતું. આવા શબ્દો ના વાપરીએ. આવા શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સરકાર સૌનો સાથ અને સૌના વિકાસનો મંત્ર લઇને ગુજરાતમાં ૨૫ કરતા પણ વધારે વર્ષોથી રાજયની અંદર વિવિધ સમાજોનું કામ કરવાની દિશામાં આગળ વધી રહી છે. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ પણ માત્ર એક ચોક્કસ સમાજનો વિભાગ નથી. આ વિભાગની સાથે અનેક સમાજો સંકળાયેલા છે અને આદરણીય શ્રી નરેન્દ્રભાઇનો મંત્ર છે સૌનો સાથ અને સર્વ સમાજનો વિકાસ થાય, એ વાતને ઘ્યાનમાં રાખીને આ વિભાગ કામ કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે, ત્યારે પછી તે એસ.સી.સમાજના લોકો હોય, એસ.ટી.સમાજના લોકો હોય કે પછી બક્ષીપંચ સમાજના લોકો હોય તેને કેવી રીતે પગભર કરી શકાય, આ સમાજના બાળકોને કેવી રીતે શિક્ષણ આપી શકાય અને સામાજીક અને શૈક્ષણિક રીતે જે પછાત વર્ગોની અંદર આવતા લોકોને પગભર અને બધી રીતે મદદ કરી શકાય એ દિશામાં ચિંતા કરીને આ વિભાગ કામ કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમાજને ભણતર કેવી રીતે આપી શકાય તે દિશામાં સરકાર મારફત કામ કરવામાં આવી રહ્યું છે. બાળકો જયારે શાળાની અંદર ભણવા માટે દાખલ થાય છે, કયાંક મજૂરી વર્ગના બાળકો ભણવા માટે દાખલ થતાં હોય છે અને જયારે શાળામાં ભણવા માટે દાખલ થાય ત્યારે તેને સારા ગણવેશની પણ જરૂરિયાત ઉભી થતી હોય છે, ત્યારે આવાં બાળકો શાળામાં જયારે ભણવા જતાં હોય ત્યારે તેને સારાં અને સ્વચ્છ કપડાં પહેરીને ભણવા જાય અને તેને મનમાં સંકોચ ના થાય કે અમારાં કપડાં ખરાબ છે. એટલા માટે આ વિભાગ મારફત આવા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય સારાં કપડાંઓ માટે આપવામાં આવે છે અને એટલા માટે છેલ્લાં પાંચ વર્ષની અંદર આ ગુજરાત સરકાર મારફત આવા સમાજના લોકો માટે ગણવેશ સહાયરૂપે જે તેમના માટે જે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તે તેમને સહાય કરવા માટે આપવામાં આવી છે. આવા ૧ કરોડ ૭૪ લાખ ૮૪ હજાર ૫૯૦ જેટલાં વિદ્યાર્થીઓને ૮૨૭ કરોડ રૂપિયા કરતા વધારે પાંચ વર્ષની અંદર આવાં બાળકોને ગણવેશ સહાય વિભાગ મારફત ચૂકવવામાં આવી છે અને ચાલુ વર્ષના બજેટની અંદર પણ ૮ કરોડ જેટલી ગણવેશ સહાય ચૂકવવા માટેની જોગવાઇ આ વિભાગ મારફત ચાલુ વર્ષના બજેટની અંદર પણ કરવામાં આવી છે. સાથે-સાથે મારે આ વિભાગના મંત્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપવા છે કે અગાઉ રૂ.૬૦૦/- ગણવેશ સહાય ચૂકવવામાં આવતી હતી. સર્વે ધારાસભ્યો અને આગેવાનોની લાગણી અને માગણી ઘ્યાનમાં રાખીને આ સરકારે ગણવેશ સહાય પેટે રૂ.૬૦૦ ચૂકવવામાં આવતા હતા એની જગ્યાએ હવે રૂ.૩૦૦/-નો વધારો કરીને રૂ.૯૦૦/- ચૂકવવાનો નિર્ણય લીધો છે અને એના માટે રૂ.૩૭૪ કરોડની જોગવાઇ ચાલુ વર્ષના બજેટમાં કરવામાં આવી છે. ભણવા માટે ગ્રાન્ટેડ છાત્રાલયો ચલાવવામાં આવે છે. ગરીબી રેખા નીચે જીવતાં બાળકો ત્યાં જઇને ભણી શકે અને ત્યાં રહી શકે એના માટે આ રાજ્યમાં ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો ચલાવવામાં આવી રહ્યા છે. લગભગ એક લાખ વિદ્યાર્થીઓ એમાં રહેતા હોય એમને મદદ કરી શકાય એ માટે માસિક રૂ.૧,૫૦૦/- આપવામાં આવે છે, એમાં રૂ.૬૦૦/-નો વધારો કરીને ચાલુ વર્ષના બજેટમાં જોગવાઇ કરીને રૂ.૨,૧૫૦/- આપવાનો નિર્ણય આ રાજ્ય સરકારે લીધો છે. એના માટે રૂ.૨૮૮ કરોડની માતબર રકમની જોગવાઇ કરી છે એ માટે માનનીય મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે. આ રાજ્યમાં કોઇ પણ વ્યક્તિ નિરાધાર થઇને ન રહે એ માટે ગુજરાત સરકારે ચિંતા કરી છે. આ રાજ્યમાં નિરાધાર વૃઘ્ધ સહાય પેન્શન આપવામાં આવે છે અને છેલ્લાં પાંચ વર્ષમાં ૧,૨૪,૪૯૫ લાભાર્થીઓએ આનો લાભ લીધો છે. એમાં ૩૯ કરોડ કરતાં પણ વધારે માતબર રકમ ચૂકવી છે. આ નિરાધાર વૃદ્ધ પેન્શન સહાય યોજનામાં માસિક રૂ.૨૫૦/-નો વધારો કરીને રૂ.૯૭૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અચાનક કોઇ બાળકનાં માતા-પિતા ગુજરી જાય અને બાળક અનાથ બને તો એ બાળકનું ભરણ-પોષણ કરનારા અને કુટુંબના કોઇ પણ વ્યક્તિ એ બાળકની ભણવાની અને ઉછેરવાની વ્યવસ્થા કરે એના માટે રાજ્ય સરકારે પાલક માતા-પિતા યોજના અમલમાં મૂકી છે અને છેલ્લાં પાંચ વર્ષમાં ૧૭,૬૧૦ જેટલા લાભાર્થીઓને રૂ.૧૮૮ કરોડ કરતાં પણ વધારે રકમ ચૂકવીને આ સરકારે એના વાલી બનવાનો પ્રયાસ કર્યો છે. ગરીબ પરિવારની દીકરીના લગ્ન કરવાના હોય એને સામાજિક રિવાજ પણ પૂરા કરવાના હોય એવા સમયે આવા પરિવારો જ્યારે પોતાની દીકરીના લગ્ન કરતા હોય ત્યારે એ ગરીબ પરિવાર પહોંચી વળતો નથી, એટલા માટે આ રાજ્યમાં કુંવરબાઇનું મામેરું નામની યોજના આ રાજ્યમાં ચલાવવામાં આવે છે. કુંવરબાઇનું મામેરું યોજનામાં પહેલાં આપણે એક દીકરીને સહાય આપતા હતા. રાજ્ય સરકાર ઉદાર નીતિ અપનાવીને બે દીકરીઓ સુધી સહાય કરવાની દિશામાં આગળ વધી રહી છે. મારે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને આ વિભાગના મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે આ સહાય લેવા માટે ફોર્મ ભરવા માટે અનેક પ્રકારના ડૉક્યુમેન્ટ રજૂ કરવાના હોય છે. ગરીબ માણસોને પોતાના ડૉક્યુમેન્ટ ભેગા ન કરી શકવાના કારણે આનો લાભ મળતો નહોતો. લગભગ ૯ જેટલા ડૉક્યુમેન્ટ આ અરજીમાંથી નાબૂદ કર્યા છે, જેથી લાભાર્થીને ખૂબ સરળ રીતે એનો લાભ મળે. પહેલાં લાભાર્થી અરજી કરે તો ત્યાંના અધિકારી સ્થળ તપાસ માટે જાય. ક્યારે સ્થળ તપાસ કરે અને ક્યારે તેને સહાય મળે આવી જે મુશ્કેલીઓ પડતી હતી તેવા ડોક્યુમેન્ટ્સ રદ કરીને માત્ર અરજીના આધારે કુંવરબાઇનું મામેરું મંજૂર થાય તેવો ઐતિહાસિક નિર્ણય અમારા ગુજરાત રાજ્યની સરકારે લીધો છે. રાજ્યમાં ગરીબ પરિવારોમાં લગ્ન થતા હોય ત્યારે સાત ફેરા સમૂહ લગ્નની યોજના અમલમાં મૂકવામાં આવી હતી. સાત ફેરા સમૂહ લગ્ન યોજના અંતર્ગત નવયુગલોને આપણે સહાય આપતા હતા. કુંવરબાઇના મામેરામાં ડોક્યુમેન્ટ્સની જે મુશ્કેલીઓ પડતી હતી અને તેના કારણે લાભ મળતો ન હતો

તેવો જ નિર્ણય કરીને આ સાત ફેરા સમૂહ લગ્નમાં ૯ જેટલા ડોક્યુમેન્ટ્સ રદ કર્યા છે. પહેલા ફોટો અને બધું મૂકે એટલે અધિકારી એના ઘરે જોવા માટે જાય. ક્યારે જોવા માટે જાય અને કેટલા મહિનાઓ લાગે અને ક્યાંક બીજી કોઈ રીતે ડોક્યુમેન્ટ્સ રદ થાય. હવે સામાન્ય સરળ પદ્ધતિ કરવામાં આવી છે. આવા ગરીબ પરિવારોને અને સામાન્ય રીતે જીવતા લોકોને આ સરકારમાંથી બને તેટલી ઝડપથી સહાયની રકમ ડી.બી.ટી.થી તેના ખાતામાં જમા થાય તેવો નિર્ણય અમારી સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના કપરાકાળમાં સમૂહ લગ્ન કરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓને પોત્સાહન પૂરું પાડવાનું કામ અમારી ગુજરાત રાજ્યની સરકાર વતી આ વિભાગ મારફતે કરવામાં આવતું હતું. તેમાં પણ કેટલાક નિયમો હતા કે લગ્નના ૧૫ દિવસ પહેલા નોંધણી કરાવવી પડે. ગરીબ પરિવારોમાં ઘણી વાર એવું બને કે લગ્નના એક કે બે દિવસ પહેલા જ આ નોંધણી કરાવવામાં આવે. આવા સમયે આ સંસ્થાને કે આવા યુગલોને આપણે લાભ આપી શકતા ન હતા. આ સરકારે નોંધણી માટે ૧૫ દિવસની મર્યાદા દૂર કરી લગ્ન થાય ત્યાં સુધી નોંધણી કરવાનો નિર્ણય લીધો છે. કોરોનાના કપરાકાળમાં આ વિભાગ મારફતે આવી સંસ્થાઓએ ગરીબ પરિવારના ઘરે જઈને, ગરીબ પરિવારની દીકરી લગ્ન સિવાય ન રહી જાય, કોઈને અનાથ ન બનવું પડે એટલા માટે આવી સ્વૈચ્છિક સંસ્થાઓએ ઘરે ઘરે જઈને દીકરીઓના લગ્ન કરાવવાનું ઐતિહાસિક કામ અમારા વિભાગ મારફત કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યમાં રેહવા માટેના મકાનો બનાવવા માટેની ચિંતા કરવામાં આવતી હોય છે. ગરીબ પરિવાર આખો દિવસ મજૂરી કરે તેના રહેવા માટેનું ઘર તેને મળી જાય તેના માટે પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં આ વિભાગ મારફતે આ સમાજના લોકોને મદદ કરવામાં આવી છે. છેલ્લાં પાંચ વર્ષમાં ૧ લાખ કરતાં પણ વધારે મકાનો બનાવીને રૂ. ૫૫૧ કરોડ જેવી માતબર રકમની સહાય કરવાનું કામ આ વિભાગ મારફત કરવામાં આવ્યું છે. બાળકોની ભણવાની ચિંતા પણ કરવામાં આવતી હોય છે. ગરીબ બાળકો ભણે તેના માટે સમગ્ર રાજ્યમાં ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો ચલાવવામાં આવે છે. આ છાત્રાલયોમાં ગરીબ પરિવારોના મજૂરી કરતાં બાળકો ત્યાં રહીને ભણી શકે અને આગામી દિવસોમાં તેમનું ભવિષ્ય ઉજ્જવળ થાય તેના માટેના પ્રયાસો રાજ્ય સરકાર મારફત કરવામાં આવે છે. છેલ્લાં પાંચ વર્ષમાં આ યોજના અંતર્ગત રૂ.૩૧૭ કરોડ જેવી માતબર રકમનો ખર્ચ કરીને આ રાજ્યનું કોઈ પણ ગરીબ પરિવારનું બાળક ભણ્યા વગરનું ન રહી જાય અને આવા છાત્રાલયોમાં રહીને ભણે તેના માટે કામ કરવાની દિશામાં આ સરકાર આગળ વધી છે. તેના રહેવા માટેના ખર્ચમાં આ વર્ષથી ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૫૦ માં વધારો કરીને રૂ. ૧૦૦ કરવામાં આવ્યા. નગરપાલિકા વિસ્તારમાં રૂ. ૭૦ માં વધારો કરીને રૂ. ૧૪૦ કરવામાં આવ્યા અને મહાનગરપાલિકામાં રૂ. ૯૦માં વધારો કરીને રૂ. ૧૮૦ કરવામાં આવ્યા. કોઈ છાત્રાલય બંધ ન થાય અને બાળકો ભણી શકે તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે.

ડો. સી. જે. ચાવડા (વિપક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઉપરની માગણીઓ છે એટલે અમારા સભ્યશ્રીઓને વધુ તક મળે એ માટે ૨૦ મિનિટ જેટલો સમય વધારે ફાળવવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના માનનીય દંડકશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે, એમાં અમારૂ અનુમોદન છે. વિરોધપક્ષને ૨૦ મિનિટનો સમય વધારે ફાળવવામાં આવે.

અધ્યક્ષશ્રી : વિરોધપક્ષને ૨૦ મિનિટનો સમય વધારે આપવાનું સ્વીકારવામાં આવે છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગમાં જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો ઉપસ્થિત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપે સમય વધાર્યો છે તે માટે આભાર. પરંતુ અમને જે સમય આપવામાં આવ્યો છે તે મર્યાદિત છે. એમાં જેટલું શક્ય હશે તેટલું આવરવાનો પ્રયત્ન કરીશ. વર્ષ ૧૯૭૫ની અંદર સ્વ. ઈન્દિરા ગાંધીએ દેશના તમામ મુખ્યમંત્રીશ્રીઓની પરિષદ બોલાવી હતી. એ પરિષદમાં સ્વ. ઈન્દિરાજીએ સૂચન કરેલું કે, કોઇ એક ખાતુ અનુસૂચિત જાતિના કલ્યાણ માટે ખાસ કરી શકે નહીં. જયાં સુધી સરકારના તમામ ખાતાઓ, અનુસૂચિત જાતિ માટે ચોક્કસ લક્ષ્યાંક સાથે એનું સંકલિત બજેટ રજૂ કરી અને એના માટે જો પ્રયત્ન કરવામાં આવે તો જ અનુસૂચિત જાતિનું કલ્યાણ થઇ શકે. એના આધારે અત્યારે ખાસ કરીને અનુસૂચિત જાતિ પેટા યોજના તરીકે જે બજેટ રજૂ એ તમામ વિભાગોનું સંકલિત બજેટ હોય છે, પરંતુ જે પૈસા ફાળવવામાં આવે છે એનો કઇ રીતે એક પ્રકારે ગેરવહીવટ થાય છે અને એના સાચા લાભાર્થીઓ, અનુસૂચિત જાતિને કયારેય એનો લાભ મળતો નથી. એમાં બજેટની અંદર જે ફાળવણી કરી છે એમાં ઉદાહરણ સાથે મારે ધ્યાન દોરવું છે. તમામ ખાતાઓ પછી એમાં ન્યાયતંત્ર, લેખનસામગ્રી, સામાન્ય શિક્ષણ, તકનિકી શિક્ષણ, ખેલકુદ, આર્ટ એન્ડ કલ્ચર, મેડિકલ એન્ડ હેલ્થ, ફેમિલી વેલફેર, વોટર સેનિટેશન બધા આવી જાય છે. એમાં જનરલ એજ્યુકેશનની અંદર રકમ રૂપિયા ૨૮૭.૨૯ કરોડ ફાળવ્યા છે. આ રકમમાંથી જે શિડ્યુલ કાસ્ટ સ્પેશિયલ કોમ્પોનન્ટ છે એ માત્ર રકમ રૂપિયા ૧૦૧ કરોડનું છે. બાકીનો બધો જ ખર્ચ એ પછી, સર્વ શિક્ષા અભિયાનની અંદર વપરાય છે. શિક્ષકોની તાલીમમાં પૈસા વપરાય છે. શિક્ષકોની અન્ય સેવામાં પૈસા વપરાય છે. આ વિભાગ પોતે જે પગાર કરે છે એ સૌથી મોટા ખર્ચનો પણ આ અનુસૂચિત જાતિના બજેટની અંદર સમાવેશ કરી નાખ્યો છે. વોટર સપ્લાય ડિપાર્ટમેન્ટની અંદર રકમ રૂપિયા ૭૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ રકમ પૈકી માત્ર રકમ રૂપિયા ૫૮ કરોડ જ અનુસૂચિત જાતિ માટે વિશેષ ઘટક યોજના બનાવી છે. આ વિશેષ ઘટક યોજના શું બનાવી છે એ પણ આમાં ખબર પડતી નથી. અર્બન ડેવલોપમેન્ટમાં રકમ રૂપિયા ૮૨૦.૫૧ કરોડ ફાળવવામાં આવ્યા છે, પરંતુ એમાં અનુસૂચિત જાતિઓ માટે વિશેષ ઘટક યોજના માટે માત્ર રકમ રૂપિયા ૨૪૯ કરોડ ફાળવવામાં આવ્યા છે.

નગરપાલિકાઓમાં સહાય, નગરપાલિકા શહેરી વિકાસ સત્તામંડળને સહાયની અંદર તમામ રકમો વપરાઇ જાય છે અને ખરેખર રકમ રૂપિયા ૮૨૦ કરોડ જે અનુસૂચિત જાતિઓ માટે વપરાવા જોઇતા હતા એ વપરાતા નથી. માત્ર રકમ રૂપિયા ૨૪૯ કરોડ જ વપરાય છે. વેલફર ઓફ શિડ્યુલ કાસ્ટ શિડયુલ ટ્રાઇબ એન્ડ અધર બેકવર્ડ ક્લાસની અંદર રકમ રૂપિયા ૯૫૯ કરોડની ફાળવવામાં આવેલા છે. આ વિભાગની અંદર આ એક જ એવા પૈસા છે કે જે મેકિસમમ અનુસૂચિત જાતિ માટે વપરાય છે, પરંતુ એમાં પણ બહુ મોટી રકમ પગાર પાછળ વપરાઇ જાય છે અને સાચા અર્થમાં માત્ર રકમ રૂપિયા ૮૦૦ કરોડ જ અનુસૂચિત જાતિ માટે વપરાય છે. પગાર ભથ્થામાં પણ અધિકારીઓના પગાર, કર્મચારીઓના પગાર, મોંઘવારી ભથ્થું, રજા પ્રવાસ રાહત, તબીબી ખર્ચ, બોનસ, રજાનું રોકડમાં રૂપાંતર, ઘરભાડું, પરિવહન ભથ્થું, આ બધાને અનુસૂચિત જાતિના કલ્યાણ સાથે શું લેવાદેવા? માનનીય મંત્રીશ્રી જવાબ આપે કે જે કર્મચારીઓ કે જેઓ રાજ્યના સેવક છે, જેની રાજ્યની જવાબદારી છે એના પગારો, એનું ભથ્થું, એનું ઘરભાડાનો ખર્ચ વિગેરે અનુસૂચિત જાતિમાંથી વાપરવામાં આવે છે. એટલે ખરેખર ગુજરાતના અનુસૂચિત જાતિને ખૂબ મોટો અન્યાય થઇ રહ્યો છે. એથી આગળ વધીએ તો બીજા વિભાગોમાં જુઓ તો દરેક વિભાગની અંદર આ જ પરિસ્થિતિ છે. શિડ્યુલ કાસ્ટની અંદર કુંવરબાઇનું મામેરું જુઓ, તો એના માટે હમણાં જ ખૂબ વાત થઇ, ૧૭ કરોડ અને ૨૦ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. પણ એમાં પણ એડવર્ટાઇઝ એન્ડ પબ્લિસિટી માટે ૫ કરોડ રૂપિયા ફાળવી દીધા, અને એનો ઓફિસ એક્સ્પેન્સન્સ માટે ૫૦ લાખ બીજા ફાળવી દીધા, ખરેખર આ સાડા પાંચ કરોડ રૂપિયા કુંવરબાઇના મામેરામાંથી લઇ લેવામાં આવ્યા, આમ દરેકે દરેક યોજનાની અંદર એ યોજનાનો જે હેતુ છે એ હેતુ બર આવતો નથી. સોશિયલ સિક્યુરિટી અને વેલ્ફરની વાત કરું તો એની અંદર ૪૫૯.૯૧ કરોડ રૂપિયા ફાળવ્યા છે. પણ સાચા અર્થમાં તમે એમાં ચાઇલ્ડ વેલ્ફેર જુઓ તો એમાં પૈસા ફાળવી દીધા, વેલ્ફેર ફોર હેન્ડિકેપ્ટ, જેને અનુસૂચિત જાતિ સાથે કશી લેવા દેવા નથી, આ સંપૂર્ણ બજેટ શિડ્યુલ કાસ્ટ સબ પ્લાનનું બજેટ છે એટલે એના બધા જ પૈસા અનુસૂચિત જાતિ માટે જ વાપરવા જોઇતા હતા, પણ વેલ્ફેર ફોર હેન્ડિકેપ્ટ, વૂમેન્સ વેલ્ફેરમાં પૈસા વપરાઇ જાય છે. અધર પ્રોગ્રામ્સની અંદર પણ વપરાઇ જાય છે એમ આખરે ફકત ૧૯૯ કરોડ રૂપિયા જ માત્ર અનુસૂચિત જાતિ માટે વપરાય છે. અને બહુ મોટી રકમ અન્ય ખર્ચમાં વાપરી નાખવામાં આવે છે. જે ખરેખર નીતિ આયોગની ગાઇડલાઇન્સ છે, કેન્દ્ર સરકારની ગાઇડ લાઇન્સ છે અને આનો જે સાચો હેતુ છે તે માર્યો જાય છે. સેક્રેટરીએટ સર્વિસ, એટલે કે સચિવાલયની જે સેક્રેટરીએટ સર્વિસ છે એમાં ૩ કરોડ અને ૧૫ લાખ રૂપિયા વપરાય છે. હવે એ શેમા વપરાય છે? માત્ર પગારમાં. જે સચિવાલયના જે સનદી અધિકારીઓ અને બીજા બધાના જે પગાર છે એ પગારને અનુસૂચિત જાતિ સાથે શું લેવા દેવા? એ લોકોનું ઘર ભાડું, સ્થાનિક ભથ્થું, એમનો પ્રવાસ ખર્ચ, આ બધા પૈસા આની અંદરથી વપરાય છે. ઘણા બધા એવા છે ક્રોપ હસ્બન્ડરી જુઓ તો એમાં ૮૩.૬૮ કરોડ રૂપિયા ફાળવ્યા છે પણ ખરેખર અનુસૂચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજના જે છે એના માટે માત્ર......

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે. એટલે બે મિનિટમાં પૂરું કરજો.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી મોટો જે પ્રશ્ન છે એની અંદર માર્ગ અને મકાન વિભાગ માટેનો છે. માર્ગ અને મકાન વિભાગમાં ખૂબ મોટું બજેટ ફાળવેલું છે. પરંતુ આ બધામાં તમે જુદા જુદા જિલ્લાની અંદર જુઓ તો અધર ડિસ્ટ્રિક્ટ મેજર રોડ માટે ૭૬૨ કરોડ રૂપિયા ફાળવી દીધા, માર્ગ પહોળા કરવાનું કામ આયોજન બહારનાં કામો માટે ૧૯૬ કરોડ રૂપિયા ફાળવી દીધા, જુદા જુદા મિસિંગ લિન્કમાં કોઝવે બનાવવા માટે પૈસા ફળવાઇ જાય છે. સીડી બોકસ બનાવવા માટે મોટી રકમ ફળવાય છે, આમ ૪૭૮ કરોડ રૂપિયા જેવી માતબર રકમ જે એક પણ રૂપિયો અનુસૂચિત જાતિના કલ્યાણ માટે વપરાતો નથી. સંપૂર્ણ પૈસા બધા જ એક તરફ વપરાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે ન્યાય તંત્ર માટે જોઇએ તો ન્યાય તંત્ર માટેની જે કોર્ટ બિલ્ડિંગો બનાવવા માટે પણ અનુસૂચિત જાતિના પૈસા વપરાય, ડિસ્ટ્રિક્ટ કોર્ટ બનાવવાની હોય તો એના માટે અનુસૂચિત જાતિના પૈસા વપરાય, આ બજેટ એસ.ડી. ડિપાર્ટમેન્ટનું જે શિડ્યુલ કાસ્ટ સબ પ્લાનનું જે આખું બજેટ છે તે બજેટની પુસ્તિકામાંથી વાંચીને કહું છું. આ મારા ફિગર બોલતો નથી. મને લાગે છે માનનીય મંત્રીશ્રીએ કદાચ જોયા પણ નહીં હોય કે એમનું જે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું બજેટ છે એ બજેટની અંદરથી માત્ર ૮૯૬ કરોડ રૂપિયા, આવડા મોટા બજેટમાંથી એટલા જ રૂપિયા અનુસૂચિત જાતિ માટે વપરાય છે. બાકીના તમામ પૈસા એ સાવ જેનો કોઇ અર્થ નથી તેવા ફિઝૂલ ખર્ચની અંદર વપરાય છે. મારે તમને થોડાક દાખલા આપવા છે. રાજુલા-અમરેલી ખાતે નવી કોર્ટ બિલ્ડિંગનું બાંધકામ, ૪૫ લાખ રૂપિયા ફાળવી દીધા. રાજકોટના સાંગાણી ખાતે કોર્ટ બિલ્ડિંગનું બાંધામ માટે ૮૩ લાખ રૂપિયા ફાળવી દીધા, જામજોધપુર-જામનગર ખાતે નવી કોર્ટ બિલ્ડિંગનું બાધકામ, આને અને અનુસૂચિત જાતિને શું લેવા દેવા છે માનનીય અધ્યક્ષશ્રી?

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજના પ્રસંગે ડો. બાબાસાહેબ આંબેડકરને યાદ કરીને મારી વાત રજૂ કરું છું. જે રીતે ભારત રત્ન વિશ્વ વિભૂતિ ડો.બાબાસાહેબ આંબેડકરે બંધારણ રચ્યા પછી એમ કહેવાય છે. ગીતા સે હિન્દુ ચલતા હૈ. કુરાન સે મુસલમાન અને બાઇબલ સે ઇસાઇ ચલતા હૈ. મેરા બાબા કે બંધારણ સે પૂરા હિન્દુસ્તાન. ડો. બાબાસાહેબ આંબેડકરના

બંધારણને માન આપવું અને સન્માન આપવું એ સૌનો અધિકાર છે. હાથી ઉપર અંબાડી લઇને બાબાસાહેબના બંધારણની કોઇ રાજયમાં કે કોઇ જિલ્લામાં કે કોઇ દેશમાં યાત્રા કાઢવામાં આવે એ સારી વાત છે. પરંતુ એનાથી સારી વાત એ છે કે એ બંધારણ ખોલીને એના અધિકારો માટે, એના સમાનતા માટે, એની અસ્પૃશ્યતા માટે એમાં શું લખેલ છે, એનો જો અભ્યાસ આપણે કરીએ તો હું એમ ચોક્કસ માનું છું કે ડો. બાબાસાહેબ આંબેડકરના બંધારણને સાચી રીતે યાદ કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં સાત ટકા વસતિ એસ.સી. સમાજની છે. છેલ્લાં ૨૭ વર્ષથી રાજય સરકાર બજેટ ફાળવે છે એમાં ૫.૫ થી ૬ ટકા જેટલું જ બજેટ ફાળવે છે. આમ પ્રથમ દ્રષ્ટિએ બંધારણ મુજબ ઉલ્લંઘન થતું હોય તેવું ચોક્કસ દેખાય છે. વસતિના પ્રમાણમાં, ટકાવારીના પ્રમાણમાં જે અંદાજપત્રમાં રકમ મળવી જોઇએ, એ રકમ છેલ્લાં ૨૭ વર્ષના ભાજપના શાસન દરમિયાન ફાળવવામાં આવતી નથી. ૭ ટકા વસતિના પ્રમાણમાં રાજય સરકારનું બજેટ ૨ લાખ ૪૩ હજાર ૯૬૫ કરોડ રૂપિયાનું છે એના ૭ ટકા વસતિ પ્રમાણે જોઇએ અથવા તો એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. ની વસતિ જોઇએ તો બજેટની રકમ ઘણી મોટી થાય તેમ છે. ફકત ૭ ટકા પ્રમાણે જ ૧૭ હજાર કરોડ રૂપિયા એસ.સી. સમાજને ફાળવવા જોઇએ પરંતુ રાજય સરકાર એ ફાળવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ તબક્કે બે ચાર મુદ્દા ઉપર રાજય સરકાર અને માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. ભારત દેશની રચના થયા પછી બંધારણ બન્યું એમાં અનામતની જોગવાઇ થઇ એ પ્રમાણે જે અનામત મળી છે એ પ્રમાણે સરકારની વિવિધ યોજનાઓની અંદર આવક મર્યાદનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે. એમાં એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. હોય કે અન્ય કોઇપણ હોય એ તમામનું આવક મર્યાદાનું પ્રમાણ અલગ અલગ છે. એસ.સી.,એસ.ટી.ને બંધારણીય રીતે અધિકાર મળ્યા છે એના પરિણામ સ્વરૂપે જે કોઇ સરકારી યોજનાઓ ચાલે છે એમાં આવક મર્યાદનું પ્રમાણ કેમ અલગ અલગ છે. રાજય સરકાર દ્વારા પાટીદાર આંદોલન થયું એમાં બિન અનામત આયોગની સ્થાપના કરવામાં આવી, એ પછી એ લોકોને લાભ આપવાનું ચાલું કર્યું છે એ પ્રશંસનીય કામગીરી છે. એની આવક મર્યાદા છ લાખ રૂપિયા છે. જેને બંધારણીય રીતે અધિકાર મળેલ છે એવા એસ.સી., એસ.ટી. છે એની આવક મર્યાદામાં કેમ ફેરફાર કરવામાં આવતો નથી એનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે? રાજય સરકારની શૈક્ષણિક અને સામાજિક યોજનાઓની અંદર આવક મર્યાદાનું ધોરણ ૨.૫ લાખ રૂપિયાનું કરવામાં આવેલ છે, એના બદલે એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. કે બિન અનામત એ બધાનું આવક મર્યાદાનું ધોરણ છ લાખ એક સમાન નક્કી કરવામાં આવે એવી અમારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર અનામતના અનુસંધાનમાં દરેક સરકારી વિભાગો અને વિભાગોની સાથે જોડાયેલા સંલગ્ન નિગમો કે સંસ્થાઓ હોય એની અંદર નોકરીનું ધોરણ નક્કી કરવામાં આવ્યું છે. આજે આ ભારતીય જનતા પાર્ટીના ૨૭ વર્ષના શાસનમાં ફિક્સ પગાર, આઉટ સોર્સિંગ કે કરાર આધારિત નોકરીઓ વર્ગ-૧ થી ૪ સુધીમાં રાજય સરકાર દ્વારા છેલ્લાં ઘણો વર્ષોથી આપવામાં આવે છે. એના લીધે સૌથી વધુ નુકસાન થતું હોય તો એ એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. વર્ગને થઇ રહ્યું છે. વર્ગ-૩ અને વર્ગ-૪માં અનામતની રિઝર્વ થયેલી સરકારી નોકરીઓ હતી, એમાં સરકાર એમ કહે છે કે અમે બેકલોગ નાબૂદ કર્યો છે. ૩૫ થી ૪૦ હજારનો બેકલોગ નાબૂદ કર્યો છે પરંતુ કઇ રીતે તો એ કરાર આધારિત, આઉટ સોર્સિંગ અને ફિક્સ પગાર આધારિત નોકરીઓ આપવામાં આવી છે, એ જગ્યા ઉપર નોકરી આપવામાં આવે છે. હું સરકારને પૂછવા માગું છું કે એક બાજુ ડો. બાબાસાહેબ આંબેડકરનું બંધારણ લઇને તમે સુરેન્દ્રનગર જિલ્લામાં ફરો છો અને બંધારણમાં અમને અધિકાર આપ્યો છે. અમારી નોકરીઓ કોઇ સંજોગોમાં તમે ચેઇન્જ કરી શકતા નથી. જે નોકરીઓ સરકાર દ્વારા, બંધારણ દ્વારા નક્કી કરવામાં આવી છે, એ નોકરીઓ પર ફિક્સ પગાર, આઉટસોર્સિંગ અને કરાર આધારિત નોકરીઓ કરવામાં આવી છે. આ રાજયના એસ.સી.હોય, એસ.ટી. હોય કે ઓ.બી.સી. હોય તેની નોકરીઓનો બેકલોગ દૂર કર્યો છે એ દૂર કરવાનો તમને નૈતિક અધિકાર નથી. તમે બંધારણનું ઉલ્લંઘન કર્યું છે અને બંધારણની વિરુદ્ધ તમે આ કૃત્ય કર્યું છે. માનનીય મંત્રીશ્રી, આ ચોક્કસ હું કહેવા માગું છું. સરકારને વિનંતી છે. રાજ્ય સરકાર દ્વારા એસ.સી., એસ.ટી. અત્યાચાર અટકાવો સુધારણા અધિનિયમ લાગુ કરવામાં આવેલો. સમગ્ર દેશમાં લાગુ છે. એટ્રોસિટી એક્ટના જે કેસો નોંધાય છે. ૧૦૦ કેસ નોંધાયા હોય તો તેમાં ફક્ત ત્રણ જ જણાને કોર્ટ દ્વારા સજા મળે છે કે તેની સામે કાયદેસરની કાર્યવાહી થાય છે. ૯૭ ટકા લોકોને એટ્રોસિટીના કાયદામાં જે લોકોએ કેસ કર્યા હોય એવા લોકોને નિર્દોષ છોડી દેવામાં આવે છે ત્યારે સરકાર કેમ અપીલમાં જતી નથી એ સરકારને પૂછવા માગું છું? આઉટસોર્સિંગ કરાર આધારિત પગારદારો જ્યારે હાઇકોર્ટમાંથી ચુકાદો લાવે છે ત્યારે સરકાર તેની સામે સુપ્રીમમાં અપીલ દાખલ કરે છે પણ જ્યારે આ રીતના કોઇ કેસો બનતા હોય ત્યારે સરકાર આગલી કોર્ટમાં જતી નથી. *(xxx) ડો. બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે સૌને સમાનતા આપવી જોઇએ. અસ્પૃશ્યતામુક્ત રાજ્ય આપ ક્યારે બનાવવા માગો છો? આ રાજ્યની અંદર બંધારણના એક્ટ મુજબ એટ્રોસિટી એક્ટનું અમલીકરણ કરવામાં આવ્યું. અમલીકરણ કર્યા પછી રાજ્યના મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં એક કમિટી રચવામાં આવી. જેને સ્ટેટ વિજિલન્સ મોનિટરિંગ કમિટી કહેવામાં આવે છે. કમિટીનો નિયમ છે કે વર્ષમાં બે વખત આ કમિટીની મિટિંગ મળવી જોઇએ. મારે દુઃખ સાથે કહેવું પડે કે રાજ્યની ભારતીય જનતા પાર્ટીની આ સરકાર એસ.સી. અને એસ.ટી. માટે કેટલી ઉદાર છે, એના મનમાં શું છે, એના દિલમાં શું છે એ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હું ચોક્કસપણે કહેવા માગું છું. આ કમિટીની રચના થયા પછી વર્ષ ૨૦૧૮માં આ કમિટીની મિટિંગ મળી હતી. વર્ષ ૨૦૧૮ પછી આ વર્ષ ૨૦૨૨ છે. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી એ વિજયભાઇ રૂપાણી હોય કે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ હોય, એમની પાસે સમય નથી કે એટ્રોસિટી એક્ટની જે કમિટી બની છે તેની મિટિંગ બોલાવે. વિદેશથી કોઇ ઉદ્યોગપતિ આવશે, કોઇ બિઝનેસમેન આવશે એના માટે ઓફિસના દરવાજા ખુલ્લા છે. તેના માટે મિટિંગો ગોઠવવામાં આવે છે પણ એસ.સી., એસ.ટી. માટે મિટિંગો ગોઠવવામાં આવતી નથી. રાજ્યના એસ.સી. લોકોને સાંથણીની જમીન આપવામાં આવી હતી. સાંથણીની જમીન ભૂતકાળની સરકારોએ આપી. સાંથણીની જમીન આપ્યા પછી આજે પણ એ જિલ્લાઓની અંદર, એ ગામોની અંદર અન્ય લોકોના કબજા છે. જ્યારે સરકારે જમીન આપી છે એ કબજો સમાજને કેમ આપવામાં આવતો નથી? મારી મંત્રીશ્રીને વિનંતી છે કે એના કેસો કાઢો. કોને જમીન આપી છે અને કોને નથી આપી? તમારી પાસે પોલીસતંત્ર છે. રાજકીય વોટબેંકથી ઉપર જઇને જે સમાજનો અધિકાર છે એ સમાજના અધિકાર સ્વરૂપ એ જમીન એમને પાછી આપવી જોઇએ એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને એસ.સી., એસ.ટી. માટે ૯૫ નંબરની માગણી લઇને આવ્યા છે. સબપ્લાન યોજના હેઠળ સબપ્લાન યોજનાનો કાયદો સરકાર કેમ રચતી નથી? ખાસ અંગભૂત યોજનાનો કાયદો રચવામાં આવે. અન્ય રાજ્યોની અંદર આ કાયદો છે તો ગુજરાતની અંદર આ કાયદો કેમ રચવામાં આવતો નથી? હું એટલા માટે કહું છું કે ખાસ કરીને રાજ્ય સરકાર બજેટ બહાર પાડે છે કે આ બજેટ એસ.સી. સમાજ માટે રહેશે. ૪,૭૮૨ કરોડ રૂપિયાનું બજેટ બહાર પાડ્યું છે, તેમાં સામાજિક સુરક્ષાને પણ જોઇન્ટ કરી દેવામાં આવેલ છે. તો એસ.સી. સમાજ માટેનું બજેટ કેટલું? ઓ.બી.સી. સમાજ માટેનું બજેટ કેટલું? શિક્ષણ માટે ૩૪,૮૮૪ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હોવા છતાં પણ ખાસ અંગભૂત યોજના, ખાસ સબપ્લાન યોજના હેઠળ ૨૮૯ કરોડ રૂપિયા આની અંદર જોઇન્ટ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક સુરક્ષા અને કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક-૯૨ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારું સમર્થન એટલા માટે આપું છું કે, આ સરકાર કામ કરવાવાળી સરકાર છે. ગરીબોનું કલ્યાણ ઇચ્છતી આ સરકાર છે. ગરીબ હોય, આદિવાસી હોય કે કોઇ પણ હોય, પહેરવાનું કપડું ન હોય, ફાટેલું તૂટેલું કપડું પહેરેલ હોય, ઝૂંપડામાં રહેતો હોય, પોતાનું મકાન ન હોય એવી વ્યક્તિઓ માટે અગાઉ ૪૦-૫૦ વર્ષ સુધી રાજ કરનારી કોંગ્રેસ સરકારે કોઇ કામ કર્યું નથી. આવા ગરીબ કુટુંબો માટે (અંતરાય) હું સાક્ષી છું. વર્ષ ૧૯૮૮માં હું સરપંચ હતો ત્યારે કોંગ્રેસનું રાજ હતું. હું સાક્ષી છું કે તે સમયે જે સરપંચ હોય એણે કોંગ્રેસ સાથે જ ચાલવું પડે. અમારી પાસે કામ કરાવતા કે કેવી રીતે ગરીબોના વોટ લેવા? લાલચ આપીને અમે કોંગ્રેસને વોટ અપાવતા હતા. આજે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ગુજરાત સરકારને અભિનંદન આપવા ઘટે કે લાખો ગરીબ પરિવારોને સારા ઘર બનાવી આપવાનું કામ કર્યું છે. બીજું અગત્યનું કામ કહી શકાય, કોઇપણ ગામની દીકરી એક ગામથી બીજા ગામે ભણવા માટે જતી હોય ત્યારે મા-બાપને સ્વભાવિક ચિંતા હોય કે કેવી રીતે સ્કૂલે જશે? ભારતીય જનતા પાર્ટીની સરકારે સાઇકલ આપીને એની ચિંતા દૂર કરી. લગભગ ૪ લાખ ઉપર વિદ્યાર્થીનીઓને સાઇકલ આપવાની સુવિધા આપી છે. માનનીય શ્રી શૈલેષભાઇએ બાબાસાહેબ આંબેડકરની ખૂબ સારી વાત કરી કે બાબા સાહેબ આંબેડકરના સમગ્ર જીવનનો નીચોડ એમના શબ્દોમાં કહીએ તો શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો. એમણે દરેક સમાજને શિક્ષિત બનાવવા ઉપર ભાર મૂક્યો છે. બાબાસાહેબ આંબેડકરના નામ સાથે કેટલીક યોજનાઓ પણ સરકારે જાહેર કરેલી છે. બાબા સાહેબ આંબેડકર એટલે સમગ્ર દેશની આઝાદી માટે કેટલાક નેતાઓ સાથે સતત પ્રયત્નો કર્યા હતા. રાષ્ટ્રની આઝાદી માટેની લડાઇના લડવૈયાઓ પૈકીના એક એટલે બાબાસાહેબ. આ બાબાસાહેબના નામને અમર કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. દરેક તાલુકામાં બાબાસાહેબ આંબેડકર ભવન બનાવવાનું કાર્ય ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અમારા વલસાડ તાલુકામાં ભવ્ય બાબાસાહેબ આંબેડકર ભવનનું નિર્માણ થયું છે. આ આંબડકર ભવન દલિત સમાજના લોકો માટે ચિંતનનું કેન્દ્ર અને પ્રેરણાનું કેન્દ્ર બની ગયું છે. અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકો માટે ચિંતા કરી છે એની વાત કરીએ તો આ જાતિના વિદ્યાર્થીઓ પાસે શક્તિ છે, એની પાસે તાકાત છે, પરંતુ અગાઉ તક મળતી ન હતી, આ તકથી વંચિત રહેલા વિદ્યાર્થીઓને તક પૂરી પાડી અને કહ્યું કે જે છોકરા, છોકરીઓને આકાશમાં વિહરવું હોય, ગગનમાં વિહરવું હોય તો એ તક પાઇલટની તાલીમ આપીને સરકારે પૂરી પાડી છે. ૧૫ લાખની લોન આપીને આજે ૫૦ કરતાં વધુ પાઇલટો બહાર પડ્યા છે. તેમાંથી એક દલિત સમાજની દીકરી હેતલ સોંદરવા આજે એર ઇન્ડિયામાં પાઇલટ તરીકે સેવા બજાવી રહી છે. આ ગૌરવની વાત કહેવાય. મારા વડીલ ધારાસભ્યશ્રી પુંજાભાઇ બક્ષીપંચ માટે વાત કરતા હતા. અગાઉની કોંગ્રેસની સરકારે ૪૦ વર્ષ સુધી બક્ષીપંચ સમાજ સામે રાજનીતિ કરી અને બક્ષીપંચ સમાજના લોકોના ખભા ઉપર બંદૂક મૂકી કેટલાય બક્ષીપંચ નવલોહિયા યુવાનોની જિંદગી બરબાર થઇ. એમને ઉશ્કેરીને મતોની રાજનીતિ કરી. અને જ્યાં સુધી સ્વાર્થ હતો ત્યાં સુધી ચાલ્યું અંતે આ સમાજ જાગૃત થયો અને કોંગ્રેસને ઘેર બેસાડવાનું કામ કર્યું. ભારતીય જનતા પાર્ટીની સરકારે વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લોન આપી પણ આ સમાજમાં જાગૃતતા લાવવાનું કામ આપણે કરવાનું છે અને સમાજના વિદ્યાર્થીઓને ખૂબ ઓછા વ્યાજની ૧૦ થી ૧૫ લાખ સુધીની લોન મેં મારા વિસ્તારમાં ઘણા વિદ્યાર્થીઓને અપાવી છે. ગરીબ વિદ્યાર્થીના વાલીને કોઇ પાંચથી દસ હજાર નહીં

આપતું હોય, પણ દસ-દસ લાખ સુધીની લોન આપવાનો નિર્ણય ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. ગામડામાં રહેતા વિદ્યાર્થીઓ દૂર શહેરમાં ભણવા જઇ ન શકે એના માટે ગ્રામ્યકક્ષાએ છાત્રાલયની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે સૌનો સાથ અને સૌનો વિકાસનું સૂત્ર આપ્યું છે એ સૂત્ર હેઠળ સતત દરેક સમાજના વિકાસનાં કામો કરવા તરફ સરકાર જઇ રહી છે. આ ગરીબોની સરકાર અને સરકારના મુખ્યમંત્રીશ્રીએ ગરીબોની સેવા માટે અનેક કાર્યો કર્યા છે અને ગરીબ કલ્યાણ મેળા હેઠળ ૧૫,૦૦૦ કરોડ આપીને ગરીબોને આર્થિક રીતે પગભર કરવાનું કામ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે તેથી આ માગણીને હું સમર્થન આપું છું. આભાર.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા): માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યવારણ વિભાગની માગણી ઉપર મારા વિચાર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ એટલે એકબીજાના પૂરક, એકબીજાના પર્યાય. વન વિભાગની વાત આવે એટલે અમારો ગામડાંનો ખેડૂત બિચારો થઇ જાય. આપના મારફત મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે એકબાજુ વન વિભાગ મારફત એસ્સાર કંપનીને હજારોવાર જમીન આપી શકાય પણ મારા મતવિસ્તારના કૃષ્ણગઢના ખેડૂતને બે પોલ નાખવા માટે ચાર વર્ષ માટે ધક્કા ખાવા પડે. વન વિભાગની અંદર વિનંતી કરવી પડે અને પૂર્વ એટલે ગયા વર્ષની અંદર ગણપતભાઇ વસાવા સુધી મેં પણ પ્રયાસ કર્યો. આજે પણ બે પોલ ચાર વર્ષે ન નંખાતા હોય પોલ નાખવાની પરમિશન ભોપાલ લેવા જવી પડે એવી આ સરકારમાં પરિસ્થિતિનું નિર્માણ થયું છે. મારા મિત્રએ બહુ સારી વાત કરી કે કોંગ્રેસના સમયની અંદર કાંઇ નહોતું, પણ આ વન વિભાગની વાત કરું તો જંગલ સાથે જોડાયેલો એનો નાતો છે, ત્યારે અમે ગામડાંમાંથી આવતા હોઇએ, અમારા ખેડૂતો એની દવા છાંટવા માટે કુંડીની અંદર કોઇ દવા નાખી હોય અને એ દવા સરકારના વન વિભાગના રોઝડા પી જાય અને એ રોઝડા મરી જાય તો એને જેલમાં નાખવામાં આવે, એને માર મારવામાં આવે અને એને માર મારવામાં આવે એની પાછળ જવાબદાર કોઇ હોય તો સરકારની નીતિ જવાબદાર છે. ૨૭ વર્ષની અંદર રોઝડાનો બહુ વ્યાપ વધ્યો છે. રોઝડા એટલા વધ્યા છે કે ખેડૂત ખેતરે નથી જઇ શકતો. છેલ્લાં બે વર્ષની અંદર વન વિભાગ મારફત ઘણી મોટીમોટી વાતો થાય, સારી કામગીરીની વાતો થાય, પણ ૨૮૩ સિંહોના મૃત્યુનું વિધાનસભાની અંદર સ્વીકારવામાં આવ્યું. વિધાનસભાના પુસ્તકની અંદર જવાબ આપવામાં આવ્યો કે આ સરકારની અંદર બે વર્ષમાં ૨૮૩ સિંહોના મૃત્યુ થયા. એની પાછળ કોઇ નીતિ જવાબદાર હોય તો આ સરકારની નીતિ જવાબદાર છે. એક જમાનામાં સિંહ જંગલની અંદર રહેતો હતો. એને મારણ નહીં મળવાથી એ ગામડાં તરફ આવ્યો. ગામડાં તરફથી ધીરેધીરે છેલ્લે ભાવનગર સુધી સિંહોએ એનું સ્થળાંતર કર્યું. આ સરકારની અંદર સિંહને એનું મારણ નથી મળતું ત્યારે મરેલા પશુ ખવડાવવામાં આવે છે અને પશુના કારણે સિંહના મૃત્યુઆંક વધ્યા. એક્સિડંટમાં સિંહના મૃત્યુ આંક વધ્યા. આમ સિંહોનું સરક્ષણ કરવામાં આ સરકાર સદંતર નિષ્ફળ ગઇ છે. ગામડાંની અંદર ખેડૂતોને મેડા યોજના લાગુ પાડવામાં આવી. ગામડાંમાં પશુનું રક્ષણ કરવા માટે ખેડૂત ખેતરે જાય મેડા એને નાખવા પડે. સૌથી મોટો ભ્રષ્ટાચાર આ સરકારની અંદર મેડા યોજનામાં થયો. મારા મત વિસ્તારની અંદર આર.ટી.આઇ.માં સરકાર જવાબ નથી આપી શકતી. શેની વાત કરું? આ સરકારની નીતિના કારણે અમારા લોકો પાયમાલ થયા, હિજરત થયા. આ સરકારની નીતિના કારણે અમારી શેત્રુંજી નદીમાં ઇકો ઝોનમાં ગયું. ૮-૮ વર્ષ થયાં આ સરકારને ખબર નથી ઇકોઝોન છે કે નથી? અમારા ગામની અંદર નદી નીકળતી હોય, આ જંગલની નીતિના કારણે, વન ખાતાની નીતિના કારણે આજે પણ ત્યાં બ્લોક પદ્ધતિ લાગુ નથી પડતી. રેતી નીકાળવાનું કામ કરવું હોય તો રેતી લેવાતી નથી. ખેડૂતના દીકરાને ખેતીમાં કોઇ ઝાડ કાપવું હોય એમ સરકારમાં ગાંડા બાવળનો ઘણો વ્યાપ વધ્યો. *(xxx) ગાંડા બાવળ કાંટા વગાડે. એ વૃક્ષ કાપવું હોય તો સીધા જંગલ ખાતાના આકાઓ આવે. ખેડૂતને ઉપાડી જાય, માર મારવામાં આવે. આ પરિસ્થિતિ મારા વિસ્તારની અંદર થઇ છે. મા પીરસનારી હોય અને મોસાળમાં જમણવાર. એમ મારા વિસ્તારમાંથી આ ગામથી બીજા ગામ જવું હોય, વચ્ચે જંગલનો રસ્તો આવતો હોય તો તમને પરમિશન આપવાની કોણ ના પડે છે? અમારા કેટલાય રસ્તાઓ અધૂરા છે. મારા સાવરકુંડલાથી વિજ્યાનગર જઇએ તો અડધો રોડ પડ્યો છે. બાગદાથી ઝીંઝુડા જઇએ તો અધૂરો રોડ પડ્યો છે. અમે દેદકડીથી ઠવી ગામ આવીએ તો અમારો અધૂરો રોડ પડ્યો છે. અહીયા સરકાર તમારી, દિલ્હીમાં સરકાર તમારી, જ્યારે અમારી ભૂતકાળમાં સરકાર હતી તમને અન્યાય કરતી હતી તો શું તમે અમને ન્યાય કરો છો? વન ખાતા મારફત બાપુશ્રી આપને વિનંતી કરું છું કે પર્યાવરણ સાથે જોડાયેલો એટલો નાતો છે. *(xxx) આપણા મુખ્યમંત્રીશ્રીની પરિસ્થિતિ એ પ્રમાણે નિર્માણ ન થાય એટલે વન વિભાગે ૬૦-૪૦ ની યોજના લાગુ પાડવી જોઇએ. વૃક્ષ વાવેતરના કાર્યક્રમો તો કરીએ છીએ. ઉછેર કેટલો થયો? એની સામે તમે કોઇ એવી નીતિ લાવો. તો કોઇપણ વૃક્ષ વાવે તો બે વર્ષનું વૃક્ષ બનાવે એમાં ૪૦ ટકા સરકાર આપે અને ૬૦ ટકા કોઇપણ સંસ્થાઅ હોય એનો ખર્ચો ઉપાડે. તો એનાથી વૃક્ષનું જતન થશે અને વૃક્ષનું જતન થશે તો ઓટોમેટિક પર્યાવરણમાં સુધારો આવશે. પીંજરા નાખવા માટે અમારી ગ્રાન્ટોનો ઉપયોગ કરવો હોય તો એ ઉપયોગ કરવામાં અમને સ્વતંત્રતા...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે, તેમાં હું મારા મંતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના રસ્તાઓ, જમીન, સામાજિક વનીકરણ માટે આપવામાં આવે છે. આ વ્યવસ્થાના ૯.૭૫ મીટર પંચાયત હસ્તકના રસ્તાઓને જ્યારે રાજ્ય ધોરીમાર્ગ તબદીલ કરવાનો હોય તેમાં પંચાયત રસ્તા વાઇન્ડિંગની મંજૂરી માટે હોય, રસ્તાઓ ૧૦ મીટર કરવાના હોય. જ્યારે રસ્તાઓ ૧૦ મીટર કરવાના હોય ત્યારે આ જંગલ ખાતાના વન અધિકારીઓ આ રોડ પહોળા કરવા માટે ફક્ત પોઇન્ટ ૨૫ મીટર પહોળો કરવા માટે આ લોકો તરત જ આવી જાય. રસ્તાઓ આપણે આપેલા છે. પંચાયતે આપેલા છે, છતા આપેલા રસ્તા ઉપર બબ્બે મીટર પહોળા કરવાની મંજૂરી આવે તો એની પાસેથી લઇ લેવા જોઇએ. આપણે આપેલા છે. એ રસ્તામાં જે પંચાયતના રસ્તાઓ બનાવવાના હોય ત્યારે આ લોકો ખૂબ અડચણ કરે, તો એના માટે સરકાર વિચારે. જંગલ વિસ્તારમાં રેવન્યુ વિસ્તારમાં વિસ્થાપતિ કરેલા અમારા વિસ્તારમાં વધારે પડતા રબારી સમાજ અને ચારણ સમાજ અને આ લોકોને જમીનો આપેલ છે, પણ આ લોકોને જે જમીન આપેલ છે, પણ એની વારસાઇ એન્ટ્રી નથી પડતી. આના માટે વારસાઇ એન્ટ્રી પડે. વારસાઇ એન્ટ્રી ન પડવાના કારણે એને સરકારની સહાય, લાભો મળતા નથી. તો વારસાઇ એન્ટ્રી પડી જાય તો લાભ થાય તેમ છે. મારા વિસ્તારમાં પંચાયતે વન ખાતાને જમીન આપેલી છે. એમાંથી રસ્તા નીકળતા હોય એ રસ્તાઓને આ જંગલ વિસ્તારનો રેવન્યુ વિસ્તાર હતો. જંગલ ખાતાના લોકોએ પંચાયતને આપી દીધેલ છે, એના કારણે રસ્તાઓ છે એ અગાઉ રસ્તા ચાલુ હતા. હવે મંજૂરી લેવાની હોય એ લેવા માટે ઘણો ટાઇમ નીકળે છે. ઘણીવાર એવો સમય નીકળે કે આની ભોપાલ મંજૂરી માટે મોકલવું પડે તેમ છે. એમાં વર્ષ દોઢ વર્ષ નીકળી જાય. આપણા સાહેબ પાસેથી જે રસ્તાઓ છે તે હુ મંજૂર થઇ ગયેલ છે તે હજુ પૂરા નથી થયા.તો આમાં પણ કંઇક વિચારે તેવી મારી માગણી છે. એકાદ મિનિટ વધારે આપો તો વાંધો નહીં. દર વખતે મારી મિનિટ કાપી નાખો છો. મારા દરિયાકાંઠાના વિસ્તારમાં સિંહ અને દીપડાનો ત્રાસ છે. દીપડા છે તે માનવ ઉપર વધારે પડતા હુમલા કરે છે. તે વખતે મૃત્યુ થાય છે અને તે ઉપરાંત માનવને ઇજાઓ પણ થાય છે. દીપડા આપણા ચહેરા ઉપર હુમલા કરે છે, જે ઇજાઓ કરે છે તેમાં પ્લાસ્ટિક સર્જરી કરાવવી પડે છે તો તેમાં હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આમાં માનવીના ચહેરા ઉપર કાયમી ખોડખાંપણ રહી જાય છે. જે માણસના ચહેરા ઉપર ૬૦ કે ૪૦ ટકા ખોડખાંપણ રહી ગઇ હોય તો તેને સરકાર લોન આપે અથવા સરકારી નોકરી આપે તો આ લોકોને લાભ મળે તેમ છે. અસ્તુ, જય હિન્દ,જય ભારત.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પર્યાવરણ મંત્રી કિરીટસિંહ બાપુ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો આપના માધ્યમ દ્વારા આ ગૃહ સમક્ષ રજૂ કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણની જાળવણીની વાત કરીએ તો ભૂગર્ભ જળ સુધારણાની યોજના બાબતમાં વધુમાં જણાવવામાં આવે તો મારા મત વિસ્તારમાં ભૂગર્ભ જળ ઉદ્યોગોના પ્રદૂષણના કારણે બગડી જવા પામ્યું છે. આ પ્રદૂષણના કારણે લોકોમાં કેન્સર અને ચામડીના રોગોની ગંભીર બીમારીઓ જોવા મળી રહી છે. મારા વિસ્તારમાં વટવામાંથી જે ઉદ્યોગો આવ્યા છે, તેમના દ્વારા બેફામ પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું છે. અત્યારે ઘણીબધી જગ્યાએથી જમીનમાંથી લાલ, પીળું કે પેપ્સી કોલા જેવું પાણી નીકળે છે. તે કયાંથી આવ્યું? તે ભૂતિયા કનેકશનોમાંથી આવ્યું. જે કંપનીઓમાં ભૂતિયા કનેકશન હોય છે તે લોકો તેના માધ્યમથી જમીનમાં સી.ઓ.ડી.વાળું પાણી ઉતારે છે અને તેના કારણે આ કેમિકલયુક્ત પાણી લોકોના બોરમાંથી પણ બહાર આવી રહ્યું છે. આ ભૂતિયા કનેકશન અમારા વિસ્તારમાં ઝોન-૩ આવેલ છે ત્યાં આગળ બહુ છે. જાગૃત નાગરિકો દ્વારા તે કનેકશનો પકડવામાં પણ આવ્યા છે, પરંતુ કંપનીઓને કોઇ ફરક પડતો નથી અને આજે પણ તે બેરોકટોક ચાલી રહ્યા છે. ઘણી ફરિયાદો કરવામાં આવી છે તેમ છતાં મા મહિસાગરના પાણીને પ્રદૂષિત થતું અટકાવવામાં આ સરકારી તંત્ર નિષ્ફળ નિવડયું છે. આવા લોકોના લીધે અમારા વિસ્તારના જે સારા ઉદ્યોગો છે તેમને પણ તકલીફ પડી રહી છે. પાદરા પોલિસી છે તેના કારણે આગળ કામ થઇ શકતું નથી. રોજગારીમાં પણ અસર થઇ રહી છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ભૂગર્ભ જળ પ્રદૂષિત થવાને કારણે પશુ પક્ષીઓ ઉપર ખૂબ મોટું નુકસાન થઇ રહ્યું છે. અમારા વિસ્તારમાં ખેડૂતોના બોર પણ બગડી જવા પામ્યા છે. બોરમાંથી પાણી નહીં પણ કેમિકલ જ નીકળે છે. આવા લોકો સામે માનવવધનો ગુનો દાખલ કરવો જોઇએ. પુનમ અને અમાસના દિવસે ભરતીના પાણી મહિસાગર નદીમાં આવે છે ત્યારે આવા ઉદ્યોગો દ્વારા જે કેમિકલયુકત પાણી દરિયામાં ઠાલવવામાં આવે છે તે પાણી બેક આવે છે. તેના કારણે આખી નદી પ્રદૂષિત થાય છે. મહિકાંઠા વિસ્તારના આ કેમિકલ માફિયાઓ છે તેનાથી બચાવવા માટે માનનીય બાપુશ્રીને અપીલ કરું છું. જો આ લોકોના ઉપર લગામ કસવામાં નહીં આવે તો ભવિષ્યમાં અમારા વિસ્તારમાં પીવાના પાણીની પણ ખૂબ મોટી મુશ્કેલી ઉભી થશે. મેં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને પણ અનેક વખત રજૂઆતો કરી છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ મંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારી માગણીઓ મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્લોબલ વોર્મિંગના સમયમાં પર્યાવરણ બચાવવું તે આપણા સૌની ફરજ છે. આવનાર સમયનો સૌથી મોટો પડકાર પ્રદૂષણ છે, તેમાંથી બચવા માટે આપણે સૌએ સહિયારો પુરુષાર્થ કરવાની જરૂર છે. ઘણી સ્વૈચ્છિક

સંસ્થાઓ પોતાની જાતે વૃક્ષો વાવીને પર્યાવરણને બચાવવાનો પ્રયાસ કરી રહી છે. આવા લોકોને અભિનંદન આપીએ. પર્યાવરણ હોય, વન હોય તેમાં ચાલુ સાલે વન સંરક્ષણ માટે ૩૨૮ કરોડની જોગવાઇ કરેલ છે. મારા મત વિસ્તાર બાદપુરા, મહાલી, બોરુ આ બોર્ડરના જે ગામો છે. એ ગામોની બોર્ડર છે એમાં ક્યાંક વન અભ્યારણ છે તો ક્યાંક ઇન્ટરનેશનલ બોર્ડર છે. આ વન અભ્યારણ અને ઇન્ટરનેશનલ બોર્ડરમાં સરકારશ્રી મારફત પ્રાઇવેટ કંપનીઓને મીઠાં ઉદ્યોગ માટે ૨,૮૦૦ એકરથી પણ વધારે જમીન વનની અને ઇન્ટરનેશનલ બોર્ડરની આપી છે તે ખરેખર પર્યાવરણ માટે પણ નુકસાન છે અને ઇન્ટરનેશનલ બોર્ડર માટે પણ નુકસાન છે. માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણ બચાવવા માટે અનેક પગલાં લેવાતાં હોય, ત્યારે ક્યાંક કોઇક પર્યાવરણ પ્રેમી પોતે જાતે વૃક્ષો વાવી એને દીવાલનું પ્રોટેકશન આપી અને વૃક્ષોનું જતન કરતા હોય, ત્યારે એને સરકારી જમીન ઉપર દબાણ કર્યું છે, એવા આક્ષેપો કરીને જે અધિકારીઓ કોઇ રાજકીય આગેવાનના હાથા બનીને અથવા એના ઇશારે કોઇને ખોટા બ્લેકમેલ કરી કોઇ નિર્દોષ લોકોને હેરાન કરતા હોય તો એ હું માનુ છું ત્યાં સુધી ઉચિત નથી અને આવા અધિકારીઓને સરકારે કડક સૂચના આપવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજ કલ્યાણની વાત આવે ત્યારે ગુજરાતની અંદર ઓ.બી.સી. સમાજ એ સૌથી મોટો સમાજ છે. ૧૪૬ થી વધારે જ્ઞાતિઓ ઓ.બી.સી. સમાજની અંદર આવે છે. ગુજરાત સરકારનું કરોડો રૂપિયાનું બજેટ છે એ કરોડો રૂપિયાના બજેટમાં વસતિના ધોરણે ફાળવણી કરવામાં આવે તો સૌથી વધુ અન્યાય થતો હોય તો એ ઓ.બી.સી. સમાજને થાય છે. ઓ.બી.સી. સમાજના છાત્રાલયો હોય, ઓ.બી.સી. સમાજની હાઇસ્કૂલો હોય એને સરકાર મારફત નથી કોઇ ગ્રાન્ટ આપવામાં આવતી કે નથી કોઇ અનુદાનની રકમ આપવામાં આવતી. માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં પોત પોતાના સમાજના હકો માટે વિવિધ સંગઠનો સરકાર પાસે વિવિધ માગણીઓ માટે ક્યાંકને ક્યાંક લડ્યા હોય અને એ સમાજના યુવાનો નિર્દોષ હોય છતાં એની ઉપર ખોટા કેસ કરવામાં આવ્યા હોય તો એવા ખોટા કેસો પાછા ખેંચવા માટેની સરકાર કોઇ વાત કરતી નથી. તો આવી ભેદભાવભરી નીતિ છે એને બદલે ગુજરાતમાં તમામ સમાજોને ન્યાયના ધોરણે જોવામાં આવે એ પણ મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉત્થાન માટે અને ખાસ કરીને એસ.સી. સમાજના વિદ્યાર્થીઓને જે સ્કોલરશિપ આપવામાં આવે છે તેની મર્યાદા માત્ર ૨.૫૦ લાખ રૂપિયા છે એને બદલે ૮ લાખની મર્યદા કરવામાં આવે એવી પણ હું માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય બળદેવજીએ જે વાત કરી હતી એ રીતે જે વિદ્યાર્થીઓ ઉપર અથવા તો જે યુવાનો ઉપર ખોટી રીતે કેસ થયા છે એ કેસો સરકાર પાછા ખેંચે એવી પણ હું સરકારને વિનંતી કરું છું.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ બધાને સાંભળ્યા પછી મને એક જ લાગણી થાય છે કે, બજેટ જે રજૂ થાય છે એમાં ઓછી રકમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારું બજેટ ટ્રાયબલનું જે મંજૂર થયું હતું એ બજેટમાં જે રકમ લેવામાં આવી હતી એ રકમ ૨,૬૫૪.૪૦ કરોડ ફાળવેલી તેની સામે માત્ર ૧,૨૭૧.૧૭ કરોડ જેટલી જ રકમ વપરાય. એટલે ૪૮ ટકા જેટલી જ રકમ વપરાય બાકીના ૫૨ ટકા રકમ વપરાય નથી એ બીજા વિભાગમાં ડાઇવર્ટ થઇ જાય છે. મારી એટલી જ લાગણી છે કે સમગ્ર રાજય માટેનું શિડ્યુલ ટ્રાઇબનું જે બજેટ છે તે બજેટની પૂરેપૂરી રકમ આદિવાસી વિભાગના કોઇ પણ વિકાસનાં કામોમાં વપરાય જવી જોઇએ તેવી મારી લાગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારી લાગણી વન વિભાગ માટે છે. વન વિભાગમાં જે વર્ષ ૨૦૦૬માં નક્કી કર્યું હતું. ભારતના જે તે વખતના વડાપ્રધાન શ્રી મનમોહનસિંહ અને શ્રીમતી સોનિયાજી તેમણે નક્કી કરેલુ કે જે લોકો જંગલની જમીન ૫ એકર, ૧૦ એકર જેટલી ખેડતા હોય અને તેના નામે જંગલ ખેડવાની પાવતી હોય તેવા તમામ લોકોને જંગલની જમીન કાયમી ધોરણે આપી દેવી. આજે ૧૬ વર્ષ થયાં, ૧૬ વર્ષે પણ આ જંગલની જમીન માગવા માટે તમામ લોકોએ એપ્લિકેશન કરી ૧,૮૨,૮૬૮ દાવાઓ ગુજરાતમાં મળ્યા. માત્ર ૭૩,૧૬૩ દાવાઓનો નિકાલ કર્યો. ૪૦ ટકા આદિવાસીઓને જમીન આપેલી છે. હજુ ૬૦ ટકાને જમીન આપવાની બાકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ૫ એકર જમીન ખેડતો હોય, ૬ એકર જમીન ખેડતો હોય, ૩૦ ગુંઠા ૧ એકરથી વધારે કોઇને જમીન મળતી નથી અને આ જમીનો જે આપવામાં આવે તેની સનદો પણ મળતી નથી અને ૭/૧૨ની નકલમાં જમીનની એન્ટ્રી પડવી જોઇએ તે એન્ટ્રી પણ પડતી નથી. ૭/૧૨ની નકલો નહીં મળે, તેના નામે જમીન ન થાય તો એ માલિક ગણાય કેવી રીતે ? તેને લોન લેવી હોય,

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, તેને કોઇ પણ સુવિધા પ્રાપ્ત થતી નથી એટલે જંગલની જમીન કાયમી ધોરણે એ ખેડૂતને મળે તેવી કાર્યવાહી થવી જોઇએ. ૩ એકર જમીન ખેડતો હોય તો આ જમીનની માપણી પણ થતી નથી તો આ જમીનની માપણી કરવી જોઇએ અને નમૂના નંબર-૬ના હક્કપત્રક ઉપર તેનુ નામ દાખલ થવું જોઇએ મારી એવી લાગણી અને માગણી છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી એવી પણ છે કે, છેલ્લાં ૨૦-૨૦, ૨૫-૨૫ વર્ષથી વોચમેન તરીકે જંગલ ખાતામાં જે કામ કરતા માણસોની હાજરી તેને ૨૪૦ દિવસ તો થઇ ગયા અરે, તેને ૫૦૦ દિવસ ઉપર થયા હશે છતાં તેને કાયમી કરતા નથી. સુપ્રીમ કોર્ટે પણ નક્કી કર્યુ છે કે આવા વોચમેનોને કાયમી કરીને તેમને જે પગાર મળે તે આપવો જોઇએ.

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના માગણી નંબર-૯૫, વર્ષ ૨૦૨૩ના બજેટમાં ૪,૭૮૨ કરોડની જોગવાઇ કરવામાં અને ૭૦ જેટલી યોજનાઓ અનુસૂચિત જાતિ માટે સુધારા-વધારા કરી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય શ્રી કનુભાઇ નાણામંત્રીશ્રી, સમાજ કલ્યાણ મંત્રીશ્રી પ્રદીપભાઇ પરમાર સાહેબ જે બિલને લઇને આવ્યા છે તેને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાંના જમાનાની અંદર કોઇ બેન્ક ખાતું ખોલવા માટે સંમત ના હતું. અમારા શ્રી નરેન્દ્રભાઇ મોદી આવ્યા અને ઝીરો બેલેન્સથી ખાતું ખોલાવ્યું. પહેલાંના વખતમાં બેન્કોવાળા એ.સી.માં પડી રહેતાં અને અમે જઇએ તો પણ ખાતાં ખોલતાં નહોતાં અને ગામડે ગામડે બેન્કોમાં ઝીરો બેલેન્સથી ખાતાં ખોલાવી અને તેમને પૂરેપૂરો લાભ અપાવ્યો. વિધવા બહેનોને પહેલાં ખાતાં ખોલાવવા હોય તો બિચારાં ગમે તેને લઇને જાય તો પણ ખાતાં ખોલતાં નહોતાં, તે વિધવા બહેનોના ખાતાં ખોલી અને ૧,૨૫૦ રૂપિયા સીધા જ તેમના ખાતાંમાં જ નાંખે છે અને બહેનોને એ રકમ મળે છે. આવી કેટલીય વિધવા બહેનોને અમારી ભાજપની સરકારે સંતોષ આપ્યો છે કે આ ભાજપ સરકારનું સારું થજો કે વિધવા બહેનોનો ઉદ્ધાર કર્યો. દિલ્હી સરકારની અંદર સંસદ સભ્યો વર્ષ ૨૦૧૨-૧૩ની અંદર ગેસના બાટલા માટે કૂપનો આપતા હતા અને અમારા મોદી સાહેબ આવ્યા. ગરીબોને બધાને ગેસના બાટલા આપી દીધા આ ભાજપ સરકાર છે, મોદી સાહેબની સરકાર છે. અમારે સિવિલ હતી ત્યારે સાબરમતીમાં લાકડાનો પુલ હતો, જયારે અત્યારે આર.સી.સી.નો પુલ બની ગયો, મેટ્રો ટ્રેન પણ બની અને આ મેટ્રો ટ્રેનમાં મજૂરો કામ કરવા માટે જાય છે તેને પાંચ રૂપિયામાં અમારી સરકાર ભોજન આપશે આ અમારી સરકારની યોજનાઓ છે. આ ભાજપે કામગીરી કરી છે. વર્ષ ૨૦૦૯-૧૦માં શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે ગરીબમેળા યોજ્યા અને અત્યારે રૂ.૭,૦૦૦ થી રૂ.૪૮,૦૦૦ની કીટ આપે છે. ગરીબ લોકોના ઘરે ચૂલા નહોતા સળગતા, એ લોકોએ નાના-મોટા ધંધા કરીને ચૂલા સળગાવ્યા અને આજે ભાજપની વાહ-વાહ થાય છે. અનુસૂચિત જાતિના ખેડૂતોને મેં પૂછ્યું ત્યારે એમણે મને કહ્યું કે સાહેબ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર માનજો કે એ અમારા ખાતામાં રૂ.૬૦૦૦/- નાંખે છે. અનુસૂચિત જાતિના લોકોની એક વિઘો જમીન હોય તો એમાં ૨૦ લોકોનાં નામ હોય એટલે વર્ષે રૂ.૪૦,૦૦૦/- આવે છે. આથી અમે તો કોઇ દિવસ કૉંગ્રેસને મત આપવાના જ નથી. અમે તો ભાજપને જ મત આપવાના છીએ. હું વિસનગર ગયો હતો એ વખતે અમે અનુસૂચિત જાતિના લોકોને મળ્યા હતા. એમણે કહ્યું કે અમે અત્યાર સુધી કૉંગ્રેસને મત આપતા હતા, પણ હવે ભાજપ સરકારની જે કામગીરી છે એને અમે અપનાવીએ છીએ. કૉંગ્રેસના શાસન વખતે શહેરી વિસ્તારમાં ઇન્દિરા આવાસ યોજના ચાલતી હતી. એ વખતે ૭૦,૦૦૦ રૂપિયા આપતા હતા. અમારા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા અને એમાં સાડા ત્રણ લાખ રૂપિયા કર્યા અને એ યોજનાનું નામ પી.એમ.એ.વાય. રાખ્યું. કૉંગ્રેસ વખતે તો ઇન્દિરા ગાંધી નામ રાખતાં. અનુસૂચિત જાતિના ૪૦ ટકા લોકો ભાજપ તરફ વળી ગયા છે. દિલ્હી સરકારની અને ગુજરાત સરકારની કામગીરી જોઇ અને અત્યારે પૂરે-પૂરા મત ભાજપને આપે છે એટલે કૉંગ્રેસવાળા છાનામાના બેસી રહો. અમે તો ભાજપને જ મત આપવાના.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, મારું એક સૂચન છે કે આપણી ફૉરેસ્ટની જગ્યાઓ જ્યાં-જ્યાં છે ત્યાં બહુ સુંદર પૉઇન્ટ છે. ત્યાં મોટા-મોટા ડેમ બને, કૂવા બને, હવાડા બને તો જાનવરોને પાણી પીવા માટે સરળતા રહે અને બીજું કે આપણું રાષ્ટ્રીય પક્ષી મોર છે. એને જંગલમાં રહેવા માટે ટાવર બનાવવામાં આવે તો રાત્રે જંગલી જનાવરો એને મારી નાંખે છે એમાં એનો બચાવ થઇ જાય. આપણે ત્યાં ઘોરાડ પક્ષી ફક્ત ચાર જ છે. એ પણ કચ્છમાં જ છે અને એ માદાઓ જ છે. એના માટે આપણે નર પક્ષી લઇ આવીએ એવી સરકારશ્રીને મારી ખાસ રજૂઆત છે. જંગલ વિસ્તારમાં આપણે જે ઝાડી વાવીએ છીએ એ જમીનની જે પરિસ્થિતિ છે એ પ્રમાણે વાવવામાં આવે તો એ ઝાડી ફેલ ન જાય. એ જમીનને ધાવીને મોટી થઇ જાય. પીલુના ઝાડ, બાવળ વગેરે વિસ્તાર પ્રમાણેના ઝાડ વાવવામાં આવે તો એમાં આપણે સફળ થઇએ. બીજું કે જે ફૉરેસ્ટ વિસ્તારમાં રોડ આવે છે અથવા પાણીની લાઇનો આવે છે. એ ફૉરેસ્ટ દ્વારા બનાવવામાં આવે નહિ તો અમને મંજૂરી આપવામાં આવે એવી મારી આપને રજૂઆત છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(વિપક્ષના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના વન, પર્યાવરણ વિભાગના મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને ક્લાઇમેટ ચેન્જ વિભાગના મંત્રીશ્રી તેમના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારા પક્ષના ઘણા બધા મિત્રોએ ચર્ચા કરી છે અને મારા સાથી મિત્રોને વધારે સમય મળે એટલા માટે હું છેલ્લે બોલવા ઊભો થયો છું. જરૂર પડે તો મને એક-બે મિનિટ વધારે આપજો.

માનનીય અધ્યક્ષશ્રી, મારી સમજ પ્રમાણે સામાજિક ન્યાય, અધિકારીતા વિભાગના હાથ નીચે કામ કરતો અમારો આદિજાતિ વિભાગ છે. સામાજિક ન્યાય, અધિકારીતા વિભાગમાં જે કાયદા થાય અને કલ્યાણકારી યોજનાઓ થાય એનો અમલ સામાજિક વિભાગ જ્યાં સીધો કામ કરતો હોય ત્યાં વહેલો થાય છે અને એ જ વિભાગના હાથ નીચે આદિજાતિ વિભાગ આવે છે ત્યાં એના પરિપત્રો અને યોજના પહોંચતા વિલંબ થાય છે. એક મોટો વિભાગ અને એક નાનો વિભાગ છે, એમાં કાંઇ ભૂલ થતી હોય તો એમાં સુધારીને પણ જે તે દિવસે અથવા જે તે અઠવાડિયામાં એનો સીધો લાભ થાય એવું કરજો. ઘણી વખત

એવું થાય છે કે એક મહિને ઓર્ડર થાય છે. રસ્તા પર સામાજિક વનીકરણના નામે આપણે વૃક્ષો ઉગાડીએ છીએ. વૃક્ષો મોટા થાય છે એમાં ઘણા બધા વૃક્ષો એવા હોય છે કે અકસ્માત કરાવે છે. ચોમાસા પહેલાં આપણે ટ્રી કટિંગ કરીને એને સરખાં કરવાના હોય છે. રસ્તા પહોળા થવાના કારણે વૃક્ષોના થડ રસ્તા પર આવી જાય છે એના કારણે ઘણા બધા અકસ્માતો થાય છે. તેનું નિવારણ કરવા માટે સામાજિક વનીકરણ વિભાગને અથવા માર્ગ અને મકાન વિભાગને સાથે રાખીને કંઈક ઉકેલ લાવો તો કોઈકનો જીવ બચશે. અમારે ત્યાં ઓરસંગ નદીમાં સાદી રેતીની લીઝો સરકારે બહાર પાડીને જે તે ગામના આદિવાસીઓને આપેલી છે. એ માટે સરકાર એન્વાયરમેન્ટ સર્ટિફિકેટ આપતી હોય છે. એ સર્ટિફિકેટ નહિ આપવાના કારણે સરકારને રોયલ્ટી ગુમાવવાનો વારો આવે છે. રેતી માફિયાઓ બેરોકટોક આ રેતી લઈ જાય છે. પૈસા ભરી દીધા પછી એક-એક વર્ષ સુધી લાભાર્થીઓ રાહ જોઈને બેઠા છે. તેની પ્રક્રિયા જ્યાં અટકી હોય ત્યાંથી વહેલી કરો અથવા તેમાં સરળતા લાવો. અમારા મંત્રીશ્રી કિરીટસિંહ બાપુએ વન સંરક્ષણ, વર્ગ-૩ની કુલ ૩૩૪ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા કહ્યું હતું તે થઈ કે નહિ એ ખબર નથી, પણ ગઈકાલે ટી.વી.માં પણ સાંભળેલું અને છાપામાં પણ આવેલું છે. પેપર ન ફૂટ્યું હોય તો કોઈ વાંધો નથી, પણ જો પેપર ફૂટ્યું હોય અથવા જ્યાં જે કંઈ થયું તેની સામે તમારે પગલાં તો લેવાં પડે. તમારા વિભાગમાં જંગલ સાચવવા હોય તો બીટ ગાર્ડની ભરતી ફરજિયાત કરવી પડે. માનનીય શ્રી મોહનસિંહભાઈએ જે વાત કરી તે પ્રમાણે નાના માણસોને કાયમી કરવા પડે અથાવ સ્કેલ પ્રમાણે રોજગારી આપવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચની કેમિકલ કંપનીમાં પ્રદૂષણના કારણે ૨૧૮ ગામોના લગભગ દોઢ લાખ લોકોનો જીવ જોખમમાં છે. વીડીસાઈડ અને પેસ્ટીસાઈડનું ઉત્પાદન કરતી કંપનીઓ હવા, પાણી અને ઝેરી વાયુનું પણ પ્રદૂષણ કરે છે. સૂરતના સચિન વિસ્તારમાં જે ઘટના બની તેનાથી આપ સૌ વાકેફ હશો અને તેના કારણે ૭ થી ૮ માણસો મરી ગયા. તેનું વળતર સરકારે ચૂકવ્યું છે,પણ આવી ઘટનાઓ વારંવાર ન બને તે માટે આપણું પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ શું કરે છે? આવી ઝેર ઓકતી ફેક્ટરીઓ અથવા ગંદુ પાણી કાઢતી ફેક્ટરીઓ ઉપર તમારો વિભાગ શું કાર્યવાહી કરે છે? તેના માટે લાંબા ગાળાનો એક્શન પ્લાન જરૂરી છે. મને જે માહિતી મળી હતી તે પ્રમાણે આપણા ગુજરાતમાં મહારાષ્ટ્રનો ઝેરી કેમિકલવાળો કચરો ઠલવાય છે. મોટા પાયે તેનો ધંધો થઈ રહ્યો છે. આ જે ઝેરી કચરો ઠલવાય છે તે ડાયલુટ કરીને દરિયા કે નદીમાં નાંખવાનો હોય છે તે પ્રક્રિયા થતી નથી. તેના કારણે આવા બનાવો બનતા હોય છે. માનનીય મંત્રીશ્રી પાસે અપેક્ષા રાખું કે તમે આ બાબતમાં થોડા કડક થાઓ. પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની પાસે સવિશેષ જવાબદારી હોઈ શકે અને કદાચ સ્ટાફની તકલીફ હોઈ શકે, પણ ગુજરાતમાં વસતા ગુજરાતીઓ માટે તકલીફ ન પડે તેની કાળજી રાખજો.

માનનીય અધ્યક્ષશ્રી, જંગલ વિસ્તારમાંથી પસાર થતા રસ્તાઓ કદાચ આદિવાસી વિસ્તારના હોય, સૌરાષ્ટ્ર, કચ્છ કે ગીર-સોમનાથ વિસ્તારના હોય, પર્યટન સ્થળો વિકસાવીએ છીએ તે વિસ્તારના હોય પણ જંગલ ખાતાની મંજૂરી મળવામાં થોડી તકલીફ રહે છે અને એમાં જે મંજૂરી મેળવવાની હોય છે તે મેળવીને આવા ઉબડ-ખાબડ રસ્તાઓ સારી સપાટીવાળા થાય તેના માટે માર્ગ અને મકાન વિભાગ રકમ ફાળવતો હોવા છતાં પણ કામ થઈ શકતું નથી. અમારે ત્યાં સિથોલ ગામમાં એક શાળા આવેલી છે. બાજુમાં જંગલમાંથી એક ૬૬ કે.વી.ની લાઈન પસાર થાય છે. લાઈન પસાર કરવા માટે ત્યાં કોઈ સંસ્થા કામ કરે છે તેણે કહ્યું કે તમે પૈસા ભરો તો લાઈન હટાવીએ, પણ બે વાયર ભેગા થવાથી વૃક્ષો બળી જાય છે. આ હાનિકારક લાઈન માટે બે વિભાગનું સંકલન કરીને વૃક્ષો પણ બચે અને માનવજાત પણ બચે એટલા માટે જે કાંઈ કરવાનું થાય તે આ સરકાર કરે.

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર **(** સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો આજે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની જે પરીક્ષાઓ શરૂ થઇ છે, તેમાં સર્વ વિદ્યાર્થીઓને સર્વોત્તમ સફળતા માટે અને તેમના ઉજ્જ્વળ ભવિષ્યની હાર્દિક શુભેચ્છા પાઠવું છું. મારા વિભાગની માગણીઓ ઉપરના વકતવ્યની શરૂઆત કરતાં પહેલા, સ્વતંત્ર ભારતના બંધારણના ઘડવૈયા, દેશના લોકલાડીલા નેતા ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકર, મહારાણા પ્રતાપજી, સરદાર પટેલ, છત્રપતિ શિવાજી મહારાજ આ બધાને નમન કરીને મારી વાત રજૂ કરી રહ્યો છું. **मैं यहां राजनीति में सुख भोगने नहीं**, **बलकी अपने सभी दबे-कुचले भाईयों को उनके अधिकार दिलाने आया हुं।** તેમની આ વિચારધારાને મેં પણ મારા રાજનૈતિક જીવનમાં અપનાવી છે. મારા સમાજના લોકો સહિત ગુજરાત રાજ્યની ૬.૫ કરોડની જનતાના આશીર્વાદના ફળ સ્વરૂપે આજે મને જયારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી તરીકે સમાજની સેવા કરવાનો ઉત્તમ અવસર પ્રાપ્ત થયો છે ત્યારે તેનું ઋણ હું રાજ્યની જનતાની મહત્તમ સેવા કરી તેમને મળવાપાત્ર તમામ અધિકારો મળી શકે તેવા મારા સંનિષ્ઠ પ્રયત્નો કરી અદા કરવા માગું છું. ગુજરાત રાજ્યના પનોતા પુત્ર અને ભારતવર્ષના યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના સબળ નેતૃત્વ અને માર્ગદર્શનવાળી આ માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આ સરકારમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી તરીકે સમાજના છેવાડાના, વંચિતો, શોષિત માનવીઓની સેવા કરવાનો મને મોકો મળ્યો છે, તેને હું મારૂ સદભાગ્ય સમજુ છું. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ વિધાનસભાના ગૃહ સમક્ષ રજૂ કરતાં પહેલા, તાજેતરમાં જ અમેરિકાની મોર્નિંગ કન્સલટન્ટ નામની વિશ્વ વિખ્યાત ફર્મે કરેલા ગ્લોબલ સરવે મુજબ વિશ્વના સૌથી શક્તિશાળી, લોકપ્રિય નેતાનું ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને બિરુદ આપવામાં આવ્યું છે. એ જ રીતે સરળ, નિખાલસ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારનો પણ આભાર માનું છું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૧ની રાજ્યની વસતિ ગણતરી મુજબ અનુસૂચિત જાતિની વસતિ, રાજ્યની કુલ ૬.૦૪ કરોડની વસતિના ૬.૧૪ ગણા એટલે કે ૪૦.૭૪ લાખ છે. જયારે રાજ્યના સામાજિક, શૈક્ષણિક પછાત વર્ગમાં કુલ ૧૪૬ જાતિઓનો સમાવેશ થયો છે. જે કુલ વસતિના આશરે પર ટકા લેખે એટલે ૩ કરોડ ૧૪ લાખ છે. ૬૦ લાખ જેટલી લઘુમતિ વસતિ છે. ૪૧ લાખ જેટલા દિવ્યાંગો અને વૃદ્ધોની વસતિ છે. આમ, મારો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ એ અનુસૂચિત જાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિ, લઘુમતિઓ, બિન અનામત વર્ગો, દિવ્યાંગ, નિરાધાર, વૃદ્ધ અને થર્ડ જેન્ડર આ સર્વ જન સમૂહની રાજ્યના લગભગ ૮૫ ટકાથી વધુ વસતિઓના શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ઉત્કર્ષ સાથે સંકળાયેલો છે. મારા વિભાગની માગણીઓ ગૃહ સમક્ષ મતદાન માટે રજૂ કરતા પહેલા ઉદાર મન રાખીને પાછલા વર્ષોની સરખામણીમાં અત્યાર સુધી સૌથી વધુ રકમ ફાળવવા બદલ હું રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને રાજ્યના નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇનો આભાર વ્યકત કરૂ છું. હું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વાત કરું તો આજે બજેટ દ્વારા વંચિતોની વેદનાને વાચા આપવા જઇ રહ્યો છું. વેદો ને સમજવું સાવ આસાન છે, પણ વંચિતોની વેદનાને સમજવી અતિ કઠીન છે. આ વેદનાને સમજવાના આ ભગીરથ પ્રયત્નમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અમારી સરકાર પણ એટલા જ જોમ અને જુસ્સા સાથે પ્રયત્નશીલ છે. શૈક્ષણિક, આર્થિક વિકાસ તેમજ સમાજમાં સમરસતા લાવવા માટે રાજયના છેવાડાનો માનવી આત્મ નિર્ભર બની સમાજમાં સ્વમાનભેર જીવન જીવી શકે તે માટે તમામ પગલાં ભારતીય જનતા પાર્ટીની આ સરકાર લઇ રહી છે. અમારી સરકાર સંપૂર્ણ કટ્ટીબદ્ધ છે. તથા તેને ચરિતાર્થ કરવા માટે મારા હસ્તકના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના આગામી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના બજેટ જોગવાઇની કુલ રકમ રૂપિયા ૮૬૩૨.૪ કરોડ થવા જઇ રહી છે. જે ગત નાણાકીય વર્ષની જોગવાઇ રૂપિયા ૮,૦૪૫.૭૫ કરતા રૂપિયા ૫૭૬.૨૯ કરોડ જેટલી એટલે કે ૭.૨૯ ટકા વધારે છે. જે રાજયમાં સમરસતા લાવવામાં તેમજ સમાજનું શૈક્ષણિક અને આર્થિક સ્તર ઉંચુ લઇ જવા માટેની મારી સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. મારા હસ્તકના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંદાજપત્રમાં કુલ રૂપિયા ૮,૬૩૨.૪ કરોડની સૂચિત જોગવાઇઓમાં સમાવિષ્ટ કુલ ૪ માગણીઓ પૈકી માગણી ક્રમાંક નંબર ૯૨, સામાજિક સૂરક્ષા અને કલ્યાણ હેઠળ રૂપિયા ૩,૦૧૬.૭૨ કરોડ અને માગણી ક્રમાંક નંબર ૯૫, અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ રૂપિયા ૫,૫૧૪.૮૪ કરોડ એમ કુલ રૂપિયા ૮૬૨૧.૫૬ કરોડની માગણી ઉપરની ચર્ચા માટે ઉપસ્થિત થયો છું, ત્યારે આપણા રાજયના સરળ અને સહજ મુખ્યમંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં સુશાસન સાચા અર્થમાં ચરિતાર્થ કરવા અમો સૌ પ્રયત્નશીલ છીએ. ગુજરાતની ચારેય દિશામાં વિકાસની આગવી કેડી કંડારી છે. આજે મારે કહેવું છે કે અમે અમારા સંકલ્પ પત્રમાં ઘોષણા કરી હતી કે સમાજનો દરેક વ્યક્તિ ન્યાયનો યાચક નહીં પણ ન્યાયનો અધિકારી બનશે, આ સંકલ્પ ને પૂર્ણ કરવા માટે આ સરકાર શ્રેણીબદ્ધ પગલાં લઇ રહી છે. માત્ર વાતો નહીં, પરંતુ નક્કર પરિણામ થકી રાજયમાં સામાજિક, સમરસતાના નવા આયામો સર કરવા અમે જે નવી સેવાઓનો વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજપત્રમાં સમાવેશ કરેલ છે તેની ઉડીને આંખે વળગે તેવી કેટલીક નોંધપાત્ર અને પ્રશંસનીય બાબતો આજે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા જઇ રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબા સાહેબ આંબેડકર કહેતા હતા કે શિક્ષણ એ સિંહણનું દૂધ છે. જે પી એ તે દહાડ પાડે. એટલે સમાજની નાનામાં નાની પછાત કે અતિ પછાત વર્ગના બાળકો કે બાળકીઓ શિક્ષણથી વંચિત ન રહે, એટલું જ નહીં તેમને ગુણવત્તા સભર શિક્ષણ મળી રહે તે માટે મારા વિભાગ દ્વારા શકય એટલા તમામ પ્રયાસો કરવામાં આવેલ છે. શિક્ષણની યોજનાઓ માટે અનુસૂચિત જાતિ કલ્યાણની રૂ. ૭૩૦ કરોડ ૩ લાખ અને વિકસતી જાતિની રૂ. ૧,૨૭૩ કરોડ ૩૫ લાખની એમ કુલ મળી રૂપિયા ૨,૦૦૩ કરોડ ૩૮ લાખ જેટલી માતબર રકમની જોગવાઇ પણ કરવામાં આવી છે. એમ કુલ મળી રૂપિયા ૨,૦૦૩ કરોડ જેવી માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. એ જ રીતે બિન અનામત વર્ગના વિકાસ માટે રૂપિયા ૫૦૮ કરોડ ૭ લાખની જોગવાઇ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિ અને વિચરતી જાતિના ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિના હાલના દરમાં ૨૫૦ થી ૫૦૦ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. અનુસૂચિત જાતિ અને વિચરતી જાતિ ધોરણ-૧ થી ૮ માં અભ્યાસ કરતા તેમજ આદર્શ નિવાસી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવતી ગણવેશ સહાય પેટે રૂપિયા ૬૦૦ આપવામાં આવતા હતા, એમાં ૩૦૦ વધારો કરીને ૯૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. વિવિધ અભ્યાસક્રમાં દિવ્યાંગોને આપવામાં આવતી શિષ્યવૃત્તિમાં દરેક તબક્કે ૫૦૦ નો વધારો કરવામાં આવ્યો છે. અનુસૂચિત જાતિ તેમજ વિચરતી જાતિ ગ્રાન્ટ ઇન છાત્રાલય અને આશ્રમશાળાને ચૂકવવામાં આવતા વિદ્યાર્થી દીઠ માસિક ૧,૫૦૦ રૂપિયાની જગ્યાએ ૬૬૦ રૂપિયાનો વધારીને રૂપિયા ૨,૧૬૦ રૂપિયા કરવામાં આવ્યા છે. ગ્રાન્ટ ઇન છાત્રાલયોમાં કામ કરતાં ગૃહપતિ અને ગૃહમાતાને હાલ ચૂકવવામાં આવતા ૬,૫૦૦ રૂપિયાના વેતનને બદલે હવે ૧૦,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. ધોરણ-૧૨ પાસ ગૃહપતિ, ગૃહમાતાને ૫,૫૦૦ રૂપિયાનો વેતનમાં વધારો કરીને રૂપિયા ૯,૦૦૦ રૂપિયા કરવામાં આવેલ છે. માનનીય નાણામંત્રીશ્રી આપ હતા નહિ આપે ખૂબ ઉદાર મન રાખીને ફાળવણી કરી છે એ બદલ આપનો આભાર માનુ છું. મુખ્ય રસોઇયાના વેતનમાં ૩,૫૦૦ વધારો કરીને રૂપિયા ૬,૦૦૦ કરવામાં આવેલ છે. મદદનીશ રસોઇયા અને ચોકીદારના રૂપિયા ૩,૦૦૦નો વેતનમાં વધારો કરીને ૫,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. એટલું જ નહિ ગ્રાન્ટ ઇન છાત્રાલયમાં હાલ વિદ્યાર્થી દીઠ ચૂકવવામાં આવતા મકાન ભાડામાં પણ વધારો કરવામાં આવ્યો છે. અનુસૂચિત

જાતિ તેમજ વિચરતી જાતિના ડિગ્રી એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતાં બાળકોને સાધન ખરીદવા માટે રૂપિયા પાંચ હજારની સહાય આપવામાં આવતી હતી, એમાં પણ વધારો કરીને રૂપિયા ૮,૦૦૦ની સહાય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભગવાન બુદ્ધ રાજય શિષ્યવૃત્તિ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કન્યાઓને જેમનાં મા-બાપની વાલીની વાર્ષિક આવક છ લાખ સુધીની હતી તેવી કન્યાને યોજનાનો લાભ આપવામાં આવતો હતો. પરંતુ અમારી સંવેદનશીલ સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે આવક મર્યાદા દૂર કરી દીધી છે. જેથી તમામ અનુસૂચિત જાતિની કન્યાઓને આ યોજનાઓ લાભ મળશે. એસ.એસ.સી. પછીના તમામ અભ્યાસક્રમો માટે હાલના મળતા રૂપિયા ૬૫૦ થી વધારો કરીને રૂપિયા ૧,૫૦૦ થી લઇને રૂપિયા ૫,૦૦૦ સુધીની શિષ્યવૃત્તિ ચૂકવવાનો નિર્ણય લીધો છે. એના લીધે અંદાજીત ૧,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને રૂપિયા ૩૭ કરોડ ૩૦ લાખની જોગવાઇનો લાભ આપવામાં આવી રહ્યો છે. અનુસૂચિત જાતિ અને વિચરતી જાતિના વિદ્યાર્થીઓ માટે પી.એચ.ડી. શિષ્યવૃત્તિ યોજનામાં વિદ્યાર્થીઓને મહત્તમ ૩૦ હજાર રૂપિયા આપવામાં આવતા હતા એના બદલે ૭૦ હજાર રૂપિયાનો ઉમેરો કરીને એક લાખ જેવી માતબર રકમનો વધારો કરવામાં આવી રહ્યો છે. એ જ રીતે ડો. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિ લગ્ન યોજનામાં એક લાખ રૂપિયા આપવામાં આવતા હતા, એમાં અતિશય વધારો કરીને રૂપિયા ૨ લાખ ૫૦ હાજરની સહાય આપવાનો નિર્ણય આ સામાજિક સમરસતાની સરકારે કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના તથા નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના હેઠળ ૬૦ વર્ષથી ૬૯ વર્ષ સુધીની વય ધરાવતા વૃદ્ધોને માસિક રૂપિયા ૭૫૦ની જગ્યાએ ૧,૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવશે. એ જ રીતે ૮૦ કે તેથી વધુ ઉંમર ધરાવતા વૃદ્ધોને માસિક ૧,૦૦૦ રૂપિયાની સહાયની જગ્યાએ રૂપિયા ૧,૨૫૦નો સહાયમાં વધારો કરવામાં આવેલ છે. સમાજના અનેક વ્યક્તિને સમાન તક મળે, દરેક વ્યક્તિ પોતાની ગમતી સિદ્ધિ હાંસલ કરે તેવું વાતાવરણ એ આ સરકાની પ્રાથમિકતા છે. કુદરત કોઇ વ્યક્તિનું એક અંગ લેતી હોય ત્યારે તેને બીજી શક્તિ પણ આપતી હોય છે. આવા લોકોને દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દિવ્યાંગ તરીકેની ઉપમા આપી છે. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની આ સરકાર આવા દિવ્યાંગ લોકો પણ પોતાની ગમતી સિદ્ધિ હાંસલ કરે તે માટે કટિબદ્ધ છે. તે અંતર્ગત રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના હેઠળ સંત સુરદાસ યોજના દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૬૦૦ની સહાયમાં વધારો કરીને રૂ. ૧,૦૦૦ આપવામાં આવશે. રાજ્યના દિવ્યાંગો પોતાના અનુભવથી મુશ્કેલીઓનો યોગ્ય રીતે સામનો કરી શકે તે હેતુથી અમારી સરકારે યોજનામાં પ્રથમવાર રૂ. ૨૫ લાખના ખર્ચે દિવ્યાંગો માટેની સાંકેતિક ભાષામાં ૨૪ x ૭ હેલ્પલાઇન શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. એ જ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઇસમો પર થતા જાતિય અત્યાચારના ભોગ બનેલા નાગરિકને માટે હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. સામાજિક જવાબદારીના ભાગરૂપે રાજ્યના જે નિરાધાર વૃદ્ધ રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન મેળવતા હોય તેમના અવસાન પ્રસંગે અંતિમ ક્રિયા કરવા માટે ઉચ્ચક રૂ. ૫,૦૦૦ આપવાનો આ રાજ્યની સંવેદનશીલ સરકારે નિર્ણય કર્યો છે. બૌદ્ધિક અસમર્થતા ધરાવતા દિવ્યાંગો માટે આર્થિક સહાયની યોજનાઓમાં દિવ્યાંગો માટે પાત્રતાનું પ્રમાણ ૭૫ ટકા હતું તે ઘટાડીને ૫૦ ટકા રાખવાનો નિર્ણય આ સરકારે લીધેલ છે. જેના માટે રૂ. ૧૪ કરોડ અને ૪૦ લાખની વધારાની જોગવાઇ કરી લાભ આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની સામાજિક સુરક્ષાની કચેરી વધુ સક્ષમ અને કાર્યક્ષમ બનાવવા માટે રૂ. ૧૭૬ લાખના ખર્ચે ૨૦૯ જેટલા સમાજ સુરક્ષા સહાયકની નવી જગ્યાઓ ઉભી કરવામાં આવી રહી છે. ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના અંદાજે ૧ લાખ ૮૦ હજાર અને વિકસતી જાતિના ૩૮ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા અને પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના ૩ લાખ ૩૭ હજાર અને વિકસતી જાતિના ૨૫ લાખ ૫૯ હજાર વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવા માટે બજેટમાં રૂ. ૭૮૪ કરોડ ૪૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. એ જ રીતે સરસ્વતી સાધના સાઇકલ યોજના હેઠળ ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની ૨૦ હજાર અને વિકસતી જાતિની ૧ લાખ ૫૦ હજાર કન્યાઓને વિનામૂલ્યે સાઇકલ આપવા માટે બજેટમાં ૬૯ કરોડ ૬૦ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. વિદેશ અભ્યાસ માટે પણ વર્ષ ૨૦૨૨માં રૂ. ૬૯ કરોડ ૭૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આવાસ યોજનામાં પણ રૂ. ૨૦૪ કરોડ ૭૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. કુંવરબાઇનું મામેરૂં યોજનામાં રૂ. ૪૨ કરોડ ૨૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. સમાજમાં સામાજિક સમરસતા જળવાઇ રહે તે માટે શરૂ કરવામાં આવેલ ડો. સવિતા આંબેડકર યોજનામાં પણ ૧૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. મૃત્યુ બાદ પણ સન્માન સાથે અંતિમ ક્રિયા કરવા માટે શરૂ કરવામાં આવેલી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ અનુસૂચિત જાતિની વ્યક્તિને માટે રૂ. ૬ કરોડ ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજ સુરક્ષા પાંખની વાત કરું તો સમાજ સુરક્ષા પાંખ દ્વારા વિવિધ કલ્યાણ યોજનાઓ સંસ્થાકીય તેમજ બિન સંસ્થાકીય માળખા દ્વારા ચલાવવામાં આવે છે. જેમાં સમાજના નબળા વર્ગના તેમજ ખાસ પ્રકારના જરૂરિયાતમંદ વર્ગો જેવા કે અનાથ, નિરાધાર બાળકો, દિવ્યાંગ, કિન્નરો, વૃદ્ધોને દ્દઢ અને સંગીન પ્રયાસથી રક્ષણ, શિક્ષણ અને તાલીમ દ્વારા પુનઃસ્થાપન માટે વિવિધ રીતે કાર્યરત છે. સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા આ વર્ષે ૨૦૨૨-૨૩માં કુલ રૂ. ૧,૪૯૭ કરોડ ૮૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. દિવ્યાંગ કલ્યાણ માટે અંદાજે રૂ. ૨૨૪ કરોડ ૪૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. બાળકલ્યાણ ક્ષેત્રે યોજના માટે રૂ. ૧૭૫ કરોડ ૫૪ લાખની અને તે જ રીતે વૃદ્ધ પેન્શન, નિરાધાર વૃદ્ધ યોજના હેઠળ રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના અંતર્ગત વૃદ્ધોને પેન્શન આપવા માટે રૂ. ૯૯૭ કરોડ ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

દિવ્યાંગ સાધન-સહાય યોજનામાં રૂપિયા ૧૦.૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતની અંદર દિવ્યાંગોને ઓળખકાર્ડ યોજના હેઠળ એસ.ટી. બસમાં ફ્રીમાં મુસાફરી કરવા માટે ૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દિવ્યાંગોના લગ્ન સહાય યોજનામાં ૭.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પાલક માતા-પિતા યોજના હેઠળ ૬૯ કરોડ ૩ લાખની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં રાજ્યના ૧૮,૨૫૦ થી પણ વધુ બાળકોને આનો લાભ મળશે. SERO POSITIVE IILNESS યોજના હેઠળ ૧ કરોડ ૨૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આવા કલરફૂલ બજેટમાં વિપક્ષના મિત્રોને આ બજેટ કલરફૂલ દેખાતું નથી. હું સિવિલનો કાર્યકર્તા છું. કોઇ વ્યક્તિને નોકરી લાગી હોય અને એ સિવિલમાં ચેક-અપ કરાવવા માટે આવે તો ઘણીવાર કલર બ્લાઇન્ડનેસનો રોગ જોવા મળે છે. આવા દર્દીને સારવાર કરાવતા હોય છે. આ વિપક્ષના લોકોને કલર બ્લાઇન્ડનેસ..(અંતરાય) મને આનંદ થાય છે કે અમારી સરકારે વંચિતોના વિકાસ માટે માત્ર વાતો નહીં, પરંતુ નક્કર કાર્ય કરેલ છે. વંચિતોનો વિકાસ, ગરીબોનું કલ્યાણ એ અમારું લક્ષ છે. જે પ્રકારે સમગ્ર દેશની પ્રજાએ ઉત્તર પ્રદેશ, ઉતરાખંડ, મણીપુર, ગોવામાં અમને શાસન માટે તક આપી છે. મારો જન્મ વર્ષ ૧૯૬૪માં થયો છે. મેં 'વક્ત' પિક્ચર જોયું હતું એમાં ચિનાઇ શેઠનો ડાયલોગ હતો કે, 'જીન કે ઘર શીશે કે બને હોતે હૈ વો દૂસરો કે ઘર પે પથ્થર નહીં ફેંકતેં' એ જ રીતે મારા ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ જે પ્રકારે ગુજરાતને ઉત્તમમાંથી સર્વોત્તમ તરફ લઇ જવા માગે છે એના માટે મારો વિભાગ પ્રયત્નશીલ છે. ગુજરાતની અંદર જે પ્રકારે ડો.બાબા સાહેબ આંબેડકરને સન્માન આપવામાં આવ્યું છે. ૨૪ જિલ્લાઓમાં ડો.બાબાસાહેબ આંબેડકર ભવનનું કાર્ય પૂર્ણ થયેલ છે. હાલમાં પણ મોડાસા ખાતે ૬ કરોડના ખર્ચે ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. બોટાદ, મહીસાગરની કામગીરી ચાલુ છે. ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકર ને સાચી શ્રદ્ધાંજલિ આપવાનું અમારું કામ છે. અમદાવાદ ખાતે નરસિંહભગત છાત્રાલયનું ખાતમુહૂર્ત કરેલ છે. ગુજરાતની અંદર છાત્રાલયની અંદર રહીને ૨૫ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ રહીને ભણી શકે એના માટે મેં ઘણું કામ કર્યું છે. ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોનમાં ૧૪ ડોક્યુમેન્ટ રજૂ કરવાના થતાં હતાં એ ઘટાડીને ૮ કરવામાં આવ્યા છે. વિદેશ જતાં પહેલાં લોન માટે અરજી કરવાની જોગવાઇ હતી એના બદલે હવે વિદેશ જઇને છ માસમાં એ અરજી કરી શકે છે. એ જ રીતે બે સદ્ધર જામીનની જરૂર રહેતી હતી એની જગ્યાએ હવે એક જ જામીન ચાલશે. આવા અનેક સુધારા કરીને ગુજરાતની પ્રજાને વધુ સારી રીતે લાભ મળે એ રીતે કામ કરેલ છે. ડો. બાબાસાહેબ આંબેડકર યોજનામાં ટોચમર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૫ લાખ હતી એના ૭ લાખ કરેલ છે અને શહેરી વિસ્તાર માટે ૭ લાખ હતા એના ૧૦ લાખ કર્યા છે. ઘણું બધું કામ કર્યું છે. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારની ટીમ સાથે ગુજરાતના લોકોનાં કામો સારી રીતે થાય, લોકોને સારી સુવિધા મળે, એના લાભો મળે એ દિશામાં અનેક કામો કર્યાં છે ત્યારે મારી વાત પૂરી કરતાં પહેલાં મારે હાલમાં જ રિલિઝ થયેલ ફિલ્મ કાશ્મીર ફાઇલ્સની વાત કરી કહેવું છે કે આતંકવાદી કેવા હોય, એનો ત્રાસ કેવો હોય, એનો ડર કેવો હોય એ મેં અને આપણા શ્રી પ્રદીપસિંહ જાડેજાએ નજીકથી જોયો છે, અમે ભોગવ્યું છે. એટલે કાશ્મીરમાં આતંકવાદીઓ દ્વારા કાશ્મિરી પંડિતોને જે યાતનાઓ આપી તેનો હું અનુભવ કરી શકું છું. ત્યાં જે આતંકવાદીઓ વાત કરતા હતા અને ડરાવતા હતા એમાં રેલીવ, ગેલીવ યા ચેલીવ એટલે કન્વર્ટ થાવ, લીવ ઔર ડાઇ એટલે એનો મતલબ કે તમે મુસલમાન બનો અથવા કાશ્મીર છોડો યા મરી જાવ. ૭૦ વર્ષથી કાશ્મીરી પંડિતોએ ત્યાં સહન કર્યું છે. (અંતરાય) બધું આવે. ૭૦ વર્ષથી કાશ્મીરી પંડિતોએ આ સહન કર્યું છે એને અમારા યુગપુરુષ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને આધુનિક યુગના ચાણકય શ્રી અમિતભાઇએ ૩૭૦ ની કલમ હટાવીને કાશ્મીરી પંડિતોને ન્યાય આપવાનું કામ કર્યું છે. જય ભીમ. વંદે માતરમ. જય જય ગરવી ગુજરાત.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું રોકવા માંગતો નહોતો. હમણા બજેટ ઉપર એમણે જે ચર્ચા કરી એમાં કોઇ પ્રોબ્લેમ નથી. પિકચરની વાત કરી એમાં પણ કોઇ પ્રોબ્લેમ નથી, પણ જે રીતે જાતીય નામો આપીને વાત કરી છે મુસ્લીમ સમાજની વાત કરી, અન્ય સમાજની વાત કરી એ બંધારણીય ગેરવ્યાજબી છે. શબ્દો દૂર કરવામાં આવે. શ્રી પ્રદીપસિંહભાઇએ ખૂબ સારી ચિંતા કરી. આપણા સમાજને વરઘોડો કાઢવો હોય તો પણ પરમિશન લેવી પડે છે, મૂછો રાખવી હોય તો એની પણ પરમિશન લેવી પડે છે એની ચર્ચા કરી હોત ને કાશ્મીર કરતા, તો વધારે સારું હોત.

અધ્યક્ષશ્રી : માનનીયશ્રી કિરીટસિંહજી રાણા.

શ્રી કિરીટસિંહ જી. રાણા (વન અને પર્યાવરણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગની વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ રૂપિયા ૧,૭૬,૭૨૩ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી માગણી નં. ૨૬ હેઠળ મહેસૂલી ખર્ચ રૂ. ૭,૩૧,૧૧,૭૧,૦૦૦ અને મૂડી ખર્ચ રૂ. ૬૦૭,૫૧,૮૫,૦૦૦ અને માગણી ક્રમાંક-૨૭ પર્યાવરણ વિભાગ માટે મહેસૂલી ખર્ચ રૂ. ૪૮,૦૦,૬૫,૦૦૦ ની માગણી લઇને આ સભાગૃહમાં હું આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં વનોનો વિકાસ થાય, વૃક્ષોનો વધારો થાય, લોક ભાગીદારીથી વનો અને વન્ય જીવોનું રક્ષણ થાય. વન ઉપર આધારિત લોકોની આજીવિકામાં વધારો થાય તે માટે વન વિભાગ સતત કાર્યશીલ છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે વનોના વિકાસ માટે જે સ્વપ્નું જોયું હતું તેના પરિપાકરૂપે વન મહોત્સવના કાર્યક્રમ હેઠળ રાજયમાં ગત વર્ષ સુધીમાં ૨૦ સાંસ્કૃતિક વનોની સ્થાપના કરવામાં આવેલ છે, જેના કારણે આજે રાજયમાં વૃક્ષો અને વનોની સમૃદ્ધિમાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયા, દહેરાદુનના રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૯ના રિપોર્ટની સરખામણીએ વર્ષ ૨૦૨૧માં વન આવરણમાં ૬૭.૫૬ ચોરસ કિલોમિટરનો

વધારો નોંધાયેલો છે તેમજ વૃક્ષ આચ્છાદિત વિસ્તારોમાં ૩,૪૬૬ ચોરસ કિલોમિટરનો વધારો થયેલ છે. વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધનને કારણે સિંહ, ઘુડખર જેવા પ્રાણીઓની સંખ્યામાં વધારો થયેલો છે. વન્ય પ્રાણીઓ દ્વારા થતા માનવ અને માલઢોરના મૃત્યુ અંગે તથા ઈજાના કિસ્સામાં રાજય સરકારે યોજના ઘડી રાજય નાણાકીય સહાયમાં સતત વધારો કરેલ છે. મને જણાવતા આનંદ થાય છે કે ગત વર્ષે રાજયના વઢવાણા, થોર અને ખિજડિયા વેકલીન આંતરરાષ્ટ્રીય માન્યતારૂપે રામસર સાઇટ જાહેર કરવામાં આવેલ છે. જે માટે હું ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર માનું છું. ઉતરાયણના સમયે અને નાના મોટા તહેવારોમાં પક્ષીઓને ઘણીવખત મુશ્કેલી પડતી હોય છે અને ઉતરાયણના હિસાબે પક્ષીઓનું મૃત્યુ થતું હોય છે. રાજયમાં વર્ષ ૨૦૧૭ થી ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે વિભાગ દ્વારા કરુણા અભિયાન હાથ ધરવામાં આવ્યું અને કરુણા અભિયાન દરમિયાન છેલ્લાં ૬ વર્ષમાં ૬૪,૦૦૦ થી વધુ પક્ષીઓને બચાવવામાં આવેલ છે અને એના માટે હું તત્કાલીન મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનો અને સંસ્થાનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું. વન વિભાગની આ તમામ પ્રવૃત્તિઓને પૂર્ણ કરવા માટે સન ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે રૂ. ૧,૭૬૭.૨૩ કરોડની સૂચિત જોગવાઇ કરવામાં આવેલ છે. એ પૈકી સામાન્ય કેટેગરી માટે રૂપિયા ૧,૩૪૧.૫૮ કરોડ અને આદિજાતિ વિસ્તાર માટે રૂપિયા ૩૭૦.૫૫ કરોડની જોગવાઇ અને અનુસૂચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજના હેઠળ રૂપિયા ૫૫.૧૦ કરોડની જોગવાઇ કરેલ છે. ભારત સરકાર દ્વારા ચાલતી કેન્દ્રની યોજના હેઠળ સને ૨૦૨૨-૨૩ માં રૂપિયા ૪૭.૫૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં થયેલ બજેટ જોગવાઇ બાબતો જણાવું તો વન્ય પ્રાણી વ્યવસ્થા અને વિકાસ યોજના અંતર્ગત જંગલ સફારી તેમજ લુપ્ત થતી પ્રજાતિઓના રક્ષણ માટે રૂપિયા ૩૩૨.૬૫ કરોડની જોગવાઇ કરેલ છે. સામાજિક વનીકરણ યોજના હેઠળ વન અને વન્ય બહારના વિસ્તારોમાં વૃક્ષોની સંખ્યા વધે તે માટે વાવેતરની કામગીરી અને જાળવણી માટે કુલ રૂપિયા ૩૪૦.૪૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. વન વિસ્તારમાં આવેલા પાંખા થયેલ વનોને સમૃદ્ધ કરવા માટે રૂપિયા ૪૬૬.૯૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જાપાન ઇન્ટરનેશનલ કોર્પોરેશન એજન્સી દ્વારા રૂપિયા ૧,૦૭૧ કરોડનો પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલ છે. તે પૈકી સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે રૂપિયા ૫૩.૬૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાત સ્ટેટ કેમ્પા પ્રોજેકટ હેઠળ પર્યાવરણમાં સુધારો, વનોની જાળવણી સ્થાનિક લોકોની રોજગારીમાં વધારો થાય તે માટે વર્ષ-૨૦૨૨-૨૩ માં રૂપિયા ૧૫૧.૯૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રીનો આ તબક્કે આભાર માનીશ. ગુજરાતને હરિયાળું બનાવવા માટે ચિંતા લીધી છે. તેના ભાગરૂપે વન મહોત્સવ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ માં ૭૩ માં રાજ્ય કક્ષાના વન મહોત્સવની ઉજવણી દરમ્યાન ૧૦ કરોડ રોપાઓના વિતરણનું આયોજન કરવામાં આવેલ છે. દુષ્કાળની પરિસ્થિતિમાં પશુપાલકોને રાહતદરે ઘાસ મળી રહે તે માટે સૌરાષ્ટ્ર, કચ્છમાં આવેલા ઘાસિયા અનામત વીરડી વિસ્તારોમાં ઘાસચારા રાખવા માટે ચાલુ વર્ષે આવા ઘાસ ગોડાઉનો બાંધવા માટેનું આયોજન કરેલ છે. કેન્દ્રની નેશનલ બામ્બુ મિશન યોજના હેઠળ વાસ વાવેતર થકી આજીવિકા પૂરી પાડી શકાય, તે માટે ભારત સરકારની સહાયથી રાજ્યમાં યોજના અમલમાં મૂકવામાં આવેલી છે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે હું ફરી વખત નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીનો આભાર માનીશ. એટલા માટે વન દિવસે જે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આંતરરાષ્ટ્રીય વન દિવસે વડના વૃક્ષોનું વાવેતર કરી ૭૫ સ્થળોએ નમો વડના નિર્માણનું આયોજન કર્યુ છે અને ૩૩ જિલ્લામાં ૭૫ નવા વડ વાવવાના છે. નવી બાબત હેઠળ થયેલ બજેટ જોગોવાઇની મુખ્ય બાબત જણાવું તો દરિયાઇ જીવસૃષ્ટિ સંરક્ષણ અને સંવર્ધન માટે સૂચિત રૂપિયા ૬૫ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. વન સંવર્ધનની કામગીરી માટે સૂચિત રૂપિયા ૬૮ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. મેનેજમેન્ટ ઓફ રામસર સાઇટ માટે સૂચિત રૂપિયા ૧ કરોડની જોગવાઇ કરેલ છે. નવા ઘાસ ગોડાઉન બાંધવા માટે અંદાજિત રૂપિયા ૧૮ કરોડની જરૂરિયાત જણાય છે, તે રકમ નાબાર્ડ પાસેથી લોન સહાય રૂપે લેવા માટે સને ૨૦૨૨-૨૩ માં સૂચિત રૂપિયા ૧૮ કરોડની જોગવાઇ કરેલ છે. આધુનિક ટેકનોલોજી દ્વારા વન સંરક્ષકની કામગીરી સારી બનાવવા માટે સૂચિત રૂપિયા ૩ કરોડની જોગવાઇ કરેલ છે. કાયમી નર્સરીનું આધુનીકરણ માટે સૂચિત રૂપિયા ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. ગુડ ગવર્નન્સ અંતર્ગત સોફ્ટવેર તથા વેબ પોર્ટલ ડેવલપમેન્ટની કામગીરી માટે રૂપિયા ૧૦ લાખની જોગવાઇ કરવામાં આવે છે. પર્યાવરણની જાળવણીની વાત કરું તો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રદૂષણ નિયંત્રણને લગતા કેન્દ્રીય કાયદાઓ, નિયમન અને તેમાં વખતો વખત સુધારાની અમલવારી અને આદેશનું પાલન કરવામાં આવે છે. રાજ્યમાં ઉદ્યોગોમાંથી નીકળતા ગંદા પાણીના શુદ્ધીકરણ ૩૭ સામૂહિક શુદ્ધીકરણ પ્લાન્ટ કાર્યરત છે. ઉદ્યોગોના જોખમી કચરાના નિકાલ માટે સિસ્ટમ કાર્યરત છે. ગેરકાયદેસર કેમિકલ વેસ્ટ વહન કરતા વાહન પકડાવવાના સંજોગોમાં વાહન વ્યવહાર કચેરી અને દ્વારા સંયુકત કામગીરી કરી પગલાં લેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે, આઝાદીકા અમૃત મહોત્સવ સંદર્ભ અંતર્ગત પર્યાવરણની જાળવણી સંદર્ભે ૮૦૦ થી વધારે ગામોમાંથી પ્લાસ્ટિક કચરાનું કલેક્શન કરી પર્યાવરણીય રીતે સુરક્ષિત નિકાલ કરવામાં આવેલ છે. ગુજરાત ઇકોલોજી કમિશન વન અને પર્યાવરણ વિભાગ હેઠળ કાર્યરત એકમાત્ર કમિશન છે. આ કમિશનનો મુખ્ય હેતુ પર્યાવરણના પ્રશ્નો, દરિયાઇ કાંઠાનું વ્યવસ્થાપન, પર્યાવરણ ક્ષેત્રે તાલીમ જેવી પ્રવૃત્તિ દ્વારા વન અને પર્યાવરણ વિભાગના એક વધારાના અંગ તરીકે કામ કરે છે. દ્વારકા ખાતે તૈયાર કરેલ શિવરાજપુર બીચ બ્લુ બીચ ફ્લેગિંગ બીચ

તરીકે આંતર રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પામેલ છે. ગુજરાતમાં બીચ ટુરિઝમને પ્રોત્સાહન આપવામાં એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે. આગામી વર્ષમાં ગુજરાતમાં તિથલ, અહેમદપુર માંડવી, માધવપુર અને માંડવી કચ્છના બીચનો વિકાસ કરવા માટેનો સમાવેશ કરેલ છે. ગુજરાત પર્યાવરણ વ્યવસ્થાપન સંસ્થા એટલે ગેમી પર્યાવરણના જતન માટે જરૂરી સલાહ આપવા માટે મહત્વનો ભાગ ભજવે છે તે માટે ૭ કરોડ રૂપિયાની જોગવાઇ પણ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કલાઇમેટ ચેન્જ વિશે પણ વાત કરવી છે. અગાઉ વન અને પર્યાવરણ વિશે વાત કરવામાં આવી છે, તેમાં છેલ્લે માનનીય સભ્યશ્રીનાં જે સૂચનો આવેલાં છે તેમાં સમય મળશે તો જવાબો આપીશું. જે તે વાતો મૂકી છે તે આપણા બધાએ ગુજરાતમાં સારુ કામ કરવા માટે મૂકી છે. આ કલાઇમેટ ચેન્જ વિભાગ આપણા સૌના માટેનો વિભાગ છે. એટલે તેમાં આપણે સૌએ ધ્યાન રાખવું પડશે. કોઇ આ પક્ષ કે આ પક્ષ નહીં. આપણે આપણા ભવિષ્યને શું આપવું છે, આપણા દીકરા-દીકરીઓને શું આપીને જવું છે. આપણે તો આક્ષેપો કરીશું, ચૂંટણીમાં જીતીશું અને કોઇ ધારાસભ્ય બનશે અને કોઇ મંત્રી બને, પણ સાચા અર્થમાં આપણે બધા ભેગા મળીને સાચી રીતે નિર્ણય લઇએ તો જ લેખે લાગશે. કલાઇમેટ ચેન્જ વિભાગ સરકારી વિભાગ નથી. આપણા સૌનો વિભાગ છે. તેના માટે હું વિનંતી કરું છું કે, તેમાં સારી રીતે આપ સૌ મને સહકાર આપો. આજે હું મારા કલાઇમેટ ચેન્જ વિભાગની વર્ષ ૨૦૨૨-૨૩ માટેની કુલ રૂપિયા ૯૩૦.૮૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી માગણી નંબર-૧૦૭ હેઠળ મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧,૩૦,૭૨,૦૦૦/-માગણી લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું. ભારતના પનોતા પુત્ર અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ભવિષ્યની ચિંતા કરી છે. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે ૨૦૦૯ માં કલાઇમેટ ચેન્જ માટે એક અલાયદા વિભાગની સ્થાપના કરી છે. સમગ્ર એશિયા ખંડમાં કલાઇમેટ ચેન્જ વિભાગની સ્થાપના કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. કલાઇમેટ ચેન્જ અંગેના પડકારોનો સામનો કરવા માટે ગૃહના સૌ સભ્યો સહકાર આપે તેવી આશા પણ રાખું છું. તાજેતરમાં ગ્લાસગો ખાતે કલાઇમેટ ચેન્જના વિશ્વ સંમેલન ટોપ-૨૬ જેનો ઉલ્લેખ આપણા માનનીય દંડકશ્રીએ કર્યો છે, છતાં તેની વાત કરું તો માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પંચામૃતના સંકલ્પો પ્રસ્તુત કરી સમગ્ર વિશ્વને નવો રાહ ચિંધ્યો છે. પંચામૃત સંકલ્પના મુખ્ય ઘટકો આ મુજબ છે. (૧) ભારત વર્ષ ૨૦૩૦ સુધીમાં પુનઃપ્રાપ્ય ઉર્જા મારફતે ૫૦૦ ગીગાવોટની સ્થાપિત ક્ષમતા હાંસલ કરશે. (૨) ભારત વર્ષ ૨૦૩૦ સુધીમાં તેની ઉર્જાની જરૂરિયાતો પેટે ૫૦ ટકા પુનઃપ્રાપ્ય ઉર્જા મારફતે પૂર્ણ કરશે. (૩) ભારત વર્ષ ૨૦૩૦ સુધીમાં તેના પ્રોજેકટેડ કાર્બન એમિશન પેટે ૧ મિલિયન ટનનો ઘટાડો કરશે. (૪) ભારત તેના અર્થતંત્રની કાર્બનની તીવ્રતા વર્ષ ૨૦૩૦ સુધીમાં ૪૫ ટકા જેટલો ઘટાડો કરશે. (૫) ભારત વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરોનો લક્ષ્યાંક હાંસલ કરશે. પંચામૃતના સંકલ્પો થકી દુનિયાના વિકસિત રાષ્ટ્રોને દિશા સૂચવેલ છે. ગુજરાત રાજ્ય રહેણાંક મકાનો ઉપર સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. આ રહેણાંક મકાનો ઉપર ૧૨૮૫ મે.વો. ક્ષમતાના સૌર ઉર્જા પ્લાન્ટ બેસાડેલ છે. તેના માટે ૩ લાખ ૩૨ હજાર ૭૭૩ લાભાર્થીઓને કુલ રૂપિયા ૨,૧૯૬ કરોડની સબસિડી ચૂકવેલ છે. રાજ્યમાં ગુજરાત સૌર ઉર્જા નીતિ વર્ષ ૨૦૨૧ હેઠળ ચાલુ વર્ષે ૨,૦૬૪ મે.વો. ક્ષમતાના સોલાર પાવર પ્લાન્ટ કાર્યરત છે. તેથી રાજ્યની કુલ સોલાર ઉત્પાદન ક્ષમતા વધીને ૬,૩૩૬ મે.વો. થઇ છે. રાજ્યની શાળા અને કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અને જે રીતે યુદ્ધ ચાલે તે મુજબ આપણે ઇલેક્ટ્રિક વાહનો અને સૌર ઉર્જા તરફ જવું પડશે અને રાજ્ય સરકારે તેની શરૂઆત કરી દીધી છે. વિભાગના મંત્રી તરીકે મને ગૌરવ અને આનંદ છે કે બેટરી ઓપરેટ ત્રિચક્રી વાહન યોજનાનો અમલ કરવામાં આવેલ છે, જેમાં રાજ્ય સરકાર સબસિડી પેટે રૂપિયા ૧૨,૦૦૦ પ્રતિ વાહન સહાય ચૂકવે છે. રાજયની સરકારી છાત્રાલયો,આદર્શ નિવાસી શાળાઓ અને યાત્રાધામના વિશ્રામગૃહમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૪૬૬ સોલાર વોટર હિટિંગ સિસ્ટમ રૂપિયા ૨૩.૩૭ કરોડના ખર્ચે સ્થાપવામાં આવેલ છે. રાજયના સ્મશાન ગૃહમાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવાની સહાય યોજના હેઠળ રાજયમાં છેલ્લાં પાંચ વર્ષમાં કુલ રૂપિયા ૨૫.૯૫ કરોડના ખર્ચે ૫,૩૨૦ સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી બાબત હેઠળ થયેલ જોગવાઇની બાબતો જણાવું તો રાજયની શાળાઓમાં ક્લાઇમેટ ચેન્જના અભ્યાસક્રમ અંતર્ગત શિક્ષકોની તાલિમ માટે રૂપિયા ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાત રાજયમાં બેટરી અને ઉર્જાના સંગ્રહ સોલ્યુશન પ્લાન્ટ બનાવવાની યોજના માટે રૂપિયા ૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ગ્રીન હાઇડ્રોજન ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ અને ક્ષમતા માટે રૂપિયા ૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ભારત સરકારના વર્ષ ૨૦૩૦ સુધીના ૫૦૦ ગીગાવોટ પૂર્ણ પ્રાપ્ત ઉર્જા સ્થાપિત કરવાના લક્ષ્યાંકની વ્યહરચના માટે રૂપિયા ૨૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. ભૌગોલિક માહિતી પ્રણાલિ આધારીત બિન ઉપજાવ જમીનમાં વનીકરણની શક્યતા ચકાસવા માટે રૂપિયા ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવે છે. ક્લાઇમેટ ચેન્જ અંગે આંતર રાજ્ય પરિષદ માટે રૂપિયા ૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૭૦ સુધીમાં ગ્રીન હાઉસ દ્વારા વાયુનું ઉત્સર્જન નેટ ઝીરો કરવાની વ્યુહરચના માટે રૂપિયા ૨૫ લાખની જોગવાઇ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા બંને વિભાગોની વાત થઇ ગઇ છે. હું ફરી વખત તમામ સભ્યશ્રીઓ માનનીય શ્રી બળદેવજી ઠાકોર, શ્રી પુંજાભાઇ વંશ, શ્રી ભગાભાઇ બારડ, શ્રી હર્ષદભાઇ રીબડિયા, શ્રી પ્રતાપભાઇ દૂધાત, શ્રી બાબુભાઇ વાજા, શ્રી જશપાલસિંહ પઢિયાર, શ્રીમતી ગેનીબેન ઠાકોર, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી સુખરામભાઇ રાઠવા અને મારા સાથી મિત્રો શ્રી દુષ્યંતભાઇ પટેલ, શ્રી જીજ્ઞેશકુમાર સેવક અને શ્રી પ્રદ્યુમનસિંહ વગેરેએ ક્લાઇમેટ ચેન્જ વિશે ખૂબ સારાં સૂચનો કર્યાં

છે. બધા મિત્રોને મારી માગણી લઇને આવ્યો છું ત્યારે વિનંતી કરું છું અને મને એક પંક્તિ બોલવાની ઇચ્છા થઇ છે એ બોલું છું. પક્ષીના ટહુકાના સરનામા શોધવા ન જવાય, આંગણામાં એકાદ ઝાડ વાવી દઇએને તોય ઘણું છે. મારા હસ્તકના વિભાગની માગણી ઉપર જે સભ્યશ્રીઓએ કાપ દરખાસ્ત રજૂ કરેલ છે તે કાપ દરખાસ્તને પરત ખેંચવા હું વિનંતી કરું છું અને વન વિભાગની માગણી ક્રમાંક ૨૬ અને પર્યાવરણ વિભાગની માગણી ક્રમાંક ૨૭ તેમજ ક્લાઇમેટ ચેન્જ વિભાગની માગણી ક્રમાંક ૧૦૭ માટે કરેલ જોગવાઇને સર્વાનુમતે મંજૂર કરો એવી મારી વિનંતી છે. મેં કોઇ પ્રતિ આક્ષેપ કે એવું કંઇ નથી કર્યું ત્યારે મિત્રોને ફરી વખત કહું છું કે આ વિભાગ આપણા સૌ માટેનો છે સાથ આપો એવી મારી વિનંતી છે અને મારી માગણીઓ સર્વાનુમતે મંજૂર કરે એવી અપીલ કરું છું.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કોઇ પણ જગ્યાએ જો અભ્યારણ હોય તો એ અભ્યારણ વિસ્તારમાં કોઇ ઉદ્યોગ કરવા માટેની પરમિશન આપવામાં આવે છે કે કેમ? અને અભ્યારણથી કેટલા કિલોમિટર સુધી ઉદ્યોગ થઇ શકતો નથી? હાલમાં મારા ગામમાં અસારા વાસ, અસારા ગામની અંદર ઘુડખર અભ્યારણ આવેલું છે અને ત્યાં કોઇ જાતનો ઉદ્યોગ થઇ શકતો નથી પણ હાલ એક સોલાર કંપની દ્વારા ત્યાં હજારો એકર જમીન માગવામાં આવી છે તો શું આવી કંપનીઓને અભ્યારણ વિસ્તારમાં જમીન આપવામાં આવશે?

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં મિતિયાળા જંગલ આવેલું છે ત્યાં મિતિયાળા ગામ અને કૃષ્ણગઢ ગામની ગૌચર જમીન ઉપર જંગલ ખાતાએ દબાણ કર્યું છે એ દૂર કરવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે, કૃષ્ણગઢ ગામના ખેડૂત માટે ચાર વર્ષથી રજૂઆત કરેલ છે અને ભોપાલથી પરમિશન આવી ગઇ છે તો એના બે વીજ પોલ નાંખી આપવા માગો છો કે કેમ?

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે વાત કરી કે ઇકો સેન્સિટીવ ઝોનનો જે કાયદો છે તે હજુ સૂચિત છે તો તેને વહેલી તકે જે પણ ડિક્લેર કરવા માગો છો તે ડિક્લેર ક્યારે કરવા માગો છો ? અને બીજુ જે ૧૫ ટકા બાંધકામ માટેનો જે પરિપત્ર છે તેની અંદર સુધારો કરીને ૪૦ ટકા બાંધકામની પરમિશન મળે અને તેના એન.ઓ.સી.વહેલી તકે મળે તે માટે આપ કોઇ આગળની કાર્યવાહી કરવા માગો છો કે કેમ ?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, જેમ શ્રી ભગાભાઇએ કહ્યું તેમ ઇકો સેન્સિટીવ ઝોનમાં શેત્રુંજી નદીનો આખો પટ છેક ધારી ખોડિયાર ડેમથી ચાલુ કરીને શેત્રુંજી ડેમ સુધી સમાવી લીધો છે. મારી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ શેત્રુંજી પટને ઇકો સેન્સિટીવ ઝોનમાં સમાવવાથી રેતી જે લેવાની બંધ થઇ ગઇ છે, તેની બેફામ ચોરી થઇ રહી છે, તો આ શેત્રુંજી નદીનો પટ છે તેને ઇકો સેન્સિટીવ ઝોનમાંથી મુકિત આપવા માગો છો કે કેમ ?

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિશ્વમાં પ્રકૃતિની જાળવણી માટે કુદરતે પણ જયારે ગીધની સંખ્યા રાખી હતી. આજે વિશ્વમાં ગીધ નેસ્ત નાબૂદ થઇ રહ્યાં છે. માત્ર અફઘાનિસ્તાનમાં અને કયાંક ઇન્ડિયામાં જોવા મળે છે તે ગીધની હવે ત્રણ પ્રજાતિ બચી છે. તેમાં એક પ્રજાતિ જૂનાગઢમાં અને બીજી અમારા મધ્ય ગુજરાતમાં જોવા મળે છે અને મધ્ય ગુજરાતમાં પણ ખાસ કરીને મારા ખંભાત તાલુકામાં તો ત્યાં આગળ ફૉરેસ્ટ વિભાગે એ ગીધોની જાળવણી થાય એટલે તાડના ઝાડ ઉપર તેમને સલામતી મળી રહે એવી વ્યવસ્થા કરી છે પણ આનાથી કંઇ વિશેષ તેની જાળવણી થાય એવુ હું ઇચ્છું છું.

શ્રી કિરીટસિંહ રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો શ્રી ભગાભાઇ અને શ્રી પરેશભાઇએ વાત કરી તેમાં મારે કોઇ પ્રતિ આક્ષેપ પર નથી જવુ, પણ જે સમયે વર્ષ ૧૯૮૬માં આ સેન્સિટીવ ઝોન જાહેર કરેલો અને ત્યાર પછી આપણે દસ કિલોમિટરની પેરીફેરીમાં કોઇને મંજૂરી નથી અપાતી, પણ જે નિયમાનુસાર છે તેમાં કોઇ મંજૂરી કયાંય પણ ભાઇશ્રી પ્રતાપભાઇ દુધાતે વાત કરી, શ્રી ગુલાબસિંહભાઇએ વાત કરી એટલા માટે કે ઘુડખરમાં પણ આપણે કયાંય મંજૂરી આપતા નથી, છતાંય જે કંઇ મિત્રોએ સવાલ જવાબ કર્યા છે, જયાં નિયમ લાગશે તે નિયમ અનુસાર આપણે બની શકે તે આપવા માટે સરકાર આપશે તેમાં કોઇ ના જ ના હોય અને હું તમને પણ કહું છું પ્રશ્નો ઘણાં બધાને કહેવાના હશે પણ તેમાં બધા મિત્રોનો જવાબ એકી સાથે સમય ઓછો હોવાના કારણે નહીં અપાય. મને પ્રતાપભાઇએ વાત કરી કે આપણે મંજૂરી માટેના ખૂબ પ્રશ્નો ઉભા થાય છે તો હું બધાય સભ્યોને વિનંતી કરું કે પહેલાં આપણે ભોપાલ મંજૂરી લેવા માટે થઇને જવુ પડતું, પણ હવે તે ઓફિસ આપણે અહીંયા કાર્યરત કરી દીધી છે, એટલે હવે આપણે જે સમય લાગતો હતો એ સમય નહીં લાગે અને મિત્રોને જે ગતિમાં કામ જોઇએ છીએ તે મળશે. (અંતરાય) શ્રી પ્રતાપભાઇ, તમે મને પણ મળ્યા હતા. આપ જે વાત કરો છો તેમાં હું કહું છું કે તમારા આવા કોઇ પ્રશ્નો હોય અને પૂરતો સંતોષ ના થાય તો મને ઓફિસમાં મારો સંપર્ક કરજો જે શકય હશે તે તમને બધાને મદદ કરીશ એવી મારી વિનંતી છે.

**કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૭, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯ અને ૬૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૨૬, ૨૭, ૯૨, ૯૫ અને ૧૦૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

ચૈત્ર ૭, ૧૯૪૪ શાકે
માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)
અધ્યક્ષશ્રીની જાહેરાત

પ્રાકૃતિક ખેતી અંગેના વર્કશોપના આયોજન અંગે.

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. પ્રાકૃતિક ખેતીના પ્રણેતા આદરણીય રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા વિધાનસભાના સર્વે સભ્યશ્રીઓ માટે પ્રાકૃતિક ખેતી વિષયક માર્ગદર્શક વર્કશોપનું આજ રોજ તા.૨૮-૦૩-૨૦૨૨ના રોજ સાંજે ૭-૦૦ વાગ્યે રાજભવન, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યુ છે. આદરણીય રાજયપાલશ્રીએ આગ્રહપૂર્વક તમામ માનનીય સભ્યશ્રીઓને વર્કશોપમાં હાજર રહેવા નિમંત્રણ પાઠવેલ છે. તેથી તમામ સભ્યશ્રીઓને આ વર્કશોપમાં સાંજે ૭:૦૦ વાગ્યે અચૂક હાજર રહેવા મારી વિનંતી છે. કાર્યક્રમ પૂરો થયેથી આદરણીય રાજ્યપાલશ્રી સાથે ભોજન લેવાનું છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫:૦૫ વાગ્યે પુરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૯મી માર્ચ, ૨૦૨૨ ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૯ મી માર્ચ, ૨૦૨૨**
**ચૈત્ર-૮, ૧૯૪૪ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ

**માગણી ક્રમાંક- ૭૫**
**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : (બંદરો અને વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭૧,૪૦,૫૯,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨,૦૨,૦૦૦/- ની માગણી ક્રમાંક- ૭૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૭૫ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક-૨**
**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૯,૬૮,૬૮,૯૧,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩૫,૦૦,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક-૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૨ રજૂ કરવામાં આવી.**

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

**માગણી ક્રમાંક-૩**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૫,૦૫,૦૬,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩,૦૦૦/- ની માગણી ક્રમાંક-૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૩ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક-૪**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસ સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૨,૬૩,૪૭,૩૮,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક-૬**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી (રા.ક.ના બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગ સેવાની લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૯૯,૯૩,૯૨,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪,૬૫,૩૫,૦૨,૦૦૦/-ની માગણી ક્રમાંક-૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક ૯૮.**

**રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ**

શ્રી હર્ષ સંઘવી (રાજ્ય કક્ષાના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સેવાને લગતી રમત-ગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૬૫,૫૧,૮૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૩૮,૪૫,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૯૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૮ રજૂ કરવામાં આવી.**

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

તા. ૨૯મી માર્ચ ૨૦૨૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય સભ્યશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૦ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**<br>**માગણી નં.૭૫** | |
| *૧ | ૩૪૫૧-સચિવાલય..સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-બંદરો...વિભાગ<br>રૂ.૨,૦૧,૩૩,૦૦૦<br>અં.પ્ર.નં-૨૦, પાના નં. ૨૦ | ૧૦૦ | બંદરો ઉપર હોડીઓ/બોટો લાંગરવાની ઓછી ક્ષમતાને કારણે હોડીઓ/બોટોને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૨ | —— " —— | ૧૦૦ | વાવાઝોડા વખતે બોટો/હોડીઓને થતું નુકસાન અટકાવવા કાયમી ધોરણે આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઇ જોષી |
| *૩ | —— " —— | ૧૦૦ | બંદરોના વિકાસના અટકેલા કામો સત્વરે પૂરા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| ૪ | —— " —— | ૧૦૦ | મેરીટાઇમ બોર્ડની કામગીરીને સંગીન બનાવી બંદરોનો ઝડપથી વિકાસ થાય તેવું કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર<br>(અનંતકુમાર પટેલ) |
| *૫ | —— " —— | ૧૦૦ | વર્ષોથી આવતા અનેક વાવાઝોડાને કારણે ગુજરાતના બંદરો ઉપર જર્જરિત થયેલ વાર્ફ બ્રેક વોટરની મરામતની કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઇ પરમાર |
| | | | **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**<br>**માગણી નં.૨** | |
| *૬ | ૨૪૦૧-પાક...વ્યવસ્થા<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-કૃષિ...મહેકમ<br>રૂ.૧૪,૮૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં-૩<br>પાના નં. ૧૪ અને ૧૫ | ૧૦૦ | ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવો મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | ૨૪૦૧-પાક...વ્યવસ્થા<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-કૃષિ...મહેકમ<br>રૂ.૧૪,૮૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં-૩<br>પાના નં. ૧૪ અને ૧૫ | ૧૦૦ | ભારત સરકાર દ્વારા ફળવાતો ખાતરનો પુરતો જથ્થો ખેડૂતોને સમયસર મળે તે માટે ભારત સરકારને અસરકારક રજૂઆત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા |
| *૮ | -- " -- | ૧૦૦ | ઉજ્જડ જમીનને બાગાયતી ખેતી માટે ભાડે આપવા જાહેર થયેલ યોજના અંતર્ગત ભાડેથી આપેલ જમીનોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઈ માડમ |
| ૯ | -- " -- | ૧૦૦ | રાજયના ખેડૂતો ઉપરના દેવાની રકમના આંકડા પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ વાજા |
| ૧૦ | -- " -- | ૧૦૦ | ખેત પેદાશોના ભાવો મોંઘવારીને ધ્યાનમાં રાખીને નકકી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| *૧૧ | -- " -- | ૧૦૦ | કુદરતી આફતોથી ખેતીમાં થતા નુકસાનના સર્વે માટે આવતા કેન્દ્ર સરકારના અધિકારીઓ ખેડૂતોની રજૂઆતો ગંભીરતાથી લે તેવું કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીશભાઈ ડેર |
| *૧૨ | -- " -- | ૧૦૦ | મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત કિસાનોને દાવા પેટે ચુકવાયેલ રકમની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દુધાત (જશપાલસિંહ પઢિયાર) |
| ૧૩ | -- " -- | ૧૦૦ | રાજયના ખેડૂતોને મલ્ટી પર્પઝ ઉપયોગ અર્થે આપવામાં આવેલ કીટ સહાયની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| ૧૪ | -- " -- | ૧૦૦ | ખેડૂતોને સબસિડીયુકત બિયારણ પૂરૂં પાડવાને બદલે બજારભાવ કરતાં વધુ ભાવે બિયારણ પુરુ પાડવામાં આવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૧૫ | -- " -- | ૧૦૦ | ખેડૂતોને આધુનિક ખેતી પધ્ધતિ અંતર્ગત મળતી સરકારી સહાયમાં નોડલ એજન્સી દ્વારા સહાય આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |
| *૧૬ | ૨૪૦૧-પાક...વ્યવસ્થા<br>૧૦૩- બિયારણ<br>રૂ.૪૪,૦૮,૬૨,૦૦૦<br>અં.પ્ર.નં-૩,<br>પાના નં. ૨૩ થી ૨૬ | ૧૦૦ | જિલ્લા ખેતીવાડી અધિકારી તથા નાયબ નિયામક ખેતીવાડી દ્વારા બિયારણની કવોલીટીની ચકાસણી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| *૧૭ | -- " -- | ૧૦૦ | બીજ નિગમ દ્વારા વિતરણ થતું મગફળીનું બિયારણ નબળી કક્ષાનું છે તેવી વ્યાપક ફરિયાદો થવા છતાં પગલાં ન લેનાર જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| ૧૮ | ૨૪૦૧-પાક...વ્યવસ્થા<br>૧૦૫-ખાતર...ખાતર<br>૨૯-AGR-02<br>અનુ.જાતિ..કાર્યક્રમ<br>રૂ.૨,૬૩,૪૪,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં-૩ | ૧૦૦ | ખેડૂતોને સ્માર્ટફોન આપતી સહાયની જોગવાઈ હેઠળ ચૂકવાયેલી રકમ અને લાભ લેનાર ખેડૂતોની સંખ્યાની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં. ૨૭ થી ૩૦ | | | |
| ૧૯ | ૨૪૦૧-પાક...વ્યવસ્થા<br>૧૦૯-વિસ્તરણ...તાલીમ<br>૦૯-એજીઆર-૮દેશી...સહાય<br>રૂ.૨,૧૩,૫૭,૦૭,૦૦૦<br>અં.પ્ર.નં-૩<br>પાના નં. ૪૧ થી ૪૫ | ૧૦૦ | દેશી ગાય નિભાવ ખર્ચ સહાય યોજના અંતર્ગત ફક્ત ૪૦ ગુંઠા જમીન ધરાવતા પશુપાલકોને જ નહીં પરંતુ જરૂરીયાતમંદ નાના પશુપાલકોને પણ આ યોજનાનો લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| *૨૦ | ૨૪૦૧-પાક...વ્યવસ્થા<br>૧૧૦- પાક વીમો<br>રૂ.૯૯,૪૨,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં-૩<br>પાના નં. ૪૬ થી ૪૮ | ૧૦૦ | ખેડૂતોના પાક નિષ્ફળ જતાં પાક વીમા યોજનાનું પૂરતું વળતર સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા<br>(સંજયભાઈ સોલંકી) |
| ૨૧ | -- " -- | ૧૦૦ | કેરીના પાકને પાકવીમા યોજના અંતર્ગત સામેલ કરવાની વારંવારની રજુઆતો પરત્વે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઈ બારડ |
| ૨૨ | -- " -- | ૧૦૦ | વાવાઝોડા કે પૂરથી  ખેડૂતોના ઉભા પાકને થતાં નુકસાન અંતર્ગત વાજબી વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| | | **માગણી નં. ૩** | | |
| ૨૩ | ૨૪૦૨- ભૂમિ....સંરક્ષણ<br>૧૦૧- ભૂમિ...ચકાસણી<br>૦૧- ભૂમિ... મહેકમ<br>રૂ.૯,૦૫,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં-૩, પાના નં. ૭૮ | ૧૦૦ | ભૂમિ ચકાસણીની કામગીરી માટે પૂરતા મહેકમના અભાવે કામગીરીમાં થતો વિલંબ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| *૨૪ | -- " -- | ૧૦૦ | ભૂમિ ચકાસણીના રીપોર્ટની પ્રસિધ્ધિમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર<br>(કનુભાઈ બારૈયા) |
| ૨૫ | -- " -- | ૧૦૦ | કોન્ટૂર, પાળા, નાળા, છાંદવા ઢોળાવ વિગેરે જેવી ખેતીની મોજણીની કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લલીત વસોયા |
| | | **માગણી નં.૪** | | |
| ૨૬ | ૨૪૦૩-પશુપાલન<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-ANH-1પશુપાલન...<br>વિસ્તરણ<br>રૂ.૩૧,૬૦,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં-૩<br>પાના નં. ૮૨ અને ૮૩ | ૧૦૦ | દુધાળા પશુઓના ૫૦ ફાર્મ સ્થાપવાની યોજના અંતર્ગત પશુપાલકોને આપવામાં આવેલ સહાયની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા<br>(મોહનલાલ વાળા) |
| *૨૭ | ૨૪૦૩-પશુપાલન<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-ANH-1પશુપાલન...<br>વિસ્તરણ<br>રૂ.૩૧,૬૦,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં-૩<br>પાના નં. ૮૨ અને ૮૩ | ૧૦૦ | મરઘા ઉછેર કેન્દ્રોમાં વાવાઝોડાથી થયેલ નુકસાન માટે રાહત પેકેજ આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| ૨૮ | -- " -- | ૧૦૦ | કુદરતી આફતો વખતે પશુઓ માટેનો પશુઆહાર- જેવાકે, કપાસીયા, ખોળ, મકાઇ ભરડો વિગેરેનું રાહતદરે વિતરણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૨૯ | -- " -- | ૧૦૦ | કુદરતી આફતોના સમયે માલધારી  પશુપાલકો માટે વિશેષ રાહત પેકેજ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઈ પટેલ(ભરતજી ઠાકોર) |
| *૩૦ | ૨૪૦૩-પશુપાલન<br>૧૦૧-પશુચિકિત્સા...આરોગ્ય<br>રૂ. ૩,૫૫,૮૦,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.-૩,<br>પાના નં. ૮૫ થી ૯૨ | ૧૦૦ | પશુઓની બિમારી સમયે સત્વરે યોગ્ય  સારવાર મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભાવેશભાઈ કટારા |

| | | | | |
|---|---|---|---|---|
| *૩૧ | -- " -- | ૧૦૦ | પશુઓની તપાસ કરવા જતા સરકારી પશુ ચિકિત્સક દ્વારા પશુપાલક પાસેથી વિઝિટ ચાર્જ લેવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| *૩૨ | ૨૪૦૪-ડેરી વિકાસ<br>૧૦૨-ડેરી...પ્રોજેક્ટ<br>રૂ.૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.-૩, પાના નં.૧૧૮ | ૧૦૦ | ડેરી વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ અને થયેલ ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| **માગણી નં. ૬** | | | | |
| ૩૩ | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-FSH-18<br>આયુકત...અધિકારીઓ<br>રૂ. ૨૨,૩૮,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં-૩<br>પાના નં. ૧૨૦ અને ૧૨૧ | ૧૦૦ | માછીમારોના પડતર પ્રશ્નોનો સત્વરે નિકાલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ (રાજેશકુમાર ગોહિલ) |
| ૩૪ | -- " -- | ૧૦૦ | દરીયાકાંઠાના માછીમારોને પૂરતી માછીમારી-રોજગારી મળી રહે તેવું કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| *૩૫ | -- " -- | ૧૦૦ | પાકિસ્તાન મરીન સીકયુરીટી દ્વારા ભારતીય જળ સીમામાંથી માછીમારોનું બોટ સાથે થતું અપહરણ રોકી સલામતી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈમરાન ખેડાવાલા |
| ૩૬ | ૨૪૦૫-મત્સ્યોદ્યોગ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-FSH-18<br>આયુકત...અધિકારીઓ<br>રૂ. ૨૨,૩૮,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં-૩,<br>પાના નં. ૧૨૦ અને ૧૨૧ | ૧૦૦ | માછીમારોને વિદેશમાં માછલીના નિકાસ માટે જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૩૭ | -- " -- | ૧૦૦ | અપહ્યત માછીમારોને મુકત કરવા સંબંધે જરૂરી કાર્યવાહી કરી તેમના પરિવારજનોને મળવાપાત્ર આર્થિક સહાયમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| **રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ**<br>**માગણી નં.૯૮** | | | | |
| *૩૮ | ૨૨૦૪-ખેલકૂદ..સેવાઓ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-યુવક....નિયામક<br>રૂ. ૧,૧૩,૨૭,૦૦૦<br>અં.પ્ર.નં-૨૫,<br>પાના નં. ૧૨ | ૧૦૦ | રમત ગમત ક્ષેત્રે યુવા ખેલાડીઓને પ્રોત્સાહન આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| *૩૯ | -- " -- | ૧૦૦ | રાજય રમતવીરો રાષ્ટ્રીય કક્ષાએ યોગ્ય દેખાવ કરી શકે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| ૪૦ | -- " -- | ૧૦૦ | રમતગમત માટે દરેક તાલુકાઓમાં જરૂરી મેદાનો અને સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૪૧ | -- " -- | ૧૦૦ | કોરોનાકાળમાં મનોરંજન સાથે સંકળાયેલા કલાકારો-કસબીઓ માટે આર્થિક રાહત પેકેજ જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી. જે. ચાવડા |
| ૪૨ | -- " -- | ૧૦૦ | કોરોનાકાળમાં વિભાગે પગાર પેટે યુવક સાંસ્કૃતિક બોર્ડને પૂરતી રકમ આપ્યા બાદ પણ અંદાજે ૮૦૦ જેટલા સંયોજકોને છુટા કરવા સંબંધે થયેલ ગેરરીતિની તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |

## તા. ૨૯મી માર્ચ ૨૦૨૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

| | | | | |
|---|---|---|---|---|
| ૪૩ | ૨૨૦૪-ખેલકૂદ... સેવાઓ<br>૧૦૩-વિદ્યાર્થીઓ...કાર્યક્રમ<br>૦૧-ART-17 પર્વતારોહણ સંસ્થા<br>રૂ. ૩,૨૩,૦૪,૦૦૦<br>અં.પ્ર.નં-૨૫,<br>પાના નં. ૧૩ | ૧૦૦ | મનાલી-ઉત્તર કાશી- દાર્જીલીંગ ખાતે બરફ ચઢાણ બેઝીક કોર્સ અને એડવાન્સ કોર્સ પૂર્ણ કરેલ હોય તેવા કેટલા સાહસીક યુવક યુવતીઓને હિમાલય વિસ્તારમાં શિખર આરોહણ માટે મોકલાયા તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| *૪૪ | -- " -- | ૧૦૦ | માઉન્ટ એવેરેસ્ટના દુર્ગમ પહાડો સર કરનાર સાહસિકોને ચૂકવાયેલ સહાયની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઇ દેસાઇ |
| *૪૫ | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૨-કલા...ઉત્તેજન<br>૦૧-ART-8 સંગીત...પ્રવૃત્તિઓ<br>રૂ. ૧૧,૯૪,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં-૨૫, પાના નં. ૨૦ | ૧૦૦ | કોરોનાકાળમાં સરકારી ગાઇડ લાઇન હેઠળ નાટકો-મ્યુઝીકલ શો અને સાંસ્કૃતિક કાર્યક્રમોને સહાય સહિતની છુટછાટો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૪૬ | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૩-પુરાતત્વ<br>૦૧-ART-7 પુરાતત્વ વિકાસ<br>રૂ. ૬,૫૬,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં-૨૫,<br>પાના નં. ૨૪ અને ૨૫ | ૧૦૦ | પુરાતત્વ ખાતાની નબળી કામગીરીના કારણે અવશેષોની યોગ્ય જાળવણી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| *૪૭ | -- " -- | ૧૦૦ | પોરબંદર ખાતે આવેલ ગાંધીજીના જન્મ સ્થળના જર્જરિત મકાનની સમયસર મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| ૪૮ | -- " -- | ૧૦૦ | પુરાતત્વ દ્વારા ઐતિહાસિક સ્થળો પર યોગ્ય ગાઇડની વ્યવસ્થાના અભાવે પ્રવાસીઓને જે-તે સ્થળોની જરૂરી સાચી માહિતી ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઇ પટેલ |
| ૪૯ | -- " -- | ૧૦૦ | રક્ષિત સ્મારકોમાં ગેરકાયદેસર બાંધકામ કરનાર તેમજ તેની મંજૂરી આપતા અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| ૫૦ | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૫-જાહેર ગ્રંથાલયો<br>૦૧- ART-2 ગ્રંથાલય વિકાસ<br>રૂ.૨૪,૫૧,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં-૨૫,<br>પાના નં. ૨૮ અને ૨૯ | ૧૦૦ | ગ્રંથાલયોના વિકાસ અર્થે ગ્રંથપાલોની પૂરતી જગ્યા ભરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કાળાભાઇ ડાભી |
| *૫૧ | -- " -- | ૧૦૦ | જાહેર ગ્રંથાલયોને પૂરતી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : આજે માનનીય શ્રી સી. જે. ચાવડા સાહેબનો જન્મ દિવસ છે. સૌ વતી અને મારા વતી આપને જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા.

હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્ત પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી સુખરામભાઇ હ. રાઠવા (વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી તરફથી અને ગૃહ તરફથી ડો.સી. જે. ચાવડા સાહેબના જન્મ દિવસ નિમિત્તે અભિનંદન પાઠવ્યા છે. મારા પાર્ટીના દંડક છે એટલે હું પણ એમને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે બંદરો, વાહન-વ્યવહાર, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર, યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ જે મોટાં ખાતાં કહી શકાય કૃષિની ચર્ચા કરવા માટે આખો દિવસ આપણને ઓછો પડે, બંદરોના વિકાસની બાબતમાં કે પશુપાલનની બાબતમાં પણ આપણને સમય ઓછો પડે, પણ સરકારની જે મંછા હોય તે પણ આપણે કાયમ માટે એવું કહીએ કે ખેડૂત જગતનો તાત છે અને આ જગતના તાતને સ્વનિર્ભર બનાવવા માટે આગલી સરકાર હોય કે પાછલી સરકાર હોય, પણ તેને યથા પ્રયત્ન કરીને આગળ લાવવા માટેના પ્રયત્ન કર્યા છે. આજે ખેડૂત વીજળી માટે ગાંધીનગર સુધી આવેદનપત્ર લઇને આવે છે, ગામડાના ખેડૂતને પૂરતાં પ્રમાણમાં વીજળી મળતી નથી અને જે ૮ કલાક ફાળવવામાં આવે છે તેના ૬ કલાક થઇ ગયા અને અમારા ગુજરાતનાં ગામડામાં ૬ કલાકે મળતી નથી આ બાબતે સરકાર શું કરવા માગે છે? માનનીય અધ્યક્ષશ્રી, જયારે કૃષિ મંત્રી તમે ખેડૂત ખાતેદાર છો ત્યારે આપની પાસે હું અપેક્ષા રાખું કે આ બાબતમાં કોઇ યોગ્ય નિર્ણય થાય.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ખેડૂતોને મેં ખાતરના વેંચાણ કેન્દ્રો ઉપર ચોમાસાનો જયારે પીક અવર હોય ત્યારે લાઇનો લાગતા જોયેલી છે અને ખેડૂતોને ખાતર મળતું નથી ત્યારે શું આપણી વ્યવસ્થાનો અભાવ છે? આપણું ગુજરાત સરકારનું કૃષિ ખાતું ભારત સરકારને પોતાનું ઇન્ડેન્ટ મોકલવાનું હોય છે અને ભારત સરકાર આપણને ખાતરની ફાળવણી કરતું હોય છે. આપણે ત્યાં ભલે જી.એસ.એફ.સી., નર્મદા, ક્રિભ્કો કે ઇફકો કંપનીઓ આવેલી છે, આપણે ત્યાં બંદરો આવેલા છે ત્યાં પણ ખાતર બહારથી આવે છે પણ તેની ફાળવણી ભારત સરકાર કરતી હોય, ત્યારે હું ચોક્કસ કહી શકું કે કૃષિ વિભાગ ખાતરની ડિમાન્ડ મૂકવામાં કદાચ નિષ્ફળ ગઇ હોય. આ ખાતરની વિતરણ વ્યવસ્થા તમારે સુદ્રઢ કરવી પડશે અને સુદ્રઢ કરવી હશે તો ગામડામાં આવેલાં સહકારી મંડળીના ગોડાઉનો અથવા તો એગ્રી બિઝનેશ સેન્ટરો આ બધાં સેન્ટરો આવેલાં છે ત્યાં અત્યારથી જ ખેડૂતો માટે ખાતર ભરવું જોઇએ, ખાતરનું સ્ટોરજ કરવુ જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બિયારણ આ બિયારણમાં ખેડૂતોને તકલીફ પડે છે. તકલીફ એટલા માટે કે સારું, સુધરેલું બિયારણ મળતું નથી જેને કારણે પાકમાં ઉતાર ઓછો આવે છે. આપણી પાસે ગુજરાત રાજય બીજ નિગમ છે તે પોતે પણ પ્રોડકશન કરે છે, બહારથી પણ લાવે છે બીજ નિગમને વધારે સત્તાઓ આપીને ખેડૂતોના હિતમાં વધારાનું બિયારણ ખરીદવા અથવા તો તેના પોતાનાં સેન્ટરો ઉભાં કરીને બિયારણ પેદા કરવા માટે સત્તા આપવી જોઇએ. ખેડૂતોને બિયારણની સાથે દવા તો દવાના ભાવ પણ કૂદકે અને ભૂસકે વધતા જાય છે, તે દવાના ભાવ તેના માલિકો નક્કી કરે છે, ત્યારે તેના ઉપર નિયંત્રણ લાવવું ખૂબ જ જરૂરી છે. જેમ કોરોનાની અંદર રેમડેસીવીર ઇન્જેકશનના ભાવ નક્કી કર્યા, તેમ આ ખેડૂતોને આપવામાં આવતી દવાઓ જે સારી કંપની છે, તેની સાથે બેસીને તેમાં કંઇ ડિડકશન ખેડૂતો માટે લાવવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, તોકતે વાવાઝોડું જયારે થયુ ત્યારે આ અરબી સમુદ્રના કાંઠે આવેલા જિલ્લા અને તે જિલ્લાઓની અંદર ભારે નુકસાન થયું. ખેડૂતોને પણ નુકસાન થયું, માછી મારનાર હોડીઓને પણ નુકસાન થયું અને જે નુકસાન થયું તેના માટે સરકારે પેકેજ જાહેર કર્યુ તેમ છતાં એ પેકેજ અપૂરતું હતું. ઘણા બધા લાભાર્થીઓને પૈસા ચૂકવવાના બાકી છે ત્યારે સરકાર તેમાં ત્વરિત પગલાં લઇને જે બાકી હોય તેને ચોક્કસ સહાય ચૂકવે. આ રાજય સરકારની કૃષિ વિભાગમાં કલ્યાણકારી યોજના હોય છે. એજીઆર-૧, એજીઆર-૨, એજીઆર-૩, એજીઆર-૪ અને એજીઆર-૫ આ યોજનાની અંદર જે સહાયનું ધોરણ છે તે બાબા આદમના વખતથી ચાલતું આવ્યું છે. ખાતરના ભાવ વધી ગયા, દવાના ભાવ વધી ગયા તો તેમાં સુધારો કરો. જયારે તમામ ભાવ વધેલા હોય, ત્યારે તેમાં જે સહાય આપણે ચૂકવીએ છીએ રૂપિયા ૭૫૦ કે રૂપિયા ૧૦૦૦ કે રૂપિયા ૧૫૦૦ જે ચૂકવાતી હોય તે મને લાગે છે કે ૨૦ ગુંઠામાં રૂપિયા ૭૫૦ છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટમાં પૂરું કરશો.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, તાલીમ અને મુલાકાત યોજના હેઠળ આ ગામડાંઓમાં ગ્રામ સેવકો કામ કરતાં હતાં. ત્યાં ગ્રામ સેવકોની જગ્યા ખાલી છે. ગ્રામ સેવકો ખેડૂતોના ડૉક્ટર છે ત્યારે ગામડાંઓમાં ખેતીના વિકાસ માટે ગ્રામ સેવકો કે વિસ્તરણ અધિકારી (ખેતી)ની જગ્યાઓ ભરવી પડશે. નાણામંત્રીશ્રી બેઠા છે. અમારા સિંચાઇ મંત્રી બેઠા છે. તાપી પાર લીંક યોજનાનો જબરજસ્ત વિરોધ થયો. અમારા શ્રી અનંતભાઇએ એની ઝુંબેશ ઉપાડી. સરકારના જવાબદાર મંત્રીઓ અહીં બેઠા છે. એ એમ કહેતા હતા કે આ યોજનાનો અમલ અમે કરવાના નથી. ચેકડેમોના પૈસા છે. આખરે સરકારે જે કહ્યું હતું, એમાં મોડિફાઇ કરવું પડ્યું. તમારા *(xxx) દિલ્હીમાં જઇને મળીને આ યોજના હાલ પૂરતી સ્થગિત રાખી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ દૂર કરવામાં આવે છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દો કાઢી નાંખવાથી કાંઇ ના થાય.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : આ યોજના *(xxx)શરૂ કરી હતી. (સતત અંતરાય)

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૯મી માર્ચ ૨૦૨૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : હું સાચી વાત ધ્યાન પર લાવું છું. સ્વીકારો.

અધ્યક્ષશ્રી : (સભ્યશ્રી સુખરામભાઇ અને ગણપતસિંહ વસાવાને સંબોધીને) આપ બેસો. સામ-સામે બંને બાજુએ *(xxx) શબ્દ પ્રયોગ થયો છે એ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે અને હવે ફરી આવો કોઇ શબ્દ ના આવે એની તકેદારી રાખવી. (સતત અંતરાય)

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : વર્ષ ૨૦૧૦માં આ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી, મહારાષ્ટ્રના મંત્રી અને કેન્દ્રિય મંત્રીએ આ યોજનામાં સહી કરી છે. આ એગ્રીમેન્ટ રદ થવું જોઇએ.

**પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (કૃષિ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી જે કહી રહ્યા હતા અને પાર તાપી યોજના અંગે અહીંયા ગૃહમાં પણ વાત થઇ. ગુજરાત સરકારે એની મનછા પહેલાંથી જાહેર કરી હતી, પરંતુ ગુજરાત સરકારની આ આખી વાત કેન્દ્ર સરકાર સમક્ષ મૂકવામાં આવી અને પાર તાપી યોજના જેની પ્રક્રિયા વર્ષ ૧૯૯૧ થી ૧૯૯૫ સુધી ચાલી. વર્ષ ૧૯૯૫ સુધી પ્રી-ડ્રાફ્ટ ડી.પી.આર. તૈયાર કરવામાં આવ્યા હતા. એમાં જે તે વખતના દરેક મુખ્યમંત્રીશ્રીએ મીટિંગમાં હાજરી આપી હતી અને ક્યાંય એનો વિરોધ નહોતો કર્યો. હું નામજોગ વાત નથી કરવા માંગતો. વર્ષ ૧૯૮૦ થી વર્ષ ૧૯૯૫ સુધી વખતો વખત N WD A ની મીટિંગમાં ગુજરાત સરકાર વતી પ્રેઝેન્ટેશનો કરવામાં આવ્યા અને વર્ષ ૧૯૯૫માં પ્રી-ડ્રાફ્ટ ડી.પી.આર. એમણે મંજૂર કરાવ્યો હતો અને પછી આ ઓટોમાઇઝેશન મોડ પર ચાલતું રહ્યું. ત્યારબાદ ગુજરાત સરકારના ધ્યાનમાં આવ્યું અને કેન્દ્રમાં શ્રીમતી નિર્મલા સીતારમણજીએ ઇન્ટર સ્ટેટ લિંકિંગ યોજનાઓને મંજૂરી આપી, ત્યારે એક પણ યોજનાને નાણાકીય ફાળવણી પણ નહોતી કરી. એમાં બહુ સ્પષ્ટ લખ્યું છે કે જે તે રાજ્યની મંજૂરી હોય તો જ એ યોજના આગળ વધારવી અને આ ગૃહમાં રાજ્ય શું કરવા માંગે છે એની સ્પષ્ટતા પણ આપણે કરી હતી, પરંતુ જ્યારે પણ ચૂંટણી આવતી હોય ત્યારે આ વિસ્તારમાં કેવળ અને કેવળ લાગણીઓને ઉશ્કેરવામાં આવે છે. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી પૉઇન્ટ ઓફ ક્લૅરિફિકેશન થઇ ગયું. (કૉંગ્રેસના સભ્યો વિરોધ કરતા) આપ બેસો. આપ બેસો. આપે કીધું એમણે કલૅરિફાય કરી દીધું. એમાં ચર્ચા ન હોય.

શ્રી આત્મારામ પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બંદરો અને મત્સ્યોદ્યોગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : (સભ્યશ્રી અનંતભાઇ પોતાની જગ્યા પર ઊભા થઇને સતત વિરોધ કરતા) આપ બેસો શ્રી અનંતભાઇ. આપનો સમય આવે ત્યારે બોલજો. પ્લીઝ. બજેટની ચર્ચામાં આ ચર્ચા ન હોય. (અંતરાય) આપ બેસો પ્લીઝ, વારંવાર આપને સૂચના આપી પછી આપે બેસી જવું જોઇએ. મંત્રીશ્રી પણ બેસી ગયા, આપના નેતા પણ બેસી ગયા. આપ બેસો. (સતત અંતરાય) ના, એવું પ્રદર્શન અહીંયા ના થાય. આપ બેસો. કોઇને બોલવાનું નથી. બધા બેસો. મંત્રીશ્રી પણ નહિ. કોઈ નહિ. પ્લીઝ મને મારું કામ પૂરું કરવા દો. બજેટ પરની છેલ્લી ચર્ચા છે. શાંતિ રાખો. માનનીય શ્રી સુખરામભાઈ આપના સભ્યોને કહો કે બેસે.

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બંદરો અને વાહન વ્યવહાર વિભાગ અંગેની માગણી લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત લગભગ ૧૬૦૦ કિ.મી.નો ખૂબ મોટો અને લાંબો દરિયા કિનારો ધરાવે છે. વર્ષોથી ગુજરાતના દરિયા કિનારાથી વિદેશો સાથેનો વેપાર ચાલતો હતો અને આપણે સૌ જાણીએ છીએ કે એટલા માટે જ વિદેશો સાથેના વેપારમાં ''લંકાની લાડી અને ઘોઘાનો વર'' જેવા શબ્દો પ્રતીત થયા છે એ બતાવે છે કે એક વખતની સોનાની નગરી લંકાની નારીને ઘોઘાના વરરાજા સાથે પરણાવે તો ગુજરાત કેટલું સમૃધ્ધ હતું તેનો આ એક પુરાવો છે. આ બંદરોના વિકાસ માટે સરકારે સતત પ્રયત્નો કર્યા છે. સમગ્ર દેશનું ૯૮ ટકા શિપ રીસાઇકલિંગનું કામ એકમાત્ર ભાવનગર જિલ્લાના અલંગ અને સોસિયા શિપ બ્રેકિંગ યાર્ડ ખાતે થાય છે. આખા દેશમાં લગભગ ૩૩ ટકા જેટલું શિપ બ્રેકિંગનું કામ ગુજરાતના ભાવનગર જિલ્લાના અલંગમાં થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરિયાના માર્ગે વાહનની પ્રણાલી ખૂબ જૂની છે. પહેલા તરાપા ઉપરથી દરિયાઈ મુસાફરી થતી, પછી આગબોટથી મુસાફરી શરૂ થઈ અને ત્યાર બાદ ડીઝલથી જે મુસાફરી શરૂ થઇ તેમાં દરિયાઈ માર્ગે માણસો, વાહનો અને માલસામાનની હેરાફેરી થઈ શકે તેવી સુરત થી ઘોઘાની રોરો ફેરી સર્વિસ પહેલીવાર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં શરૂ થઈ છે. આ સરકારે સમય, શક્તિ અને નાણાનો બચાવ કરવાનું કામ કર્યું છે તેટલા માટે હું તેમને અભિનંદન આપું છું. દરિયો આવે એટલે કિનારે બંદર આવે, દરિયાથી સહેજ આગળ જઈએ એટલે માછીમારી આવે, મત્સ્ય ઉદ્યોગ આવે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ એક સૂત્ર આપ્યું હતું. West to wealth. આ કામ ગુજરાત સરકારનો મત્સ્ય ઉદ્યોગ વિભાગ કરી રહ્યો છે. જ્યાં કશું પાકતું નથી, કોઈ વસ્તુનું ત્યાં ઉત્પાદન થતું નથી તેવી ખારપાટની જમીન જ્યાં મીઠું પણ ન પાકે તેવી જમીનમાંથી મત્સ્ય ઉદ્યોગનું સર્જન કરીને ઘી કરતાં પણ મોંઘા ૪૦૦ થી ૮૦૦

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રૂપિયે કિલોના ભાવના પ્રોન્સનું ઉત્પાદન હિંદુસ્તાનમાં સૌથી વધારે ગુજરાતમાં થાય છે. એક્સપોર્ટમાંથી રૂ. ૨૨ હજારનું વિદેશી હૂંડિયામણ હિંદુસ્તાનને કમાવી આપવાનું કામ આ ઉદ્યોગ મારફતે કરી રહ્યા છીએ. બીજી વાત આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે Vocal for Local. સ્થાનિકોને રોજગારી આપવાના કામમાં લગભગ ૬ લાખ જેટલા દરિયા કિનારા વિસ્તારના લોકો જોડાયા છે અને Vocal for Local થી આગળ જઈને Local to Global. પ્રોન્સના ઉત્પાદન થકી ફોરેન એક્સેચેન્જ અને વિદેશી હૂંડિયામણ કમાવી આપવાનું કામ આ ઉદ્યોગ કરી રહ્યો છે. મારે એક વાત તરફ સરકારશ્રીનું ધ્યાન દોરવું છે કે, કેન્દ્ર સરકારે પણ આખુ અલગ ડિપાર્ટમેન્ટ કરીને ગુજરાત રાજ્યના જ પનોતા પુત્ર એવા માનનીય શ્રી રૂપાલા સાહેબને મત્સ્યઉદ્યોગ વિભાગના મંત્રી બનાવ્યા છે. આ વખતે લભગભ રકમ રૂપિયા ૨૨ હજાર કરોડનું બજેટ છે એમાંથી આપણે કંઇ નહી કરીએ તો પણ રકમ રૂપિયા ૭૦૦ કરોડ ગુજરાત રાજ્યને મળવાના છે. આ માસ્ટર મેપિંગના કામમાં જે સિસ્ટમમાં આપણે ત્યાં રોકાયા છે તો આ જમીનોની જલદી ફાળવણી થાય અને મત્સ્ય ઉદ્યોગના વિકાસ માટે તળાવોમાં લાઇટ અને વીજળીની જેમ કેરલ અને ઓરિસ્સા રાજ્યમાં જે સબસિડી આપે છે એ પ્રકારની સબસિડી મળે તો મને એમ લાગે છે કે, ગુજરાત રાજ્યોનો મત્સ્યોદ્યોગ હજી પણ વિકસી શકે તેમ છે. હું ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને એમની ટીમને અભિનંદન આપુ છું, કારણ કે દરિયાઇ પટ્ટીના રોડના વિકાસ માટે રકમ રૂપિયા ૪,૪૦૦ કરોડની યોજના બનાવી છે. આ યોજના છેક ધોલેરા થી શરૂ થઇ, ધોલેરાથી ફેદરા, ફેદરાથી ટિપલી, ટિપલીથી નવાગામ, નવાગામ થી ખંભાત, ખંભાત થી જંબુસર, જંબુસર થી ડેડ, ડેડથી અંકલેશ્વર, અંકલેશ્વરથી સુરત અને સુરત થી નવસારી થઇને વલસાડ સુધી છે. રકમ રૂપિયા ૪,૪૦૦ કરોડની યોજના બનાવી છે. કોઇની કલ્પનામાં પણ ન આવે. આ વિઝનને સમજવું પડે. હું ઘણીવાર કહું છું કે, શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝનને સમજવા માટે તમારી દ્રષ્ટિ ટૂંકી પડે એટલા માટે કે, He is a man of Vision, He is a man of Decision, He is a man of Mission and He is a man of Completion and He is a man of Development. આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સમગ્ર દેશ અને દુનિયામાં આજે યુગપુરુષ છે. વિકાસ પુરુષ છે. પણ કોગ્રેંસના મિત્રોની કમનસીબી એ છે કે, એક પિક્ચર હતું મેરા જૂતા હે જાપાની, યે પટલૂન ઇંગ્લિસ્તાની. *(xxx) આટલી વાત કરીને હું આ માગણીને મારૂ સમર્થન આપું છું.

ડો. સી. જે. ચાવડા : *(xxx) આ શબ્દો જે વાપર્યા છે એ પર્ટિકયુલર વ્યકિત માટે વાપરવામાં આવ્યા છે એને રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : આપની લાગણી ઘવાઇ હોય તો શબ્દો રેકર્ડમાંથી દૂર કરૂ છું. બાકી અસંસદીય નથી. શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે કૃષિની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના તમામ સભ્યશ્રીઓ, તમામ વ્યકિતઓ, *(xxx) જયારે જયારે ભણ્યા ત્યારે માત્ર એટલું જ કહેવામાં આવ્યું કે આ ભારત દેશ ( વચ્ચે અટકાવતાં)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) આપ સિનિયર સભ્ય છો. એમને તાકીદ કરવામાં આવે. આપણે બધાએ જાણવું જોઇએ કે, *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી લલિતભાઇએ *(xxx) એ રેકર્ડ ઉપરથી દૂર કરૂ છું. હવેથી તમામ સભ્યશ્રીઓ આ વાતનું ધ્યાન રાખે અને *(xxx) કોઇનો પણ ઉલ્લેખ ન કરે.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા ભણ્યા ત્યારે માત્ર એક જ કહેવામાં આવ્યું કે, ભારત દેશ એ ખેતીપ્રધાન દેશ છે. આ દેશની ખેતી આબાદ તો દેશ આબાદ. પણ હમણાં માનનીય શ્રી આત્મારાભાઇએ કીધું એમ, વર્ષ ૨૦૦૦થી એક યુગ ચાલુ થયો છે. વર્ષ ૨૦૦૦થી લોકોની વિચારસરણી ફરી છે. ખેડૂત, ખેતી અને ગામડા તરફ દુર્લક્ષ્ય સેવીને માત્ર શહેરીકરણ, ઉદ્યોગ માટે લાલ જાજમ પાથરવાની વૃત્તિ જયારે શાસનકર્તાની થાય છે ત્યારે જગતનો તાત બિચારો, બાપડો થઇ જાય છે. આપણે જગતના તાત કહીએ છીએ. તાત એટલે બાપ. બાપને રકમ રૂપિયા ૨ હજારના પ્લાસ્ટિકના ડબલા આપવામાં લાઇનમાં ઉભા રાખે છે. આ જગતનો તાત, તેને બે બે હજાર રૂપિયાની ગિફ્ટ દેવા માટે, એને બે હજાર રૂપિયા ઓન લાઇન દેવા માટે હરહંમેશ માટે ઓન લાઇનમાં રહેવું પડે છે. વીજળીની કટોકટી ઉભી થાય, આખા દેશમાં આપણા રાજયનો ખેડૂત માત્ર એક થી બે ટકા ટોટલ વીજળીનો વપરાશ કરે છે. પણ કાપ મૂકવાનો હોય તો અમારાં ગામડામાં કહેવત છે, માનનીય શ્રી રાજેન્દ્રભાઇ, માફ કરજો કંઇક કહેવાતું હોય તો, અમારાં ગામડામાં એક કહેવત છે કે *(xxx) એમ જયારે તમારે કાપ મૂકવો હોય તો માત્ર અને માત્ર ખેડૂત, ખેડૂત ઉપર વીજળીનો કાપ મૂકો.

અધ્યક્ષશ્રી : શ્રી લલીતભાઇ, આપ કોઇ મહિલાઓ વિષે આવી ટિપ્પણી ન કરો તો સારું છે. આવા શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આપણે અહીંયા ગૃહમાં બેઠા છીએ ત્યારે દરેક સભ્યો પોતાની વાણી ઉપર લગામ રાખે એ જરૂરી છે.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો મતલબ એ છે કે ઉદ્યોગો ૯૮ ટકા વીજળી વાપરે છે. ખેડૂત માત્ર બે ટકા જ વાપરે છે, તોય ગામે ગામ વીજળી ખેડૂતો માટે જે ૮ કલાક આપવાની છે એમાંથી બે કલાક પણ વીજળી આપવામાં આવતી નથી. આપણે બહુ મોટા મનથી ખેડૂતની વાત કરીએ છીએ કે નર્મદાની કેનાલ અમે લાવ્યા, પણ નર્મદાની

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કેનાલનું પાણી ટાઇમે મળે નહીં અને એ કેનાલ જયારે તૂટી જાય ત્યારે એ પાણી ખેતરોમાં ગમે એટલું જાય, દસ-દસ ગામો સુધીના ખેતરો પાણીથી સાફ થઇ જાય, કોઇ વળતર આપવાવાળું નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત વિદ્યુત મંત્રી અને નાણા મંત્રીશ્રી આપ સમજો, આ ગામડામાં ખેડૂતોને મોટામાં મોટી તકલીફ છે. ઇન્ફ્રાસ્ટ્રકચર કરવું જ જોઇએ, પણ જયારે જેટકોની લાઇન આવે, ગ્રીડની લાઇન આવે, ખેડૂતોના ખેતરમાંથી આ લાઇન પસાર થાય, અત્યારે ભાઇઓના ભાગ પડતા પડતા પાંચ વિઘા ખેતર વધ્યું હોય અને એમાં ગ્રીડ લાઇનનો કે જેટકોનો એક થાંભલો આવે એટલે ૨૦ ટકા પણ એ ખેતરની કિંમત નથી રહેતી. ખેડૂત બીચારો કાયમને માટે કલેકટર પાસે અને બધે લડે છે. આપણા નિયમો શું છે કે આ જમીન જેટલી એની બગડતી હોય તેના ૨૫ ટકા જ વળતર આપવામાં આવે છે અને એ પણ જંત્રી મુજબનું. લલીત કગથરા જો ખેતી ખરીદે તો ખેતીની જંત્રી લાગે, પણ કોઇ પણ ઇન્ડસ્ટ્રીઝ જયારે પણ જમીનની ખરીદી કરે ત્યારે એના ઉપર જંત્રી ઇન્ડસ્ટ્રીઝની લાગે છે. તો જેટકો કે ગ્રીડ લાઇન જયારે પણ ખેડૂતની જમીન એક્વાયર કરે તો એની ઉપર વળતર ઇન્ડસ્ટ્રીયલ જંત્રી મુજબ હોવું જોઇએ. ખેડૂતો વારંવાર રજૂઆતો કરે છે. પણ કોઇ સાંભળતું નથી. ખેડૂત બીચારો, બાપડો થઇ જાય. હમણાં શ્રી આત્મારામભાઇએ કહ્યું તેનો મારે દાખલો આપવો છે. વર્ષ ૨૦૦૦ની સાલથી એક યુગ ચાલુ થયો છે. વર્ષ ૨૦૦૦ પહેલા ગાંધી યુગ હતો. સત્ય અને અહિંસાનો યુગ હતો. વર્ષ ૨૦૦૦ પહેલા લોકો ખેડૂત, ખેતી અને ગામડાની વાત કરતા હતા. વર્ષ ૨૦૦૦ પછી જે ઝાઝામાં ઝાઝું ખોટું બોલી શકે એ મહાન. વર્ષ ૨૦૦૦ પછી જે ઝાઝામાં ઝાઝું લોકોને છેતરી શકે એ બહુ જ મોટો મહાન ગણાય. હું શ્રી કેશુબાપાને યાદ કરીશ, જેનું સ્વપ્નું ગોકુળીયા ગામનું હતું, તેઓ સૌરાષ્ટ્રની અંદર કેટલી મોટી ઇરિગેશનની સ્કીમો લાવ્યા અને ખેડૂતોને સુખી કર્યા. વર્ષ ૨૦૦૦ પછી એક પણ મોટો ઇરિગેશનનો ડેમ તમે નથી બનાવી શકયા. આ સરકાર ૨૭ વર્ષથી શાસનમાં છે. માત્ર નર્મદાની વાત કરે છે. એક પણ મોટો ડેમ બનાવ્યો નથી, બનાવ્યા તો કેવા? બોરી બંધ, આ બોરી બંધ વાળી સરકાર છે, ખેડૂતોને લાઇનમાં ઉભી રાખવાવાળી સરકાર છે. હું આપના માધ્યમથી કહેવા માગું છું કે જે ખેડૂત જગતનો તાત કહેવાય છે એ બીચારાને કાં એમ કહે કે ગાય આધારિત ખેતી, ૯૦૦ રૂપિયા તમને આપવામાં આવશે. શું કામ મશ્કરી કરો છો? શું કામ ખેડૂતને માગણા કરો છો, હું આપના માધ્યમથી જાહેરમાં એક ખેડૂતના દીકરા તરીકે કહું છું કે નથી જોઇતી આવી સહાય. અમને પૂરતા ભાવ આપો, લાઇટ આપો અને પાણી આપો અમારે સહાય નથી જોઇતી. પ્લાસ્ટિકના ડબલા નથી જોઇતા. ખેડૂતના દીકરાને માત્રને માત્ર લાઇટ જોઇએ છે એને પાણી જોઇએ છે. અમારામાં તાકાત છે અમારામાં પાટું મારીને જમીનમાંથી અન્ન પેદા કરવાની ત્રેવડ છે. અમને પૂરતી વીજળી આપો આટલી વાત કહેવા માટે ઉભો થયો છું. ખાસ કરીને આજે ગૃહમાં સભાગૃહના નેતાશ્રી બેઠા છે, ત્યારે મારે સમગ્ર ગુજરાતના ખેડૂતો વતિ કહેવું છે કે લાઇટના થાંભલા જેટકોની લાઇનના થાંભલા પડે છે, એ એનો ભાવ ૨૦ ટકા જ રાખતા હતા, પરંતુ એને પૂરતું વળતર મળે એના માટે થઇને ઇન્ડસ્ટ્રીયલ જંત્રી ગણાવવી જોઇએ. જેટલી જંત્રીની ટકાવારી થાય એ તમામ પૈસા ઇન્ડસ્ટ્રીયલ જંત્રી મુજબ મળવા જોઇએ. ૨૫ ટકા પ્રમાણે નહિ પરંતુ પૂરેપરા મળવા જોઇએ. વિકાસ કરવાની અમારી ના નથી, પરંતુ વળતર પૂરેપૂરું આપો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, ખેડૂતો વતિ એ કહેવા માગું છું કે આપણે ખેડૂતની વાત કરીએ જગતના તાતની વાત કરીએ ત્યારે તમે જે ત્રણ *(xxx) બનાવ્યા હતા એ પાછા ખેંચવાની માંગ હતી, પરંતુ ૧,૩૦૦ ખેડૂતો શહીદ થયા ત્યાં સુધી તમે પાછા ખેંચ્યા નહિ. એકબાજુ ખેડૂતોના હિમાયતી છીએ એવી વાત કરીએ છીએ. તમારે જો ખેડૂતોને પ્લાસ્ટિકના ડબલા દેવા હોય તો આ માગણી લઇને આવ્યા છે એ માગણીનો હું વિરોધ કરું છું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આગેવાનીમાં માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ ૨,૪૩,૯૬૫ લાખનું બજેટ લઇને આવ્યા એ પૈકી રાજયના મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી શ્રી જીતુભાઇ ચૌધરી માગણી નંબર-૬ મત્સ્યોદ્યોગ વિભાગની લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગની વાત કરીએ તો સમગ્ર વિશ્વમાં આપણે માછલીઓની વાત કરીએ તો કુલ ૩૩,૯૦૦ જેટલી પ્રજાતિઓ આવેલી છે અને એમાં પુખ્ત માછલીઓની લંબાઇની વાત કરીએ તો ૧ સે.મી. થી લઇને ૬૦ ફૂટ સુધીની લંબાઇ છે. એના વજનની વાત કરીએ તો દોઢ ગ્રામથી લઇને ૧,૦૦૦ કિલો જેટલું હોય છે. દુનિયામાં જેટલું પણ પ્રોટીનનું વેચાણ થાય છે એ પૈકી ૧૭ ટકા પ્રોટીન એ માછલીમાંથી મળે છે. આપણે એનો દવામાં પણ ઉપયોગ કરીએ છીએ. કોડલીવર ઓઇલ ખૂબ જરૂરી છે, ત્યારે આ ઓઇલ પણ આપણને માછલીમાંથી મળે છે. વિશ્વના ૧૦૯ જેટલા દેશોમાં દરિયા કિનારો આવેલો છે. જયારે એશિયાની વાત કરીએ તો ૩૬ જેટલા દેશો આવેલા છે. ભારતની વાત કરીએ તો આપણે ત્યાં ૭,૫૧૬ કિલોમિટર આવેલો છે. જયારે ગુજરાતમાં એના ૨૨ ટકા જેટલો હિસ્સો એટલે કે ૧૬૦૦ કિલોમિટર જેટલો દરિયા કિનારો આવેલો છે. ગુજરાતની વાત કરીએ તો ૩૩ જિલ્લા પૈકી ૧૪ જિલ્લામાં આપણને દરિયા કિનારો લાગુ પડે છે. એમાં પાંચ ફિશરીઝ પોર્ટ એટલે કે બંદરો અને ૧૦૨ ફિશ લેન્ડિંગ એટલે મત્સ્ય ઉતરાણ કેન્દ્રો આવેલાં છે. છેલ્લી ગણતરી મુજબ ૧,૦૫૯ જેટલા ગામોમાં માછીમાર ભાઇઓ વસે છે. એમની વસતિ જોઇએ તો લગભગ ૫.૫ લાખથી વધુ ભાઇઓ આ માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. અને હું ગવર્નમેન્ટ ઓફ ગુજરાતની વાત કરું તો લગભગ ૨૯,૫૭૦ જેટલી બોટો આપણે ત્યાં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નોંધાયેલી છે. હું ગુજરાતના મત્સ્ય ઉદ્યોગના ઉત્પાદનની વાત કરું તો આપણે ત્યાં દર વર્ષે ૬,૧૯,૭૦૦ મેટ્રિકટન કરતાં વધુ ઉત્પાદન થાય છે અને દરિયાકાંઠા સિવાય આપણે તળાવ અને ડેમની વાત કરીએ તો તેમાં પણ ૧,૨૪,૭૦૦થી વધુ મેટ્રિકટન માછલીનું ઉત્પાદન થાય છે. મત્સ્ય ઉદ્યોગ માટે સરકાર દ્વારા લગભગ ૧,૬૮,૮૯૫ બાયોમેટ્રિક કાર્ડ પણ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. સાથે સાથે આપણી સરકાર દ્વારા આઇ ખેડૂત પોર્ટલની પણ સરળ સુવિધા ઉપલબ્ધ છે. તેમાં આપણે ટોકન ઇસ્યુ, ડીઝલની સબસિડી, નવા કાયદાઓ, વોટર પ્રોહિબિશન વગેરેની વિગતો પણ તેના ઉપરથી મળી શકે છે. આ મત્સ્ય ઉદ્યોગ માટે માછીમાર ભાઇઓની વાત કરું તો એ લોકો આપણી સીમા પાર કરે અને પાકિસ્તાન તેમને પકડે અને પાકિસ્તાનની જેલમાં જાય તો ભૂતકાળમાં કોઇ પણ પ્રકારની સહાય આપવામાં આવતી ન હતી, પરંતુ લગભગ ૨૦૦૪ના વર્ષમાં આ લોકોને દૈનિક ભથ્થું ચૂકવવાનું શરૂ કર્યું. આજે આપણી સરકાર દ્વારા આવા વ્યક્તિઓને દૈનિક રૂ. ૩૦૦ લેખે ચૂકવવામાં આવે છે. હું છેલ્લાં પાંચ વર્ષની વાત કરું તો પાંચ વર્ષમાં ૧,૫૮૭ જેટલા માછીમાર કુટુંબોને લગભગ ૧૨ કરોડ ૧૯ લાખ રૂપિયા રાહત ભથ્થાં તરીકે ચૂકવવામાં આવ્યા છે. હું રાજ્યના પાંચ મત્સ્ય બંદરની વાત કરું તો માઢવાડ, નવાબંદર, વેરાવળ-૨, સૂત્રાપાડા અને પોરબંદરને લગભગ ૧,૩૫૪ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવ્યા છે અને દેશમાં સૌ પ્રથમ વખત રાજ્યમાં મત્સ્ય ફ્લોટિંગ જેટી, ઉમરસાડી કે જે નવસારી જિલ્લામાં શરૂ થવાની છે તેનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું રાજ્યના સાગર ખેડૂતોની વાત કરું તો આપણાં રાજ્યમાં મે માસમાં તાઉતે વાવાઝોડું આવ્યું. તેમાં રાજ્ય સરકાર દ્વારા ૧૦૪.૪૫ કરોડ રૂપિયા જેટલું ઐતિહાસિક રાહત પેકેજ આપવામાં આવ્યું. કેન્દ્રના મત્સ્યોદ્યોગ મંત્રી આદરણીય શ્રી રૂપાલા સાહેબે પણ કેન્દ્રના બજેટમાં ૨૨ હજાર કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે અને આપણાં રાજ્યને પણ તેમાંથી ૭૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ મળવાની છે ત્યારે બીજી વિશેષ વાત કરું તો ૧૨,૬૯૩.૬૪ હેક્ટરનું માસ્ટર મેપિંગ થયું છે અને તેમાં ૮,૧૧૯ હેક્ટર જેટલી જમીનની ફાળવણી થઇ છે અને તેમાં પણ આ જ કોંગ્રેસના મિત્રો મત્સ્ય ઉદ્યોગમાં જિંગાના ઉછેર માટે ફાળવણી કરવામાં આવે તેમાં પણ વારંવાર વિરોધ કરે છે અને આ ગૃહમાં કંઇ જુદો દેખાવ કરે છે. જે કોઇની માગણી હોય તેને પણ મત્સ્ય ઉદ્યોગ માટે ફાળવવા માટે વિનંતી કરી હું મારું સમર્થન આપું છું.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે કૃષિ મંત્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ વિસ્તારની વાત છે. પ્રધાનમંત્રી કૃષિ સહાય યોજનામાં ૨,૫૦૦ જેટલા કૂવા બનવા જઇ રહ્યા છે. ગામ છે ૩૧૧ અને કૂવા છે ૨,૫૦૦. ડુંગરાળ વિસ્તાર છે, જંગલ વિસ્તાર છે અને ત્યાં કૂવા લેવામાં આવ્યા એ ૪૦થી ૪૫ ફૂટના કૂવા છે. ત્યાં પાણીનું સ્તર ૩૦૦ ફૂટ બોર કરશો છતાં પણ બોરમાં પાણી હોતું નથી. ત્યાં કૂવામાં એટલો મોટો ભ્રષ્ટાચાર થાય છે કે કૂવા ઉપરથી જે ૨૦ ફૂટ હોવા જોઇએ અને નીચે જતા નાના થઇ જાય છે. પથરાળ અને ડુંગરાળ વિસ્તાર હોવાના કારણે કૂવામાં બ્લાસ્ટિંગ કરવું પડે છે. જંગલ વિસ્તાર છે, ત્યાં મોટાં વાહનો ટ્રક કે બીજા ભારે વાહનો જંગલમાં જાય તો પોલીસ દ્વારા ડિટેઇન કરવામાં આવે છે, એને જપ્ત કરવામાં આવે છે. જંગલ ખાતા દ્વારા એવી કલમો લગાવવામાં આવે છે કે એ છૂટી શકતા નથી. મારી વિનંતી છે કે આ રીતે જો વાહનો માટે થતું હોય અને પોલીસ તંત્ર પણ નિંદ્રામાં હોય અને રોજ ૨,૫૦૦ કૂવાઓ કરવાના હોવાથી ત્યાં ધડાકા થાય છે. બ્લાસ્ટિંગ થાય છે. ત્યાંના રહેવાસીઓને એવું લાગે કે આપણે યુક્રેન રહેતાં હોઇએ અને રશિયા બોમ્બ બ્લાસ્ટ કરે એ પ્રકારે એટલા બધા બ્લાસ્ટ થાય છે. એના કારણે વન્ય પ્રાણીઓ જંગલ છોડીને બજાર વિસ્તારમાં, ગ્રામ્ય વિસ્તારમાં આવી રહ્યા છે. મારી એક વાત છે કે *(xxx) ભ્રષ્ટાચાર થાય છે, પરંતુ યશસ્વી વડાપ્રધાનના નામથી યોજના હોય તો એમાં ભ્રષ્ટાચાર ન થવો જોઇએ.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**અશોભનીય શબ્દોના ઉચ્ચારણ અંગે**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. વિદ્વાન સભ્ય હંમેશા સારું બોલે છે. આજે ખબર નહીં એમના મનમાં કયા વિચારો ચાલે છે? કોંગ્રેસ પક્ષનો આ વિચાર છે કે કેમ એવું લાગે છે. (અંતરાય) એ કહે છે *(xxx) અને એમાં આપ બધા સમર્થન આપો છો. આ માત્ર શબ્દો દૂર કરવાની વાત નથી. આ સંસદીય પરંપરા ખોટી જઇ રહી છે. (અંતરાય) પણ કોને કહો છો *(xxx) તમારા આવા વિચાર કઇ રીતે હોઇ શકે? સાહેબ, આવું કઇ રીતે કહી શકાય? આ ઠીક નથી અને તમે સમર્થન કરો છો? (અંતરાય) એ આપણને કહે છે. મુદ્દો આ છે, આવું ન હોય.

અધ્યક્ષશ્રી : આપ સૌ બેસો, પ્લીઝ. શ્રી અનંતભાઇ, આપણે ઉશ્કેરાટ થાય એવી ભાષા ન વાપરીએ. જે કહેવું હોય એ સારા શબ્દોમાં કહીએ. મારી આપને ફરીથી તાકીદ છે કે આપ સારા શબ્દોમાં વાત કરો. એવા શબ્દો ન વાપરો કે જેના લીધે ઉશ્કેરાટ ઉભો થાય અને જેનું અર્થઘટન ખરાબ થતું હોય એવા શબ્દો ન વાપરો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે. ભ્રષ્ટાચાર થાય છે એવું ન કહેવું જોઇએ એવી વાત કરી.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : *(xxx) એવું કહ્યું છે એમણે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી અમિત ચાવડા : હું એ જ કહું છું. એમના કહેવાનો ભાવાર્થ સમજો. આખું વાક્ય સાંભળો.

અધ્યક્ષશ્રી : આવું આપણે કોઇકને કહીએ કે *(xxx) અહીંયા માનનીય સભ્યશ્રીઓ બધા હોય, મંત્રીશ્રીઓ હોય, મુખ્યમંત્રીશ્રી હોય, તમારા નેતા હોય. આવા શબ્દો ગૃહમાં શોભે નહીં. આવા અશોભનીય શબ્દો પોતાના ભાષણમાં ન બોલે એવી સૌ સભ્યોને મારી તાકીદ છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે યશસ્વી વડાપ્રધાનશ્રીના નામની યોજના હોય ત્યારે ભ્રષ્ટાચાર ન થવો જોઇએ એવી મારી વિનંતી છે. જે કૂવાઓ બની રહ્યા છે એ કૂવાઓ ખરેખર ડુંગરાઓમાં બની રહ્યા છે. ડુંગરોની તળેટીમાં બની રહ્યા છે કે જ્યાં પાણીને કોઇ અવકાશ નથી. ૩૧૧ ગામ છે અને એમાં ૨,૫૦૦ કૂવા બને છે. એક ગામમાં ૩૩ કૂવા બને છે. એક સરવે નંબરમાં ૩ થી ૪ કૂવા બને છે તો આ કૂવામાં ભ્રષ્ટાચાર કહેવો કે કેમ? આના માટે બ્લાસ્ટિંગ કરવાની પરવાનગી કોણે આપી? બ્લાસ્ટિંગ કરતાં હોય ત્યારે વન્ય પ્રાણીઓને નુકસાન થાય છે. બ્લાસ્ટિંગના કારણે ઘણી બધી જગ્યાએ ભેખડો ધસી પડે છે. ત્યાં પાણી તો મળવાનું નથી ત્યારે આ કરવાને કોઇ કારણ રહેતું નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બંદર, કૃષિ કલ્યાણ અને રમતગમત યુવા સાંસ્કૃતિક વિભાગની માગણી લઇને આવ્યા છે ત્યારે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હિન્દુસ્તાન દેશ એ ખેતીપ્રધાન દેશ છે. આજે હિન્દુસ્તાનની પ્રગતિ અને જી.ડી.પી.ના વિકાસમાં ખેડૂતોનો બહુ મોટો ફાળો છે. આ વિકાસમાં ૧૮ ટકા ફાળો ધરાવતા કૃષિ વિભાગની માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે બજેટમાં ૩.૭૪ ટકા માત્ર કૃષિ માટેની જે ફાળવણી લઇને આવ્યા છે. કયા ખેડૂતોની આપ ચિંતા કરવા માંગો છો? કોની આપ ચિંતા કરવા માંગો છો? સતત સામે પક્ષેથી હું સાંભળી રહ્યો છું. હવે વિધાનસભાના છેલ્લા દિવસો ચાલી રહ્યા છે. બે દિવસમાં વિધાનસભાનું બજેટ સત્ર પૂરું થવાનું છે ત્યારે જગતનો તાત, જગતનો તાત એવી વાતો કરીને સતત ખેડૂતોની ચિંતા થતી હોય એવો સતત દેખાવ કરતી હોય એવું લાગી રહ્યું છે. આજે ખેડૂતો મોતને ઘાટ ઉતરી રહ્યા છે આ સરકારની ખોટી નીતિઓના કારણે. આત્મવિલોપન કરવું પડે છે અને વધારેમાં વધારે ખેડૂતો આત્મવિલોપન કરતા હોય તો ભારતીય જનતા પાર્ટીના રાજમાં થયા છે. આંકડા આપ તપાસી લો મારે કહેવાની જરૂર નથી. ખેડૂત એટલે કોણ? ૨૪ કલાકમાંથી ૨૦ કલાક મહેનત કરતો અમારી ગ્રેજ્યુએટ થયેલી દીકરી પણ સાઇકલ લઇને એના પપ્પાને ચા આપવા આવી જાય આ ખેડૂત છે. એની ચિંતા કોણ કરે છે? શ્રી રાઘવજીભાઇ કૃષિ મંત્રી બન્યા છે. એમના ભૂતકાળના ભાષણો એ વાંચી લે અને એ પ્રમાણે અમલવારી કરે તો હું શ્રી રાઘવજીભાઇને અભિનંદન આપીશ. આજે પશુપાલનની વાત કરવામાં આવે છે. ખેડૂતોની વાત કરવામાં આવે છે. મારી પાસે એક અહેવાલ આવ્યો છે. ગુજરાતની પ્રજાના પેટમાં દરરોજ ૩૦ લાખ લિટર નકલી દૂધ જઇ રહ્યું છે. કોના પાપે આ થઇ રહ્યું છે? આટલું બધું નકલી દૂધ વેચાઇ રહ્યું છે અને સતત ચિંતા કરનારી સરકાર શ્રી નરેન્દ્રભાઇ મોદી, શ્રી આત્મારામભાઇ બોલતા હતા હું જોતો હતો વિકાસવાળા વડાપ્રધાન અને આજે કેન્સર માટે પીડાતા દર્દીઓ આ નકલી દૂધના કારણે પીડાઇ રહ્યા છે. ફુડ વિભાગને દિવાળીના બોનસ અને ફુડ વિભાગની હપ્તાખોરીના કારણે ૩૦ લાખ લીટર કુદરતના પવિત્ર તત્વ એવા દૂધમાં ભેળસેળ કરી રહ્યું છે. કોણ આ કરાવી રહ્યું છે? શા માટે આવી તપાસ કરવામાં આવતી નથી? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને બોલવા તો દો. સીધી ચિંતા થઇ જાય છે. સાચી વાત સાંભળવી હોય તો સીધી ચિંતા થઇ જાય છે. (અંતરાય) મારો સમય કપાઇ જાય છે. એમને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કરવો હોય તો મારી છ મિનિટ પછી કરે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમનું પ્રવચન પૂરું થવા દો. હું ટાઇમ આપીશ. આપ બેસો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનીય અધ્યક્ષશ્રી, આજે ખેડૂતોની ચિંતા કરવા માટે સરકાર નિષ્ફળ નીવડી છે એટલા માટે અમને ચિંતા થાય છે. હું ખેડૂતોનો પ્રતિનિધિ છું. સતત ખેડૂતો માટે ચિંતા કરી છે અને સતત વાતો થઇ રહી છે. ૧૮ ટકામાં ખેડૂતોને ધિરાણ આપતી હતી કોંગ્રેસની સરકાર મારે એના આંકડા પણ રાજ્ય સરકારના આંકડા પણ ફ્લોર ઉપર મૂકવા છે. માનનીય શ્રી મનમોહનસિંહજીની સરકાર હતી અને સંસદ સભ્ય તરીકે ચૂંટાઇને મને કામગીરી કરવાની તક મળી. પહેલીવહેલી ૭ ટકા રાહત આપવાની યોજના જો કોઇએ કરી હોય તો યુ.પી.એ. સરકાર, મનમોહનસિંહજીની સરકારે કરી અને એમાં પણ ૩ ટકા રાહત આપવા માટેની વાત કરી છે એ નાબાર્ડ તરફથી રાહત અપાય છે. ૪ ટકા રાજ્ય સરકારે આપવાની વાત થઇ છે. મારે ગૃહના મુખ્યમંત્રીશ્રી બેઠા છે ત્યારે કહેવું છે. નાણામંત્રી પણ બેઠા છે ત્યારે કહેવું છે. બે વર્ષથી ખેડૂતો માટેની ચાર ટકાની રાહત માટેના પૈસા આજે પણ ચૂકવાયા નથી. તમે યોજના કરો છો. યોજના કર્યા પછી એની અમલવારી થતી નથી. ગયા વખતે પણ એક વિનિયોગ વિધેયક અને મેં કર્યું હતું અને ૧,૪૦૦ કરોડ રૂપિયા છૂટા કર્યા હતા. વધારાની માગણી પણ લઇ આવ્યા ત્યારે અમારા આ ગૃહના સભ્ય શ્રી લલિતભાઇ કગથરાએ પણ આ અંગે કહ્યું છતાં પણ એ પૈસા ચૂકવાયા નથી. નાણામંત્રીશ્રી, તમે ચૂકવો હું એ કહેવા માંગું છું. હું કાંઇ ટીકા નથી કરતો, પરંતુ ખેડૂતને આપણે ઝીરો ટકા વ્યાજથી આપવાની વાત કરતા હતા ત્યારે કોમર્શિયલ બેંકો પણ લૂંટી રહી છે. ખેડૂતોને બચાવવા માટેની જવાબદારી આ ગૃહની છે. અમારો પણ સહકાર છે, અમારો પણ ટેકો છે. અમે ટેકો આપવા માટેની વાત કરીએ તો સામા પક્ષેથી બોલવા ઉભા થાય છે તમારા ટેકાની જરૂર નથી અને

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કયારેક કયારેક પાછા એમ કહે ગૃહના તમામ સભ્યો આપણે આ ગૃહની ગરિમા જાળવવા માટે સર્વાનુમતે વાત કરવી જોઇએ. એકબાજુ તમે આ વાત કરો છો. *(xxx) ખેડૂતો માટે. ખેડૂતો માટે તમારે એક મક્કમ નિર્ધાર કરવો પડશે અને ખેડૂતો માટે મક્કમ નિર્ધાર નહીં થાય તો આજે જગતનો તાત પોતાની જમીન વેચી દે છે. મારા વિસ્તારમાં હું ગયો. મને કીધું એક ખેડૂતભાઇએ વિરજીભાઇ, બે બાળકો બસની નીતિ રાજય સરકાર ઘણા વખતથી લાવી છે પણ મારે તો બે બાળકોમાં એક દીકરી અને એક દીકરાને બદલે બે દીકરા લાવવા પડે એમ છે એટલા માટે કે એક દીકરાને તો ઓન લાઇન જ ઉભો રાખવો પડે છે. સવારથી ઓનલાઇન ખેડૂતોને ટિપણું જોઇતું હોય તો ઓનલાઇન શ્રી રાઘવજીભાઇ, આ ખેડૂતનો દીકરો...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ વિરજીભાઇએ એમની વાતમાં ગુજરાતના મહેનતું ખેડૂતો ઉપર આક્ષેપ કર્યા છે. ગુજરાતના ૩૦ લાખ જેટલા ખેડૂતો, પશુપાલકો ઉપર આક્ષેપ કર્યો છે કે ૩૦ લાખ લિટર દૂધ નકલી આપે છે. મારે આ સભાગૃહને કહેવું છે કે વિરજીભાઇ એના પુરાવા આપે. પુરાવા ન આપી શકે તો આખા વિધાનસભા ગૃહમાં ખોટી માહિતી આપવા બદલ આ ગુજરાતના ખેડૂતોને બદનામ કરવા બદલ ગુજરાતના આ પશુપાલકોને બદનામ કરવા બદલ એ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ અને કડક કાર્યવાહી કરવી જોઇએ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : મારી પાસે પુરાવા છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીને આપજો. તપાસ કરાવશે.

**પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિરજીભાઇએ જે ખેડૂતોને વ્યાજ ચૂકવવાની વાત કરી. એના માટે જે બેન્કો હિસાબો સબમીટ નથી કરતી. એવા થોડા ખેડૂતોના પૈસા બાકી છે. ગુજરાત સરકારે સહકારી બેન્કોને ૫૦૦ કરોડ રૂપિયાનું રિવોલ્વિંગ ફંડ આપ્યું છે. કે જેથી આ બધું વ્યાજ રેગ્યુલર ચૂકવી શકાય.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**અસંસદીય શબ્દ દૂર કરવા અંગે**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી વિરજીભાઇએ જે શબ્દ વાપર્યા કે આ *(xxx)તે અસંસદીય શબ્દ છે, જે રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : એ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સાહેબ તેમજ માનનીય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી દ્વારા રાજ્યમાં રમત-ગમતનો સર્વાંગી વિકાસ થાય અને સમગ્ર વિશ્વમાં ગુજરાત રમત-ગમત પ્રવૃત્તિનું કેન્દ્ર બને એ માટે સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. માનનીય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી દ્વારા માગણી ક્રમાંક-૯૮ રજૂ કરી રહ્યા છે, તેને હું સમર્થન આપી રહ્યો છું. કોઇપણ દેશનો વિકાસ તેના ઇન્ફ્રાસ્ટ્રકચરના કારણે આભારી હોય છે. તેથી જ આ સરકારે રમત-ગમત ક્ષેત્રેના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી સ્પોર્ટસ, ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં જિલ્લા રમત-ગમત સંકૂલો ઉભાં કરવામાં આવી રહેલ છે. સમગ્ર રાજ્યમાં હાલમાં ૧૯ જિલ્લા કક્ષાના રમત-ગમત સંકૂલો ઉભાં કરવામાં આવ્યાં છે. તેમજ (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી શશીકાંતભાઇ આપનું પ્રવચન ચાલુ રાખો. એ બાજુ ધ્યાન ન આપશો.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : હવે સાંભળજો. માનનીય અધ્યક્ષશ્રી, રમત-ગમત ક્ષેત્રને ગુજરાતની ભાજપની સરકારે જે આગવું પ્રદાન આપ્યું છે. ભૂતકાળમાં કોંગ્રેસની સરકારે કયારેય આપ્યું નથી. હું આપના માધ્યમથી કહેવા માગું છું કે ખેલ મહાકભ જેવી રમત-ગમતના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને એકત્ર કર્યુ હોય, સામાજિક સમરસતા કેળવી હોય, દેશની એકતાનો સંદેશો આપ્યો હોય તો આ ખેલ મહાકુંભ દ્વારા આપવામાં આવ્યો છે. ગુજરાતની વાત કરીએ તો ભૂતકાળમાં કોંગ્રેસની સરકારે (અંતરાય) માપમાં જ કહું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી પ્રતાપભાઇ, તમે વારંવાર બધા સભ્યોને ડિસ્ટર્બ કરીને વચ્ચે બોલો છો. પ્લીઝ, બેઠા બેઠા બોલવાનું બંધ કરો. હું આપને તાકીદ કરું છું. હું જોઇ રહી છું. એ રીતે ઉભા ન થઇ જાવ. મેં આપને કહ્યું નથી. પ્લીઝ બેસો. બધા બેસો. કોઇપણ સભ્ય આટલી તૈયારી કરીને ભાષણ કરતા હોય, ત્યારે તેમને વારંવાર ડિસ્ટર્બ કરવા એ યોગ્ય નથી. કાંઇ બોલવાનું નથી. શ્રી શશીકાંતભાઇ ચાલુ રાખો. સૌ બેસો. બધા બેસો. આપ બેસો.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : કોંગ્રેસ આ રમત-ગમત ક્ષેત્રની વાત કરે છે. ભારતની ક્રિકેટની મેચ રમાતી હોય અને ત્યારે...

અધ્યક્ષશ્રી : તમને ડિસ્ટર્બ ન થાય એટલા માટે આપનું પ્રવચન હતું ત્યારે મેં મંત્રીશ્રીને પણ ના પાડી હતી.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, ભારત પાકિસ્તાન મેચ હોય, દેશની એકતા સમાન સમગ્ર દેશ ભારતની તરફેણમાં વિજયોત્સવ મનાવવા માટે ઉભો થયો હોય.ત્યારે આ દેશના અમુક વિસ્તારોમાં પાકિસ્તાન તરફી સૂત્રો

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બોલાતા હોય, જે તે વખતની સરકારો દ્વારા અને હું એ જ કહેવા માગું છું કે, કોંગ્રેસની સરકાર દ્વારા, હું એટલા માટે કહેવા માગું છું કે, ત્યારે કોંગ્રેસની સરકારે અને હું એ જ કહેવા માગું છું કે કોઇ પગલાં લીધાં ન હતાં અને પરિણામે તોફાનો ફાટી નીકળ્યા હતા. આ કોંગ્રેસના મિત્રો વાતો કરી રહ્યા છે, ખેડૂતોની વાતો કરી રહ્યા છે. અરે ભાઇ, ખેડૂતોની વાત કરવાનો તમને કોઇ અધિકાર નથી. ભૂતકાળમાં કોંગ્રેસની સરકારે નિર્દોષ ખેડૂતો ઉપર નિર્દયી રીતે ગોળીબાર કર્યા હતા. શ્રી વિરજીભાઇ એ ભૂલી ન જાઓ, શ્રી વિરજીભાઇ એ ભૂલી ન જાઓ. ખેડૂતો ઉપર નિર્દયી રીતે ગોળીબાર કર્યા પરિણામે તમે ૨૭-૨૭ વર્ષથી અહીં વિરોધપક્ષમાં બેઠા છો. ૨૭-૨૭ વર્ષથી આપ વિરોધપક્ષમાં બેઠા છો તે ભૂલી ન જાઓ અને હજી બીજાં ૨૦ વર્ષ સુધી તમારે વિરજીભાઇ આ જગ્યાએ જ બેસવાનું છે. હું આપના માધ્યમથી એ પણ કહેવા માગું છું કે, આ કોંગ્રેસની સરકારે ભૂતકાળમાં જયારે સરદાર વલ્લભભાઇ પટેલને રજવાડાં એકત્ર કરવાની જવાબદારી આપી અને જે તે વખતના પ્રધાનમંત્રીને એક જ રજવાડું એકત્ર કરવાની...

અધ્યક્ષશ્રી : શ્રી પ્રતાપભાઇ દુધાત, આપ આપની જગ્યા ઉપર બેસો. પ્લીઝ.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : ત્યારે હું એ કહેવા માગું છું કે, જે તે વખતના પ્રધાનમંત્રી કાશ્મીર પણ ભારત દેશમાં એકત્ર ન કરી શક્યા, પરિણામે કડક પગલાં લેવાં પડયાં. તે ૩૭૦ ની ધારા ભારત માતાના મુગટ સમાન આપણા સૌના માટે સંકટ બની. ત્યારે આપણા યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી તેમજ શ્રી અમિતભાઇ શાહ દ્વારા ૩૭૦ ની કલમ હટાવી આ ભારત એક છે, આ ભારત દેશ એક છે, અખંડિત છે અને અખંડિત રહેવાનો છે. ગમે તેવા *(xxx) કૂદકા મારે તો પણ ભારત દેશને....

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી નાથાભાઇ પટેલ. માનનીય શ્રી બળદેવભાઇ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય મંત્રીશ્રી જે *(xxx) શબ્દ બોલ્યા છે તે દૂર કરવામાં આવે.

શ્રી નથાભાઇ હે. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ ખેતીપ્રધાન દેશ છે. ૭૦ ટકા જેટલી વસતિ ગ્રામ્ય વિસ્તારમાં રહે છે. તે ખેતી અને પશુપાલન ઉપર આધારિત છે. તેની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલી છે તે નહિવત જ છે. એકબાજુ સરકાર ખેડૂતોની આવક બમણી કરવા માગતી હોય અને એકબાજુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માગતા હોય તો આ બજેટમાં જે જોગવાઇ કરેલી છે, તેનાથી સામાન્ય ખેડૂત સુધી આ વાત પહોંચશે નહીં. શિબિરો કે બીજા ખર્ચા કરવા પડે તેના માટે વધારે જોગવાઇ કરવાની જરૂર છે. બનાસકાંઠા જિલ્લો ખેતી અને પશુપાલન આધારિત જિલ્લો છે. બનાસકાંઠા જિલ્લામાં ફુવારા પદ્ધતિથી ૮૦ ટકા જેટલી ખેતી કરવામાં આવે છે. જયારે પાણીની અછત હોય ત્યારે ૮૦ થી ૭૫ જેટલી ખેતી ફુવારા પદ્ધતિથી થતી હોય અને તેના ઉપર સાત વર્ષ સુધી એક જ વાર ફુવારા આપવાની જોગવાઇ કરેલી છે. સાત વર્ષ સુધી બીજા ફુવારા આપવાની જોગવાઇ નથી. જયારે ટેકનોલોજી વિકસી છે અને દિવસે દિવસે મોટા ફુવારા, સૂક્ષ્મ ફુવારા તથા ટપક સિંચાઇ પદ્ધતિ આવી છે ત્યારે તેમાં જે સબસિડી બંધ કરી છે તેને ફરી ચાલુ કરવી જોઇએ. ખેડૂતનો દીકરો ખેતી કરતો હોય અને ટેકનોલોજી સાથે હાથ મિલાવી ખેતી કરતો હોય ત્યારે તેમાં ૭૦ થી ૮૦ ટકા સબસિડી આપવી જોઇએ, આમ કરવામાં આવશે તો પાણીનો બચાવ કરી શકાશે. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીએ એરંડાની ૭ નંબરની અને ૮ નંબરની જાતમાં સુધારણા કરી છે, રાઇ, તલ અને રજકો જેવા પાકો છે તેના માટે સુધરણાની કામગીરી પ્રગતિમાં છે. સૂકા વિસ્તારમાં એરંડા માટે જે જાત વિકસાવી છે તે ભારત દેશમાં બીજે કયાંય નથી. ઉત્તર ગુજરાતનો આ પાક આખા ભારતમાં વખણાય છે. તેના માટે યુનિવર્સિટીના પ્રોફેસરોને બિરદાવીને પ્રોત્સાહિત કરવા જોઇએ અને આવા પાકોને વિકસાવવા માટેની એક તક આપવા મારી સરકારશ્રીને વિનંતી છે. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં જે ફેકલ્ટી ચાલુ છે તેને ત્યાં જ ચાલુ રાખવી જોઇએ. તેને બીજા જિલ્લામાં ન ખસેડવા માટે મારી ભલામણ છે. મારા વિસ્તારમાં ૮૦ થી ૯૦ ટકા ખેડૂતો પશુપાલન સાથે સંકળાયેલ હોઇ ખેતરમાં જ રહે છે. ત્યાં લોડ શેડિંગના કારણે ખેડૂતોને ત્રણ થી ચાર કલાક જ વીજળી આપવામાં આવે છે. તે પણ તૂટક તૂટક આપવામાં આવે છે. જેથી ખેડૂતોને ઉનાળું સિઝનમાં ખેતી કરવામાં તકલીફ ઉભી થઇ છે. તો ખેડૂતોને સમયસર વીજળી આપવા માટે અને સીંગલ ફેઝ પાવર મળી રહે જેથી રાત્રે ખેડૂતોના બાળકો શિક્ષણ મેળવી શકે તેવી વ્યવસ્થા કરવા માટે મંત્રીશ્રીને મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂગર્ભ જળ ઉંડા જવાથી લોડ વધારવાનો એસ્ટીમેટ અને બીલ આપવામાં આવે છે, એ સમયસર બીલ ન ભરે તો એને એસ્ટીમેટ અને દંડ આપવામાં આવે છે. માનનીય ઉર્જા મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, ખેડૂત એસ્ટીમેટ અને બીલ તો ભરશે જ, પણ પાછું એક મહિનામાં પૈસા ન ભરે તો દંડ આપે છે અને એના માટે નવો સર્ક્યુલર કર્યો છે તો હું સરકારશ્રીને વિનંતી કરું છું કે, આ નવો સર્ક્યુલર કર્યો છે એને રદ કરવામાં આવે. ફરીથી ૮૦ થી ૯૦ ટકા સુધી દંડ લેવામાં આવે છે, કેટલા દંડ લેવા છે એતો કહો? હાલમાં સરકારશ્રી દ્વારા મારા વિસ્તારમાં ખેડૂતોની જે સરવે માપણી બનાસકાંઠા જિલ્લામાં થઇ છે અને એમાં ઘણી ક્ષતિઓ રહી છે. હજુ સુધી ઘણા વિવાદો ઉભા છે અને અરજીઓ પેન્ડિંગ છે, તો બનાસકાંઠા જિલ્લામાં વધારે અરજીઓ હોય તો એના માટે મહેસૂલ મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, બીજેથી સ્ટાફ મૂકવામાં આવે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને એનો નિકાલ ઝડપી કરવામાં આવે. બીજી એક મહેસૂલ મંત્રીશ્રીને રીતે મારી અંગત વિનંતી છે કે, જૂના રેકર્ડમાં જે રસ્તા બતાવવામાં આવ્યા હતા એ રસ્તાઓ નવા રેકર્ડમાં બંધ કરી દેવામાં આવ્યા છે તો એના ઉપરથી આપ સમજી શકો છો અથવા તો જે કોઇ ખેડૂતના દીકરાઓ હોય એ સમજી શકે છે કે, ભવિષ્યમાં ભાઇ-ભાઇમાં ઝગડા થશે, કોર્ટના વાંધા થશે, જૂની સરકાર કંઇ ગાંડી ન હતી કે રસ્તા બતાવ્યા હતા. તો એ જૂના રસ્તાઓ ચાલુ રાખવા જોઇએ એવી મારી અંગત ભલામણ છે અને જો આપ ખેડૂતોનું હિત ઇચ્છતા હોય તો આમાં ધ્યાન આપવું જોઇએ એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં પશુપાલન મોખરે છે. ૮૦ થી ૮૫ હજાર લિટર દૂધ દરરોજ બનાસ ડેરીમાં ભરાય છે, પણ સારી ઔલાદના પશુઓ તૈયાર કરવા માટે ગુજરાત લાઇવ સ્ટોક ડેવલપમેન્ટ બોર્ડની રચના વર્ષ ૨૦૦૨માં કરવામાં આવી છે અને પાટણ અને મોરબીમાં ટ્રેનિંગ સેન્ટરો ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, હરિયાણા રાજયમાં હરિયાણા લાઇવ સ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ મારફત હરિયાણાની મુરા ભેંસની નસ્લની ઔલાદ સુધારવા માટે સરકાર ડાયરેકટ ખેડૂતોને વિર્યના ડોઝ આપે છે તેમજ ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. એની જગ્યાએ આપણી ગુજરાત સરકાર શું કરે છે એ જુઓ, હરિયાણાની મુરા ભેંસ જે આખા વિશ્વમાં પ્રખ્યાત છે તેમ આપણા રાજયમાં પણ ઘણી બધી ગાયો અને ભેંસોની નસ્લો જેવી કે બન્નીની ભેંસ, જાફરાબાદી ભેંસ, મહેસાણાની ભેંસ, ગીરની ગાય, કાંકરેજી ગાયો આખા દેશમાં પ્રખ્યાત છે. આ નસ્લો લૂપ્ત થતી જાય છે અને તેને અટકાવવા માટે એની નસ્લ સુધારવા માટે બનાસ ડેરી મારફત કામગીરી થઇ રહી છે, પણ બજેટમાં આ નસ્લ સુધારવા માટેની બજેટમાં કોઇ જોગવાઇ કરેલી જણાતી નથી. તો ડેરીને એની અંદર અનુદાન આપી આવા જે વિર્ય દાન કરનાર હોય અને નસ્લ સુધારવાની પ્રવૃત્તિ કરતી સંસ્થા હોય એની મદદ કરવી જોઇએ. હાલમાં ડેરી પ્લાન્ટ કે સરકાર બંને દ્વારા વિર્ય દાન જ્યાં કરે છે ત્યાં ખેડૂતો પાસેથી પૈસા લેવામાં આવે છે. તો જો વિર્ય દાન કરી નસ્લ સુધારવી હોય, પ્રાકૃતિક ખેતી કરવી હોય, ગાયોની નસ્લ સુધારવી હોય અને રાત્રે આપણે ભોજન કરવા હોય તો પાયાની વસ્તુ આ છે. તો આ પાયાની વસ્તુ ઉપર ધ્યાન આપે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો હું બહુ ટીકા-ટિપ્પણમાં ક્યારેય પડતો નથી પણ, હમણા આ ગૃહના એક સભ્યશ્રીએ કોંગ્રેસ ઉપર સીધો આક્ષેપ કરીને કહ્યું છે કે, કોંગ્રેસના શાસનમાં ખેડૂતોને ગોળીએ દેવામાં આવ્યા હતા. ભૂતકાળની વાત કદાચ હશે, પણ વર્તમાનમાં પંજાબનો દાખલો છે કે *(xxx) આ તાજો જ દાખલો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાના બીજા મારા સાથી મિત્ર માનનીય શ્રી અત્મારામભાઇએ પણ બંદરો વિશેની ઘણી બધી વાતો કરી છે એમને મારે કહેવું છે, ઘોઘાની પણ વાત કરી છે, ભાવનગર બંદરની પણ વાત કરી છે ત્યારે મારે આત્મારામભાઇને પૂછવું છે કે, આત્મારામભાઇ, બારમાસી બંદર ભાવનગર હતું, ઘોઘાનો વહાણવટો એ જમાનામાં બહુ પ્રખ્યાત હતો. આજે શું પરિસ્થિતિ છે એ જરાક મને આપ કહો? માનનીય અધ્યક્ષશ્રી, આ જે બારમાસી બંદર હતા માનો કે વેરાવળ છે, ભાવનગર છે ત્યાંથી વિદેશમાં કોમર્શીયલ કાર્ગો જહાજ મારફત હજારો ટનનો નિકાસ થતો હતો. આજે બંદર વર્ષોથી એની એજ પરિસ્થિતિની અંદર ઠપ્પ પડ્યા છે. જૂના બંદરો જે ઠપ્પ પડયા, નવા બંદરો પ્રાઇવેટ જેટીઓ માટેની આપણે મંજૂરી આપીએ છીએ, એટલે મારી ખાસ માનનીય મંત્રીશ્રીને અને સરકારશ્રીને ખાસ વિનંતી છે કે, અમારું વેરાવળ બંદર છે તે કોમર્શીયલ માટે બારમાસી બંદર કહેવાતું હતું અને આજે તે બંધ છે તો તેના માટે પણ સરકાર કંઇક વિચારે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ શ્રી ઇશ્વરભાઇએ પણ વાત કરી અને મારા સૂત્રાપાડા બંદરનું પણ નામ લીધુ છે કે સરકારશ્રીએ માછીમાર ભાઇઓ માટે બહું મોટું પેકેજ અને સહાય પણ આપી છે. મને રેકર્ડ આધારિત થોડું આપે તો મને ખ્યાલ આવે. હું વર્ષ ૨૦૧૭થી પહેલું બજેટ સત્ર ચાલુ થયું, ત્યારથી સૂત્રાપાડા બંદર માટે માગણી કરતો આવ્યો છું, વાત કરતો આવ્યો છું, પણ આજની તારીખ સુધી સરકાર તેમનો પ્રશ્નોત્તરીમાં જવાબ આપે, પ્રશ્નોત્તરીના જવાબની અંદર કાર્યરત થવાની તૈયારી છે, કાર્યરત થઇ ગયુ છે, કયાંક જીઆઇડીસીની જમીન તેમાં મળી નથી, તો કયાંક બીજો કોઇ પ્રોબ્લેમ છે આવી વાતો કરે છે, ત્યારે વાસ્તવિક પરિસ્થિતિ શું છે તે આજે માનનીય મંત્રીશ્રી જણાવે. સૂત્રાપાડાનું બંદર તમે કાર્યરત કરવાના છો કે નથી કરવાના? કરવાના હો તો કયારે કરવાના છો અને કેટલા સમયમાં કરવાના છો ? તેની પહેલાં ખાતમુહૂર્ત તો ઘણા બધા થઇ ગયા છે. મારી સરકારશ્રીને અને માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, સૂત્રાપાડા બંદરનું તમે ટેન્ડર બહાર પાડો, ખાતમુહૂર્ત છે તે માનનીય મુખ્યમંત્રીશ્રી ના હાથે કરો અને જો તેનુ ખાતમુહૂર્ત કરીને સૂત્રાપાડાનું બંદર કાર્યરત કરવા માગતા હો તો મુખ્યમંત્રીશ્રીને પહેલો હાર હું ત્યાં જઇને પહેરાવું, તેમનું સ્વાગત કરું. આ તમે પાંચ વર્ષથી એકની એક વાત અને એકનો એક જવાબ અને જવાબની અંદર વિસંગતતાઓ, કયાંક ખોટો જવાબ અને આપણે કયાં સુધી તે લોકોને ગુમરાહ કરી રાખીશું કે તે લોકોને આપણે ખોટા વચનો આપ્યા કરીશું. એટલે મારી વિનંતી છે કે, આજે વાસ્તવિક પરિસ્થિતિ તમે જણાવો કે કેટલા સમયમાં સૂત્રાપાડા બંદરનું તમે ટેન્ડર બહાર પાડો છો, તેનુ ખાતમુહૂર્ત કરો છો અને તેને કાર્યરત કરવા માગો છો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૯મી માર્ચ ૨૦૨૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, દરિયા કાંઠાના મારા જે નાના બંદરો છે તેની અંદર જે નાના હોડી લઇને જે ફિશિંગ કરવા જતા હોય, મોટાં ટ્રોલર લઇને જતાં હોય, છેલ્લાં પાંચ વર્ષથી તેની જાળ ઉપર, તેના ડીઝલ એન્જીન જે ખરીદતા હોય તેની ઉપરની સબસિડી તે લોકોને મળી નથી. આપણે ડિક્લેર કરીએ છીએ, તેનું પેકેજ ડિક્લેર કરીએ છીએ પણ તેના સુધી તેની સહાય મળી છે કે નહીં તેની તપાસ કયારેય કરી છે ખરી? એ લોકો જયારે ડીઝલ કે કેરોસીન નાંખી અને તેની બોટ કે નાની હોડી લઇને ફિશિંગ કરવા જતા હોય, કેરોસીન તો બંધ થઇ ગયુ છે, ડીઝલ ઉપરની સબસિડી બંધ થઇ ગઇ છે અને તે ટાઇમસર મળતી નથી. પહેલાંના વખતની અંદર ડીઝલ ઉપરની સબસિડી સીધી તેના ખાતામાં એડવાન્સમાં જમા થતી હતી અને ફિશરમેનને ઉપરના પૈસા આપવા પડતા હતા. આજે પૂરેપૂરી રકમ તેને ડીઝલ ખરીદવા માટે આપવી પડે છે અને સબસિડી પાછળથી જમા પણ થતી નથી. તેમને ઝાર ઉપર, મશીન ઉપરની જે સબસિડી હોય છે તે પણ છેલ્લાં પાંચ વર્ષથી મળી નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, નાના ફિશરમેનો જે છે તેને આપણે પગદંડી સાઇકલ તેની ૮ હજાર રૂપિયાની કીટ આપીએ છીએ તેની અંદર બે ઝાર હોય છે એક તેને સાઇકલ આપવામાં આવે. તે સાઇકલ લઇને નાના નાના જે તળાવો, નાની ખાડી જે હોય તેની અંદર જાળ લઇને ફિશિંગ કરવા જતાં હોય છે. છેલ્લાં પાંચ વર્ષથી માનનીય મંત્રીશ્રી મને બતાવે કે મારા વિસ્તારનાં એકેય ફિશરમેનને એક કીટ જો મળી હોય તો એ જણાવે? આપણે જાહેરાતો કરીએ છીએ પણ વાસ્તવિક પરિસ્થિતિ એ જે સહાય તેમના માટેની યોજના ડિક્લેર કરીએ છીએ તે વાસ્તવિક તેના સુધી પહોંચે છે કે નહીં તેની તપાસ કરવી ખૂબ જરૂરી છે. આપણે કાગળ ઉપર ડિક્લેર કરી દઇએ, બજેટમાં ડિક્લેર કરી દઇએ એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ બે-ત્રણ મુદ્દાઓનો આજે મને જવાબ આપે? અમારું વેરાવળનું બંદર જે બારમાસી બંદર કહેવાતુ હતું તે આજે બંધ હાલતમાં છે અને બારમાસી બંદર તરીકેનું વેરાવળનું નામ હતું અને વિદેશની અંદર ઘણી બધી નિકાસ કરી શકતા હતા અને અમારે એવડી મોટી ઇન્ડસ્ટ્રીઝો આવેલી છે તો ત્યાંથી તે વાતને પણ જો કાર્યરત કરે તેના માટેની વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારના તોકતે વાવાઝોડાની અંદર ખેડૂતોને બાગ-બગીચાઓનું જે નુકસાન થયું તે નુકસના તેને આજની તારીખ સુધી ઓછામાં ઓછા ૩ હજાર ખેડૂતોને તેની સહાય નથી મળી તો તેની પણ તપાસ કરાવી અને તે યોગ્ય રીતે માનનીય મંત્રીશ્રી તેને સહાય મળે એના માટેના પ્રયત્ન કરીને મને તે વાતનો પણ જવાબ આપે. હું ઘણા સમયથી માગણી કરતો આવ્યો છું. બાગાયતી પાકો અમારા વિસ્તારમાં મોટા પાયે થાય છે. ત્યાંના ખેડૂતો નારિયેળી અને આંબાના બગીચાઓ ધરાવે છે. ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એનો વીમામાં સમાવેશ કરવામાં આવે કે જેથી વાવાઝોડું કે કુદરતી આફત આવે ત્યારે ખેડૂતોને વીમાનું કવચ હોય તો એને સહાય મળી શકે. પ્રાઇવેટ વીમો પણ લઇ શકે એટલી મારી મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી અજમલજી વ. ઠાકોર(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી કૃષિ, નાની સિંચાઇ વિભાગની માગણી ક્રમાંક - ૨ અને ૩ લઇને આવ્યા છે એને મારું સમર્થન કરું છું અને તે અંતર્ગત મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ એ કૃષિ પ્રધાન દેશ છે. આખા દેશનું અર્થતંત્ર કૃષિ આધારિત છે અને એટલા માટે આ દેશમાં છાતી કાઢીને ચાલવાનો કોઇને હક્ક હોય તો એ ફક્ત અને ફક્ત જગતના તાતને જ છે. સાચી સંપત્તિ ટંકશાળામાં નહિ પણ ભૂ-માતામાં છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કેન્દ્રમાં અને રાજ્યમાં ખેડૂતોની ચિંતા કરવાવાળી સરકાર છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી જેઓ આજે દેશ અને દુનિયાનું નેતૃત્ત્વ કરી રહ્યા છે તે મારા ખેરાલુ તાલુકાના વતની છે તેનો આજે પણ મને ગર્વ છે. ખેડૂતોનો સર્વાંગી વિકાસ થાય તે માટે કેન્દ્રની શ્રી નરેન્દ્રભાઇની અને ગુજરાતની શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ભાજપની સરકારના રાજમાં ખેડૂતોનું ઉત્પાદન અને આવક બમણા થાય તે માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનો અમલ કરવામાં આવેલ છે. તેના ભાગરૂપે સરકારશ્રી દ્વારા ખેડૂતોને મદદરૂપ થવા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના દ્વારા આપના માધ્યમથી ગૃહને માહિતગાર કરવા માંગુ છું કે ગુજરાત રાજ્યમાં ભારત સરકારશ્રીની પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો અમલ ખૂબ સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. કેન્દ્રમાં માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે ખેડૂતોને મદદરૂપ થવા માટે ૧૦૦ ટકા કેન્દ્ર સહાય યોજના તરીકે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના શરૂ કરવામાં આવી છે. ખેડૂત કુટુંબને દર વર્ષે રૂ.૬,૦૦૦ની સહાય ડી.બી.ટી. દ્વારા જમા આપવામાં આવે છે. એમાં કોઇ વચેટિયા આવતા નથી. આ યોજના અંગે હમણાં જ માનનીય સભ્યશ્રીએ એક સૂચન કર્યું હતું કે માનનીય વડાપ્રધાનશ્રીની યોજનામાં ક્યાંય ભ્રષ્ટાચાર ન થવો જોઇએ એનો સંપૂર્ણપણે અમલ કરવામાં આવેલ છે. વડાપ્રધાનશ્રી જનધન યોજના દ્વારા દરેકનું બેંકમાં ખાતું ખોલાવવા પાછળનું વિઝન એ હતું કે દરેક યોજનાની સહાયની રકમ સીધી બેંક ખાતામાં જમા થાય. પ્રધાનમંત્રી સન્માન નિધિ યોજના હેઠળ તા.૧૧/૨/૨૦૨૨ની સ્થિતિએ ૧ થી ૧૦ હપ્તામાં કુલ રૂ.૧૦,૩૨૨.૮૮ કરોડ જેવી માતબર રકમ ભાજપ સરકાર દ્વારા ખેડૂતોના બેંક એકાઉન્ટમાં ચુકવણુ કરવામાં આવેલ છે. હું ગૃહને માહિતગાર કરવા માંગુ છું કે ભારત સરકાર અને ગુજરાત સરકારે હંમેશા ખેડૂતોની ચિંતા કરી છે જેના કારણે ટેકાના ભાવની યોજનાનો અમલ સારી રીતે કરવામાં આવી રહ્યો છે અને ટેકાના ભાવથી ખેડૂત પણ ખુશ છે. ખેડૂતોની ટેકાના ભાવની યોજનામાં રાજ્યના મુખ્ય પાકો જેવા કે બાજરી, જુવાર, મકાઇ, ડાંગર, કપાસ, તુવેર, અડદ, મગફળી, તલ, ઘઉં, ચણા, મગ, રાઇ અને શેરડીનો સમાવેશ કરવામાં આવેલ છે. સરકારશ્રીના ટેકાના ભાવ કરતાં નીચા ભાવ જાય તો નિયત કરેલ નોડલ એજન્સી નિયત કરેલ ટેકાના ભાવે નક્કી કરેલ ફેર એવરેજ ક્વૉલિટી (પી.એ.ક્યુ.) મુજબ ખેત પેદાશોની ખરીદી કરે છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્યની નોડલ એજન્સી મારફત ૩.૫૪ લાખ ખેડૂતો પાસેથી રૂ.૩,૦૦૦.૪૮ કરોડના મૂલ્યની વિવિધ પેદાશો જેવી કે અડદ, મગ, ચણા, કપાસની ૫.૬૫ લાખ મેટ્રિક ટનથી વધારે ટેકાના ભાવે ખરીદી કરેલ છે. મારા ખેરાલુ વિધાનસભા મત વિસ્તારમાં ચીમનાબાઈ સરોવર આવેલું છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડના ધર્મ પત્નીના નામ પરથી આ તળાવનું નામ રાખવામાં આવેલ છે. કાદલપુરની સીમમાં ૬૦૦ એકર જમીનમાં સને ૧૯૦૫ માં ચીમનાબાઈ સરોવર ખોદાયેલું. જેને મહારાજાએ રાજ્યનું પ્રથમ વર્ગનું તળાવ બનાવેલ. આ સિંચાઇ તળાવ કાદરપુર રેલવે સ્ટેશનથી જોડાયેલ છે. મહારાજા ગાયકવાડ ખેરાલુની મુલાકાતે આવતાં, ત્યારે તળાવની આજુબાજુમાં રેલવે પણ હતી ત્યાં બેસીને તળાવનું નિરીક્ષણ કરતા હતા. મહારાજાને આરામ કરવા માટે ત્યાં હાલ બંગલો પણ છે. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં બહુચરાજી, મોઢેરા-ઐતિહાસિક સૂર્ય મંદિર, વડનગર-માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈની જન્મભૂમિનું હાટકેશ્વર મહાદેવનું મંદિર, તાના-રીરી, નરસિંહ મહેતાની ચોરી, તારંગા જેવા મંદિર, ધરોઈ ડેમ, અંબાજી શક્તિપીઠ સુધી પ્રવાસ કોરીડોર જાહેર થઈ રહ્યો છે, ત્યારે પૌરાણિક ચીમનાબાઈ સરોવરને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા માટે મારી વિનંતી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને ૧,૬૦૦ કિ.મી.નો લાંબો દરિયાકિનારો મળ્યો છે, ત્યારે રાજ્ય સરકારના ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ દ્વારા તે વખતે કરેલી બંદર નીતિઓની જાહેરાતમાં નાના અને મધ્યમ કક્ષાના બંદરોને વિકસાવવા માટેનું પ્લાનિંગ કરેલું અને ખાનગી બંદરોને ખાનગી ધોરણે વિકસાવવા માટેની જાહેરાત જે તે વખતે કરવામાં આવેલી. ખાસ કરીને મારા મત વિસ્તારમાં મેં કરેલા એક એલ.એ.ક્યુ. ગીર સોમનાથ જિલ્લાના હીરાકોટ, ધામળેજ અને સૈયદ રાજપરા ખાતે મત્સ્ય બંદર વિકસાવવા માટે હાલ કઈ સ્થિતિએ છે? તેમાં સરકારે જવાબ આપેલ હતો કે ઈ.એફ.આર.ને મંજૂરી આપવામાં આવેલ છે અને ડી.પી.આર. બનાવવાની કામગીરી આખરી તબક્કામાં છે. દર વખતે પ્રશ્ન પૂછીએ ત્યારે આ જ પ્રકારના ફોટો કોપી પ્રમાણેના જવાબો આપવામાં આવે છે. મારા વિસ્તારના બક્ષીપંચ સમાજના ગામમાં સૈયદ રાજપરા બંદર સાથે ૧૫ હજાર લોકોને રોજગારી મળે છે. છે. નાની મોટી ૫૦૦ થી ૬૦૦ બોટોને લાંગરવા માટે અત્યારે સ્થળ ઉપર કોઈ પણ પ્રકારની વ્યવસ્થા નથી. નાની એવી ખાડીમાંથી બે-બે કિ.મી. સુધી દૂર લઈ જઈને બોટોને લાંગરવી પડે છે. આથી તાત્કાલિક અસરથી સૈયદ રાજપરા બંદરની ડી.પી.આર.ની કાર્યવાહીની ચકાસણી કરાવીને તાત્કાલિક અસરથી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરીને જરૂરિયાત મુજબની નાણાકીય બજેટની ફાળવણી કરીને આ કામ પૂર્ણ કરવામાં આવે તેવી રાજ્ય સરકાર પાસે માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માછીમારોને મદદ કરવા માટેની વાત કરીએ છીએ. ભૂતકાળમાં ડીઝલમાં સબસિડી આપવામાં આવતી હતી તેની લાંબી વાત નહિ કરું, પણ કેન્દ્ર અને રાજ્ય સરકારે મત્સ્ય ઉદ્યોગ વિભાગ દ્વારા ફિશિંગ વ્યવસાયને રિટેલ આઉટલેટમાંથી બલ્ક કન્ઝ્યુમરની માન્યતા આપતાં આજની સ્થિતિ એવી થઈ છે કે ફિશિંગના ઉપયોગ માટે માછીમાર ભાઇઓ કે બોટ માલિકો જે ડીઝલ અને કેરોસીનનો ઉપયોગ કરે છે તે હાલના બજારના રીટેલ ભાવ કરતાં પમ્પના ભાવે પ્રતિ લિટરે રૂ. ૨૨ વધારે ચૂકવવા પડે છે. માછીમાર ભાઇઓને એક લિટરે રૂ. ૨૨ વધારે ચૂકવવા પડતાં હોય તો તેને આર્થિક રીતે કોઈ પણ પ્રકારે પોસાય નહિ. દરિયા કિનારા ઉપર જે બંદરો છે અને માછીમાર વ્યવસાય સાથે જે સાગર ખેડૂતો સંકળાયેલા છે તેઓને ભારે મોટો અસંતોષ અને આક્રોશ છે. રાજ્ય સરકાર આ બાબતે ગંભીરતાપૂર્વક વિચારણા કરે અને તેને સબસિડી આપવામાં આવે અને તેમને જે રીતે પોસાય તે પ્રકારે ડીઝલની વહેંચણી કરવામાં આવે તેવી માનનીય મંત્રીશ્રી અને સરકારશ્રીને વિનંતી કરું છું. હું આ ગૃહમાં સતત રજૂઆત કરતો આવ્યો છું. પાકિસ્તાન મરીન દ્વારા વારંવાર માછીમારોને પકડવામાં આવે છે. આજની તારીખે ૫૧૯ માછીમારો પાકિસ્તાનની જેલમાં છે. એ જેલમાં છે ત્યારે સરકારે એમને છોડાવવા માટેના પ્રયત્ન કરવા જોઇએ. છેલ્લાં બે વર્ષમાં માત્ર ૨૧ માછીમારોને જ પાકિસ્તાનની જેલમાંથી છોડાવવામાં ભારત સરકાર સફળ રહ્યું છે. આ સિવાયના બાકીના માછીમારોને તમે કયારે છોડાવવાના છો? ભૂતકાળમાં આપણે ૫૬ ઇંચની છાતીની વાત કરતા હતા અને એવા સમયે જે માછીમારો જેલમાં છે, એવા ૫૧૯ પૈકી લગભગ ૧૫૦ જેટલા માછીમારોના કુટુંબો અને વારસદારોને પ્રતિદિન જે રકમ રૂપિયા ૩૦૦/- સહાય ચૂકવવામાં આવે છે એ પણ હજી સુધી ચૂકવવામાં આવતા નથી. તો તાત્કાલિક અસરથી ચૂકવવામાં આવે. મારા વિસ્તારના ઉના તાલુકાના વાંસોદ ગામના શ્રી નાનુભાઇ રામભાઇ કામડિયા, ૪ વર્ષ પહેલાં વેરાવળ માછીમારી કરવા જતાં પાકિસ્તાન મરીન દ્વારા પકડવામાં આવ્યા અને તારીખ ૦૩-૦૨-૨૦૨૨ના રોજ પાકિસ્તાનની જેલમાં એમનું મૃત્યુ થયું છે. મૃત્યુ થયાને આજે ૫૩ દિવસ થયા છતાં એમના મૃતદેહને પાકિસ્તાનથી એમના વતન, એમના પરિવારને મૃતદેહ મળે એના માટે રજૂઆતો કરવા છતાં આજ તારીખ સુધી મૃતદેહ મળ્યો નથી. ત્યારે મારે સરકારને કહેવું છે કે આપણે ૫૬ ઇંચની છાતીની વાત કરીએ છીએ, તો પાકિસ્તાનને લાલ આંખ બતાવો અને તેમના પરિવારને મૃતદેહ મળે એવી સરકાર પાસે હું માંગણી કરૂ છું.

શ્રી હિતુ કનોડિયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, ૫૬ ઇંચની છાતી તો જયારે યુક્રેન અને રશિયાના યુદ્ધની અંદરથી વિદ્યાર્થીઓને અહીંયા પરત લાવવામાં આવ્યા છે ત્યારે ભારતે બતાવી દીધી છે. શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આ સરકારના યુથ આઇકોન એવા રમતગમત, યુવા, સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીજી જે માગણી ક્રમાંક- ૯૮ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું. મારી ઊર્જા આપું છું અને મારા વિચારો રજૂ કરૂ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જયારે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની વાત કરીએ છીએ ત્યારે આપણા સંસ્કાર સાથે આ પ્રવૃતિઓ જોડાયેલી છે. સંસ્કારોથી માણસ છે. સંસ્કારોથી કુટુંબ શોભે છે. સંસ્કારોથી સમાજ શોભે છે. સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં મનુષ્યજાતિની બુદ્ધિમત્તા, મનુષ્ય જાતિનો પ્રેમ, એકબીજાના પરસ્પર સંબંધો, એકતા, આવડત વિગેરે મેઘધનુષ્ય જેવા અનેક રંગો જોવા મળે છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જાણે જિંદગીની ખુશીઓનો મેળો છે. અહીં કોઇ જાતિ નથી કે અમીર, ગરીબ નથી. પ્રાંતવાદનું દૂષણ પણ નથી. બધા એક થઇને એકસાથે જિંદગીના ઉત્સવની ઊજવણીઓ કરતા હોય છે. આપણી સરકારે આ દિશામાં ઘણાં બધાં પગલાં માંડ્યા છે. સરકારે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કર્યુ છે. ઊજવણીની વાત થતી હોય ત્યારે હંમેશા વિપક્ષ કહેતું હોય છે કે શેની ઊજવણીઓ કરો છો? એકલા વૃક્ષો લીલાછમ હોય, એના કરતાં મનુષ્યો પણ લીલાછમ થાય, ડોલે, સાથે ગાય, નાચે, પોતાના આંસુઓ લૂંછે, હળીમળીને દુઃખ ભૂલી જાય, એવું કરીએ તો જયારે વસંતોત્સવ આવે છે તો આ વસંતોત્સવની ઊજવણી ના થવી જોઇએ? ગાંધીનગરમાં સાંસ્કૃતિક કૂંજમાં કેવી સુંદર મજાની આ વસંતોત્સવની ઊજવણી થાય છે. આખા દેશ અને અલગ અલગ પ્રાંતમાંથી કલાકારો આવીને જયારે એ લોકો પોતાનું પર્ફોર્મન્સિસ આપતા હોય છે ત્યારે એ કેટલું સુંદર દેખાતું હોય છે. ગામડે ગામડે, પાળિયે પાળિયે, ઘણી બધી ગાથાઓ હતી પણ એ લોકો સુધી પહોંચતી ન હતી. ત્યારે એક સોરઠી સપૂત ઉભો થયો અને ગામેગામ ફર્યો અને એ સોરઠ હોય કે ગુજરાત, એ આ ગુજરાતના પુત્ર એવા ઝવેરચંદ મેઘાણીએ જયારે આ વાત લોકો સુધી પહોંચાડી છે, તો એમની ૧૨૫મી જયંતિની ઊજવણી ના થવી જોઇએ? થવી જ જોઇએ. આપણને જે આઝાદી મળી અને એ આઝાદીના રજવાડાઓને એક સાથે લાવ્યા, નિઝામ અને નવાબની શાન ઠેકાણે લાવી, અખંડ ભારતનું જેમણે નિર્માણ કર્યુ એવા વલ્લભભાઇ પટેલ સાહેબની ૧૪૬મી જન્મજયંતિની ઊજવણી ના કરવી જોઇએ? જયારે આપણી આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં થાય ત્યારે આઝાદીના અમૃત મહોત્સવની ઊજવણી ના થવી જોઇએ? થવી જ જોઇએ. કારણ કે, આપણા યુવાધનને આપણા સંસ્કાર અને સંસ્કૃતિની માહિતી હોવી જોઇએ. એટલે ઊજવણી થવી જોઇએ. ખાસ કરીને, આખા વિશ્વની અંદર ભારત દેશ સૌથી વધારે ૬૫ ટકાથી યુવાથી ભરેલો છે ત્યારે થોડા દિવસ પહેલા યુવાની ઊર્જા જોઇ હતી જયારે સરદાર પટેલ સ્ટેડિયમની અંદર આ વિશ્વના સૌથી જાનદાર, શાનદાર અને ઇમાનદાર નેતા એવા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખેલ મહાકુંભનો પ્રારંભ કર્યો હતો. ત્યારે લોકોએ જોયું હતું કે યુવામાં કેવી ઉર્જા છે. હમણાં થોડીવાર પહેલા આદરણીય શ્રી લલીતભાઇ કગથરા સાહેબ વર્ષ ૨૦૦૦ ની સાલથી તમે લોકો બધી વાત કરો છો એમ કહેતા હતા, અને એમાં આદરણીય શ્રી અનંતભાઇએ પણ એક વાત મૂકી હતી. એને અનુલક્ષીને એક નાનકડી વાત કરવા માગું છું. પહેલા બારખડીમાં ''ભ'' એટલે ભમરડાનો ''ભ'' હતો, પણ થોડાં વર્ષો પહેલાં એ આખી જાણે બારાખડી બદલાઇ ગઇ હોય એમ ''ભ'' ફોર? હમણાં શ્રી અનંતભાઇ બોલતા હતા ને ઘડી ઘડી, કે કરો, કરો, એમ ''ભ'' ફોર ભ્રષ્ટાચારનો ''ભ'' ઘૂસી ગયો હતો, આજની યુવા પેઢીને એ સમજમાં આવતું હતું કે સરકાર એટલે ભ્રષ્ટાચાર સાથે સંકળાયેલી હોય છે. પણ હવે વર્ષ ૨૦૧૪ થી બારાખડી પાછી બદલાઇ ગઇ છે અને ''ભ'' ફોર ભારત, એ ભારત માટેની દેશભક્તિ જે પ્રસ્થાપિત થઇ છે એ કોણે કરી છે? નરેન્દ્ર મોદી સાહેબે આ દેશ ભક્તિની વાત લોકો સુધી પ્રસ્થાપિત કરી છે. એ જ રીતે યુવાનોની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે પર્વતારોહણ પણ કરવામાં આવે છે. અમારા ઇડરમા પણ પર્વતારોહણ કરવામાં આવે છે. મને ખૂબ ગૌરવ થાય છે કે વલસાડ, નવસારી, પંચમહાલ, જૂનાગઢ આ બધે આવી રીતે પર્વતારોહણની શિબિરો થાય છે અને એમાં ૧૪૦૦ શિબિરાર્થીઓએ ભાગ લીધો છે તે ખૂબ મહત્વનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મારી ફિલ્મ ઇન્ડસ્ટ્રીની પણ વાત કરી દઉં, મારા કલાકારોની પણ વાત કરી દઉં, તો ૬૦ વર્ષથી ઉપરની ઉમરના હોય છે તેવા કલાકારો કે જેણે કલાક્ષેત્રમાં ગણપાત્ર પ્રદાન કર્યુ હોય છે તે લોકોને ૧૨૦૦ થી લઇને ૪૮૦૦ મુજબ કુલ ૫૯૦ કલાકારોને વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૧૪.૫૮ લાખની વાર્ષિક સહાય આર.ટી.જી.એસ. દ્વારા કરવામાં આવેલી છે. ગયા વર્ષની કોરોના મહામારીમાં સૌથી વધારે જો તકલીફ પડી હોય તો એ કલાકારોને પડી છે. કારણ કે કાર્યક્રમો બંધ હતા, બધું જ બંધ હતું એટલે હું એક વિનંતી કરવા માગું છું સરકારને કે સંગીત નાટક એકેડમી દ્વારા આ કલાકારોનું રજિસ્ટ્રેશન થાય, એ લોકોને એક ઓળખકાર્ડ આપવામાં આવે, એટલે કપરા સમયમાં એ લોકોને વિશિષ્ઠ સહાય આપવામાં આવે ત્યારે એ ઉપયોગી થઇ શકે. રાજય સંગીત નૃત્ય નાટય જેવી કલાની પ્રવૃતિઓ સાથે સંકળાયેલા કલાકારો આપણી આ વિરાસતને જાળવવાનું કામ કરે છે. અમુક થોડાક પોઇન્ટસ અહીંયા મૂકવા માગું છું, વર્ષ ૨૦૧૯માં યોજાયેલ ખેલ મહાકુંભમાં ૪૦ લાખ હતા આ વખતે તો ૫૫ લાખ જેટલા લોકોએ નોંધણી એમાં કરાવી છે. અને ૭૩ કરોડ રૂપિયાની જોગવાઇ આ વર્ષે કરવામાં આવી છે. વલસાડ, ગીર સોમનાથ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, મોરબી, મહી સાગર, અરવલ્લી, સુરત, નવસારી ખાતે જિલ્લા કક્ષાના સ્પોર્ટ્સ સંકૂલ માટે ૪૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલ છે. જિલ્લા કક્ષાએ સ્પોર્ટ્સ સ્કૂલ ડી.એલ.એસ.એસ. માં ૩૯ શાળાઓના અંદાજે ૪,૩૫૦ વિદ્યાર્થીઓને સવલતો પૂરી પાડવાની જોગવાઇ ૪૩ કરોડ રૂપિયા છે. હું આ માગણીઓને સમર્થન આપું છું.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય શ્રી હિતુભાઇએ અત્યારે આપણને કક્કો બારખડી શીખવાડી, એ અનુસંધાને અમારે

એટલું જ કહેવું છે કે કોંગ્રેસની સરકાર વખતે ''ગ'' ગણપતિનો ''ગ'' થી બાળકોને શીખવાડવામાં આવતું હતું. અત્યારે ગ *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય રાજેશભાઇ, આવા શબ્દો ગૃહની અંદર ના શોભે, હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આવે જ છે, ભણાવવામાં આવે જ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : *(xxx) એવા શબ્દો સારા ન લાગે, (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કયાં કંઇ અસંસદીય શબ્દ છે?

અધ્યક્ષશ્રી : આવા શબ્દો ગૃહમાં ન શોભે, આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આપ તો બધું જાણો જ છો. આવા શબ્દો વપરાય જ નહીં. (અંતરાય) મને આ શોભાસ્પદ નથી લાગતું. અસંસદીય છે કે નથી એ નિર્ણય મારે કરવાનો છે. (અંતરાય) હું આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. (અંતરાય) અને મેં નિર્ણય કર્યો છે કે આવા શબ્દો ન શોભે, મેં મારું રૂલિંગ આપી દીધું છે.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની આવક બમણી કરવાની વાત કરે છે, પરંતુ પ્રોત્સાહન ન મળવાના કારણે ખેડૂતોની આવક બમણી થઇ શકતી નથી. માટે ખેડૂતોની આવક બમણી કરવાનું રાજય સરકાર વિચારતી હોય તો જયારે ખેડૂતો આજે ટ્રેકટર વડે ખેતી કરતા હોય છે, ત્યારે ખેડૂતોને ટ્રેકટરમાં વપરાતા ડીઝલ ઉપર સબસિડી આપવા માટે હું રાજય સરકારને વિનંતી કરું છું. મારા મત વિસ્તાર ધંધુકા તાલુકા અને ધોલેરા તાલુકામાં ઉપરવાસનું પાણી આવવાના કારણે અને ધોલેરા એસ.આર.આઇ. વિકસાવે છે અને બીજા ગેરકાયદેસર બાંધકામો થવાને કારણે, દબાણો થવાને કારણે પાણીનો નિકાલ થતો નથી, પાણી રોકાય રહે છે એટલે સમયસર વાવણી થઇ શકતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ધંધૂકા તાલુકાની ધોળી વખતપર, ઉમરગઢ, ખસ્તા, રોઝકા, ધોલેરા તાલુકાના રાયસંગઢ, ભડીયાદ,આમલી,સેળા, કાસીન્દ્રા, ગાંફ, સોઢી, ચેર આ તમામ ગામોની અંદર જાન્યુઆરી મહિના સુધી પાણી ભરાય રહે છે, તેથી આ પાણીના નિકાલ માટે પણ રાજય સરકારે કંઇક આયોજન કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર ધંધુકા ધોલેરા ભાલિયા ઘઉંથી પ્રખ્યાત છે, પરંતુ ખેડૂતોને ભાલીયા ઘઉં અત્યારે વાવવા પણ પોસાય તેમ નથી, કારણ કે પૂરતું બજાર મળતું નથી. ભાલિયા ઘઉં બિન પિયત હોય છે, જેથી ઉત્પાદન ખૂબ ઓછું આવતું હોય છે, તેથી ભાલીયા ઘઉં માટે અલગ બજાર અને પૂરતા ભાવ મળે એના માટે પણ રાજય સરકારે વિચારવું પડશે. નહિતર આ ભાલિયા ઘઉંની ખેતી બંધ થઇ જશે અને ખાલી સંભારણું રહી જશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારના ધોલેરા, ધંધુકા, રાણાપુર અને બરવાળા તાલુકામાં એક પણ સ્પોર્ટ્સ સંકુલ નથી, જેથી ચારેય તાલુકાની અંદર સ્પોર્ટ્સ સંકુલ બનાવવામાં આવે તો ખેલ મહાકુંભ યથાર્થ થશે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે યુવાઓને પૂરતું પ્રોત્સાહન મળે અને પ્રેક્ટિસ કરી શકે એ માટે આપણે રાજયમાં જુદી જુદી જગ્યાએ જમીનો આપીએ છીએ, ત્યારે દરેક ગામની અંદર રમતગમતના મેદાન માટે જમીન નીમ કરીને પણ આપવી જોઇએ, જેથી કાયમી એ જમીન રમતગમતના મેદાન તરીકે રહે અને યુવાનો એમાં પ્રેક્ટિસ કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં ધંધુકામાં એક સરકારી ગ્રંથાલય આવેલ છે જે ભાડાના મકાનમાં ચાલે છે. મારા ચૂંટાયા બાદ રાજય સરકારમાં રજૂઆત કરી હતી કે આના માટે જમીન ફાળવવામાં આવે અને સરકારનું ગ્રંથાલય બનાવવામાં આવે પરંતુ આજદિન સુધી આ અંગે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતી,ખેડૂત અને ગામડું આબાદ તો દેશ આબાદ. ગુજરાતનો ખેડૂત ખૂબ તાકાતવાર છે. ધરતીમાં પાટુ મારીને અનાજ પેદા કરવાની એનામાં તાકાત છે, પરંતુ એને સિંચાઇ માટે પાણી, એને સમયસર વીજળી મળે તો ધાર્યું પરિણામ લઇ આવી શકે અને સરકારની કોઇ યોજના કે સબસિડીની જરૂર પણ ન પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કૃષિ મંત્રીશ્રીને કહેવું છે મેં એક એલેકયુ કર્યું હતું, એમાં મને જવાબ આપવામાં આવ્યો હતો કે રાજકોટ જિલ્લાની અંદર તમામ સિંચાઇ યોજના દ્વારા ૬૫,૩૩૫ હેકટર જમીનને સિંચાઇ માટેનું પાણી આપવામાં આવે છે. પછી મેં મારા વિસ્તારના અને આખા રાજકોટ જિલ્લાના આંકડા મેળવવા માટેનો પ્રયત્ન કર્યો. એમાં સૌથી વધુમાં વધુ જો સિંચાઇ માટેનું પાણી કયાંય આપવામાં આવતું હોય તો એ મારા ધોરાજી અને ઉપલેટા મત વિસ્તારમાં આપવામાં આવે છે. સરકારી આંકડા આપ્યા છે એ મુજબ ૪૯,૦૧૪ હેકટર જમીનમાં સિંચાઇ માટેનું પાણી આપવામાં આવે છે. આ સરકારી રેકર્ડ ઉપર છે. વાસ્તવિક પરિસ્થિતિની મારે માનનીય મંત્રીશ્રી વાત કરવી છે. મારા ઉપલેટામાં વેણું ડેમ ૪,૯૯૫ હેકટર જમીનમાં સિંચાઇ થાય એટલો કમાન્ડ વિસ્તાર છે. મોદ સિંચાઇ એમાં ૭,૪૦૩ હેકટરનો સિંચાઇ વિસ્તાર છે. ભાદર-૧ ડેમ ૨૬,૬૦૦ હેકટરનો સિંચાઇ વિસ્તાર છે. ભાદર-૨ ડેમ ૯,૯૫૬ હેકટરમાં સિંચાઇ વિસ્તાર આવેલો છે, પણ કેટલી વાસ્તવિક સિંચાઇ થાય છે, એ હું જણાવવા માગું છું. હું છેલ્લાં પાંચ વર્ષના આંકડા લઇ આવ્યો છું, પરંતુ છેલ્લાં વર્ષના આંકડા આપું કે મારે બીજા બે ત્રણ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મુદ્દાની ચર્ચા કરવી છે. વેણુમાં ૫૫૦ હેક્ટર જમીનમાં સિંચાઇનું પાણી આપવામાં આવે છે. મોજ ડેમની અંદર જેની કેપેસિટી ૭,૪૦૩ હેક્ટરની છે, ત્યાં ૨,૧૦૮ હેક્ટર જમીનમાં છેલ્લાં વર્ષમાં પાણી આપવામાં આવ્યું. ભાદર-૧ યોજનામાં ૨૬,૬૦૦ હેકટરનો કમાન્ડ એરિયા છે, ત્યાં ૩,૩૫૦ હેક્ટરમાં પાણી આપવામાં આવ્યું અને ભાદર-૨ ડેમ, જેની કેપેસિટી ૯,૯૫૬ હેક્ટરની છે, ત્યાં ફક્ત ૯૦૦ હેક્ટરમાં એટલે કે ૧૦ ટકા વિસ્તારમાં સિંચાઇ માટે પાણી આપવામાં આવ્યું. આ બધી સિંચાઇ યોજનાઓ કોંગ્રેસના વખતમાં બની હતી. કેનાલ હતી, લાઇનિંગ કેનાલો કરવામાં આવી હતી. રાઘવજીભાઇ, આજથી ૨૦ વર્ષ પહેલાં પૂરેપૂરા કમાન્ડ એરિયામાં સિંચાઇ માટેનું પાણી પૂરું પાડવામાં આવતું હતું. આજે ખેડૂતોને સિંચાઇ માટેનું પાણી એટલા માટે પહોંચાડી શકતા નથી, ડેમમાં પૂરતું પાણી છે. ડેમો આજે ભર્યા છે. ઉનાળુ પાકમાં પાણી આપી શકીએ, ઓરવવા માટે પાણી આપી શકીએ પણ કેનાલો તૂટી ગઇ છે. ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવામાં નિષ્ફળ રહ્યા છીએ. જો આ પાણી પહોંચાડવા માટે કૃષિ વિભાગ અને સિંચાઇ વિભાગ આ જે ડેમના નામ અને વિસ્તાર કહ્યા, જો ત્યાં કેનાલનું લાઇનિંગ કરવામાં આવે તો ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડી શકીએ. તેના માટેનો પ્રયત્ન, માનનીય કૃષિ મંત્રીશ્રી સારા માણસ છે અને મેં આના પહેલાંના મારા પ્રવચનમાં કહ્યું હતું કે સારી કામગીરી કરશો તો અભિનંદન આપતા અચકાઇશું નહીં. આજે હું ઉર્જા મંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રી ને કોંગ્રેસના ધારાસભ્ય તરીકે અભિનંદન એટલા માટે આપું છું કે અતિવૃષ્ટિ વખતે ઉપલેટા તાલુકાના ૧૮ ગામો બાકી રાખ્યા હતા અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ અને શ્રીરાઘવજીભાઇએ ૧૮ ગામોને ફરીથી સહાય આપવા માટેની ખાતરી આપી છે તે બદલ ગૃહમાં તેમનો આભાર માનું છું.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, અનુદાનની માગણીઓ પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મેરીટાઇમ બોર્ડ અને ટ્રાફિક આવકમાં વધારાની સાથે સાથે બંદરોની સુરક્ષા-સલામતી માટે ઘણી પ્રગતિ કરેલી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ કોઇ કોમર્શીયલ પ્રવૃત્તિ નથી, પરંતુ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એટલે જાનહાનિ તથા બંદરોની મિલકતને થતું નુકસાન રોકવા માટેનું પૂર્વ આયોજન છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ પરિસ્થિતિને પહોંચી વળવા માટેની વાત કરતા આ સભાગૃહમાં લાગણી અને આનંદ અનુભવું છું કે આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા વર્ષ ૨૦૧૯માં નવી માર્ગદર્શિકા તૈયાર કરી ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા નવી માર્ગદર્શિકા મુજબ બંદરોની અને બંદરો પર કામ કરતાં લોકોની સલામતી માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટનો પ્લાન તૈયાર કરવામાં આવેલો. ગુજરાત મેરીટાઇમ બોર્ડ એ દેશમાં પ્રથમ મેરીટાઇમ બોર્ડ છે તેનું જો કોઇ કારણ હોય તો શ્રી નરેન્દ્ર મોદીજીનો દૃષ્ટિકોણ છે. કેન્દ્રની સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર જી.એમ.બી.એ બંદરો માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કર્યો છે. બંદરો માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન બનાવી ગુજરાત સરકારે ખૂબ કામગીરી કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહમાં કહેતાં આનંદની લાગણી અનુભવું છું કે ગુજરાતના બંદરોની વાત કરું તો ગુજરાતનો ૧૬૦૦ કિલોમિટરનો કુદરતી દરિયાઇ માર્ગ છે, જે ૧૬ જિલ્લા સાથે સંકળાયેલો આ માર્ગ છે. ગુજરાત રાજ્યમાં એક મેજર બંદરની વાત કરું તો દીન દયાળ પોર્ટ છે જે કેન્દ્ર સરકારના સીધા નિયંત્રણ હેઠળ કાર્યરત છે. રાજ્યમાં ૪૮ નાના બંદરો છે. ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર ૧૧ જૂથોમાં બંદરોને વર્ગીકૃત કરવામાં આવ્યા છે. આ જૂથ બંદરોનું નિયમન અને સંચાલન ગુજરાત મેરીટાઇમ બોર્ડ મારફતે કરવામાં આવે છે. અગાઉનાં વર્ષોમાં પણ ખૂબ કામ કરેલ છે. મને આનંદ છે કે ૨૭ વર્ષથી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. તમે યાદ કરો, તમારા આત્માને પૂછો, પહેલાં બંદરોનો કોઇ વિકાસ થયેલો હતો ખરો? તમને જવાબ મળશે. ના. બંદરોના વિકાસ આધારિત સિદ્ધાંતોને અપનાવીને રાજ્યએ બંદરની નીતિ થકી નાના મોટા ૪૮ બંદરોની જેટીનો વિકાસ, દરિયાકાંઠાના વિસ્તારોમાં વિકાસના નવા આયામો શરૂ કરેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં દેશના કુલ પરિવહનનો ૬૭ ટકા હિસ્સો એટલે કે ૩૭૮ મિલિયન મેટ્રિક ટન કાર્ગો પરિવહન નાના બંદરો ઉપર કરીને માલના પરિવહન માટે રાજ્ય સરકારે સર્વોચ્ચ સ્થાન ટકાવી રાખ્યું છે. ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા પી.પી.પી. ધોરણે હજીરા પોર્ટે રેલવે કોરીડોર સુવિધા માટે રૂપિયા ૧,૬૦૦ કરોડના ખર્ચે આજે ગુજરાત સરકારે બજેટમાં પણ વ્યવસ્થા કરી છે. ભાવનગર જૂના અને નવા બંદરની વાત કરીએ તો ૨૫૭ કરોડના ખર્ચે હમણાં વિકાસ ચાલુ છે અને એ બતાવે છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર હંમેશના માટે કામ કરવા કટિબદ્ધ છે. મને કહેતા આનંદ થાય છે કે અમે ભણાવતા નથી, તમે લોકો ભણતરમાં કાચા છો એટલે ૨૯ વર્ષથી શાસનમાં આવી શકતા નથી. અમે લોકો વચ્ચે જઇએ છીએ એટલે લોકોએ અમને સ્વીકાર્યા છે તેનો અમને આનંદ છે. પી.એમ.ગતિશીલ યોજનાને સાકાર કરવા ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ગુજરાત પોર્ટ એન્ડ લોજિસ્ટિક કંપની લિમિટેડની રચના કરવામાં આવેલી છે. વખતો વખત મોદીજીએ આપણી સુરક્ષાના કારણે ૧,૬૦૦ કિલોમિટરની સુરક્ષા સચવાય, અમારા ગૃહમંત્રીએ જ્યારે જ્યારે જરૂર પડી, ત્યારે ગુજરાતની અંદર આવતા ડ્રગ્ઝને રોકવા માટેનું કામ કરેલ છે એનો આનંદ છે. અલંગ ખાતે હયાત કેપેસિટી બમણી કરવાના ભાગરૂપે માથાવડ ખાતે ૪૫ નવા પ્લોટ બનાવવાનું આયોજન આ ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે. ભારત સરકારની સાગરમાલા યોજના અંતર્ગત નવલખી બંદર ખાતે જેટી કન્સ્ટ્રકશન, માળખાકીય સુવિધાનું વિસ્તૃતીકરણ, નવલખી બંદરના એપ્રોચને ચાર માર્ગીય હાઇવેનો વિકાસ કરવાની શરૂઆત કરી છે. અગાઉ કહેતા હતા કે બંદરોનો વિકાસ નથી. બંદરોનો એટલો વિકાસ છે કે પહેલાં જેટી ઉપર કેટલી મુશ્કેલી ભોગવવી પડતી હતી એ તમારા આત્માને પૂછો તો તરત જવાબ મળશે અને આજે મને કહેતા આનંદ થાય છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

ચૈત્ર ૮, ૧૯૪૪ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગુજરાતના મંત્રીશ્રી રમત ગમત, યુવા, સાંસ્કૃતિક વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર બીજા રાજ્યોમાં પંજાબ કે હરિયાણામાં જેટલું રમત ગમતને પ્રાધાન્ય આપવામાં આવે છે, એના જેટલું જ જો ગુજરાતમાં આપવામાં આવે તો ગુજરાતનો યુવા દરેક બાબતમાં સક્ષમ છે. એમને યોગ્ય પ્લેટફોર્મ મળશે તો સમગ્ર દુનિયામાં ગુજરાતનું નામ રોશન કરશે એવો મને પૂરેપૂરો વિશ્વાસ છે. આજે મંત્રીશ્રીને કહેવા માગું છું કે ગુજરાતની અંદર દરેક તાલુકા મથકે તમે યુવા છો અને જયારે તમે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ સંભાળો છો, ત્યારે દરેક તાલુકાની અંદર તમામ સુવિધાઓ સાથે એક સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બને તેનાથી ગુજરાતના યુવાનોને સારી જગ્યાએ તક મળી શકે, સારી પ્રેક્ટિસ થઇ શકે અને ગુજરાતનું પણ નામ રોશન થઇ શકે. બજેટ પહેલા અમે આપને મળ્યા હતા અને અમારા વિસ્તારની અંદર એક સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બને એના માટે રજૂઆત કરી હતી. સાથેસાથે બનાસકાંઠા જિલ્લાના લગભગ ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ છોકરાઓ ગાંધીનગરની અંદર આવીને પરીક્ષાની તૈયારી કરે છે. એમને વાંચવા માટે જો બનાસકાંઠામાં લાઇબ્રેરીઓ હોત તો અહીંયા ગાંધીનગર સુધી હજારો, લાખો રૂપિયા ખર્ચીને ભણવા માટે ન આવવું પડત. આપને વિનંતી કરી હતી કે અમારા વિસ્તારમાં એક આધુનિક સગવડ સાથેની રીડિંગ લાઇબ્રેરી બને અને આપે પણ અમને વિશ્વાસ આપ્યો હતો કે આવનારા સમયની અંદર થરાદની અંદર રીડિંગ લાઇબ્રેરી ઉભી કરવામાં આવશે પણ આ બજેટની અંદર એની જોગવાઇ નથી કરી એટલા માટે અમને ખૂબ દુઃખ લાગ્યું છે કે આજે યુવા મંત્રી છે, યુવાઓની ચિંતા કરનારા મંત્રી છે ત્યારે ગુજરાતના દરેક ગામડાંઓની અંદર ઘણીબધી જમીનો પડી છે તો શા માટે એનો ઉપયોગ ન થાય અને રમતગમત ક્ષેત્રે ગુજરાતના ખેલાડીઓને મોકો ન મળે? આજે ગુજરાતની સ્કૂલોમાં સ્પોર્ટસ ટીચરોની ભરતી જ બંધ થઇ ગઇ છે. જો ગુજરાતના સ્પોર્ટસ ટીચરો ગુજરાતના યુવાનોને ટ્રેનિંગ નહીં આપે તો ગુજરાતનો યુવાન કેવી રીતે આગળ વધશે?

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિની વાત કરવા માગું છું. આદરણીય શ્રી રાઘવજીભાઇ સાહેબ જયારે કોંગ્રેસમાં હતા અને આ બાજુથી શ્રી રાઘવજીભાઇએ જેટલાં સૂચનો કે જેટલી માગણીઓ કરી હતી એ ત્યાં બેસીને પૂરી કરી નાખે તો આખા ગુજરાતના તમામ પ્રશ્નો હલ થઇ જાય અને હવે તો મંત્રી છો, આપની પાસે સત્તા છે અને આપે કરવું જોઇએ. આજે ગુજરાતના ખેડૂતોની આવક બમણી કરવા માટે તમે જેટલી અહીંયાથી વાત કરી હતી એટલી ત્યાં લાગુ કરો એવી તમને વિનંતી કરું છું. આજે અમારા વિસ્તારની વાત કરું તો નર્મદા કેનાલની તમામ વિસ્તારમાં જેટલી પણ જમીનો આવે છે એના માટે આજુબાજુમાં ઉર્જામંત્રી પણ છે ત્યારે બંનેને વિનંતી છે અત્યારે ડીઝલ સો રૂપિયે પહોંચવા આવ્યું છે, ત્યારે આ ભાવમાં પોસાય તેમ નથી તો સોલાર પંપ આપવામાં આવે તો ખેડૂતો સોલાર પંપથી ત્યાં સિંચાઇ કરી શકે. જે કમાન્ડ એરિયામાં જમીનો આવે છે, ત્યાં ટપક સિંચાઇ પદ્ધતિની સબસિડી આપવામાં આવે જેનાથી ખેડૂતો ત્યાં સિંચાઇ કરી શકે. મારા વિસ્તારમાં સુજલામ સુફલામ કેનાલ આવેલી છે. શ્રી નરેન્દ્રભાઇએ ત્યાંની જમીનોના પાણીના તળ ઉંડા ગયા હતા એ ઉંચા આવે એના માટે આ કેનાલ બનાવી હતી. કમનસીબે જયારે ચૂંટણી આવે ત્યારે વોટ લેવા માટે થઇને એમાં પાણી નાખવામાં આવે છે. એ પછી કયારેય નાખવામાં આવતું નથી એવું દુઃખ સાથે મારે વિધાનસભામાં કહેવું પડે છે. આજે ડીઝલ મોંઘુ છે, પેટ્રોલ મોંઘુ છે, વીજળી ૮ કલાક મળતી નથી. જો ગુજરાતના ઉદ્યોગોની એક કલાક વીજળી કાપશો, તો ગુજરાતના ખેડૂતોને ૨૪ કલાક સિંચાઇ માટે વીજળી મળી શકે તેમ છે, પણ એના માટે તમારી ઇચ્છાશક્તિ હોવી જોઇએ. તો આપો એક કલાક. ગુજરાતના ખેડૂતોની આંતરડી બાળીને વીજળી કાપ મૂકવામાં આવે છે, તો એક કલાક ગુજરાતના ઉદ્યોગોના કાપો જેનાથી ૨૪ કલાક ખેડૂતને વીજળી આપી શકશો. કોરોનામાં દેશનું અર્થતંત્ર કોઇએ ચલાવ્યું હોય તો ખેડૂતોએ ચલાવ્યું છે, પણ અત્યારે સૌથી વધુ સહન કરવાનો વારો આવ્યો હોય તો ગુજરાતના ખેડૂતોને આવ્યો છે. સિંચાઇ માટે મારું બનાસકાંઠા તરસે છે. પાણી નથી મળતું. થરાદ, દીયોદર, ડીસા, દાંતીવાડા, ધાનેરા, પાલનપુર, દાંતા, અમીરગઢ અને વડગામ આ તમામ તાલુકામાં અત્યારે હજાર ફૂટથી પણ નીચા પાણી જતા રહ્યા છે ત્યારે સિંચાઇ માટે જોગવાઇ કરો.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસની માગણી ક્રમાંક-૩ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની કુલ આવકમાં કૃષિ અને કૃષિ સંલગ્નક્ષેત્રનો નોંધપાત્ર હિસ્સો રહેલો છે. કૃષિ એ ખેડૂતો અને ખેતમજૂરોની મુખ્ય આજીવિકાનું સાધન છે. કૃષિના વિકાસ માટે સરકારશ્રી દ્વારા સમયાંતરે અમલમાં મૂકવામાં આવતી અવનવી કલ્યાણકારી યોજનાઓ તેમજ કૃષિ તજજ્ઞતાના પ્રચાર, પ્રસાર સારું કૃષિ વિસ્તરણની કામગીરી માટે સમર્પિત કૃષિ વિસ્તરણક્ષેત્ર કાર્યરત છે. જેની રાજ્યમાં કૃષિ વિકાસનાં પરિણામની સીધી અસરો જોવા મળેલ છે. જ્યાં પાણી ન હોય ત્યાં ખેતી કેવી રીતે કરી શકાય? મને ખબર છે. વર્ષ ૧૯૯૪-૯૫ ના વર્ષમાં સિંચાઇ થકી ખેતીની આવક ૯,૦૦૦ કરોડ હતી, જે આજે ભાજપની સરકારમાં ખેડૂતલક્ષી, હિતલક્ષી યોજનાથી હાલમાં ૨ લાખ કરોડ ઉપરાંતની આવક થવા પામેલ છે. માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વડાપ્રધાનશ્રીને યાદ કરવા પડે. જ્યારે તેઓ મુખ્યમંત્રી હતા, ત્યારથી કોઇપણ વિસ્તાર માટે સર્વાંગી વિકાસ થાય તેના માટે કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી હતી અને ભૂતકાળમાં જે પાણીની સમસ્યા હતી, જે આજે મહદઅંશે સોલ થઇ છે. ૪૦ વર્ષ પહેલાંની સરકારે ભારતીય જનતા પાર્ટીની સરકારને ગુજરાતની ધરતીને એવી સ્થિતિમાં આપી હતી કે ખેડૂતો બિચારા હતા, પાણી વગર ખેતી માટે લાચાર હતા. કોઇપણ ધરતી પાણી વગરની હોય તો તેની કોઇ

કિંમત હોતી નથી. દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના અમુક વિસ્તારોને બાદ કરતા બંધાયેલ ડેમો આધારિત નાગરિકો માટે માટે વ્યવસ્થા હતી, પરંતુ તે સિવાયનો વિસ્તાર કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતની સ્થિતિ એવી હતી કે ત્યાંના લોકોએ સ્થળાંતર કરવું પડતું હતું. ગુજરાતમાં જ્યારે દુકાળ પડતો ત્યારે ત્યારે પાણીનું મૂલ્ય સમજતા થયા છે. ગુજરાત રાજ્યમાં ૩૦ વર્ષ પહેલાં જે પાણીની સમસ્યા હતી. કૃષિ માટે પાણીની તકલીફ હતી. ઠેરઠેર ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં આવતું હતું. આવા સંજોગોમાં સરકાર દ્વારા ભૂગર્ભ જળનો વધારો કરવો એ તાતી આવશ્યકતા હતી. એમાં નર્મદા નદીના પાણીનો મહત્તમ ઉપયોગ કરીને સુજલામ સુફલામ યોજના હેઠળ કેનાલ અને સ્પ્રેડિંગ કેનાલો દ્વારા પાણીનો ઉપયોગ કરી રહ્યા છીએ. જળસંપત્તિ વિભાગની અંદર જળસંપત્તિનાં કામો ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. ગુજરાત રાજ્યની અંદર એકે એક પાણીના ટીપાનો ઉપયોગ થાય તે માટે મુખ્યમંત્રીશ્રી અને સિંચાઇ મંત્રીશ્રીએ આપણા ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં રહે તે મંત્ર દ્વારા આપણને ગામની અંદર વરસાદી પાણી હોય એ પાણીને ટાંકામાં સંગ્રહ કરવાનું આયોજન કરેલ છે. જે લક્ષ્માં લઇને સીમમાં ખેત તલાવડી, ભૂગર્ભ રિચાર્જ થાય તે રીતનું કાર્ય કરેલ છે. ગુજરાત એ સૌરાષ્ટ્ર હોય, ઉત્તર ગુજરાત હોય પછી દક્ષિણ ગુજરાત હોય ત્યાં પાણી માટે અનેક સમસ્યા હતી. ઘણાને વિચાર આવતો હતો કે દક્ષિણ ગુજરાતમાં ૧૦૦ થી ૧૨૫ ઇંચ વરસાદ પડે છે તો ત્યાં મુશ્કેલી ન હોય. એવો વિચાર હોય તો ગુજરાતની વાત કરું તો ડાંગ, નવસારી, આદિવાસી જંગલ વિસ્તાર, કપરાડાના વિસ્તારોમાં સારો વરસાદ પડે છે, પણ ત્યાં આગળ ખડકાઉ એરિયાના કારણે પાણી રોકવા માટે ભૂતકાળમાં કોઇ આયોજન થયું ન હતું. એના કારણે આખર સીઝનમાં પાણીની ખેડૂતોને તકલીફ પડતી હતી. ભાજપની સરકારે ચેકડેમ, નાના નાના ડેમ બનાવી પાણીની સમસ્યાઓ હલ કરેલ છે. ભાજપની સરકાર દ્વારા જમીન સુધારણાનાં કામો થઇ રહ્યાં છે. કાયદામાં જોગવાઇ છે. તાલુકા પંચાયત, જિલ્લાપંચાયતો દ્વારા કામ થઇ રહ્યાં છે. ભૂમિ સંરક્ષણ માટે ખૂબ સારું કામ થઇ રહ્યું છે. પોરબંદરથી ભાવનગર સુધી દરિયાના ખારા પાણી આગળ ન વધે તે માટે પાળા બાંધવામાં આવ્યા છે તથા ભરતી નિયતંત્રનું કામ કરવામાં આવ્યું છે. કૃષિ મંત્રીશ્રી અને પાણી પુરવઠા મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે મારા વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં ખારા પાણીની સમસ્યા છે. દરિયાઇ પટ્ટીનું પાણી ૧૦ કિ.મી. ગામમાં ભરતીથી પ્રવેશી રહ્યા છે. સરકારે પીવાના પાણી માટે ૨૩૭ કરોડની દમણગંગા આધારિત વાગલડેરા આધારિત પાણી પુરવઠા યોજના મંજૂર કરેલ છે. જેથી પીવાના પાણીની સમસ્યા હલ થશે. એ કાર્યમાં ગતિ આવે તે માટે પાણી પુરવઠા મંત્રીશ્રીને સૂચના આપવા માટે વિનંતી કરું છું. બંનેય મંત્રીશ્રીઓને વિનંતી કરું છું કે મારા વલસાડ તાલુકાના ઘરાસણા ગામે ટાઇડલ રેગ્યુલેટર માટે સરકારશ્રી દ્વારા ૫ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા, પરંતુ થોડી ક મુશ્કેલીઓ આવી કે આ વિસ્તારમાં સરકારી અને ખારાપાટની જમીનો સેન્ટ્રલ ગવર્નમેન્ટ હસ્તક હોય, જેથી કરીને જમીન સંપાદન ન કરી શકવાના લીધે આ ટાઇડલ રેગ્યુલેટરનું કામ અધૂરું રહ્યું છે. પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા સાહેબે આ વિસ્તારની મુલાકાત લીધી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. વિરામ બાદ સભાગૃહ બપોરે ૧૨-૩૦ કલાકે ફરી મળીશે.

**( વિરામ બપોરના ૧૨-૦૦ થી ૧૨-૩૦ )**

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને મત્સ્યોદ્યોગ ઉપર મારી વાત રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇ વખતના બજેટ સત્રમાં મેં મંત્રીશ્રીને રજૂઆત કરેલી કે મારા વિસ્તારમાં બંદર ઉપર કાંપ ભરાઇ ગયો છે અને જેટીની ક્ષમતા ઓછી થઇ ગઇ છે તો તે વધારવામાં આવે. તેના માટે અંદાજિત ૧૬૮ કરોડ રૂપિયાનું કામ મંજૂર કરવામાં આવેલ છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થવામાં છે. આ મંજૂર કરવામાં આવે છે, ટેન્ડર પ્રક્રિયા પૂરી કરવામાં આવતી હોય છે પણ કામ શરૂ કરવામાં આવતું નથી. ત્યારે આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવા માગું છું કે, આ કામ સમયસર શરૂ કરવામાં આવે. એક અઠવાડિયાની અંદર આ કામગીરી કરવામાં આવે તો આગામી સિઝનમાં માછીમારો માટે ઉપયોગી થઇ શકે, કારણકે તેના પછી વરસાદની સિઝન શરૂ થશે તો તે કામ પાછું આવતા વર્ષે કરવું પડશે અને માછીમારોને ઉપયોગી નહીં થઇ શકે. આપના માધ્યમથી હું મંત્રીશ્રીને કહેવા માગું છું કે, મારા ૯૦-સોમનાથ વિસ્તારમાં વેરાવળ ખાતે એક ફિશરીઝ કોલેજ આવેલી છે. ગુજરાતમાં બે જ ફિશરીઝ કોલેજ છે તેમાંથી એક વેરાવળ ખાતે આવેલી છે. આ ફિશરીઝ કોલેજમાં ૩૦૦ વિદ્યાર્થી ભણે છે. એક મહિના પહેલાં આ કોલેજમાં ફાયર સેફ્ટીનો અભાવ હોવાને લીધે તે કોલેજ સીલ કરી દેવામાં આવેલ છે. તેમાં આજે અંદાજિત ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહેલા છે. તે સીલ તોડીને તેની મંજૂરી આપી આ ફિશરીઝ કોલેજ ચાલુ કરવામાં આવે તો આ ૩૦૦ વિદ્યાર્થીઓને ત્યાં શિક્ષણ મળી શકે. હું મંત્રીશ્રીને કહેવા માગું છું કે, વેરાવળ શહેર ખાતે ગુજરાતનું મોટામાં મોટું બંદર આવેલ છે. તે બંદરની હાલત અત્યારે એટલી ખરાબ છે કે, આજે ૭૦ થી ૮૦ ટકા બોટ બંદર ઉપર પડી રહી છે. આજે માછીમારોની ફેક્ટરી જે ફીશ એક્સપોર્ટ કરે છે અને નાના કારખાનેદાર છે તે પણ બંધ હાલતમાં છે. તે લોકો મોટાભાગે ચાઇના ખાતે એક્સપોર્ટ કરતા હોય છે, તેમના મોટાભાગના પૈસા ત્યાં સલવાયા છે. જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે આ

કારખાનેદારોને અને માછીમારીની ફેક્ટરીઓને સબસિડી આપવામાં આવતી હતી. આ લોકોને સબસિડી આપવામાં આવે તો તેમનાં કારખાનાં ફરીથી ચાલુ થઇ શકે. મારા વિસ્તારમાં અંદાજિત પાંચ હજાર બોટ આવેલી છે. તે બોટને અંદાજિત વાર્ષિક ૨૧ હજાર લિટર જેટલું ડીઝલ ફાળવવામાં આવતું હોય છે. તે ડીઝલ છે તે ૪૨ હજાર લિટર વાર્ષિક ફાળવવામાં આવે તો વધારે માછીમારી કરી શકે. અમારે ત્યાં નાની ફાઇબરની હોડીઓ આવેલી છે. તે માછીમારો હાથથી ચલાવતા હોય છે. તેને કેરોસીન આપવામાં આવતું હોય છે. તેને મહિનાનું ૧૫૦ લિટર કેરોસીન આપવામાં આવતું હોય છે. તેને ૪૫૦ લિટર કેરોસીન એક મહિનાનું આપવામાં આવે તો તે પોતાનું ગુજરાન સારી રીતે ચલાવી શકે. એક મહિના પહેલાં ડીઝલનો ભાવ બંદર ઉપર ૮૫ રૂપિયા હતો અને એક મહિના પછી તે ડીઝલનો ભાવ લિટરનો ૧૮૫ રૂપિયા થઇ ગયો છે. જયારે શહેરમાં ડીઝલનો ભાવ તેનાથી ઓછો છે. આ પહેલીવાર ભારતમાં એવું બન્યું છે કે, શહેર કરતાં બંદર ઉપર ડીઝલનો ભાવ વધારે છે. બાકી હંમેશાં ડીઝલનો ભાવ શહેર કરતાં બંદર પર ઓછો હોય છે. આમાં મદદરૂપ થવું જોઇએ. જે તાઉતે વાવાઝોડું આવ્યું તેમાં અમારે ત્યાંથી પાંચ માછીમારો ગુમ થયેલા છે. તે આજદિન સુધી મળેલા નથી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણી પર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને રમે ગુજરાત, દોડે ગુજરાત અને વાંચે ગુજરાત, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, આજે પણ ગુજરાતમાં છેલ્લાં ૧૪-૧૫ વર્ષથી શાળાઓની અંદર રમત-ગમતના શિક્ષકો નથી, લાઇબ્રેરિયન નથી, ચિત્રના અને સંગીતના શિક્ષકો નથી અને તે શિક્ષકોની ભરતી પણ થતી નથી. અનેક શાળાઓ એવી છે કે જ્યાં રમત-ગમતના મેદાનો નથી. ત્યારે આવી પરિસ્થિતિ હોય બાળકોને રમવું હોય, બાળકોને ભણવું હોય બાળકોને લાઇબ્રેરી જોઇએ. આજે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, મારી જ બાપુનગર વિધાનસભા વિસ્તારમાં જે તે સમયે દાતાઓ દાન આપતા શાળા, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ માટે ત્યારે વિમલભાઇ નગીનદાસ શાહ લાયબ્રેરી દાતાઓએ પોતાના દાનથી બનાવીને કોરપોરેશનને સોંપેલી. આજે છેલ્લાં વીસ વર્ષથી જરજરીત બિસ્માર હાલતમાં, ખંડેર હાલતમાં બંધ પડી છે. હું સતત છેલ્લા પાંચ વર્ષથી એની રજૂઆત કરું છું કે, આવી શૈક્ષણિક સંસ્થા, લાયબ્રેરી કે જે બાળકોને ભણવાનું સ્થળ હોય મારા વિસ્તારમાં મધ્યમ વર્ગ, ગરીબ વર્ગ, મજદૂર વર્ગનાં બાળકો છે ત્યાં અનેક લોકો એવા છે કે જે સામાજિક સંસ્થાઓ કે જે પોતાની ખાનગી લાયબ્રેરી ચલાવીને આવાં બાળકોને મફતમાં એમને શિક્ષણ એને ઘરે ન મેળવી શકે તો એને માટે સામાજિક સંસ્થાઓએ લાયબ્રેરી બનાવી આપી છે અને એની અંદર બાળકો ભણે છે ત્યારે સરકારની જવાબદારી છે કે, આજે આપણે સારું શિક્ષણ મળે એના માટે મધ્યમ વર્ગ, મજૂર વર્ગ અને શ્રમિક વિસ્તારો છે ત્યાં ખાસ કરીને લાયબ્રેરીઓ બને. અમારા બાપુનગર જેવા વિસ્તારોમાં મોટા પ્રમાણમાં શ્રમજીવીઓ વસે છે એમને માટે સરકારશ્રીને મારી ખાસ વિનંતી છે કે, ત્યાં લાયબ્રેરીઓ બને અને એમાં સ્ટાફ મૂકાય, ગ્રંથપાલ મૂકાય, શિક્ષકો મૂકાય, સુવિધા અને વ્યવસ્થા કરવામાં આવે અને સરકાર હજારો કરોડ રૂપિયાનું બજેટ જ્યારે વાપરતી હોય ત્યારે જે પાયાની સુવિધાઓ છે, શિક્ષણની સુવિધાઓ છે કે જેનાથી આપણાં બાળકોનું ઘડતર થાય છે, પણ આ સુવિધાઓ ન હોવાના કારણે એનાથી આપણે બાળકોને શિક્ષણથી વંચિત રાખીએ છીએ. જે બાળકોના ઘરમાં રહીને ભણવાની વ્યવસ્થા નથી, જે બાળક પોતાના ઘરમાં રહીને ભણી નથી શકતો, ત્યારે એવા બાળકો સરકારી લાયબ્રેરી હોય તો ચોક્કસ રીતે સારું શિક્ષણ મેળવી શકે, સારી રીતે ભણી શકે એ માટે સરકારે વિચારવું જોઇએ અને આવા જે પછાત વિસ્તારો છે ત્યાં ખાસ કરીને સરકારે વિશેષ ધ્યાન આપવું જોઇએ કે જ્યાં જરૂરિયાત છે એ જરૂરિયાત પૂરી થાય તો આપણું બાળક સારું, શિક્ષિત બાળક બને અને શિક્ષણ મેળવીને એ આગળ વધી શકે. ત્યારે આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને કહું છું કે, જે જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ ભરે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ત્યાં હાઉસિંગ એરિયા બહુ છે, એ હાઉસિંગ એરિયામાં હાઉસિંગ કોલોની બનેલી છે, જે તે વખતે સરકારે હાઉસિંગ એરિયા બનાવ્યા, હાઉસિંગ કોલોનીઓ બનાવી અને ત્યાં રમત-ગમત માટે, સામાજિક કાર્યો માટે, ધાર્મિક કાર્યો માટે ખુલ્લા મેદાનો છોડ્યા છે. આજે ગુજરાત હાઉસીંગ બોર્ડ એ ખુલ્લી જગ્યાઓ જે વર્ષો પહેલા સરકારે મૂકી છે એ વેંચવા માગે છે અને એના ઉપર એ વેંચીને ધંધો કે વેપાર કરવા માગે છે એ ખૂબ દુ:ખદ બાબત છે. મારી એટલી જ લાગણી છે કે આ જે જગ્યાઓ છે એ લોકો માટે ખુલ્લી રાખવી જોઇએ.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું અને એમાં મારું સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગૃહને માહિતી આપવા માગું છું કે, રાજયના મુખ્ય ધાન્ય કઠોળ, તેલીબિયાં તથા અન્ય પાકોમાં ડાંગર, મકાઇ, જુવાર, બાજરી, રાગી, ઘઉં, મગ, અડદ, તુવેર, ચણા, મઠ, મગફળી, તલ, રાયડો, દિવેલ, સોયાબીન, શેરડી, તમાકું, જીરું અને વરિયાળી, ઇસબગુલ જેવા પાકોનું વાવેતર થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૧ ખરીફ ઋતુ અંતર્ગત કઠોળ પાકોના નોર્મલ વાવેતર વિસ્તાર ૪,૨૦,૫૮૫ હેકટર સામે ચાલુ વર્ષે ૫,૦૫,૮૧૦ હેકટર વિસ્તારમાં વાવેતર થયેલું છે. આમ, કઠોળ પાકના નોર્મલ વાવેતર વિસ્તારની સામે ૧૭ ટકાનો વધારો થયેલો છે. તેમજ તેલીબિયાં પાકોના નોર્મલ વાવેતર વિસ્તાર ૨૫,૭૯,૭૨૯ હેકટર સામે ચાલુ વર્ષે ૨૮,૯૦,૩૪૭ હેકટર વિસ્તારમાં વાવેતર થયેલું છે. આમ, તેલીબિયાં પાક નોર્મલ વાવેતર વિસ્તાર સામે ૧૨ ટકાનો વધારો

થયેલો છે. જયારે રવી સિઝન વર્ષ ૨૦૨૧-૨૨ ઋતુ અંતર્ગત નોર્મલ વાવેતર વિસ્તાર ૩૮,૭૯,૦૦૦ હેક્ટર સામે ચાલુ વર્ષે ૪૭,૪૪,૭૩૭ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલું છે. આમ, નોર્મલ વાવેતર વિસ્તારની સામે ૨૨ ટકાનો વધારો થયેલો છે. વધુમાં ચાલુ વર્ષે સારો વરસાદ થયેલ હોય, જમીનમાં ભેજનું સંગ્રહ સારું હોવાથી ચણાના પાકમાં પણ નોર્મલ વાવેતર વિસ્તાર ૪ લાખ ૬૬ હજાર ૧૬૩ હેક્ટર સામે ચાલુ વર્ષે ૧૧ લાખ ૧ હજાર અને ૩૮૮ હેક્ટર વિસ્તારમાં ચણાના પાકનું વાવેતર થયેલુ છે. આમ, ચણાના પાકમાં નોર્મલ વાવેતર વિસ્તારની સામે ૧૩૬ ટકાનો વધારો થયેલો છે તેમજ રાઇના પાકનું નોર્મલ વાવેતર વિસ્તાર ૧ લાખ ૯૪ હજાર ૧૮૫ હેક્ટર સામે ચાલુ વર્ષે ૩ લાખ ૪૦ હજાર ૩૫૬ હેક્ટર વિસ્તારમાં રાઇના પાકનું વાવેતર થયું છે. આમ, રાઇના પાકનું નોર્મલ વાવેતર વિસ્તારની સામે ૭૫ ટકાનો વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં કપાસ, મગફળી, દિવેલા, જીરૂ, વરિયાળી જેવા પાકોના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન ધરાવીએ છીએ. રાજયમાં ચાલુ વર્ષે ૨૦૦૧-૦૨ ની સરખામણીમાં વર્ષ ૨૦૨૦-૨૧ના અનાજ પાકોમાં વાવેતર વિસ્તારમાં ૧૬ ટકા, ઉત્પાદનમાં ૮૪ ટકા અન્ય ઉત્પાદનમાં એમ ૫૮ ટકાનો વધારો થયો છે. રાજયમાં વર્ષ ૨૦૦૧-૦૨ની સરખામણીમાં વર્ષ ૨૦૨૦-૨૧માં કઠોળ પાકોના વાવેતર વિસ્તારમાં ૯૦ ટકા, ઉત્પાદનમાં ૪૨૨ ટકા અને ૧૭૫ ટકાનો ઉત્પાદનમાં વધારો થયો છે. રાજયમાં વર્ષ ૨૦૦૧-૦૨ની સરખામણીમાં વર્ષ ૨૦૨૦-૨૧માં તેલીબિયાં પાકોમાં વાવેતરનો વિસ્તાર ૨૨ ટકા ઉત્પાદનમાં, ૭૨ ટકા અન્ય ઉત્પાદનમાં અને ૪૧ ટકાનો વધારો થયો છે. રાજયમાં વર્ષ ૨૦૦૧-૦૨ની સરખામણીમાં વર્ષ ૨૦૨૦-૨૧માં કપાસના વાવેતરના વિસ્તારમાં ૩૦ ટકા ઉત્પાદન અને ૩૨૪ ટકા અને ઉત્પાદનમાં ૨૨૭ ટકાનો વધારો થયો છે. રાજયમાં વર્ષ ૨૦૦૧-૦૨ની સરખામણીમાં વર્ષ ૨૦૨૦-૨૧માં તમાકું પાકમાં વાવેતર વિસ્તાર ૯૯ ટકા ઉત્પાદનમાં ૧૭૩ ટકા અને ઉત્પાદનમાં ૩૭ ટકાનો વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં વર્ષ ૨૦૦૧-૦૨ની સરખામણીમાં વર્ષ ૨૦૨૦-૨૧ની સરખામણીમાં શેરડીના પાકમાં વાવેતર વિસ્તારમાં ૨૫ ટકા ઉત્પાદનમાં ૩૪.૫૩ ટકા અને ઉત્પાદનમાં ૧૦૭ ટકાનો વધારો થયો છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

**પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

પાર-તાપી નર્મદા લીંક યોજના અંગે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણચ જળસંપત્તિ અને પાણીપુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મને ગૃહમાં જણાવતાં આનંદ થાય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા ઇન્ટર સ્ટેટ લિંકિંગ બાબતે સમગ્ર દેશની કેટલીક યોજનાઓને મંજૂરી આપવામાં હતી, સૈદ્ધાંતિક તેનો સ્વીકાર પણ કરવામાં આવ્યો હતો, જેની અંદર આપણી ગુજરાતની પાર-તાપી નર્મદા યોજનાનો પણ સમાવેશ થતો હતો. વર્ષ ૧૯૮૦ થી ૧૯૯૫ સુધી આ સમગ્ર પ્રક્રિયા ચાલી અને તેનો ડ્રાફ્ટ બીટીઆર પણ ૯૫માં લગભગ ફાઇનલ થયો તેના પછી સતત તેની પ્રક્રિયા ઓટોમાઇઝેશન મોડ ઉપર એનડબલ્યુડીએ મારફત ચાલતી રહી, પરંતુ જયારે આ વાત કેન્દ્ર સરકારની અંદર અને આદરણીય શ્રીમતી સીતારમણજીએ જે આ વાત અને વિષય મૂકયો, ત્યારે ગુજરાતની પ્રજાની લાગણી અને એમાં પણ ખાસ કરીને આદિવાસી પટ્ટાનો જે આખો વિસ્તાર અંબાજીથી ઉંમરગામ છે ત્યાં સુધી આ આખા વિસ્તારમાં આદિવાસીઓની લાગણી હતી કે અમને આ યોજના થકી અમારા કેટલાય ભાઇઓ, અમારા વિસ્તારના કેટલાય લોકોને વિસ્થાપન કરવાની એના કારણે એમને જે મુશ્કેલીઓ પડવાની છે અને તેના કારણે આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને રાજય સરકારે નિર્ણય કર્યો કે આ યોજના આપણે લાગુ કરવી નથી, કારણ કે કેન્દ્ર સરકારમાં પણ જયારે આ વાત રજૂ થઇ એટલે રાજયની સહમતિ હોય તો જ આ યોજનાને આગળ વધારવી તે બાબતનો ઉલ્લેખ તેમાં કર્યો હતો. પરંતુ થોડો વાદ-વિવાદ થયો અને આ વિષયને રાજકીય રીતે વણાતો જોતાં આપણે સૌએ કેન્દ્ર સરકાર સમક્ષ લાગણી વ્યક્ત કરી કે આ યોજનાને ગુજરાત રાજ્ય આગળ વધારવા માંગતું નથી. તો આપશ્રીને અમારી વિનંતી છે કે આપ કેન્દ્ર વતી પણ આ બાબત સ્થગિત થાય એવો નિર્ણય આપો. કારણ કે, આદિવાસી સમાજ આ યોજના કરવાના હિતમાં નથી. એ વખતે અમારા શ્રી નરેશભાઇ પટેલ, શ્રી ગણપતસિંહ વસાવા અને દક્ષિણના તમામ ધારાસભ્યશ્રીઓ આદરણીય શ્રી શેખાવતજીને મળ્યા અને આદરણીય શ્રી અમિતભાઇને પણ મળ્યા અને આ વાત આદરણીય મોદી સાહેબ સમક્ષ મૂકી અને મોદી સાહેબે પણ એને લીલી ઝંડી આપી અને ગુજરાતના હિતમાં અને આદિવાસીઓના હિતમાં આ યોજના ન કરવી એવો નિર્ણય આપ્યો. એને સ્થગિત કરવાનો નિર્ણય આપ્યો છે. હું રાજ્ય સરકાર વતી આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબ, આદરણીય શ્રી અમિતભાઇ શાહ સાહેબ અને આદરણીય શ્રી શેખાવતજી જે આપણા ઇરિગેશન મંત્રી છે એમનો ખૂબ-ખૂબ આભાર માનું છું કે એમણે ગુજરાતના આદિવાસીઓની ચિંતા કરી પાર તાપી નર્મદા લીંક યોજનાને સ્થગિત કરી છે. એમાં ગુજરાત સરકારની લાગણીનો પડઘો, આદિવાસી ભાઇઓની લાગણીનો પડઘો પાડીને સ્થગિત કરી છે. હું ખરા હૃદયથી ત્રણેય નેતાઓનો અને કેન્દ્ર સરકારનો પણ આભાર માનું છું.

(આ તબક્કે કૉંગ્રેસના સભ્યશ્રી અંબરીશભાઇ ડેર દ્વારા ''જીત ગયા ભાઇ જીત ગયા, આદિવાસી જીત ગયા''ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

ચૈત્ર ૮, ૧૯૪૪ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

સભાપતિશ્રી : બે મિનિટ શ્રી અંબરીશભાઇ. (સભ્યશ્રી પુંજાભાઇ તથા સભ્યશ્રી ગણપતસિંહ વસાવા પોતાની જગ્યા પર ઊભાં થઇ બોલતા) શ્રી પુંજાભાઇ આપ બેસી જાવ. શ્રી ગણપતભાઇ, આપ પણ બેસી જાવ. માનનીય મંત્રીશ્રીએ કહી દીધું હવે શ્રી કનુભાઇ બારૈયાને બોલવાનું છે. (અંતરાય) શ્રી પુંજાભાઇ પ્લીઝ આપ બેસી જાવ. આપના સભ્યશ્રી બોલે છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય ન કપાય એનું આપ પૂરેપૂરું ધ્યાન રાખજો એવી મારી વિનંતી છે. આજે આપણે ખેડૂતોની વાત કરીએ છીએ. ભાવનગર જિલ્લો અને મારા મતવિસ્તાર તળાજામાં રોજના ૨૦૦ થી વધારે ફોન લાઇટના પ્રશ્નો માટે આવે છે. અમે અમારા વિસ્તારમાં ના જઇ શકીએ એવો વીજળીનો વિકટ પ્રશ્ન છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ છ કલાક લાઇટ આપવાની ખાતરી આપ્યા પછી પણ એક કલાક લાઇટ આપવામાં આવે છે પછી ત્રણ કલાકનો ગેપ આપવામાં આવે છે અને પછી ૧૫ મિનિટ લાઇટ આપવામાં આવે છે. ખેડૂતને આપણે જગતનો તાત કહીએ છીએ. ગૃહમાં એના વિશે ખૂબ કહેવાયું. આપણે એને ધરતીપુત્ર કહીએ છીએ. ઢેફાં ભાંગીને ધાન પકવનાર ખેડૂત માટે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે શિયાળો હોય, રાતની કડકડતી ઠંડી હોય ત્યારે રાતના બે વાગ્યે આપણો ખેડૂત પાણી વાળતો હોય છે. અમે તો પાણી વાળેલું છે. ગોઠણ સુધીના પગ ગારામાં હોય અને કોણી સુધી ગારો ચોંટેલો હોય અને લાઇટ જતી રહે. એરકંડિશનમાં બેઠેલા અધિકારીઓ કે પદાધિકારીઓ ખેડૂત વિશે કોઇ પણ નિર્ણય કરે ત્યારે એની વ્યથા અને એની દશા આપણે અનુભવવી જોઇએ. શિયાળાની કડકડતી ઠંડીમાં રાત્રે ૧૨ વાગે અને ૨ વાગે દીપડાનો ભય હોય, સાપનો ભય હોય, વીંછીનો ભય હોય ત્યારે આ ખેડૂતને લાઇટ નથી મળતી. હું આ ગૃહને હૃદયપૂર્વક ખેડૂતની વેદના સમજવા વિનંતી કરું છું કે તાત્કાલિક ધોરણે એકાદ અઠવાડિયામાં લાઇટનું કામ નિયમિત કરે નહિ તો એ દિવસો દૂર નથી કે ૨૭ વર્ષ જૂના ઝાડવાંના મૂળિયા આ ખેડૂત ઉખાડી નાંખશે. એ દિવસો આવતા વાર નહિ લાગે. ખેડૂતોને વર્ષે રૂ.૬,૦૦૦નું પેકેજ આપવામાં આવે છે. કપાસ ઉપર ૫ ટકા ટેક્સ નાખવામાં આવે છે. ભૂતકાળની કોઈ પણ સરકાર વખતે ખેતીની કોઈ પણ પેદાશ ઉપર એક પણ રૂપિયાનો ટેક્સ નાખ્યો ન હતો. હાલ કપાસના રૂ. ૨,૦૦૦ થી રૂ. ૨,૫૦૦ ભાવ છે. ૩૦૦ મણ કપાસ લઈને ખેડૂત વેચવા જાય ત્યારે આજે ૫ ટકા લેખે રૂ. ૩૦ હજાર ટેક્સના કપાય છે. આજે જીનિંગવાળા હોય કે વેપારી હોય તે ૫ ટકા કાપીને ભાવ ભરે છે, ત્યારે આ કપાસ પરનો ટેક્સ દૂર કરવામાં આવે. ખેડૂતો રાસાયણિક ખાતર કે ટ્રેક્ટરના ઓજારો ઉપર ૧૨ થી ૧૮ ટકા સુધીનો ટેક્સ ભરે છે. એક ખેડૂત દર વર્ષે રૂ. ૫૦ હજાર થી રૂ. ૧ લાખ સુધીનો ટેક્સ ભરે છે. આપણે ખેડૂતની મજાક કરીને તેને રૂ. ૬ હજારનું પેકેજ આપીએ છીએ. ટેક્સ ન કાપીએ, ટેક્સ ફ્રી કરીએ, ટ્રેક્ટરને ગાડું કરીએ તો આ રૂ. ૬ હજારના પેકેજની જરૂર નથી.

શ્રી જશુભાઇ શી. પટેલ(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ, નાની સિંચાઈ, અને ડેરી વિકાસની માગણી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

રાજ્યના ખેડૂતોની ખૂબ વાતો થઈ, પણ મારા અરવલ્લી જિલ્લાની વાત કરું તો અકને ગોળ અને બીજાને ખોળ જેવું આ સરકાર કરતી હોય તેવું દેખાઈ રહ્યું છે. રાજ્યના મોટા ડેમો, નાના બંધો અને તેના કમાન્ડ એરિયામાં આવતાં લોકોને ૩૦૦ રૂપિયે એક ટ્રેક્ટર પાણી મળે છે. મારા વિસ્તારના ઉપરવાસના લોકો કમાન્ડ એરિયાથી બહાર છે. એક હજાર ફૂટે પણ પાણી નથી. એમને ઢોર છૂટાં મૂકી દેવાનો વખત આવ્યો છે. ઘાસચારા માટે મેં ચાર દિવસ પહેલાં જ રજૂઆત કરી હતી કે ઘાસના ડેપો ચાલુ કરો. રાત્રે ૨૦૦-૨૦૦ ફોન આવે છે ત્યારે ફોનની સ્વિચ બંધ કરી દેવી પડે છે. હવે મને એવા દિવસ દેખાય છે કે આ સરકાર દ્વારા મને રક્ષણ આપવું પડે. ખેડૂતો મારવા આવે તેવી હાલત થઈ છે. પીવાનું પાણી નથી, પીવાના પાણી માટે અમારા બોર સૂકાઈ ગયા છે, હેન્ડ પમ્પ તો કામ જ કરતાં નથી, એક હજાર ફૂટે પણ પાણી નથી. મારા વિસ્તાર માટે ખાસ પેકેજ જાહેર કરવામાં આવે. ટેન્કરથી પાણી આપવું પડે તો આપે. મારી કોંગ્રેસની સરકારે ભૂતકાળમાં ટ્રેનથી રાજકોટમાં પાણી પૂરું પાડ્યું હતું. અમારી બાજુમાંથી સુજલામ સુફલામ જાય છે. અમારા તળાવો ભરવામાં નહિ આવે તો હું એવું ચોક્કસ માનું છું કે આવનારા દિવસોમાં અમારે માઇગ્રેટ થઈને કદાચ રાજસ્થાન ન જવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય મારા વિસ્તારમાં શિક્ષણની વાત હોય કે જી.આઈ.ડી.સી.ની વાત હોય અને તમે ગ્રામ વિકાસની વાત કરો છો. અમારું નાનું ગામડું ઈડર, સરકાર એના ઉપર ખૂબ હાથ રાખે. લોકો રજૂઆત કરે, મીડિયા કાયમ માટે રજૂઆત કરે. આજુબાજૂના ગામો લાલોડા અને સાપોરડામાં પાણી નથી. કેમ કે ડુંગર ગયો તો પાણી ક્યાંથી હોય. અમારા ગામડાની હાલત ખૂબ ખરાબ થઈ રહી છે ત્યારે ખેડૂતોની ચિંતા કરીને પથરાળ એવા અમારા વિસ્તારના તળાવો, માઈનોર ઈરિગેશન, પી.ટી. તળાવોમાં પાણી સંચય કરવા માટે ખાસ પેકેજ આપો. કારણ કે એ પથરાળ વિસ્તારમાં છે તો આ પણ ચિંતા કરવી જોઇએ. હું ચોક્કસ કહીશ કે પહેલા એવું કહેવાતું કે ઉત્તમ ખેતી, મધ્યમ નોકરી અને કનિષ્ઠ વેપાર. આજે તો પરિસ્થિતિ એવી છે કે ઉત્તમ નોકરી, મધ્યમ વેપાર અને ખેતીવાળો તો દુર્બળ, બિચારો અને બાપડો થઈ ગયો છે. મારી આપને ખાસ વિનંતી છે. મારા વિસ્તારમાં આજીવિકા નથી. અમારા બાળકો અમદાવાદના છત્રાલની કેમિકલ ફેક્ટરીઓમાં કામ કરવા આવે અને બે વર્ષ પછી એમની લાશ પાછી આવે છે. એમનાં મા-બાપ અને એમની વિધવા રોકકળ કરે છે. કારણ કે એમની પાસે બીજો કોઈ વિકલ્પ કે બીજો કોઈ ધંધો નથી. ચાઈના કેમિકલ બેન કરે છે. મારા વિસ્તારના યુવાધન આ કેમિકલ ફેક્ટરીઓમાં કામ કરે છે. કારણ કે અમારી પાસે ખેતી જેવો એક વિષય છે અને ખેતી ઉપર અમે નભીએ છીએ તેમ છતાં પાણી નથી, ખાતર

મોંઘું, બિયારણ મોંઘું, બે-પાંચ વીઘાના માલિક, ખેતી નથી, માત્ર ચોમાસુ ખેતી ઉપર જીવે છે વરસાદી પાણી ઉપર જીવે છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ વર્ષે અમને બચાવવા હોય તો પાઈપલાઈન દ્વારા અમારાં તળાવો ભરવામાં આવે.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રની માગણી નંબર-૪ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું અને મારૂ સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પશુપાલકોને આત્મનિર્ભર બનાવવાના લક્ષ્યને સિદ્ધ કરવાની દિશામાં પ્રગતિશીલ ગુજરાત સરકાર દેશના અન્ય રાજ્યોની રાહ ચીંધવાના નેમ સાથે અનેક નવીન કાર્યક્રમોની પહેલ કરી, મક્કમતાથી આગળ વધી રહી છે. ત્યારે સૌ પ્રથમ તો શુદ્ધ ઓલાદોની જાળવણી તથા પશુસંવર્ધનની ઉત્કૃષ્ટ સવલતો ઉપલબ્ધ કરાવવા માટે પશુધન વિકાસના કાર્યક્રમોના શુદ્ધ અમલીકરણ અને દૂધ ઉત્પાદનના અભૂતપૂર્વ વધારાની સાથે ગુજરાત રાજ્યે સમગ્ર દેશમાં ખૂબ જ નામના મેળવી છે. તે બદલ હું રાજ્ય સરકારને લાખ લાખ અભિનંદન આપું છું. આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ કહેલી વાત મને યાદ આવે છે કે કોઇપણ રાષ્ટ્રની મહાનતા અને નૈતિક વિકાસ તેના પશુઓની કેવી રીતે સારસંભાળ રાખવામાં આવે છે, તેના ઉપરથી જાણી શકાય છે. મહાત્મા ગાંધીજીના આ વિચારોને સાકાર કરવા ગુજરાત સરકાર પશુઓની શુદ્ધ ઓલાદોનું સંરક્ષણ અને જાળવણી માટે પણ ખૂબ જહેમત ઉઠાવી રહી છે. અતિવૃષ્ટિ હોય, અનાવૃષ્ટિ હોય કે કુદરતી આફતોના સમયે પણ રાજ્ય સરકાર અસરગ્રસ્ત વિસ્તારોમાં પશુપાલકોને ગૌશાળા અને પાંજરાપોળ માટે પરિસ્થિતિ મુજબ બનતી સહાય કરી રહેલ છે. એ બાબત આપણે સૌ જાણીએ છીએ. જયારે નોવેલ કોરાનાની વૈશ્વિક મહામારી અન્વયે માર્ચ ૨૦૨૦ના અરસામાં સમગ્ર દેશના મોટાભાગના દેશોમાં તથા આપણા દેશમાં પણ લોકડાઉન સહિતના વિવિધ નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા, ત્યારે આ લોકડાઉનના કારણે રાજ્યની રજિસ્ટર ગૌશાળા તથા પાંજરાપોળ ખાતે નિભાવવામાં આવતા પશુઓ માટે દાનની આવક ઓછી થવાથી મૂંગા પશુઓના નિભાવ માટે સહાય પૂરી પાડવા, પશુઓની સારસંભાળ સારી રીતે કરવા માટે ગૌશાળા, પાંજરાપોળને મદદરૂપ થવા રાજ્ય સરકારે ત્વરીત નિર્ણય કર્યો અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૫ મહિના માટે તેમજ વર્ષ ૨૦૨૧-૨૨માં ૨ મહિના માટે એમ ૭ મહિના માટે કુલ ૧,૪૧૮ ગૌશાળા અને ૨૧૯ પાંજરાપોળના અંદાજિત ૪.૪૨ લાખ પશુઓ માટે રૂપિયા ૨૨૩ કરોડથી પણ વધુ માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત, રાજ્યની રજિસ્ટર પાંજરાપોળ માટે વરસાદની અનિયમિતતા અને દુષ્કાળ તથા અનાવૃષ્ટિના સંજોગોમાં પણ ઘાસચારાની તીવ્ર અછત ન સર્જાય, અને પાંજરાપોળ, ઘાસચારા ઉત્પાદન માટે સ્વાવલંબી બને તે માટે વિવિધ માળખાકીય સવલતો ઉભી કરવા અને મદદરૂપ થવા માટે રકમ રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ સાથે નવી યોજના પણ વર્ષ ૨૦૨૦-૨૧માં જાહેર કરવામાં આવી છે. તે રીતે મૂંગા પશુઓ પ્રત્યેની પોતાની સંવેદનશીલતા રાજ્ય સરકારે સાચા અર્થમાં ચરિતાર્થ કરી છે. ગૌવંશને નિભાવવા અને જીવદયા માટે આપણા સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની આ રાજ્ય સરકારે બિનસરકારી અને સેવાભાવી સંસ્થાઓના યોગદાનની નોંધ લીધી છે. ગૌશાળા, ગૌપાલન અને ગૌરક્ષા માટેની ચિંતા કરતાં માનનીય નાણામંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રના પ્રવચનમાં પણ ગૌશાળા અને પાંજરાપોળના નિભાવની જાળવણી માટે 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' માટે રકમ રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માલિકોના રખડતા ગૌવંશ તથા પશુઓના નિયંત્રણની ખૂબ જ જટિલ સમસ્યાઓના નિવારણ માટે ગ્રામ્ય વિસ્તારોના રખડતા પશુઓના આશ્રય અને નિભાવના આયોજન માટે પણ અંદાજપત્રમાં સૂચવવામાં આવેલી રકમ રૂપિયા ૫૦ કરોડની જોગવાઇને મારૂ સમર્થન આપું છું. રાજ્યની ગીર અને કાંકરેજ ગાયના સંવર્ધનને પ્રોત્સાહન મળે અને પશુપાલન વ્યવસાય થકી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થાય એ માટે ૫૦ દૂધાળા પશુઓના ફાર્મની સ્થાપના માટે પશુ ખરીદી, વ્યાજ સહાય તેમજ અન્ય આનુષંગિક સુવિધાઓ માટેની સહાયની નવીન યોજના રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૧-૨૨માં અમલમાં મૂકી છે. માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલક ઘર અંગણે ગીર ગાય અને કાંકરેજી ગાયનો ઉચ્છેર અને સંવર્ધન કરવા માટે પ્રોત્સાહન થાય તે હેતુથી પશુપાલન વિભાગના ૧૨ દૂધાળાં પશુના ડેરી ફાર્મની સ્થાપના માટે વ્યાજ સહાય તેમજ અન્ય માળખાકીય સુવિધા માટેની સહાયની યોજનામાં ગીર અને કાંકરેજી ગાયના ફાર્મ માટે વધારાની સહાય આપવામાં આવે છે. પશુ પાલન વ્યવસાય થકી ઘર આંગણે સ્વરોજગારીની તકો ઉભી થાય તે પ્રકારની યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજપત્રમાં સૂચવેલ જોગવાઇને પણ આ તબક્કે મારું સમર્થન આપું છું. રાજય સરકાર દ્વારા રાજય કક્ષાની દૂધ ઉત્પાદન હરિફાઇનું આયોજન દર વર્ષે થાય છે તેમાં ગાય અને ભેંસની વિવિધ ઓલાદવાર પ્રથમ, દ્વિતિય અને તૃતિય અને રનરઅપ સ્થાનને..........

ઉપાધ્યક્ષશ્રી : અક્ષયભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી અજીતસિંહ ચૌહાણ.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં આવતા કપડવંજના પૂર્વ વિસ્તારના ગામોમાં પાણીની ખૂબ મોટી સમસ્યાઓ ઉપસ્થિત થઇ છે. પૂર્વ ગાળાની ૩૪ જેટલી પંચાયતો મારા મત વિસ્તારમાં આવે છે. આ વિસ્તારમાં ૫૦૦ થી ૬૦૦ ફૂટની ઉંડાઇએ પાણી અમુક વિસ્તારોમાં આવે છે પણ તેને બહાર કાઢવા માટે સીંગલ ફેઇઝ મોટરો કામમાં આવતી નથી. જો કોઇની રીંગ-બોરમાં પાણી હોય, મોટર ચાલુ હોય તો રાત્રિના સમયે પણ પરિવારના માણસો સાઇકલમાં પ્લાસ્ટિકના કેરબા બાંધીને દોઢ થી બે કિલોમિટર દૂર સુધી પાણી લેવા માટે જાય છે. કપડવંજના પૂર્વ ગાળાની બન્ને બાજુથી નહેરો આવેલી છે.

ઉત્તરમાં સુજલામ સુફલામ અને દક્ષિણ દિશામાં નર્મદા નહેર આવેલી છે. પણ આ વિસ્તારને કોઇ પણ નહેરમાંથી ટીપુંય પાણી આપવા માટેની જોગવાઇ કરવામાં આવેલી નથી. તેમજ ઓર્નોડા જૂથ અને વસુંધરા જૂથ બન્ને યોજનાઓમાંથી એક પણનું પાણી પહોંચાડવામાં એ યોજનાઓ સક્ષમ નથી, નળ સે જળ યોજનામાં પાણી આપવા માટેની વાતો કરે છે. પણ સરકારને વિનંતી કરું છું કે આ પૂર્વ ગાળાના નપાણીયા વિસ્તારને પાણી આપવા માટે સુજલામ સુફલામમાંથી તળાવો ભરવા માટે કોઇ વ્યવસ્થા કરવી જોઇએ. જેનાથી પાણીના તળ ઉપર આવે, ખૂબ લાંબા સમયથી આ વિસ્તારની પ્રજા માગણી કરે છે, અનેક વખત વિસ્તારના કાર્યકરો અને નેતાઓએ રજૂઆત કરી છે, પણ ભૂતકાળના મંત્રીશ્રીઓએ એવો જવાબ આપ્યો છે કે કમળ ખીલવીને લાવો તો કોઇક યોજના તમને આપવામાં આવે, પણ સાહેબ જો પાણી જ નહીં આપો તો કાદવ નહીં થાય, અને કાદવ નહીં થાય તો કમળ કયાંથી ખીલશે? ત્યાં પંજો જ રહેવાનો છે એની હું ખાતરી આપું છું. આ નપાણીયા વિસ્તારને મનુષ્ય અને પ્રાણી ઉપર દયા લાવી ટેન્કર અને પાણી પુરવઠાથી પાણી મળે તેવી સત્વરે વ્યવસ્થા કરવી જોઇએ. હેન્ડ પંપમાં પણ પાણી નથી, રીંગ બોર માં પણ પાણી નથી, યુદ્ધના ધોરણે પાણી આપવાની જોગવાઇ કરવી જોઇએ. ચૂંટણી આવે એટલે સરકાર અને ભાજપના કેટલાક નેતાઓ નહેરની વાતો કરે છે. મીટિંગો કરે છે, સરપંચોને બોલાવીને *(xxx) આપે છે. પણ બજેટમાં કોઇ જોગવાઇ નથી. ખાલી સરવે નું *(xxx) અત્યારે આ વિસ્તારના સરપંચો આંદોલનના માર્ગે વળ્યા છે અને ટૂંક સમયમાં મોટું આંદોલન કરશે એવી શક્યતાઓ છે. થોડાક સમય પહેલા એક મોટી મીટિંગનું આયોજન કરી આ વિસ્તારના સરપંચો, કાર્યકરોને બોલાવી નહેર મંજૂર થઇ ગઇ છે એવી મોટી જાહેરાત કરવામાં આવી હતી, *(xxx) પણ આ કામની પ્રગતિ ન થતા આ વિસ્તારની પ્રજા નિરાશ થઇ. એ રીતે એ નપાણીયા વિસ્તારને પાણી આપવા માટેની જોગવાઇ કરવા સરકારને હું વિનંતી કરું છું. નદીઓ, કોતરોમાં પાણી સુજલામમાંથી આપવામાં આવે તો પણ પાણીનું તળ ઉપર આવશે એવી મારી ભલામણ છે. મારા મહી સાગર મત વિસ્તારમાં આવતા કેટલાક એવા તળાવો છે કે ભૂતકાળમાં એ તળાવોમાંથી સિંચાઇ યોજનાઓ ચાલતી હતી, જેઠોડી તળાવ, ભમરિયા તળાવ, ધુળેરીયા તળાવ, આ તળાવમાંથી નહેર દ્વારા પાણી આપવામાં આવતું, પણ કોણ જાણે કયા કારણોસર છેલ્લાં વીસ-પચ્ચીસ વર્ષથી આ નહેરો તૂટી ગઇ છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય સભ્યશ્રીએ પોતાના પ્રવચનમાં *(xxx) શબ્દનો ઉપયોગ કર્યો છે. આ શબ્દ અસંસદીય હોવાથી એ રેકર્ડ ઉપરથી દૂર કરવો જોઇએ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પોતાના પ્રવચનમાં *(xxx) કાર્ય કરી રહ્યા છે એ શબ્દો અસંસદીય હોવાથી રેકર્ડમાંથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ પોતાના પ્રવચનમાં *(xxx) આવે છે આ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૭૫, ૨,૩,૪,૬ અને ૯૮ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ખાસ કરીને ખેતીની ચિંતા કરીએ છીએ. વિકાસ થયો છે એ સ્વીકારું છું. આ બજેટમાં ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે, પરંતુ આપણા ગુજરાતમાં પ્રજાના ટેકસના અબજો અને કરોડો રૂપિયામાંથી આપણે નર્મદા યોજના અને સૌની યોજના બનાવી છે. આ યોજનાના માધ્યમથી જમીનમાં પાણીના તળ ઉંચા આવવાથી ખેડૂતોને અને ખેતીને ફાયદો થવાનો છે. પણ બહું ચિંતાની વાત એ છે કે અત્યારે મોટામાં મોટું કૌભાંડ હોય તો આ સૌની યોજના છે. આ સૌની યોજનાની વાત કરીએ તો જૂનાગઢ જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેને લેખિતમાં રજૂઆત કરી છે. આપને જોઇતી હોય તો એની કોપી પણ હું આપવા તૈયાર છું. આ સૌની યોજનાની પાઇપ લાઇન પાથરવામાં આવે છે એના તળીયે રેતી નાખીને પછી પાથરવી જોઇએ એ પ્રમાણે કરવામાં આવતું નથી. પાઇપની ગુણવત્તા પણ ઓછી છે. બે પાઇપો જોડવાની હોય વેલ્ડિંગ કરવામાં આવે એમાં એકબીજાને પેરેલલ પાઇપનું લેવલ રાખીને વેલ્ડિંગ થાય તો જે ચોમાસામાં વરસાદ થતાં જ આ પાઇપ ઉંચકાય જાય છે એ ન ઉંચકાય જાય. આ એક વૈજ્ઞાનિક કારણે છે. આની અંદર ભ્રષ્ટાચાર થાય છે એટલા માટે પાઇપ લાઇન બહાર આવે છે. આ રીતે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થાય છે ત્યારે કોઇ મંત્રીશ્રીએ રૂબરૂ જઇને જાણવાની કોશિશ નથી કરી. ત્યારે મારી માગણી છે કે આની વિજલન્સ દ્વારા તપાસ કરાવવામાં આવે અને સાથે મને પણ રાખવામાં આવે તેવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં હમણાં ખેડૂતો ખૂબ જ દુઃખી થયા છે. ટી.સી. બળી જાય છે. આપણે આઠ કલાક વીજળી આપવાની વાત કરીએ છે. ઉનાળામાં બાજરીનું વાવેતર કર્યું હોય કે શાકભાજીનો પાક હોય એને ચાર દિવસે તો પાણી જોઇએ એ ન આપીએ તો એ બળી જાય, પરંતુ આવા સમયે ૧૫-૧૫ દિવસ સુધી વીજળીના ઝબકારા આપવામાં આવી રહ્યા છે. બીજી બાજુ સરકારના જે થર્મલ પાવર છે એ બંધ છે. સિક્કા થર્મલ પાવરનું વીજળીનું ઉત્પાદન બંધ છે. શા માટે પ્રાઇવેટ કંપનીઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે. શિયાળામાં પુષ્કળ પ્રમાણમાં વાવેતર કરવામાં આવે છે ત્યારે વીજળીની ઘટ પડતી નથી. પરંતુ ઉનાળામાં તો એનાથી ચોથા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ભાગનું જ વાવેતર કરવામાં આવે છે તેમ છતાં વીજળીની ઘટ જોવા મળે છે એ એટલે એ પણ ખૂબ ચિંતાનો વિષય છે. બીજો એક ખૂબ ચિંતાનો વિષય છે કે અમુક ગામડાંમાં ગરીબ લોકો રાજાશાહીના વખતથી ખરાબામાં ખેતી કરી રહ્યા છે. એ સમયે વર્ષ ૧૯૭૦માં કેટલાય પ્રકારની જેમાં કહેવાય કે મેપિંગના કેસો થયા છે કે તારી આ જમીન માપી દેવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અંબરીશભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અને મારા મિત્ર આદરણીય શ્રી હર્ષભાઇ રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની ચર્ચા માટે આવ્યા છે ત્યારે તેમાં એક-બે સૂચનો કરવાં માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજ્યની અંદર ખેલો અભિયાન અંતર્ગત સ્પોર્ટ્સ પોલિસી ઘણા સમયથી અસ્તિત્વમાં છે, ત્યારે છેલ્લાં ચાર વર્ષથી અમરેલી જિલ્લાની અંદર અને ખાસ કરીને મારા રાજુલા, જાફરાબાદ, ખાંભાની અંદર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ મળે તેના માટે પ્રયત્ન કરી રહ્યો છું પણ આજદિન સુધી મારા વિસ્તારને સરકારે કશા પ્રકારની સહાય આપી નથી. મહાભારતના યોદ્ધા કર્ણનું એક વાક્ય છે કે કોને ત્યાં જન્મવું, કઇ જ્ઞાતિમાં જન્મવું, કયા વિસ્તારમાં જન્મવું એ કુદરતને આધીન છે, પણ રણમેદાનની અંદર તાકાત બતાવવી એ મારા અને તમારા હાથમાં છે, ત્યારે આદરણીય શ્રી હર્ષભાઇને વિનંતી કરું છું કે મારા વિસ્તારને પણ અન્યાય ન થાય તેના માટે રાજુલા, જાફરાબાદ અને ખાંભાને આપશ્રી જો સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે જમીન ફાળવશો તો મને ખૂબ ગમશે. દુઃખની વાત એ છે કે ચાર વર્ષથી મહેનત કરી હોવા છતાં પણ તમારા અધિકારીશ્રીઓ એમ કહે છે કે એ વિસ્તારની અંદર જમીન નથી. તો જમીન ખેડૂતોને આપવા માટે નથી, પણ ઉદ્યોગોને આપવા માટે આપની પાસે જમીન છે, ત્યારે આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને જમીનનું પણ સૂચન કરી રહ્યો છું કે રાજુલા શહેરની એકદમ મધ્યમાં સીડફાર્મની જમીન પડી છે. તો આ જમીન સ્પોર્ટ્સ માટે મારા વિસ્તારને ફાળવવામાં આવે અને શ્રી હર્ષભાઇ, તમારા વકતવ્યમાં આનો ઉલ્લેખ કરવામાં આવે એવી હું આપને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ આપણે ગુજરાત ગૌરવ પુરસ્કાર આપીએ છીએ. અમુક ધનરાશી આપીએ છીએ, પણ જે લોકોને ગુજરાત ગૌરવ પુરસ્કાર આપીએ છીએ તેના માટે રહેવા માટે સરકીટ હાઉસમાં વ્યવસ્થા નથી. તેમને માટે ટ્રેઇન કે બસમાં જવા માટેની સુવિધા નથી. એમના વિસ્તારની અંદર કોઇ કાર્યક્રમ થાય ત્યારે તેમને સ્ટેજ ઉપર બેસવાની વ્યવસ્થા પણ સરકાર કરતી નથી તો શેના ગુજરાત ગૌરવ પુરસ્કાર? ગુજરાત ગૌરવ પુરસ્કાર આપેલી વ્યક્તિઓ ત્રણ વિલિયા ટાંગામાં ટીંગાય છે, બસમાં હાઠિયે ઉભા હોય છે, ત્રણ-ત્રણ કલાક બસની રાહમાં ઉભા હોય છે તો તેને આપણે ગુજરાતનું ગૌરવ કઇ રીતે કહી શકીશું? માનનીય શ્રી હર્ષભાઇ આના માટે યોગ્ય કરવામાં આવે એવી હું આપને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાની સિંચાઇ યોજના બાબતે અને પશુપાલન બાબતે એટલું કહું તો મારા મત વિસ્તાનો આખો ખાંભા વિસ્તાર ખેતી અને પશુપાલન ઉપર નભે છે. તેને સિંચાઇના પાણીની જરૂર છે. તેને પાસ આપવામાં આવતા નથી. તેના પશુઓના ચરાણ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવતી નથી. આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આ બાબતમાં જો આપણે પશુધનને પ્રાધાન્ય આપવું હોય, ડેરી વિકાસને પ્રાધાન્ય આપવું હોય તો હજારો એકર જમીન બળી જાય છે તેના બદલે આવા પશુપાલકોને જો યોગ્ય રીતે અંદર જવાની પરમિશન આપવામાં આવે તો ચોક્કસપણે પશુપાલન અને ડેરી પ્રવૃત્તિઓ ખૂબ સારી રીતે આગળ વધશે. મારું એટલું ચોક્કસપણે કહેવું છે કે સિંચાઇ બાબતે નાની સિંચાઇ અને મોટી સિંચાઇમાં રાજુલાના ધાતરવાડી-૧ અને ધાતરવાડી-૨. પહેલાં ડેમમાં ઉંચાઇ માટેના વર્ષોથી પ્રયત્ન કરીએ છીએ અને ધાતરવાડી-૨ માટે પણ અમે મહેનત કરીએ છીએ. હજી કેનાલો શરૂ થઇ નથી અને આના પહેલાં વિભાગની ચર્ચામાં નાની સિંચાઇ યોજનાઓમાં માનનીય મંત્રીશ્રીને અધિકારીઓએ ખોટા જવાબો આપ્યા છે અને તેની સામે જે લોકજુવાળ ફાટી નીકળ્યો છે, એટલે હું આપના માધ્યમથી વિનંતી પણ કરું છું કે જ્યારે ગૃહની અંદર માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હોય ત્યારે અધિકારીઓ ખોટા જવાબ ન આપે. જેથી કરીને રાજ્યના અને દેશના લોકો ગેરમાર્ગે ન દોરાય.

માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દાઓ ઘણા બધા છે પણ વિશેષ ચર્ચાઓ કરવી નથી. છેલ્લે એટલું ચોક્કસ કહીશ કે આ *(xxx) માનનીય કેન્દ્ર સરકારે પરત ખેંચ્યા.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે અને *(xxx) શબ્દ રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી ( રાજ્યકક્ષાના બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મને મત્સ્યોદ્યોગની માગણી ઉપર બોલવાની અને મારા વિભાગની સેવા કરવાનીની તક આપવા બદલ ભારતીય જનતા પાર્ટીનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આપણા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો આભાર માનીશ. તેની સાથે મારા અગાઉના તમામ મંત્રીશ્રીઓએ રચનાત્મક કામગીરી કરી તે બદલ એ મંત્રીશ્રીઓનો હું આભર માનું છું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગ ઉપર ખાસ કરીને આદરણીય સભ્યશ્રી આત્મારામભાઇ પરમાર, શ્રી ઇશ્વરભાઇ પરમાર, શ્રી ભરતભાઇ, આદરણીય સિનિયર અને ખૂબ અનુભવી શ્રી પુંજાભાઇ વંશ, શ્રી ભગાભાઇ બારડ અને માનનીય શ્રી વિમલભાઇ ચુડાસમાએ ભાગ લીધો છે. એમનો હું ધન્યવાદ વ્યક્ત કરું છું. મારા વિભાગની માગણીમાં ભાગ લેનાર તમામ માનનીય સભ્યશ્રીઓની રચનાત્મક રજૂઆતો મેં ખૂબ ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લીધી છે અને જેમ બને તેમ વહેલું નિરાકરણ થાય તેવા મારા પ્રયત્નો રહેશે તેમજ પ્રજાહિતના કાર્યો જેમ બને તેમ ઝડપથી કરવા સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મારો વિભાગ મત્સ્યોદ્યોગનો છે. એમાં પણ સામાન્ય રીતે એક દાખલો આપીશ કે આપણે રોડ પર ફરતા હોઇએ અને અકસ્માત થાય તો ૧૦૮ આવી જાય અને આપણને સુવિધા મળી રહે છે, ત્યારે મારા મછવારા ભાઇઓ વર્ષમાં બે મહિના જૂન અને જુલાઇ માસમાં માછીમારી કરવા જતા નથી કારણ કે દરિયો તોફાની હોય છે. ત્યારબાદ નાળીયેરી પૂનમ એટલે કે રક્ષાબંધન આવે એટલે દરિયા દેવનું બળ ધીમું પડી જાય છે. ત્યારબાદ દરિયા દેવની પૂજા કર્યા પછી દરિયો ખેડવા માટે જતા હોય છે. ખારવા સમાજના સમર્પણની એક વાત છે. ગગન ખારવો અને જીવી વહાણ લઇને ચૌદશના દિવસે દરિયામાં ફરવા નીકળે છે. કારણ કે બીજા દિવસે તો પોતાના કંથને વિદાય કરવાનો હોય છે. ખોળામાં દીકરો અને દીકરી રમે છે. બન્ને માસણોના ખોળિયા જુદા અને જીવ એક હોય છે. આ જ પ્રમાણે મારા ખારવા સમાજના ગગન ખારવો તેની પત્ની જીવી બાઇને એમ કહે છે કે કાલે હું પરદેશ ખેતી માટે જાઉ છું એટલે કે દરિયો ખેડવા જાઉ છું. જીવી ખારવાને કહે છે કે એ તો મને ખબર છે કે બધા ખારવા દરિયો ખેડવા જવાના છે. પણ સમુદ્રમાં જાય છે ત્યારે કંઇપણ થાય તો દરિયા દેવ સિવાય બીજો કોઇ વિકલ્પ નથી ત્યારે મારા વિભાગની માગણીઓ છે. ગુજરાતની અંદર આપણી પાસે ૧,૬૦૦ કિલોમિટરનો વિશાળ દરિયા કિનારો છે. ૧૪ જિલ્લા અને ૨૬૦ ગામો દરિયાઇ માછીમારી ઉપર આધારિત છે. આંતરદેશીય ૭૯૮ મળીને કુલ ૧,૦૫૮ જેટલાં ગામો મત્સ્ય પાલન સાથે સંકળાયેલા છે. વડાપ્રધાનશ્રી મોદી સાહેબે મત્સ્ય સાથે સંકળાયેલી અસંખ્ય ભાઇઓ અને બહેનોનું જીવન ધોરણ ઉંચું લાવવાના લક્ષ્યાંક સાથે ભારત સરકારમાં નવો મત્સ્યોદ્યોગ વિભાગ ઉભો કરવાનો આવકારદાયક નિર્ણય કરેલ છે. વર્ષ ૨૦૧૯થી તેની કામગીરી શરૂ થયેલ છે. હાલમાં આપણા ગુજરાતના માનનીય શ્રી પુરુષોત્તમભાઇ રૂપાલા સાહેબ આ વિભાગ સંભાળી રહ્યા છે. એ ખૂબ આનંદની વાત છે કે ગુજરાતને એનો વધુને વધુ લાભ મળી રહે. ગુજરાત રાજ્યના દરિયાઇ તથા આંતરદેશી મત્સ્યનું ઉત્પાદન વર્ષે ૬ લાખ મે.ટન હતું તે વધીને વર્ષ ૨૦૧૮-૧૯માં ૬.૯૪ લાખ મે.ટન થયેલ છે. એ જ પ્રમાણે વર્ષ ૨૦૧૯-૨૦માં ૭.૦૧ લાખ મે.ટન હતું, તે વર્ષ ૨૦૨૦-૨૧માં ઘટીને ૬ લાખ મે.ટન થયું, કારણ કે કોરોનાના કારણે દરિયો ખેડવા માટે જઇ શકતા ન હતા. આ જ પ્રમાણે આંતરરાષ્ટ્રીય ઇનલેન્ડ મત્સ્ય ઉત્પાદન વર્ષ ૨૦૦૧-૦૨ માં ૦.૪૫ લાખ મે.ટન હતું, તે વર્ષ ૨૦૧૮-૧૯માં ૧.૪૩ લાખ મે.ટન થયેલ છે. એ જ પ્રમાણે વર્ષ ૨૦૧૯-૨૦માં ૧.૫૭ લાખ મે.ટન અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૧.૨૪ લાખ મે.ટન થયેલ છે. આમ ગુજરાત રાજય કુલ મત્સ્ય ઉત્પાદન વર્ષ ૨૦૧૮-૧૯ ની અંદર ૮.૪૨લાખ મેટ્રિક ટન થયેલ છે. એ જ પ્રમાણે વર્ષ ૨૦૧૯-૨૦ ની અંદર ૮.૫૮ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થયેલ છે. એ જ પ્રમાણે વર્ષ ૨૦૨૦-૨૧માં ૭.૪૪ લાખ મેટ્રિક ટન થયેલ છે. જેની અંદાજીત બજાર કિમત રૂ. ૮,૭૭૩.૩૧ કરોડ છે. ગુજરાત રાજયની મત્સ્ય પરદેશ નિકાસ એટલે કે નિકાસ જે છે એ વર્ષ ૨૦૦૧-૦૨ની અંદર ૧.૩૨ લાખ મેટ્રિક ટન હતી, જે વધીને વર્ષ ૨૦૧૮-૧૯ની અંદર ૩.૦૫ લાખ મેટ્રિક ટન થયેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦ ની અંદર ૨.૮૦ લાખ મેટ્રિક ટન થયેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ની અંદર ૨.૨૮ લાખ મેટ્રિક ટન થયેલ છે. વર્ષ ૨૦૦૧-૦૨માં વિદેશી હૂંડિયામણ ૬૨૫ કરોડ હતું તે વધીને વર્ષ ૨૦૧૮-૧૯ ની અંદર ૫,૨૦૨.૩૦ કરોડ થયેલા છે. તે જ પ્રમાણે વર્ષ ૨૦૧૯-૨૦માં ૫,૦૧૯.૪૮ કરોડ થયેલા છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૪,૨૫૪.૨૧કરોડ થયેલ છે. જે દેશના નિકાસમાં આપણે ૧૮ ટકા જેટલો હિસ્સો ધરાવીએ છીએ. આ વર્ષે ૯,૫૦૦ લાખ મત્સ્ય બીજ ઉત્પાદન કરવાનો જે લક્ષ્યાંક હતો એ રાજયની હેચરીવ અને મત્સ્યબીજ ઉત્પાદન કેન્દ્ર માટે રાખેલ છે. હાલના મત્સ્ય બંદર ઉપર મૂળભુત સુવિધાઓ સબળ બનાવવા માટે ૨૬,૪૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જેમાં ફિશરીઝ, ટર્મિનલ ડિવિઝનના નિભાવ, મત્સ્ય બંદર ખાતે લાઇટ, પાણીની સુવિધા પૂરી પાડવા, મત્સ્ય બંદરોના વિકાસ માટે કોન્ટ્રાક્ટ બેઝ ટેકનિકલ સેલ ઉભું કરવા, મત્સ્ય બંદરો ખાતે પીવાના પાણી, મત્સ્ય ઉતરાણ કેન્દ્ર ખાતે પાણી પુરવઠો પુરો પાડવા માટે, લાઇટિંગની સુવિધા માટે, મત્સ્ય બંદર અને મત્સ્ય ઉતરાણ કેન્દ્રના નવિનીકરણ તેમજ સુધારાવધારા માટે સૂચિત મત્સ્ય કેન્દ્ર ખાતે માળખાકીય સુવિધા ઉભી કરવાનાં કામો પી.એમ.યુ.ના સીકયોરીટી ગાર્ડ માટે કેબીનો ઉભી કરવા, મત્સ્ય બંદરો ખાતે ડ્રેજિંગ, ડ્રેનેજ અને આરોગ્યની જાળવણી માટે છે. અત્યારે હાલ ઉમરસાડી તેમજ ચોરવાડ ખાતે ફ્લોટિંગ જેટી બનાવવાના અને ઉકાઇ તથા વેરાવળ કચેરીનું રિનોવેશન, મત્સ્ય બંદર તથા ઉતરાણ કેન્દ્રો ઉપર ખારાપાણીમાંથી વપરાશલાયક પાણી તૈયાર કરવા માટેના પ્લાન્ટની જોગવાઇનો સમાવેશ કરવામાં આવેલ છે. રાજયમાં ચાર નવા બારમાસી મત્સ્ય બંદરો, નવા બંદર, માઢવાડ, વેરાવળ-૨, સૂત્રાપાડા વિસ્તારમાં નાબાર્ડ લોન સહાય હેઠળ મત્સ્ય ઉદ્યોગ કેન્દ્રના નિર્માણની યોજના હેઠળ ૨,૦૧૩૫ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલી છે. રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં ભાંભરા પાણીમાંથી મત્સ્ય ઉદ્યોગના વિકાસ માટે જીંગા ઉછેરના ફાર્મ માટે માળખાકીય સવલતો પૂરી પાડવા માટેની જુદીજુદી યોજનાઓ માટે રૂપિયા ૪૫.૧૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. આંતરદેશીય મત્સ્ય ઉદ્યોગ વિકાસ માટે લાભાર્થી અને સાધન ઉપર સહાય આપી માછીમાર લાભાર્થી પગભર થાય તે હેતુ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે જનરલ યોજના માટે રૂપિયા ૧,૨૧૦.૧૭ લાખની જોગવાઇ કરવામાં આવેલી છે. અનુસૂચિત જાતિના લોકો માટે રૂપિયા

૧૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે, એ જ પ્રમાણે અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે રૂપિયા ૧૦,૭૯.૮૫ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. ખાતાની તાલીમ અને વિસ્તરણ યોજના હેઠળ તાલીમ શિક્ષણ અને રોજગારીના હેતુ માટે કામધેનુ યુનિવર્સિટીને સાથે રાખી મત્સ્ય ઉદ્યોગક્ષેત્રને સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની કોલેજોના નિર્માણ અને તાલીમ કોર્સની યોજનાઓ માટે ૨૪ કરોડ ૧ લાખ ૭૫ હજારની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. દરિયાઇ મત્સ્યોદ્યોગના વિકાસ માટે લાભાર્થીઓને આધુનિક સાધનો અને સલામતિ અને નફાકારક ઉત્પાદન વધારવા તેમજ આનુષંગિક સાધનો તેમજ સંકલિત પૂરી પાડવા પગડિયા સહાય, પાકિસ્તાન સત્તા મંડળ દ્વારા પકડવામાં આવતા માછીમારોની સહાય આપવાની યોજના, નાના માછીમારોને ગિલ્નેટ ખરીદી ઉપર સહાય, માછીમારોને બોર્ડ તથા ટ્રોલરો ઉપર હાઇજેનિક ટોઇલેટ બનાવવા સહાય, મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રે મહિલા માછીમારોને સ્વ સહાય જૂથો બનાવી મત્સ્ય વેચાણ માટેની સહાય, માછલીઓનું છુટક વેચાણ કરતા વેપારીઓને માછલીઓને સાચવવા માટે ઇન્સ્યુલેટેડ બોક્ષની ખરીદી ઉપર સહાય, દરિયામાં માછીમારી કરતી બોટો માટે ફ્લેક સ્લરી, આઇસ મશીનરી ખરીદી ઉપર સહાય, જીપીએસની ખરીદી ઉપરની સહાય, મરીન કેઇજ કલ્ચર ઉપર સહાય, પ્રોસેસિંગ યુનિટની સ્થાપના ઉપર સહાય, પ્રોસેસિંગ પ્લાન્ટ અપગ્રેડેશન અને વેલ્યુ એડેડ મશીનરી ખરીદી ઉપર સહાય, આઇએસ પ્લાન્ટ, કોલ્ડ સ્ટોરેજની સ્થાપના ઉપર સહાય, સોલાર ડ્રાયર ખરીદી ઉપર સહાય, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ફીશ માર્કેટની સ્થાપના માટે ડીપ ફ્રીજર, રેફ્રિજરેટર વાનની ખરીદી ઉપર સહાય, ફીશિંગ બોટો માટે ફાયબર રોપની ખરીદી ઉપર સહાય, નવા એન્જિન ખરીદી ઉપર સહાય, ઓબીએમ,આઇબીએમ મશીન ખરીદી ઉપર સહાય, જમ્બો પ્લાસ્ટિક ક્રેટની ખરીદી ઉપર સહાય વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજના તળે ૪૦ કરોડ ૧૨ લાખ ૫૦ હજારની જોગવાઇ સુચવવામાં આવેલ છે. રાજ્ય સરકારે ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ મારફતે ટૂંકી મુદતના ધિરાણ ઉપર ૪ ટકા લેખે વ્યાજ સહાય આપવા રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ૭૫ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે, કારણ કે ગુજરાતની અંદર ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ મળે છે, કે.સી.સી. મળે છે. તો મારા મછવારા ભાઇઓને કેમ ન મળે? તો તે માટે ખૂબ ગંભીરતાપૂર્વક વિચારણા કરીને આ યોજના દાખલ કરવામાં આવી છે. ૨૦ મીટરથી ઓછી લંબાઇની યાંત્રિક હોડીઓમાં વપરાતા હાઇસ્પીડ ડીઝલ ઓઇલ પરની વેરા રાહતની યોજના તળે સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે ૨૩૧ કરોડ ૬૪ લાખ ૯૬ હજાર અને વર્ષ ૨૦૧૯-૨૦ માટે ૧૫૯ કરોડ ૯૮ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા. તે પ્રમાણે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૧૬૦ કરોડ રૂપિયા ચૂકવવામાં આવેલ છે. એ પ્રમાણે વર્ષ-૨૦૨૧-૨૨ માટે અત્યાર સુધીમાં ૧૪૯ કરોડનો ખર્ચ કરી કુલ ૯,૨૧૮ બોટોને ડીઝલ વેટ રાહતનો લાભ આપવામાં આવેલ છે. તે પ્રમાણે હાઇસ્પીડ ડીઝલ ઓઇલ ઉપરની વેટ-વેચાણ વેરા માફી યોજના માછીમારો માટેની યાંત્રિક હોડીઓમાં વપરાતા હાઇસ્પીડ ડીઝલ ઓઇલ પરના વેટ-વેરા માફી યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે મારી સરકારે રૂપિયા ૨૩૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. નાની ઓ.બી.એમ. બોટ ધારકને પ્રતિ માસ ૧૫૦ લિટરની મર્યાદામાં ૨૫ રૂપિયા પ્રતિ લિટર લેખે કેરોસીન ઉપર સહાય ચૂકવવા માટે ૪૧૮ લાખ ૨૫ હજારની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. તે પ્રમાણે પાકિસ્તાન મરીન સિક્યોરિટી એજન્સી દ્વારા અપહરણ કરાયેલા માછીમારોને પાકિસ્તાન કસ્ટડીમાં મૃત્યુ થાય તો તેમના વારસદારોને ૪ લાખ જેટલી સહાય ચૂકવવા માટેનો સરકારે નિર્ણય લીધો છે. આર્થિક સહાય તેમજ દરિયામાં માછીમારી દરમ્યાન માછીમારો લાપત્તા કે ગુમ થાય તો એક વર્ષ બાદ તેમના વારસદારોને ૨ લાખ આર્થિક સહાય તથા સમુદ્રમાં માછીમારી દરમ્યાન કુદરતી આપત્તિ અકસ્માતના કારણે અવસાન પામેલ માછીમારોના વારસદારોને રાહત પેટે રૂપિયા ૨ લાખ ચૂકવવાની જોગવાઇ પેટે રૂપિયા ૩૦ લાખ ૨૫ હજારની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ કાર્યક્રમ અંતર્ગત ભારત સરકાર દ્વારા જે ઘટકો માટે લક્ષ્યાંક ફાળવવામાં આવેલ છે તેવા ઘટકો જેવા કે આઇસ પ્લાન્ટ સ્થાપના, નવા તળાવ બાંધકામ, રેરિંગ સ્પેસ ડેવલપમેન્ટ, ઇનપુટ સબસિડી, બ્રેકીશ વોટર, મીઠા પાણીની ફીશશીડ, હેચરી સી-વીડ કલ્ચર(દરિયાઇ સેવાળ) પર્લ કલ્ચર(મોતી ઉત્પાદન) લાર્જ-સ્મોલ ફીડમીલ સ્થાપના વગેરેની સહાય આપવા માટે તથા માછીમારો દરિયામાં મર્યાદિત વિસ્તારમાં જ માછીમારી કરતા હોવાથી માછલીના રિસોર્સની જાળવણી કરવા તથા ઉંડા દરિયાઇ વિસ્તારમાં માછીમારી માટે તેઓની ટ્રોલર બોટોને ઉંડા દરિયામાં માછીમારી માટેની બોટોમાં તબદિલ કરવા, ઉંડા દરિયામાં ટુના ફીશિંગ, ગીલનેટિંગ, હુક એન્ડ લાઇન દ્વારા માછીમારી કરવામાં આવશે. પરિણામે સારી ગુણવત્તાની માછલી પકડાશે અને મત્સ્ય ઉત્પાદન અને રોજગારી વધશે. આ યોજનાઓ માટે વર્ષ ૨૦૨૨-૨૩ ના વર્ષમાં ૩૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. આંતરદેશીય મત્સ્યોદ્યોગ વિકાસ માટે ફીશ કેજ કલ્ચરમાં મત્સ્ય ખોરાક અને મત્સ્ય બીજ માટે યુનિટ કોસ્ટ ૧ લાખ ૫૦ હજારની રાખવામાં આવેલ છે. તેમાં ૫૦ ટકા લેખે મહત્તમ ૭૫ હજારની સહાય આપવામાં આવશે. આવા ત્રણ હજાર યુનિટ માટે વર્ષ ૨૦૨૨-૨૩ ના વર્ષમાં ૨૨ કરોડ ૫૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. ગુજરાત રાજ્યના સલામત, આધુનિક અને નફાકારક મત્સ્યોદ્યોગના વિકાસ માટે વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષ માટે વર્ષ ૨૦૨૧-૨૨ ના વર્ષની સરખામણીએ કુલ જોગવાઇમાં ૯૩ ટકાનો વધારો કરેલ છે. એટલે આજના તબક્કે આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા શ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું. તેમના દ્વારા ૯૩ ટકાનો ઐતિહાસિક વધારો સૂચવવામાં આવેલ છે. આમ મારા વિભાગમાં મહેસૂલી સદરે રૂપિયા ૪૧૪ કરોડ ૬૧ લાખ ૬૫ હજાર અને મૂડી સદરે રૂપિયા ૪૬૫ કરોડ ૩૫ લાખ ૦૪ હજારની જોગવાઇ કરેલ છે. આમ કુલ રૂપિયા ૮૭૯ કરોડ ૯૬ લાખ ૭૯ હજારની અંદાજિત જોગવાઇ સૂચવવામાં આવેલ છે. કાંઠા વિસ્તારના તમામ ધારાસભ્યશ્રીઓને વિનંતી કે, સર્વાનુમતે મારી માગણી મંજૂર કરશો.

ખાસ કરીને ગઇકાલે દિલ્હી ખાતે ગુજરાતના આદિવાસી વિભાગના આદરણીય મંત્રીશ્રી, રાજ્યસભાના તમામ સાંસદો સાથે ભારત દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, ગૃહ મંત્રીશ્રી અમિત શાહ સાહેબ અને નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ અને શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત સાહેબને મળીને ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલ સાહેબના અધ્યક્ષ સ્થાને મળીને પાર- તાપી લીંક છે તેને હાલના તબક્કે સ્થગિત કરવા માટેનો નિર્ણય લીધો છે તેના માટે તમામનો ખૂબ ખૂબ આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી કાપ દરખાસ્તો પાછી ખેંચવાનું કહો. માનનીય મંત્રીશ્રી જીતુભાઇ કાપ દરખાસ્તો પાછી ખેંચવાની વિનંતી કરો.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી શૈલેષભાઇને વિનંતી કરું છું કે, કાપ દરખાસ્તો પાછી ખેંચીને માગણી સર્વસંમતિએ પાસ કરે.

અધ્યક્ષશ્રી : ત્રણેય મંત્રીશ્રીઓના જવાબ આવી જવા દો. પછી પ્રશ્નો પૂછજો.

શ્રી હર્ષ સંઘવી (રાજ્ય કક્ષાના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ.૫૧૭.૧૮ કરોડની અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવી છે. સર્વપ્રથમ તો હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને અમારા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો આભાર માનવા માગું છું કે, રાજ્યના યુવાનો પ્રત્યે તેમણે લાગણી દર્શાવી યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગનાં કામો છે તે આ બજેટમાં ફાળવવા જોગવાઇ કરી છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે માગણીઓ ઉપરની ચર્ચા દરમ્યાન સન્માનનીય ગૃહના માનનીય સભ્યશ્રીઓએ તેમના મંતવ્યો રજૂ કરેલ છે. માનનીય સભ્યશ્રીઓ દ્વારા કેટલાક અગત્યનાં મૌલિક સૂચનો કરી રજૂઆત કરેલ છે. જેની સંપૂર્ણ નોંધ અમોએ પોઝિટિવલી લીધી છે. જેઓએ આ ચર્ચામાં ભાગ લીધેલ છે તે તમામનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ હેઠળની જુદી જુદી કચેરીઓ જેવી કે, કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ગ્રંથાલય નિયામકની કચેરી, પુરાતત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી, અભિલેખાકાર નિયામકની કચેરી, ભાષા નિયામકની કચેરી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત સંગીત નાટક અકાદમી, ગુજરાત લલિતકલા અકાદમી વગેરે દ્વારા રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અંગેની વિવિધ કામગીરી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી રમત-ગમત ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે અમલમાં મૂકેલ વિવિધ પ્રયાસો સન્માનીય ગૃહ સમક્ષ હું રજૂ કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહમાં અનેક સાથી સભ્યોએ રમત-ગમત ક્ષેત્રની વાતો મૂકી. હું આપના થકી આ સન્માનીય ગૃહ સમક્ષ અનેક વાતો મૂકીને તમામ લોકોના મનમાં જે પ્રશ્ન છે એ ક્લીયર કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજ ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૦૨-૨૦૦૩ની આસપાસ રાજયના રમત ગમત ક્ષેત્ર માટે માત્ર રૂપિયા ૨ કરોડ ૫૬ લાખ રૂપિયાનું બજેટ હતું. આજે વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં આ બજેટ રૂપિયા ૫૧૭ કરોડે પહોંચ્યું છે. હું એવું માનુ છું કે, આ વિષય ખૂબ જ મહત્વનો છે, આપણા તમામ લોકોનાં બાળકો આપણા રાજયમાં રહે છે અને આપણે તમામ વિષય પોઝિટિવલી લઇશું. કોઇની પણ કમ્પ્લેન હશે, કોઇનું પણ સૂચન હશે અમે પોઝિટિવલી એના ઉપર કામ કરવા માગીએ છીએ. વર્ષ ૨૦૦૨ અને વર્ષ ૨૦૨૨ની વચ્ચેનો ફરક એ ખૂબ મોટો છે. આ રાતો રાત નથી થયું. આ તબક્કાવાર વર્ષ ૨૦૦૨થી જ્યારથી આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ રાજયના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી લીધી, ત્યારથી સ્પોર્ટ્સ ક્ષેત્રે એક નવી ઉંચાઇ ગુજરાતે એના પછી પ્રાપ્ત કરી છે. તબક્કાવાર એના ઉપર કામગીરી કરવામાં આવી. વર્ષ ૨૦૦૨-૨૦૦૩ની વાત કરીએ ત્યારે રાષ્ટ્રીય કક્ષાના મેડલ ગણતરીના ડબલ આંકડામાં પહોંચતા ન હતા એટલા મેડલ ગુજરાત મેળવતું હતું. ઇન્ટરનેશન ક્ષેત્રે તો મેડલની વાત જ ન હતી. આજે ગુજરાતમાં આપને સૌને જણાવતા આનંદ થાય છે કે, ટીમ સ્પર્ધાઓમાં ગુજરાતને ૨૨૯ ગોલ્ડ મેડલ મેળવ્યા, ૧૪૨ સિલ્વર અને ૧૦૧ બ્રોન્ઝ મેડલ એમ કુલ ૪૭૨ મેડલ્સ આપણે રાષ્ટ્રીય કક્ષા પર મેળવ્યા છે. આ ખૂબ મોટો વિષય છે, જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજનાના ખેલાડીઓ વ્યક્તિગત અને ટીમ સ્પર્ધાઓમાં ૧૧૯ ગોલ્ડ, ૧૩૩ સિલ્વર, ૨૧૬ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૪૬૮ મેડલ્સ ગુજરાતે મેળવેલ છે. જ્યારે સેન્ટર ઓફ એક્સેલન્સ યોજનાના ખેલાડીઓ વ્યક્તિગત અને ટીમ સ્પર્ધામાં ૧૦૨ ગોલ્ડ, ૧૪૪ સિલ્વર, ૧૯૮ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૪૪૪ મેડલ્સ ગુજરાત રાજયે મેળવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ કક્ષાએ ફાંફા હતા. મેડલ્સ મેળવવામાં આજે આંતર રાષ્ટ્રીય કક્ષાએ શક્તિદૂતના ખેલાડીઓએ ૧૯૩ ગોલ્ડ, ૧૨૩ સિલ્વર, ૭૮ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૫૯૪ મેડલ્સ અને જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજનાના ખેલાડીઓએ વ્યક્તિગત અને ટીમ સ્પર્ધાઓમાં ૬ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે, જ્યારે સેન્ટર ઓફ એક્સલન્સ યોજનાના ખેલાડીઓ વ્યક્તિગત અને ટીમ સ્પર્ધાઓમાં ૧૮ ગોલ્ડ, ૨૧ સિલ્વર અને ૧૬ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૫૫ મેડલ્સ મેળવીને ગુજરાત રાજયનું ગૌરવ વધાર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, અનેક લોકોએ અલગ અલગ રાજય સાથે આપણા રાજયની સરખામણી કરી છે, સારી વાત છે. સારા સારા વિષયો અલગ અલગ રાજયના આપણે લોકોએ એપ્લાય કરવા જોઇએ, એક બીજા રાજયો પાસેથી નવી નવી ટેકનિકો એપ્લાય કરીને હંમેશા ક્યાંકને ક્યાંક

રમત-ગમતની નીતિઓ સુધરતી હોય છે. પરંતુ એક દુઃખની વાત છે કે, આ રાજયના ખેલાડીઓ કે જેમણે રાજય કક્ષાએ, રાષ્ટ્રીય કક્ષાએ અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ એક સિદ્ધિ પ્રાપ્ત કરી છે એ વિશે કોઇ એક પણ શબ્દ નથી બોલ્યું એ ખૂબ દુઃખનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય તે વિકાસની ગતિ હંમેશા બીજા બધા જ રાજયો કરતા આપણે લોકો હંમેશા કયાંક અને કયાંક ઝડપથી આગળ વધતાં હોઇએ છીએ. એ જ રીતે અનેક રાજયોની સરખામણીમાં આપણે રમત-ગમત ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી શકીએ, તે માટે આદરણીય શ્રીભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ ગુજરાતની નવી સ્પોર્ટસ પોલિસી લાવવામાં આવી છે જે સ્પોર્ટસ પોલિસી આ દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના હસ્તક લોન્ચ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્પોર્ટસ પોલિસી આવનારા સમયમાં ગુજરાતમાં રમત-ગમત ક્ષેત્રે જોડાયેલાં યુવાઓ માટે સૌથી મહત્વની અને સૌથી મોટી ભેટ સાબિત થશે. આ નવી ખેલકૂદ નીતિની અંદર રાજય સરકારે પીપીપી મોડલ પર સૌથી વધારે ભાર મૂકવામાં આવ્યો છે. આપણે સૌ જાણીએ છીએ કે રાજયમાં જિલ્લા પંચાયત હોય, મહાનગરપાલિકાઓ હોય તે તમામ અલગ અલગ વિભાગો પાસે અલગ અલગ પ્રકારના સ્ટ્રકચરો હોય છે. હું દાખલા તરીકે સુરતની વાત કરું તો સુરતની અંદર ખૂબ મોટું ઇન્ડોર સ્ટેડિયમ છે. હવે એ ઇન્ડોર સ્ટેડિયમને રાજય સરકાર જોડે પીપીપી મોડલની કઇ રીતે યુવાનો ત્યાં ટ્રેનિંગ લઇ શકે તેની વ્યવસ્થા કઇ રીતે કરવામાં આવે તેની વ્યવસ્થા કરવામાં આવી છે. નવા કેપિટલ કોસ્ટ તે નવા માત્ર અને માત્ર કન્સ્ટ્રકશન પાછળ ન ખર્ચાય તે બાબતે સરકાર વિચારણા કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી નીતિ, પ્રતિભાશાળી રમતવીરો માટે ખાસ કરીને સિનિયર કોચ, જિલ્લાના રમત-ગમત અધિકારીઓ જે છે રાજયની રમત-ગમત સંસ્થાઓને અને ફેડરેશન જેવા હિતધારકો સાથે વિસ્તૃત પરામર્શ કરવામાં આવ્યું. આ કોઇ બંધ કેબિનની અંદર પોલિસી બનાવવામાં નહીં આવી. રાજય સરકાર દ્વારા ઓન લાઇન રાજયના તમામ લોકો પાસે જે કોઇ ખેલકૂદમાં રમતની અંદર એક્સ્પિરિયન્સ ધરાવતું હોય તે લોકો પાસે અલગ અલગ વિષયો પર એમના એકિસ્પરિયન્સ થકી સૂચનો મંગાવ્યા તે મહત્વનાં સૂચનો આ પોલિસીની અંદર લઇને ગુજરાતના રમત-ગમત ક્ષેત્રને આવનારા દિવસોમાં દેશમાં સર્વશ્રેષ્ઠ રાજય કઇ રીતે બની શકે તે માટે પ્રયાસો કરવામાં આવ્યા. આ રમત-ગમતની નવી જે પોલિસી છે તેમાં માત્ર રમત-ગમતનાં સેન્ટર્સ નવાં બને, એનું મેઇન્ટેનન્સ થાય એટલુ જ નહીં પણ ત્યાં સારામાં સારી સાયન્ટિફિકલી ઢબે એ લોકોને ટ્રેનિંગ આપવામાં આવે તો એની પણ વ્યવસ્થા આ ન્યુ પોલિસીની અંદર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ ઉદ્યોગ જોડે જોડાયેલુ આપણું રાજય છે. આપણા રાજયની અંદર જે રમતવીરો છે તેને સ્પોર્ટસના સામાનો મેઇડ ઇન ઇન્ડિયાની જેમ મેઇડ ઇન ગુજરાત કઇ રીતે મળે તે પણ આ સ્પોર્ટસ પોલિસીની અંદર ખાસ ધ્યાન રાખવામાં આવ્યુ છે. સ્પોર્ટસ ઇક્વિપમેન્ટ, સ્પોર્ટસ કલોથિંગ માટે એક સ્પેશ્યલ જીઆઇડીસી આવે છે, જે જીઆઇડીસીના માધ્યમથી આ તમામ અલગ અલગ ઇન્ડસ્ટ્રીઓ જે દેશભરની અંદર છે, ગુજરાતમાં પણ આવે અને ગુજરાતમાં સ્પોર્ટસ ઇક્વિપમેન્ટનું પ્રોડકશન થાય તેનું પણ આ સ્પોર્ટસ પોલિસીમાં ખાસ ધ્યાન રાખવામાં આવ્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે ગુજરાતની શકિતદૂત યોજના જે ગુજરાતના રમત-ગમત ક્ષેત્રે જોડાયેલા તમામ યુવાનો માટે ભગવાને આપેલી આ યોજના સમક્ષ એવી યોજના છે, આ યોજના થકી કુલ આ યોજનામાં વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૮ માં જે ઓલમ્પિક આવે છે તેને ટાર્ગેટ કરીને આપણે અલગ અલગ પ્લેયરો વિવિધ ગેમેમાં જેને સારું નેશનલ, ઇન્ટર નેશનલમાં પર્ફોમન્સ કર્યુ હોય એવા સૌ ખેલાડીઓને શોધીને વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૮ની ઓલમ્પિકમાં ગુજરાતના વધારેમાં વધારે પ્લેયર કઇ રીતે ભાગ લઇ શકે તે ટાર્ગેટ રાખીને આ યોજનામાં રૂપિયા ૫ લાખથી લઇને ૨૫ લાખ સુધીની સહાય તેને ટ્રેનિંગ આપવા માટે આપવામાં આવે છે અને તેને ઇન્ટર નેશનલ લેવલની ટ્રેનિંગ આના થકી આપીને આપણે આવનારા દિવસોમાં ગુજરાતના ૬૪ ખેલાડીઓને હાલમાં શકિતદૂત તરીકે આપણે પસંદ કરેલા છે. જે પૈકી ૨૩ ખેલાડીઓને આપણે વર્ષ ૨૦૨૪ના ઓલમ્પિકમાં ટાર્ગેટ કરતા હતા. વર્ષ ૨૦૨૮માં બીજા વધારાના પ્લેયર્સને ટાર્ગેટ કરીએ છીએ. પરંતુ ૨૪ થી વધારીને ૧૦૦ પ્લેયર્સનો ટાર્ગેટ અમે ન્યુ સ્પોર્ટસ પોલિસીમાં લીધો છે. શક્તિદૂતના માધ્યમથી આ તમામ પ્લેયરોને ઇન્ટરનેશનલ કક્ષાની તાલીમ અમે હમણા આપી રહ્યા છીએ. રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકૂંભ હોય કે બીજી વિવિધ એવી રમત-ગમત ક્ષેત્રે જોડાયેલી અલગ અલગ પ્રકારની કોમ્પિટિશન રાજ્યમાં થતી હોય છે. જેના થકી અલગ અલગ જે પ્રતિભા ધરાવતા યુવાનો છે એ શોધવામાં આવે છે. અનેક લોકોએ નવા કોમ્પ્લેક્ષ, નવી વ્યવસ્થાઓની વાત કરી. કોઇપણ વ્યવસ્થા કોણ ધારાસભ્ય છે, કોણ ક્યાં પ્રતિનિધિત્વ કરે છે એ વિચારીને ક્યારેય આપવામાં આવતી નથી. રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૬ થી સરદાર પટેલ રમત ગમત સંકુલ યોજના અમલી કરી ખેલ કૌશલ્ય વિકાસ માટે માળખાગત સુવિધાઓના વિકાસ માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે. હાલમાં મેં વર્ષ ૨૦૦૨નું બજેટ કહ્યું એ જ રીતે વર્ષ ૨૦૦૨ માં આ રાજ્યમાં તૂટેલ-ફૂટેલ ૩ કોમ્પ્લેક્ષ હતા. જ્યાં રાજ્ય કક્ષાની તાલીમ પણ ન લઇ શકાય એવી પરિસ્થિતિ હતી. હાલમાં ૧૯ જિલ્લાઓમાં જિલ્લા કક્ષાના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ કાર્યરત છે. જેમાં વિવિધ જિલ્લાઓમાં જરૂરિયાત મુજબ અદ્યતન સુવિધાઓના અપગ્રેડેશનની કામગીરી થઇ રહી છે. ગાંધીનગરમાં અમારા શ્રીસી.જે. ચાવડાજી ધારાસભ્ય છે. તાપીમાં શ્રી પુનાભાઇ ધારાસભ્ય છે. જૂનાગઢ, બોટાદ, ભરુચ, આ તમામ જિલ્લામાં જિલ્લા કક્ષાના નવા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ આ વર્ષમાં બનાવવામાં આવશે. નવસારીમાં, વલસાડમાં, છોટા

ઉદેપુરમાં, દેવભૂમિ દ્વારકામાં, સુરત શહેરમાં, મોરબીમાં, ગીર સોમનાથમાં વેરાવળમાં શ્રીવિમલભાઇ છે, તલાલામાં શ્રીભગાભાઇ, કોડીનારમાં શ્રીમોહનભાઇ છે, ઉનામાં શ્રીપુંજાભાઇ છે. ગીર સોમનાથમાં એક અતિ આધુનિક જિલ્લા કક્ષાનું સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ આપવામાં આવ્યું છે. આમાં કોનું બાળક કઇ પાર્ટીના પરિવારનું છે એ ગુજરાતની કોઇ દિવસ નીતિ રીતિ રહી શકે નહીં. આ ગુજરાતના ક્યારેય સંસ્કાર જ નથી રહ્યા. ગુજરાતની અંદર હંમેશા આપણે ફોર્વર્ડ વિચારીને આપણે ત્યાંના યુવાનો કેવી રીતે સારામાં સારું પ્રદર્શન કરી શકે એ જ વિચારીને આપણે કામગીરી કરી રહ્યા છીએ. રાજ્યની સાંસ્કૃતિક ધરોહર અને પ્રણાલીઓને લોકભોગ્ય અને લોકાભિમુખ બનાવવા તેનો વ્યાપ વધારવા અને કલાકારોના સાંસ્કૃતિક ઉત્થાન માટે સરકાર હંમેશા સક્રિય છે. અનેક ધારાસભ્યોએ આની રજૂઆતો કરેલી છે. એમાં શ્રીહિતુભાઇએ કલાકારો માટેની જે રજૂઆતો કરેલ છે એ અમે લોકો પોઝિટિવલી કામગીરી કરીશું. ભારત સરકાર દ્વારા દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે ૧૨મી માર્ચ, ૨૦૨૧થી શરૂ કરીને સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના રમત ગમત વિભાગ દ્વારા રાજ્ય કક્ષાએ આ ઉજવણીનું સંકલન અને માર્ગદર્શનની કામગીરી થઇ રહી છે. ખૂબ લાંબા અને ઘણા બધા કાર્યક્રમો અને બાબતો થઇ રહી છે. મારી વિપક્ષના સહુ મિત્રોને વિનંતી છે કે આઝાદી કા અમૃત મહોત્સવ એ દેશની આઝાદીના ૭૫ વર્ષે આપણે સૌ આઝાદીના લડવૈયાઓ જ્યાં હોય ત્યાંથી જ્યારે એ જોશે તો એમને ગૌરવ મહેસૂસ થાય તે મુજબનો આઝાદીનો અમૃત મહોત્સવનો દરેક કાર્યક્રમ હું આ સભાગૃહના સૌ સભ્યોને વિનંતી કરું છું કે આપ આ કાર્યક્રમમાં પધારો. આ કાર્યક્રમમાં આઝાદી કા અમૃત મહોત્સવમાં ગુજરાતના આઝાદી વખતના લડવૈયાઓએ કયા પ્રકારે આઝાદીની લડતમાં ગુજરાતને અલગ અલગ જગ્યાઓ પર રિપ્રેઝન્ટ કરેલ હતું. અમે આ રાજ્યના યુવાનોને તમામ જાણકારી આપવા અલગ અલગ કાર્યક્રમો થકી અલગ અલગ પ્રયાસો કરી રહ્યા છીએ. કદાચ આપના વિસ્તારમાં આ પ્રકારના કોઈ પણ કાર્યક્રમ આપે કરાવવા હોય તો અમે આ બાબતે સંપૂર્ણ વ્યવસ્થા કરીશું. હું આપને વિનંતી કરું છું કે આ કાર્યક્રમમાં આપણે સૌ સાથે મળીને જોડાઇએ. આ જ પ્રકારે તાનારીરી મહોત્સવના જવાબમાં આ મહોત્સવ કઈ રીતે કરીએ છીએ તે તમામ વિષયો જણાવેલા હતાં. છેવાડાના ગામડાઓથી માંડીને શહેરોમાં વિવિધ કલાઓ હકારાત્મક વાતાવરણ ઊભું કરતી હોય છે. પ્રતિભાશાળી કલાકારોને આગળ આવવાની તક મળતી હોય છે. કલાકારોની આંતરિક શક્તિઓને ઉત્કૃષ્ટ કરી શકાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા કલા મહાકુંભની શરૂઆત વર્ષ ૨૦૧૭ થી કરવામાં આવેલ હતી. આ કલા મહાકુંભ ખૂબ સારું હોય છે. ખૂબ પ્રતિભાશાળી લોકો તેમાં ભાગ લેતા હોય છે. આ કલા મહાકુંભમાં પણ તમામ લોકોએ ભાગ લેવો જોઈએ. પોરબંદરમાં ઘેડનો કાર્યક્રમ આ વર્ષે ૧૦મી તારીખે થવાનો છે. આ સભાગૃહના સૌ સભ્યોને આમંત્રણ આપવા માગું છું. આ ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમણી સાથે જોડાયેલો અદ્ભુત કાર્યક્રમ છે. આપ સૌ સભ્યો તેમાં પધારો તેવી મારી આપને વિનંતી છે. માનનીય શ્રીલાબસિંહજીએ એમના તાલુકાની વાત કરી. મેં પાલનપુરમાં એમ નથી જોયું કે કયા ધારાસભ્ય છે. જિલ્લા કક્ષાનું સેન્ટર ત્યાં આપવાનું નક્કી કર્યું છે. પાલનપુરના માનનીય ધારાસભ્યશ્રી શ્રી મહેશભાઈને પણ તે બાબતે જાણકારી છે. માનનીય શ્રી ગુલાબસિંહે એમના તાલુકા માટે જે માગણી કરી છે તેના ઉપર અમે ચર્ચા-વિચારણા કરીને હકારાત્મક નિર્ણય લેવાનો પ્રયત્ન કરીશું. માનનીય શ્રી હિંમતસિંહજીએ જે લાયબ્રેરીની વાત કરી તે વિશે હમણાં બ્રેકમાં જ અમારા વિભાગને સૂચના આપી કે તાત્કાલિક વિઝિટ કરીને જે કોઈ જરૂરિયાત હશે તેના ઉપર અમે હકારાત્મક કામગીરી કરીશું. માનનીય શ્રી અંબરીશભાઈ મારા અંગત મિત્ર છે. એમની તાલુકા કક્ષાની માગણી સો ટકા સંતોષવાનો પ્રયાસ કરીશું. બીજી અનેક માગણીઓ છે એ તમામ માગણીઓ અમે સંતોષવાનો પ્રયાસ કરીશું. માનનીય શ્રી શશીકાન્તભાઈની બનાસકાંઠા જિલ્લા માટે સેન્ટરની જે માગણી હતી તે પૂર્ણ કરવામાં આવેલી છે અને બીજી તમામ માગણીઓ અમે હકારાત્મક રીતે જોવાનો પ્રયાસ કરીશું. મારી વિપક્ષના મિત્રોને વિનંતી છે કે આ મેદાનો, આ વ્યવસ્થાઓ એ ભાજપ-કૉંગ્રેસથી પર રહીને આપણા રાજ્યના યુવાનો, બાળકો અને વડીલો માટે સારી વ્યવસ્થા થાય તે માટે આ માગણીની કાપ દરખાસ્ત પાછી ખેંચીને ગૃહ એક ટીમ ગુજરાતનું પ્રદર્શન કરે એવી મારી વિનંતી છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના બંદર પ્રભાગની માગણી ક્રમાંકઃ ૭૫ હેઠળ મહેસૂલી ખર્ચ માટે રૂ. ૭૧ કરોડ ૪૦ લાખ ૫૯ હજાર અને મૂડી ખર્ચ માટે રૂ. ૨ લાખ ૨ હજારની માગણી લઈને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બંદરો ખાતાની ચર્ચામાં સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ શ્રી આત્મારામભાઈ પરમાર, શ્રી ભગાભાઈ બારડ, શ્રી પૂંજાભાઈ વંશ, શ્રી અરૂણસિંહ રાણા, શ્રી વિમલભાઈ ચુડાસમા વગેરે સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. જુદાં જુદાં સૂચનો પણ કર્યા છે અને સરકારની બંદર ખાતાની નીતિની પ્રશંસા પણ કરી છે તે બદલ હું સૌનો આભાર માનું છું. સાથોસાથ જે સભ્યશ્રીઓએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા છે તે પ્રશ્નોના ઉકેલ બાબતે સરકાર સકારાત્મક દ્રષ્ટિકોણથી વિચારીને તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરશે તેની હું આ સન્માનનીય સભાગૃહના સૌ સભ્યશ્રીઓને ખાતરી આપું છું. ભારતમાં દરિયા કિનારાનો આશરે ૨૮ ટકા જેટલો દરિયાકાંઠો ગુજરાતનો છે.

સમગ્ર ભારતમાં પ્રથમ નંબરનું મેજર પોર્ટ દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ કંડલા આપણા રાજ્યમાં આવેલું છે. આઝાદી પછી કરાંચી બંદરના વૈકલ્પિક બંદર તરીકે સ્થળ પસંદગીનું કામ આપણા ગુજરાતના પનોતા પુત્ર અને લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલને સોંપવામાં આવ્યું હતું. તેઓએ કંડલા બંદર ઉપર પસંદગી ઉતારી. તેઓની દીર્ઘદષ્ટિ તો જુઓ કે, આજે

## તા. ૨૯મી માર્ચ ૨૦૨૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

તમામ મેજર પોર્ટમાં છેલ્લાં ઘણાં વર્ષોથી દેશમાં કંડલા પ્રથમ સ્થાને છે. સમગ્ર દેશના નોન મેજર બંદરો દ્વારા પરિવહન કરવામાં કુલ કાર્બો પરિવહનની સાપેક્ષમાં ગુજરાત સરકાર દ્વારા સંચાલિત બંદરો આશરે ૬૮ ટકા જેટલો કાર્બો પરિવહન કરે છે. દેશના તમામ બંદરો ઉપર થતાં કુલ કાર્બો પરિવહનમાં ગુજરાતના બંદરોનો હિસ્સો ૩૧ ટકાથી વધુ રહેલ છે. ગુજરાતના તમામ બંદરોથી સરકાર અને ગુજરાત મેરિટાઇમ બોર્ડને વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન રકમ રૂપિયા ૨,૧૬૨ કરોડની આવક થયેલ અને લાખો લોકોને આ બંદરો થકી રોજગાર ઉપલબ્ધ થયેલ છે. માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતે નિકાસ ક્ષેત્રે કીર્તિમાન સ્થાપ્યો છે. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા તાજેતરમાં કરાયેલા ટ્વીટ મુજબ આપણા દેશે સૌ પ્રથમવાર ૪૦૦ બિલિયન ડોલરના સામાનને એક્સપોર્ટ કરવાનો લક્ષ્યાંક હાંસલ કરેલ છે, જેમાં ગુજરાત રાજ્યનો સિંહફાળો છે. અલંગમાં ખૂબ જ મોટા જહાજોને ભાંગવાની પ્રવૃતિ ચાલી રહી છે તો સામે આપણી પાસે સચાણા જેવા શિપ રિસાઇકલિંગ યાર્ડ પણ ઉપલબ્ધ છે કે જયાં વર્ષ ૧૯૭૦ના દાયકાથી શિપ રિસાઇકલિંગ ઉદ્યોગ ફૂલ્યો ફાલ્યો હતો. તેને ફરીથી ધમધમતો કરવા માટે સરકારશ્રી દ્વારા લીલી ઝંડી આપવામાં આવી છે. બંદરોના વિકાસ માટે તથા આધુનિક માળખાગત સુવિધાઓ ઉભી કરવા માટે રાજય સરકાર હસ્તકના ગુજરાત મેરિટાઇમ બોર્ડ દ્વારા ખાનગી ક્ષેત્રના સહકારથી વિકાસ સાધવાની નીતિ અપનાવવામાં આવી છે તેમજ ખાનગી કંપનીઓના સાથ અને સહકારથી ગુજરાત મેરિટાઇમ બોર્ડ પી.પી.પી. મોડલ દ્વારા રોકાણ ક્ષેત્રે સફળતા મેળવી રહ્યું છે. સરકારશ્રીની વિવિધ વિકાસલક્ષી નીતિઓનું ગઠન કરવામાં આવેલ છે. જેમ કે, વર્ષ ૧૯૯૫માં જાહેર કરેલ બંદર નીતિ, વર્ષ ૧૯૯૭માં બૂટ નીતિ, વર્ષ ૧૯૯૯માં જી.આઇ.ડી. એક્ટ વિગેરે ઉપરોકત નીતિઓના કારણે રાજય બંદરકાંઠા અને તેને સંલગ્ન ખાનગી અસ્કયામતોનો અસરકારક રીતે ઉપયોગ થઇ શકેલ છે. બંદરોને રેલ અને રોડ સાથેના જોડાણની વાત કરું તો, બંદરોને સારા રોડ અને રેલથી સાંકળવા અનેકવિધ યોજનાઓ હાથ ધરવામાં આવેલ છે. જેમ કે, બેડી બંદર તથા હજીરા બંદરને રેલથી સાંકળવા અલગ એસ.પી.વી. ની રચના કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રી દ્વારા નવલખી બંદરના ૨૩ કિલોમિટરના એપ્રોચ રોડને ચાર માર્ગીય નેશનલ હાઇવે તરીકે વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. અલંગ અને ત્રાપજ દ્વિમાર્ગીય રોડને નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા આશરે રકમ રૂપિયા ૭૦ કરોડના ખર્ચે ચાર માર્ગીય બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. અગત્યના સીમા ચિહ્નોની વાત કરું તો રાજય સરકારના પ્રયત્નોના પરિણામે સતત નોંધપાત્ર લક્ષ્યાંકો હાંસલ જેમ કે, વર્ષ ૧૯૮૩માં અલંગ ખાતે એશિયાના સૌથી મોટા શિપ રિસાઇકલીંગ યાર્ડની સ્થાપના, વર્ષ ૧૯૯૬માં ભારતના પ્રથમ ખાનગી બંદર તરીકે પીપાવાવ બંદરનો વિકાસ, વર્ષ ૧૯૯૯માં સિક્કા, જામનગર ખાતે ભારતની સૌથી મોટી બંદર આધારિત રિફાઇનરીની સ્થાપના, વર્ષ ૨૦૦૧માં દહેજ ખાતે પ્રથમ કેમિકલ ટર્મિનલની સ્થાપના, વર્ષ ૨૦૦૪માં દહેજ ખાતે પ્રથમ એલ.એન.જી. ટર્મિનલનો વિકાસ વિગેરે હાંસલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ભવિષ્યના આયોજનની વાત કરું તો ખાનગી મૂડીરોકાણ દ્વારા ગુજરાત મેરિટાઇમ બોર્ડ હયાત બંદરોના વિકાસ માટે પ્રયત્નશીલ છે. પોરબંદર ખાતે સાગરમાલા યોજના અંતર્ગત કાર્બો માટે રકમ રૂપિયા ૩૪.૯૨ કરોડના ખર્ચે બસની સુવિધા વિકસાવવાનું કામકાજ તથા નવલખી બંદર ખાતે રૂપિયા ૧૭૯ કરોડના ખર્ચે નવી જેટીનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. ભાવનગર ખાતે ૨૮ કરોડના ખર્ચે આર.સી.સી. જેટીનું નવિનીકરણનું કામ હાથ ધરવામાં આવેલ છે. મત્સ્યઉદ્યોગ પ્રવૃતિને વેગ આપવા માટે રકમ રૂપિયા ૮૦૦ કરોડના ખર્ચે માંગરોળ, વેરાવળ અને સૂત્રાપાડા ખાતે મત્સ્ય બંદરો વિકસાવવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, લાખો લોકોને રોજગારી પૂરી પાડતા અને રાજયના આર્થીક અને વાણિજ્ય ક્ષેત્રે ખૂબ મોટો સપોર્ટ પૂરું પાડતા બંદર ક્ષેત્ર માટે આ ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલ માગણી ક્રમાંક-૭૫ ને આ સભાગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે અને કાપ દરખાસ્તો પાછી ખેંચે એવી મારી સભાગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું કૃષિ, પશુપાલન અને ગૌ સંવર્ધન પ્રત્યેનું મારું વકતવ્ય રજૂ કરું છું. આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ સર્વ શ્રી સુખરામભાઇ રાઠવા, શ્રી લલીતભાઇ કગથરા, શ્રી વિરજીભાઇ ઠુમ્મર, શ્રી નથાભાઇ પટેલ, શ્રી ભગાભાઇ બારડ, શ્રી અજમલજીભાઇ રાઠોડ, શ્રી રાજેશભાઇ ગોહિલ, શ્રી લલીતભાઇ વસોયા, શ્રી ભરતભાઇ પટેલ, શ્રી ગુલાબસિંહ રાજપુત, શ્રી બલરાજસિંહજી ચૌહાણ, શ્રી કનુભાઇ બારૈયા, શ્રી જશુભાઇ પટેલ, શ્રી પ્રવિણભાઇ મુસડીયા, શ્રી અંબરીશભાઇ ડેર, એમ લગભગ પંદર જેટલા સભ્યશ્રીઓએ કૃષિ ક્ષેત્રના વિકાસ માટે અને પોતાને લગત પ્રશ્નો અંગે ઘણી બધી વાતો કરી છે. સભાગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આ સરકાર કૃષિ ક્ષેત્રના વિકાસ માટે અને રાજયનો કૃષિ ક્ષેત્રે સર્વાંગી વિકાસ થાય, દેશમાં કૃષિ ક્ષેત્રે ગુજરાતન નંબર વન છે અને નંબર વન રહે એના માટેના તમામ પ્રયત્નો કરશે અને એના માટેના જે કંઇ સૂચનો છે એ તમામ સૂચનો આવકાર્ય છે, સાથો સાથ એના ઉકેલ માટે પણ અમે હૃદયપૂર્વક પ્રયત્ન કરીને તેનો નિકાલ લાવીશું તેની આ સન્માનનીય સભ્યશ્રીઓને હું ખાતરી આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિભાગ માટે સને ૨૦૨૨-૨૩ માટે માગણી નંબર ૨ હેઠળ મહેસૂલી ખર્ચ માટે ૨૯૬૮ કરોડ ૬૮ લાખ ૯૧ હજાર અને મૂડી ખર્ચ માટે રૂ. ૩૫ કરોડ, નાની સિંચાઇ ભૂમિ સંરક્ષ અને વિસ્તાર વિકાસ માટે માગણી નંબર ૩ હેઠળ મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૫ કરોડ ૫ લાખ ૬ હજાર અને મૂડી ખર્ચ માટે રૂ. ૩ હજાર તથા પશુ પાલન અને ડેરી વિકાસ માટેની માગણી નંબર ૪ હેઠળ મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧,૨૬૩ કરોડ ૪૭ લાખ ૩૮ હજારની માગણીઓ લઇને આ ગૃહ

સમક્ષ આવ્યો છું. ખેતી એ માત્ર વ્યવસાય નથી પણ આપણું જીવન છે. કૃષિ એ આપણા દેશની આર્થિક વિકાસની કરોડરજ્જુ છે. મોટાભાગના વ્યવસાયોના પાયામાં કૃષિ, પશુ પાલન અને સંલગ્ન ક્ષેત્રનો મોટો ફાળો હોય છે. એક વખત કહેવાતું કે ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ક નોકરી, ખેતીના આ ગૌરવને પુન:સ્થાપિત કરવાનું બીડું ગુજરાતના પનોતા પુત્ર અને આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઝડપ્યું છે. દેશના પહેલા એવા વડાપ્રધાન છે જેમણે ખેડૂતોની આર્થિક સ્થિતિને મજબૂત બનાવવા તેની આવક બમણી કરવાની વાત કરી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર અને કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરનું કૃષિ મંત્રાલય આ માટેના ભગીરથ પ્રયત્નો કરી રહ્યું છે. કેન્દ્ર સરકારના કદમ સાથે કદમ મીલાવી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર રાજયના ખેડૂતોને સમૃદ્ધ કરવા પૂરા ખંતથી સતત પ્રયત્નશીલ રહી છે. જેના પરિણામે રાજયનો ખેડૂત કૃષિ ક્રાંતિની દિશામાં સતત આગળ વધી રહ્યો છે. હું એક ખેડૂતપુત્ર તરીકે રાજયના કૃષિ મંત્રી તરીકેની કામગીરી કરતા અતિ ગૌરવની લાગણી અનુભવતા મારા હૃદયની લાગણીઓને કેટલીક પક્તિઓમાં રજૂ કરવા માગું છું.

**''ખેડૂતોનું હિત મારા હૈયે વસ્યુ, એ હિત કાજે મેં આયખું ઘસ્યું,**
**આત્મા મારો ખેતરે વસ્યો, હાકલ સૂણી હું ખેતરે ધસ્યો,**
**ખેતરને શેઢે, ખેતરના ધોરીયામાં વાવણીના વારા ને લણણીના ગાડામાં**
**ખેતરે ખેતરે મારો માહ્યો લહેરાતો, બાજરીના ડૂંડામાં મારો જીવ હરખાતો,**
**લહેરાતા પાક જોઇ હૈયુ હરખાય, તાત ની ખુશીમાં મારું મન મલકાય,**
**સૌ ના પ્રયાસે કૃષિને આપ્યું સન્માન, સૌના સાથે કરીશું સૌ વિકાસ પ્રયાણ,**
**હજીયે ખેડવા છે ઘણા સમંદર, તાત ને બનાવવો છે અમારે સિકંદર,**
**તાતને બનાવવો છે અમારે સિકંદર,''**

માનનીય અધ્યક્ષશ્રી, કડકડતી ઠંડી, વરસતા વરસાદ ને ધોમ ધખતા તાપમાં રાત્રી કે દિવસ જોયા વગર પરિશ્રમના પરસેવે નાહીને કણ માંથી મણ ધાન્ય પેદા કરતા જગતના તાતનું બિરૂદ પામેલા ધરતીપુત્રો અને મારા આદરણીય વ્હાલા ખેડૂતો અને ખેતી માટેના કૃષિ ખાતેની માગણીઓ હું આ ગૃહ સમક્ષ રજૂ કરતા આનંદ અને ગૌરવની લાગણી અનભવી રહ્યો છું. મારા ૪૦ વર્ષના જાહેર જીવનામાં ખેતી, ખેડૂત અને ગામડાં સાથે જોડાયેલો છું. આ ચાર દાયકા દરમિયાન લોકોએ મને અઢળક માન સન્માન અને પ્રેમ તથા લાગણી આપ્યા છે એ બદલ તમામનો હું ઋણી છું. લોકોના ઋણ ચૂકવવાનો પ્રયત્ન કરું છું. બની શકે કે તમામને અપેક્ષા પર ખરો ન ઉતર્યો હોય પરંતુ મારા પ્રયાસમાં કયારેય કોઇ ખામી નહિ હોય.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની દિશા ચીંધીને દેશના વડાપ્રધાનશ્રીએ ખેતીમાં ક્રાંતિકારી શરૂઆત કરી છે. આપણા માનનીય રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી પ્રાકૃતિક કૃષિનો અભિયાન તન મન ધનથી આગળ ધપાવી રહ્યા છે જેમના માટે આપણે સૌ તેમને આભારી છીએ. આપણે ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણમુકત ખેતી કરતો જિલ્લો જાહેર કરેલ છે. રાજયના વધુને વધે ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે અને તેના યોગ્ય પરિણામ મેળવે તે માટે રાજય સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાગાયતી ખેતી એ ફકત આજીવિકાનું સાધન નથી પણ એ ઉદ્યોગ તરીકે અપનાવવામાં આવી રહ્યો છે. બાગાયતી ખેતી દ્વારા એકમ દીઠ ઓછા ખર્ચે ઉપલબ્ધ સાધન સામગ્રીના ઉપયોગ થકી લાંબાગાળે વધુ ગુણવત્તાયુકત ઉત્પાદનો મેળવી શકાય છે. ગુજરાત એ કૃષિ ક્ષેત્રે સર્વાંગી વિકાસનું મોડલ પ્રસ્થાપિત કરેલું છે. જમીન સ્વાસ્થય અને જાળવણી માટે સોઇલ હેલ્થ કાર્ડ, નવીન ટેકનોલોજી સાથે ખેડૂતોને જોડી રાખવા માટે કૃષિ મહોત્સવ, સુક્ષ્મ પિયત પદ્ધતિને પ્રોત્સાહન, ઓછા સમયમાં કાર્યક્ષમ રીતે વધુ વિસ્તારમાં ખેત કાર્યો પૂર્ણ કરી શકાય તે માટે કૃષિ યાંત્રિકરણને પ્રોત્સાહન. બજારની માંગ આધારિક હાઇટેક બાગાયતી ખેતી, ખેત ઉત્પાદનોનું મૂલ્ય વર્ધન, સંગઠીત બજાર માળખું, દૂધ ઉત્પાદન અને પ્રોસેસિંગ વગેરે વ્યવસ્થાનો સમાવેશ થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે રૂપિયા ૭,૭૩૭ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવેલ છે અને એના માટે હું મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો હૃદયપૂર્વક આભાર માનું છું. રાજય સરકારની પ્રોત્સાહક નીતિઓના પરિણામે વર્ષ ૨૦૦૪-૦૫માં ગુજરાતમાં કૃષિ ક્ષેત્રનું એકંદર ઉત્પાદન ૨૬,૭૪૬ કરોડ રૂપિયાનું હતું તે વધીને સન ૨૦૨૦-૨૧માં ૨,૦૫,૦૦૦ લાખ કરોડ સુધી પહોંચ્યું છે. કૃષિ ક્ષેત્રના બે દાયકામાં કરેલી સિદ્ધિઓની કેટલીક આંકડાકીય વિગતો આ સભાગૃહના સન્માનનીય સભ્યો સમક્ષ રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ધાન્ય પાકનું ઉત્પાદન જે સન ૨૦૦૧-૦૨માં ૪૮.૯૪ લાખ મેટ્રિકટન હતું એ આજે સન ૨૦૨૦-૨૧માં આ ઉત્પાદન ૧૦૨.૯૨ લાખ મેટ્રિકટને પહોંચ્યું છે એટલે કે ૧૧૦ ટકાનો વધારો થયો છે. તેલીબિયાં ઉત્પાદન ૩૬.૩૦ લાખ મેટ્રિકટન હતું એ સન ૨૦૨૦-૨૧માં ૬૨.૩૦ લાખ મેટ્રિકટન થયું છે એટલે કે ૭૧ ટકાનો વધારો થયો છે. કપાસના પાકમાં સન ૨૦૦૧-૦૨માં ૧૭.૦૩ લાખ ગાંસડીનું ઉત્પાદન હતું એ આજે ૭૨.૧૭ લાખ ગાંસડી એટલે કે ૩૨૩ ટકાનો વધારો થયો છે. ભારતમાં વિવિધ ખેતી પાકો રાજયને અગ્રેસરતાને જોઇએ તો સમગ્ર દેશમાં ૭૭ ટકા દિવેલાનું ઉત્પાદન એકલા ગુજરાતમાં થાય છે અને પ્રથમ સ્થાન ધરાવે છે. મગફળીના વાવેતર તથા ઉત્પાદનમાં પ્રથમ અને ઉત્પાદકતામાં બીજા સ્થાને છે. દેશમાં મગફળીના કુલ વાવેતરમાં ગુજરાત રાજય ૪૬.૬૮ ટકા જેટલો સિંહફાળો ધરાવે છે. તેમજ કપાસના ઉત્પાદનમાં પણ પ્રથમ સ્થાન ધરાવે છે. જીરાનું સૌથી વધુ ઉત્પાદન ગુજરાતમાં થાય છે. ભારતના કુલ ઉત્પાદનના પ૨ ટકા

જેટલો હિસ્સો ગુજરાત રાજય પકવે છે. રાઇના ઉત્પાદકતામાં પણ ગુજરાત રાજય પ્રથમ છે. વરિયાળી અને ચણાના ઉત્પાદકતામાં પણ ગુજરાત પ્રથમ છે. અહીં મારા મિત્રો ખેડૂતોની આર્થિક ઉન્નતિ માટેની વાત કરતા હતા. ખેડૂતોને આર્થિક રીતે મજબૂત કરવા માટેનાં ઘણાં બધાં સૂચનો સન્માનનીય સભ્યશ્રીઓએ કર્યા છે. એને હું જણાવવા માગું છું કે ખેડૂતોને વીજ બિલ ખેતી કામ માટે જે આવે છે એ છેલ્લાં ૨૦ વર્ષ થયા ૬૦ પૈસા યુનિટ છે. ઉદ્યોગોને વીજળી આપવામાં આવે છે એને વીજ બિલનો યુનિટ દીઠ હિસાબ કરી લે અને ખેડૂતોને વીજ બિલમાં રાહત મળે ઓછા ખર્ચે એને વીજ કનેકશન મળે એના માટે દર વર્ષે ૮,૫૦૦ કરોડ રૂપિયા જેટલી ઉર્જા ખાતું અને નાણાખાતું સબસિડી આપે છે. ખેડૂતોને કેટલું મહત્વ આપવામાં આવે છે એના ઉપરથી માહિતી મળી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનશ્રી દર વર્ષે ૬,૦૦૦ રૂપિયા દરેક ખેડૂતના ખાતામાં સીધેસીધા કિસાન સન્માન નિધિ મારફત મોકલાવે છે અને ૧૦,૪૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ ઝીરો ટકે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શ્રીવિરજીભાઇ, બેસો. શ્રીવિરજીભાઇ, સ્પ્રીંગ લાગેલી છે, તરત ઉભા થઇ જાય છે. (અંતરાય)

શ્રી રાઘવજીભાઇ પટેલ : શ્રીવિરજીભાઇ, પ્રશ્ન પૂછજો ને? ગુજરાતમાં ઝીરો ટકે ૩ લાખ રૂપિયા સુધીનું ધિરાણ ખેડૂતોને મળે છે, વગર વ્યાજે. આ ઉપરાંત અકસ્માત વીમા સહાય, ટ્રેક્ટર સહાય, તારની વાડ માટે સહાય, ગોડાઉન માટે સહાય, ટેકાના ભાવની ખરીદીની વાત કરું તો પાંચ વર્ષમાં ૨૦ હજાર કરોડ રૂપિયાથી વધુ રકમની ગુજરાત રાજ્યના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે આ સરકારે ખરીદી કરી છે. કુદરતી આફતોમાં સહાય, ડ્રમ અને ટોકર માટે ૧૪ લાખથી વધુ ખેડૂતોએ માગણી કરી છે. સ્માર્ટ ફોન માટે સહાય, ગાય નિભાવણી માટે સહાય, યાંત્રિક સાધનો વસાવવા સહાય, માલવાહક વાહનની ખરીદીમાં સહાય, બિયારણમાં સહાય, નવીન ટેક્નોલોજીના ઉપયોગ માટે નિદર્શન સહાય, ખેડૂતોના કૌશલ્ય વિકાસ માટે તાલીમ કાર્યક્રમો, પાણીના ટાંકા બનાવવામાં સહાય, પાક મૂલ્યવૃદ્ધિ ખેડૂતોના ખેતર કક્ષાએ થાય તે માટે યુનિટ ઉભા કરવા માટે ખેડૂતોને સહાય આપીએ છીએ. શ્રીવિરજીભાઇ, તમે સાંભળો. વિરજીભાઇને હું કહેવા માગું છું કે હું પણ તેના પક્ષમાં હતો. સાંભળજો અને આ સરકાર ખેડૂતો માટે જે કામ કરે છે જે સહાય આપે છે તેનું લિસ્ટ આપ્યું. હવે તમારી સરકારે શું કર્યું હતું એ પણ તમને કહેવા માગું છું. ભૂતકાળમાં ખેડૂતો પાસેથી લેવી, સસ્તા ભાવે અનાજ પડાવી લેવા માટે લેવીનો કાયદો રદ કરવા માટેની વાત ચાલતી હતી. તેમાં આંદોલનો થયા, ખેડૂતોને શહીદ થવું પડ્યું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે આપણી વાત કરો. બીજી વાત નહીં. (અંતરાય)

શ્રી રાઘવજીભાઇ પટેલ : તમે મને પ્રશ્ન કરજો. મને સાંભળવો પડશે.

અધ્યક્ષશ્રી : આપ આપની વાત કરો. સરસ મજાની આપ રજૂઆત કરો છો. સારી વાત કરો છો. (અંતરાય) બેસો બધા, મેં કહી દીધું. જૂની વાત નહીં, આપણી વાત કરો.

શ્રી રાઘવજીભાઇ પટેલ : ભૂતકાળની વાત નથી કરવી. ભૂતકાળની વાત ભૂલી જાવ, હવે નવું સાંભળો. રાજ્યમાં બિયારણ ઉપલબ્ધિ માટે ખેતીવાડી ખાતુ રાજ્ય બીજ એજન્સી..(સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. (સતત અંતરાય)

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા સબસિડીયુક્ત રાસાયણિક ખાતર પૂરું પાડવા માટે લેવાયેલ ખેડૂતલક્ષી નિર્ણયો હું આપના ધ્યાને મૂકવા માગું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કાપ દરખાસ્તો પાછી ખેંચવા માટે જે કંઇ કહેવાનું હોય તે કહો? (અંતરાય)

શ્રી રાઘવજીભાઇ પટેલ : અમારી ભૂલ હોય તે તમે કહેજો ને?

અધ્યક્ષશ્રી : તેમનું પ્રવચન પૂરું થાય છે. આપ સૌ બેસો. પ્રશ્ન પૂછવાની તક આપવાની છું. બેસો. (અંતરાય) રાઘવજીભાઇ, માનનીય મંત્રીશ્રી.

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માત્રને માત્ર અમારી સરકારે કરેલી કામગીરી અને અમે શું કરવા માગીએ છીએ તેની હું વાત કરું છું. આંતરરાષ્ટ્રીય બજારમાં ડી.એ.પી. અને યુરિયાનો ત્રણ ગણો ભાવ વધી ગયો છે. ભારત સરકારશ્રીએ સબસિડીમાં વધારો કરી યુરિયા અને ડી.એ.પી. ખાતરના ભાવમાં કોઇ વધારો નથી કર્યો. આના માટે કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાનો હું હૃદયપૂર્વક આભાર માનું છું કે જ્યારે જ્યારે આપણે જરૂરિયાત પડી ત્યારે ગુજરાતના ખેડૂતોની ખાતરની જરૂરિયાતનો જથ્થો તેમની સહાયથી આપણને મળી રહયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી આફતોમાં સહાય. તાઉતે વાવાઝોડામાં ૧૨ જિલ્લાઓમાં વ્યાપક નુકસાનને ધ્યાનમાં લઇને વાવાઝોડું કૃષિ રાહત પેકેજ ૧.૭૦ લાખ ખેડૂતોને રૂ. ૪૦૪.૮૮ કરોડની સહાયની ચૂકવણી કરવામાં આવેલ હતી. સપ્ટેમ્બર ૨૦૨૧માં અતિવૃષ્ટથી થયેલ પાક નુકસાન અંગે ૪ જિલ્લાના ૨૩ તાલુકાના ૬૮૨ ગામોના ખેડૂતોને રૂપિયા ૫૪૭ કરોડનું માતબર સહાય પેકેજ જાહેર કરેલ જે અન્વયે ૨.૨૨ લાખ ખેડૂતોને ૪૪૩.૬૧ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. સપ્ટેમ્બર ૨૦૨૧ના છેલ્લા પખવાડિયામાં સતત વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે ૯ જિલ્લાના ૩૭ તાલુકામાં ૧૫૩૦ ગામોના ખેડૂતોને મદદરૂપ થવા કુલ રૂપિયા ૫૩૧ કરોડનું સહાય પેકેજ જાહેર કરેલ. આજ દિવસ સુધીમાં ૩.૬૭ લાખ ખેડૂતોને ૩૭૫.૪૨ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. ટેકાના ભાવની યોજના હેઠળ ખરીફ વર્ષ ૨૦૨૦-૨૧માં ફેબ્રુઆરી-૨૨ અંતિત ૫૦,૦૬૧ ખેડૂતો પાસેથી ૫૨૮.૧૭ કરોડના મૂલ્યની કુલ ૯૫,૩૩૧.૮૨ મે.ટન મગફળી અને અન્ય કઠોળની ટેકાના ભાવે ખરીદી કરેલ છે. ચણાની ટેકાના ભાવની ખરીદીની વાત કરું તો ૩.૩૮ લાખ ખેડૂતોએ નોંધણી કરાવેલ એ પૈકી

૧૮૭ કેન્દ્રો પરથી ખરીદી શરૂ કરવામાં આવી છે. તારીખ ૨૮.૩.૨૦૨૨ સુધીમાં ૬૯,૪૧૯ ખેડૂતો પાસેથી ૭૨૨ કરોડ ૨૬ લાખના મૂલ્યના ૧ લાખ ૩૮ હજાર મે.ટન ચણાના જથ્થાની ખરીદી કરી લીધી છે. સભ્યશ્રીઓની માગણી હતી કે આ વખતે મહત્તમ ખેડૂતની ૧૨૫ મણ ચણાની ખરીદી કરો. રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસે રજૂઆત કરી. કેન્દ્ર સરકારે એ પ્રમાણે જથ્થો મંજૂર કર્યો, એના પરિણામે ખેડૂતોની લાગણી અને માગણી ચણાની ખરીદીમાં સ્વીકારાઇ છે. સભાગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે હું ખેડૂતનો દીકરો છું. ખેડૂતોના સાચા અને વાજબી પ્રશ્નો લઇને આવજો. પશુધનના સાચા અને વાજબી પ્રશ્નો લઇને આવજો. આ પ્રશ્નોના ઉકેલ માટે અમારી સરકાર રાજ્યના વિકાસમાં નડતરરૂપ તમામ પ્રશ્નોના ઉકેલ માટે તૈયાર છે. હું તમામને મદદ કરીશ. મારી વિનંતી છે કે આ સભાગૃહ ખેતી અને પશુપાલનની અંદર અમારા વિભાગોની માગણીઓ લઇને આવ્યો છું એ સર્વાનુમતે મંજૂર કરે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગતિશીલ ગુજરાતની ઝડપ કેટલી છે એ મને ખબર નથી. આપણા રમત-ગમત મંત્રી યુવા મંત્રી છે, રમત-ગમતમાં ભાગ લઇ શકે એવા છે અને કબડ્ડીના કેપ્ટન બનાવવા હોય તો પણ બની શકે એમ છે. ચાર વર્ષથી કલોલ શહેરમાં રમત-ગમતનું મેદાન મંજૂર થયું છે. મેં પ્રશ્નો પૂછ્યા છે એમાં સરકારે પણ હા પાડેલ છે અને મંજૂર કરેલ છે. પણ આજ બને, કાલ બને એમાં આજ સુધી એનું ઠેકાણું નથી. દેશના ગૃહમંત્રીશ્રી ગયા રવિવારે કલોલ આવ્યા હતા. મંજૂર થયેલ મેદાન વિશે એમણે કહ્યું છે કે ઝડપથી બનાવીશું. મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કલોલની અંદર રમત-ગમતનું મેદાન ક્યારે શરૂ થશે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, કલોલમાં અતિ આધુનિક સૌથી બેસ્ટ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ કઇ રીતે બને એ માટે અમારા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબે એમના કલોલ શહેરમાં સારામાં સારું સેન્ટર બને એ માટે (અંતરાય) એ પાસ થયેલ છે એ સાચી વાત છે. પરંતુ નવા જે મોડલ્સ છે એમાં વધુને વધુ લોકો એનો ઉપયોગ કરી શકે તે માટે કલોલમાં અત્યાધુનિક સ્પોર્ટ્સ સંકુલ બનશે અને ઝડપથી એનું ખાતમુહૂર્ત થશે અને અમે એમાં તમને બોલાવીશું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે બંદરોમાં ફીશિંગ માટે જે માછીમારભાઇઓ જાય છે એમને પહેલા કેરોસીન મળતું હતું અત્યારે કેરોસીન મળતું નથી અને પેટ્રોલ વાપરે છે તો પેટ્રોલ ઉપર એમને સબસિડી આપવા માંગો છો કે કેમ? અને હમણા શ્રીરાઘવજીભાઇએ વાત કરી કે ખેડૂતોના ખાતામાં ૬,૦૦૦ રૂપિયા જમા થાય છે. બરાબર છે પણ મારી વિનંતી છે. મને જાણવા પણ મળ્યું છે કે બીનખેડૂત જે ખેતી ધરાવતા નથી એવા ખાતાઓમાં ૬,૦૦૦ રૂપિયા આખા ગુજરાતમાં જમા થયા છે, એટલે એની પણ તપાસ થાય અને ખેડૂતોને એમાં ન્યાય મળે. આ બે પ્રશ્નો મારા છે અને ખાસ સબસિડીવાળો પ્રશ્ન છે કે પેટ્રોલમાં સબસિડી આપવા માંગો છો કે કેમ?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રીભગાભાઇનો પ્રશ્ન ખૂબ સારો છે અને સરકાર ડીઝલને બદલે પેટ્રોલ આપવાની વિચારણા કરે છે અને ટૂંક સમયમાં એ થઇ જશે. એમની રજૂઆત ખૂબ સારી છે અને બિલકુલ વિચારણા હેઠળ છે અને થઇ જશે.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપભાઇ દૂધાત. આજે એમણે મને ખાતરી આપી છે. મેં એમને તાકીદ કરી છે. એમણે મને એકશનથી કીધું છે કે હું હવે વચ્ચે નહીં બોલું.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું બહુ શાંતિથી બેઠો હતો અને એમાંપણ મારા શ્રીરાઘવજીભાઇ બોલતા હોય એટલે મારે મારા સંસ્કાર પ્રમાણે બોલાય નહીં. ગુજરાત મેરી ટાઇમ બોર્ડની અંદર બંદરોની ઘણી બધી વાતો આપણે કરી. મુખ્ય ચેરમેન, વાઇસ ચેરમેનની પોસ્ટ ચાર્જમાં ટી.ડી.ઓ. કે મામલતદારનું મેં સાંભળ્યું, પણ આવી મોટી પોસ્ટ પણ જી.એમ.ડી.માં ચાર્જમાં ચાલે એમાં કાયમી કરવા માંગો છો કે કેમ? યુનિવર્સલ શેમ્પો નામની વીમા કંપની અમારા વિસ્તારમાં પ્રિમિયમ સરકારે નકકી કર્યું. ભૂતકાળમાં બજેટ સત્રની અંદર પણ મેં વાત દોહરાવી હતી. તમને કોપી પણ આપી હતી એ વીમો આપવા માંગો છો કે કેમ? અને હર્ષભાઇને પ્રશ્ન છે. તા. ૨૯-૧૨-૨૦૨૧ ના રોજ ગુજરાતની જુડો ચેમ્પીયનની ટીમના પાંચ બાળકોનું એક્સિડંટમાં મૃત્યુ થયુ એમાં મારા વિસ્તારનો એક ધનવાન નામનો નવયુવાન પણ બગોદરા પાસે જે બનાવ બન્યો એમાં હતો તો એને વળતર આપવા માંગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : બધા પ્રશ્નોના જવાબ એક સાથે આપજો.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે ભારતના વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઇ મોદીએ અને ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૨માં ખેડૂતોની આવક ડબલ થવાની વાત સ્વીકારી છે. જાહેર સભામાં પણ વાત કરે છે અને સરકાર અહીં પણ બોલે છે તો વર્ષ ૨૦૧૭માં કેટલી આવક તમે નકકી કરી છે? ડબલ કરીશું, ડબલ કરીશું પણ પહેલા સીંગલ કેટલી? વર્ષ ૨૦૧૭માં ખેડૂતની સીંગલ સરેરાશ આવક કેટલી અને વર્ષ ૨૦૧૭માં રૂપિયાની જે કિંમત હોય ધારો કે સોનુ વર્ષ ૨૦૧૭માં ૨૫,૦૦૦ રૂપિયે હતું, અત્યારે ૫૩,૦૦૦ ઉપર પહોંચ્યું એટલે એ રીતે તો ડબલ થવાના જ છે ભાવ વધે એટલે પણ વર્ષ ૨૦૧૭ની પરિસ્થિતિએ રૂપિયાની જે કિંમત હોય એ ડબલ થાય ત્યારે કેટલી થવાની છે?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે ચણાની ખરીદી માટેના આંકડા આપ્યા. ચણાની ખરીદીમાં રીજેકશન બહુ મોટું થાય છે. હું એમની ચેમ્બરમાં પણ જઇને કહી આવ્યો છું. કોઇક લીલો દાણો રહી જાય એટલે ફટ દઇને રીજેકશન કરી નાખે. સરકારે ખરીદી નકકી જ કરી હોય ત્યારે એવા ખેડૂતોને રીજેકશનને બદલે

ચણાની સંપૂર્ણ ખરીદી કરવા માગણી કરું છું અને ડી.એ.પી. ખાતરની આપ વાત કરો છો. છેલ્લા આઠ મહિનાથી ડી.એ.પી. ખાતર આવતું નથી એ કેટલા સમયમાં આપવામાં આવશે અને મંત્રીશ્રીએ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષની વાત કરી છે અમારું બહુ સારું સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ છે પણ છેલ્લા ૬ મહિનાથી એનું બોર્ડ ત્રાંસુ પડી ગયું છે. એ રીપેર થઇ જાય એવું કરવા માંગો છો કે કેમ?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાઘવજીભાઇ અહીંયા હતા ત્યારે બોલ્યા હતા કે સજનરે જુઠ મત બોલો, ખુદા કે પાસ જાના હૈ.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો. ટાઇમ નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીને પૂછવા માગું છું. મારા પ્રવચનમાં પણ મેં કીધું હતું કે મારા વિસ્તારના વાસોદ ગામના નાનુભાઇ રામભાઇ કામળીયાનું પાકિસ્તાનની જેલમાં મૃત્યુ થયું છે એનાથી સરકાર વાકેફ છે? જો હા, તો એમના મૃતદેહને વતનમાં પહોંચાડવા માટે આજદિન સુધી શું કાર્યવાહી કરવામાં આવી છે? અને પાકિસ્તાન જેલમાં ૫૧૯ માછીમારો છે એમાંથી મોટાભાગના ઘણા કુટુંબના પરિવારોને માસિક ૩૦૦ રૂપિયા સહાય ચૂકવીએ છીએ એ ચૂકવવામાં આવતી નથી તો તાત્કાલીક અસરથી બાકી જે છે એને ચૂકવી આપવા માગીએ છીએ કે કેમ?

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી રમત-ગમત મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે બનાસકાંઠા, પાટણ, કચ્છ આ ૩ જિલ્લા બોર્ડરના છે. આ બોર્ડરના જિલ્લામાં બીએડીપીની ગ્રાન્ટમાંથી આ ૩ જિલ્લા વચ્ચે એકેડેમી બનાવવામાં આવે તો ત્યાંના ગરીબ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા હોય કે અન્યમાં ઉપયોગી બની શકે. બીજી મારી વિનંતી છે કે ત્યાં બોર્ડરનું પોલીસ સ્ટેશન આવેલ છે. પોલીસ સ્ટેશનની માગણી છે કે પોલીસ ક્વાર્ટર બનાવવામાં આવે. આ બંનેય ડિપાર્ટમેન્ટ મંત્રી પાસે છે. હોમ મિનિસ્ટર આપ છો...

અધ્યક્ષશ્રી : થઇ ગયું. મારી પાસે ટાઇમ નથી.

શ્રી રાઘવજીભાઇ પટેલ : સન્માનનીય સભ્યશ્રી પ્રતાપભાઇ દૂધાતનો પ્રશ્ન છે. વીમા કંપની અને સરકાર વચ્ચે એના માટેની ચર્ચા ચાલે છે. જેમ બને તેમ ઝડપથી નિકાલ કરી પ્રશ્ને પોઝિટિવ ઉકેલ આવે તે દિશામાં કાર્ય કરીશું. મેરી ટાઇમ બોર્ડ વિષેનો પ્રશ્ન કર્યો છે. તેમનું સૂચન છે. સી.જે. ચાવડા સાહેબનો પ્રશ્ન છે. આવક ડબલ કરવાનો એક રસ્તો નથી. પોષણક્ષમ ભાવ મળે, ઉત્પાદન ખર્ચ ઘટે, ગુણવત્તાવાળું ઉત્પાદન મળે, વધુ ઉત્પાદન થાય આવા જુદા જુદા ૪-૫ આયામો દ્વારા ખેડૂતોની પડતર કિંમત સાવ ઘટી જાય અને એની કિંમત એને વધુ મળે તો આવક ડબલ થાય.

અધ્યક્ષશ્રી : કોઇને પ્રશ્ન હોય તો મંત્રીશ્રી સાથે જઇને ચર્ચા કરી લેશો. રમત-ગમતની કાપ દરખાસ્તો પાછી ખેંચતા હોય તો મારા તરફથી પણ આ યુવાનો માટેની હોવાથી વિનંતી કરું છું.

**કાપ દરખાસ્તો ક્રમાંક- ૨, ૪, ૭, ૯, ૧૦, ૧૩, ૧૪, ૧૫, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૬, ૪૮, ૪૯ અને ૫૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક- ૭૫, ૨, ૩, ૪, ૬ અને ૯૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રીની જાહેરાત

સભ્યશ્રીઓનો ગૃપ ફોટો પાડવા અંગે

અધ્યક્ષશ્રી : વિધાનસભાની પ્રણાલિ મુજબ દરેક વિધાનસભાના સભ્યશ્રીઓનો એક ગૃપ ફોટોગ્રાફ પાડવામાં આવે છે. જેની નકલ તમામ સભ્યશ્રીઓને આપવામાં આવે છે. વિધાનસભાના સભ્ય તરીકે આ લોકશાહીના મંદિરમાં આપણને બેસવાનો અણમોલ અવસર પ્રાપ્ત થયો છે. તેની સ્મૃતિરૂપે આ ગૃપ ફોટોગ્રાફ આપણા સૌ માટે આપણી બાકીની જિંદગીનું સંભારણું બની રહેશે. એના માટે તા. ૩૧-૩-૨૦૨૨ ના રોજ સવારે ૯-૦૦ કલાકે એટલે કે ગુરુવારે ગૃપ ફોટોગ્રાફનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૩૧-૩-૨૦૨૨ ના રોજ આ સત્રનો છેલ્લો દિવસ છે. સભાગૃહની બેઠક સવારે ૧૦-૦૦ કલાકે મળનાર છે. તમામ સભ્યશ્રીઓએ સવારે ૯-૦૦ કલાકે ગૃપ ફોટાગ્રાફ માટે ઉપસ્થિત રહેવું અને સરસમજાના તૈયાર થઇને આવો અને ગૃપ ફોટોગ્રાફમાં કોઇપણ સભ્યશ્રી ગેરહાજર ન રહે તેવી મારી આપ સભ્યશ્રીઓને આગ્રહભરી વિનંતી છે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨-૨૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૯ મી માર્ચ, ૨૦૨૨**
**ચૈત્ર-૮, ૧૯૪૪ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**
**પંચમહાલ જિલ્લામાં વીડીઓમાંથી એકત્રિત ઘાસ**

* ૪૪૩૪૩ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં વન વિભાગ દ્વારા ઘાસની વીડીઓમાંથી વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલું ઘાસ એકત્રિત કરવામાં આવ્યું, અને

(૧)

| વર્ષ | એકત્રિત કરેલ ઘાસ (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૯.૧૧ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૧.૦૦ |

(૨) તે પૈકી કેટલા ઘાસનો ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યો ?

(૨)

| વર્ષ | ગોડાઉનમાં સંગ્રહ કરેલ ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૯.૧૧ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૭.૩૯ |

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યમાં ભૂતકાળમાં દુષ્કાળની પરિસ્થિતિમાં ઘાસની અછત ઉભી થતી હતી તેને ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા ૩૨ ઘાસિયા મેદાનો અને રાજ્યમાં આવેલ અન્ય વીડીઓમાં ઘાસ સુધારણાની કોઇ યોજના અમલમાં મૂકેલ છે કે નહીં?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ મહત્વનો પ્રશ્ન માનનીય ધારાસભ્યશ્રીએ પૂછ્યો છે. ભૂતકાળમાં જે દુષ્કાળ પડતા હતા, પશુપાલન સાથે રીલેટેડ આ પ્રશ્ન છે. આ રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૦-૨૧ ના બજેટમાં જોગવાઇ કરી જે આયોજન કર્યા છે તેમાં કચ્છ જિલ્લામાં આવેલ બન્ની ઘાસિયા વિસ્તારને પુનઃજીવિત કરવા માટે ખાસ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૧-૨૨ ના બજેટમાં કચ્છ જિલ્લાના તમામ ઘાસિયા મેદાનોને પુનઃજીવિત કરવામાં આવેલ છે. કચ્છના બન્નીના ઘાસિયા મેદાનનો વિસ્તાર આશરે અઢી લાખ હેકટર જેટલો છે. તે સમયે ફળદ્રૂપ ઘાસિયા મેદાન હતા. કયારેક કયારેક કુદરતી રીતે ઉગેલા ગાંડા બાવળ અને અન્ય બિનઉપયોગી વનસ્પતિના ફેલાવાને દૂર કરીને બન્ની ઘાસિયા મેદાનને પુનઃજીવિત કરવાની યોજના અમલમાં મૂકેલ છે. ચાલુ વર્ષે ૩,૫૦૦ હેકટરમાં ઘાસ ઉગાડવાની કામગીરી કરવામાં આવેલ છે. તેના થકી ઘાસના ઉત્પાદનમાં વધારો થયો છે. મારે હાઉસના ધ્યાને એક અગત્યની બાબત મૂકવી છે. માનનીય વડાપ્રધાનશ્રીએ યુ.એન.ના હાઇલેવલ ડેલિગેશનની અંદર જે એડ્રેસ કર્યુ, તેમાં માનનીય વડાપ્રધાનશ્રીએ આ બન્નીના ઘાસને નોટ કરીને કહ્યું હતું કે, We believe that restoration of land can start a various cycle of the good soil health, increase the land productivity, food security and improve the livelihood in many parts of the India. We have taken up the some novel approach and to give the just example in the Bunny region in the Rann of the Kutch in Gujarat, suffer from the highly degradable land and receive very little rainfall in that region. The land restoration was done by developing grasslands, which helped in achieving land degradation neutrality. It also supports pastoral activities and livelihood by promoting animal husbandry.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ ગુજરાતીમાં થોડું ક કહો. આપ મારું સાંભળો. આપ આનો થોડો ક હાર્દ ગુજરાતીમાં કહી દો તો બધાને ખબર પડે. થોડો ક હાર્દ કહી દો.

તા. ૨૯મી માર્ચ ૨૦૩૦

તારાંકિત પ્રશ્નો

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, in the same spirit need the device effectivity, strategy, and the land restoration while promoting the.. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી યુ.એન. ની હાઇલેવલ કમિટી મળે તેમાં પણ ગુજરાતના કચ્છના રણને અને બન્નીના ઘાસને યાદ કરે છે. ગુજરાતના વન વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીને બિરદાવવામાં આવે છે. આખા વર્લ્ડ વાઇઝ જે દસ કન્ટ્રી નક્કી થાય તેમાં ફળદ્રુપ જમીનમાં ઘાસ ઉગાડવા માટેની કામગીરી કોઇ સ્ટેટે કરી હોય તો તેમાં ગુજરાત પ્રથમ રાજ્ય છે. તેમાં જે નામ નોમિનેટ થવાના હોય તેમાં ગુજરાતનું નામ ગયું છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, રાજ્યમાં વન વિભાગ દ્વારા ઉત્પન્ન થયેલ ઘાસનો સૌથી વધુ વપરાશ કયા વર્ષમાં થયેલ છે તેની વિગતવાર માહિતી આપે?

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી વિરજીભાઇ, શાંતિ રાખો. પ્રશ્નોત્તરી ચાલે છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો પહેલાં વરસાદ ખેંચાતો હતો એટલે ઘાસની અછત સર્જાતી હતી. ભૂતકાળમાં દુષ્કાળ વખતે આપણે જોઇ શકતા હતા કે ટ્રેનો ભરીને મહારાષ્ટ્ર, પંજાબ અને રાજસ્થાન અને બીજા રાજયોમાંથી ઘાસ કોંગ્રેસની સરકારમાં આવેલું છે. માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર હોય, માનનીય શ્રી વિજયભાઇ, માનનીય શ્રીમતી આનંદીબેન પટેલ કે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર હોય આ ઘાસને સ્ટોરેજ કરવા માટેના મોટા ગોડાઉનો બનાવવામાં આવ્યા. ત્યાર બાદ કોઇ પણ પરિસ્થિતિમાં ઘાસની અછતને પહોંચી વળવા માટે રાજય સરકારે ખૂબ પ્રશંસનીય કામગીરી કરી છે અને વર્ષ ૨૦૦૯-૧૦માં આપણે ૫૦.૯૪ લાખ કિલોગ્રામ ઘાસ આપ્યું છે, વર્ષ ૨૦૧૦-૧૧માં ૫૧.૧૩ લાખ કિલોગ્રામ, વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૫.૪૭ લાખ કિલોગ્રામ, વર્ષ ૨૦૧૨-૧૩માં ૬૨.૬૭ લાખ કિલોગ્રામ, વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૦.૧૫ લાખ કિલોગ્રામ, વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૭૬.૫૯ લાખ કિલોગ્રામ, વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૬૨.૨૬ લાખ કિલોગ્રામ, વર્ષ ૨૦૧૬-૧૭માં ૨૩૬.૦૩ લાખ કિલોગ્રામ, વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૩.૫૭ લાખ કિલોગ્રામ, વર્ષ ૨૦૧૮-૧૯માં ૪૦૨.૪૭ લાખ કિલોગ્રામ, વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૫૫ લાખ કિલોગ્રામ, વર્ષ ૨૦૨૧-૨૨માં ૫.૫૫ લાખ કિલોગ્રામ આપણે આપ્યું છે. એટલે તબક્કાવાર જેમ જરૂર પડે તેમ આપણે આપીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, તા. ૩૧.૧૨.૨૦૨૧ના રોજ વીડીઓ બનાવીને વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં જે પંચમહાલ જિલ્લામાં એકત્રિત કરેલું ઘાસ છે એ ખાસ કરીને વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૧.૦૦ લાખ કિલોગ્રામ ઘાસ એકત્ર કરવામાં આવ્યું હતું. ઘાસ વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રમાણમાં ઓછું થયું એનાં કારણો શું? અને બીજું જો ગોડાઉનોમાં સંગ્રહ કરવાની વાત હતી, એમાં પણ ૩.૬૧ લાખ કિલોગ્રામ ઘાસ ઓછું સંગ્રહ થયું છે તો એ બારોબાર કયા કારણોસર વેંચી દેવામાં આવ્યું એ માનનીય મંત્રીશ્રી જવાબ આપે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો હું માનનીય સભ્યશ્રીને કહું કે જે ઘાસ ઉગાડીએ છીએ એ ઘાસ ઉગે છે એની માલિકી રેવન્યુ ડિપાર્ટમેન્ટની હોય છે. વન વિભાગ ચોક્કસ આ ઘાસનું જતન કરે છે અને ઘાસ કટિંગ થાય ત્યાર પછી એની વીડીઓ બનાવી અને ગોડાઉનોમાં મૂકવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ જવાબ છાપ્યા મુજબ જે પૂછ્યું છે એમાં એવું છે કે, ઘાસ ઉગ્યું એની વીડીઓ બની અને ઘાસ ગોડાઉનોમાં જાય એ વખતે પણ ગણતરી કરીએ છીએ અને ઘાસ ગોડાઉનોમાં મૂકીએ એ વખતે પણ ગણતરી કરીએ છીએ. એટલે જ્યારે તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઘાસની ગણતરી થઇ એ ગોડાઉનની અંદર પહોંચ્યું એની છે. ઘાસ કોઇ વખતે સારું પાકેપ્ ખરાબ પાકે, વરસાદ ઓછો થયો હોય તો ઘાસ ઓછું પણ પાકે. ઘાસ ઉગાડવામાં વરસાદ આધારીત છે અને કુદરતી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ઘાસ તમે નથી ઉગાડ્યું, વરસાદ પણ તમે નથી પાડ્યો અમે એગ્રી છીએ. મેં સવાલ એટલો જ પૂછ્યો છે કે, જે વિડિયોગ્રાફી વર્ષ ૨૦૨૧-૨૨ની થઇ એ વિડિયોગ્રાફીમાં ૧૧.૦૦ લાખ કિલોગ્રામ ઘાસ એ વિડિયોગ્રાફીમાં આવ્યું. જયારે વિડિયોગ્રાફીમાં ઘાસ આવી ગયું એનો મતલબ એમ કે વરસાદ પણ પડ્યો હતો, ઘાસ પણ ઉગ્યું હતું, એને કાપવામાં પણ આવ્યું હતું, એકત્રિત પણ કરવામાં આવ્યું હતું એ ઘાસને જ્યારે ગોડાઉનમાં પહોંચાડવાની વાત છે, ત્યારે એ ગોડાઉનની અંદર ૩.૬૧ લાખ કિલોગ્રામ ઘાસ ઓછું પહોંચ્યું છે એનાં શું કારણો? વચ્ચેથી આ ઘાસ ક્યાં જતું રહ્યું? કયા આખલાઓ ખાઇ ગયા?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી શૈલેષભાઇએ જવાબ બરાબર વાચ્યો નથી. તા. ૩૧-૧૨-૨૦૨૧ની પરિસ્થિતિએ જે ઘાસ કટિંગ થયું હોય એટલે ઘાસ ત્યાં પડ્યું હોય એટલે વિડિયોગ્રાફી નહીં પણ વીડી એટલે ઘાસનું જે બંડલ બાંધીએ છીએ એ. એટલે એ ઘાસ ત્યાં પડ્યું હોય અને જે આપણે ગોડાઉનોમાં સ્ટોર કરીએ આ તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિ છે. એટલે ચાલુ વર્ષે માર્ચ ૨૦૨૨માં એ પૂરેપૂરું ઘાસ આપણી પાસે સ્ટોકમાં અવેઇલેબલ છે. એટલે આપણી પાસે સ્ટોક અવેઇલેબલ છે જેટલું ઘાસ કપાયું છે એટલો સ્ટોક અવેઇલેબલ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તમે જે રીતે જવાબ આપી રહ્યા છો તે તમે જ આપેલો જવાબ છે મારો નથી.

શ્રી જગદીશ વિશ્વકર્મા : પણ તમે ૩૧-૧૨-૨૦૨૧ સ્થિતિએ સ્પષ્ટ વાંચો.

તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : હા, ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ એકત્રિત કરેલું ૧૧.૦૦ લાખ કિલોગ્રામ ઘાસ. મેં બરાબર વાચ્યું, હું ફરીવાર વાચું છું, વર્ષ ૨૦૨૧-૨૨ તારીખ ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૭.૩૯ લાખ કિલોગ્રામ ઘાસ જ ગોડાઉનોમાં ગયું. ૩.૬૧ લાખ કિલોગ્રામ ઘાસ ક્યાં ગયું, કયા આખલા ખાઇ ગયા, કોણે વેંચી માર્યું? શું થયું એ માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો શ્રી શૈલેષભાઇની વાત છે કે ઘાસ કયાં ગયુ, કોણ ખાઇ ગયુ આ ભારતીય જનતા પાર્ટીની માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર પારદર્શક સરકાર છે. જે ઘાસ જંગલમાં કપાયુ છે તે તમામે તમામ ઘાસ શૈલેષભાઇ જાતે ત્યાં આવે અમે સ્થળ તપાસ કરવા જઇએ તેમને પૂરેપૂરું વજન કરીને આપવાની જવાબદારી આ સરકારની છે અને તેમને ઘાસ આપવા તૈયાર છીએ... (અંતરાય )

અધ્યક્ષશ્રી : હવે, પૂરું થઇ ગયું, તેમને જે જવાબ આપવો હતો તે આપી દીધો... (અંતરાય) તેમણે બે વખત જવાબ આપ્યો અને તેમણે જે આપ્યો તે જ જવાબ છે, તમે ખુલાસા માટે નોટિસ આપો.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ રાજયમાં ઘાસ વિતરણ અંગે સરકારશ્રી તરફથી શું વ્યવસ્થા કરવામાં આવેલ છે ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં જયારે પણ અછતની પરિસ્થિતિનું નિર્માણ થાય ત્યારે જે પણ ઘાસ ગોડાઉનમાં પડેલુ હોય તેને અમે રાહત દરે વન વિભાગમાં આપીએ છીએ અને મહેસૂલના વન વિભાગે જે વેચાણના ભાવ નક્કી કર્યા છે તે મુજબ પ્રતિ કિલોગ્રામે ઘાસ આપતા હોઇએ છીએ. વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦-૨૧માં મંજૂર કરવાની પ્રક્રિયા સરકારશ્રીની વિચારણા હેઠળ છે. વર્ષ ૨૦૨૦-૨૧ના દર માટે હવે પછી દરખાસ્ત કરવામાં આવશે. સરકાર દ્વારા પશુધારકો, પાંજરાપોળ, ગૌશાળાને પણ ખૂબ સસ્તા દરે, રાહતના દરે આપવામાં આવે છે. એટલે સરકારની પ્રક્રિયા ખૂબ સરળ છે જે પણ વીડીમાં ઘાસ પડયુ હોય તે મહેસૂલ વિભાગની અંદર સુપ્રત કરી અને આપી દેવામાં આવે છે. માનનીય શ્રી શૈલેષભાઇને હજુ પણ કન્ફ્યુઝન હોય તો ફરીથી કહું છું, આ હાઉસની વચ્ચે કહું છું કે જેટલું ઘાસ ઉગ્યુ છે તમામે તમામ ઘાસ તમે આવો તમને વજન કરીને આપી દેવા તૈયાર છીએ.

અધ્યક્ષશ્રી : એ પ્રશ્ન પૂરો થઇ ગયો. બન્નેને મેં ના પાડી છે. પ્લીઝ, હું સમજી ગઇ, પણ તમે બન્ને જણા પછી ચર્ચા કરી લેજો, પ્રશ્નની વિગતવાર ચર્ચા મંત્રીશ્રી જોડે જઇને કરી લેજો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વીરડીમાં ઘાસ ઉગાડી અને ગોડાઉનની અંદર આપણે તેમને પેક કરીને ગોડાઉનમાં રાખીએ અને જયારે અછત પડે, વરસાદ ના પડયો હોય અને અછત પડે ત્યારે આપણે ઘાસ છે તેનુ રાહત દરે ગૌશાળા અને ખેડૂતોને વિતરણ કરતા હોઇએ છીએ. મારી વિનંતી છે કે, ગોડાઉનની અંદર બે-ત્રણ વર્ષ ઘાસ જૂનું થઇ જાય છે પછી આપણે તે પશુઓને આપીએ તો પશુઓ ખાતા નથી આ અમારો અનુભવ છે. એટલે જૂનું ઘાસ થઇ જાય તો અમુક સમયે તે પાંજરાપોળ અને ખેડૂતોને રાહત દરે એનુ વિતરણ કરી નાંખવુ જોઇએ કે જેથી કરીને આપણું ઘાસ છે તે બગડે નહીં એટલે એવુ કંઇ સરકાર વિચારવા માગે છે કે નહીં ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી ભગાભાઇનું સૂચન છે.

**રાજકોટ જિલ્લામાં વ્હાલી દીકરી યોજના**

* ૪૪૩૪૪ **શ્રી લાખાભાઇ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં વહાલી દીકરી યોજના હેઠળ કેટલી દીકરીઓએ લાભ લીધેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં વહાલી દીકરી યોજના હેઠળ ૫૬૭૬ દીકરીઓને સહાય મંજૂર કરી. |
| (૨) આ યોજનામાં કેટલી સહાય મંજૂર કરવામાં આવી ? | (૨) લાભાર્થી દીઠ રૂ.૧,૧૦,૦૦૦/-ની સહાય મંજૂર કરવામાં આવી. |

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, વ્હાલી દીકરી યોજનાનો હેતુ શું છે તથા આ યોજનાના લાભાર્થીને કેટલી સહાય ચૂકવવામાં આવે છે ? અને તેના ફોર્મ કયાંથી મેળવી શકાય ?

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, વ્હાલી દીકરી યોજના એ દીકરીઓના જન્મનું પ્રમાણ વધારવા માટે, દીકરીઓના સર્વાંગી સશકિતકરણ માટે, દીકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે તથા બાળ લગ્નને અટકાવવાના ઉદેશ્યથી આ યોજનાનું અમલીકરણ કરવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત તારીખ ૨-૮-૧૯ અને ત્યારબાદ જન્મેલી દીકરીઓ એ લાભ લઇ શકે છે. સહાયની વાત કરું તો પ્રથમ હપ્તો જ્યારે દીકરી પહેલાં ધોરણમાં પ્રવેશે છે ત્યારે રૂ.૪૦૦૦/-, બીજો હપ્તો જ્યારે દીકરી નવમા ધોરણમાં પ્રવેશે છે, ત્યારે રૂ.૬૦૦૦/- અને જ્યારે દીકરી ૧૮ વર્ષની થાય અને એને ઉચ્ચ શિક્ષણ માટે સહાય મળી રહે તે માટે રૂ.૧,૦૦,૦૦૦/-નો અંતિમ હપ્તો ચૂકવવામાં આવે છે. આમ, કુલ

૧,૧૦,૦૦૦/-ની સહાય તબક્કાવાર ચૂકવવામાં આવે છે અને હું આપ સૌને કહેવા માંગુ છું કે આ યોજનાના ફોર્મ માત્ર ઓફિસથી નહિ પણ આંગણવાડી કેન્દ્રો, સી.ડી.પી.ઓ.ની કચેરી, ગ્રામ પંચાયત, મહિલા અને બાળ અધિકારીની કચેરીએથી વિનામૂલ્યે મેળવી શકો છો.

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે વ્હાલી દીકરી યોજનામાં તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર નામંજૂર અરજીઓ કેટલી છે અને સામાન્યત: વ્હાલી દીકરી યોજનાના ફોર્મ નામંજૂર થવાનાં કારણો શાં છે?

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, વ્હાલી દીકરી યોજના તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ અરજીઓમાં રાજકોટ શહેરમાં ૨,૪૪૭, રાજકોટ ગ્રામ્યમાં ૨૧૩, ગોંડલમાં ૭૬૮, જેતપુરમાં ૬૩૮, ધોરાજીમાં ૨૭૨, ઉપલેટામાં ૩૦૩, જામકંડોરણામાં ૧૫૭, કોટડા સાંગાણીમાં ૧૨૯, જસદણમાં ૩૬૫, વિંછીયામાં ૧૧૪, લોધીકામાં ૧૩૭, પડધરીમાં ૧૩૩ એમ કુલ મળીને ૫,૬૭૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. સભ્યશ્રીનો બીજો સવાલ હતો કે અરજીઓ નામંજૂર થવાનાં કારણો શું છે? એના જવાબમાં અરજીઓ નામંજૂર થવાનાં ઘણાં કારણો હોય છે. જેમ કે, સામાન્યત: જ્યારે ફોર્મ ભરવામાં આવે છે ત્યારે અમુક ડૉક્યુમેન્ટસ જરૂરી હોય છે. જેમ કે, માતા-પિતાની કુલ વાર્ષિક આવક જો ૨ લાખથી વધારે હોય તો આ અરજીઓ નામંજૂર કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત જરૂરી પુરાવા જેમ કે માતા-પિતાની વાર્ષિક આવકનું પ્રમાણપત્ર, માતા-પિતાના લગ્નની નોંધણીનું પ્રમાણપત્ર, લાભાર્થી દીકરીના આધારકાર્ડની નકલ, માતાનું આધારકાર્ડ, પિતાનું આધારકાર્ડ, રેશનકાર્ડ પૈકી કોઇ એક અથવા એક થી વધુ પુરાવા ન હોય તો એ નામંજૂર કરવામાં આવે છે. અરજી દીકરીના જન્મના એક વર્ષની અંદર કરવાની હોય છે. જો એ ન કરવામાં આવી હોય તો નામંજૂર કરવામાં આવે છે અને છેલ્લે માતા-પિતા દ્વારા ત્રણ પ્રસૂતિ બાદ જન્મેલ સંતાન માટે અરજી કરેલ હોય તો એ નામંજૂર કરવામાં આવે છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે દીકરી માટે ખૂબ જ લોકપ્રિય બનેલ આ વ્હાલી દીકરી યોજનામાં લાભ લેવા માટે કોરોના સમય દરમિયાન સમય-મર્યાદામાં કોઇ વધારો કરવામાં આવ્યો હતો કે નહિ?

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાકાળ એ એવો સમય હતો કે જ્યારે રાજ્ય, દેશ અને દુનિયા સૌ ખરાબ સમયમાંથી પસાર થતા હતા ત્યારે ખાસ કરીને વ્હાલી દીકરી યોજનાની વાત હોય ત્યારે સમય લંબાવવાની ચિંતા આપણી સરકારે કરી હતી અને જેમ માલતીબેને પૂછ્યું છે એમ વ્હાલી દીકરી યોજના તા.૧૯/૧૧/૨૦૧૯ના ઠરાવથી સમગ્ર રાજ્યમાં અમલી બનાવવામાં આવી હતી અને આ યોજનાનો લાભ લેવા માટે દીકરીના જન્મના એક વર્ષની અંદર જ અરજી કરવાની રહેતી હોય છે પણ કોરોનાની મહામારીના લીધે આ સરકારની વિવિધ યોજનાઓનો લાભ ઘણા લાભાર્થીઓ લઇ શકતા ન હતા. આ બાબત ધ્યાનમાં રાખીને વ્હાલી દીકરી યોજના કે જેમાં દીકરીના જન્મના એક વર્ષમાં જ અરજી કરવાની જોગવાઇ હતી, તેમાં છ માસનો વધારો કરીને તા.૨/૮/૨૦૧૯ થી તા.૩૧/૩/૨૦૨૦ સુધી જન્મેલ દીકરીઓના કિસ્સામાં અરજી કરવાની સમય-મર્યાદામાં ૬ માસનો વધારો કરીને અરજી કરવાની મુદ્દત ૧૮ માસની કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

**છોટાઉદેપુર જિલ્લામાં આદિમજૂથોને આવાસ ફાળવણી**

* ૪૪૩૩૯ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આદિમજૂથોને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ આદિમજૂથોને કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) વ્યક્તિગત આવાસ માટે આદિમજૂથના લાભાર્થીને આવાસ બાંધકામ માટે રૂ.૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ? | (૩) છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં આ યોજના અંતર્ગત કોઇપણ લાભાર્થીની અરજી મળેલ ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આદિમજૂથ સમુદાયમાં ગુજરાત રાજ્યની કઈ કઈ અનુસૂચિત જનજાતિઓનો સમાવેશ થાય છે? આદિમજૂથ સમુદાયની ગુજરાત રાજ્યના કેટલા જિલ્લાઓ, કેટલા તાલુકાઓ અને કેટલાં ગામડાઓમાં વસતિ છે તેમજ કુલ કેટલી વસતિ છે? આદિમજૂથ સમુદાય પૈકી કઈ જાતિની વસતિ સૌથી વધારે તથા કઈ જાતિની વસતિ સૌથી ઓછી અને કેટલી છે?

ચૈત્ર ૮, ૧૯૪૪ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આદિમજૂથ સમુદાયની સંસ્કૃતિ અને ધરોહરને જાળવીને તેમનો સામાજિક અને આર્થિક રીતે વિકાસ સાધીને તેમના જીવનધોરણમાં સુધારો કરવા માટે વર્ષોથી અમારી સરકાર દ્વારા કામગીરી થઈ રહી છે. ગુજરાત રાજ્યની અનુસૂચિત જનજાતિમાં અતિ પછાત કહેવાય તેવી પાંચ જાતિઓને આદિમજૂથ તરીકે ઓળખાય છે. કોટવાડિયા, કથોડી, સીદી, કોલગા અને પઢાર જાતિનો આદિમજૂથ સમુદાયમાં સમાવેશ થાય છે. ગુજરાત રાજ્યમાં કુલ ૧૯ જિલ્લાઓ, ૫૩ તાલુકાઓ અને ૬૫૭ જેટલા ગામોમાં આદિમજૂથ સમુદાયની કુલ ૧ લાખ ૨૪ હજાર ૮૨૧ જેટલી વસતિ છે. આદિમજૂથ સમુદાયમાં સૌથી વધુ કોલગા જાતિની ૪૭ હજાર ૬૮૬ અને સૌથી ઓછી સીદી જાતિની ૧૦ હજાર ૯૯૯ વસતિ છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આદિમજૂથ યોજના નીચે મકાન બનાવવા માટે સહાય આપીએ છીએ. મારા વિસ્તારમાં સીદી બાદશાહની વસતિ છે જેને આપણે નીગ્રો કહીએ છીએ. આદિકાળથી તેઓ જંગલમાં અને જંગલની બોર્ડર ઉપર રહે છે. સેટલમેન્ટનાં ગામડાઓમાં તેની વસતિ આવેલી છે. જે જગ્યાએ મકાનો કે ઝૂંપડા બાંધીને રહેતા હોય તેના કોઈ આધાર-પુરાવા કે સનદો નથી એટલે આપણે તેને કોઈ સહાય આપી શકતા નથી. ગીર-સોમનાથ જિલ્લાના તાલાળા તાલુકામાં જ તેઓ વસવાટ કરે છે એટલે ત્યાં લિમિટેડ છે. તેઓ મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હોય છે. સરકારની કોઈ પણ યોજનાનો લાભ તે લોકો સુધી પહોંચે તે માટે તેને રેગ્યુલાઈઝ કરીને તેમને તેમના મકાનની સવલત આપવા માગો છો કે કેમ? અને તે માટે સરકાર કાંઈ વિચારે અને સરકાર મને હકારાત્મક જવાબ આપે તેવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, જયારે આદિમજૂથની વાત થઇ છે અને સીદી જાતિની વાત થાય છે ત્યારે સરકારશ્રીની નેમ છે કે, આદિમજૂથની જાતિમાં ૦ થી ૨૦ કોડ ધરાવતા હોય એવા બી.પી.એલ. કુટુંબને આવાસ આપવામાં આવે છે. પણ મને કહેતાં આનંદ થાય છે કે, કોઇપણ વ્યકિત જે આદિમજૂથમાં આવે છે અને એને આવાસની જરૂરિયાત છે એમનો ૧૦૦ ટકા રાજ્ય સરકાર તરફથી આવાસ યોજનામાં સમાવેશ થાય અને એમની પ્રગતિ અને વિકાસ થાય એ માટે સરકારશ્રી કટિબધ્ધ છે. જ્યારે સનદની વાત આવી છે ત્યારે આપની વાત ધ્યાને લઇને નીચેથી રજૂઆત અમને મળશે અને આપે મને જે રજૂઆત આપી છે તે અંગે અમે ધ્યાન દોરીશું.

શ્રી ધનજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આદિમજૂથના લોકોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર તરફથી કોઇ યોજના અમલમાં છે? અને જો હોય તો તે કયારથી છે? તેમજ આ યોજના હેઠળ કઇ કઇ પાયાની સુવિધાઓ આવરી લેવામાં આવે છે?

શ્રી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આદિમજૂથના લોકોના સર્વાંગી વિકાસ માટે તારીખ ૨૨-૧૧-૨૦૧૩થી પાયાની સુવિધા આપવા માટે આ યોજના અમલમાં મૂકી છે. જયારે આદિમજૂથના વિકાસ માટે સરકારશ્રી કટિબદ્ધ હોય ત્યારે એમને પાયાની છ સુવિધાઓ પૂરી પાડી છે. જેવી કે, એમને આવાસ ન હોય તો આવાસ આપવું, વીજળીકરણની વ્યવસ્થા ન હોય તો એ વ્યવસ્થા કરવી, રોડ, રસ્તા આપવા, શુદ્ધ પીવાનું પાણી આપવું અને સૌથી મહત્વની વાત એ છે કે એમનો સાક્ષરતાનો દર વધારવો. એટલે કે તેઓ નિરક્ષર હોય તો સાક્ષરતા આપી દરેક સમાજની હરોળમાં આવીને ઉભો રહીને પોતાના વિકાસનું કામ કરી શકે, પોતાની વાત મૂકી શકે, સક્ષમ બની શકે, શિક્ષણનો દર ઉંચો આવે એના માટેની કામગીરી થાય તથા તેઓનો આર્થિક ઉત્કર્ષ થાય, આ તમામ પ્રકારની વાતોનો સમાવેશ કરીને આદિમજૂથના લોકોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આદિમજૂથોના લોકોને છ પાયાની સુવિધા યોજના અંતર્ગત આપવામાં આવતા આવાસો માટે કેટલી રકમની સહાય આપવામાં આવે છે? આવાસો માટેની યુનિટ કોસ્ટમાં છેલ્લે કયારે વધારો કરવામાં આવ્યો છે? અને કેટલો છે?

શ્રી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આદિમજૂથના લોકો માટે જયારે પાયાની છ સુવિધાઓની વાત કરી, એ અંતર્ગત જયારે આવાસની વાત થઇ હોય ત્યારે સરકારશ્રીના તારીખ ૨૫-૦૬-૨૦૧૮ના ઠરાવથી રકમ રૂપિયા ૧ લાખ ૨૦ હજારની સહાય આપવામાં આવે છે. આદિમજૂથના લોકો માટે છ પાયાની સુવિધા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮માં રકમ રૂપિયા ૭૦ હજારની કોસ્ટ હતી. ત્યારબાદ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા તારીખ ૨૫-૦૬-૨૦૧૮ના ઠરાવથી એની કોસ્ટ એટલે કે યુનિટમાં રકમ રૂપિયા ૫૦ હજારનો વધારો કરીને રકમ રૂપિયા ૧ લાખ ૨૦ હજાર કરવામાં આવે છે. આદિમજૂથ માટે આવાસો બનાવવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બંને કાર્યરત હોઇ, બંને વચ્ચે વિસંગતતા ન રહે એના માટે રકમ રૂપિયા ૫૦ હજારનો વધારોને કરીને અંતે રકમ રૂપિયા ૧ લાખ ૨૦ હજાર કરવામાં આવી છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નમાં સરકારે પોતાની યોજનાની જાહેરાત કરી દીધી, કોને કોને લાભ મળે એ પણ કહ્યું, જાતિ પણ આવી ગઇ પણ આ માનનીય ધારાસભ્યશ્રીનો વિસ્તાર સંખેડા લાગે અને સંખેડા તાલુકામાં આદિમજૂથના કેટલા માણસો વસવાટ કરે છે? એ મારે જાણવું છે?

શ્રી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જનજાતિમાં આદિમજૂથના અતિ પછાત લોકોનો સમાવેશ કરવામાં આવેલ હોય અને જયારે છોટાઉદેપુરની વાત પૂછી છે.

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી: એમણે સંખેડાનું પૂછ્યું છે. તમારી પાસે માહિતી હોય તો આપો. સંખેડામાં આદિમજૂથના કેટલા લોકો વસે છે એમ પૂછે છે?

શ્રી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુરમાં કેટલા છે એનો મારી પાસે આંકડો છે,પણ સંખેડામાં કદાચ વસતિ ન હોય તો આપણે એમને સુવિધા આપી શક્યા ન હોય. તેમ છતાં ટેબલ ઉપર જવાબ આપી દઇશું.

શ્રી આર. સી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, છેલ્લાંબે વર્ષમાં આદિમ જૂથ સમૂદાયના સર્વાંગી વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી?

શ્રીમતી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આદિમ જૂથ સમૂદાયના સર્વાંગી વિકાસ માટે જયારે આવાસની યોજના હોય, આદિમ જૂથ સમૂદાય માટે રસ્તાની સુવિધાની વાત હોય, પીવાના પાણીની વાત હોય, વીજળીકરણની વાત હોય અથવા તો આ સમૂદાયને આજિવિકા આપીને કેવી રીતે સમૃદ્ધ કરવા અને ઉત્કાર્ષ કેવી રીતે કરવો, એ રીતે છ પાયાની જયારે સુવિધા આપી છે ત્યારે છેલ્લાં બે વર્ષમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૬.૫૦ કરોડ અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૦ કરોડ આ રાજય સરકાર તરફથી આપવામાં આવ્યા છે. અને કેન્દ્ર સરકાર તરફથી ડેવલપમેન્ટ ઓફ પી.વી.ટી. અન્ડર સી.સી.ટી. પ્રોજેક્ટ જે ચાલી રહ્યો છે એના હેઠળ બે વર્ષમાં ૨૦૨૦-૨૧માં ૫.૫૨ કરોડ અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૬.૮૩ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદિમ જાતિ સમૂદાયના સર્વાંગી વિકાસ માટે સરકાર ખૂબ સારુ કામ કરી રહી છે, લાભાર્થીઓને લાભ મળી રહ્યા છે અને હું જે પ્રશ્ન પૂછવા માગતો હતો તેનો જવાબ મને મળી ગયેલ છે.

**રાજ્યમાં IMPACT યોજના**

* ૪૪૩૧૨ **શ્રી કનુભાઇ પટેલ** (સાણંદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ઇન્ટીગ્રેટેડ મોડ્યુલ ઓફ પ્લેસમેન્ટ, એપ્રેન્ટિશીપ કમ ટ્રેનિંગ (IMPACT) યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેના અંતર્ગત કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) ૨૧૧૭ |

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઇમ્પેક્ટ યોજના કયારથી અમલમાં આવી અને આ યોજનાનો હેતુ શું છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય શ્રી કનુભાઇએ આ યોજના કયારે અમલમાં આવી એમ પૂછ્યું છે, તો ઇન્ટીગ્રેટેડ મોડયુલ ઓફ પ્લેસમેન્ટ, એપ્રેન્ટિશિપ કમ ટ્રેનિંગ એટલે કે ઇમ્પેકટ યોજના. માનનીય અધ્યક્ષશ્રી, ભાગ્યશાળી છીએ કે ૧૯૯૫ થી ઇમ્પેકટ એ ભારતીય જનતા પાર્ટીનો જ પડે છે. ઘણા લોકો પ્રયાસ કરે છે પણ નથી પડતો, એટલે આ ઇમ્પેકટ યોજના વર્ષ ૨૦૧૯માં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા લાવવામાં આવી છે. આ યોજનાનો હેતુ ખૂબ વિશાળ છે, સરકારી કોલેજ તેમજ સરકારી પોલિટેકનિકમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, આત્મ નિર્ભર ભારત અને આત્મ નિર્ભર ગુજરાત, સ્વરોજગારી મેળવીને યુવાનો આત્મ નિર્ભર બને એ હેતુથી આ યોજના અમલી બનાવી છે, રોજગારી, રોજગારીની વાતો ખૂબ બધા લોકો કરે છે પણ એમને કેવી રીતે રોજગારી આપી શકાય એના માટેના અનેક નિર્ણયો ભારતીય જનતા પાર્ટીની સરકારે રાજયમાં લીધા છે. અને એના કારણે યુવાનો આત્મ નિર્ભર અને સ્વ નિર્ભર બને, પોતાનું કુટુંબ વ્યવસાય કરી શકે એ પ્રમાણે કૌશલ્યવર્ધક બનાવવાના હેતુથી વિદ્યાર્થીને તાલીમ આપવી, વિદ્યાર્થીઓને એપ્રેન્ટીસ તેમજ રોજગારી મેળવવા માટે આ ખૂબ મહત્વની યોજના છે, મેં અગાઉ કહ્યું તેમ કદાચ આ સેવાના કારણે જ ભારતીય જનતા પાર્ટીની વર્ષ ૧૯૯૫ થી ઇમ્પેકટ પડે છે અને ઇમ્પેકટ ઉભી કરવા વાળાની ઇમ્પેકટ પડતી નથી, કારણ કે અમારામાં યુવાનોને વિશ્વાસ છે. યુવાનો સ્વ રોજગારી મેળવે અને આત્મ નિર્ભર બને એ પ્રકારનો આ યોજનાનો હેતુ છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે (IMPACT) યોજનામાં કયા ટ્રેનિંગ પાર્ટનર સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. મારો બીજો પ્રશ્ન એવો છે કે આ યોજના છે એ યોજના અંતર્ગત કયા વિદ્યાર્થીઓને તાલીમને પાત્ર ગણવામાં આવે છે?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય સભ્યશ્રી અરવિંદભાઇએ પ્રશ્ન કર્યો છે એ ખૂબ મહત્વનો છે. ઇમ્પેકટ યોજનામાં ટ્રેનિંગ આપવામાં યુવાનો અને ખાસ કરીને અલગ અલગ કંપનીઓ છે, એમની સાથે રાજય સરકારે એમ.ઓ.યુ. કર્યા છે. કદાચ અગાઉ કોઇને નામ પણ નહિ આવડતા હોય એવી કંપનીઓ સાથે આપણો યુવાન દુનિયામાં સ્પર્ધા કરી શકે એ હેતુ થી ઇન્ડો જર્મન ટુલ્સ રૂમ.,( આઇ.જી.ટી.આર.) અમદાવાદ. નેશનલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ. (એન.એસ.આઇ.સી.) રાજકોટ. સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોકેમિકલ્સ ટેકનોલોજી.(સીપેટ) અમદાવાદ. સ્પોકન ટ્યુટીરિયલ આઇ.આઇ.ટી. બોમ્બે. આ

નામાંકિત સંસ્થાઓ છે એમની સાથે એમ.ઓ. યુ. કરીને આપણા યુવાનોને ટ્રેનિંગ મળે અને મેં અગાઉ કહ્યું તેમ એ સ્પર્ધામાં દુનિયાની સામે નજરમાં નજર મેળવીને આપણો ગુજરાતનો યુવાન આગળ આવે એટલા માટે આ પ્રકારના એમ.ઓ.યુ. આવી નામાંકિત કંપનીઓ સાથે કરવામાં આવેલ છે.

માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન ઇમ્પેકટ યોજના સંદર્ભે વિદ્યાર્થીઓને કેવા તાલીમપાત્ર ગણવામાં આવે છે. આ યોજના અંતર્ગત સરકારી પોલિટેકનિક અને સરકારી ડિગ્રી ઇજનેરી કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અંતિમ વર્ષમાં હોય છે એમને અગ્રતાક્રમ આપવામાં આવે છે. આ વર્ષે ચૂંટણીનું વર્ષ છે અંતિમ બજેટ સેશન છે કદાચ નકારાત્મકતા અને વિરુદ્ધનું વાતાવરણ ઉભું કરવા માગે છે એના માટે આ અંતિમ વર્ષ બની રહેવાનું છે. અંતિમ વર્ષમાં વિદ્યાર્થીઓ હોય એમને અગ્રતાક્રમ લઇને ટ્રેનિંગ આપવામાં આવે છે. આ યોજના અન્વયે ૧૬ સરકારી ડીગ્રી ઇજનેરી કોલેજો અને ૩૧ સરકારી પોલિટેકનિકલના વિદ્યાર્થીઓને તેઓ જે વિદ્યાશાખામાં અભ્યાસ કરતા હોય એ વિદ્યાશાખાને લગતી તમામ તાલીમ એ પણ નિઃશુલ્ક આપણા યુવાનોને આપવામાં આવે છે, જેનાથી એ અલગ પ્રકારની ટ્રેનિંગ સાથે સ્વનિર્ભર અને આત્મ નિર્ભર યુવાન બને એ હેતુથી આ પ્રકારે એ યોજનાનો લાભ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા વિદ્વાન મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ રાજ્યમાં ઇમ્પેકટ યોજના છે તો જે પેપરો ફૂટે છે એની ઇમ્પેકટ વિદ્યાર્થીઓ ઉપર કેવી પડે છે એમના પરિવાર ઉપર કેવી પડે છે અને સરકાર ઉપર કેવી પડે છે એ જણાવે?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્કોપમાં નથી છતાં કહેવું છે કે વર્ષોથી આ પ્રકારની વાતો કરે છે, પરંતુ ૨૮ વર્ષથી પ્રજા અમને જીતાડે છે એ અમારી ઇમ્પેકટ પડે છે, કારણ કે પ્રમાણિક અને નિષ્ઠાથી કામ કરીએ છીએ. પેપર લેવાની શરૂઆત કોઇએ કરી હોય તો એ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભાજપની સરકારે કરી છે. શ્રીમતી આનંદીબહેન, શ્રી વિજયભાઇ અને શ્રી ભુપેન્દ્રભાઇએ ચાલુ રાખી છે. જેને ઇચ્છા થાય એનું બાવડું પકડીને નોકરી આપી દેવાની યોજના કોંગ્રેસ વખતે હતી એ આપણે જોયું છે. પ્રમાણિકતાથી પરીક્ષા લેવાનું કામ કર્યું છે. માની લો કે કોઇ વ્યકિત એવું કંઇક કરે તો એનો અર્થ એવો નથી કે આ ભાજપની સરકાર કે મંત્રી જોડાયેલા છે. એને અટકાવવાનું કામ હું આપને આ ફ્લોર ઉપરથી કહું છું કે વારંવાર એ વાત કરે છે ત્યારે વિનમ્રપણે કહેવું છે કે આપની પાસે કોઇ માહિતી હોય તો અમારી તૈયારી છે, પણ પેપર લઇને એસ.એસ.સી. અને બારમાં ધોરણમાં પેપર જે લેવાતા હોય છે એ પ્રકારે યુવાનને એક રૂપિયો દેવો ન પડે એ પ્રકારે હું સ્વીકારું છું કે કયારેક કોઇ ભૂલ કરે એ ભૂલ સરકારની નથી, એમને પકડીને ભવિષ્યમાં આવું ન થાય પણ બાવડું પકડીને નોકરી આપી દેવાની પદ્ધતિ અમારી સરકારમાં નથી. સારી રીતે યુવાનો પરીક્ષા આપી શકે એ પદ્ધતિ ભાજપની સરકારે પાર પાડી છે. અને હજી પણ તમે આવું કરતા રહેશો તો વર્ષ ૨૦૨૨ ભૂલી જજો અને વર્ષ ૨૦૨૭માં પણ તમારો મેળ પડવાનો નથી. તમને જનતા ઓળખી ગઇ છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પીયૂષભાઇએ કહેવું જોઇએ આ ઇમ્પેક્ટનો જવાબ સાંભળીને સામેની ઇમ્પેક્ટ ખબર પડી ગઇ છે એટલે તમે ચિંતા ન કરો. માનનીય મંત્રીશ્રી પાસેથી ઇમ્પેક્ટ યોજના વિષે એટલું જાણવું છે કે આમાં કેટલા અને કયા પ્રકારના કોર્સ વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ હોય છે જેથી સામે બેઠેલાં વિદ્યાર્થીઓ ભણીને સમજી શકે એની ઇમ્પેક્ટ શું પડે એ જણાવજો?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, બધા આપણા સન્માનનીય ધારાસભ્યશ્રીઓ છે. લોકોએ ચૂંટીને મોકલ્યા છે. સૌ આપણાં મિત્રો છે, એટલે સામે એની અસર પડવા કરતાં રાજ્યમાં શું પડે છે તેનો જવાબ આપીશ... (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો, હું ડિસ્ટર્બ થાઉં છું.

અધ્યક્ષશ્રી : માનનીય પીયૂષભાઇ, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે એ ડિસ્ટર્બ થાય છે.એ વાત બધા માટે છે... (અંતરાય)

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસ ઓર્ડરમાં આવે પછી હું બોલું. પહેલાં તમે બોલી લો... (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી પ્રતાપભાઇએ હમણાં જ મને કહ્યું હતું કે હવે હું નહીં બોલું. પાછું ચાલુ થઇ ગયું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં લાંબા ટૂંકા હાથનો સવાલ નથી. હાથમાં આવેલા પંજાનો મૂળ વાંક છે. પ્રશ્ન અહીંયા છે. લાંબા-ટૂંકા હાથનો પ્રશ્ન નથી. એ પંજો કેટલાક લોકોને નડે છે એટલે મેળ નથી પડતો. લાંબા-ટૂંકા હાથ તો ખૂબ ઉપયોગી હોય છે. પંજો ઉપયોગી નથી. (અંતરાય) એ જ કહેવાનું છે કે આતંકવાદીનો પંજો જે પ્રકારે દેશની અંદર નિર્દોષ લોકોને મારે છે અને એટલે જ કદાચ એ પંજો ધ કશ્મીર ફાઇલ પિક્ચર છે તેમાં પણ ગમતો નથી. આ લોકોને નથી ગમતો એ સ્વાભાવિક છે. હું મારા જવાબ ઉપર આવી જાઉં, કારણ કે આ તો લાંબી ડિબેટ થશે. આદરણીય સભ્યશ્રી રાકેશભાઇએ ખૂબ મહત્વની વાત કરી છે. કેટલા કોર્સ આની અંદર લેવામાં આવ્યા છે. IGTR દ્વારા ૧૭ કોર્સ, NSIC દ્વારા ૨૦ કોર્સ, CIPET દ્વારા ૬ કોર્સ અને Spoken Tutorial દ્વારા ૫૮ કોર્સ. એટલે લગભગ ૧૦૦ જેટલા કોર્સ આમાં લેવામાં આવ્યા છે. અલગ અલગ કોર્સમાં વિદ્યાર્થીઓને પસંદ કરવાની યાદી પણ મારી પાસે છે, પણ હું ટેબલ ઉપર મૂકી દઉં અને આપ કહો તો બોલી જાઉં.

## તા. ૨૯મી માર્ચ ૨૦૩૦

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : ટેબલ ઉપર મૂકશો તો માત્ર રાકેશભાઇને ખબર પડશે. બધાની જાણ માટે એમણે કહ્યું છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ થયો એટલે કેટલાક કોર્સ જેવા કે, PLC Program, Autocad, CNC Miling machine, Control Panel, CAD Solidwork, Quality Control and Assurance, MasterCam, CAN Lath and Program, Operating and Basic of ACDC Dye, VLCI, 3DX Max, Solidworks, Computer hardware and networking, Revett Architect ... માનનીય અધ્યક્ષશ્રી, આ બધા કોર્સ અંગે માનનીય સભ્યશ્રીને અને બધાને આપે કહ્યું એ પ્રમાણે માહિતી બધાના ખાનામાં મૂકી દઇશ.

**રાજ્યમાં અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રોની ચકાસણી માટે સમિતિ**

* ૪૫૫૨૪ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રોની ચકાસણી કરવા માટે ચકાસણી સમિતિની રચના કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સમિતિ દ્વારા કેટલા પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવી,

(૩) તે પૈકી કેટલા પ્રમાણપત્રો ખોટા ઠરાવી રદ કરવામાં આવ્યા, અને

(૪) ખોટા પ્રમાણપત્રો ઇસ્યૂ કરનાર જવાબદારો સામે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| **વર્ષ** | **ચકાસવામાં આવેલ પ્રમાણપત્રોની સંખ્યા** |
|---|---|
| ૨૦૨૦ | ૪૮૨ |
| ૨૦૨૧ | ૧૯૨૯ |

(૩) અને (૪) શૂન્ય.

ચકાસણી સમિતિને ૧૩ પ્રમાણપત્રો ખોટા જણાતા રદ કરવાનું ઠરાવેલ છે. જે અંગેના આખરી હુકમ કરવાની બાબત કાર્યવાહી હેઠળ છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી પૂછવા માગું છું કે જવાબમાં જે ચકાસણી સમિતિએ ૧૩ પ્રમાણપત્રો ખોટા જણાતા રદ કરવાનું ઠરાવેલ છે એવું લખ્યું છે. તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ ૧૩ પ્રમાણપત્રો ખોટા થયા છે એ કયા છે અને બીજો પ્રશ્ન એ છે કે ખોટા પ્રમાણપત્ર લેનાર અને આપનાર સામે ક્યારે અને કેવા પગલાં લેવામાં આવશે એનો માનનીય મંત્રીશ્રી ચોક્કસ સમય અને ખાતરી આપે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જે લાગણી છે. ૨ પ્રમાણપત્રો રદ કરવામાં આવેલ છે. એમનો પહેલા પ્રશ્નો જવાબ હું આપું છું કે જે રદ થયેલ છે એનું મૂળ કારણ એ ઉમેદવાર અન્ય રાજ્યના મૂળ વતની એટલે કે રાજસ્થાનના હોવાથી આપણે એને રદ કરેલ છે. બીજો પ્રશ્ન ઉપસ્થિત કર્યો એ મોટાભાગના આપણા ગુજરાતના છે અને રાઠવા સમાજના પણ છે. કેટલીકવાર વિપક્ષના લોકો પણ એની ચિંતા કરતા હોય છે, એટલે માનવતાના ધોરણે આપણે વધુ તક આપવાના પ્રયત્નો કરીએ છીએ. તેમ છતાં અમે અમારા શાસનમાં કાયદો બનાવ્યો છે, ત્યારે એકપણ ખોટા આદિવાસીના પ્રમાણપત્રના આધારે હક્ક ભોગવવા માગતા હોય તો અમે ચલાવવા માગતા નથી અને સાચો હશે એને ચોક્કસ આપવાનો પ્રયત્ન કરીશું.

શ્રી વિજયભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રની ચકાસણી કરવા માટે જે સમિતિની રચના થઇ છે તો એ સમિતિની રચના ક્યારે કરવામાં આવી?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય શ્રી વિજયભાઇના પ્રશ્નનો જવાબ આપતાં જણાવીશ કે અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર આપવા તથા ચકાસણી બાબતે નામદાર સુપ્રીમ કોર્ટ, નદી દિલ્હી દ્વારા સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નં. ૫૮૫૪/૯૪ કુ. માધુરી પાટીલ તથા અન્યના કિસ્સામાં આપેલ જજમેન્ટમાં દરેક રાજ્ય સરકારોને વિશ્લેષણ સમિતિની રચના કરવા જણાવેલ. તે મુજબ અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રોની ચકાસણી કરવા સૂચન કરેલ છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિના શંકાસ્પદ પ્રમાણપત્રો ખરાઇ કરવા માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા તા. ૨૦-૭-૨૦૦૦ના ઠરાવથી રાજ્યકક્ષાની વિશ્લેષણ સમિતિની રચના કરવામાં આવેલ છે.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાતમાં ઘણા બધા અધિકારીઓ એવા છે કે જેઓ ખોટા પ્રમાણપત્ર લઇ નોકરીએ લાગ્યા છે તો આવા અધિકારીઓના પ્રમાણપત્રો ચેક કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આ જનરલ પ્રશ્ન છે. આપ એમને લિસ્ટ આપી દો, તમે તપાસ કરાવી લેજો. કોણે ખોટા પ્રમાણપત્ર લીધા છે એનું લિસ્ટ તો જોઇશે ને?

## તારાંકિત પ્રશ્નો

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં પણ જવાબ આપ્યો છે કે વર્ષ ૨૦૦૦માં અમે આ કાયદો બનાવ્યો છે. ભૂતકાળમાં કાંઇ આ રીતે બનેલું હશે અને અત્યારે પણ જે ફરિયાદો માટે અમારી વિશ્લેષણ સમિતિ કાળજી રાખી રહી છે અને આવનારા દિવસોમાં પણ એવું કાંઇ હશે તો એની પાછળ આપણે પૂરી તપાસ કરાવીશું.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, હાલમાં રાજ્યમાં કેટલી ચકાસણી સમિતિઓ છે તેમજ વિશ્લેષણ સમિતિએ તા. ૩૧-૧૨-૨૦૨૧ના અંત સુધીમાં છેલ્લાં બે વર્ષમાં કેટલા પ્રમાણપત્રો આપ્યા છે? મારા મત વિસ્તારમાં ખાનપુર તાલુકામાં ૮૯૩ જે વિશ્લેષણ સમિતિએ નક્કી કરેલ હતા, આદિવાસીઓ બાકી રહી ગયેલા એમને ક્યારે દાખલા આપવામાં આવશે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો બન્યા પછી આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે આપણે ત્યાં પહેલાં રાજ્યમાં એક વિશ્લેષણ સમિતિ હતી. ત્યારપછી આપણે ચાર વિભાગમાં વિશ્લેષણ સમિતિ બનાવવાનું નક્કી કર્યું છે. એક ગાંધીનગર ખાતે છે. ગાંધીનગરમાં બીજી પણ છે કે જેમાં કેટલાક જિલ્લાઓનો સમાવેશ કરેલો છે. વિગતો જોઇએ તો ટેબલ પર પણ મૂકી શકીશું. ત્રીજું, વડોદરા ખાતે એક છે અને દક્ષિણ ગુજરાતમાં અમારી સુરત ખાતે છે. એમણે પોતાના મત વિસ્તારનો પ્રશ્ન પૂછ્યો છે. આમાંથી એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એમાં અમે ખૂબ જ ચિંતા કરી રહ્યા છીએ. ફરીવાર કહું છું કે ગુજરાતમાં ઉમરગામથી અંબાજી સુધીનો પટ્ટો અને તે સિવાય શહેરમાં રહેતા સાચા આદિવાસી, દરેકને સાચો ન્યાય મળવો જોઇએ. એના માટે સતત અમારી સરકાર ચિંતા કરી રહી છે પરંતુ હજુપણ ગૃહનું ધ્યાન દોરું છું કે ભૂતકાળમાં પણ જે ખોટા પ્રમાણપત્ર લઇ ગયા હશે અથવા તો જે ભવિષ્યમાં લેવા માંગે છે, એને કયારેય પણ સરકાર ખોટા પ્રમાણપત્ર આપીને એને કોઇ હક્ક આપવા માંગતી નથી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે *(xxx) જયારે ભા.જ.પ.ના સિમ્બોલ(અંતરાય)

અધ્યક્ષશ્રી : વ્યક્તિગત નહીં બહેન. તમારે પ્રશ્ન પૂછવો હોય તો જનરલ પૂછો.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

અધ્યક્ષશ્રી : વ્યક્તિગત નહીં બહેન.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, જાતિ અંગેની વિશ્લેષણ સમિતિની રચના થઇ ગઇ. આ ચારેચાર કચેરીઓમાં હાલ કેટલા કેસ પડતર છે? અને જાતિ અંગેના જે દાખલા મેળવવાના થાય છે એમાં વિસંગતતા છે એને દૂર કરવા માટે સરકાર પોતે ઓર્ડિનન્સ લાવી હતી એની મુદત પણ પૂરી થઇ ગઇ છે. એ નવા ઓર્ડિનન્સનો અમલ આ રાજય સરકાર કેટલા સમયમાં કરવા માંગે છે અને આ ગૃહમાં બિરાજમાન મારા સહિત ઘણા બધાની વિરુદ્ધમાં અરજીઓ થઇ છે તો એ બાબતની તપાસ સરકારમાં કયા તબક્કે છે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતા માનનીય સુખરામભાઇ ખૂબ સિનિયર સભ્ય છે એમણે જે ચિંતા કરી છે કે કેટલા પડતર કેસો છે અને જે ખરાઇ માટે આવેલા એ કેટલા કેસો છે? મારી પાસે જે માહિતી છે એ પ્રમાણે વર્ષ ૧૯૨૭ છે પરંતુ એમાં પણ વધારે પડતા રાઠવા અને કોળીરાઠવા અને એના માટે જ મારા જવાબમાં મેં બહુ લાગણીથી કહ્યું છે કેટલાક રાઠવા સમાજના લોકો ખરેખર સાચા છે, પરંતુ કોઇને કોઇ જગ્યાએ નાનીમોટી વિસંગતતા દેખાય છે એટલા માટે અમે માનવતાથી ખૂબ લાંબી તક આપી રહ્યા છીએ. સમય કરતા વધારે આપી રહ્યા છીએ પરંતુ સભ્યશ્રીની જો લાગણી હોય તો ઝડપથી પણ એમ કરીને એના માટે કોઇ ખોટા હશે તો એના માટે પણ અમે આગળ વધી રહ્યા છીએ પરંતુ તેમછતાં સાચા રાઠવા માટે અમે ચિંતા કરી રહ્યા છીએ એટલા માટે જ અમે વિલંબ કરી રહ્યા છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે એમણે એમના જવાબમાં જણાવ્યું કે કુલ ૧૩ પ્રમાણપત્ર રદ કરવામાં આવ્યા છે, એમાંથી એક રાજસ્થાનનો હતો બાકીના ૧૨ ગુજરાતના હતા. આ બારેબાર પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા, એ કઇ તારીખમાં ઇશ્યૂ કરવામાં આવ્યા હતા? કયા વર્ષમાં ઇશ્યૂ કરવામાં આવ્યા હતા?

અધ્યક્ષશ્રી : એવું આપની પાસે હોય તો આપો નહીંતર ટેબલ ઉપર મૂકી દેજો. આવું હશે નહીં.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ફરીથી પૂછવા વિનંતી કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે કુલ ૧૩માંથી ૧ રાજસ્થાનના હતા અને બાકીના ૧૨ ગુજરાતના હતા, તો ૧૨ પ્રમાણપત્ર જે રદ કરવામાં આવ્યા એ કયા વર્ષમાં ઇશ્યૂ કરવામાં આવ્યા હતા? માનનીય મંત્રીશ્રી પાસે જો ડીટેઇલ હોય તો મને જવાબ આપે નહીંતર ટેબલ ઉપર મૂકે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇનો પ્રશ્ન બહુ સાચો છે. આમ તો મારી પાસે વિગત છે છતાં પણ હું ચર્ચા કરવા કરતા ટેબલ ઉપર આપીશ. મારી પાસે મોટાભાગની વિગત છે છતાં ૧-૨ વિગત નહીં હોવાને કારણે હું પૂરી વિગત ટેબલ ઉપર મૂકવાનો પ્રયત્ન કરીશ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૯મી માર્ચ ૨૦૩૦

તારાંકિત પ્રશ્નો

**રાજ્યની સરકારી પોલિટેકનીક કોલેજમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

* ૪૫૫૮૪ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી પોલિટેકનિક કોલેજ આવેલી છે, | (૧) ૩૧ |
| (૨) ઉક્ત કોલેજવાર સંવર્ગવાર મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) પત્રક મુજબ. |
| (૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને | (૩) ભરતી અંગેની આનુષાંગિક કાર્યવાહી ચાલુ હોવી, રાજીનામું, વયનિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ, અન્ય નોકરીમાં જવું, બઢતી મળવી અને અવસાન થવું વગેરે વહીવટી કારણોસર તેવી જગ્યાઓ ખાલી રહેલ છે. |
| (૪)આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) બનતી ત્વરાએ. |

**પત્રક**

| ક્રમ | સંસ્થાનું નામ | વર્ગ-૧ | | | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | એ.વી.પી.ટી.આઇ રાજકોટ | ૬ | ૫ | ૧ | ૮૬ | ૮૭ | -૧ | ૪૪ | ૨૪ | ૨૦ | ૨૭ | ૭ | ૨૦ |
| ૨ | બી.પી.ટી.આઇ ભાવનગર | ૧૦ | ૩ | ૭ | ૧૧૬ | ૮૯ | ૨૭ | ૮૨ | ૨૪ | ૫૮ | ૫૧ | ૪ | ૪૭ |
| ૩ | સી.યુ.શાહ સુરેન્દ્રનગર | ૭ | ૪ | ૩ | ૧૦૧ | ૭૮ | ૨૩ | ૪૩ | ૧૦ | ૩૩ | ૧૬ | ૧૦ | ૬ |
| ૪ | જી.જી.પી. અમદાવાદ | ૭ | ૫ | ૨ | ૯૦ | ૮૫ | ૫ | ૩૧ | ૮ | ૨૩ | ૧૮ | ૦ | ૧૮ |
| ૫ | જી.જી.પી. સુરત | ૪ | ૨ | ૨ | ૬૮ | ૬૧ | ૭ | ૪૬ | ૧૩ | ૩૩ | ૨૧ | ૫ | ૧૬ |
| ૬ | સરકારી પોલિટેકનિક, અમદાવાદ | ૧૩ | ૯ | ૪ | ૧૫૩ | ૧૪૬ | ૭ | ૬૩ | ૨૧ | ૪૨ | ૪૮ | ૭ | ૪૧ |
| ૭ | સરકારી પોલિટેકનિક, ભૂજ | ૪ | ૦ | ૪ | ૮૦ | ૮૭ | -૭ | ૧૭ | ૯ | ૮ | ૧૨ | ૧૨ | ૦ |
| ૮ | સરકારી પોલિટેકનિક, છોટાઉદેપુર | ૩ | ૧ | ૨ | ૪૭ | ૪૪ | ૩ | ૧૪ | ૬ | ૮ | ૨ | ૧ | ૧ |
| ૯ | સરકારી પોલિટેકનિક, દાહોદ | ૭ | ૪ | ૩ | ૬૮ | ૬૬ | ૨ | ૪૭ | ૧૫ | ૩૨ | ૨૮ | ૧૦ | ૧૮ |
| ૧૦ | સરકારી પોલિટેકનિક, ગાંધીનગર | ૬ | ૩ | ૩ | ૧૨૦ | ૧૨૪ | -૪ | ૨૭ | ૧૭ | ૧૦ | ૮ | ૩ | ૫ |
| ૧૧ | સરકારી પોલિટેકનિક, ગોધરા | ૩ | ૦ | ૩ | ૪૨ | ૩૩ | ૯ | ૧૬ | ૪ | ૧૨ | ૪ | ૩ | ૧ |
| ૧૨ | સરકારી પોલિટેકનિક, હાલોલ | ૧ | ૦ | ૧ | ૨૨ | ૧ | ૨૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | સરકારી પોલિટેકનિક, હિંમતનગર | ૬ | ૫ | ૧ | ૭૫ | ૮૬ | -૧૧ | ૪૬ | ૧૬ | ૩૦ | ૧૬ | ૭ | ૯ |
| ૧૪ | સરકારી પોલિટેકનિક, જામનગર | ૪ | ૧ | ૩ | ૭૬ | ૬૬ | ૧૦ | ૩૪ | ૧૭ | ૧૭ | ૧૦ | ૩ | ૭ |
| ૧૫ | સરકારી પોલિટેકનિક, જૂનાગઢ | ૪ | ૧ | ૩ | ૨૫ | ૩૪ | -૯ | ૧૯ | ૫ | ૧૪ | ૧૦ | ૫ | ૫ |
| ૧૬ | સરકારી પોલિટેકનિક, કપડવંજ | ૩ | ૦ | ૩ | ૨૧ | ૨૨ | -૧ | ૮ | ૪ | ૪ | ૨ | ૧ | ૧ |
| ૧૭ | સરકારી પોલિટેકનિક, નવસારી | ૨ | ૧ | ૧ | ૧૯ | ૨૦ | -૧ | ૧૦ | ૬ | ૪ | ૧ | ૧ | ૦ |
| ૧૮ | સરકારી પોલિટેકનિક, પાલનપુર | ૬ | ૪ | ૨ | ૫૫ | ૬૮ | -૧૩ | ૩૭ | ૧૯ | ૧૮ | ૧૨ | ૭ | ૫ |
| ૧૯ | સરકારી પોલિટેકનિક, પોરબંદર | ૬ | ૩ | ૩ | ૭૬ | ૫૯ | ૧૭ | ૩૪ | ૮ | ૨૬ | ૩૫ | ૯ | ૨૬ |
| ૨૦ | સરકારી પોલિટેકનિક, રાજકોટ | ૮ | ૭ | ૧ | ૧૨૬ | ૧૧૭ | ૯ | ૪૭ | ૨૩ | ૨૪ | ૨૭ | ૬ | ૨૧ |
| ૨૧ | સરકારી પોલિટેકનિક, રાજપીપળા | ૧ | ૦ | ૧ | ૭ | ૭ | ૦ | ૯ | ૫ | ૪ | ૦ | | ૦ |
| ૨૨ | સરકારી પોલિટેકનિક, વડનગર | ૪ | ૨ | ૨ | ૨૩ | ૨૨ | ૧ | ૧૦ | ૪ | ૬ | ૩ | ૨ | ૧ |
| ૨૩ | સરકારી પોલિટેકનિક, વલસાડ | ૭ | ૪ | ૩ | ૧૧૪ | ૯૯ | ૧૫ | ૪૨ | ૧૯ | ૨૩ | ૨૫ | ૪ | ૨૧ |
| ૨૪ | સરકારી પોલિટેકનિક, વ્યારા | ૨ | ૧ | ૧ | ૨૮ | ૨૬ | ૨ | ૧૪ | ૮ | ૬ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | સરકારી પોલિટેકનિક, વઘઇ | ૩ | ૨ | ૧ | ૨૪ | ૨૦ | ૪ | ૧૦ | ૭ | ૩ | ૧ | ૧ | ૦ |
| ૨૬ | ડો. જે.એન.મહેતા સ.પો.અમરેલી | ૬ | ૩ | ૩ | ૪૭ | ૫૬ | -૯ | ૩૭ | ૧૦ | ૨૭ | ૧૦ | ૨ | ૮ |
| ૨૭ | કે.ડી.પી. પાટણ | ૭ | ૪ | ૩ | ૮૦ | ૮૫ | -૫ | ૪૫ | ૧૨ | ૩૩ | ૨૫ | ૮ | ૧૭ |
| ૨૮ | કે.જે.પી. ભરૂચ | ૭ | ૪ | ૩ | ૧૩૩ | ૧૨૨ | ૧૧ | ૫૦ | ૧૬ | ૩૪ | ૩૬ | ૬ | ૩૦ |
| ૨૯ | એલ.ઇ.કોલેજ, મોરબી | ૮ | ૩ | ૫ | ૫૮ | ૫૬ | ૨ | ૨૬ | ૩ | ૨૩ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | આર.સી.ટી.આઇ. અમદાવાદ | ૮ | ૪ | ૪ | ૧૪૩ | ૧૪૦ | ૩ | ૭૮ | ૧૮ | ૬૦ | ૨૭ | ૫ | ૨૨ |
| ૩૧ | ડો.એસ. & એસ.એસ. ગાંધી કોલેજ, સુરત | ૮ | ૬ | ૨ | ૧૦૯ | ૧૦૨ | ૭ | ૮૧ | ૨૬ | ૫૫ | ૫૦ | ૧૧ | ૩૯ |
| | અન્ય | ૦ | ૪ | -૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૭૧** | **૯૫** | **૭૯** | **૨૨૩૨** | **૨૧૦૮** | **૧૨૪** | **૧૦૬૭** | **૩૭૭** | **૬૯૦** | **૫૨૫** | **૧૪૦** | **૩૮૫** |

*****૧ અધિકારી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મંત્રીશ્રીના મહેકમ પરથી પરત શિ.વિ. ના હવાલે નિમણૂક માટે રાહમાં હતા.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે રાજયમાં સરકારી પોલિટેકનીક કોલેજો કેટલી છે તો ૩૧ પોલિટેકનીકની સંખ્યા આપી છે. તેમાં ખાનગી સંસ્થાઓ પણ જવાબમાં આપવામાં આવ્યું છે પરંતુ વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ની કુલ જગ્યાઓ મંજૂર થયેલી છે એની સામે ૧,૨૭૪ જગ્યાઓ ખાલી છે. વર્ગ-૧માં મંજૂર થયેલ ૧૭૧ પૈકી ૯૫ ભરેલી છે. ૭૯ જગ્યાઓ ખાલી છે. પોલિટેકનીકની અંદર જો આટલી મોટી જગ્યાઓ જો ખાલી હોય તો આપણે એકબાજુ સ્કીલ ઇન્ડિયાની વાતો કરીએ છીએ અને બીજીબાજુ પોલિટેકનિકની અંદર આટલી જગ્યાઓ ખાલી રહે.તો આપણે કઇ રીતે યુવાનોને તૈયાર કરી શકીશું? ત્યારે આ જગ્યાઓ છે એ તાત્કાલિક અસરથી સમય-મર્યાદામાં ભરતી કેલેન્ડરની વાત ન કરતા કેટલા સમયમાં ભરવા માગીએ છીએ એક અને વર્ગ-૩ અને ૪ માં જે જગ્યાઓ ખાલી છે. આઉટ સોર્સીંગથી ભરીએ છીએ અને શિક્ષિત બેરોજગાર યુવાનોનું શોષણ કરીએ છીએ, તો આઉટ સોર્સીંગની જગ્યાએ કાયદેસરની ભરતી કરીને આ જગ્યાઓ ભરવા માગીએ છીએ કે કેમ?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો સન્માનનીય સભ્યશ્રી પુંજાભાઇને જણાવવા માગું છું કે એમણે પ્રાઇવેટની  માગણી નથી કરી. એમણે સરકારી પોલિટેકનિક કોલેજો કેટલી છે? અને એનો જવાબ મેં આપ્યો છે. પ્રાઇવેટનું આપે નથી પૂછ્યું. એમની વાત હતી કે જગ્યાઓ ખાલી છે. છેલ્લાં ૫ વર્ષની અંદર અલગ અલગ પ્રકારે રિક્રુટમેન્ટ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૭ માં ૯૯, વર્ષ ૨૦૧૮ માં ૧૨૨, વર્ષ ૨૦૨૦ માં ૯૨ અને વર્ષ ૨૦૨૧ માં ૯ એમ ટોટલ ૩૪૮ જેટલી જગ્યાઓ ભરવામાં આવી છે. નિવૃત્ત થવાના કારણે, રાજીનામાના કારણે આ જગ્યાઓ ખાલી રહેતી હોય છે. વર્ગ-૧ ની ૧૪૦ મંજૂર જગ્યાઓ પૈકી આ ૯૦ જગ્યા ભરેલી છે, એટલે ૫૦ જગ્યાઓ ખાલી છે અને ખાલી રહેવાનાં કારણો પણ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. રાજ્યની સકારી પોલિટેકનિક કોલેજોમાં છેલ્લાં ૩ વર્ષમાં ખાતાના વડા વર્ગ-૧ ની ૧૦ જગ્યાઓ વય નિવૃત્તિથી, ૧૪ જગ્યાઓ સ્વૈચ્છિક નિવૃત્તિથી, એક જગ્યા  રાજીનામું આપવાથી અને એકનું અવસાન થવાથી ખાલી છે. વધુ ખાતાના વડા વર્ગ-૧ ની ૪ જગ્યાઓ માટે વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ૪ જાહેરાતો આપવામાં આવેલી, જે પૈકી ૩ માં એકપણ ઉમેદવાર કે યોગ્ય ઉમેદવારની ભલામણ આયોગ દ્વારા કરવામાં આવેલ ન હતી તેમજ એક જાહેરાતમાં ભલામણ પામેલ ઉમેદવારની શૈક્ષણિક લાયકાત વિરુદ્ધ  જ્યારે પણ ભરતી પ્રક્રિયા થતી હોય છે, ત્યારે તમામ ઉમેદવારોને નોકરીએ લાગવું હોય છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રતિબંધ હટાવીને નોકરી આપવાની શરૂઆત કરી છે. કોંગ્રેસમાં પ્રતિબંધો વર્ષો સુધી રહ્યાં. એટલે સ્વાભાવિક છે કે બધા ઉમેદવારો હોય એમને એમ કે મને નોકરી મળે. એમને લાગે કે હું લાયકાત ધરાવું છું અને હું આમાં એલિજેબલ નથી થતો, એટલે એ કોર્ટમાં જાય છે. મારો કહેવાનો અર્થ એ છે કે કેટલીક (અંતરાય) એ સરખું કરીએ છીએ. હવે થઇ રહ્યું છે એટલે ગુજરાતમાં મજા, મજા  છે. આ ૭૦ વર્ષ કશું ન કર્યુ એની ઉપાધિ છે. ગુજરાત વહેલા સમજી ગયું છે. દેશ શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં સમજી ગયું છે. અને વિશ્વ પણ શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં સમજવા તૈયાર થઇ ગયું છે.

અધ્યક્ષશ્રી : શ્રી લલીતભાઇને જવાબ ન આપો. શ્રી પુંજાભાઇને જવાબ આપો.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, લલીતભાઇ બહુ ડિસ્ટર્બ કરે છે.  શૈક્ષણિક લાયકાત વિરુદ્ધ નામદાર હાઇકોર્ટમાં કેસ પડતર છે. હાલમાં સંવર્ગમાં ભરતી નિયમો- ૭ માં પગાર પંચ મુજબ અદ્યતન કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. જે પૂર્ણ થયેથી અ તમામ જગ્યાઓ સીધી ભરતીથી તેમજ બઢતીથી ભરવાનું એનું આયોજન અમે કરી રહ્યા છીએ. વિદ્યાર્થીના શિક્ષણને નુકસાન ન થાય. પોલિટેકનિકની અંદર હું મહત્વનો નિર્ણય જણાવતા આનંદ થાય છે કે એસ.એસ.સી. માં ગ્રેસિંગ માર્સક હોય છે. એમને પોલિટેકનિકમાં પ્રવેશ નહોતો મળતો. ૩૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ હોય છે. શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે મને જવાબદારી આપી પછી ગ્રેસિંગ માર્કસવાળા વિદ્યાર્થીઓને પણ પોલિટેકનિકમાં એડમીશન, પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો. એના આધારે આ વર્ષે ૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પ્રવેશ કરશે. કેમ કે એસ.એસ.સી. પછી ૧૧માં ધોરણમાં જાય અને માનસિક રીતે ફેઇલ થયો હોય, એને સોશિયલ રીતે કહેવામાં આવે કે તું એસ.એસ.સી. માં નાપાસ થયો છે. શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે સોશિયલ સન્માન આપવાનું કામ કર્યુ છે. પોલિટેકનિકમાં ભણીને સૌ...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેક્સ્ટ.

**અતારાંકિત પ્રશ્નો**

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**દાહોદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૪૩૫૯ **શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૯મી માર્ચ ૨૦૩૧
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ દાહોદ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતાં. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને | (૨) એક પણ નહીં. |
| (૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**રાજ્યની માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને બદલીનો લાભ**

૪૫૪૬૨ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું પરિણામ ૩૦ ટકા કરતાં ઓછું હોય તેવા શિક્ષકોની બદલીનો લાભ આપવામાં આવતો નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શાં છે, | (૨)<br>• શિક્ષકો પોતાના શૈક્ષણિક કાર્ય બાબતે નિષ્ઠાપૂર્વક કામગીરી કરે.<br>• બાળકોને ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવાના ઉમદા હેતુ માટે સતત પ્રયત્નશીલ રહે.<br>• શિક્ષણનું ઊંચું સ્તર જળવાઈ રહે. |
| (૩) આવા શિક્ષકોની બદલીનો લાભ આપવા અંગેની કાર્યવાહી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૩) આવા શિક્ષકોની બદલીનો લાભ આપવા અંગેની બાબત વિચારણા હેઠળ નથી. |
| (૪) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ઉક્ત શિક્ષકોને બદલીનો લાભ આપવામાં આવનાર છે ? | (૪) પ્રસ્તુત બાબત હાલમાં વિચારણા હેઠળ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**વડોદરા એન્વાયરો ચેનલ પ્રા.લિ.માં આવેલા એકમો દ્વારા ફેલાતા પ્રદૂષણની ફરિયાદો**

૪૫૪૬૬ **ડો. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા એન્વાયરો ચેનલ પ્રા.લિ.માં આવેલ ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદૂષણ ફેલાવાતું હોવાની મળેલ ફરિયાદો અન્વયે કયા એકમોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧)

| અ.નં. | વર્ષ | ઔદ્યોગિક એકમનું નામ | કેટલી રકમનો દંડ (એન્વાયરમેન્ટલ ડેમેજ કમ્પેન્સેશન) કોના દ્વારા કરવામાં આવ્યો |
|---|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | અસાહી સોન્ગવોન કલર્સ લિ. | રૂ.૨૦.૧૦ લાખ |
| | | કીરી ડાયઝ એન્ડ કેમિકલ્સ પ્રા. લિ. (યુનિટ-૩) | રૂ.૫૦ લાખ |
| | | બોદલ કેમિકલ્સ લિ. (યુનિટ-૭) | રૂ.૧૨.૬૦ લાખ |
| | | પીઆઇ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ | રૂ.૧૦૦ લાખ |
| ૨ | ૦૧-૦૧-૨૦૨૧ થી | અસાહી સોન્ગવોન કલર્સ લી. | રૂ.૫૮.૨૦ લાખ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલી રકમ કોની પાસેથી વસૂલવાની બાકી છે, અને

(૨)

| અ.નં. | વર્ષ | કેટલી રકમ વસૂલવામાં આવી | કેટલી રકમ વસૂલવાની બાકી છે. |
|---|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૩.૧૮૨.૭૦ લાખ | શૂન્ય |
| ૨ | ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૩.૫૮.૨૦ લાખ | શૂન્ય |

(૩) ઉક્ત દંડની બાકી રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩)

| અ.નં. | વર્ષ | દંડની બાકી રકમ વસૂલવા લેવામાં આવેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨ | ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓના ઓરડાઓ જર્જરિત હોવાની ફરિયાદો**

૪૫૪૫૧ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓ જર્જરિત હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૧) ૮૭

(૨) મળેલ ફરિયાદો અન્વયે ક્યારે શું કાર્યવાહી કરી, અને

(૨) છેલ્લા બે વર્ષમાં ૧૧ શાળામાં ૪૩ ઓરડા બનાવવામાં આવ્યા.

(૩) આ જર્જરિત ઓરડાઓ ક્યાં સુધીમાં નવા બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર.

---------

**ઉમરાળા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૪૪૩૪૨ **શ્રી કેશુભાઇ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૧,૨૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૩૯,૪૦૦ |

(૨) તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેમાં મુખ્યત્વે લીમડા, પેલ્ટોફોર્મ, કાશીદ, કણજી, નીલગિરી, ખાટી આંબલી, વડ, પીપળ, જાંબુ, જેવા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૬.૨૮ |
| ૨૦૨૧-૨૨ | ૫.૩૫ |

તા. ૨૯મી માર્ચ ૨૦૩૧

અતારાંકિત પ્રશ્નો

| (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | |
|---|---|

---------

**ભાવનગર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી**

૪૪૩૬૨ **શ્રી ભીખાભાઇ બારૈયા** (પાલીતાણા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતા વધારે કિંમત વસૂલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) ૨૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કસૂરવારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૨) ધી પેકેજ્ડ કોમોડિટીઝ રૂલ્સના નિયમ ૩૨(૩) હેઠળ કુલ રૂપિયા ૪૬,૦૦૦/- (છેત્તાળીસ હજાર) ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરવામાં આવ્યા. |

---------

**ભાવનગર જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૪૩૧૮ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|---|
| ભાવનગર શહેર | ૨૨૪૬ | મહુવા | ૧૩૪૫ |
| ભાવનગર ગ્રામ્ય | ૬૯૮ | જેસર | ૩૦૩ |
| ઘોઘા | ૫૧૫ | પાલીતાણા | ૮૬૮ |
| શિહોર | ૯૯૩ | ગારીયાધાર | ૩૩૨ |
| વલ્લભીપુર | ૩૯૬ | તળાજા | ૧૨૭૩ |
| ઉમરાળા | ૪૮૪ | | |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઇ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | તાલુકો | મંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ભાવનગર શહેર | ૧૮૪૨ | મહુવા | ૧૨૫૫ |
| ભાવનગર ગ્રામ્ય | ૬૩૬ | જેસર | ૨૯૮ |
| ઘોઘા | ૪૧૩ | પાલીતાણા | ૯૮૧ |
| શિહોર | ૧૦૯૪ | ગારીયાધાર | ૨૮૫ |
| વલ્લભીપુર | ૩૦૯ | તળાજા | ૧૧૧૮ |
| ઉમરાળા | ૪૧૫ | | |

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

(૩) લાભાર્થી દીઠ પ્રતિ માસ રૂ.૧૨૫૦/- ની સહાય મંજૂર કરી.

---------

**રાજ્યમાં સરકારી કોલેજમાં મદદનીશ પ્રાધ્યાપકોનું મંજૂર મહેકમ**

૪૫૫૭૮ **શ્રી અંબરીશ ડેર** (રાજુલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૬-૦૩-૨૦૨૧ની રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૮૮૦૮ (અગ્રતા-૧૦૮)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક | (૧) ૨૩૪ |

વર્ગ-૨ની ૪૪૭ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાનું આયોજન હતું તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ સરકારી કોલેજોમાં વર્ગ-૨ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરાઇ હોય તો તેના કારણો શાં છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૨) ૫૫૭

(૩) જરૂરિયાત મુજબ તબક્કાવાર ભરતી કરવાનું આયોજન કરવામાં આવે છે.

(૪) બનતી ત્વરાએ.

---------

**સુરત શહેરમાં આવેલી ખાનગી પ્રાથમિક શાળાઓ**

૪૫૯૪૪ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત શહેરમાં કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૨) તે પૈકી કેટલી પ્રાથમિક શાળાઓએ કોરોના કાળમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફી માફ કરી ?

**જવાબ**

(૧) ૯૫૦

(૨) કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં સ્વ-નિર્ભર શાળાઓ દ્વારા વસૂલવાની થતી ફી બાબતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૨૫% રાહત આપવામાં આવેલ છે. જેથી સંપૂર્ણ ફી માફીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૫૦૭ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વોલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઇ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

**જવાબ**

(૧) ગુજરાત સ્કૂલ ક્વોલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨)

- રાજકોટ જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૬૦૩ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- પોરબંદર જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૧૯૭ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક

શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી અને,

(૩) લાગુ પડતું નથી.

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સિલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે ?

(૪) લાગુ પડતું નથી.

- - - - - - - - -

**મધ્યાહન ભોજનના કર્મચારીઓને વેતન**

૪૫૫૧૯ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને વેતન કે માનદ વેતન કેટલું આપવામાં આવે છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મધ્યાહન ભોજન યોજનાના રસોઇઆ, સંચાલક અને મદદનીશને નીચે મુજબ માનદ વેતન ચૂકવવામાં આવે છે.

| ક્રમ | કેટેગરી | માસિક માનદ વેતન દર |
|---|---|---|
| | **ગ્રામ્ય વિસ્તાર** | |
| (૧) | ૨૫ વિદ્યાર્થીની સંખ્યા સુધીના કેન્દ્રો માટે | |
| | સંચાલક-કમ-કૂક | રૂ.૧૬૦૦ |
| | કૂક-કમ-હેલ્પર | રૂ.૫૦૦ |
| | હેલ્પર | રૂ.૩૦૦ |
| (૨) | ૨૬ થી ૧૦૦ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતા કેન્દ્રો માટે | |
| | સંચાલક-કમ-કૂક | રૂ.૧૬૦૦ |
| | કૂક-કમ-હેલ્પર | રૂ.૧૪૦૦ |
| | હેલ્પર | રૂ.૫૦૦ |
| (૩) | ૧૦૧ થી વધુ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતા કેન્દ્રો માટે | |
| | સંચાલક-કમ-કૂક | રૂ.૧૬૦૦ |
| | કૂક-કમ-હેલ્પર | રૂ.૧૪૦૦ |
| | **મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર** | |
| | સંચાલક-કમ-કૂક | રૂ.૧૬૦૦ |
| | કૂક-કમ-હેલ્પર | રૂ.૧૪૦૦ |

(૨) ઉક્ત વેતન કે માનદ્ વેતનનો દર ક્યારથી અમલમાં છે, અને

(૨) ઉક્ત માનદ વેતનના દર તા.૦૧-૧૧-૨૦૧૬ થી અમલમાં છે.

(૩) ઉક્ત વેતન કે માનદ્ વેતનના દરમાં ક્યાં સુધીમાં વધારો કરવામાં આવશે ?

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થતાં.

- - - - - - - - -

**અમદાવાદ શહેર / જિલ્લામાં રેશનિંગનું અનાજ બારોબાર વેચી દેવાની ફરિયાદ**

૪૫૫૯૪ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં નકલી

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં નકલી યુઝર આઈડીનો

યુઝર આઈડીનો ઉપયોગ કરીને તથા અન્ય રીતે રેશનિંગનું અનાજ બારોબાર વેચી મારવા અંગે કેટલી ફરિયાદો સરકારને મળી, અને

ઉપયોગ કરવા અંગેની કોઈ ફરિયાદ મળેલ નથી.

પરંતુ, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર દ્વારા રેશનિંગના અનાજના ગેરકાયદેસર વેચાણમાં ઉપયોગ લેવાતાં સોફ્ટવેર/એપ્લીકેશન બાબતે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

જ્યારે અન્ય રીતે રેશનિંગનું અનાજ ગેરકાયદેસર વગે કરવા/વેચી મારવા અંગે વર્ષવાર કુલ-૩(ત્રણ) ફરિયાદો મળેલ છે.

| વર્ષ | અમદાવાદ શહેર | અમદાવાદ જિલ્લો | કુલ |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૨૦૨૧ | શૂન્ય | ૦૧ | ૦૧ |

(૨) મળેલ ફરિયાદો અન્વયે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર દ્વારા રેશનિંગના અનાજના ગેરકાયદેસર વેચી મારવા માટે ઉપયોગ લેવાતાં સોફ્ટવેર/એપ્લીકેશન બાબતે દાખલ કરવામાં આવેલ પોલીસ ફરિયાદ સંદર્ભે જવાબદારોની ધરપકડ કરેલ છે તેમજ નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

અમદાવાદ શહેરમાં વર્ષ-૨૦૨૦માં મળેલ ૧(એક) ફરિયાદ અન્વયે વાજબી ભાવના દુકાનદાર સામે કાર્યવાહી કરી પરવાનો રદ કરેલ છે અને પકડાયેલ ઈસમો પૈકી ૨(બે) ઈસમો ઉપર પી.બી.એમ. હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

અમદાવાદ જિલ્લામાં વર્ષ-૨૦૨૦માં મળેલ ૧(એક) ફરિયાદ અને વર્ષ-૨૦૨૧માં મળેલ ૧(એક) ફરિયાદ, બન્ને ફરિયાદોની તપાસ દરમ્યાન કોઈ ક્ષતિ જણાયેલ નથી.

---------

## આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી

૪૫૫૬૯ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૧)

| જિલ્લો | પ્રાથમિક શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
| આણંદ | ૯૯૩ | ૭૯ | ૨૪૨ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લો | નવી મંજૂર પ્રાથમિક શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
| આણંદ | ૦૦ | ૦૦ | ૧૧ |

---------

## અમરેલી જિલ્લામાં સરકારી કોલેજો

૪૪૩૨૯ **શ્રી જે. વી. કાકડિયા** (ધારી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં બગસરા અને ખાંભા તાલુકામાં આર્ટસ, કોમર્સ અને

(૧) હા, જી.

સાયન્સ પ્રવાહની કોઈ સરકારી કોલેજ નથી તે સરકાર જાણે છે, અને

(૨)જો હા, તો ઉક્ત સ્થિતિએ સદર બે તાલુકામાં સરકારી કોલેજ શરૂ કરવાનું રાજ્ય સરકારનું શું આયોજન છે ?

(૨) સ્થાનિક જરૂરિયાત અને ભૌગોલિક સ્થિતિને ધ્યાને લઈને બજેટની મર્યાદામાં તબક્કાવાર નવી સરકારી કોલેજ શરૂ કરવા વિચારણા કરવાની રહે છે.

- - - - - - - - -

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ડી.સી.સી. (કમળ સિમેન્ટ) દ્વારા થતા પ્રદૂષણની ફરિયાદ**

૪૫૪૯૮ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં આવેલ ડી.સી.સી. (કમળ સિમેન્ટ) કંપની દ્વારા હવા અને પાણીનું પ્રદૂષણ થતું હોવા અંગેની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને

(૧)

| અ. નં. | જિલ્લો | મળેલ ફરિયાદની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ |
| ૧ | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૦ |
| ૨ | જામનગર | ૦૬ | ૦૬ |

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ઉક્ત કંપની સામે શી કાર્યવાહી કરી ?

(૨)

| અ. નં. | વર્ષ | જિલ્લો | કરેલ કાર્યવાહી |
|---|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | દેવભૂમિ દ્વારકા | ૦૦ |
| | | જામનગર | કારણદર્શક નોટિસ-૦૧ ફરિયાદ દફતરે કરેલ-૦૩ સુધારાત્મક નોટિસ-૦૧ |
| ૨ | ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | દેવભૂમિ દ્વારકા | ૦૦ |
| | | જામનગર | કારણદર્શક નોટિસ-૦૧ નોટિસ ઓફ ડાયરેક્શન-૦૧ |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં આવેલી સરકારી કોલેજો**

૪૪૩૨૫ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલી સરકારી કોલેજો આવેલ છે, અને

(૧) ૦૬

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી કોલેજોની મંજૂરી આપવામાં આવેલ છે ?

(૨) એકપણ નહીં.

- - - - - - - - -

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦નું અમલીકરણ બાબત**

૪૪૩૨૮ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-૨૦૨૦ના હેતુપૂર્ણ અમલીકરણ માટે ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગે ક્યા પગલાં લીધા છે, અને

(૧) રાજ્યમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ કરવા સારૂ ટાસ્કફોર્સની રચના કરવામાં આવેલ છે તેમજ સાર્થકની ટાઈમલાઈન મુજબ કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

- જે પૈકી ધોરણ ૬, ૭ અને ૯ માટે વૈદિક ગણિત આધારિત સાહિત્યની રચના કરવામાં આવેલ છે જે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી અમલી બનનાર

છે.

- FLN સાહિત્ય પણ તૈયાર કરવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા તા.૦૫-૦૧-૨૦૨૨ના રોજ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન (ICAI)માં ગુજરાત રાજ્ય માટે ''રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦''ના અમલીકરણ માટે રોડ મેપ લોન્ચ કરવામાં આવેલ છે.
- એક જ કેમ્પસની છ કોલેજોનું ક્લસ્ટર બનાવી શ્રી કે.કે.શાસ્ત્રી સરકારી કોલેજ કન્ફેડરેશન (KKSGCC)ની સ્થાપના કરવામાં આવી. જે શિક્ષણ ક્ષેત્રે ક્રેડિટ ટ્રાન્સફર, વ્યવસાયિક શિક્ષણ, ટેકનોલોજીનો ઉપયોગ, મલ્ટીપલ એન્ટ્રી-એક્ઝિટ વગેરે બાબતોને સક્ષમ બનાવશે.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા ખાતે ચંદીગઢ યુનિવર્સિટીના સહકારથી દેશ અને વિદેશના નિષ્ણાંતોને બોલાવીને ગુજરાતની યુનિવર્સિટીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રેન્કિંગમાં અગ્રતા પ્રાપ્ત કરે તે હેતુથી બે દિવસીય 'બિલ્ડિંગ ઓફ વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી' વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું.

(૨)આનાથી શાળાના વિદ્યાર્થીઓને શો લાભ થશે ?

(૨) વિદ્યાર્થી કેન્દ્રિત મોડેલની રચના થશે, જેમાં વિદ્યાર્થીઓની યોગ્યતા આધારિત સતત મૂલ્યાંકન, સંશોધન અને ઈનોવેશન તથા સ્કીલ ટ્રેઈનીંગ પર વધુ ધ્યાન આપવામાં આવશે.

- વિદ્યાર્થીઓને મલ્ટી-ડિસ્પિલિનરી વિષયોનો અભ્યાસ દાખલ થતાં અત્યારના આર્ટ્સ-કોમર્સ અને સાયન્સના ટાઈટ કંપાર્ટમેન્ટમાંથી છૂટકારો મળશે.
- મલ્ટી-ડિસ્પિલિનરી વિષયોનો અભ્યાસ કરવાથી વિદ્યાર્થીઓ માટે કારકિર્દીના સંભવિત માર્ગો વધશે, નવા વિચારો અને નવીનતાઓને પ્રોત્સાહન મળશે.
- વિદ્યાર્થીઓને ઔપચારિક અને અનઔપચારિક, ફુલટાઈમ અને પાર્ટ ટાઈમ, ઓનલાઈન અથવા ઓફ લાઈન મોડ દ્વારા આજીવન શિક્ષણની સુવિધા પ્રાપ્ત થશે.

**બનાસકાંઠા જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૪૩૨૦ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા**(અબડાસા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય

**જવાબ**

(૧)

| **તાલુકો** | **મળેલ** | **તાલુકો** | **મળેલ** |
|---|---|---|---|

યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

| | અરજીઓ | | અરજીઓ |
|---|---|---|---|
| પાલનપુર ગ્રામ્ય | ૧૦૨૧ | દાંતીવાડા | ૪૭૩ |
| પાલનપુર શહેર | ૩૨૫ | દાંતા | ૬૭૦ |
| ડીસા ગ્રામ્ય | ૧૨૪૫ | લાખણી | ૩૨૬ |
| ડીસા શહેર | ૩૫૫ | સુઇગામ | ૩૬૩ |
| અમીરગઢ | ૨૯૭ | દિયોદર | ૬૦૪ |
| વડગામ | ૯૫૨ | થરાદ | ૧૦૩૩ |
| ભાભર | ૬૨૬ | ધાનેરા | ૬૦૭ |
| કાંકરેજ | ૧૬૭૬ | વાવ | ૨૬૪ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | તાલુકો | મંજૂર અરજીઓ |
|---|---|---|---|
| પાલનપુર ગ્રામ્ય | ૮૬૨ | દાંતીવાડા | ૪૭૩ |
| પાલનપુર શહેર | ૨૨૭ | દાંતા | ૬૬૮ |
| ડીસા ગ્રામ્ય | ૧૧૯૫ | લાખણી | ૩૨૫ |
| ડીસા શહેર | ૩૨૫ | સુઇગામ | ૩૪૬ |
| અમીરગઢ | ૨૯૭ | દિયોદર | ૫૭૮ |
| વડગામ | ૯૨૩ | થરાદ | ૧૦૨૩ |
| ભાભર | ૬૧૫ | ધાનેરા | ૬૦૦ |
| કાંકરેજ | ૧૬૨૨ | વાવ | ૨૬૨ |

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

(૩) લાભાર્થી દીઠ પ્રતિ માસ રૂ.૧૨૫૦/-ની સહાય મંજૂર કરી.

---------

**કલાઈમેટ ચેન્જ વિભાગના તાબા હેઠળના નિગમોમાં કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી કર્મચારીઓની ભરતી**

૪૫૪૮૬ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કલાઈમેટ ચેન્જ વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી, કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે, | (૨) કુલ-૩૫ વ્યક્તિઓ આઉટસોર્સિંગથી કાર્યરત છે. કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કોઈ કર્મચારી લેવામાં આવેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કમર્ચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને | (૩) ફક્ત આઉટસોર્સિંગથી કુલ-૩૫ વ્યક્તિઓ. |
| (૪) કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શાં છે ? | (૪) વય નિવૃત્ત થતા કર્મચારીઓની ખાલી જગ્યા સામે તથા યોજનાકીય કામગીરી માટે. |

---------

**આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓ/ઉત્તર બુનિયાદી શાળાઓમાં ફિક્સ પગારથી નોકરી કરતા શિક્ષકો**

૪૫૧૬૧ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની આશ્રમ | (૧) હા, જી. |

શાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ફિક્સ પગારથી નોકરી કરતા શિક્ષકોને સળંગ નોકરીના લાભ આપવા કોઈ માંગણીઓ મળેલ છે કે કેમ, અને

(૨) તે અન્વયે સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) આ નીતિ વિષયક બાબત છે અને તે આદિજાતિ વિકાસ વિભાગ કક્ષાએ ચકાસણી હેઠળ છે.

- - - - - - - - -

**રાજકોટ જિલ્લાના આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા**

૪૪૩૨૪ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, | (૧) ૧૩૬૦ આંગણવાડી કેન્દ્રો. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રો ખાતે શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે, અને | (૨) ૧૩૫૮ આંગણવાડી કેન્દ્રો. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા આંગણવાડી કેન્દ્રો ખાતે શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી ? | (૩) ૨ આંગણવાડી કેન્દ્રોમાં. |

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૪૫૪૪ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૬૭૧૩ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) ૬૭૧૩ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૩૦૩૮૬ છે. |

- - - - - - - - -

**ડાંગ જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૪૩૧૬ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|
| આહવા | ૨૪૬ |
| સુબીર | ૧૧૩ |
| વઘઈ | ૨૩૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ |
|---|---|
| આહવા | ૨૩૪ |
| સુબીર | ૧૦૬ |
| વઘઈ | ૨૩૦ |

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

(૩) લાભાર્થી દીઠ પ્રતિ માસ રૂ.૧૨૫૦/-ની સહાય મંજૂર કરી.

- - - - - - - - -

**ડાંગ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના**

તા. ૨૯મી માર્ચ ૨૦૩૧

અતારાંકિત પ્રશ્નો

૪૪૫૮૫ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત વર્ષ-૨૦૨૧-૨૨માં ૪૨૦૦ લાભાર્થીને લાભ આપવામાં આવ્યો. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષમાં ઉક્ત જિલ્લાના ખેડૂતોને કીટમાં ક્યા પ્રકારના લાભો આપવામાં આવ્યા ? | (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષમાં ઉક્ત જિલ્લાના ખેડૂતોને કીટમાં દૂધી, કારેલા, ભીંડા, ટામેટા અને રીંગણના બિયારણ પૈકી કોઈ એક બિયારણ તથા યૂરિયા અને પ્રોમ ખાતરનો લાભ આપવામાં આવ્યો. |

---------

**નવસારી જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં વીજ કનેક્શન**

૪૪૩૫૫ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન આપવામાં આવ્યા છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નવસારી જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો વીજ કનેક્શન ધરાવતા હતાં. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ વીજ કનેક્શન ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને | (૨) એક પણ નહીં. |
| (૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં વીજ કનેક્શન આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજકોટ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી**

૪૪૩૬૩ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમયમર્યાદામાં ખરાઈ ન કરાવવા બાબતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) ૩૩૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કસૂરવારો સામે શાં પગલાં લેવામાં આવ્યાં ? | (૨) ગુજરાત કાનૂની માપવિજ્ઞાન (અમલીકરણ) નિયમો-૨૦૧૧ના નિયમ-૨૪ અંતર્ગત રૂપિયા ૧,૨૬,૧૦૦/- (અંકે રૂપિયા એક લાખ છવ્વીસ હજાર એકસો) ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરેલ છે. |

---------

**ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૪૫૫૬૦ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઈ તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી, આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી. |
| (૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં ? | (૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના |

નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

- - - - - - - - -

**મહિલા અને બાળ વિકાસ વિભાગના તાબા હેઠળની નિગમોમાં કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી કર્મચારીઓની ભરતી**

૪૫૫૭૫ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહિલા અને બાળ વિકાસ વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, આઉટસોર્સિંગથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે, | (૨) ૧૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને | (૩) ૪ |
| (૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં કાયમી ધોરણે ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકૂળતાએ. |

- - - - - - - - -

**ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક**

૪૫૫૪૫ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ (સુધારા) નિયમો-૨૦૦૨ મુજબ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક સામાન્ય રીતે દર ત્રણ મહિને એક વાર મળવી જોઈએ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે, | (૨) |

| વર્ષ | તારીખ |
|---|---|
| ૨૦૨૦ | ૦૪-૦૮-૨૦૨૦ |
| ૨૦૨૧ | - |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સમિતિની બેઠક દર ત્રણ માસે મળેલ ન હોય તો તેના શાં કારણો છે, અને | (૩) અનિવાર્ય વહીવટી કારણોસર તેમજ કોવિડ-૧૯ તથા ઓમિક્રોન મહામારીના કારણે બેઠકો નિયમિત મળી શકેલ નથી. |
| (૪) ઉક્ત બેઠક સમયસર નિયમિત મળે તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ? | (૪) • નિયમિત બેઠક બોલાવવા સરકાર સજાગ છે. • રાજ્ય સરકારના પ્રધાનમંડળમાં બદલાવ થતાં આ સમિતિની પુનઃરચનાની બાબત વિચારણા હેઠળ છે. |

**ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ**

૪૫૫૯૭ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૩૯૦૪ (અગ્રતા-૧૭૬) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ની ૪૪૭ અને વર્ગ-૨ની ૧૫૪૫ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) **વર્ગ-૧** ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૧ની ૪૪૭ ખાલી જગ્યાઓ પૈકી ૮ જગ્યા ભરવામાં આવેલ છે. ૮ જગ્યા બઢતીથી ભરવા અંગેની ખાતાકીય પસંદગી સમિતિની બેઠક અન્વયે |

ગુજરાત જાહેર સેવા આયોગની ભલામણ મેળવી આપવા અંગેની દરખાસ્ત કરેલ છે, જે કાર્યવાહી ચાલુમાં છે તથા ૩૦ જગ્યા ભરવા બાબતે સરકારશ્રીના નિર્ણય અર્થે દરખાસ્ત વિચારણામાં છે, જેનો નિર્ણય થયેથી ભરવામાં આવશે.

**વર્ગ-૨**

ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૨ની ૧૫૪૫ ખાલી જગ્યાઓ પૈકી ૨૯૨ જગ્યા ભરવામાં આવેલ છે. ગુજરાત શિક્ષણ સેવા,

વર્ગ-૨ની ૧૫૩ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા અંગે જીપીએસસી દ્વારા પરિણામ જાહેર કરવામાં આવેલ હોઈ આગળની કાર્યવાહી ચાલુ છે તથા ૪૧૨ જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની ખાતાકીય પસંદગી સમિતિની બેઠક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગની ભલામણ મેળવી આપવા અંગેની દરખાસ્ત કરેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૧ ની ૮ જગ્યા ભરવામાં આવેલ છે અને ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૨ની ૨૯૨ જગ્યા ભરવામાં આવેલ છે તથા તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૧ ની ૪૯૨ જગ્યા ખાલી છે તથા ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૨ની ૧૬૮૯ જગ્યા ખાલી છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

- - - - - - - - -

## તાપી અને સુરત જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત

૪૫૫૨૯ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

**જવાબ**

(૧) ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨)

- **તાપી** જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૫૯૧ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- **સુરત** જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯થી

૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૭૯૭ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી, અને

(૩) લાગુ પડતું નથી.

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સિલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે ?

(૪) લાગુ પડતું નથી.

- - - - - - - - -

**રાજ્યમાં ટીમરુના પાન વીણનારા મજૂરોને ચૂકવાતી રકમ**

૪૫૫૫૧ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ટીમરુના પાન વીણનારા મજૂરોને ૪૫ થી ૫૫ પાનના એક પૂડાદીઠ કેટલી રકમ ચૂકવવામાં આવે છે,

(૨) ઉક્ત રકમમાં છેલ્લે ક્યારે અને કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો હતો, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત રકમમાં વધારો કરવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ટીમરુના પાન વીણનાર મજૂરોને ૪૫ થી ૫૫ પાનના એક પૂડા દીઠ રૂ.૧.૩૦ ચૂકવવામાં આવે છે.

(૨) વર્ષ ૨૦૧૭ની સીઝનમાં રૂ.૧.૧૦ એક પૂડા દીઠનો ભાવ હતો. જેમાં વર્ષ ૨૦૨૧ની સીઝનમાં રૂ.૧.૩૦ એક પૂડા દીઠ ભાવ કરવામાં આવેલ. જેથી ઉક્ત રકમમાં છેલ્લે તા.૦૧-૦૧-૨૦૨૧થી રૂ.૦.૨૦નો વધારો કરવામાં આવેલ હતો.

(૩) ઉક્ત સ્થિતિએ ૨૦૨૨ની સીઝન માટે એક પૂડા દીઠ રૂ.૧.૩૦નો ભાવ યથાવત રાખવામાં આવેલ છે.

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૪૪૩૬૦ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**મહેસાણા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી**

૪૪૩૬૪ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમયમર્યાદામાં ખરાઈ ન કરાવવા બાબતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) ૩૦૩

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કસૂરવારો સામે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૨) ૨૯૫ કસૂરવારો સામે ગુજરાત કાનૂની માપવિજ્ઞાન (અમલીકરણ) નિયમો-૨૦૧૧ના નિયમ-૧૪ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરી નિયમ-૨૪ અંતર્ગત
રૂ. ૧,૪૩,૫૦૦/- (અંકે રૂપિયા એક લાખ તેતાલીસ હજાર પાંચસો) તથા
- ૦૮ (આઠ) કસૂરવારો સામે ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯ની કલમ-૨૪ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરી કલમ-૩૩ અંતર્ગત રૂ.૭૪,૦૦૦/- (અંકે રૂપિયા ચુમ્મોતેર હજાર) મળી કુલ રૂ. ૨,૧૭,૫૦૦/- (અંકે રૂપિયા બે લાખ સત્તર હજાર પાંચસો) ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરેલ છે.

- - - - - - - - -

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

૪૫૫૦૪ **શ્રી પ્રવિણભાઇ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઇ તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી. આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી. |
| (૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધા ? | (૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે. |

- - - - - - - - -

## નવસારી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

૪૪૩૩૩ **શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૨૧-૨૨માં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત વર્ષ-૨૦૨૧-૨૨માં ૭૦૦૦ લાભાર્થીને લાભ આપવામાં આવ્યો. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષમાં ઉક્ત જિલ્લાના ખેડૂતોને કીટમાં કયા પ્રકારના લાભો આપવામાં આવ્યા ? | (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષમાં ઉક્ત જિલ્લાના ખેડૂતોને કીટમાં દૂધી, કારેલા, ભીંડા, ટામેટા અને રીંગણના બિયારણ પૈકી કોઇ એક બિયારણ તથા યૂરિયા અને પ્રોમ ખાતરનો લાભ આપવામાં આવ્યો. |

- - - - - - - - -

## દાહોદ જિલ્લામાં આદિમ જૂથોને આવાસ ફાળવણી

૪૪૩૩૫ **શ્રી શૈલેષભાઇ ભાભોર** (લીમખેડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ | (૧) હા,જી. |

જિલ્લામાં આદિમ જૂથોને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ આદિમ જૂથોને કેટલી સહાય આપવામાં આવે છે, અને

(૨) વ્યક્તિગત આવાસ માટે આદિમ જૂથના લાભાર્થીને આવાસ બાંધકામ માટે રૂ.૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ?

(૩) છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કોઈપણ લાભાર્થીની અરજી મળેલ ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગના તાબા હેઠળના નિગમોમાં કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી કર્મચારીઓની ભરતી**

૪૫૪૮૦ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે, | (૨) અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. ખાતે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કુલ-૬૦૬ માનવબળ આઉટસોર્સિંગથી ફરજ બજાવી રહેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને | (૩) વર્ષ ૨૦૨૦માં કુલ-૪૨૯ તેમજ વર્ષ-૨૦૨૧માં કુલ-૬૦૬ માનવબળની આઉટસોર્સિંગથી સેવાઓ ટેકાના ભાવે મગફળી, તુવેર, ચણા, રાયડા, ઘઉં, મકાઇ, બાજરી, ડાંગર વિગેરેની ખરીદી તથા જાહેર વિતરણ વ્યવસ્થાને લગત કામગીરી માટે જુદા જુદા સમયગાળા માટે લેવામાં આવેલ છે. |
| (૪) કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શા છે ? | (૪)<br>● જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત અનાજ તેમજ અન્ય આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાનો ઉપાડ નાગરિક પુરવઠા નિગમના ૨૫૦ ગોડાઉનોમાં સંગ્રહ, રાજ્યની ૧૭,૦૦૦ જેટલી વાજબી ભાવની દુકાનો સુધી ડોરસ્ટેપ ડિલિવરી કરીને રાજ્યના ૭૦ લાખ કુટુંબોની ૩.૪૫ કરોડ જનસંખ્યાને દર માસે વિતરણ કરવા માટે માનવબળની જરૂરિયાત હોવાથી.<br>● કોરોના મહામારીમાં "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત એપ્રિલ-૨૦૨૦ થી નવેમ્બર-૨૦૨૦ તથા મે-૨૦૨૧ થી ચાલુ માસ ફેબ્રુઆરી-૨૦૨૨ સુધી વિનામૂલ્યે અનાજ વિતરણની કામગીરીને પહોંચી વળવા માટે માનવબળની જરૂરિયાત હોવાથી.<br>● રાજ્યના ખેડૂત ખાતેદારો પાસેથી સ્થાનિકે |

નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન, એ.પી.એમ.સી. ખાતે હાજર રહીને ટેકાના ભાવે ઘઉં, ડાંગર, મકાઇ, બાજરી, મગફળી, તુવેર, ચણા, રાયડા વિગેરેની ખરીદીની કામગીરી કરવા માટે માનવબળની જરૂરિયાત હોવાથી.

- ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ., ની મૂળ કામગીરીમાં છેલ્લા બે વર્ષમાં બમણાંથી ત્રણ ગણા જેટલો વધારો થવા સામે નિગમના મંજૂર થયેલ ૧૪૩૧ના મહેકમ સામે વર્ષ-૨૦૨૦માં ફક્ત ૫૮૦ તેમજ વર્ષ-૨૦૨૧માં ફક્ત ૫૦૩નું માનવબળ કાર્યરત હોવાથી સરકારશ્રી દ્વારા સોંપાયેલ કામગીરીને પહોંચી વળવા સામે હયાત માનવબળ ખૂબ જ ઓછું હોવાથી, નિગમ દ્વારા આઉટસોર્સીંગ એજન્સી મારફતે જરૂરી માનવબળની સેવાઓ જુદા જુદા સમયગાળા માટે મેળવવામાં આવેલ છે.

\- - - - - - - - -

**જામનગર અને રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી**

૪૫૫૦૧ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૧)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| જામનગર | ૬૬૩ | ૦૮ | ૩૮૪ |
| રાજકોટ | ૮૬૨ | ૦૬ | ૧૧૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| જામનગર | ૦૨ | ૦૦ | ૨૪ |
| રાજકોટ | ૦૦ | ૦૦ | ૩૯ |

\- - - - - - - - -

**આણંદ અને છોટાઉદેપુર જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૫૬૬ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૬૭૧ (અગ્રતા-૨૪૪)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ અને છોટાઉદેપુર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૮૪૯ અને ૫૭૬ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યાં,

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| આણંદ | ૨૧ |
| છોટાઉદેપુર | ૨૦૭ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| આણંદ | ૮૨૮ |
| છોટાઉદેપુર | ૩૬૯ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના**

૪૪૩૩૦ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા.

(૨) ઉક્ત યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ ૭૨૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના**

૪૪૩૩૧ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૨૧-૨૨માં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષમાં ઉક્ત જિલ્લાના ખેડૂતોને કીટમાં કયા પ્રકારના લાભો આપવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૨૧-૨૨માં ૪૫૯૫ લાભાર્થીને લાભ આપવામાં આવ્યો.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષમાં ઉક્ત જિલ્લાના ખેડૂતોને મકાઈનું બિયારણ તથા યૂરિયા અને પ્રોમ ખાતરનો લાભ આપવામાં આવ્યો.

- - - - - - - - -

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં જુનિયર કારકુનની ભરતી**

૪૫૪૪૭ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં કેટલા જુનિયર કારકુનની ભરતી છેલ્લે ક્યારે કરવામાં આવેલ,

(૨) ઉક્ત ભરતીમાં ગેરરીતિ થઈ હોવા અંગે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૩) મળેલ ફરિયાદો અન્વયે ક્યારે, કોની સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) કુલ-૪૨ જુનિયર કારકુનની ભરતી છેલ્લે વર્ષ ૨૦૨૦માં કરવામાં આવેલ છે.

(૨) ૨૬

(૩) આ ભરતીની પરીક્ષા પ્રક્રિયા પારદર્શકતાથી થયેલ હોવાનું તપાસના અંતે જણાયેલું છે તેથી કોઈ કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગાંધીનગર અને અરવલ્લી જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૪૬૮ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૬૦૩ (અગ્રતા-૨૪૮)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર અને અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૪૪૬ અને ૭૧૩ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યાં,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૧૩૮ |
| અરવલ્લી | ૪૯ |

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| ગાંધીનગર | ૩૦૮ |
| અરવલ્લી | ૬૬૪ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? (૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક**

૪૫૫૪૮ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ (સુધારા) નિયમો-૨૦૦૨ મુજબ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક સામાન્ય રીતે દર ત્રણ મહિને એકવાર મળવી જોઈએ તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે,

(૨)

| **વર્ષ** | **તારીખ** |
|---|---|
| ૨૦૨૦ | ૦૪-૦૮-૨૦૨૦ |
| ૨૦૨૧ | - |

(૩) ઉક્ત સમિતિની બેઠક દર ત્રણ માસે મળેલ ન હોય તો તેના શાં કારણો છે, અને

(૩) અનિવાર્ય વહીવટી કારણોસર તેમજ કોવિડ-૧૯ તથા ઓમિક્રોન મહામારીના કારણે બેઠકો નિયમિત મળે શકેલ નથી.

(૪) ઉક્ત બેઠક સમયસર નિયમિત મળે તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૪)
- નિયમિત બેઠક બોલાવવા માટે સરકાર સજાગ છે.
- વધુમાં, રાજ્ય સરકારના પ્રધાનમંડળમાં બદલાવ થતાં સમિતિની પુનઃરચનાની બાબત વિચારણા હેઠળ છે.

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં પેટ્રોલ / ડિઝલ પંપની તપાસણી**

૪૪૩૬૧ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તોલમાપ તંત્ર દ્વારા કચ્છ જિલ્લામાં કેટલા પેટ્રોલ / ડિઝલ પંપની તપાસણી કરવામાં આવી,

(૧) ૨૪૫

(૨) કેટલા એકમોમાં ક્ષતિ માલૂમ પડી, અને

(૨) ૧૯

(૩)આવા એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) (૧) ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯ ની
- કલમ-૨૪ અંતર્ગત ૧૧ (અગીયાર) એકમો સામે કાર્યવાહી કરી કલમ-૩૩ અંતર્ગત ૬૦,૦૦૦/- (અંકે રૂપિયા સાંઈઠ હજાર) ગુન્હા માંડવાળ ફી વસૂલ કરેલ છે.
- કલમ-૮(૩) અંતર્ગત ૦૪ (ચાર) એકમો સામે કાર્યવાહી કરી કલમ-૨૫ અંતર્ગત રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર) ગુન્હા માંડવાળ ફી વસૂલ કરેલ છે. તથા

(૨) ગુજરાત કાનૂની માપવિજ્ઞાન (અમલીકરણ) નિયમો-૨૦૧૧ના
-નિયમ-૨૨(૫) અંતર્ગત ૦૫ (પાંચ) એકમો સામે કાર્યવાહી કરી નિયમ-૨૪ અંતર્ગત રૂ.૨૪,૦૦૦/- (અંકે

રૂપિયા ચોવીસ હજાર) ગુન્હા માંડવાળ ફી વસૂલ કરેલ છે.
- નિયમ-૨૩ અંતર્ગત ૦૨ (બે) એકમો સામે કાર્યવાહી કરી નિયમ-૨૪ અંતર્ગત રૂ.૩,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર) ગુન્હા માંડવાળ ફી વસૂલ કરેલ છે.

---------

## સુરેન્દ્રનગરની શાળાઓમાં સાયન્સ પ્રવાહના વર્ગો

૪૫૪૭૧ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં સાયન્સ પ્રવાહના વર્ગો ચલાવવામાં આવે છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | સાયન્સ પ્રવાહના વર્ગો વાળી સરકારી શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૦૧ |
| ૨ | ચોટીલા | ૦૧ |
| ૩ | ધ્રાંગધ્રા | ૦૧ |
| ૪ | મુળી | ૦૧ |
| ૫ | પાટડી | ૦૧ |
| ૬ | ચુડા | ૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત તાલુકાવાર કઈ સરકારી શાળામાં સાયન્સ પ્રવાહના વર્ગો નવા શરૂ કરવામાં આવ્યા ?

(૨) શૂન્ય.

---------

## તાપી અને ખેડા જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ

૪૫૫૨૭ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૭૧૮ (અગ્રતા-૧૪૧)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી અને ખેડા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૧૩૮ અને ૮૨૯ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યાં,

**જવાબ**

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| તાપી | ૧૬ |
| ખેડા | ૬૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| તાપી | ૧૨૨ |
| ખેડા | ૭૬૯ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

---------

## મહેસાણા જિલ્લામાં કેમિકલ એકમો દ્વારા ફેલાતા પ્રદૂષણની ફરિયાદો

૪૫૪૫૩ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં મરતોલી અને પાલાવાસણા ખાતે આવેલ કયા કેમિકલ એકમો દ્વારા હવા અને પાણીનું પ્રદૂષણ ફેલાવવામાં આવતું હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | એકમનું નામ | મળેલ ફરિયાદની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૧.મે.માધવ ઈન્ડસ્ટ્રીઝ, મરતોલી, | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| | | તા.જિ.મહેસાણા | |
| ૨ | ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૧.મે ગુજરાત મલ્ટી બેઝ ગેસ કેમિકલ્સ પ્રા.લિ. પાલાવાસણા, જિ.મહેસાણા<br>૨.મે. વિમલ ડેરી, પાલાવાસણા, તા.જિ.મહેસાણા<br>૩.મે. વિમલ ઓઈલ અને ફૂડ લિ. પાલાવાસણા, તા.જિ.મહેસાણા | ૦૧ |

(૨) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨)

| ક્રમ | વર્ષ | કરેલ કાર્યવાહી |
|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | નોટિસ ઓફ ડાયરેક્શન-૦૧ |
| ૨ | ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | બંધના કરેલ હુકમ -૦૧<br>કારણ દર્શક નોટિસ – ૦૨ |

---------

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં નવી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

૪૫૪૩૮ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર કેટલી નવી સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી, અને

(૧)

| ક્રમ | જિલ્લો | નવી મંજૂર કરેલ શાળાઓ | |
|---|---|---|---|
| | | માધ્યમિક શાળા | ઉચ્ચતર માધ્યમિક શાળા |
| ૧ | બનાસકાંઠા | ૧૫ | ૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કઈ શાળાઓ કાર્યરત થઈ અને કઈ શાળાઓને કાર્યરત કરવાની બાકી છે ?

(૨)

- **બનાસકાંઠા જિલ્લાની કાર્યરત શાળાઓ**

૧. સરકારી માધ્યમિક શાળા (RMSA), ભાચલા, અમીરગઢ
૨. સરકારી માધ્યમિક શાળા (RMSA), સિલાસણા, તા.ધાનેરા
૩. સરકારી માધ્યમિક શાળા (RMSA), મમાણા, તા.સુઈગામ
૪. સરકારી માધ્યમિક શાળા (RMSA), સોતમલા, તા.ડીસા
૫. સરકારી માધ્યમિક શાળા (RMSA), કુંડાળિયા,

તા.વાવ
૬. સરકારી માધ્યમિક શાળા, જાખેલ, તા.કાંકરેજ
૭. સરકારી માધ્યમિક શાળા, પેપોળ, તા.વડગામ
૮. સરકારી માધ્યમિક શાળા, ભાટરામ, તા.ધાનેરા
૯. સરકારી માધ્યમિક શાળા, રમુણા, તા.ધાનેરા
૧૦. સરકારી માધ્યમિક શાળા, ગોલવી નવા, તા.દિયોદર
૧૧. સરકારી માધ્યમિક શાળા, જેથી, તા.અમીરગઢ
૧૨. સરકારી માધ્યમિક શાળા, રવિ, તા.ધાનેરા
૧૩. સરકારી માધ્યમિક શાળા, ભાણમોડ, તા.વાવ

- **પાટણ જિલ્લાની કાર્યરત શાળાઓ**

૧. સરકારી માધ્યમિક શાળા, કોટાવડ, તા.સરસ્વતી
૨. સરકારી માધ્યમિક શાળા, સાંપ્રા. તા.સરસ્વતી
૩. સરકારી માધ્યમિક શાળા, ધારૂસણ, તા.સરસ્વતી
૪. સરકારી માધ્યમિક શાળા, ચલવાડા, તા.રાધનપુર
૫. સરકારી માધ્યમિક શાળા, પીપલાણા, તા.હારીજ
૬. સરકારી માધ્યમિક શાળા (RMSA), નાની ચંદૂર, તા.સમી
૭. સરકારી માધ્યમિક શાળા (RMSA), અમરાપુર, તા.સમી
૮. સરકારી માધ્યમિક શાળા (RMSA), પાડલા, તા.શંખેશ્વર
૯. સરકારી માધ્યમિક શાળા (RMSA), દાંતીસણા, તા.શંખેશ્વર
૧૦. સરકારી માધ્યમિક શાળા, હરિપુરા, તા.સમી

- **બનાસકાંઠા જિલ્લાની કાર્યરત કરવાની બાકી છે તેવી શાળાઓ**

૧. સરકારી માધ્યમિક શાળા, કુશ્કલ, તા.પાલનપુર
૨. સરકારી માધ્યમિક શાળા, ચારડા, તા.થરાદ

- **ઉક્ત સ્થિતિએ પાટણ જિલ્લાની મંજૂર થયેલ શાળા પૈકી એકપણ શાળા કાર્યરત કરવાની બાકી નથી.**

- - - - - - - - -

**ખેડા અને આણંદ જિલ્લામાં બંધ કરેલ પ્રાથમિક શાળાઓ**

૪૫૪૦૧ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી શાળાનું અન્ય શાળાઓમાં જોડાણ કરવામાં આવ્યુ ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **બંધ કરવામાં આવેલ પ્રાથમિક શાળાઓ** | | |
|---|---|---|---|
| | **સરકારી** | **ગ્રાન્ટેડ** | **નોન-ગ્રાન્ટેડ** |
| ખેડા | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨) આણંદ જિલ્લામાં ૬ સરકારી શાળાઓ પૈકી ૧ શાળાનું અન્ય શાળામાં જોડાણ કરવામાં આવ્યું.

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૪૪૩૫૬ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા. ૨૯મી માર્ચ ૨૦૩૧

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ વલસાડ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૨) એક પણ નહીં.

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજ્યની પોલિટેકનિક કોલેજોમાં ખાલી / ભરાયેલી બેઠકો**

૪૫૫૮૧ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર પોલિટેકનિક કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે,

(૧) ૬૬૮૦૪

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કેટલી બેઠકો ભરાયેલી અને કેટલી ખાલી રહી, અને

(૨)

| વર્ષ | ભરાયેલી | | | ખાલી | | |
|---|---|---|---|---|---|---|
| | સરકારી | અનુદાનિત | સ્વનિર્ભર | સરકારી | અનુદાનિત | સ્વનિર્ભર |
| ૨૦૨૦ | ૧૩૧૭૦ | ૧૪૪૮ | ૨૧૯૨૦ | ૫૯૨૧ | ૬૪ | ૨૧૧૨૩ |

(૩) ઉક્ત બેઠકો ખાલી રહેવાના કારણો શાં છે ?

(૩) ધોરણ ૧૦ પછી વિદ્યાર્થીઓ પાસે તેમની કારકિર્દી માટે અનેક વિકલ્પો રહેલા છે તેમાંથી પસંદગી કરતાં હોવાના કારણે મહદાંશે જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના**

૪૪૩૩૭ **શ્રી જીગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા.

(૨) જો હા,તો આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ?

(૨) આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ ૨૫૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

**અમરેલી જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો પર દરોડા**

૪૫૯૩૫ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની કેટલી દુકાનો ઉપર દરોડાઓ પાડવામાં આવ્યા,

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાલુકાવાર સસ્તા અનાજની દુકાનમાં નીચે પ્રમાણે તપાસ કરવામાં આવી.

| ક. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૧ |
|---|---|---|
| ૧ | અમરેલી | ૫૨ |
| ૨ | વડીયા | ૬૦ |
| ૩ | લાઠી | ૬૩ |
| ૪ | બાબરા | ૪૨ |
| ૫ | બગસરા | ૫૧ |

| | | |
|---|---|---|
| ૬ | ધારી | ૩૯ |
| ૭ | ખાંભા | ૮૪ |
| ૮ | રાજુલા | ૮૮ |
| ૯ | જાફરાબાદ | ૦૯ |
| ૧૦ | સાવરકુંડલા | ૪૭ |
| ૧૧ | લીલીયા | ૪૩ |
| | **કુલ** | **૫૭૮** |

(૨) તે અન્વયે કેટલા કિસ્સામાં કઈ પ્રકારની ગેરરીતિ સામે આવી અને તે અન્વયે કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યાં,

(૨) તે અન્વયે ૩૪૦ કિસ્સામાં નીચે મુજબની ક્ષતિ/ગેરરીતિ જણાયેલ છે.

(૧) હાજર જથ્થામાં વધ-ઘટ
(૨) ગ્રાહકોને કુડકૂપનો ન આપવી
(૩) સાઈનબોર્ડ/ભાવસ્ટોકના બોર્ડ ન લખવા
(૪) આધાર ફેઈલ/ઓફલાઈન વિતરણ કરવું
(૫) તોલમાપનું પ્રમાણપત્ર રજૂ ન કરવું
(૬) અનાજના નમૂના રાખેલ નથી
(૭) ફરિયાદ બુક/ફરિયાદ પેટી ન રાખવી
(૮) સ્વચ્છતા ન જાળવવી
(૯) દુકાનદારના બદલે અન્ય વ્યક્તિ સંચાલન કરતી હોય
(૧૦) NFSA કાર્ડ ધારકોની યાદી લગાવેલ ન હોય

- ૩૪૦ પૈકી ૧૮૯ દુકાનદારો સામે કેસની કાર્યવાહી કરીને કુલ રૂ. ૨,૮૭,૫૦૦/- ડિપોઝિટની રકમ રાજ્યસાત કરવામાં આવેલ છે.
  - વગે કરેલ જથ્થા અન્વયે રૂ.૫૧,૫૮,૧૩૧/-નો દંડ કરવામાં આવેલ છે.
  - ૦૧ કિસ્સામાં પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે.
  - કુલ ૦૮ પરવાના રદ
  - ૦૧ પરવાનો મોકૂફ કરવામાં આવેલ છે.
- ૧૫૧ કિસ્સામાં કેસની કાર્યવાહી ચાલુમાં છે.

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૩) અમરેલી જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોનો ૬-એ હેઠળ ૮૯૦૮ કિ.ગ્રા.નો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા ?

(૪) કુલ ૦૮ વાજબી ભાવની દુકાનના પરવાના રદ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૪૩૬૫ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૧૪,૧૬૫ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૧૪,૧૬૫ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૬૩,૭૫૧ છે.

તા. ૨૯મી માર્ચ ૨૦૩૧

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૪૩૦ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૫૭૯ (અગ્રતા-૧૨૬)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા અને સાબરકાંઠાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૧૫૫૫ અને ૯૦૬ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું. તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યા,

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| બનાસકાંઠા | ૨૨૯ |
| સાબરકાંઠા | ૮૬ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| બનાસકાંઠા | ૧૩૨૬ |
| સાબરકાંઠા | ૮૨૦ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**હિંમતનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૪૪૩૪૦ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૧)

| વર્ષ | રોપા (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૫૦,૪૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૫૧,૦૨૨ |

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેમાં મુખ્યત્વે અરડુસા, લીમડા, પેલ્ટોફોર્મ, કરંજ, ખાટીઆમલી, સીસુ, સીરસ, નીલગીરી, દેશીબાવળ જેવા રોપાનું વાવેર કરવામાં આવેલ છે.

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૫.૧૮ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૩૦.૨૫ |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ**

૪૪૩૩૬ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કેટલી કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે, અને

(૧) એક પણ નહી.

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં કેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**કચ્છ અને બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૪૨૩ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૫૭૨ (અગ્રતા-૧૭૪)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ અને બનાસકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૯૧૪ અને ૧૫૫૫ ઓરડાઓની ઘટ હતી. તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **બનાવેલ ઓરડાની સંખ્યા** |
|---|---|
| કચ્છ | ૬૩ |
| બનાસકાંઠા | ૨૨૯ |

(૨)

| **જિલ્લો** | **ખૂટતા ઓરડાની સંખ્યા** |
|---|---|
| કચ્છ | ૭૮૮ |
| બનાસકાંઠા | ૧૩૨૬ |

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૪૪૩૫૧ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતાં. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મહીસાગર અને ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી**

૪૫૫૫૪ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **સરકારી** | **ગ્રાન્ટેડ** | **નોન-ગ્રાન્ટેડ** |
|---|---|---|---|
| મહીસાગર | ૧૧૯૩ | ૧૨ | ૮૬ |
| ભરૂચ | ૮૮૨ | ૧૮ | ૩૫૬ |

(૨)

| **જિલ્લો** | **સરકારી** | **ગ્રાન્ટેડ** | **નોન-ગ્રાન્ટેડ** |
|---|---|---|---|
| મહીસાગર | ૦૦ | ૦૦ | ૦૪ |
| ભરૂચ | ૦૦ | ૦૦ | ૧૨ |

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૪૪૩૫૮ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

તા. ૨૯મી માર્ચ ૨૦૩૧

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતાં. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના**

૪૪૩૩૨ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષમાં ઉક્ત જિલ્લાના ખેડૂતોને કીટમાં કયા પ્રકારના લાભો આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં ૯૧૧૫ લાભાર્થીને લાભ આપવામાં આવ્યો.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષમાં ઉક્ત જિલ્લાના ખેડૂતોને કીટમાં દૂધી, કારેલા, ભીંડા, ટામેટા અને રીંગણના બિયારણ પૈકી કોઇ એક બિયારણ તથા યૂરિયા અને પ્રોમ ખાતરનો લાભ આપવામાં આવ્યો.

- - - - - - - - -

**રાજ્યમાં સમગ્ર શિક્ષા માટે ઈન્ફોર્મેશન સીસ્ટમ**

૪૪૩૧૧ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સમગ્ર શિક્ષાના ઉદ્દેશોની જરૂરિયાતને અનુલક્ષીને રાજ્યકક્ષાએથી કોઈ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સીસ્ટમ (એમઆઈએસ) વિકસાવવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેના પૈકી રાજ્યકક્ષાએથી શાળાકીય શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલી કામગીરીના સર્વગ્રાહી અને સાઘન મોનિટરીંગમાં શો લાભ થયો ?

**જવાબ**

(૧) હા, તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સમગ્ર શિક્ષાના ઉદ્દેશોની જરૂરિયાતને અનુલક્ષીને મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સીસ્ટમ (એમઆઈએસ) અંતર્ગત અલગ-અલગ વેબ બેઝડ અને મોબાઈલ એપ્લીકેશન મારફત ચાઈલ્ડ ટ્રેકીંગ, સીઆરસી-બીઆરસીની શાળા મુલાકાત, શિક્ષકો-વિદ્યાર્થીઓની ઓનલાઈન હાજરી, વિદ્યાર્થીઓના શૈક્ષણિક મૂલ્યાંકન (PAT, સત્રાંત પરીક્ષા) વગેરેનું ટેકનોલોજીના માધ્યમથી ડેટા એકત્રીકરણ અને એનાલીસીસ તેમજ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (સીસીસી) ફોર સ્કૂલ્સના માધ્યમથી પ્રત્યક્ષ નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

(૨) ગુજરાત રાજ્યમાં શાળાકીય શિક્ષણમાં આશરે ૪૧,૦૦૦ સરકારી અને અનુદાનિત શાળાઓમાં ૭૦ લાખ વિદ્યાર્થીઓ તથા ૨.૪ લાખ શિક્ષકો, ૧૦,૦૦૦ જેટલો સુપરવિઝન માટેનો સ્ટાફ મળી કુલ આશરે ૨.૫ લાખ કરતાં વધારે કર્મચારીઓ કાર્યરત છે. જે રાજ્યના કુલ સરકારી કર્મચારીઓના આશરે ૫૧ ટકા જેટલા થાય છે. આ તમામ કર્મચારીઓના અસરકારક મોનિટરીંગ અને સપોર્ટ માટે તથા વિદ્યાર્થીઓના લર્નિંગ આઉટકમના સતત મોનિટરીંગ અને સુધારણા માટે ટેકનોલોજી આધારિત વ્યવસ્થા ઊભી કરવી અત્યંત જરૂરી હતી જે માટે વર્ષ ૨૦૧૯માં શિક્ષણ ક્ષેત્રનું દેશનું સર્વ પ્રથમ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર (સીસીસી) ફોર સ્કૂલ્સ શરૂ કરવામાં આવેલ છે.

તેના થકી રાજ્યકક્ષાએથી શાળાકીય શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલી કામગીરી જેમ કે, વિદ્યાર્થીઓની હાજરીમાં સુધારા માટે, લર્નિંગ આઉટકમ્સના સુધારણા માટે, શાળા અને શિક્ષકોના રેશનલાઈજેશન માટે, શાળાઓના ડેવલપમેન્ટ પ્લાન માટે, કોવિડ-૧૯ના સમયમાં બાળકોને ઓનલાઈન માધ્યમથી સતત શિક્ષણ પૂરું પાડવા માટે વગેરે જેવી અનેક પ્રવૃત્તિઓ માટે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર (સીસીસી) ફોર સ્કૂલ્સ દ્વારા સતત સર્વગ્રાહી અને સઘન મોનિટરીંગમાં લાભ થયો છે.

- - - - - - - - -

**અમદાવાદ, વડોદરા અને રાજકોટ શહેરમાં વન્ય પક્ષીઓનું ગેરકાયદેસર વેચાણ**

૪૫૫૧૬ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં સભાગૃહમાં તા.૨૭-૦૯-૨૦૨૧ના રોજ રજૂ થયેલ ચોથી અતારાંકિત યાદીમાં અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૯૨૨૬ના અનુસંધાને **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ, વડોદરા અને રાજકોટ શહેરમાં વન્ય પક્ષીઓનું ગેરકાયદેસર વેચાણ થઈ રહ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અમદાવાદ, વડોદરા અને રાજકોટમાં કઈ કઈ જગ્યાએ વન્ય પક્ષીના વેચાણ થયા છે,

(૩) વન્ય પક્ષીના વેચાણ કરનારા કેટલા વેપારી/આરોપીઓને આઈડેન્ટીફાય કરાયા છે, અને

(૪) ઉક્ત વેપારીઓ/આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી. તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ, વડોદરા અને રાજકોટ શહેરમાં વન્ય પક્ષીઓનું ગેરકાયદેસર વેચાણના અમુક કિસ્સાઓ નોંધાયેલા છે.

(૨)

| | |
|---|---|
| અમદાવાદ | દિલ્હી દરવાજા, પ્રેમ દરવાજા, લાલદરવાજા, ગુજરી બજાર, રેંટીયા વાડી, ગીતા મંદિર, મીરજાપુર, શાહઆલમ, મણીનગર, ખોખરા. |
| વડોદરા | વડોદરા શહેરી વિસ્તાર |
| રાજકોટ | ન્યુ જાગનાથ પ્લોટ, ચિત્રકુટ એપાર્ટમેન્ટ. વચ્છરાજ નાસ્તા ગૃહ, સાધુવાસવાણી રોડ. |

(૩) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ એક વર્ષમાં કુલ-૦૫ ઈસમો આઈડેન્ટીફાઈ કરાયા.

(૪) વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**આણંદ જિલ્લાના બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગવધારા**

૪૫૫૭૨ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગવધારા માટે કેટલી દરખાસ્તો મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | વર્ગવધારાની મળેલ દરખાસ્તો | |
|---|---|---|---|
| | | ૨૦૨૦ | ૨૦૨૧ |
| ૧ | આણંદ | ૧ | ૨ |
| ૨ | આંકલાવ | ૧ | ૦ |
| ૩ | બોરસદ | ૧ | ૧ |
| ૪ | પેટલાદ | ૦ | ૧ |
| ૫ | ખંભાત | ૨ | ૧ |
| ૬ | તારાપુર | ૦ | ૦ |
| ૭ | સોજીત્રા | ૧ | ૧ |

(૨) ઉક્ત દરખાસ્તો પૈકી તાલુકાવાર કેટલી દરખાસ્તો મંજૂર કેટલી દરખાસ્તો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | તાલુકો | વર્ગવધારાની મળેલ દરખાસ્તો | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ-૨૦૨૦ | | વર્ષ-૨૦૨૧ | |
| | | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧ | આણંદ | ૦ | ૧ | ૧ | ૧ |
| ૨ | આંકલાવ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૩ | બોરસદ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૪ | પેટલાદ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૫ | ખંભાત | ૧ | ૧ | ૦ | ૧ |
| ૬ | તારાપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | સોજીત્રા | ૦ | ૧ | ૦ | ૧ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે, તેના કારણો શાં છે ?

(૩) શૂન્ય. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૪૩૧૭ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|
| છોટાઉદેપુર | ૯૩૯ |
| જેતપુર-પાવી | ૩૬૧ |
| કવાંટ | ૩૧૫ |
| બોડેલી | ૯૦૧ |
| સંખેડા | ૪૮૨ |
| નસવાડી | ૪૦૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ |
|---|---|
| છોટાઉદેપુર | ૯૩૯ |
| જેતપુર-પાવી | ૩૬૧ |
| કવાંટ | ૩૧૫ |
| બોડેલી | ૯૦૧ |
| સંખેડા | ૪૮૨ |
| નસવાડી | ૩૯૩ |

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

(૩) લાભાર્થીદીઠ પ્રતિમાસ રૂ.૧૨૫૦/-ની સહાય મંજૂર કરી.

- - - - - - - - -

**શિક્ષણ વિભાગ હેઠળના નિગમોમાં કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓ**

૪૫૫૧૦ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ શિક્ષણ વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી, કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીક્ત સાચી છે,

(૧) ના, શિક્ષણ વિભાગ હેઠળ કોઈ નિગમનું અસ્તિત્વ નથી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને

(૪) કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શાં છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ**

૪૪૫૭૫ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કેટલી કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં કેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ૦૩ (ત્રણ) કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં ૯૯૬ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે.

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૪૩૨૩ **શ્રી કાંતીભાઈ બલર** (સુરત-ઉત્તર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|
| વલસાડ | ૧૮૦૩ |
| ધરમપુર | ૨૨૬૭ |
| પારડી | ૧૧૩૪ |
| વાપી | ૫૭૭ |
| ઉંમરગામ | ૮૯૧ |
| કપરાડા | ૪૫૭ |

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ |
|---|---|
| વલસાડ | ૧૮૦૩ |
| ધરમપુર | ૨૨૬૭ |
| પારડી | ૧૧૩૪ |
| વાપી | ૫૭૭ |
| ઉંમરગામ | ૮૯૧ |
| કપરાડા | ૪૫૭ |

(૩) લાભાર્થીદીઠ પ્રતિમાસ રૂ.૧૨૫૦/-ની સહાય મંજૂર કરી.

- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૪૪૪ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૫૮૩ (અગ્રતા-૧૨૦)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ અને મહેસાણા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૬૩૨ અને ૯૦૫ ઓરડાઓની ઘટ હતી. તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું. તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| પાટણ | ૪૩ |
| મહેસાણા | ૭૯ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| પાટણ | ૫૮૯ |
| મહેસાણા | ૮૨૬ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૪૩૨૨ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|---|
| હિંમતનગર | ૧૮૧૦ | પોશીના | ૨૨૭ |
| ઈડર | ૧૩૬૯ | વિજયનગર | ૪૪૪ |
| વડાલી | ૫૨૬ | પ્રાંતિજ | ૬૧૫ |
| ખેડબ્રહ્મા | ૪૨૨ | તલોદ | ૯૨૯ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | તાલુકો | મંજૂર અરજીઓ |
|---|---|---|---|
| હિંમતનગર | ૧૫૪૫ | પોશીના | ૨૨૭ |
| ઈડર | ૧૨૫૨ | વિજયનગર | ૪૪૪ |
| વડાલી | ૪૮૦ | પ્રાંતિજ | ૫૯૮ |
| ખેડબ્રહ્મા | ૩૭૬ | તલોદ | ૮૨૧ |

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

(૩) લાભાર્થીદીઠ પ્રતિમાસ રૂ.૧૨૫૦/-ની સહાય મંજૂર કરી.

- - - - - - - - -

**વડોદરા એન્વાયરો ચેનલ પ્રા.લિ.માં આવેલા એકમો દ્વારા ફેલાતા પ્રદૂષણની ફરિયાદો**

૪૫૫૪૨ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા એન્વાયરો ચેનલ પ્રા.લિ.માં આવેલ ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદૂષણ ફેલાવાતું હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૧)

| અ.નં. | વર્ષ | મળેલ ફરિયાદ |
|---|---|---|
| ૧ | ૦૧/૦૧/૨૦૨૦ થી ૩૧/૧૨/૨૦૨૦ | ૧૨ |
| ૨ | ૦૧/૦૧/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૧ | ૧૦ |
| | **કુલ** | **૨૨** |

(૨) મળેલ ફરિયાદો અન્વયે ક્યા ઔદ્યોગિક એકમ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) મળેલ ફરિયાદો અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નીચે પત્રક-અમાં દર્શાવેલ કાર્યવાહી કરવામાં આવી.

(૩) તે અન્વયે ક્યા એકમોને કેટલી રકમનો દંડ કોના દ્વારા કરવામાં આવ્યો, તે પૈકી કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) પત્રક-બ મુજબ.

(૪) ઉક્ત દંડની બાકી રકમ વસૂલવા શાં પગલાં

(૪)

લેવામાં આવ્યાં ?

| ક્રમ | વર્ષ | દંડની બાકી રકમ વસૂલવા લેવામાં આવેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૧/૦૧/૨૦૨૦ થી ૩૧/૧૨/૨૦૨૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨ | ૦૧/૦૧/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૧ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક-અ**

| અ.નં. | વર્ષ | એકમનું નામ | કરેલ કાર્યવાહી |
|---|---|---|---|
| ૧ | ૦૧/૦૧/૨૦૨૦ થી ૩૧/૧૨/૨૦૨૦ | ૧. કીરી ડાયઝ એન્ડ કેમિકલ્સ પ્રા.લિ. (યુનિટ-૩) | બંધ કરવાનો હુકમ-૦૧<br>દફતરે કરેલ ફરિયાદ-૦૭ |
| | | ૨. ટ્રાન્સપેક સિલોક્ષ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ. | કારણદર્શક નોટિસ-૦૧<br>દફતરે કરેલ ફરિયાદ-૦૧ |
| | | ૩. પીઆઈ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ | બંધ કરવાનો હુકમ-૦૧<br>દફતરે કરેલ ફરિયાદ-૦૧ |
| ૨ | ૦૧/૦૧/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૧ | ૧. ટ્રાન્સપેક સિલોક્ષ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ. | કારણદર્શક નોટિસ-૦૨<br>દફતરે કરેલ ફરિયાદ-૦૭ |
| | | ૨. લોન્સન કીરી કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ. | દફતરે કરેલ ફરિયાદ-૦૧ |

**પત્રક-બ**

| ક્રમ | વર્ષ | ઔદ્યોગિક એકમનું નામ | કેટલી રકમનો દંડ કોના દ્વારા કરવામાં આવ્યો | કેટલી રકમ વસૂલવામાં આવી | કેટલી રકમ વસૂલવાની બાકી છે |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૧/૦૧/૨૦૨૦ થી ૩૧/૧૨/૨૦૨૦ | કીરી ડાયઝ એન્ડ કેમિકલ્સ પ્રા.લિ. (યુનિટ-૩) | ગુ.પ્ર.નિ.બોર્ડ દ્વારા રૂ.૫૦ લાખ એન્વાયરમેન્ટલ ડેમેઝ કમ્પેન્શેશન તરીકે ભરવાનો હુકમ કરવામાં આવેલ | રૂ.૫૦ લાખ એન્વાયરમેન્ટલ ડેમેઝ કમ્પેન્શેશન તરીકે વસૂલવામાં આવેલ | રકમ વસૂલવાની બાકી નથી. |
| | | પીઆઈ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ | ગુ.પ્ર.નિ.બોર્ડ દ્વારા રૂ.એક કરોડ એન્વાયરમેન્ટલ ડેમેઝ કમ્પેન્શેશન તરીકે ભરવાનો હુકમ કરવામાં આવેલ | રૂ.એક કરોડ એન્વાયરમેન્ટલ ડેમેઝ કમ્પેન્શેશન તરીકે વસૂલવામાં આવેલ | રકમ વસૂલવાની બાકી નથી. |
| ૨ | ૦૧/૦૧/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૧ | માહિતી શૂન્ય ગણવી | | | |

---------

## ખેડા અને આણંદ જિલ્લામાં બંધ કરેલી પ્રાથમિક શાળાઓ

૪૫૩૮૪ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી શાળાનું અન્ય શાળાઓમાં જોડાણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧)

| જિલ્લો | બંધ કરવામાં આવેલ પ્રાથમિક શાળાઓ | | |
|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
| ખેડા | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨) આણંદ જિલ્લામાં ૬ સરકારી શાળાઓ પૈકી ૧ શાળાનું અન્ય શાળામાં જોડાણ કરવામાં આવ્યું.

---------

## બનાસકાંઠા જિલ્લામાં આંગણવાડીઓને પોતાના મકાનો

૪૫૪૩૩ **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં તાલુકાવાર

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ધાનેરા-૪ આંગણવાડી કેન્દ્રોને, દાંતીવાડા-૩ આંગણવાડી કેન્દ્રોને.

કેટલી આંગણવાડીને પોતાના મકાનો નથી, અને

(૨) આવી આંગણવાડીઓને ક્યાં સુધીમાં પોતાના મકાન ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

(૨) ધાનેરા - જમીન ઉપલબ્ધ થયેથી તબક્કાવાર આયોજન કરવામાં આવશે.

દાંતીવાડા - ૨ આંગણવાડી કેન્દ્રોના ઠરાવ મળેલ છે.

૧ આંગણવાડી કેન્દ્રની કાર્યવાહી ગતિમાં છે.

- - - - - - - - -

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૪૭૪ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૬૧૯ (અગ્રતા-૭૨)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૪૬૬ અને ૧૧૬ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું. તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને કયાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| સુરેન્દ્રનગર | ૧૧૯ |
| બોટાદ | ૪૬ |

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| સુરેન્દ્રનગર | ૩૪૭ |
| બોટાદ | ૭૦ |

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર.

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ**

૪૪૩૩૪ **શ્રી હિતુ કનોડીયા** (ઇડર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં કેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ૦૩ (ત્રણ) કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં ૧૦૧૭ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે.

- - - - - - - - -

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૪૫૪૨૬ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં ?

**જવાબ**

(૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઈ તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી, આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના

નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

- - - - - - - - -

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૪૪૧ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે, | (૧) ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી, | (૨)<br>• બનાસકાંઠા જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૧૫૯૭ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.<br>• કચ્છ જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૯૮૯ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે. |
| (૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી, અને | (૩) લાગુ પડતું નથી. |
| (૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સીલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે ? | (૪) લાગુ પડતું નથી. |

- - - - - - - - -

**દાંતા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૪૫૬૭ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા | (૧) |

જિલ્લાના દાંતા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

| વર્ષ | વાવેતર (હેક્ટર) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૩૫૫ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૫૦૫ |

(૨) તેની પાછળ કુલ કેટલો કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૫૦૭.૧૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૮૨.૩૬ |

---------

**રાજ્યની કોલેજમાં ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો**

જપપ૧૩ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે,

(૧) ૬૬૩૨૮

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કેટલી બેઠકો ભરાયેલી અને કેટલી ખાલી રહી, અને

(૨)

| વર્ષ | સરકારી | | અનુદાનિત | | સ્વનિર્ભર સંસ્થાઓ | |
|---|---|---|---|---|---|---|
| | ભરાયેલી | ખાલી | ભરાયેલી | ખાલી | ભરાયેલી | ખાલી |
| ૨૦૨૦ | ૬૭૦૯ | ૨૩૭૭ | ૧૪૧૧ | ૧૬૧ | ૧૯૧૪૧ | ૩૩૫૪૧ |

(૩) ઉક્ત બેઠકો ખાલી રહેવાના કારણો શાં છે ?

(૩) ધોરણ-૧૨ પછી વિદ્યાર્થીઓ પાસે તેમની કારકિર્દી માટે અનેક વિકલ્પો રહેલા છે. તેમાંથી પસંદગી કરતા હોવાના કારણે મહદાંશે જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

---------

**નવસારી જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

જ૪૩૫૭ **શ્રી મોહનભાઇ ઢોડિયા** (મહુવા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નવસારી જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૨) એક પણ નહીં.

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક**

જપ૪૩પ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ (સુધારા) નિયમો-૨૦૦૨ મુજબ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક સામાન્ય રીતે દર ત્રણ મહિને એક વાર મળવી જોઇએ તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ

(૨)

છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે,

| વર્ષ | તારીખ |
|---|---|
| ૨૦૨૦ | ૦૪-૦૮-૨૦૨૦ |
| ૨૦૨૧ | - |

(૩) ઉક્ત સમિતિની બેઠક દર ત્રણ માસે મળેલ ન હોય તો તેના શાં કારણો છે, અને

(૩) અનિવાર્ય વહીવટી કારણોસર તેમજ કોવિડ-૧૯ તથા ઓમિક્રોન મહામારીના કારણે બેઠકો નિયમિત મળી શકેલ નથી.

(૪) ઉક્ત બેઠક સમયસર નિયમિત મળે તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૪)
- નિયમિત બેઠક બોલાવવા માટે સરકાર સજાગ છે.
- રાજ્ય સરકારના પ્રધાનમંડળમાં બદલાવ થતાં આ સમિતિની પુનઃરચનાની બાબત વિચારણા હેઠળ છે.

---------

**નવસારી જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૪૩૨૧ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|---|
| નવસારી શહેર | ૯૦૭ | ચીખલી | ૧૨૪૬ |
| નવસારી ગ્રામ્ય | ૬૯૯ | ખેરગામ | ૪૬૨ |
| જલાલપોર | ૫૯૪ | વાંસદા | ૧૧૫૧ |
| ગણદેવી | ૧૫૩૫ | | |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઇ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | તાલુકો | મંજૂર અરજીઓ |
|---|---|---|---|
| નવસારી શહેર | ૮૮૬ | ચીખલી | ૧૨૪૬ |
| નવસારી ગ્રામ્ય | ૬૮૭ | ખેરગામ | ૪૬૨ |
| જલાલપોર | ૫૯૪ | વાંસદા | ૧૧૫૧ |
| ગણદેવી | ૧૫૩૫ | | |

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

(૩) લાભાર્થીદીઠ પ્રતિમાસ રૂ.૧૨૫૦/- ની સહાય મંજૂર કરી.

---------

**ભરૂચ અને નર્મદા જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૫૩૬ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૭૦૮ (અગ્રતા-૯૮)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૬૩૯ અને ૧૭૫ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું. તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યા,

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| ભરૂચ | ૩૯ |
| નર્મદા | ૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| ભરૂચ | ૬૦૦ |
| નર્મદા | ૧૭૫ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગવધારા**

૪૪૩૨૬ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૦-૨૧માં રાજકોટ જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગવધારા માટે કુલ કેટલી દરખાસ્તો મળી, અને

(૨) તે પૈકી કન્યા શાળાઓમાં કેટલા વર્ગવધારાની મંજૂર આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૦૭

(૨) ૦૩

- - - - - - - - -

**ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક**

૪૫૪૫૬ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ (સુધારા) નિયમો-૨૦૦૨ મુજબ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક સામાન્ય રીતે દર ત્રણ મહિને એક વાર મળવી જોઈએ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે,

(૩) ઉક્ત સમિતિની બેઠક દર ત્રણ માસે મળેલ ન હોય તો તેના શાં કારણો છે, અને

(૪) ઉક્ત બેઠક સમયસર નિયમિત મળે તે માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | તારીખ |
|---|---|
| ૨૦૨૦ | ૦૪-૦૮-૨૦૨૦ |
| ૨૦૨૧ | - |

(૩) અનિવાર્ય વહીવટી કારણોસર તેમજ કોવિડ-૧૯ તથા ઓમિક્રોન મહામારીના કારણે બેઠકો નિયમિત મળી શકેલ નથી.

(૪)
- નિયમિત બેઠક બોલાવવા સરકાર સજાગ છે.
- રાજ્ય સરકારના પ્રધાનમંડળમાં બદલાવ થતાં આ સમિતિની પુનઃ રચનાની બાબત વિચારણા હેઠળ છે.

- - - - - - - - -

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૪૯૪ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૬૪૩ (અગ્રતા-૩૧)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ અને પોરબંદર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૨૬૭ અને ૪૧ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું. તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ | ૩૧ |
| પોરબંદર | ૧૪ |

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|

| જૂનાગઢ | ૨૩૬ |
|---|---|
| પોરબંદર | ૨૭ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં પવિત્ર ઉપવન**

૪૪૫૬૩ **શ્રી રાકેશભાઈ શાહ** (એલિસબ્રિજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૨૦-૨૧માં ક્યા ક્યા સ્થળે પવિત્ર ઉપવન બનાવવામાં આવેલ છે, અને

(૨) આ પવિત્ર ઉપવનમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧માં પંચમુખી હનુમાન મંદિર જૂની સરોત્રી, ગામ-ઈકબાલગઢ, તાલુકો-અમીરગઢ સ્થળે પવિત્ર ઉપવન બનાવવામાં આવેલ છે.

(૨) આ પવિત્ર ઉપવનમાં મુખ્યત્વે આસોપાલવ, કદમ્બ, પીપળો, વડ, પારિજાત, પુતરંજીવા, બીલી, બોરસલ્લી જેવા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૪૫૪૧ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૪૯૩૧ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૪૯૩૧ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૨૧૬૧૩ છે.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લાની શિક્ષણ વિભાગના તાબા હેઠળની કચેરીઓનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૪૫૪૭૭ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ શિક્ષણ વિભાગના તાબા હેઠળ અમદાવાદ જિલ્લાના ધંધુકા, ધોલેરા અને બોટાદ જિલ્લાના બરવાળા અને રાણપુર તાલુકાઓમાં આવેલ કચેરીઓવાર, સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)

| સંવર્ગ | અમદાવાદ જિલ્લો | | બોટાદ જિલ્લો | |
|---|---|---|---|---|
| | ધંધુકા તાલુકો | ધોલેરા તાલુકો | બરવાળા તાલુકો | રાણપુર તાલુકો |
| તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, વર્ગ-૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| કેળવણી નિરીક્ષક | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ |

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને કેળવણી નિરીક્ષકએ પંચાયત કચેરી ખાતે કાર્ય કરે છે. તેની

(૨) તે પૈકી ઉક્ત તાલુકાવાર, કચેરીવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ક્યા કારણોસર ખાલી છે, અને

(૨) પત્રક મુજબ.

- બે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની જગ્યાઓ શિક્ષણ વિભાગ દ્વારા મંજૂર થયેલ નથી અને કેળવણી નિરીક્ષકની જગ્યાઓ બઢતીને કારણે ખાલી પડેલ છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ ઝડપથી.

**પત્રક**

| સંવર્ગ | અમદાવાદ જિલ્લો | | | | બોટાદ જિલ્લો | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ધંધુકા તાલુકો | | ધોલેરા તાલુકો | | બરવાળા તાલુકો | | રાણપુર તાલુકો | |
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, વર્ગ-૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| કેળવણી નિરીક્ષક | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૪૩૧૯ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|---|
| ભરૂચ શહેર | ૧૦૪૧ | જંબુસર | ૧૮૬૨ |
| ભરૂચ ગ્રામ્ય | ૨૧૨૪ | આમોદ | ૨૧૬ |
| વાગરા | ૮૨૩ | ઝઘડીયા | ૧૪૭૩ |
| અંકલેશ્વર | ૧૮૮૯ | વાલીયા | ૩૪૭ |
| હાંસોટ | ૪૩૭ | નેત્રંગ | ૪૩૮ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઇ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | તાલુકો | મંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ભરૂચ શહેર | ૧૦૪૧ | જંબુસર | ૧૮૧૭ |
| ભરૂચ ગ્રામ્ય | ૧૯૭૪ | આમોદ | ૨૧૬ |
| વાગરા | ૮૧૧ | ઝઘડીયા | ૧૪૭૩ |
| અંકલેશ્વર | ૧૮૮૧ | વાલીયા | ૩૪૭ |
| હાંસોટ | ૪૨૫ | નેત્રંગ | ૪૨૧ |

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

(૩) લાભાર્થીદીઠ પ્રતિમાસ રૂ.૧૨૫૦/- ની સહાય મંજૂર કરી.

- - - - - - - - -

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં દીપડા દ્વારા માનવ હુમલાના બનાવો**

૪૫૪૮૩ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર દીપડા દ્વારા માણસ ઉપર હુમલાના કેટલા બનાવ બન્યા,

(૧)

| જિલ્લા | વર્ષ | દીપડા દ્વારા હુમલાના બનાવની સંખ્યા |
|---|---|---|
| ગીર સોમનાથ | ૨૦૨૦ | ૨૭ |
| | ૨૦૨૧ | ૨૧ |
| જૂનાગઢ | ૨૦૨૦ | ૧૭ |

(૨) ઉક્ત બનાવોમાં જિલ્લાવાર, વર્ષવાર કેટલા વ્યક્તિઓ ઘાયલ થયા અને કેટલા મૃત્યુ પામ્યા,

(૨)

| જિલ્લા | વર્ષ | દીપડા દ્વારા | દીપડા દ્વારા |
|---|---|---|---|

| | | મૃત્યુ પામેલ વ્યક્તિ | ઘાયલ થયેલ વ્યક્તિ |
|---|---|---|---|
| ગીર સોમનાથ | ૨૦૨૦ | ૦૨ | ૨૫ |
| | ૨૦૨૧ | ૦૪ | ૧૯ |
| જૂનાગઢ | ૨૦૨૦ | ૦૨ | ૧૬ |
| | ૨૦૨૧ | ૦૧ | ૧૯ |

(૩) તે પૈકી વર્ષવાર ઘાયલ થયેલ અને મૃત્યુ પામેલ વ્યક્તિઓના પરિવારજનોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩)

| વર્ષ | દીપડા દ્વારા ઘાયલ થયેલ વ્યક્તિને ચૂકવેલ રકમ (રૂ.) | દીપડા દ્વારા મૃત્યુ પામેલ વ્યક્તિને ચૂકવેલ રકમ (રૂ.) |
|---|---|---|
| ૨૦૨૦ | રૂ. ૧,૬૩,૦૦૦ | રૂ, ૮,૦૦,૦૦૦ |
| ૨૦૨૧ | રૂ, ૧,૭૮,૭૦૦ | રૂ, ૨,૦૦,૦૦૦ |

(૪) જો સહાય ચૂકવવામાં ન આવી હોય તો તેના કારણો શું છે ?

(૪) ઉક્ત સ્થિતિએ આજની તારીખે તમામ સહાય ચૂકવવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજ્યમાં સિંહોને રેડીયોકોલર**

૪૫૪૯૨ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલા સિંહોને રેડીયોકોલર પહેરાવવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકીના કેટલા સિંહોના મૃત્યુ થયા, અને

(૩)ઉક્ત સિંહોના મૃત્યુના શા કારણો સામે આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ૧૧૨ સિંહોને રેડીયોકોલર પહેરાવવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૭ સિંહોના મૃત્યુ થયા.

(૩) બિમારી, આંતરિક ઝગડા તથા અકસ્માતે કૂવામાં પડી જવાથી મૃત્યુ થયાના કારણો સામે આવેલ છે.

- - - - - - - - -

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ઈ.સી. મેળવવા લીઝધારકોની અરજીઓ બાબત**

૪૫૪૮૯ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર પર્યાવરણ વિભાગ પાસે ઈ.સી. મેળવવા માટે લીઝ ધારકો દ્વારા કેટલી અરજીઓ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલા લીઝ- ધારકોને ઈ. સી. આપવામાં આવેલ છે અને કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે, અને

(૩) પડતર અરજીઓને ક્યાં સુધીમાં ઈ.સી. આપવામાં આવશે ?

**જવાબ**

(૧) EC (પર્યાવરણીય મંજૂરી) આપવાની કાર્યવાહી પર્યાવરણીય પ્રભાગ દ્વારા કરવામાં આવતી નથી. EC (પર્યાવરણીય મંજૂરી) આપવાની પ્રક્રિયા EIA Notification 2006 મુજબ ભારત સરકારશ્રીના પર્યાવરણ, વન અને જળ વાયુ પરિવર્તન મંત્રાલયના નોટિફીકેશનથી રચાયેલ State Level Environment Impact Assessment Authority દ્વારા હાથ ધરવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અમદાવાદ શહેર / જિલ્લામાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો**

૪૪૭૬૧ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ શહેર / જિલ્લામાં કુલ કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ

- અમદાવાદ શહેર-૨૧૨૮ આંગણવાડી કેન્દ્રો

અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે ?

- અમદાવાદ ગ્રામ્ય-૧૫૦૦ આંગણવાડી કેન્દ્રો

(૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે.

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૪૩૪૫ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|---|
| નડીઆદ (શહેર) | ૧૫૮૧ | ગળતેશ્વર | ૭૧૦ |
| નડીઆદ (ગ્રામ્ય) | ૩૩૦૯ | વસો | ૩૭૦૧ |
| મહુધા | ૩૩૬ | માતર | ૧૦૦૭ |
| કઠલાલ | ૧૩૧૯ | ખેડા | ૧૦૮૧ |
| કપડવંજ | ૧૬૬૩ | મહેમદાવાદ | ૧૯૪૧ |
| ઠાસરા | ૨૦૩૨ | | |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ, અને

(૨)

| તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ |
|---|---|---|---|
| નડીઆદ (શહેર) | ૧૫૮૧ | ગળતેશ્વર | ૭૧૦ |
| નડીઆદ (ગ્રામ્ય) | ૩૩૦૯ | વસો | ૩૭૦૧ |
| મહુધા | ૩૩૬ | માતર | ૧૦૦૭ |
| કઠલાલ | ૧૩૧૯ | ખેડા | ૧૦૭૦ |
| કપડવંજ | ૧૬૬૨ | મહેમદાવાદ | ૧૯૩૭ |
| ઠાસરા | ૨૦૨૯ | | |

(૩) તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

(૩) તેમાં લાભાર્થીદીઠ રૂ.૧૨૫૦/-ની સહાય મંજૂર કરવામાં આવી.

- - - - - - - - -

**આદિજાતિ વિકાસ વિભાગના તાબા હેઠળના નિગમોમાં કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી ભરતી**

૪૫૫૩૯ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આદિજાતિ વિકાસ વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે,

(૨) ૪૦ કર્મચારીઓ આઉટસોર્સથી ફરજ બજાવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી

(૩)

| ક્રમ | વર્ષ | કરાર આધારિત | આઉટસોર્સ કર્મચારીઓ |
|---|---|---|---|

કરવામાં આવી, અને

| | | કર્મચારીઓ | |
|---|---|---|---|
| ૧. | ૨૦૨૦-૨૧ | ૦૧ | ૦૨ |
| ૨. | ૨૦૨૧-૨૨ | ૦૦ | ૦૬ |

(૪) કોન્ટ્રાક્ટ, આઉટસોર્સીંગથી ભરતી કરવાના કારણો શાં છે ?

(૪) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ આદિજાતિ વિસ્તારના લોકોના ઉત્કર્ષ માટેની યોજનાઓનો અમલ કરી રહેલ છે તે યોજનાઓના અમલમાં પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી ન થાય તે હેતુથી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સથી ભરતી કરવામાં આવેલ છે.

---------

**સુરત અને વલસાડ જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૫૩૩ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૭૧૩ (અગ્રતા-૨૪૭)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત અને વલસાડ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૧૭૮ અને ૭૩૫ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું. તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યાં,

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| સુરત | ૧૧૮ |
| વલસાડ | ૧૭ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| સુરત | ૬૦ |
| વલસાડ | ૭૧૮ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

---------

**શિક્ષણ વિભાગ માટે બજેટમાં કરેલ જોગવાઈ**

૪૫૫૬૨ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) શિક્ષણ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ,

(૧)

| નાણાકીય વર્ષ | જોગવાઈ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૩૦૦૪૫.૦૦ |
| ૨૦૨૦-૨૧ | ૩૧૯૫૪.૮૯ |

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)

| નાણાકીય વર્ષ | ફાળવેલ રકમ (ગ્રાન્ટ) (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૩૦૮૮૬.૮૧ |
| ૨૦૨૦-૨૧ | ૩૨૨૬૫.૦૭ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩)

| નાણાકીય વર્ષ | વપરાયેલ રકમ (ખર્ચ) (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૩૧૨૪૭.૫૩ |
| ૨૦૨૦-૨૧ | ૩૩૩૮૭.૭૫ |

- ઉક્ત પત્રક મુજબ રકમ વણવપરાયેલ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા. ૨૯મી માર્ચ ૨૦૩૧

અતારાંકિત પ્રશ્નો

**મોરવા (હ) તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૪૩૪૧ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના મોરવા (હ) તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટર)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૭૮ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૬૫ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૫.૭૪ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૫૨.૫૦ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં બિનસરકારી ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગવધારા**

૪૪૩૨૭ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૨૦-૨૧માં બનાસકાંઠા જિલ્લામાં બિન સરકારી ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા માટે કુલ કેટલી દરખાસ્તો મળી, અને | (૧) ૧૮ |
| (૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી? | (૨) ૧૬ |

---------

**ડાંગ જિલ્લામાં આદિમ જૂથોને આવાસ ફાળવણી**

૪૪૩૩૮ **શ્રી વિજયભાઈ પટેલ** (ડાંગ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં આદિમ જૂથોને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ આદિમ જૂથોને કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) આ યોજના હેઠળ આદિમ જૂથના લાભાર્થીને આવાસ બાંધકામ માટે રૂ.૧,૨૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે? | (૩) |

| **વર્ષ** | **લાભાર્થીઓ** | **આપવામાં આવેલ સહાય** |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | - | - |
| ૨૦૨૧-૨૨ | ૨ | ૨.૪૦ લાખ |
| **કુલ** | **૨** | **૨.૪૦ લાખ** |

---------

**રાજ્યમાં શોધ શિષ્યવૃત્તિ યોજના**

૪૪૩૧૪ **શ્રી જગદીશ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨માં શોધ શિષ્યવૃત્તિ યોજના હેઠળ કુલ કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૧) કુલ ૧૭૪૬ વિદ્યાર્થીઓ. |
| (૨) તે પેટે કેટલી સ્કોલરશીપ ચૂકવવામાં આવી? | (૨) કુલ રૂ. ૧૩.૯૩ કરોડ. |

- - - - - - - - -

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૪૫૪૫૯ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં ?

**જવાબ**

(૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઈ તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી. આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પુરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

- - - - - - - - -

**અમીરગઢ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૪૫૬૮ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૮૫૫ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૪૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૯૫.૦૫ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૪૮.૨૨ |

- - - - - - - - -

**પંચમહાલ અને દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૪૫૪૫ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ પંચમહાલ અને દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ પંચમહાલ અને દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ નીચે મુજબ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

| ક્રમ | જિલ્લાનું નામ | લાભાર્થી કુટુંબો |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | પંચમહાલ | ૬૪૦૫ |
| ૨ | દાહોદ | ૧૦૦૫૨ |
| | **કુલ** | **૧૬૪૫૭** |

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

(૨) લાભાર્થી કુટુંબોની જનસંખ્યા નીચે મુજબ છે.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **જનસંખ્યા** |
|---|---|---|
| ૧ | પંચમહાલ | ૨૬૫૪૮ |
| ૨ | દાહોદ | ૪૭૫૫૪ |
| | **કુલ** | **૭૪૧૦૨** |

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૪૫૪૩ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૫૯૨૬ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૫૯૨૬ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૨૭૬૧૯ છે.

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના**

૪૪૫૪૬ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત 'રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩' હેઠળ કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) ક્યા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત 'રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩' હેઠળના લાભાર્થીઓને ૩૪૧૧૧.૮૪૫ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

(૨) 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત 'રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩' હેઠળના લાભાર્થીઓને છોટાઉદેપુર જિલ્લામાં ફેબ્રુઆરી-૨૦૨૧ થી જાન્યુઆરી-૨૦૨૨ દરમ્યાન નીચે મુજબ દર્શાવેલ પ્રમાણ-ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **વ્યક્તિદીઠ જથ્થો (કિ.ગ્રા.)** | **ભાવ (રૂ.-પૈસા)** |
|---|---|---|---|
| એએવાય (AAY) તથા અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | ૩.૫ | વિનામૂલ્યે |
| | ચોખા | ૧.૫ | |
| | **કુલ** | **૫** | |

- - - - - - - - -

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી**

૪૫૪૬૩ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૧)

| જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| અરવલ્લી | ૧૧૯૫ | ૧૬ | ૧૩૩ |
| સાબરકાંઠા | ૧૧૬૩ | ૪૦ | ૨૨૯ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| અરવલ્લી | ૦૪ | ૦૦ | ૦૮ |
| સાબરકાંઠા | ૦૦ | ૦૦ | ૦૪ |

- - - - - - - - -

**નવસારી અને ડાંગ જિલ્લાની આશ્રમશાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૪૫૫૨૩ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી અને ડાંગ જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની કેટલી આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ શાળાવાર સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૩) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યા ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી અને ડાંગ જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક ૩૪ આશ્રમશાળાઓ અને ૧૦ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ આવેલ છે.

(૨) શાળાવાર સંવર્ગવાર મંજૂર મહેકમની વિગત *પત્રક-૧ મુજબ છે.

(૩) તે પૈકી ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત *પત્રક-૨ મુજબ છે.

(૪) આ વહીવટી બાબત છે. જેનુ વહીવટી કાર્યવાહી બાદ નિરાકરણ લાવવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**રાજ્યમાં સરકારી ઇજનેરી કોલેજમાં વર્ગ-૨નું મંજૂર મહેકમ**

૪૫૫૮૩ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૩૮૮૩૫ (અગ્રતા-૧૫)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૨ની ૧૩૯ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાનું આયોજન હતું તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૨ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરાઇ હોય તો તેના કારણો શાં છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૩૪

(૨) ૧૭૫

(૩) જગ્યાઓનું ભરાવું અને ખાલી થવું તે નિરંતર ચાલતી પ્રક્રિયા છે. રાજીનામું, વયનિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ, અન્ય નોકરીમાં જવું, બઢતી મળવી, અવસાન થવું તથા ભરતી અંગેની આનુષાંગિક વહીવટી કાર્યવાહી ચાલુ હોવી વગેરે કારણોસર તે જગ્યાઓ ખાલી રહેલ છે.

(૪) બનતી ત્વરાએ.

- - - - - - - - -

**ગાંધીનગર અને વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી**

૪૫૪૬૭ **ડો. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને

**જવાબ**

(૧)

| જિલ્લો | પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|

નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

| | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| ગાંધીનગર | ૫૭૫ | ૩૯ | ૩૦૫ |
| વડોદરા | ૧૦૫૩ | ૪૩ | ૫૨૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લો | નવી મંજૂર પ્રાથમિક શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
| ગાંધીનગર | ૦૦ | ૦૦ | ૧૨ |

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૪૫૨ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વોલીટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી અને,

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સીલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ગુજરાત સ્કૂલ ક્વૉલીટી એક્રેડીટેશન કાઉન્સીલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨)

- પાટણ જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૪૯૯ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- મહેસાણા જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૬૦૦ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) લાગુ પડતુ નથી.

(૪) લાગુ પડતુ નથી.

---------

અતારાંકિત પ્રશ્નો

## કીડીખાઉં વન્ય પ્રાણીની ગેરકાયદેસર હેરાફેરી / વેચાણ

૪૪૫૪૮ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના વન વિભાગને અતિ દુર્લભ એવા કીડીખાઉં વન્યપ્રાણીની ગેરકાયદેસર હેરાફેરી અને વેચાણના આંતરરાજ્ય ષડયંત્રને પકડવામાં સફળતા મળી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ગુના નોંધવામાં આવ્યા, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૨ ગુના નોંધવામાં આવેલ છે. |
| (૩) તે અન્વયે રાજ્યના અને રાજ્ય બહારના કુલ કેટલા આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી ? | (૩) રાજ્યના અને રાજ્ય બહારના કુલ-૨૫ આરોપી સામે કાર્યવાહી કરવામાં આવી. |

---------

## ગીર વન વિસ્તારમાં ઉભા કરેલ મોબાઈલ ટાવરથી વન્યજીવોને અસર

૪૫૫૭૭ **શ્રી અંબરીશ ડેર** (રાજુલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર વન વિસ્તારમાં ખાનગી કંપનીઓ દ્વારા મોબાઈલ ટાવર ઉભા કરવામાં આવેલ છે, તેની વન્ય જીવો ઉપર પડનારી અસરોના અભ્યાસ માટે એજન્સીની નિમણૂક કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત અભ્યાસ કઈ એજન્સી દ્વારા કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ કઈ એજન્સીને ચૂકવવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં આવેલ આંગણવાડી કેન્દ્રો

૪૫૯૪૬ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં કુલ કેટલા આંગણવાડી કેન્દ્રો આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાવરકુંડલા તાલુકામાં – ૨૭૫ આંગણવાડી કેન્દ્રો<br>લીલીયા તાલુકામાં – ૮૦ આંગણવાડી કેન્દ્રો |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં ચાલે છે અને તેના કારણો શાં છે, અને | (૨) સાવરકુંડલા તાલુકામાં – ૮૭ આંગણવાડી કેન્દ્રો<br>લીલીયા તાલુકામાં – ૨ આંગણવાડી કેન્દ્રો<br>નગરપાલિકા વિસ્તારનાં કેન્દ્રોમાં જમીન ઉપલબ્ધિના પ્રશ્ન છે અને ગ્રામ્ય કક્ષાએ કેન્દ્રો જર્જરિત છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા આંગણવાડીના મકાનો મંજૂર થયા છે પણ કામ શરૂ કરવામાં આવ્યા નથી અને તે કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) સાવરકુંડલા તાલુકામાં ૨૬ આંગણવાડી કેન્દ્રો મનરેગા અંતર્ગત મંજૂર થયેલ છે. આગળની કાર્યવાહી ગતિમાં છે.<br>લીલીયા તાલુકામાં ૨ જર્જરિત આંગણવાડી કેન્દ્રોની કાર્યવાહી ગતિમાં છે. |

---------

## રાજકોટ અને પોરબંદર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

૪૫૫૦૬ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા | (૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઇ તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ |

બાળકોની સંખ્યા કેટલી છે,

કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી. આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી.

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધા ?

(૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦ થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

- - - - - - - - -

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૫૧૮ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વોલીટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી

**જવાબ**

(૧) ગુજરાત સ્કૂલ ક્વૉલીટી એક્રેડીટેશન કાઉન્સીલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯ થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨)

- અમદાવાદ જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૬૯૯ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- બોટાદ જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૧૪૩ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) લાગુ પડતુ નથી.

શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી અને,

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સીલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શાં છે ?

(૪) લાગુ પડતુ નથી.

- - - - - - - - -

**અમદાવાદ શહેરમાં પેટ્રોલ-ડિઝલ પંપોની ચકાસણી**

૪૫૫૯૫ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં તોલમાપ તંત્ર દ્વારા કેટલા પેટ્રોલ-ડિઝલ પંપોની ચકાસણી કરવામાં આવી, | (૧) વર્ષ ૨૦૨૦માં કુલ ૬૭૬ અને વર્ષ ૨૦૨૧માં કુલ ૯૫૫ |
| (૨) તે અન્વયે કેટલા પેટ્રોલ-ડીઝલ પંપોમાં ગેરરીતિ પકડાઈ, અને | (૨) વર્ષ ૨૦૨૦માં કુલ ૦૨ એકમોમાં અને વર્ષ ૨૦૨૧માં કુલ ૦૩ એકમોમાં. |
| (૩) તે અન્વયે કસુરવારો સામે શું કાર્યવાહી કરી ? | (૩) વર્ષ ૨૦૨૦માં ૦૨ એકમો સામે ગુજરાત કાનૂની માપ (અમલીકરણ) નિયમો-૨૦૧૧ના નિયમ-૧૪ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરી નિયમ-૨૪ અંતર્ગત રૂપિયા ૪૦૦૦/- (અંકે રૂપિયા ચાર હજાર) ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરેલ તથા વર્ષ ૨૦૨૧માં ૦૩ એકમો પૈકી ૦૧ એકમ સામે ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯ની કલમ-૩૦ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરી તે જ કલમ અંતર્ગત રૂ.૧૫,૦૦૦/-(અંકે રૂપિયા પંદર હજાર) ગુન્હા માંડવાળ ફી પેટે તથા ૦૨ એકમ સામે ગુજરાત કાનૂની માપ (અમલીકરણ) નિયમો-૨૦૧૧ ના નિયમ-૧૪ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરી નિયમ-૨૪ અંતર્ગત રૂ.૮,૦૦૦/- (અંકે રૂપિયા આઠ હજાર) ગુન્હા માંડવાળ ફી પેટે મળી કુલ રૂ.૨૩,૦૦૦/- (અંકે રૂપિયા ત્રેવીસ હજાર) વસૂલ કરેલ છે. |

- - - - - - - - -

**રાજ્યમાં વન્ય પ્રાણીઓની વસ્તી ગણતરી**

૪૫૫૬૮ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓની વસ્તી ગણતરી છેલ્લે ક્યારે કરવામાં આવી, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વર્ષ – ૨૦૧૬ તથા ૨૦૨૦માં જુદા-જુદા વન્યપ્રાણીઓની વસ્તી ગણતરી કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત ગણતરીમાં અગાઉની વસ્તી ગણતરી મુજબ કયા પ્રકારના કેટલા પ્રાણીઓની વધ-ઘટ નોંધાઈ, અને | (૨) ઉક્ત વન્યપ્રાણીઓની ગણતરીમાં અગાઉની વસ્તી ગણતરી મુજબ નોંધાયેલ વધ-ઘટની વિગત નીચે મુજબ છે. |

| વન્યજીવનું નામ | છેલ્લી ગણતરી વર્ષ | અગાઉની ગણતરી મુજબ | |
|---|---|---|---|
| | | વધ | ઘટ |
| સિંહ | ૨૦૨૦ | ૧૫૧ | - |
| દિપડા | ૨૦૧૬ | ૨૩૫ | - |
| રીંછ | ૨૦૧૬ | ૫૦ | - |
| ઘુડખર | ૨૦૨૦ | ૧૬૩૧ | - |
| કાળીયાર | ૨૦૧૫ | ૨૮૪૭ | - |
| રોઝ | ૨૦૨૦ | ૬૪૬૧૪ | - |
| ગીધ | ૨૦૧૬ | - | ૪૪ |

| ઘોરાડ | ૨૦૧૬ | - | ૨૩ |
|---|---|---|---|

(૩) ઉક્ત સ્થિતિએ વન્ય પ્રાણીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો હોય તો વન્ય પ્રાણીના સંવર્ધન માટે સરકારે શી કાર્યવાહી કરી ?

(૩) ઉક્ત સ્થિતિએ વન્યપ્રાણીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો હોય તેવા ગીધ અને ઘોરાડના સંવર્ધન માટે સરકારે કરેલ કાર્યવાહીની વિગત નીચે મુજબ છે.

ગીધ સંર્વધન માટેઃ- ગીધ માટે નુકસાનકારક મનાતી ડાયક્લોફોનિક દવાને પ્રતિબંધિત કરેલ છે. ગીધને ખોરાક મળી રહે તે માટે વલ્ચર કાફેટેરીયા બનાવવામાં આવેલ છે. નાળિયેર પરના માળાનું રક્ષણ કરવામાં આવે છે તથા નેચર એજ્યુકેશન કેમ્પ, ખેડૂત શિબિર દ્વારા લોક જાગૃતિ શિબિર તથા બંધનાવસ્થામાં સંવર્ધન માટે સક્કરબાગ ઝૂ માં બ્રીડિંગ પ્રોગ્રામ હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત ગીધના વર્તણૂંકના વૈજ્ઞાનિક અભ્યાસ માટે જુદી જુદી પાંચ પ્રજાતિના દસ ગીધને સેટેલાઈટ ટ્રાન્સમીટર લગાવવામાં આવેલ છે.

ઘોરાડના સંવર્ધન માટેઃ- ઘોરાડ સંવર્ધન માટે અભયારણ્ય બનાવવામાં આવેલ છે ઉપરાંત વધારાનો વિસ્તાર પણ ઉમેરવામાં આવેલ છે. અભયારણ્યને ઈકો સેન્સેટીવ ઝોન જાહેર કરવામાં આવેલ છે. ઘોરાડના રહેઠાણનો કેટલોક વિસ્તાર ચેન્લીંગ ફેન્સિંગથી રક્ષિત કરવામાં આવેલ છે. ઘોરાડના રક્ષણ માટે ખતરારૂપ કુતરાના ખસીકરણ તથા રસીકરણની કામગીરી અને ગાંડા બાવળ જેવી વનસ્પતિ દૂર કરવામાં આવે છે. નેચર એજ્યુકેશન કેમ્પ, ખેડૂત શિબિર વિગેરે લોક જાગૃતિ અને પવનચકકી પર રીફલેકટર લગાવવાની કામગીરી હાથ ધરાય છે.

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૪૯૭ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૬૩૧ (અગ્રતા-૨૨)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૩૯૧ અને ૧૮૯ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યાં,

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| જામનગર | ૫૦ |
| દેવભૂમિ દ્વારકા | ૧૯ |

-દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આર.ટી.ઈ. મુજબ ૬૪ ઓરડા બનાવવાના રહેતા નથી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| જામનગર | ૩૪૧ |
| દેવભૂમિ દ્વારકા | ૧૦૬ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**દાંતીવાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૫૫૫૨ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૫૦ |

કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

| | |
|---|---|
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૬૦ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૬૫.૬૯ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૩.૫૯ |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં ચેરનું વાવેતર**

૪૪૫૬૦ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૦૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૪૭૦ |

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૫૫.૮૧ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૬૨.૦૩ |

- - - - - - - - -

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૪૮૫ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૧) ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

(૨)

- ગીર સોમનાથ જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૩૬૨ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

- જૂનાગઢ જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૫૨૩ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

| | |
|---|---|
| (૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી, અને | (૩) લાગુ પડતું નથી. |
| (૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સિલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે ? | (૪) લાગુ પડતું નથી. |

- - - - - - - - -

### રાજ્યની આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની આશ્રમશાળાઓ / છાત્રાલયોમાં ભોજનબિલ

૪૫૧૬૨ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અને છાત્રાલયોમાં બાળકદીઠ ભોજનબિલની રકમ કેટલી આપવામાં આવે છે, અને | (૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અને છાત્રાલયોમાં બાળકદીઠ માસિક રૂ.૧૫૦૦/- ભોજનબિલ પેટે આપવામાં આવે છે. |
| (૨) તેમાં વધારો કરવાનું શું આયોજન છે ? | (૨) આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

- - - - - - - - -

### ડાંગ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના

૪૪૫૮૮ **શ્રી પ્રવિણભાઇ ઘોઘારી** (કરંજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ ૨૭૪ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. |

- - - - - - - - -

### ડાંગ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ જંગલ જમીન

૪૪૫૭૩ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ જંગલ જમીન મેળવવા માટે કેટલી વ્યક્તિગત દાવા અરજીઓ મળેલ છે, | (૧) શૂન્ય. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મંજૂર દાવાઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વ્યક્તિગત દાવેદારોને જંગલ જમીનના આદેશપત્ર | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

આપવામાં આવ્યા ?

- - - - - - - - -

**ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યોમાં તૃણાહારી પ્રાણીઓની ગણતરી**

૪૪૫૫૦ **શ્રી ગોવિંદભાઇ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યમાં સિંહોના ખોરાક સમાન તૃણાહારી વન્ય પ્રાણીઓની ગણતરી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લે ક્યારે ગણતરી કરવામાં આવી, અને | (૨) છેલ્લે મે-૨૦૧૯માં ગણતરી કરવામાં આવી હતી. |
| (૩) આ ગણતરીમાં પાછલી ગણતરીની સરખામણીએ કેટલો વધારો નોંધાયો ? | (૩) પાછલી ગણતરીની સરખામણીએ ૪.૨૧%ના વધારા સાથે ૬,૨૯૪ તૃણાહારી વન્ય પ્રાણીઓનો વધારો નોંધાયો છે. |

- - - - - - - - -

**ખેડા અને ડાંગ જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૫૫૯ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે, | (૧) ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી, | (૨)<br>• ખેડા જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૮૫૭ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.<br>• ડાંગ જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૧૬૬ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે. |
| (૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી | (૩) લાગુ પડતું નથી. |

શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી, અને

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સિલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે ?

(૪) લાગુ પડતું નથી.

- - - - - - - - -

**ભાવનગર અને દાહોદ જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૫૭૪ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૬૬૫ (અગ્રતા-૨૭૪)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર અને દાહોદ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૯૬૩ અને ૧૪૭૭ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું, તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યા ?

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| ભાવનગર | ૦ |
| દાહોદ | ૬૬ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| ભાવનગર | ૯૬૩ |
| દાહોદ | ૧૪૧૧ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**ગરબાડા તાલુકામાં માધ્યમિક શાળાઓ**

૪૫૫૪૪ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં કેટલી નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૧)

| નોન-ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા | | |
|---|---|---|
| **માધ્યમિક (ધો.૯,૧૦)** | **માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (સળંગ એકમ) (ધો.૯ થી ૧૨)** | **ઉચ્ચતર માધ્યમિક (ધો.૧૧, ૧૨)** |
| ૦૨ | ૦૩ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત નોન-ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ કરવા માટે કેટલી માંગણીઓ મળી, અને

(૨)

| માધ્યમિક (ધો.૯,૧૦) | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (સળંગ એકમ) (ધો.૯ થી ૧૨) | ઉચ્ચતર માધ્યમિક (ધો.૧૧, ૧૨) |
|---|---|---|
| ૦૦ | ૦૧ | ૦૦ |

(૩) મળેલ માંગણીઓ અન્વયે શું કાર્યવાહી કરી ?

(૩) રાજ્યમાં સ્વનિર્ભર (નોન-ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓને વિદ્યાર્થીદીઠ રૂ.૭૫૦૦/-ની પ્રોત્સાહક આર્થિક સહાયની યોજના વર્ષ ૨૦૧૪-૧૫થી અમલમાં આવેલ છે. આથી સ્વનિર્ભર શાળાઓને ગ્રાન્ટેડ કરવા અંગેની કોઇ નીતિ હાલમાં અમલમાં ન હોઈ, કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જે અંગેની જાણ સંબંધિતોને કરવામાં આવેલ છે.

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યની યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક**

૪૫૫૯૮ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૬-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૮૮૩૬ (અગ્રતા-૨૯૯)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક કરવા યુ.જી.સી.ની તા.૦૬-૦૫-૨૦૧૯ની નવી અધિસૂચના મુજબ સર્ચ કમિટીની રચના તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવી છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો લોકપાલની નિયુક્તિ બનતી ત્વરાએ કરવામાં આવનાર હતી તે હાલ કયા તબક્કે છે, અને | (૨) સર્ચ કમિટી પાસેથી નિયત લાયકાત ધરાવતા યોગ્ય ઉમેદવારોના નામોની ભલામણ મંગાવેલ છે. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૩) બનતી ત્વરાએ. |

---------

**નવસારી અને ડાંગ જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૫૨૮ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૭૨૨ (અગ્રતા-૧૯૪)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી અને ડાંગ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૩૧૦ અને ૯૬ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| નવસારી | ૩૪ |
| ડાંગ | ૪ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| નવસારી | ૨૭૬ |
| ડાંગ | ૯૨ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

---------

**દાહોદ જિલ્લામાં સરકારી સાયન્સ/કોમર્સ/આર્ટસ કોલેજ**

૪૫૫૪૯ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી સાયન્સ, કોમર્સ અને આર્ટસ કોલેજો આવેલ છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકા | વિજ્ઞાન | કોમર્સ | આર્ટસ | કુલ |
|---|---|---|---|---|---|
| દાહોદ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ધાનપુર | ૧ | ૦ | ૧ | ૨ |
| | ગરબાડા | ૦ | ૦ | ૧ | ૧ |
| | લીમખેડા | ૧ | ૦ | ૦ | ૧ |
| | ઝાલોદ | ૧ | ૦ | ૦ | ૧ |
| | દેવગઢ બારિયા | ૦ | ૦ | ૦ | ૦ |
| | ફતેપુરા | ૦ | ૦ | ૦ | ૦ |
| | સંજેલી | ૦ | ૦ | ૦ | ૦ |
| | સિંગવડ | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) જો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર એકપણ

(૨) જે તાલુકામાં એકપણ સરકારી, ગ્રાન્ટેડ કે સ્વનિર્ભર

સરકારી કોલેજ ન હોય તો ક્યાં સુધીમાં તાલુકામાં સાયન્સ, કોમર્સ અને આર્ટસ કોલેજ બનાવવામાં આવશે ?

કોલેજ ન હોય ત્યાં સ્થાનિક જરૂરિયાત અને ભૌગોલિક સ્થિતિને ધ્યાને લઈને તબક્કાવાર નવી સરકારી કોલેજ શરૂ કરવા વિચારણા કરવામાં આવે છે.

- - - - - - - - -

**પાલનપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૪૫૬૫ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટર)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૯૫ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૯૦ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૩.૨૫ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૫.૯૮ |

- - - - - - - - -

**વન પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગથી કર્મચારીઓની ભરતી**

૪૫૫૦૩ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વન પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/ આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને

(૪) કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) હા.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કોન્ટ્રાક્ટથી-૦૬ અને આઉટસોર્સિંગથી-૫૫ કર્મચારીઓ ફરજ બજાવે છે.

(૩) વર્ષ ૨૦૨૦માં કોન્ટ્રાક્ટથી-૦૯ અને આઉટસોર્સિંગથી-૫૮ કર્મચારીઓ ફરજ બજાવેલ છે અને વર્ષ-૨૦૨૧માં કોન્ટ્રાક્ટથી-૦૬ અને આઉટસોર્સિંગથી-૫૫ કર્મચારીઓ ફરજ બજાવેલ છે.

(૪) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ હેઠળ કુલ-૧૩૨ જગ્યાઓનું મહેકમ મંજૂર થયેલ છે. તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કુલ-૫૦ જગ્યાઓ ભરાયેલ છે અને જુદા જુદા સંવર્ગની કુલ ૮૨ જગ્યાઓ વહીવટી કારણોસર ખાલી છે. નિગમની ગૌણ વન પેદાશોનું એકત્રીકરણ અને વેચાણની કામગીરી પર વિપરીત અસર ન થાય તે માટે કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી સેવાઓ લેવામાં આવે છે.

- - - - - - - - -

**ગણદેવી તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના**

૪૪૫૫૫ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર કરેલ** |
|---|---|

હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

| | રોપા (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૬૦,૦૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૫૯,૨૦૦ |

(૨) તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેમાં મુખ્યત્વે લીમડા, પેલ્ટોફોર્મ, ગુલમહોર, નીલગીરી, જાંબુ, દેશી બાવળ, બંગાળી બાવળ, આસોપાલવ, સેવન જેવા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૫.૨૮ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૩.૫૧ |

**દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના**

૪૪૫૩૭ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' હેઠળ કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) ક્યા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' હેઠળના લાભાર્થીઓને ૬૫૧૪૨.૦૮૭ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

(૨) ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' હેઠળના લાભાર્થીઓને દાહોદ જિલ્લામાં ફેબ્રુઆરી-૨૦૨૧ થી જાન્યુઆરી-૨૦૨૨ દરમ્યાન નીચે મુજબ દર્શાવેલ પ્રમાણ-ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

| યોજના | અનાજનો પ્રકાર | વ્યક્તિદીઠ જથ્થો (કિ.ગ્રા.) | ભાવ (રૂ.-પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) તથા અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | ૩.૫ | વિનામૂલ્યે |
| | ચોખા | ૧.૫ | |
| | **કુલ** | ૫ | |

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી**

૪૫૪૭૯ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| ગીર સોમનાથ | ૫૪૭ | ૦૦ | ૨૮૦ |
| જૂનાગઢ | ૭૨૩ | ૦૫ | ૪૪૧ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| ગીર સોમનાથ | ૦૦ | ૦૦ | ૧૦ |
| જૂનાગઢ | ૦૦ | ૦૦ | ૦૪ |

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૫૦૦ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી, અને

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સીલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સીલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨)

- જામનગર જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૪૫૬ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૨૧૮ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) લાગુ પડતું નથી.

(૪) લાગુ પડતું નથી.

- - - - - - - - -

**આણંદ અને અમરેલી જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૫૬૫ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વૉલીટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી

**જવાબ**

(૧) ગુજરાત સ્કૂલ ક્વૉલીટી એક્રેડિટેશન કાઉન્સીલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને

શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

(૨)

- આણંદ જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૭૦૦ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- અમરેલી જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૪૯૨ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી, અને

(૩) લાગુ પડતું નથી.

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સીલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે ?

(૪) લાગુ પડતું નથી.

- - - - - - - - -

**સરકારી યુનિવર્સિટીમાં મહિલાઓને હેરાનગતિ**

૪૫૪૪૮ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ-કઈ સરકારી યુનિવર્સિટીઓમાં મહિલા કર્મચારીઓ દ્વારા માનસિક કે અન્ય હેરાનગતિ અન્વયે કુલપતિ, કુલસચિવ કે સરકારને કેટલી ફરિયાદ મળી,અને

(૧) પત્રક-૧ મુજબ.

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદ અન્વયે કઈ યુનિવર્સિટીના કેટલા જવાબદારો સામે શું કાર્યવાહી કરી ?

(૨) મળેલ ફરિયાદ પરત્વે તપાસની કાર્યવાહી હાલ ચાલુ છે.

**પત્રક-૧**

| ક્રમ | યુનિવર્સિટીનું નામ | છેલ્લા બે વર્ષમાં મળેલ ફરિયાદ | | કુલપતિશ્રીને મળેલ ફરિયાદ | કુલસચિવશ્રીને મળેલ ફરિયાદ | સરકારને મળેલ ફરિયાદ | કુલ (૫+૬+૭) |
|---|---|---|---|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | | | | |

અતારાંકિત પ્રશ્નો

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૨ | ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ | ૧ | ૨ | ૨ | ૦ | ૧ | ૩ |
| ૩ | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સેક્ટર-૨૦, ગાંધીનગર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ |
| | કુલ | ૨ | ૩ | ૨ | ૦ | ૩ | ૫ |

- - - - - - - - -

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

*૫૫૨૧ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઈ તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી, આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી. |
| (૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધા ? | (૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે. |

- - - - - - - - -

**મસવાડી પહોંચને માન્ય રાખીને આદિજાતિના દાખલા આપવા બાબત**

*૫૫૪૭ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં તા.૨૧-૦૧-૨૦૧૦ના ઠરાવના આધારે મસવાડી પહોંચોને માન્ય રાખી આદિજાતિના દાખલા આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ઉક્ત પહોંચોને આધારે આપવામાં આવેલ કેટલા દાખલાની ચકાસણી કરવામાં આવી, | (૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત ચકાસણીમાં કેટલા દાખલા માન્ય થયા અને કેટલા દાખલા ખોટા કે બોગસ બનાવટી આધારોથી મેળવ્યાનું સામે આવ્યું, અને | |
| (૪) આવા ખોટા દાખલા મેળવનાર સામે શા પગલાં લેવામાં આવ્યા ? | |

- - - - - - - - -

**લખપત તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

*૫૫૫૯ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૦૭૫ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૯૭૫ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૭૮.૨૭ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૭૮.૯૭ |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં આંગણવાડીઓની ઘટ**

૪૫૪૭૦ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના મુળી, થાનગઢ અને ચોટીલા તાલુકામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓની ઘટ છે, અને

(૨) ઉક્ત ઘટ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના મુળી, થાનગઢ અને ચોટીલા તાલુકામાં તાલુકાવાર આંગણવાડીઓની ઘટ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**તાપી અને નવસારી જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી**

૪૫૫૨૬ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| તાપી | ૭૯૭ | ૦૨ | ૬૨ |
| નવસારી | ૬૬૦ | ૦૬ | ૧૯૦ |

(૨)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| તાપી | ૦૦ | ૦૦ | ૦૫ |
| નવસારી | ૦૦ | ૦૦ | ૦૬ |

---------

**મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં જર્જરિત ઓરડાઓ**

૪૫૪૫૪ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓના કેટલા ઓરડાઓ જર્જરિત હાલતમાં છે,

**જવાબ**

(૧)

| તાલુકો | જર્જરિત ઓરડાની સંખ્યા |
|---|---|
| બેચરાજી | ૫૯ |
| જોટાણા | ૪૮ |
| કડી | ૮૫ |
| ખેરાલુ | ૧૦૨ |
| મહેસાણા | ૯૦ |
| સતલાસણા | ૯૯ |

| | |
|---|---|
| ઉંઝા | ૪૫ |
| વડનગર | ૮૪ |
| વિજાપુર | ૮૦ |
| વિસનગર | ૧૨૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ઓરડા નવા બનાવવામાં આવ્યા, અને

(૨)

| **તાલુકો** | **નવા બનાવેલ ઓરડાની સંખ્યા** |
|---|---|
| બેચરાજી | ૨૧ |
| જોટાણા | ૫ |
| કડી | ૨૬ |
| ખેરાલુ | ૦ |
| મહેસાણા | ૧૧ |
| સતલાસણા | ૦ |
| ઉંઝા | ૧૬ |
| વડનગર | ૦ |
| વિજાપુર | ૦ |
| વિસનગર | ૦ |

(૩) ઉક્ત પૈકી બાકી રહેલા જર્જરિત ઓરડાઓ ક્યાં સુધીમાં નવા બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં અનાજ ગોડાઉનમાં અનાજ કૌભાંડની તપાસ**

૪૫૪૩૯ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં અનાજ ગોડાઉન મેનેજર, ડીએસડી કોન્ટ્રાક્ટર તથા પેટા કોન્ટ્રાક્ટ સામે અનાજ કૌભાંડ બાબતે તપાસ કાર્યવાહી ક્યા તબક્કે છે,

**જવાબ**

(૧) ● તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં અનાજ કૌભાંડ બાબતે જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, બનાસકાંઠા દ્વારા ડોર સ્ટેપ ડિલિવરી ઈજારદાર, ગોડાઉન મેનેજર તથા સી.એ. ટીમના પ્રતિનિધિ સામે પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

 નિગમ દ્વારા તા.૩૦-૦૬-૨૦૨૧ના હુકમથી ગોડાઉન મેનેજરને નિગમની સેવામાંથી બરતરફ કરવા તેમજ નિવૃત્તિના તમામ લાભો જપ્ત કરવા તેમજ મિલકત ટાંચમાં લઈ રેવન્યૂ રાહે વસૂલાત કરવાનો હુકમ કરવામાં આવેલ છે. તેમજ
તા.૧૦-૧૨-૨૦૨૧થી ગોડાઉન મેનેજર વિરુદ્ધ પ્રોસિક્યુશન માટે મંજૂરી આપવામાં આવેલ છે.

 સી.એ. ટીમના હાલ બીલોના ચૂકવણા સ્થગિત કરવામાં આવેલ છે તથા સદરહુ કેસનો ચૂકાદો ન આવે ત્યાં સુધી નિગમના તમામ કામોમાંથી મુક્ત કરવામાં આવેલ છે.

 સદરહુ પ્રકરણની પોલીસ તપાસમાં ડીએસડી ઈજારદારની કોઇ સંડોવણી ન જણાઇ આવતા તપાસણી પોલીસ અધિકારી દ્વારા ગોડાઉન મેનેજર તથા સી.એ. ટીમના પ્રતિનિધિ સામે તા.૧૬-૧૨-૨૦૨૧ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

 સદરહુ ચાર્જશીટ અન્વયે હાલમાં નામદાર ડિસ્ટ્રીક્ટ સેસન્સ કોર્ટમાં આરોપી ગોડાઉન મેનેજર તથા સી.એ. ટીમના પ્રતિનિધિ વિરૂદ્ધ કેસ ચાલુમાં છે.

(૨) ઉક્ત કૌભાંડ બાબતે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવેલ છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો ના, તો તેના કારણો શું છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ખેડા અને આણંદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૪૫૪૦૨ **શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર સામાજિક વનીકરણ યોજના હેઠળ કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) **ખેડા જિલ્લો**

| **અ.નં.** | **તાલુકો** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)** | |
|---|---|---|---|
| | | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ)** |
| ૧ | નડિયાદ | ૩૫.૦૫ | ૩૧.૭૫ |
| ૨ | વસો | ૨.૦૪ | ૨.૮૭ |
| ૩ | માતર | ૨૬.૯૭ | ૨૧.૬૦ |
| ૪ | ખેડા | ૩૪.૫૪ | ૨૫.૯૯ |
| ૫ | મહેમદાવાદ | ૬૧.૬૨ | ૪૫.૨૬ |
| ૬ | મહુધા | ૫૫.૯૨ | ૩૬.૯૫ |
| ૭ | કઠલાલ | ૬૨.૨૬ | ૫૨.૦૬ |
| ૮ | કપડવંજ | ૬૭.૯૭ | ૪૧.૧૦ |
| ૯ | ઠાસરા | ૫૦.૮૩ | ૪૭.૨૯ |
| ૧૦ | ગળતેશ્વર | ૩૭.૩૯ | ૫.૭૮ |

**આણંદ જિલ્લો**

| **અ.નં.** | **તાલુકો** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)** | |
|---|---|---|---|
| | | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ)** |
| ૧ | આણંદ | ૯૭.૪૫ | ૧૭૪.૫૨ |
| ૨ | આંકલાવ | ૬૦.૯૪ | ૫૭.૭૩ |
| ૩ | બોરસદ | ૬૦.૨૯ | ૭૮.30 |
| ૪ | ખંભાત | ૬૭.૪૮ | ૬૯.૨૦ |
| ૫ | પેટલાદ | ૯૯.૫૭ | ૯૯.૭૯ |
| ૬ | સોજીત્રા | ૫૫.૨૬ | ૩૮.૨૯ |
| ૭ | તારાપુર | ૫૯.૯૨ | ૭૪.૩૮ |

(૨) તાલુકાવાર કેટલા વૃક્ષો રોપવામાં આવ્યા?

(૨) **ખેડા જિલ્લો**

| **અ.નં.** | **તાલુકો** | **વૃક્ષો (સંખ્યામાં)** | |
|---|---|---|---|
| | | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ)** |
| ૧ | નડિયાદ | ૯૪૩૯૦ | ૧૦૦૩૧૧ |
| ૨ | વસો | ૨૧૧૧૦ | ૨૨૨૦૦ |
| ૩ | માતર | ૬૭૫૦૦ | ૭૨૫૦૦ |
| ૪ | ખેડા | ૬૫૧૦૦ | ૭૧૭૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૫ | મહેમદાવાદ | ૧૪૨૧૦૦ | ૧૩૪૭૩૩ |
| ૬ | મહુધા | ૧૧૭૦૦૦ | ૧૦૭૩૨૨ |
| ૭ | કઠલાલ | ૯૬૨૦૦ | ૧૩૮૭૧૧ |
| ૮ | કપડવંજ | ૧૨૯૭૦૦ | ૧૩૧૫૩૩ |
| ૯ | ઠાસરા | ૧૩૧૨૦૦ | ૧૨૫૬૦૦ |
| ૧૦ | ગળતેશ્વર | ૪૯૫૦૦ | ૩૪૬૦૦ |

**આણંદ જિલ્લો**

| અ.નં. | તાલુકો | વૃક્ષો (સંખ્યામાં) | |
|---|---|---|---|
| | | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) |
| ૧ | આણંદ | ૧૧૭૮૦૦ | ૧૪૫૦૬૨ |
| ૨ | આંકલાવ | ૯૧૭૦૦ | ૭૯૭૯૨ |
| ૩ | બોરસદ | ૯૩૪૦૦ | ૮૮૪૧૧ |
| ૪ | ખંભાત | ૯૯૩૦૦ | ૭૯૯૦૦ |
| ૫ | પેટલાદ | ૧૧૧૧૦૦ | ૮૧૫૦૦ |
| ૬ | સોજીત્રા | ૬૯૦૦૦ | ૫૬૯૧૧ |
| ૭ | તારાપુર | ૮૧૭૦૦ | ૭૫૭૩૫ |
| ૮ | ઉમરેઠ | ૧૦૩૧૦૦ | ૯૨૧૧૮ |

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ**

૪૫૫૭૮ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલી કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ૦૩ (ત્રણ) કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં કેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે ? | (૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં ૯૮૫ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. |

- - - - - - - - -

**અમરેલી અને વડોદરા જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૫૮૦ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૬૬૨ (અગ્રતા-૨૨૩)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી અને વડોદરા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૩૬૨ અને ૫૮૧ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યાં,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| અમરેલી | ૫૫ |
| વડોદરા | ૮૧ |

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| અમરેલી | ૩૦૭ |
| વડોદરા | ૫૦૦ |

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના**

૪૫૫૩૮ **શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર | (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર |

જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' હેઠળ કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના '' અંતર્ગત ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' હેઠળના લાભાર્થીઓને ૩૨૩૬૯.૩૯૧ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

(૨) ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' હેઠળના લાભાર્થીઓને મહીસાગર જિલ્લામાં ફેબ્રુઆરી-૨૦૨૧ થી જાન્યુઆરી-૨૦૨૨ દરમ્યાન નીચે મુજબ દર્શાવેલ પ્રમાણ-ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

| યોજના | અનાજનો પ્રકાર | વ્યક્તિદીઠ જથ્થો (કિ.ગ્રા) | ભાવ (રૂ-પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | ૩.૫ | વિનામુલ્યે |
| તથા અગ્રતા ધરાવતા | ચોખા | ૧.૫ | |

- - - - - - - - -

## ગીર અભયારણ્ય / નેશનલ પાર્કમાં પ્રાણીઓના શિકાર

૪૫૯૩૬ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર અભયારણ્ય/નેશનલ પાર્કમાં ક્યા ક્યા પ્રાણીઓના શિકારના કેટલાં કિસ્સાઓ નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા શિકારીઓ પકડાયા અને તેમાં કેટલા બાકી છે,

(૩) ઉક્ત આરોપીઓ સામે શા કાનૂની પગલાંઓ ભરવામાં આવ્યા, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત બનાવો અટકાવવા સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨ સિંહોના વીજ કરંટથી મૃત્યુના કિસ્સામાં શિકારના ગુના નોંધાયેલા છે.

(૨) અને (૩) ગુનો બિનવારસી નોંધાયેલ છે. શિકારીઓ પકડાયા નથી.

(૪)

- સિંહ તથા અન્ય વન્ય પ્રાણીની હત્યા અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઈટ પેટ્રોલીંગ કરવામાં આવે છે તથા સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી વિગેરે ફાળવવામાં આવેલ છે. વન્ય પ્રાણીના રેસ્ક્યુ માટે રેપીડ એક્શન ટીમ તથા રેસ્ક્યુ ટીમની રચના કરવામાં આવેલ છે. વન વિભાગ અને પી.જી.વી.સી.એલ. વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલીંગ પણ કરવામાં આવે છે.
- સિંહોને રેડિયો કોલરીંગ કરવામાં આવેલ છે.
- ચેકીંગનાકા પર સી.સી.ટી.વી. કેમેરા મુકવામાં આવેલ છે તથા સાસણ ખાતે હાઈટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે.

- - - - - - - - -

## બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી

૪૫૪૩૧ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૨૩૫૫ | ૧૭ | ૩૬૭ |
| પંચમહાલ | ૧૩૮૯ | ૨૨ | ૧૪૨ |

(૨)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|

નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

| | | | |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૦૫ | ૦૦ | ४४ |
| પંચમહાલ | ૦૦ | ૦૦ | ૧૩ |

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૪૫૪૨ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૪૫૦૫ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૪૫૦૫ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૨૨૨૫૬ છે.

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી**

૪૪૫૭૦ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમય મર્યાદામાં ખરાઈ ન કરાવવા બાબતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કસૂરવારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૪૩૭

(૨) કસૂરવારો સામે ગુજરાત કાનૂનીમાપ વિજ્ઞાન (અમલીકરણ) નિયમો-૨૦૧૧ના નિયમ-૨૪ અંતર્ગત રૂપિયા ૬૪,૯૦૦/- (અંકે રૂપિયા ચોસઠ હજાર નવસો) ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરેલ છે.

- - - - - - - - -

**કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી**

૪૫૪૨૪ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| કચ્છ | ૧૬૮૨ | ૧૬ | ૪૧૫ |
| બનાસકાંઠા | ૨૩૫૫ | ૧૭ | ૩૬૭ |

(૨)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| કચ્છ | ૦૦ | ૦૦ | ૧૮ |
| બનાસકાંઠા | ૦૫ | ૦૦ | ४४ |

- - - - - - - - -

**રાપર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૪૫૫૮ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૭૩ |

| | |
|---|---|
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૬૬૭.૭૨ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૨.૦૩ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૨૬.૪૬ |

---------

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૫૫૩ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી, અને

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઇ મુજબ કાઉન્સિલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨)

- મહીસાગર જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૮૧૩ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- પંચમહાલ જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૧૦૦૫ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) લાગુ પડતું નથી.

(૪) લાગુ પડતું નથી.

---------

તા. ૨૯મી માર્ચ ૨૦૩૧

અતારાંકિત પ્રશ્નો

**ઉમરગામ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૪૪૫૫૪ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) |

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૭૫ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૫૩ |

| | |
|---|---|
| (૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) |

| વર્ષ | ખર્ચ (રૂ લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૧૦.૬૫ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૫૧.૭૧ |

---------

**વિજયનગર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૪૫૬૨ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) |

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૭૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૪૩૫ |

| | |
|---|---|
| (૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) |

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૧૮.૯૫ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૭૧.૫૨ |

---------

**અમદાવાદ અને મોરબી જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૫૧૫ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૬૦૮ (અગ્રતા-૯૨)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ અને મોરબી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૪૪૯ અને ૧૬૩ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યાં ? | (૧) |

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૪૪ |
| મોરબી | ૧૫ |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને | (૨) |

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૪૦૫ |
| મોરબી | ૧૪૮ |

| | |
|---|---|
| (૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી. |

---------

અતારાંકિત પ્રશ્નો

**બોરસદ તાલુકામાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે પ્રવેશ**

૪૫૫૭૧ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે કેટલા બાળકોને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત એક્ટનો અમલ ન કરનાર કઈ શાળા સામે ઉક્ત વર્ષવાર શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **આણંદ** | |
|---|---|---|
| **તાલુકો** | **બોરસદ** | |
| **શૈક્ષણિક વર્ષ** | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** |
| રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | ૨૩૮ | ૨૩૦ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**દાહોદ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના**

૪૪૫૮૭ **શ્રી કેતનભાઈ ઇનામદાર** (સાવલી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષમાં ઉક્ત જિલ્લાના ખેડૂતોને કિટમાં કયા પ્રકારના લાભો આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૫,૦૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષમાં ઉક્ત જિલ્લાના ખેડૂતોને કિટમાં મકાઇનું બિયારણ તથા યુરીયા અને પ્રોમ ખાતરના લાભો આપવામાં આવ્યા.

---------

**પર્યાવરણ પ્રભાગ માટે બજેટમાં ફાળવાયેલ રકમ**

૪૫૫૦૯ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પર્યાવરણ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે,

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ?

**જવાબ**

(૧) (રૂ.લાખમાં)

| **વર્ષ** | **બજેટ જોગવાઇ** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૩૬૯૫.૬૬ |
| ૨૦૨૦-૨૧ | ૩૧૪૭.૫૧ |

(૨) (રૂ.લાખમાં)

| **વર્ષ** | **તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ફાળવેલ રકમ** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૪૧૩૨.૨૫ |
| ૨૦૨૦-૨૧ | ૨૮૮૫.૮૧ |

(૩) (રૂ.લાખમાં)

| **વર્ષ** | **વપરાયેલ રકમ** | **વણવપરાયેલ રકમ** | **બચતના કારણ** |
|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨૭૬૬.૦૦ | ૧૩૬૬.૨૫ | વહિવટી કારણોસર બચત રહેવા પામેલ છે. |
| ૨૦૨૦-૨૧ | ૨૮૮૫.૮૧ | ૦.૦૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી**

૪૫૪૪૫ **શ્રી રઘુભાઈ દેસાઇ** (રાધનપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **સરકારી** | **ગ્રાન્ટેડ** | **નોન-ગ્રાન્ટેડ** |
|---|---|---|---|
| પાટણ | ૭૯૨ | ૧૫ | ૧૦૮ |

| | | | |
|---|---|---|---|
| મહેસાણા | ૯૮૬ | ૪૫ | ૨૫૬ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| પાટણ | ૦૧ | ૦૦ | ૦૫ |
| મહેસાણા | ૦૦ | ૦૦ | ૧૯ |

- - - - - - - - -

**પોશીના તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૪૫૬૧ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૩૩ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૮૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૨૧.૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૫૦.૯૭ |

- - - - - - - - -

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૫૪૧ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વોલીટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઇ છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

**જવાબ**

(૧) ગુજરાત સ્કૂલ ક્વોલીટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨) **વડોદરા** જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૭૩૭ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

**છોટાઉદેપુર** જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૧૦૨૨ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ

શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા ક્યા કારણોસર કરવામાં ન આવી અને

(૩) લાગુ પડતું નથી.

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઇ મુજબ કાઉન્સિલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે?

(૪) લાગુ પડતું નથી.

- - - - - - - - -

**ખેડા અને આણંદ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજના**

૪૫૧૭૮ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧૦-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજનાની કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| ખેડા જિલ્લો | | આણંદ જિલ્લો | |
|---|---|---|---|
| **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
| નડીઆદ (શહેર) | ૧૭૨૬ | આણંદ (ગ્રામ્ય) | ૬૮૧૬ |
| નડીઆદ (ગ્રામ્ય) | ૩૫૬૯ | આણંદ (શહેર) | ૨૦૫૬ |
| મહુધા | ૧૩૯૧ | બોરસદ | ૭૬૬૬ |
| કઠલાલ | ૩૭૧૮ | આંકલાવ | ૧૪૯૦ |
| કપડવંજ | ૩૫૬૩ | ખંભાત | ૪૦૧૪ |
| ઠાસરા | ૪૧૯૧ | સોજીત્રા | ૧૨૯૪ |
| ગળતેશ્વર | ૧૪૨૮ | તારાપુર | ૫૬૧ |
| વસો | ૩૭૨૨ | ઉમરેઠ | ૨૯૩૧ |
| માતર | ૨૨૮૯ | પેટલાદ | ૫૧૦૯ |
| ખેડા | ૨૭૮૪ | | |
| મહેમદાવાદ | ૨૧૧૭ | | |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઇ,

(૨)

| ખેડા જિલ્લો | | | આણંદ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| **તાલુકાનું નામ** | **મંજૂર** | **નામંજૂર** | **તાલુકાનું નામ** | **મંજૂર** | **નામંજૂર** |
| નડીઆદ (શહેર) | ૧૭૨૦ | ૬ | આણંદ (ગ્રામ્ય) | ૬૮૧૬ | ૦ |
| નડીઆદ (ગ્રામ્ય) | ૩૫૬૯ | ૦ | આણંદ (શહેર) | ૨૦૫૬ | ૦ |
| મહુધા | ૧૩૯૧ | ૦ | બોરસદ | ૭૬૬૬ | ૦ |
| કઠલાલ | ૩૭૧૮ | ૦ | આંકલાવ | ૧૪૯૦ | ૦ |
| કપડવંજ | ૩૫૬૨ | ૦૧ | ખંભાત | ૪૦૧૪ | ૦ |
| ઠાસરા | ૪૧૮૪ | ૦૭ | સોજીત્રા | ૧૨૯૪ | ૦ |
| ગળતેશ્વર | ૧૪૨૮ | ૦ | તારાપુર | ૫૬૧ | ૦ |
| વસો | ૩૭૨૨ | ૦ | ઉમરેઠ | ૨૯૩૧ | ૦ |
| માતર | ૨૨૮૯ | ૦ | પેટલાદ | ૫૧૦૯ | ૦ |
| ખેડા | ૨૭૭૩ | ૧૧ | | | |
| મહેમદાવાદ | ૨૧૦૭ | ૧૦ | | | |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે, અને

(૩)

- આવક મર્યાદા વધુ હોવાથી બે પત્ની હોવાથી પુરાવામાં વિસંગતતા હોવાથી, અરજદારશ્રી અન્ય સહાય મેળવતા હોવાથી, જેવા કારણોસર.

(૪) તેમાં કેટલુ નાણાકીય ચૂકવણુ કરવામાં આવ્યું અને કેટલુ બાકી છે?

(૪)

- લાભાર્થી દિઠ માસિક રૂ.૧૨૫૦/- સહાય ચૂકવવામાં

આવે છે. મામલતદાર કચેરી, કઠલાલમાં કુલ-૨૭ લાભાર્થીઓને તેમજ મામલતદાર કચેરી ખેડામાં કુલ-૬૧૧ લાભાર્થીઓને સપ્ટેમ્બર-૨૦૨૧થી સહાય ચૂકવવાની બાકી છે.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં વ્યાયામ શિક્ષકોની જગ્યા**

૪૫૪૩૪ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળામાં કેટલા વ્યાયામ શિક્ષકોની જગ્યા ભરાયેલ અને કેટલી ખાલી છે, અને

(૨) ક્યાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે?

**જવાબ**

(૧) પ્રાથમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકો માટે અંશકાલિન શિક્ષકની જોગવાઇ હોવાથી નિયમિત મહેકમ મંજૂર કરવામાં આવતું નથી. જેથી વ્યાયામ શિક્ષકોની ભરાયેલ અને ખાલી જગ્યાઓનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) લાગુ પડતું નથી.

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૪૭૩ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વૉલીટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઇ છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા ક્યા કારણોસર કરવામાં ન આવી અને

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઇ મુજબ કાઉન્સિલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) ગુજરાત સ્કૂલ ક્વૉલીટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨) **સુરેન્દ્રનગર** જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૫૭૩ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

**મોરબી** જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૩૫૭ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) લાગુ પડતુ નથી.

(૪) લાગુ પડતુ નથી.

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**પ્રાંતિજ તાલુકામાં સામુહિક વનનિર્માણ યોજના**

૪૪૫૬૪ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં સામુહિક વનનિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૯ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૪૨ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૦.૦૭ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૭.૦૯ |

**કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગીર વન વિસ્તાર માટે ફાળવેલ રકમ**

૪૫૪૨૮ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગીર વન વિસ્તાર માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ફાળવવામાં આવેલ રકમ પૈકી કયા કામો માટે કેટલી રકમ વાપરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ વણવપરાયેલી રહી અને તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગીર વન વિસ્તાર માટે નીચે પ્રમાણે રકમ ફાળવવામાં આવી. (રૂ.લાખમાં)

| **વર્ષ** | **કેન્દ્ર સરકાર** | **રાજ્ય સરકાર** |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૭૪૪.૪૮ | ૪૩૫૩.૩૬ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ અંતિત) | ૦.૦૦ | ૩૨૫૦.૧૧ |

(૨) ઉક્ત સ્થિતિએ ફાળવવામાં આવેલ રકમ પૈકી રૂ.૭૯૮૨.૫૦ લાખ રકમ વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધનના કામો માટે વાપરવામાં આવી.

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૩૬૫.૪૫ લાખ રકમ વણવપરાયેલ હતી. વણવપરાયેલ રકમ ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં વાપરવાનું આયોજન છે.

- - - - - - - - -

**છાપકામ અને લેખનસામગ્રી પ્રભાગ માટે ફાળવેલ રકમ**

૪૫૪૪૨ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય છાપકામ અને લેખનસામગ્રી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છાપકામ અને લેખનસામગ્રી પ્રભાગ માટે નાણાકીય વર્ગ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **જોગવાઈ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૭૯૦૨.૨૪ |
| ૨૦૨૦-૨૧ | ૭૪૦૮.૩૦ |

(૨)

| **વર્ષ** | **ફાળવેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૭૮૯૯.૫૪ |
| ૨૦૨૦-૨૧ | ૬૩૩૨.૩૨ |

(૩)

| **વર્ષ** | **વપરાયેલ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૭૪૨૫.૫૮ |

| | |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૬૨૨૬.૩૯ |

| વર્ષ | વણવપરાયેલ રકમ (રૂ.લાખમાં) | કારણો |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૪૭૩.૯૬ | કચેરી તથા પ્રેસો ખાતેનાં કર્મચારીઓનાં Revision Of Pay, તફાવત અને ઉચ્ચતર પગાર ધોરણ માન્ય ન થવાથી તફાવતનો ખર્ચ તેમજ પેપર આઈટમ અને સ્ટેશનરી આઈટમનો ખર્ચ ઓછો થવા પામેલ છે.<br>સરકારી મુદ્રણાલયો માટેની મશીન ખરીદીનાં અંતે ખરેખર કીંમત ઓછી ન મળવાથી જોગવાઈ સામે સમયમર્યાદામાં જોગવાઈનો પૂરેપૂરો ખર્ચ થઈ શકેલ નથી. |
| ૨૦૨૦-૨૧ | ૧૦૫.૯૩ | કચેરી તથા પ્રેસો ખાતેનાં કર્મચારીઓનાં Revision Of Pay, તફાવત અને ઉચ્ચતર પગાર ધોરણ માન્ય ન થવાથી તફાવતનો ખર્ચ તેમજ પેપર આઈટમ અને સ્ટેશનરી આઈટમનો ખર્ચ ઓછો થવા પામેલ છે.<br>નાણા વિભાગ દ્વારા સુધારેલ બજેટ જોગવાઈમાં કાપ મૂકવામાં આવેલ. |

- - - - - - - - -

**રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૪૫૫૧૨ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી ઈજનેરી કોલેજ આવેલી છે,

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૬

(૨) પત્રક મુજબ.

(૩) જગ્યાઓનું ભરાવું અને ખાલી થવું એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. રાજીનામું, વયનિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ, અન્ય નોકરીમાં જવું, બઢતી મળવી, અવસાન થવું તથા ભરતી અંગેની આનુષાંગિક વહીવટી કાર્યવાહી ચાલુ હોવી વગેરે કારણોસર.

(૪) બનતી ત્વરાએ.

**પત્રક**

| ક્રમ | સંસ્થાનું નામ | વર્ગ-૧ | | | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | સરકારી ઈજનેરી કોલેજ,ભરૂચ | ૩૮ | ૮ | ૩૦ | ૯૨ | ૮૩ | ૯ | ૧૧ | ૬ | ૫ | ૪ | ૦ | ૪ |
| ૨ | સરકારી ઈજનેરી કોલેજ,ભાવનગર | ૨૨ | ૭ | ૧૫ | ૭૯ | ૭૬ | ૩ | ૧૩ | ૩ | ૧૦ | ૭ | ૩ | ૪ |
| ૩ | સરકારી ઈજનેરી કોલેજ,ભુજ | ૨૩ | ૮ | ૧૫ | ૭૨ | ૫૬ | ૧૬ | ૧૦ | ૫ | ૫ | ૬ | ૪ | ૨ |
| ૪ | સરકારી ઈજનેરી કોલેજ,દાહોદ | ૧૯ | ૧૧ | ૮ | ૫૬ | ૫૬ | ૦ | ૨૧ | ૬ | ૧૫ | ૫ | ૨ | ૩ |
| ૫ | સરકારી ઈજનેરી | ૩૫ | ૧૧ | ૨૪ | ૧૧૩ | ૧૦૧ | ૧૨ | ૨૧ | ૧૧ | ૧૦ | ૨ | ૧ | ૧ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કોલેજ,ગાંધીનગર | | | | | | | | | | | | |
| ૬ | સરકારી ઇજનેરી કોલેજ,ગોધરા | ૮ | ૨ | ૬ | ૨૮ | ૪૫ | -૧૭ | ૧૫ | ૯ | ૬ | ૨ | ૨ | ૦ |
| ૭ | સરકારી ઇજનેરી કોલેજ,મોડાસા | ૩૭ | ૧૬ | ૨૧ | ૧૨૭ | ૯૪ | ૩૩ | ૩૨ | ૧૪ | ૧૮ | ૧૩ | ૫ | ૮ |
| ૮ | સરકારી ઇજનેરી કોલેજ,પાલનપુર | ૧૦ | ૩ | ૭ | ૩૭ | ૩૪ | ૩ | ૧૨ | ૯ | ૩ | ૬ | ૨ | ૪ |
| ૯ | સરકારી ઇજનેરી કોલેજ,પાટણ | ૨૭ | ૭ | ૨૦ | ૮૩ | ૬૧ | ૨૨ | ૯ | ૯ | ૦ | ૫ | ૨ | ૩ |
| ૧૦ | સરકારી ઇજનેરી કોલેજ,રાજકોટ | ૩૬ | ૧૩ | ૨૩ | ૧૧૧ | ૯૧ | ૨૦ | ૧૮ | ૯ | ૯ | ૧૦ | ૩ | ૭ |
| ૧૧ | સરકારી ઇજનેરી કોલેજ,સુરત | ૨૧ | ૯ | ૧૨ | ૫૦ | ૪૭ | ૩ | ૧૨ | ૭ | ૫ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | સરકારી ઇજનેરી કોલેજ,વલસાડ | ૨૮ | ૪ | ૨૪ | ૭૫ | ૬૭ | ૮ | ૧૭ | ૬ | ૧૧ | ૫ | ૧ | ૪ |
| ૧૩ | એલ.ડી. ઇજનેરી કોલેજ,અમદાવાદ | ૯૮ | ૬૦ | ૩૮ | ૨૨૦ | ૨૦૭ | ૧૩ | ૧૨૭ | ૪૦ | ૮૭ | ૯૬ | ૧૯ | ૭૭ |
| ૧૪ | એલ.ઈ. કોલેજ, મોરબી | ૪૩ | ૧૯ | ૨૪ | ૯૪ | ૭૪ | ૨૦ | ૯૮ | ૨૩ | ૭૫ | ૮૧ | ૨૯ | ૫૨ |
| ૧૫ | શાંતિલાલ શાહ ઇજનેરી કોલેજ, ભાવનગર | ૩૫ | ૨૩ | ૧૨ | ૯૦ | ૮૦ | ૧૦ | ૩૬ | ૧૪ | ૨૨ | ૧૭ | ૮ | ૯ |
| ૧૬ | વી.જી.ઇ.સી ચાંદખેડા | ૫૪ | ૩૧ | ૨૩ | ૧૪૦ | ૧૨૦ | ૨૦ | ૩૬ | ૧૯ | ૧૭ | ૬ | ૫ | ૧ |
| | અન્ય* | ૦ | ૨ | -૨ | | | | | | | | | |
| | | **૫૩૪** | **૨૩૪** | **૩૦૦** | **૧૪૬૭** | **૧૨૯૨** | **૧૭૫** | **૪૮૮** | **૧૯૦** | **૨૯૮** | **૨૬૫** | **૮૬** | **૧૭૯** |

* ૧ અધિકારી આચાર્ય એમ.સી.એ. કોલેજ મણીનગર અને ૧ અધિકારી રજીસ્ટ્રાર આઈ.આઈ.ટી.ઈ. ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે.

---------

## નવસારી જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના

૪૪૫૮૪ **શ્રી મોહનભાઇ ઢોડિયા** (મહુવા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા,તો આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા,

(૨) આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ **૪૧૮** લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં પેટ્રોલ-ડીઝલ પંપોની ચકાસણી

૪૫૪૩૭ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં પેટ્રોલ-ડીઝલ પંપોના સંચાલકો તથા ડીલીવરી બોયની સાંઠગાંઠથી વાહનોને પેટ્રોલ-ડીઝલના ઓછા વિતરણની કરાતી પ્રવૃત્તિઓ ડામવા કોઇ સઘન પ્રયાસો થયેલ છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો ના, તો ઉક્ત પ્રવૃત્તિઓ ડામવા તા.૩૧/૧૨/૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલા પેટ્રોલ-ડીઝલ પંપોની ચકાસણી કરવામા આવી,

(૩) ઉક્ત ચકાસણી દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિઓ પકડવામાં આવી, અને

(૪) ગેરરીતિ અન્વયે કોની સામે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) પેટ્રોલ-ડીઝલ પંપની તપાસ માટેના નાયબ નિયંત્રક, મદદનીશ નિયંત્રક તથા જિલ્લાના વિભાગીય નિરીક્ષકોના કામગીરીના નિર્ધારીત કરવામાં આવેલા લક્ષ્યાંકો મુજબ કામગીરી કરવામાં આવે છે તથા કરવામાં આવેલ કામગીરીનું નિરીક્ષણ સમયાંતરે નિયંત્રક, કાનૂનીમાપ વિજ્ઞાન દ્વારા કરવામાં આવે છે.

(૨) પરિશિષ્ટ-૧ મુજબ તાલુકાવાર કુલ ૪૪૨ પેટ્રોલ- ડીઝલ પંપોની ચકાસણી કરવામાં આવી.

(૩) ૦૨ પેટ્રોલ-ડીઝલ પંપોમાં ફેર ચકાસણી અને મુદ્રાંકન કરાવ્યા સિવાયના વજનમાપ વાપરવા બાબતની ગેરરીતિ પકડવામાં આવી.

(૪) ૦૨ એકમો સામે ગુજરાત કાનૂની માપવિજ્ઞાન (અમલીકરણ) નિયમો ૨૦૧૧ ના નિયમ ૧૪ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરી નિયમ ૨૪ અંતર્ગત રૂ.૧૨,૦૦૦/- (અંકે રૂપિયા બાર હજાર) ગુન્હા માંડવાળ

ફી વસૂલ કરવામાં આવેલ છે.

**પરિશિષ્ટ-૧**

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ દરમ્યાન કરવામાં આવેલ ચકાસણીની સંખ્યા | તા.૧-૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ દરમ્યાન કરવામાં આવેલ ચકાસણીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૬૬ | ૬૦ |
| ૨ | વડગામ | ૩૩ | ૨૫ |
| ૩ | દાંતા | ૨૩ | ૧૨ |
| ૪ | અમીરગઢ | ૧૩ | ૧૨ |
| ૫ | ડીસા | ૫૦ | ૧૪ |
| ૬ | દાંતીવાડા | ૧૨ | ૮ |
| ૭ | લાખણી | ૫ | ૫ |
| ૮ | ધાનેરા | ૧૧ | ૧૦ |
| ૯ | દિયોદર | ૧૨ | ૮ |
| ૧૦ | થરાદ | ૧૦ | ૯ |
| ૧૧ | વાવ | ૮ | ૪ |
| ૧૨ | ભાભર | ૬ | ૨ |
| ૧૩ | કાંકરેજ | ૧૩ | ૬ |
| ૧૪ | સુઇગામ | ૨ | ૩ |
| | **કુલ** | **૨૬૪** | **૧૭૮** |

---------

**ભરૂચ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૫૩૯ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૪૭૫૭ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૪૭૫૭ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૧૯૭૯૭ છે.

---------

**ભરૂચ અને નવસારી જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૫૩૫ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વૉલીટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

**જવાબ**

(૧) ગુજરાત સ્કૂલ ક્વૉલીટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨)

- **ભરૂચ** જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૭૩૨ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં

કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

- **નવસારી** જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૪૦૬ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી, અને

(૩) લાગુ પડતું નથી.

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સિલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે ?

(૪) લાગુ પડતું નથી.

---------

## સાબરકાંઠા અને દાહોદ જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત

૪૫૪૫૮ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વૉલીટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

**જવાબ**

(૧) ગુજરાત સ્કૂલ ક્વૉલીટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨)

- **સાબરકાંઠા** જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૭૮૬ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- **દાહોદ** જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૧૧૦૮ સરકારી

પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી, અને

(૩) લાગુ પડતું નથી.

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સિલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે ?

(૪) લાગુ પડતું નથી.

- - - - - - - - -

**જૂનાગઢ અને નવસારી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૪૫૪૯૩ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી. આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી. |
| (૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધા ? | (૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગાણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પુરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે. |

- - - - - - - - -

**ડાંગ જિલ્લામાં છાત્રાલય / ભોજનાલય / ક્વાટર્સનું બાંધકામ**

૪૪૫૭૨ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા સરકારી નવા છાત્રાલય, ભોજનાલય અને સ્ટાફ ક્વાટર્સના બાંધકામ કરવામાં આવનાર હતા, | (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોઇ પણ સરકારી નવા છાત્રાલય, ભોજનાલય અને સ્ટાફ ક્વાટર્સ પૈકીના કોઇ બાંધકામ કરવામાં આવનાર ન હતા. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા છાત્રાલય, ભોજનાલય અને ક્વાટર્સનું બાંધકામ ક્યા તબક્કે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ સંકુલ માટે કેટલો ખર્ચ થયો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી**

૪૪૫૬૯ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, અને

(૧) ૨૭

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કસૂરવારો સામે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૨) કસૂરવારો સામે ધી પેકેજડ કોમોડીટીઝ રૂલ્સના નિયમ ૩૨(૩) હેઠળ કુલ રૂપિયા ૫૪,૦૦૦/- (ચોપ્પન હજાર) ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરવામાં આવ્યા.

---------

**ગીર વન વિસ્તારમાં ખાતેદાર ખેડૂતોની જમીન**

૪૫૪૮૨ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર વન વિભાગ હસ્તકના ખેડૂત ખાતેદારોની જમીનને રેવન્યુમાં સમાવેશ કરવા અંગેની કાર્યવાહી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ક્યા ગામોની કેટલી જમીન વન હસ્તકથી મહેસૂલ હસ્તક સમાવેશ કરવામાં આવનાર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર વન વિસ્તારમાં વન વિભાગ હસ્તકના ખેડૂત ખાતેદારોની જમીનને રેવન્યુમાં સમાવેશ કરવા વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ મંજૂરી મેળવવાની દરખાસ્ત ભારત સરકારશ્રીને મોકલવામાં આવેલ છે અને વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ મંજૂરીની પ્રક્રિયા જિલ્લા સ્તરે ચાલુ છે.

(૨) ઉક્ત સ્થિતિએ નીચે મુજબના ગામોની વન હસ્તકની જમીન મહેસૂલ હસ્તક સમાવેશ કરવામાં આવનાર છે.

| સેટલમેન્ટ ગામનું નામ | વિસ્તાર (હેક.) |
|---|---|
| હસનાપુર | ૩૦૬.૨૦ |
| જાબુથાળા | ૧૩૯.૫૬ |
| શિરવાણ | ૧૪૮.૨૩ |
| અમૃતવેલ | ૨૦૧.૬૩ |
| સાજીયા | ૧૦.૭૩ |
| ઝાખીયા | ૨૦૯.૫૯ |
| બેટી (થોરડી) | ૧૪૧.૨૨ |
| ભાખા | ૬૭.૨૮ |
| ભાયાધાર (જામવાળા) | ૧૮૩.૦૧ |
| જશાધાર | ૨૭૨.૮૫૩૩ |
| ચીખલકુબા | ૧૭૫.૫૬૬૩ |
| કોઠારીયા | ૨૧૫.૯૮૯૦ |
| ઘોડાવડી | ૩૬૫.૫૧૦૦ |
| ટીંબરવા | ૧૭૨.૪૦૦૦ |
| **કુલ** | **૨૬૦૯.૭૭** |

(૩) ઉક્ત સ્થિતિએ વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ તથા વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ભારત સરકારશ્રીની મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ થયેથી મહેસૂલ હસ્તક સમાવેશ કરી શકાશે.

---------

**રાજ્યમાં ટેટ-૧/ટેટ-૨ની પરીક્ષાનું આયોજન**

૪૫૪૯૧ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ટેટ-૧ અને ટેટ-૨ ની પરીક્ષા છેલ્લે ક્યારે યોજવામાં આવેલ,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ટેટ-૧ ની પરીક્ષા માર્ચ-૨૦૧૮ અને ટેટ-૨ની પરીક્ષા ઓગસ્ટ-૨૦૧૭માં યોજવામાં આવેલ.

(૨) ઉક્ત પરીક્ષા નિયમિત ન યોજવામાં આવી હોય તો તેના કારણો શા છે, અને

(૨) - કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારી અંતર્ગત સામૂહિક આરોગ્યના સંદર્ભમાં જનહિતને ધ્યાને લઇ, તેમજ

- રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ના સૂચન અનુસાર પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે ત્રિસ્તરીય પદ્ધતિનો અમલ કરવાની બાબત વિચારણા હેઠળ હોઇ, પરીક્ષા યોજી શકાઇ નથી.

(૩) ઉક્ત પરીક્ષા નિયમિત યોજાય તે માટે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૩) - રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ના સૂચન અનુસાર પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે ત્રિસ્તરીય પદ્ધતિના અમલ બાબતે વિચારણા ચાલુ છે. જે અંગે નિર્ણય થયેથી પરીક્ષા યોજાય તે માટેની કાર્યવાહી કરવામાં આવશે.

- - - - - - - - -

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

૪૫૪૮૮ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે, | (૧) સામેલ પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલી શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, | (૨) સામેલ પત્રક-૨ મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી શાળાઓમાં નવા ઓરડા બનાવવાની માંગણી પડતર છે, અને | (૩) સામેલ પત્રક-૩ મુજબ. |
| (૪) ઉક્ત માંગણીઓ અન્વયે ક્યાં સુધીમાં નવા ઓરડા બનાવવામાં આવશે ? | (૪) આગામી વર્ષોમાં તબક્કાવાર. |

**પત્રક-૧**

| **જૂનાગઢ** | | **ગીર સોમનાથ** | |
|---|---|---|---|
| **તાલુકા** | **સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા** | **તાલુકા** | **સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા** |
| ભેંસાણ | ૪૩ | ગીરગઢડા | ૮૭ |
| જૂનાગઢ | ૯૭ | કોડીનાર | ૮૫ |
| કેશોદ | ૮૫ | સુત્રાપાડા | ૯૧ |
| માળીયા હા | ૧૧૩ | તાલાલા | ૬૦ |
| માણાવદર | ૭૦ | ઉના | ૧૧૧ |
| માંગરોળ | ૧૧૧ | વેરાવળ | ૧૧૩ |
| મેંદરડા | ૫૬ | | |
| વંથલી | ૫૫ | | |
| વિસાવદર | ૯૬ | | |

**પત્રક-૨**

| **જૂનાગઢ** | | | **ગીર સોમનાથ** | | |
|---|---|---|---|---|---|
| **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** | **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** |
| ભેંસાણ | ૫ | ૧૯ | ગીરગઢડા | ૨૨ | ૩૫ |
| જૂનાગઢ | ૨૮ | ૮૮ | કોડીનાર | ૭ | ૧૪ |
| કેશોદ | ૧૪ | ૩૦ | સુત્રાપાડા | ૧૫ | ૨૧ |
| માળીયા હા | ૧૫ | ૩૧ | તાલાલા | ૧૭ | ૪૧ |
| માણાવદર | ૧૩ | ૨૭ | ઉના | ૧૨ | ૩૮ |
| માંગરોળ | ૩૦ | ૬૨ | વેરાવળ | ૨૩ | ૩૯ |
| મેંદરડા | ૧૨ | ૩૧ | | | |
| વંથલી | ૮ | ૩૦ | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વિસાવદર | ૨૦ | ૩૮ | | | |

**પત્રક - ૩**

| જૂનાગઢ | | ગીર સોમનાથ | |
|---|---|---|---|
| **તાલુકા** | **પડતર માંગણીની સંખ્યા** | **તાલુકા** | **પડતર માંગણીની સંખ્યા** |
| ભેંસાણ | ૧ | ગીરગઢડા | ૧ |
| જૂનાગઢ | ૧ | કોડીનાર | ૧ |
| કેશોદ | ૪ | સુત્રાપાડા | ૧ |
| માળીયા હા | ૧ | તાલાલા | ૧ |
| માણાવદર | ૧ | ઉના | ૧ |
| માંગરોળ | ૫ | વેરાવળ | ૦ |
| મેંદરડા | ૧ | | |
| વંથલી | ૬ | | |
| વિસાવદર | ૧ | | |

- - - - - - - - -

**અમદાવાદ શહેર / જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા**

૪૪૭૬૨ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડિયા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ શહેર/જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સુવિધા ઉપલબ્ધ કરાવવા શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેર - તમામ આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે.

અમદાવાદ ગ્રામ્ય - ૩ આંગણવાડી કેન્દ્રોમાં નથી.

(૨) અમદાવાદ શહેર - પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમદાવાદ ગ્રામ્ય - ૧ કેન્દ્રનું વાસ્મોમાં અને ૨ કેન્દ્રનું નાણાપંચમાં આયોજન કરેલ છે.

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના**

૪૪૫૮૬ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષમાં ઉક્ત જિલ્લાના ખેડૂતોને કીટમાં ક્યા પ્રકારના લાભો આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૩૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષમાં ઉક્ત જિલ્લાના ખેડૂતોને કીટમાં મકાઇનું બિયારણ તથા યૂરિયા અને પ્રોમ ખાતરના લાભો આપવામાં આવ્યા.

- - - - - - - - -

**નર્મદા અને ડાંગ જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી**

૪૫૫૩૮ **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા** (નાંદોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લો | પ્રાથમિક શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | **સરકારી** | **ગ્રાન્ટેડ** | **નોન-ગ્રાન્ટેડ** |
| નર્મદા | ૬૮૨ | ૦૨ | ૪૩ |

(૨)

| જિલ્લો | નવી મંજૂર પ્રાથમિક શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | **સરકારી** | **ગ્રાન્ટેડ** | **નોન-ગ્રાન્ટેડ** |

| | | | |
|---|---|---|---|
| નર્મદા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ડાંગ | ૦૦ | ૦૦ | ૦૨ |

- - - - - - - - -

**સુરત અને વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી**

૪૫૫૩૨ **શ્રી આનંદભાઇ ચૌધરી** (માંડવી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લો | પ્રાથમિક શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
| સુરત | ૯૩૮ | ૨૧ | ૧૩૬૯ |

(૨)

| જિલ્લો | નવી મંજૂર પ્રાથમિક શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
| સુરત | ૦૦ | ૦૦ | ૨૫ |

- - - - - - - - -

**આણંદ અને પંચમહાલ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૪૫૫૬૧ **શ્રી પુનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં ?

**જવાબ**

(૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઈ તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી. આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

- - - - - - - - -

**ખેડબ્રહ્મા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૫૫૬૬ **શ્રી કરશનભાઇ સોલંકી** (કડી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૨૩ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૩૩૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૦૮.૮૩ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૭૨.૨૪ |

---------

**ડાંગ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૪૫૪૦ **શ્રી વિજયભાઇ પટેલ** (ડાંગ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૧૪૯૨ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૧૪૯૨ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૬૨૯૪ છે.

---------

**ક્લાઇમેટ ચેન્જ વિભાગ માટે ફાળવેલ રકમ**

૪૫૪૬૧ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય ક્લાઇમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્લાઇમેટ ચેન્જ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૦૪૮.૨૬ કરોડ અને ૨૦૨૦-૨૧માં ૧૦૧૯.૦૦ કરોડ રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે.

(૨)

| નાણાકીય વર્ષ | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ફાળવવામાં આવેલ રકમ |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૮૮.૬૪ કરોડ |
| ૨૦૨૦-૨૧ | ૬૪૦.૯૨ કરોડ |

(૩)

| નાણાકીય વર્ષ | ઉક્ત ફાળવેલ રકમ પૈકી વર્ષવાર વપરાયેલ રકમ |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૭૯.૧૪ કરોડ |
| ૨૦૨૦-૨૧ | ૫૬૯.૯૧ કરોડ |
| **નાણાકીય વર્ષ** | **ઉક્ત ફાળવેલ રકમ પૈકી વર્ષવાર વણવપરાયેલ રકમ** |
| ૨૦૧૯-૨૦ | ૯.૫૦ કરોડ |
| ૨૦૨૦-૨૧ | ૭૧.૦૧ કરોડ |

મુખ્યત્વે, વર્ષ ૨૦૧૯-૨૦માં સૂર્ય ગુજરાત યોજનાની શરૂઆત થયેલ હોઇ, યોજનાની અમલવારીની મંજૂરી જુલાઇ-૨૦૧૯ બાદ મળેલ હોઇ તથા વર્ષ ૨૦૨૦-૨૧માં કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને સમાંતર સબસિડી મળવાથી કેન્દ્ર સરકારના નાણાનો પૂરતો વિનિયોગ કરેલ છે. જેને કારણે ઉક્ત રકમ વણવપરાયેલ રહેલ છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ**

૪૪૫૭૪ **શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલી કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ૧૩ (તેર) કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત

અને

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં કેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે ?

છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં ૪૭૪૫ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે.

- - - - - - - - -

**અરવલ્લી અને ભાવનગર જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૪૬૪ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વોલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) ગુજરાત સ્કૂલ ક્વોલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

(૨)

- અરવલ્લી જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૮૭૮ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- ભાવનગર જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૫૬૩ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી, અને

(૩) લાગુ પડતું નથી.

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સિલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે ?

(૪) લાગુ પડતું નથી.

- - - - - - - - -

**ડાંગ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં જર્જરિત ઓરડાઓ**

૪૫૫૨૨ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાના

**જવાબ**

(૧)

| નવસારી | ડાંગ |
|---|---|

કેટલા ઓરડા જર્જરિત હાલતમાં છે,

| તાલુકો | જર્જરિત ઓરડાની સંખ્યા | તાલુકો | જર્જરિત ઓરડાની સંખ્યા |
|---|---|---|---|
| ચીખલી | ૭૩ | આહવા | ૮૧ |
| ગણદેવી | ૫૪ | સુબીર | ૩૪ |
| જલાલપોર | ૬૭ | વઘઇ | ૧૭ |
| ખેરગામ | ૧૫ | | |
| નવસારી | ૭ | | |
| વાંસદા | ૭૮ | | |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જર્જરિત ઓરડા નવા બનાવવા શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) - નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૫૬ ઓરડા બનાવવાની કાર્યવાહી કરવામાં આવી.
- ડાંગ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪૫ ઓરડા બનાવવાની કાર્યવાહી કરવામાં આવી.

(૩) ઉક્ત જર્જરિત ઓરડા ક્યાં સુધીમાં નવા બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર.

- - - - - - - - -

**રાજ્યના અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન શિક્ષણ**

૪૫૫૮૨ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં મોબાઇલ નેટવર્ક ન મળતા ઓનલાઇન શિક્ષણનો લાભ નથી મળતો તેવા વિદ્યાર્થીઓના શિક્ષણ માટે શી વ્યવસ્થા કરી,

**જવાબ**

(૧)

- શિક્ષકો મારફતે પ્રત્યેક બાળકના ઘરે પાઠ્યપુસ્તકો પહોંચાડવામાં આવ્યા.
- કોરોના મહામારીના સમયગાળામાં બાળકો શાળામાં ન આવી શકવાને કારણે તેઓના અભ્યાસને ધ્યાને લઇ શાળાઓમાં જે રીતે તાસ મુજબ અધ્યયન કાર્ય થાય તે જ અભિગમ મુજબ રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી શિક્ષકોને બોલાવી બાયસેગ સ્ટુડીઓ, ગાંધીનગર ખાતે શૈક્ષણિક એપિસોડ તૈયાર કરવામાં આવ્યા. જેમાં પ્રત્યેક એકમને ધ્યાને લઇ બાળકોને રેગ્યુલર વર્ગખંડના અભ્યાસ મુજબનું અધ્યયન થાય તે રીતે ક્રમિક એપિસોડ તૈયાર કરી GIET (ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન), અમદાવાદના સહયોગથી ધોરણ ૧ થી ૧૨ના અભ્યાસક્રમને લગતા શૈક્ષણિક એપિસોડનું પ્રસારણ દૂરદર્શન કેન્દ્ર : ડીડી-ગિરનાર ચેનલ તથા બાયસેગની વંદે ગુજરાત ચેનલ પર કરવામાં આવ્યું. બાળકોને કોરોના મહામારીના વાતાવરણમાં તેઓની માનસિક સ્થિતિ સારી રહે, સ્ટ્રેસ/તણાવયુક્ત વાતાવરણ ન રહે તે ધ્યાને લઇ દર શનિવારે **"જોયફૂલ સેટરડે"** અંતર્ગત વિવિધ પ્રવૃત્તિ નિર્માણના એપિસોડ પ્રસારિત કરવામાં આવતા હતા, તેમજ GCERT દ્વારા દરરોજ **"પરિવારનો માળો, સલામત અને હુંફાળો"**ની PDF /લિંક મોકલવામાં આવતી હતી. આમ કોરોનાની પરિસ્થિતિમાં પણ બાળકોને પોતાના ઘરે અથવા ગામના ફળિયા/શેરીમાં સુરક્ષિત રહી TVના માધ્યમથી શિક્ષણ મેળવી રહ્યા હતા, પ્રસારિત તમામ શૈક્ષણિક એપિસોડ/પાઠને સમગ્ર શિક્ષા,

ગાંધીનગરની વેબસાઇટ અને યૂ-ટ્યૂબ ચેનલ ઉપર મૂકવામાં આવ્યા, જેથી બાળકો પોતાના અનુકૂળ સમયે તથા નેટવર્કમાં આવવાના સમયે તેનો લાભ લઇ શકે. શિક્ષકશ્રી, સીઆરસી/બીઆરસી કો-ઓર્ડિનેટરશ્રી દ્વારા પણ આ એપિસોડ/પાઠને ડાઉનલોડ કરીને જરૂરિયાતવાળા વિસ્તારમાં વિદ્યાર્થીઓને બતાવવા માટે આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

- બાયસેગની વંદે ગુજરાત ચેનલ નં-૯ થી ૧૨ મારફતે ધોરણ-૯ થી ૧૨ના મુખ્ય વિષયો તેમજ NEETના કાર્યક્રમોનું ચોવીસ કલાક પ્રસારણ કરવામાં આવે છે.
- પ્રથમ લોકડાઉન દરમ્યાન પ્રત્યેક શનિવારે CRC/BRC કો-ઓર્ડિનેટર મારફત ધોરણ ૩ થી ૯ના વિદ્યાર્થીઓ માટે **"સ્ટડી ફ્રોમ હોમ"** અંતર્ગત સોફ્ટકોપીમાં પુસ્તિકા પહોંચાડવામાં આવી અને જ્યાં નેટવર્ક કે મોબાઇલ ફોનની સુવિધા ન હતી તે સ્થિતિમાં જિલ્લા/સ્થાનિક કક્ષાએથી પ્રત્યક્ષ પુસ્તિકા પહોંચાડવામાં આવી હતી.
- જે વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટ ફોનની સુવિધા ન હોય તેવા ૧૦ થી ૧૫ વિદ્યાર્થીઓને દરરોજ શિક્ષક દ્વારા ફોન કરીને તેમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.
- ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે જે તે ધોરણને અનુરૂપ ઘરે વાલી સાથે કરી શકાય તેવા શૈક્ષણિક અભ્યાસ માટે GCERT દ્વારા તૈયાર કરવામાં આવેલ "ઘરે શીખીએ"નું સાહિત્ય જિલ્લા કક્ષા તેમજ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા છાપકામ કરી બાળકો સુધી સાહિત્ય પહોંચાડવામાં આવ્યું હતું.
- કોવિડ-૧૯ની પરિસ્થિતિને કારણે કોઇ વિદ્યાર્થીમાં કચાશ રહી ગઇ હોય (લર્નિંગ લોસ) અને બાકીના વિદ્યાર્થીઓને મહાવરો તથા પુનરાવર્તન મળી રહે અને તમામ વિદ્યાર્થીઓ નવા ધોરણ માટે જરૂરી પૂર્વજ્ઞાન મેળવીને જ નવા ધોરણમાં પ્રવેશ મેળવે તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ની શરૂઆતમાં પ્રથમ ૪૫ દિવસ દરમ્યાન ધોરણ ૨ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે **"જ્ઞાનસેતુ : બ્રિજકોર્સ, ક્લાસ રેડીનેસ"** નામનો કાર્યક્રમ ચલાવવામાં આવ્યો. આ કાર્યક્રમ અંતર્ગત પ્રત્યેક વિદ્યાર્થીને જ્ઞાનસેતુની વર્કબુક હાર્ડકોપી સ્વરૂપે પહોંચાડવામાં આવી તથા તે અંતર્ગત દૂરદર્શન અને બાયસેગની વંદે ગુજરાત ચેનલ પરથી શૈક્ષણિક માર્ગદર્શનના એપિસોડ પ્રસારિત કરવામાં આવ્યા. શૈક્ષણિક મહાવરા/અભ્યાસ માટે શિક્ષકો, સીઆરસી/ બીઆરસી કો-ઓર્ડિનેટર, બીઆરપી દ્વારા વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લઇને જરૂરી શૈક્ષણિક માર્ગદર્શન આપવામાં આવ્યું.
- રાજ્યની તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક

શાળાઓના બાળકોના અભ્યાસ માટે અધ્યયન નિષ્પત્તિ આધારિત મૂલ્યાંકન કરવા માટે નિયમિત એકમ કસોટી લેવામાં આવે છે જે રાજ્યકક્ષાએથી GCERT દ્વારા પ્રશ્ન પેપર તૈયાર કરવામાં આવે છે, જે શાળાઓ સુધી પહોંચાડી સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ એકમ કસોટી નોટબુકમાં બાળકો તેનું લેખન કરે છે. જેથી તેના આધારે બાળકોની અભ્યાસની સ્થિતિ જાણી જરૂરી ઉપચારાત્મક કાર્ય અને મહાવરો કરાવવામાં આવે છે.

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ, અને

(૨) ઉપરોક્ત બાબતે

- **દૂરદર્શન કેન્દ્ર ડી ડી ચેનલ થી પ્રસારણ** કરવા અંગે વર્ષ ૩૧-૧૨-૨૦૧૯ થી ૩૧-૧૨-૨૦૨૦ દરમિયાન રૂ.૭૫,૦૦,૦૦૦/- (પંચોતેર લાખ રૂ.) અને વર્ષ ૩૧-૧૨-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૧ દરમિયાન રૂ.૧,૯૧,૦૦,૦૦૦/- (એક કરોડ એકાણું લાખ રૂ.) ખર્ચ થયેલ છે.
- **જ્ઞાનસેતુ : બ્રિજકોર્સ/ક્લાસ રેડીનેસ સાહિત્ય** જૂન ૨૦૨૧માં આપવામાં આવ્યું. જેનો કુલ ખર્ચ રૂ.૨૧,૧૩,૦૦,૦૦૦/- (એકવીસ કરોડ તેર લાખ) થયેલ છે.
- **એકમ કસોટી નોટબુક :** ૩૧-૧૨-૧૯ થી ૩૧-૧૨-૨૦ દરમિયાન રૂ.૧૧,૭૬,૦૦,૦૦૦/- (અગિયાર કરોડ છોતેર લાખ) ખર્ચ થયેલ છે.
- **એકમ કસોટી નોટબુક :** ૩૧-૧૨-૨૦ થી ૩૧-૧૨-૨૧ દરમિયાન રૂ.૮,૦૦,૦૦,૦૦૦/- (આઠ કરોડ) ખર્ચ થયેલ છે.

(૩) ઉક્ત ખર્ચ બજેટના ક્યા હેડ હેઠળ ઉધારવામાં આવેલ ?

(૩)

- દૂરદર્શન કેન્દ્રનું બિલ GOG EDN ૧૦ હેડે ઉધારવામાં આવેલ છે.
- જ્ઞાનસેતુ સાહિત્યનું બિલ ભારત સરકાર PAB બજેટ હેડે ઉધારવામાં આવેલ છે.
- એકમ કસોટી નોટબુકનું બિલ ભારત સરકાર PAB બજેટ હેડે ઉધારવામાં આવેલ છે.

---------

## રાજ્યમાં સરકારી પોલિટેકનિક કોલેજમાં વર્ગ-૩ની ખાલી જગ્યાઓ

૪૫૫૭૬ **શ્રી અંબરીશ ડેર** (રાજુલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * ૩૮૮૪૬ (અગ્રતા-૧૬)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સરકારી પોલિટેકનિક કોલેજોમાં વર્ગ-૩ની ૬૫૩ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાનું આયોજન હતું. તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, | (૧) એક પણ નહીં. |

(૨) ઉક્ત સ્થિતિએ સરકારી પોલિટેકનિક કોલેજોમાં વર્ગ-૩ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ૬૯૦

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરાઇ હોય તો તેના કારણો શાં છે, અને

(૩) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને કુલ ૧૪૦ જગ્યાઓ માટે માંગણાપત્ર મોકલી આપેલ છે અને બાકીની ખાલી જગ્યાઓ ભરવા માટેની વહીવટી પ્રક્રિયા ચાલુ છે.

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) બનતી ત્વરાએ.

- - - - - - - - -

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નિગમોમાં કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગથી કર્મચારીઓની ભરતી**

૪૫૫૦૫ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને

(૪) કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) વિભાગના તાબામાં કોઇ નિગમ કાર્યરત ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અમદાવાદ અને વલસાડ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૪૫૫૧૭ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં ?

**જવાબ**

(૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઈ તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી. આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

- - - - - - - - -

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે ફાળવવામાં આવેલ રકમ**

૪૫૫૬૭ **શ્રી કાંતીભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર

**જવાબ**

(૧) (રૂ.લાખમાં)

| વર્ષ | બજેટ જોગવાઇ |
|---|---|

કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

| | |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૫૦૪૦૦.૦૦ |
| ૨૦૨૦-૨૧ | ૪૯૭૩૩.૯૭ |

(૨) (રૂ.લાખમાં)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૪૪૩૩૬.૦૦ |
| ૨૦૨૦-૨૧ | ૫૧૨૩૦.૦૦ |

(૩) (રૂ. લાખમાં)

| વર્ષ | ખરેખર ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૪૪૨૨૪.૦૬ | ૧૧૧.૯૪ |

બચતના કારણ: (૧) વિભાગના રિનોવેશનનો ખર્ચ અંદાજિત ખર્ચ કરતા ઓછો રહ્યો હોવાના કારણે પૂરો ખર્ચ થયેલ નથી.
(૨) ઉક્ત વર્ષમાં વિભાગમાં મંજૂર જગ્યાની સામે પૂરી જગ્યા ભરાયેલ ન હોવાથી ખર્ચ પૂરો થયેલ નથી.

| વર્ષ | ખરેખર ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૫૧૧૬૭.૨૦ | ૬૨.૮૦ |

બચતના કારણ: (૧) ઉક્ત વર્ષમાં વિભાગમાં મંજૂર જગ્યાની સામે પૂરી જગ્યા ભરાયેલ ન હોવાથી ખર્ચ પૂરો થયેલ નથી.

---------

## દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી

૪૫૪૯૬ **શ્રી વિક્રમભાઇ માડમ** (ખંભાળિયા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૫૯૨ | ૦૧ | ૧૮૨ |
| પોરબંદર | ૩૧૦ | ૦૦ | ૧૧૫ |

(૨)

| જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૪ |
| પોરબંદર | ૦૦ | ૦૦ | ૦૦ |

---------

## બનાસકાંઠા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના

૪૪૫૮૩ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા.

(૨) આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ ૧૧૩ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

---------

## ગીર સોમનાથ અને બોટાદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

૪૫૪૮૪ **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર

**જવાબ**

(૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઇ તા.૧૬-

સોમનાથ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

૦૩-૨૦૨૦ થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી. આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી.

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં ?

(૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦ થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

- - - - - - - - -

## સાસણગીર અભયારણ્યમાં મુલાકાતીઓની સંખ્યા

૪૫૫૫૮ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાસણગીર અભયારણ્યની કેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી,

(૨) તે માટે ઉક્ત વર્ષવાર કેટલી પરમિટ ઇસ્યૂ કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે સરકારને વર્ષવાર કેટલી આવક થઇ ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષ-૨૦૨૦માં ૨,૪૫,૬૫૧ અને વર્ષ-૨૦૨૧માં ૫,૦૩,૯૯૦ મુલાકાતીઓએ ગીર અભયારણ્યની મુલાકાત લીધી.

(૨) આ માટે વર્ષ-૨૦૨૦માં ૪૪,૫૧૨ અને વર્ષ-૨૦૨૧માં ૯૪,૨૬૫ પરમિટો ઇસ્યૂ કરવામાં આવી.

(૩) ઉક્ત સ્થિતિએ સરકારને વર્ષ-૨૦૨૦માં રૂ.૫,૩૧,૨૧,૦૦૦ની અને વર્ષ-૨૦૨૧માં રૂ.૯,૪૭,૮૬,૬૩૩ની આવક થઇ.

- - - - - - - - -

## ભાવનગર અને અમરેલી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

૪૫૫૭૩ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં ?

**જવાબ**

(૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઇ તા.૧૬-૦૩-૨૦૨૦ થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી. આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦ થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓમાં કર્મચારીઓની આઉટસોર્સિંગથી ભરતી**

૪૫૫૪૩ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓ અને ઉચ્ચતર બુનિયાદી આશ્રમશાળાઓમાં વર્ગ-૪ના કર્મચારીઓની આઉટસોર્સિંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શાં છે, અને | (૨) સરકારની નીતિ અનુસાર વર્ગ-૪ના સેવકો આઉટસોર્સિંગથી મેળવી સેવા લેવાય છે. |
| (૩) ઉક્ત આઉટસોર્સિંગના કર્મચારીઓને કયા પ્રકારના લાભ આપવામાં આવે છે ? | (૩) સરકારની નીતિ અનુસાર આઉટસોર્સ વર્ગ-૪ના સેવકોને ફિક્સ પગાર ચૂકવાય છે. |

---------

**દેવગઢ બારીયા તાલુકામાં સામૂહિક વનનિર્માણ યોજના**

૪૪૫૫૬ **શ્રી શૈલેષભાઇ ભાભોર** (લીમખેડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં સામૂહિક વનનિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૩૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૨૬ |

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૦૫.૩૧ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૬૩.૫૬ |

---------

**ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૫૪૭૮ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૨૬૫૩ (અગ્રતા-૨૭૬)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે ૧૯૬ અને ૪૪૯ ઓરડાઓની ઘટ હતી તે ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન હતું તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| ગીર સોમનાથ | ૬૯ |
| રાજકોટ | ૧૦૫ |

- રાજકોટ જિલ્લામાં આર.ટી.ઈ. મુજબ ૫૬ ઓરડા બનાવવાના રહેતા નથી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨)

| જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| ગીર સોમનાથ | ૧૨૭ |
| રાજકોટ | ૨૮૮ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) અગામી વર્ષોમાં તબક્કાવાર.

---------

**પર્યાવરણ પ્રભાગના નિગમોમાં કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગથી કર્મચારીઓની ભરતી**

તા. ૨૯મી માર્ચ ૨૦૩૧

અતારાંકિત પ્રશ્નો

૪૫૪૯૯ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પર્યાવરણ પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) પર્યાવરણ પ્રભાગ હેઠળ કોઈ નિગમ કાર્યરત નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ફરજ બજાવે છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કોન્ટ્રાક્ટ, આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મેડિકલ ગુણ સુધારણાને તપાસ અહેવાલ**

૪૫૪૪૯ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મેડિકલ ગુણ સુધારણા પ્રકરણ અન્વયે થયેલ તપાસનો અહેવાલ કોના તરફથી ક્યારે સરકારને મળેલ છે, | (૧) તપાસ અધિકારી તરફથી તપાસ અહેવાલ તા.૧૯-૦૮-૨૦૨૧ના રોજ મળેલ છે. |
| (૨) ઉક્ત તપાસ અહેવાલ અન્વયે કયા દોષિતો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને<br>(૩)જો કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો શું છે ? | (૨) અને (૩) તપાસ અહેવાલ અન્વયે, જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ છે. |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૫૨૦ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે, | (૧) ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી, | (૨)<br>• ગાંધીનગર જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૩૨૩ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે. |

- મહેસાણા જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૬૦૦ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી, અને

(૩) લાગુ પડતું નથી.

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સિલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શાં છે?

(૪) લાગુ પડતું નથી.

---------

## આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

૪૫૫૪૬ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આદિજાતિના વિદ્યાર્થીઓ અન્ય જિલ્લા કે રાજ્યમાં જઈ અભ્યાસ કરે તેવા વિદ્યાર્થીઓને કઈ યોજના હેઠળ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી શિષ્યવૃત્તિ આપવાની બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧) આદિજાતિના વિદ્યાર્થીઓ અન્ય જિલ્લા કે રાજ્યમાં જઈ અભ્યાસ કરે તો વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

(૨)

| વર્ષ | દાહોદ જિલ્લામાં શિષ્યવૃત્તિ આપવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૨૦ | ૬૮૪ |
| ૨૦૨૧ | ૧૮૪ |
| **કુલ** | **૮૬૮** |

(૩) વિદ્યાર્થીઓ દ્વારા ક્ષતિપૂર્તતા થયેથી.

---------

## બનાસકાંઠા જિલ્લામાં કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ

૪૪૫૮૦ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલી કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં કેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે?

**જવાબ**

(૧) તાઃ૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ૦૫ (પાંચ) કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં ૧૬૬૪ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે.

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ

૪૫૪૬૯ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા

**જવાબ**

(૧)

| તાલુકો | ઘટતા ઓરડાની સંખ્યા |
|---|---|

ઓરડાઓની ઘટ છે, અને

| | |
|---|---|
| ચોટીલા | ૯૬ |
| ચુડા | ૧૭ |
| ધ્રાંગધ્રા | ૩૬ |
| લખતર | ૪૦ |
| લીંબડી | ૪૦ |
| મૂળી | ૨૮ |
| પાટડી | ૮૪ |
| સાયલા | ૬૪ |
| થાનગઢ | ૨૫ |
| વઢવાણ | ૭૮ |

(૨) ઉક્ત ઘટ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર.

- - - - - - - - -

**તાપી અને સુરત શહેર/જિલ્લામાં પેટ્રોલ-ડીઝલ પંપની ચકાસણી**

૪૫૫૨૫ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને સુરત શહેર/જિલ્લાવાર પેટ્રોલ-ડીઝલના કેટલા પંપો આવેલા છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ

| અ.નં. | જિલ્લો | પેટ્રોલ-ડીઝલ પંપોની સંખ્યા |
|---|---|---|
| ૧ | તાપી જિલ્લો | ૭૪ |
| ૨ | સુરત શહેર | ૮૨ |
| ૩ | સુરત ગ્રામ્ય | ૧૬૯ |

(૨) ઉક્ત શહેર/જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા પેટ્રોલ-ડીઝલના પંપોની ચકાસણી કરવામાં આવી,

(૨) તાપી અને સુરત શહેર/જિલ્લાવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નીચે મુજબની પેટ્રોલ-ડીઝલના પંપોની ચકાસણી કરવામાં આવેલ છે.

| અ.નં. | જિલ્લો | પેટ્રોલ-ડીઝલના પંપોની ચકાસણીની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ |
| ૧ | તાપી | ૧૦ | ૧૧ |
| ૨ | સુરત શહેર | ૦ | ૨ |
| ૩ | સુરત જિલ્લો | ૧ | ૦ |

(૩) તે અન્વયે ઉક્ત શહેર/જિલ્લાવાર, વર્ષવાર કેટલા પેટ્રોલ-ડીઝલના પંપોમાં ગેરરીતિ પકડાઈ, અને

(૩) ચકાસણી દરમિયાન પેટ્રોલ-ડીઝલના પંપોમાં જોવા મળેલ ગેરરીતિની સંખ્યા

| અ.નં. | જિલ્લો | ગેરરીતિવાળા પેટ્રોલ-ડીઝલ પંપની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ |
| ૧ | તાપી | ૯ | ૧૧ |
| ૨ | સુરત શહેર | ૦ | ૧ |
| ૩ | સુરત જિલ્લો | ૦ | ૦ |

(૪) તે અન્વયે કસૂરવારો સામે શું કાર્યવાહી કરી ?

(૪) ગેરરીતિ સામે કરવામાં આવેલ કાર્યવાહીઃ-

(૧) તાપી જિલ્લામાં કસૂરવારો સામે પરવાના અનામત જપ્ત કરવામાં આવેલ છે તેમજ સામાન્ય ક્ષતિ બાબતે તાકીદ આપવામાં આવેલ છે.

(૨) સુરત શહેર ખાતે આવેલ પંપની ચકાસણી

કરતાં જોવા મળેલ ગેરરીતિ અન્વયે પેટ્રોલ-ડીઝલના નમૂનાઓ લઈ પૃથક્કરણ માટે FSL રિપોર્ટ મુજબ નમૂના ધોરણસરના જણાય આવેલ છે. જે કેસની કાર્યવાહી ચાલુમાં છે.

---------

## મહેસાણા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

૪૫૪૫૫ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે,

(૨) તે પૈકી તાલુકાવાર કયા વિષયના કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટ ક્યાં સુધી પૂરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ |
|---|---|
| મહેસાણા | ૮૩ |
| વિસનગર | ૪૨ |
| વિજાપુર | ૨૨ |
| ઉંઝા | ૧૧ |
| ખેરાલુ | ૨૨ |
| વડનગર | ૧૭ |
| સતલાસણા | ૨૧ |
| કડી | ૬૯ |
| બેચરાજી | ૩૧ |
| જોટાણા | ૦૮ |

(૨)

| તાલુકાનું નામ | વિષયવાર શિક્ષકોની ઘટ | | | |
|---|---|---|---|---|
| | ધો. ૧ થી ૫ માં શિક્ષકોની ઘટ | ધો.૬ થી ૮ | | |
| | | ગણિત વિજ્ઞાન | ભાષા | સામાજિક વિજ્ઞાન |
| મહેસાણા | ૭૬ | ૦૧ | ૦૦ | ૧૦ |
| વિસનગર | ૩૭ | ૦૩ | ૦૦ | ૦૫ |
| વિજાપુર | ૦૯ | ૦૧ | ૦૦ | ૧૩ |
| ઉંઝા | ૦૯ | ૦૦ | ૦૦ | ૦૩ |
| ખેરાલુ | ૧૫ | ૦૬ | ૦૦ | ૦૨ |
| વડનગર | ૧૩ | ૦૦ | ૦૪ | ૦૩ |
| સતલાસણા | ૧૪ | ૦૩ | ૦૧ | ૦૩ |
| કડી | ૩૮ | ૧૨ | ૦૮ | ૧૧ |
| બેચરાજી | ૨૩ | ૦૨ | ૦૧ | ૦૫ |

(૩) જેમ બને તેમ ઝડપથી.

---------

## અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે બજેટ ફાળવણી

૪૫૪૪૦ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

**જવાબ**

(૧) અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે રૂ.૧૦૦૫.૨૦ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂ.૧૨૭૦.૮૪ કરોડની રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અંતિત તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ ૭૮૪.૭૫ કરોડની રકમ તથા નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ ૨૩૩૮.૯૧ કરોડની રકમ ફાળવવામાં આવી.

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩)

a ) ઉક્ત ફાળવેલ રકમ પૈકી નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે રૂ.૭૧૧.૬૯ કરોડ રકમ વપરાઈ અને રૂ.૭૩.૦૬ કરોડની રકમ વણવપરાયેલ રહી હતી. અન્ન સલામતી યોજના, ઈન્ફોર્મેશન અને ટેકનોલોજી યોજના, ગોડાઉન બાંધકામની યોજનાઓ, પગાર ભથ્થા વગેરેના સ્તરોએ કેટલાક કામો ટેન્ડરીંગના તબક્કે હોવાથી, જગાઓ ન ભરાવાના કારણો જેવા વિવિધ કારણોસર ઉક્ત રકમ બચત રહેલ.

b ) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂ.૨૧૯૨.૬૬ કરોડની રકમ વપરાઈ. આમ, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વપરાયેલ રકમ બજેટ જોગવાઈના ૧૭૨.૫૪% હોઈ વણવપરાયેલ રકમ રહેતી નથી.

- - - - - - - - -

## ખેડા અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી

૪૫૫૫૫ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૧)

| જિલ્લો | પ્રાથમિક શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
| ખેડા | ૧૩૫૧ | ૪૯ | ૨૭૧ |
| દાહોદ | ૧૬૪૭ | ૨૩ | ૧૩૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લો | નવી મંજૂર પ્રાથમિક શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
| ખેડા | ૦૦ | ૦૦ | ૩૧ |
| દાહોદ | ૦૦ | ૦૦ | ૧૦ |

- - - - - - - - -

## ડાંગ જિલ્લામાં કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ

૪૪૫૮૧ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કેટલી કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે, અને

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં ૦૧ (એક) કન્યા સાક્ષરતા નિવાસી શાળા કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં કેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે ?

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળામાં ૩૭૦ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે.

- - - - - - - - -

## અમરેલી અને ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી

૪૫૫૭૯ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૧)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| અમરેલી | ૭૬૧ | ૦૫ | ૨૩૬ |
| ભાવનગર | ૯૩૧ | ૦૫ | ૩૧૭ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| અમરેલી | ૦૦ | ૦૦ | ૦૪ |
| ભાવનગર | ૦૦ | ૦૦ | ૦૮ |

---------

**ખાનપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૫૫૫૧ **શ્રી જિજ્ઞેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૨ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૩૫ |

(૨) તેની પાછળ કુલ કેટલો કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૯.૫૭ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૨૧.૭૪ |

---------

**કચ્છ જિલ્લામાં પવનચક્કી સાથે અથડાવાથી મોરના મૃત્યુ**

૪૫૪૨૫ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) નવેમ્બર-૨૦૨૦માં કચ્છ જિલ્લામાં તાલુકાવાર પવનચક્કી કે પવનચક્કીની વીજ લાઇન સાથે અથડાવાથી કેટલા રાષ્ટ્રીય પક્ષી મોરના મૃત્યુ થયા,

(૧)

| તાલુકો | મૃત્યુ પામેલ મોરની સંખ્યા |
|---|---|
| નખત્રાણા | ૦૧ |
| અન્ય | ૦૦ |
| **કુલ** | **૦૧** |

(૨) મોરના મૃતદેહ વીજલાઈન કે વીજ પોલ પરથી ભેદી રીતે ગુમ કરવા કે ઉતારવાની કેટલી ઘટનાઓ બની,

(૨) કોઈ બનાવ બનેલ નથી.

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત ઘટના અન્વયે જવાબદાર કંપનીના કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત સ્થિતિએ આવી ઘટનાઓ ન બને તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૪)
- પવનચક્કીના પંખાની બ્લેડના છેડે ઓરેન્જ કલરથી રંગવામાં આવે છે જેથી પક્ષીઓ દૂરથી જોઈ શકે.
- પવનચક્કીની ટ્રાન્સમીશન લાઇન ઉપર બર્ડ રીફ્લેક્ટર લગાવવામાં આવે છે.

- પવનચક્કીની ટ્રાન્સમીશન લાઈનના કેબલને ઈન્સ્યુલેટેડ કરવામાં આવે છે.
- ટ્રાન્સમીશન લાઈનના થાંભલા પર બર્ડ ગાર્ડ અથવા બર્ડ સ્પાઈક લગાવવામાં આવે છે.
- નખત્રાણા તાલુકાના રોહા ગામના વિસ્તારમાં પવનચક્કીની ટ્રાન્સમીશન લાઈન સાથે અથડાઈને અથવા વીજ કરંટથી મોરના મૃત્યુના કિસ્સા નિવારવા માટે વીજ લાઈન અન્ડર ગ્રાઉન્ડ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી**

૪૪૫૭૧ ક્લાઈમેટ ચેન્જ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) ૨૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કસૂરવારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૨) ધી પેકેજ્ડ કૉમોડિટીઝ રૂલ્સના નિયમ ૩૨(૩) હેઠળ કુલ રૂ. ૭૦,૦૦૦/- (સીત્તેર હજાર) ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરવામાં આવ્યા. |

- - - - - - - - -

**મહીસાગર અને દાહોદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૪૫૫૫૨ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઈ તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી, આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી. |
| (૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં ? | (૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે. |

- - - - - - - - -

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી**

૪૫૫૧૪ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | પ્રાથમિક શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | નોન- |

| | | | ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| અમદાવાદ | ૬૮૬ | ૩૦ | ૧૬૫૨ |
| બોટાદ | ૨૨૫ | ૦૧ | ૧૧૨ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લો | નવી મંજૂર પ્રાથમિક શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
| અમદાવાદ | ૦૭ | ૦૦ | ૨૦ |

---------

**આણંદ જિલ્લામાં આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોની ભરતી**

૪૫૫૭૦ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં કેટલી આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોની ભરતી કરવામાં આવી,

(૧)

| વર્ષ | આંગણવાડી વર્કરની ભરતી | આંગણવાડી તેડાગરની ભરતી |
|---|---|---|
| ૨૦૨૦ | ૯ | ૧૬ |
| ૨૦૨૧ | ૧૪૧ | ૧૪૦ |

(૨) ઉક્ત ભરતી નિયમો મુજબ ન થઈ હોવા અંગેની કેટલી ફરીયાદો સરકારને ઉક્ત સમયગાળા દરમ્યાન મળી, અને

(૨) એક પણ નહીં.

(૩) મળેલ ફરીયાદો અન્વયે શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી**

૪૫૫૦૮ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૧)

| જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| મોરબી | ૫૯૦ | ૦૧ | ૨૧૦ |
| સુરેન્દ્રનગર | ૮૫૯ | ૦૭ | ૨૪૯ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

(૨)

| જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોન-ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| મોરબી | ૦૦ | ૦૦ | ૦૫ |
| સુરેન્દ્રનગર | ૦૦ | ૦૦ | ૧૬ |

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૪૫૪૪૬ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઈ તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી, આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી.

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં ?

(૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

- - - - - - - - -

**વડોદરા અને નર્મદા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૪૫૫૪૦ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઈ તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી, આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી.

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં ?

(૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરૂ પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં મંજૂર કરેલી માધ્યમિક શાળાઓ**

૪૫૩૮૬ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં કેટલી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી, અને

(૧)

| ક્રમ | જિલ્લો | માધ્યમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડા | ૧૪ |
| ૨ | આણંદ | ૦૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓ કાર્યરત છે ?

(૨)

| ક્રમ | જિલ્લો | માધ્યમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડા | ૧૪ |
| ૨ | આણંદ | ૦૧ |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૪૫૪૭૨ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઈ તા.૧૬-૦૩-૨૦૨૦ થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ

નથી. આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી.

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધા ?

(૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦ થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

---------

## ખેડા અને આણંદ જિલ્લાની શાળાઓમાં જર્જરિત ઓરડાઓ

૪૫૪૪૩ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૧૭૦૨(અગ્રતા-૨૫)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાની ૩૧૮ પ્રાથમિક શાળાઓ અને આણંદ જિલ્લાની ૨૦૩ પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓ જર્જરિત હાલતમાં હતા તે ઓરડાઓ તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી નવા ઓરડાઓ બનાવવાનું આયોજન હતું તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાવવામાં આવ્યા,

(૧)

| જિલ્લો | બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|
| ખેડા | ૭૮ |
| આણંદ | ૨૧ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડા જર્જરિત હાલતમાં છે, અને

(૨)

| જિલ્લો | જર્જરિત ઓરડાની સંખ્યા |
|---|---|
| ખેડા | ૭૧૬ |
| આણંદ | ૭૩૦ |

(૩) ઉક્ત ઓરડાઓને ક્યા સુધીમાં નવા ઓરડાઓ બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

---------

## રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા અંતર્ગત કેન્દ્ર સરકાર સમક્ષ અનાજની માંગણી

૪૫૫૧૧ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા અંતર્ગત ક્યા પ્રકારના કેટલા અનાજની માંગણી કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી,

(૧) ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓની જરૂરિયાત ધ્યાને લઈ માહે એપ્રિલ-૨૦૧૭ થી નિયત કરવામાં આવેલ અનાજની માસિક ફાળવણીમાં લાભાર્થીઓની સંખ્યા મુજબ જરૂરિયાત ધ્યાને લઈ માહે ડિસેમ્બર-૨૦૨૦માં તથા દક્ષિણ ગુજરાત વિસ્તારના કુલ-૭ (સાત) જિલ્લાઓમાં, તેઓની ફૂડ હેબિટને ધ્યાનમાં લઈ ખાદ્ય અન્ન સંદર્ભની જરૂરિયાત લક્ષમાં લઈને, તેઓની ફૂડ હેબિટ સંતોષવા માટે ઘઉં અને ચોખાના વિતરણ પ્રમાણમાં ફેરફારને કારણે ડિસેમ્બર-૨૦૨૧માં એમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા અંતર્ગત પત્રક-૧ મુજબ બે વાર અનાજની ફાળવણીમાં

ફેરફારની માંગણી કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી.

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર ક્યા પ્રકારના અનાજનો કેટલો જથ્થો ઉપાડવામાં આવ્યો, અને

(૨) કેન્દ્ર સરકાર તરફથી મળેલ ફાળવણી સામે તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ તેમજ તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ પત્રક-૨ મુજબ અનાજનો જથ્થો ઉપાડવામાં આવ્યો.

(૩) ઉપાડવામાં આવેલ જથ્થા પૈકી ક્યા પ્રકારના અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું ?

(૩) ઉપાડવામાં આવેલ જથ્થા પૈકી તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ તેમજ તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ પત્રક-૨ મુજબ અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

**પત્રક-૧**

(૧) અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રા.બા.વિભાગ દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓની જરૂરિયાત ધ્યાને લઈ માહે ડિસેમ્બર-૨૦૨૦માં કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવેલ અનાજની માંગણી.

**(આંકડા મે.ટનમાં)**

| અ.નં. | યોજનાનું નામ | માસિક જરૂરિયાત | | વાર્ષિક જરૂરિયાત | | કુલ અનાજ |
|---|---|---|---|---|---|---|
| | | ઘઉં | ચોખા | ઘઉં | ચોખા | |
| ૧ | રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ | ૧૨૭૦૮૫ | ૫૩૮૮૬ | ૧૫૨૫૦૨૦ | ૬૪૬૬૩૨ | ૨૧૭૧૬૫૨ |

(૨) અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રા.બા. વિભાગ દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓની જરૂરિયાત તેમજ દક્ષિણ ગુજરાત વિસ્તારના ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ એમ કુલ ૭ (સાત) જિલ્લાઓમાં, તેઓની ફૂડ હેબિટને ધ્યાનમાં લઈ ઘઉં અને ચોખાના વિતરણ પ્રમાણમાં ફેરફારને કારણે માહે ડિસેમ્બર-૨૦૨૧માં કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવેલ અનાજની માંગણી.

**(આંકડા મે.ટનમાં)**

| અ.નં. | યોજનાનું નામ | માસિક જરૂરિયાત | | વાર્ષિક જરૂરિયાત | | કુલ અનાજ |
|---|---|---|---|---|---|---|
| | | ઘઉં | ચોખા | ઘઉં | ચોખા | |
| ૧ | રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ | ૧૧૮૬૨૬.૫૧ | ૬૩૫૭૦.૪૪ | ૧૪૨૩૫૧૮.૧૨ | ૭૬૨૮૪૫.૨૮ | ૨૧૮૬૩૬૩.૪ |

**પત્રક-૨**

**(આંકડા મે.ટનમાં)**

| ક્રમ | માસ | ઉપાડ | | | વિતરણ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ઘઉં | ચોખા | ઘઉં અને ચોખા કુલ | ઘઉં | ચોખા | ઘઉં અને ચોખા કુલ |
| ૧ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૧૪૧૩ ૭૧૧.૨૨૬ | ૫૮૫૯૨૧.૬૦૯ | ૧૯૯૯૬૩૨.૮૩૫ | ૧૪૧૫૫૩૧.૦૩૦ | ૬૦૦૩૧૬.૨૨૦ | ૨૦૧૫૮૪૭.૨૫૦ |
| ૨ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૧૪૫૩૮૯૫.૭૨૮ | ૬૩૩૧૨૯.૨૯૦ | ૨૦૮૭૦૨૫.૦૧૮ | ૧૪૨૮૬૫૨.૪૨૦ | ૬૨૫૨૭૪.૯૬૦ | ૨૦૫૩૯૨૭.૩૮૦ |
| | **કુલ** | **૨૮૬૭૬૦૬.૯૫૩** | **૧૨૧૯૦૫૦.૮૯૯** | **૪૦૮૬૬૫૭.૮૫૩** | **૨૮૪૪૧૮૩.૪૫૦** | **૧૨૨૫૫૯૧.૧૮૦** | **૪૦૬૯૭૭૪.૬૩૦** |

- - - - - - - - -

**ભરૂચ અને ડાંગ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૪૫૫૩૪ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ અને

(૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઇ તા.૧૬-

ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

૦૩-૨૦૨૦ થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી. આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી.

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધા ?

(૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦ થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

---------

**ભરૂચ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૪૪૫૫૩ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ-૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૧)

| વર્ષ | રોપા (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૬,૨૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ) | ૪૬,૭૧૧ |

(૨) તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેમાં મુખ્યત્વે લીમડા, પ્લેટોફોર્મ, વડ, પીપળ, નીલગિરી, દેશીબાવળ, સરગવા, સાગ, વાંસ જેવા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૩.૨૨ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ) | ૧૮.૭૪ |

---------

**સાસણગીર અને દેવળીયા સફારી પાર્કના વિકાસ માટે ફાળવેલ રકમ**

૪૫૪૮૧ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાસણગીર અને દેવળીયા સફારી પાર્કના વિકાસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાસણગીર અને દેવળીયા સફારી પાર્કના વિકાસ માટે નીચે વિગતે રકમ ફાળવવામાં આવેલ છે.

**(રૂ.લાખમાં)**

| વર્ષ | સાસણગીર | દેવળીયા સફારી પાર્ક |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૫૯૨.૪૨ | ૯૮.૩૪ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ | ૫૯૮.૪૬ | ૧૮૦.૯૨ |

| | | |
|---|---|---|
| અંતિત) | | |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમનો ખર્ચ ક્યા-ક્યા કામ માટે કરવામાં આવ્યો,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચેની વિગતે ખર્ચ કરવામાં આવ્યો.

**(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **સાસણગીર** | **દેવળીયા સફારી પાર્ક** |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૫૯૨.૩૫ | ૯૮.૩૪ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ અંતિત) | ૫૧૯.૩૭ | ૭૯.૮૨ |

ઉક્ત ફાળવેલ રકમમાંથી ગેસ્ટ હાઉસ જાળવણી (સિંહ સદન કેમ્પસ, ગાર્ડન, રૂમ વિગેરે), ટૂરિઝમ રૂટ પરના ટોયલેટ બ્લોક (જાળવણી તથા પાણીની સુવિધા વિગેરે) કામો માટે ખર્ચ કરવામાં આવેલ છે.

દેવળીયા ગીર પરિચય ખંડ માટે ચેઈનલીંક ફેન્સિંગ રિપેરિંગ તથા જાળવણીની કામગીરી, દેવળીયા ખાતે વન્યપ્રાણી (દીપડા)ને રાખવા માટે ઓપન મોટ બનાવવાની કામગીરી, રસ્તા રિપેરિંગ, રસ્તાની બંને બાજુ ફાયર લાઈનની કામગીરી વગેરે માટે વાપરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સ્થળોએ કેટલા કામ પ્રગતિમાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ સાસણગીરમાં કેમ્પસ સાફ-સફાઈ, રૂમ જાળવણી, ગેસ્ટ હાઉસ જાળવણી, ગાર્ડન જાળવણી જેવી કામગીરી પ્રગતિમાં છે અને દેવળીયા સફારી પાર્કમાં પાંજરા જાળવણી, વન્યપ્રાણી ખોરાક, દવાઓ, વાહન જાળવણી, થીનીંગ-પુર્નીંગની કામગીરી, ફેન્સિંગ રિપેરિંગની કામગીરી પ્રગતિમાં છે.

(૪) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) સદરહું કામો ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના પ્રાણી સંગ્રહાલય/રેસ્ક્યુ સેન્ટરમાં સિંહ/દીપડા**

૪૫૪૯૦ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સાસણ, સક્કરબાગ ઝૂ અને રેસ્ક્યુ સેન્ટરોમાં રાખવામાં આવેલ સિંહ, સિંહણ, દીપડાઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સિંહ, સિંહણ અને દીપડાઓને ક્યારથી ક્યા રેસ્ક્યુ સેન્ટરમાં મુખ્ય ક્યા કારણોસર રાખવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સાસણ, સક્કરબાગ ઝૂ અને રેસ્ક્યુ સેન્ટરોમાં કુલ-૧૦૯ સિંહ, સિંહણ અને કુલ-૧૦૫ દીપડા રાખવામાં આવેલ છે.

(૨) ઉક્ત સિંહ, સિંહણ તા.૩૦-૦૪-૨૦૧૮ થી તા.૧૪-૧૨-૨૦૨૧ના સમય દરમિયાન વૃદ્ધાઅવસ્થા હોવાથી, માનવભક્ષી હોવાથી, અનાથ હોવાથી, ઈજાગ્રસ્ત તેમજ બિમાર હોવાથી સારવાર અર્થે, કાયમી અશક્ત હોવાથી, હોજમાં પડી જવાથી, આમ, અલગ-અલગ કારણોસર રેસ્ક્યુ સેન્ટરમાં રાખવામાં આવેલ છે.

ઉક્ત દીપડા તા.૦૭-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ના સમય દરમિયાન માનવભક્ષી હોવાથી, માનવ વન્યપ્રાણી ઘર્ષણની સંભાવના હોવાથી માનવ વસાહતમાંથી પકડી, બિમાર હોવાના કારણે માનવ વસાહતમાં આવી જવાથી, માતાથી અલગ પડવાથી, આમ, અલગ-અલગ કારણોસર રેસ્ક્યુ સેન્ટરમાં રાખવામાં આવેલ

છે.

(૩) તેમને ક્યાં સુધીમાં મુક્ત કરવામાં આવશે ?

(૩) ઉપરોક્ત રેસ્ક્યુ સેન્ટરમાં રાખવામાં આવેલ વન્યપ્રાણીઓ પૈકી સિંહબાળ-૦૧ અને દીપડા-૩૨ને સારવારની કાર્યવાહી પૂર્ણ થયા બાદ જંગલ ભાગમાં મુક્ત કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે. બાકી રહેતા સિંહ, દીપડાઓને તેઓની બિમારી, રંજાડ વિષયે ચોક્કસ આંકલન કર્યા પછી મુક્ત કરવા અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---------

## જૂનાગઢ જિલ્લામાં વન વિભાગ દ્વારા વિવિધ કામોને મંજૂરી

૪૫૪૮૭ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર વન વિભાગ દ્વારા નવા ઘાસ ગોડાઉન, ચેકડેમ, રસ્તા રિપેરિંગ, પૂર સંરક્ષણ દિવાલ, જંગલ ફરતે દિવાલ તથા તાર ફેન્સિંગના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| વર્ષ | તાલુકો | મંજૂર કરવામાં આવેલ કામો |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | જૂનાગઢ | ચેકડેમ-૦૨<br>રસ્તા રિપેરિંગ-૧૧ |
| | ભેંસાણ | રસ્તા રિપેરિંગ-૬ |
| | વિસાવદર | રસ્તા રિપેરિંગ-૨ |
| | મેંદરડા | ચેકડેમ-૦૪<br>રસ્તા રિપેરિંગ-૦૩ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ) | વિસાવદર | ચેકડેમ-૦૨<br>રસ્તા રિપેરિંગ-૦૧ |
| | મેંદરડા | રસ્તા રિપેરિંગ-૦૧<br>નવા ઘાસ |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે માટે તાલુકાવાર કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨)

| વર્ષ | તાલુકો | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | જૂનાગઢ | ૩૨.૦૭ |
| | ભેંસાણ | ૫.૬૫ |
| | વિસાવદર | ૧૪.૪૪ |
| | મેંદરડા | ૩૯.૮૭ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧/૧૨/૨૦૨૧ની | વિસાવદર | ૯.૮૪ |
| | મેંદરડા | ૬૧.૪૦ |

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામ પ્રગતિમાં છે, અને

(૩)

| વર્ષ | તાલુકો | મંજૂર કરવામાં આવેલ કામો | કામોની સ્થિતિ |
|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | જૂનાગઢ | ચેકડેમ-૦૨<br>રસ્તા રિપેરિંગ-૧૧ | પૂર્ણ |
| | ભેંસાણ | રસ્તા રિપેરિંગ-૬ | પૂર્ણ |
| | વિસાવદર | રસ્તા રિપેરિંગ-૨ | પૂર્ણ |

| | | | |
|---|---|---|---|
| | મેંદરડા | ચેકડેમ-૦૪<br>રસ્તા રિપેરિંગ-૦૩ | પૂર્ણ |
| ૨૦૨૧-૨૨<br>(તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ) | વિસાવદર | ચેકડેમ-૦૨<br>રસ્તા રિપેરિંગ-૦૧ | પૂર્ણ |
| | મેંદરડા | રસ્તા રિપેરિંગ-૦૧ | પૂર્ણ |
| | | નવા ઘાસ ગોડાઉન-૦૧ | પ્રગતિમાં |

(૪) પ્રગતિમાં હોય તેવા કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) તા.૩૧-૦૩-૨૦૨૨ સુધી પૂર્ણ કરવામાં આવશે.

---------

**નર્મદા અને વલસાડ જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત**

૪૫૫૩૭ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા પ્રતિવર્ષ સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓની ક્યારે સમીક્ષા કરવામાં આવી,

(૩) ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી શાળાઓમાં ઉક્ત સમીક્ષા કયા કારણોસર કરવામાં ન આવી અને,

(૪) ઉક્ત નિયત થયેલ જોગવાઈ મુજબ કાઉન્સીલ દ્વારા સમીક્ષા થતી ન હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૯ થી સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ ઉપરાંત અધ્યયન અને અધ્યાપન, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે.

(૨)

- નર્મદા જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ-૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ-૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૪૨૬ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.
- વલસાડ જિલ્લામાં તમામ તાલુકાની ૧૦૦% સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સમીક્ષા શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦૨૧ દરમિયાન કરવામાં આવી છે. વર્ષ-૨૦૨૧-૨૨માં ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૭૨૧ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કામગીરી અને માળખાકીય સુવિધાઓના ઉપયોગ અધ્યયન અને અધ્યાપન તેમજ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પણ સમીક્ષા કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પણ પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

(૩) લાગુ પડતું નથી.

(૪) લાગુ પડતું નથી.

------------

**સુરત અને તાપી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

૪૫૫૩૧ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૩) ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૪) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધા ?

**જવાબ**

(૧) કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઇ તા.૧૬-૦૩-૨૦૨૦ થી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ કરેલ હોવાથી આ સમય દરમ્યાન બાળકોનું વજન કરેલ નથી. આથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિની વિગતો આપી શકાય તેમ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કોરોના મહામારીના કારણે તા.૧૬-૦૩-૨૦૨૦ થી આંગણવાડીઓ બંધ રહેવાના કારણે પોષણના નિયત ધોરણો મુજબ બાળકોને ઘરે પૂરક પોષણ પૂરું પાડેલ છે. જ્યારે તા.૧૬-૦૩-૨૦૨૦ પહેલાં આંગણવાડીમાં બાળકોને નિયત ધોરણ મુજબ ગરમ આહાર આપવામાં આવતો હતો તથા ઘરે ટેક હોમ રેશન આપવામાં આવે છે.

- - - - - - - - -

**વાંસદા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૪૫૫૭ **શ્રી વિજયભાઈ પટેલ** (ડાંગ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ-૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૮૮ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ) | ૪૭૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૦૨.૧૬ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ) | ૨૫૨.૮૧ |

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

તારાંકિત પ્રશ્નના લેખિત જવાબમાં સુધારો કરતું નિવેદન

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા ( રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૭/૩/૨૦૨૨ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નોત્તરીમાં અગ્રતા-૧૫૯ના અપાયેલ લેખિત જવાબમાં સુધારા કરતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**અનુમતિ મળેલાં વિધેયકો**

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૨ ના વિધેયક ક્રમાંક-૧, ૨ અને ૪ વિધાનસભાના મેજ ઉપર મૂકવા ની રજા લઉં છું.

તા. ૨૯મી માર્ચ ૨૦૩૩
માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

**અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**કામકાજ સલાહકાર સમિતિનાં (સોળમા )અહેવાલની રજૂઆત**

અધ્યક્ષશ્રી: ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો સોળમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર તારીખઃ ૨૮ મી માર્ચ ૨૦૨૨ ના રોજ સભાગૃહની બેઠક પૂર્ણ થયાના દસ મિનિટ બાદ અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણ કરી હતી.

કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલમાં કરેલ ભલામણ અનુસાર ગુરુવાર તા.૩૧-૩-૨૦૨૨ ના રોજ ગુજરાત યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સિસ વિધેયક, ૨૦૨૨ની ચર્ચા હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ હવે આ વિધેયક પડતું મૂકી તેના સ્થાને ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૨ ની ચર્ચા હાથ ધરવી અને તેની વિચારણા પૂરી કરવી.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના (અઢારમા) અહેવાલની રજૂઆત**

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : ( સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો અઢારમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સોળમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : ( સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અઢારમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ)**

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણા વિભાગ

**માગણી ક્રમાંક-૧૨**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ) સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૬,૧૬,૪૮,૦૦૦/- ની માગણી ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.

ચૈત્ર ૮, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક ૧૩**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજનાઓ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯૮,૪૫,૯૨,૪૯,૦૦૦/ -ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૩૨,૧૫,૫૭,૦૧,૦૦૦/ -ની માગણી ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાંતિભાઇ સોઢા પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક ૧૫**

**નાણા વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૩,૫૪,૪૧,૦૦૦/ - ની માગણી ક્રમાંક ૧૫ રજૂ કરૂં છું.

તા. ૨૯મી માર્ચ ૨૦૩૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

**માગણી ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૧૬**

**નાણા વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(**નાણા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ (નાણા વિભાગ) સેવાને લગતી, નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૬૪,૪૪,૦૨,૦૦૦/ - ની માગણી ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૩ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૪ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૫ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૧૭**

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(** નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટ સેવાને લગતી, નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨,૦૭,૯૪,૫૨,૦૦૦/ -ની માગણી ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૭ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૧૮**

ચૈત્ર ૮, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ સેવાને લગતી, નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૨૮,૮૩,૫૭,૩૦,૦૦૦/ - ની માગણી ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૧૮ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માગણી નં ૧૨** | |
| ૧ | ૨૦૪૫-ચીજવસ્તુઓ..અને શુલ્ક<br>૧૦૩-વસૂલાત...શુલ્ક<br>૦૧ - વીજળી...નિરીક્ષક<br>રૂ. ૨૬,૧૬,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૫,<br>પાના.નં. ૬ અને ૭ | ૧૦૦ | ઇલેક્ટ્રિસિટી એક્ટ-૨૦૦૩ની કલમ-૬૫ હેઠળ ક્રોસ સબસિડી બંધ કરવાની જોગવાઈ હોવા છતાં આજ દિન સુધી તેનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨ | - - " - - | ૧૦૦ | જૂના પાવર પ્લાન્ટસના નિભાવ ખર્ચનો બોજો વીજગ્રાહકો પર નાખવામાં આવે છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી.જે.ચાવડા |
| *૩ | - - " - - | ૧૦૦ | રાજ્યનો વીજ ઉત્પાદન ખર્ચ ઘટાડી વીજ ગ્રાહકો ઉપર પડતો આર્થિક બોજો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભાવેશભાઈ કટારા |
| *૪ | - - " - - | ૧૦૦ | ઘરવપરાશના વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલમાં જે માસિક ફીક્સ ચાર્જ વસૂલાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૫ | - - " - - | ૧૦૦ | ઘરવપરાશના વીજ ગ્રાહકોના વીજ બીલની રકમ પર વસૂલવામાં આવતા વીજ શુલ્કને બદલે ખરેખર થયેલ વીજ વપરાશના આધારે વીજ શુલ્ક વસૂલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| *૬ | - - " - - | ૧૦૦ | ઔદ્યોગિક એકમો-સંસ્થાઓને વીજ શુલ્કમાંથી આપેલ માફી અંગેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| ૭ | - - " - - | ૧૦૦ | ઔદ્યોગિક એકમોને વીજ શુલ્કમાંથી માફી આપીને ઘરવપરાશના વીજ ગ્રાહકો પાસેથી આવું વીજ શુલ્ક વસૂલાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૮ | ૨૦૪૫-ચીજવસ્તુઓ...શુલ્ક<br>૧૦૩-વસૂલાત...શુલ્ક<br>૦૧ - વીજળી...નિરીક્ષક<br>રૂ. ૨૬,૧૬,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૫,<br>પાના.નં. ૬ અને ૭ | ૧૦૦ | અનુચિત ગણતરીને આધારે ખેડૂતો પાસેથી બેફામ રીતે થતી વીજ શુલ્કની વસૂલાત નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| ૯ | - - " - - | ૧૦૦ | સસ્તા ભાવે મળતી વીજળી ખરીદવાને બદલે ખાનગી ઉત્પાદકો પાસેથી મોંઘા ભાવે વીજળી ખરીદીને, વીજ ગ્રાહકો પર પડતો આર્થિક બોજો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર<br>( શીવાભાઈ ભુરીયા)<br>(ચંદનજી ઠાકોર) |
| ૧૦ | - - " - - | ૧૦૦ | વીજ કંપની દ્વારા થતી ગેરરીતિને કારણે તેનો આમજનતાના બિલ પર પડતો આર્થિક બોજો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| *૧૧ | - - " - - | ૧૦૦ | ઘરવપરાશના વીજ ગ્રાહકોના બિલમાં રાહત આપવા વીજ શુલ્કમાં ઘટાડો થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૧૨ | - - " - - | ૧૦૦ | વીજગ્રાહકોના વીજ બીલમાં F .P .P .P .A .નો યુનીટ દીઠ ભાવ વધારો વસૂલાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૧૩ | - - " - - | ૧૦૦ | વીજ કંપનીઓ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના નામે | શ્રી કિરીટકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | વસૂલાતા ચાર્જને દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૪ | - - " - - | ૧૦૦ | મોટા ઔદ્યોગિક એકમો તથા નગરપાલિકાઓના બાકી વીજ બીલની રકમ સમયસર ન વસૂલાતા તેનો બોજ નાના વીજ ગ્રાહકો ઉપર પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૫ | - - " - - | ૧૦૦ | વર્ષો જૂના બિનકાર્યરત પાવર પ્લાન્ટ બંધ કરી વીજ ગ્રાહક ઉપર પડતો આર્થિક બોજ ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |
| ૧૬ | - - " - - | ૧૦૦ | ગેસ આધારીત પાવર પ્લાન્ટો બંધ હોવા છતાં તેના વહીવટી ખર્ચાનો બોજ વીજ ગ્રાહકો ઉપર નાખવામાં આવે છે તે અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૧૭ | - - " - - | ૧૦૦ | વીજ ગ્રાહકો પર આર્થિક બોજ વધે તેવી કાર્યવાહી કરનાર વીજ કંપનીઓનું 'કેગ' દ્વારા ઓડીટ કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મોહનલાલ વાળા |
| | | માગણી નં. - ૧૩ | | |
| ૧૮ | ૨૮૦૧-વીજળી શક્તિ<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિદ્યુત..બોર્ડને સહાય<br>રૂ.૧૯,૦૬,૮૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫,<br>પાના.નં. ૯ થી ૧૨ | ૧૦૦ | શહેરી- ગ્રામીણ વિસ્તારોમાં વારંવાર ખોરવાતાં વીજ પુરવઠા સંબંધમાં યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઈ દેસાઈ |
| ૧૯ | ૨૮૦૧-વીજળી શક્તિ<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિદ્યુત..બોર્ડને સહાય<br>રૂ.૧૯,૦૬,૮૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫,<br>પાના.નં. ૯ થી ૧૨ | ૧૦૦ | વારંવાર ધરાશાય થઈ જતાં નબળી કક્ષાના વીજ થાંભલાને બદલીને ગુણવત્તાયુક્ત નવા વીજ થાંભલા નાંખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| *૨૦ | - - " - - | ૧૦૦ | વરસાદી પાણી ભરાતા વીજ ટ્રાન્સફોર્મરોને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈમરાન ખેડાવાલા |
| ૨૧ | - - " - - | ૧૦૦ | વિદ્યુત બોર્ડના કર્મચારીઓના પડતર પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૨ | - - " - - | ૧૦૦ | વિદ્યુત બોર્ડના બિનકાર્યક્ષમ વહીવટી તંત્રને કારણે વિદ્યુત બોર્ડને થતી ખોટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૩ | - - " - - | ૧૦૦ | ખેડૂતોની જાણ બહાર તેઓના ખેતરમાં વીજ પોલ ઉભા કરતા અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| ૨૪ | - - " - - | ૧૦૦ | વિદ્યુત બોર્ડની નબળી કામગીરીને કારણે ગ્રામીણ વિસ્તારોમાં વારંવાર ખોરવાતો વીજ પુરવઠો નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૨૫ | - - " - - | ૧૦૦ | તૌકતે વાવાઝોડાને કારણે નુકસાન પામેલ ટ્રાન્સફોર્મરો/વીજ થાંભલાઓની સત્વરે મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ વાજા |
| *૨૬ | - - " - - | ૧૦૦ | રાજ્યમાં ખેડૂતોને દિવસે વીજળી આપવાની નીતિનો સત્વરે અમલ ન કરાતાં ખેડૂતોને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીશભાઈ ડેર |
| ૨૭ | - - " - - | ૧૦૦ | વીજ કંપનીઓની નબળી કામગીરીને કારણે થોડા વરસાદમાં પણ વીજ પુરવઠો ખોરવાઈ જાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૨૮ | - - " - - | ૧૦૦ | આજદિન સુધી રાજ્યમાં દરિયાઈ મોજા આધારિત ઉત્પાદીત થયેલ વીજળી અંગેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૨૯ | - - " - - | ૧૦૦ | સમગ્ર રાજ્યમાં અન્ડર ગ્રાઉન્ડ વીજ કેબલો નાંખવાની કામગીરી પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઈ પટેલ |
| ૩૦ | - - " - - | ૧૦૦ | ખેતરોમાં આવેલ વીજ પોલ જીવંત વાયરો તૂટી પડતાં ખેડૂતોના ઉભા પાકને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઈ જોષી |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧ | - - " - - | ૧૦૦ | જૂના વીજ મીટર બદલવાના આદેશનું ઉલ્લંઘન કરીને વીજ કંપનીઓ દ્વારા વીજ ગ્રાહકો પાસેથી અયોગ્ય રીતે દંડ વસૂલ કરવામાં આવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઈ પરમાર |
| ૩૨ | ૨૮૦૧-વીજળી શક્તિ<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિદ્યુત..બોર્ડને સહાય<br>રૂ.૧૯,૦૬,૮૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫,<br>પાના.નં. ૯ થી ૧૨ | ૧૦૦ | વીજ કંપનીઓ દ્વારા નિયમિત રીતે વીજ કેબલોની ચકાસણી ન કરાવાતા થતાં આગના અકસ્માતોને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| નાણા વિભાગ<br>માગણી નં.-૧૫ | | | | |
| ૩૩ | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧ - નાણા વિભાગ<br>રૂ. ૨૩,૪૯,૪૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૬,<br>પાના.નં. ૭૯ | ૧૦૦ | પગારપંચ સમિતિની રચના બાદ પણ આજદિન સુધી રાજ્યના કર્મચારીઓને સાતમા પગારપંચ હેઠળના બાકી લાભો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા<br>(હિંમતસિંહ પટેલ) |
| ૩૪ | - - " - - | ૧૦૦ | વિમાન માટેના એર ટર્બાઈન ફ્યુઅલના વેરા નાબૂદ કરવામાં આવે છે. જ્યારે પેટ્રોલ- ડીઝલના વેરામાં રાહત આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| ૩૫ | - - " - - | ૧૦૦ | કોરોનાકાળમાં વિદેશમાં વસતા ગુજરાતીઓ દ્વારા રાજ્યની હોસ્પિટલોમાં આપેલ સહાયની રકમ અને તે પૈકી માફ કરેલ GST અંગેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૩૬ | - - " - - | ૧૦૦ | વિભાગોને ફાળવવામાં આવેલ પરંતુ વણવપરાયેલ પડી રહેલ ગ્રાન્ટ માટે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| ૩૭ | - - " - - | ૧૦૦ | રાજ્યને કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતો કરવેરાનો હિસ્સો સતત ઘટી રહ્યો છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |
| ૩૮ | - - " - - | ૧૦૦ | રાજ્યના જાહેર સાહસોની થાપણોને ગુજરાત રાજ્ય નાણાકીય સેવા લી.માં મૂક્યા બાદ તેનું વ્યાજ સરકારમાં જમા કરાવ્યા અંગેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |
| ૩૯ | - - " - - | ૧૦૦ | લાંબા સમયથી બિન કાર્યશીલ અને ખોટ કરતા સરકારના જાહેર સાહસો અને કંપનીઓને સત્વરે બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| ૪૦ | - - " - - | ૧૦૦ | રાજ્યના વિકાસના કામો માટે બજેટમાં પુરતી નાણાકીય જોગવાઈ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૪૧ | - - " - - | ૧૦૦ | રાજ્યમાં જૂની પેન્શન નીતિ પુનઃ લાગુ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ભગાભાઈ બારડ<br>(લલીત વસોયા) |
| *૪૨ | - - " - - | ૧૦૦ | રાજ્યનો માથાદીઠ ખર્ચ અને માથાદીઠ દેવાની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઈ પટેલ |
| *૪૩ | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧ - નાણા વિભાગ<br>રૂ. ૨૩,૪૯,૪૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૬,<br>પાના.નં. ૭૯ | ૧૦૦ | રાજ્યના કુલ વાર્ષિક બજેટમાં ૨૫ ટકા જેટલી રકમ દેવા તરીકે દર્શાવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| *૪૪ | - - " - - | ૧૦૦ | વાર્ષિક બજેટ તૈયાર કરતી વખતે પૂરતી ચકાસણીના અભાવે પૂરક માંગણીઓ રજૂ કરવી પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૪૫ | - - " - - | ૧૦૦ | વિભાગો દ્વારા કરવામાં આવતાં બિનઉત્પાદીત ખર્ચાઓ | શ્રી મહેશકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૬ | - - " - - | ૧૦૦ | સને ૧૯૮૦થી કર્મચારીઓને મળતા સ્પેશ્યલ-પે માં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દુધાત |
| | | માગણી નં. ૧૬ | | |
| ૪૭ | ૨૦૪૩-રાજ્ય...ખર્ચ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-રાજ્ય વેરા આયુક્ત<br>રૂ.૩૨,૯૬,૦૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૬,<br>પાના નં.૧૦ | ૧૦૦ | GST રજીસ્ટ્રેશનમાં ગેરરીતિ આચરનાર જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા |
| ૪૮ | - - " - - | ૧૦૦ | રાજ્યમાં બોગસ બિલીંગના વધતા જતા બનાવો અંગે તપાસ કરી જવાબદાર ઈસમો સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| *૪૯ | - - " - - | ૧૦૦ | ખરાઈ કર્યા વિના એકમોને અપાતા GST રજીસ્ટ્રેશન તથા ખરીદીના ડેટા અંગેની માહિતીના અભાવે રાજ્યમાં બોગસ બિલીંગ વધી રહ્યું છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| ૫૦ | - - " - - | ૧૦૦ | GST કચેરી દ્વારા અપીલ કેસોના નિર્ણયમાં થતા વિલંબથી વેપારીઓની બેંક ગેરંટી અટવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઈ માડમ |
| *૫૧ | - - " - - | ૧૦૦ | ઈ વે બીલમાં થયેલ નજીવી ભૂલ સામે અયોગ્ય પેનલ્ટી કરતાં અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| *૫૨ | - - " - - | ૧૦૦ | માલ પર ભરેલ GST સામે અયોગ્ય ટેક્સ ક્રેડીટ લઈ બોગસ બિલીંગની ગેરરીતિ કરનાર ઈસમો સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૫૩ | - - " - - | ૧૦૦ | વેપારીઓને અયોગ્ય રીતે હેરાન કરતા GST કચેરીના અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઈ સોલંકી |
| ૫૪ | ૨૦૪૩-રાજ્ય...ખર્ચ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-રાજ્ય વેરા આયુક્ત<br>રૂ.૩૨,૯૬,૦૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૬,<br>પાના નં.૧૦ | ૧૦૦ | GST આવ્યા બાદ આજદિન સુધી ઉત્પાદનના H.S.N. કોડમાં રહેલી અસ્પષ્ટતાનું નિવારણ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| ૫૫ | - - " - - | ૧૦૦ | GST કચેરી દ્વારા વેપારીઓના રેકર્ડ તપાસ્યા વિના અપાતી અયોગ્ય નોટીસો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| | | માગણી નં-૧૭ | | |
| *૫૬ | ૨૦૫૪-તિજોરી...વહીવટ<br>૦૯૫-હિસાબ...કચેરી<br>૦૧-GES-1 નિયામકની કચેરી<br>રૂ.૧૪,૩૫,૮૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૬,<br>પાના નં.૮૨ | ૧૦૦ | રાજ્યના કર્મચારીઓના પગારબીલોમાં થતો વિલંબ દૂર કરી, પગારબીલો સમયસર મંજૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૫૭ | - - " - - | ૧૦૦ | તિજોરી ઓફિસોમાં લાંબા સમય સુધી પડતર રહેતા કોરોના સહાયના બિલો સમયસર ચૂકવાય તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| | | માગણી નં. ૧૮ | | |
| *૫૮ | ૨૦૭૧-પેન્શન...લાભો<br>૦૧-મુલકી<br>૧૦૧-વયનિવૃત્તિ..ભથ્થા<br>રૂ.૬૩,૪૦,૩૪,૬૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૬ | ૧૦૦ | પેન્શન કચેરીની નબળી કામગીરીને કારણે કચેરીમાં થયેલ કેસોનો ભરાવો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |

| | પાના નં.૯૦ | | | |
|---|---|---|---|---|

***** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : અંદાજપત્રમાં સમાવિષ્ટ અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય બપોરના ૩-૩૦ થી સાંજના ૮-૦૦ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવ્યો છે. વિધાનસભાના નિયમોના નિયમ-૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય. આ જોગવાઇ અનુસાર આજ સાંજે ૭-૦૦ વાગ્યે અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચાનો અંત આવશે અને જે માગણીઓ પર ચર્ચા ચાલતી હશે તે અને તે સિવાયની બાકી રહેતી બીજી તમામ માગણીઓ એકીસાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આજે ગૃહ સમક્ષ નાણા વિભાગની માગણી ક્રમાંક-૧૫,૧૬,૧૭,૧૮ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વના શ્રેષ્ઠ અર્થશાસ્ત્રી ચાણક્યે કહ્યું છે કે, કોઇ પણ રાજયના સુશાસન માટેના નાણાની સુયોગ્ય વ્યવસ્થા એ પાયાનો સિદ્ધાંત છે. વર્ષ ૨૦૦૨ થી ૨૦૨૨ વિતેલાં ૨૦ વર્ષ તરફ હું આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. વર્ષ ૨૦૦૨-૦૩થી ૨૦૨૧-૨૨ સુધીમાં આ ગૃહે ૧૫ લાખ ૨ હજાર ૬૪૬ કરોડનું કુલ બજેટ મંજૂર કરી ભારતીય જનતા પાર્ટીની સરકારને રાજયમાં સુશાસન સોંપવા માટે જવાબદારી સોંપી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૨-૦૩ થી ૨૦૨૧-૨૨ સુધીમાં કુલ સ્થાનિક કરવેરા પેટે ૯,૩૧,૮૧૮ કરોડ ઉઘરાવવામાં આવ્યા. બિન કર પેટે ૧,૬૦,૨૮૧ સહિત કુલ-૧૦,૯૨,૦૯૯ કરોડના કરવેરા ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ઉઘરાવવામાં આવ્યા. વર્ષ ૨૦૦૨-૦૩માં સ્થાનિક કરવેરાની આવક જે વાર્ષિક ૧૩,૫૨૪ કરોડ રૂપિયા હતી તે આજે વર્ષ ૨૦૨૧-૨૨માં વધીને વાર્ષિક ૧,૧૮,૩૯૦ કરોડ જેટલી થઇ ગઇ છે. રાજ્યની કુલ મહેસૂલી આવક વર્ષ ૨૦૦૨-૦૩માં વાર્ષિક રૂ.૧૯,૨૩૧ કરોડ હતી. આજે વેરાનું કરભારણ વધ્યું એના પરિણામે વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્યની મહેસૂલી કુલ વાર્ષિક આવક રૂ.૧,૬૩,૦૨૧/- કરોડથી વધુ વસૂલાવાનો અંદાજ છે. મારે આપના મારફત માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે રાજ્યમાં સતત કરની આવક વધતી જાય છે તેમ છતાં વર્ષ ૨૦૦૨-૦૩થી વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં કુલ ૪,૪૦,૩૯૪ કરોડ રૂપિયાનું ઋણ ભારતીય જનતા પાર્ટીની સરકારે લીધું છે. વર્ષ ૨૦૦૨-૦૩ થી ૨૦૨૧-૨૨ સુધીમાં આ ઋણ પેટે રૂ.૨,૫૨,૮૦૪/- કરોડ જેટલી રકમ વ્યાજ ચૂકવવામાં ભારતીય જનતા પાર્ટી આગળ રહી છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે વર્ષ ૨૦૦૨-૦૩ થી ૨૦૧૨-૧૩ સુધીનું કુલ બજેટ માત્ર રૂ.૨,૨૫,૩૭૬ કરોડ રૂપિયા છે. જ્યારે વર્ષ ૨૦૦૨-૦૩ થી ૨૦૨૧-૨૨ સુધીના ૨૦ વર્ષમાં વ્યાજ ખર્ચ પેટે રૂ.૨,૫૨,૮૦૪ કરોડનો ખર્ચ નોંધાયો છે. એનો મતલબ કે વિતેલા ૨૦ વર્ષ પૈકી ૧૦ વર્ષનું બજેટ તો માત્ર વ્યાજમાં વપરાઇ ગયું છે. મારે આર.બી.આઇ.ના રિપોર્ટ તરફ આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. આ રિપોર્ટ અનુસાર માર્ચ-૨૦૨૦ અંતિત કુલ ૩,૨૫,૯૬૨ કરોડના દેવા સહિત તમામ જવાબદારીઓ ગુજરાતની સરકાર ઉપર નોંધાયેલ હતી. સવા ત્રણ લાખ કરોડ કરતાં વધુ દેવા સહિત જવાબદારીઓ પછી *(xxx) રાજ્યની બજેટ બુકમાં સરકારે આંકડા દર્શાવ્યા છે એ મુજબ વર્ષ ૨૦૨૦-૨૧માં ૫૮,૮૫૭ કરોડનું દેવું કર્યું. વર્ષ ૨૦૨૧-૨૨માં ૫૯,૯૯૬ કરોડ જેટલું દેવું કર્યું. એટલે હાલ પર્યંત ૩૧ માર્ચ, ૨૦૨૨ ની સ્થિતિએ લગભગ અંદાજિત ૪,૪૪,૮૧૫ કરોડના દેવા બોજ નીચે મારું ગુજરાત દબાયું છે અને હજી આગામી માર્ચ - ૨૦૨૩ સુધી જે બજેટ માનનીય ગૃહ સમક્ષ આવ્યું છે એમાં સરકારે વધારાના ૫૧,૦૦૧ કરોડ ઋણ તરીકે દેવા બોજ વધારવાની શક્યતા દર્શાવી છે ત્યારે મને લાગે છે કે માનનીય નાણામંત્રીશ્રી આગામી માર્ચ - ૨૦૨૩ ના રોજ ૪,૯૫,૮૧૬ કરોડના દેવા સાથે અમારી નવી સરકારે આ ખોટકાયેલા વિકાસ રથને આગળ ધપાવવા મજબૂર થવું પડશે. રાજ્ય સરકારે આખા દેશમાં સર્વ પ્રથમ ખેતીની ઉપજોને કર વસૂલાતના દાયરામાં લાવવાનું પાપ કર્યું છે. કૃષિ ઉત્પાદન કરવેરાનું ભારણ વધી રહ્યું છે. વર્ષ ૨૦૦૮-૦૯માં વેંટમાં રાજ્યની ૪૩ કૃષિ ઉપજોને ૫ ટકા વેંટના દાયરામાં સમાવી વર્ષ ૨૦૦૮-૦૯ થી ૨૦૧૯-૨૦ના સરકારી આંકડા મુજબ કુલ ૧૦,૬૩,૨૮૫ કરોડનું કૃષિ ઉત્પાદન થયું. પહેલાં વેંટ અને પછી જી.એસ.ટી. હાલ પર્યંત આ ૫ ટકા કૃષિ ઉપજ ઉપર કરવેરા પેટ અંદાજે રૂ.૫૩,૧૬૪ કરોડ જેટલી ઉઘરાણી કરી વર્ષ ૨૦૦૮-૦૯ થી ૨૦૧૯-૨૦ સુધીમાં ૫૩,૧૬૪ કરોડ ખેડૂતોના ખિસ્સામાંથી કરવેરા ઉઘરાવ્યા અને એની સામે બજેટ બુકમાં માત્ર ૫૬,૨૩૩ કરોડ જેટલી નજીવી રકમ ફાળવવામાં આવી. વર્ષ ૨૦૨૨-૨૩માં ૨,૪૩,૫૬૭ કરોડનું બજેટ લાવ્યા. ગયા વર્ષે ૨,૨૭,૦૨૯ કરોડ માંગેલ હતા. એ ખર્ચાયા નહિ. ૬,૨૮૧ કરોડ રૂપિયા વણવપરાયેલ પડ્યા રહ્યા. ૧૯ જેટલા વિભાગોમાં જે લોકોને સીધો લાભ મળવાનો હતો એવી યોજનાઓમાં નાણાના અભાવે હાલાકી વધી. નાણા વિભાગના રૂ.૮૧૩ કરોડ, નર્મદા જળસંપતિ વિભાગના રૂ.૨,૩૪૮ કરોડ, વન પર્યાવરણ વિભાગના રૂ.૧૭૦ કરોડ, ગૃહ વિભાગના રૂ.૮૮૬ કરોડ, શ્રમ અને રોજગાર વિભાગના રૂ.૧૨૩ કરોડ,

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પંચાયત અને ગૃહ નિર્માણ વિભાગના રૂ.૪૩૭ કરોડ, કૃષિ અને સહકાર વિભાગના રૂ. ૯૪૬ કરોડ સહિત રૂ. ૬,૨૮૧ કરોડ આ સરકાર વાપરી શકી નહિ. રાજ્ય સરકારની કચેરીમાં સરકારી આંકડા મુજબ ૪ લાખ ૬૫ હજાર ૩૦૬ અધિકારી/ કર્મચારીઓ ફરજ બજાવે છે તે પૈકી ૨૪ ટકાનું આઉટસોર્સથી અને ૧૦ ટકાથી વધુ લોકોનું ફિક્સ વેતનથી શોષણ થઈ રહ્યું છે. વિધાનસભાના અહેવાલ મુજબ ૧લી ઓક્ટોબર, ૨૦૨૧ની સ્થિતિએ વર્ગ-૧માં ૧૦૭, વર્ગ-૨માં ૩૧૧, વર્ગ-૩માં ૬૫૮ સહિત કુલ ૧,૪૭૧ અધિકારી/કર્મચારીઓએ કરાર આધારિત સેવાની લટકતી તલવાર તળે પીડાઈ અને *(xxx) માટે તેના હુકમશાહો સામે મૂક સાક્ષી બનવા મજબૂર બનવું પડ્યું.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી કોઈ સીધી ટીકા નથી. વિધાનસભાના અહેવાલ મુજબ ૧લી ઓક્ટોબર, ૨૦૨૧ની સ્થિતિએ ૪ લાખ ૬૫ હજાર ૩૦૬ કર્મચારીઓ પૈકી આઉટસોર્સ, શેટ્ટી પે કમિશન, કરાર આધારિત અને અન્ય મળીને ૧ લાખ ૧૪ હજાર ૫૬૭ કરતાં વધુ અધિકારી/કર્મચારીઓનું શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક રીતે શોષણ થઈ રહ્યું હોય તેવો વિવિધ વર્ગોમાંથી અવાજ ઉઠી રહ્યો છે. ફિક્સ વેતન હેઠળના ૪૯,૦૭૭ કર્મચારીઓને ''સમાન કામ સમાન વેતન'' ના અધિકારથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. રાજ્યની વસતિ વધુ છે, પણ મહેકમ સતત ઘટતું જાય છે, છતાં લગભગ દરેક વિભાગમાં મોટી સંખ્યામાં ખાલી જગ્યાઓના કારણે આજે વહીવટી સેવાઓ કથળી છે. રાજ્યમાં ખાલી જગ્યાઓ ઉપર કાયમી ભરતીઓ કરવાના બદલે ફિક્સ પગાર, કરાર અને આઉટસોર્સથી નિમણૂકના બહાને અસલામત નોકરી ઉપર શોષણ અને ભ્રષ્ટાચારનો ભોગ બનનારા કર્મચારીઓની પીડા સતત વધી રહી છે. ખાનગી ફેક્ટરી, કારખાના કે ઉદ્યોગ ગૃહોમાં સ્થાનિક યુવાનોને રોજગારીના અવસર સતત ઘટતા જાય છે. સ્થાનિક તકોના અભાવે આ રાજ્યનું શિક્ષિત યુવા ધન હવે વિદેશ ભાગી રહ્યું છે તેની આપણે ચિંતા કરવી પડશે. આર્થિક અસમાનતાના કારણે યુવાનો સમાન અવસરની તકો ગુમાવી રહ્યા છે. સરકારે વિધાનસભામાં સ્વીકાર્યું છે કે વીતેલા વર્ષોમાં ૩ લાખ ૫૭ હજાર કરતાં વધુ નાના અને મધ્યમ કદના ઉદ્યોગો બંધ થયા. રોજગારના સૌથી વધુ અવસર પેદા કરનારા નાના અને મધ્યમ કદના ઉદ્યોગ ગૃહો શા માટે બંધ થયા તેની માનનીય નાણામંત્રીશ્રીએ ચિંતા કરવાની જરૂર હતી. સરકારી ભરતીમાં અનિયમિતતા, વિલંબ અને ગોટાળાના કારણે શિક્ષિત યુવાનોમાં ભારે મોટી નિરાશા છે. આ બાબતનું નિરાકરણ કરવા માટે સરકારે આગળ આવવું પડશે. નવી પેઢીનું ઘડતર કરનાર ગુરુ સમાન શિક્ષકોની શિક્ષણની મુખ્ય જવાબદારી ગૌણ બની ગઈ છે. અસંખ્ય અન્ય પ્રવૃત્તિઓ શિક્ષકો મારફતે કરાવવામાં આવે છે. આપણે સૌએ જોયું છે કે બનાસકાંઠામાં ખેતરમાં તીડ ઉડાડવા માટે શિક્ષકોએ જવું પડે એ ગુજરાતની ભાવિ પેઢીને અંધકારમાં ધકેલવાની ઘંટડી સમાન છે. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સુધી સરળતાથી સસ્તું અથવા તો વિનામૂલ્યે શિક્ષણ મળે તેવી વ્યવસ્થા રાજ્ય સરકારે કરવી જોઈએ. ફિક્સ વેતન, કરાર અને આઉટસોર્સ આધારિત ભરતીઓ સદંતર બંધ કરી સમાન કામ સમાન વેતનનો ધારો લાગુ પાડવો જોઈએ. આજે રાજ્યમાં ૭૫ હજાર જેટલા અધિકારી/કર્મચારીઓ નિવૃત્તિ પછી વધારાની ફરજ બજાવે છે. ગુજરાતના યુવાધનના અવસર અવરોધાઈ રહ્યા છે. આ નિવૃત્ત કર્મચારીઓને નોકરીમાં લેવાની પ્રથા બંધ કરી અને નવા યુવાનો, નવા વિચાર સાથે નવા ગુજરાતને ઘડે તેવો અવસર આપવો જોઈએ. ૨૦ વર્ષમાં ૧૫ લાખ કરોડ ઉપરાંત ખર્ચ થયા પછી પણ આજે ગુજરાતમાં બાંધકામ ઉદ્યોગમાં બળાપો છે. આરોગ્ય સેવામાં ઉણપ છે. ઓનલાઈન વેપારના આક્રમણથી સ્થાનિક ધંધા-રોજગાર ભાંગીને ભૂકો થઈ ગયા છે. દરેક વેપારીઓને ત્યાં કરવેરાનો કકળાટ છે. જી.એસ.ટી.ની ઝંઝટમાંથી ગુજરાત રાજ્યને મુક્ત કરાવવા માટે માનનીય નાણામંત્રીશ્રી, હું આપને વિનંતી કરૂ છું. આજે મોંઘવારીનો માર વધતો જાય છે, મંદીની મોકાણે નાના માણસને મરવા મજબૂર થવું પડે એવી સ્થિતિ છે. એમાં પણ હવે તો સાયબર હુમલાની સતામણી થઇ રહી છે. કયારે કોના ખાતામાંથી, કોણ પૈસા સેરવી જાય એની ખબર પડતી નથી. માનનીય મંત્રીશ્રી, આજે સરકાર શિક્ષણ ક્ષેત્રમાંથી હાથ પાછો ખેંચી રહી છે અને બીજી બાજુ,ખાનગી સ્વનિર્ભર શાળા, કોલેજમાં કોરોના કાળમાં કચડાયેલો, ગરીબ, બિચારો, મજબૂર મા-બાપ, કેટલાય વાલીઓ અને વિદ્યાર્થીઓનું અમુક ફી માફિયાઓ દ્વારા થતું શોષણ રોકવા હું સરકારશ્રીને વિનંતી કરૂ છું. આ કૃષિ ક્ષેત્ર ઉપર જે કરવેરાનું ભારણ છે એને સંપૂર્ણ નાબૂદ કરવા માટે હું વિનંતી કરૂ છું. ઓટોમોબાઇલ ઉદ્યોગમાં ઉકળાટ છે એમાં પણ સરકાર સ્ક્રેપ પોલિસી લાવવાનું વિચારી રહી છે. અમારા જૂના મોટર સાઇકલમાં પેટ્રોલ પુરાવવાનો વેત નથી. ડીઝલ સોને આંબવા આવ્યું. સી.એન.જી., પી.એન.જી. પંપે લાંબી લાઇનો લાગી છે. દિવસ ઉગેને ઘડિયાળના કાંટા સાથે એના ભાવ દરરોજ વધતા જાય છે. એમાં, સ્ક્રેપ પોલિસીથી અમારૂં ભાંગેલુ તૂટેલું મોટરસાઇકલ પણ તમે ભંગારમાં વેચાવી દેશો. બીજી તરફ જળવાયુ પ્રદૂષણની પીડા, ટ્રાફિક સમસ્યાનું ટેરિરીઝમ, રખડતાં ઢોરની ગામે ગામ રમખાણ છે. ન્યાયિક વ્યવસ્થામાં પણ કયાંય સરકારની નિષ્કાળજીના કારણે લોકોને સરળતાથી ન્યાય મેળવવા ઉપર લગામ લાગી હોય, એવી સ્થિતિમાં સામાજિક અને આર્થિક અસમાનતાની ખાઇ વધી રહી છે. મને લાગે છે કે, આ વિતેલા ૨૦ વર્ષમાં રકમ રૂપિયા ૧૫ લાખ કરોડના ખર્ચા પછી નાના માણસના ખીસ્સા ખાલીખમ, ગરીબોના ઘરે રાશન ખાલીખમ, બંધ ફેક્ટરીમાં રોજગાર ખાલીખમ, વકરા વગરના વેપાર ધંધા ખાલીખમ, મોંઘવારીની મોંકાણે રસોડા ખાલીખમ, કેરોસીન વિહોણા પ્રાયમસ ખાલીખમ, પાણીની અછતથી ગોળા ખાલીખમ, શિક્ષક વગરની શાળાઓ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ખાલીખમ, ડોક્ટર વગરના દવાખાના ખાલીખમ, કર્મચારી વિહોણી કચેરીઓ ખાલીખમ અને આખા ગુજરાતની આજે તિજોરી ખાલીખમ છે. સિંચાઇ વિહોણા ખેતર ખાલીખમ, સુવિધાઓ વિહોણાં ગામડાં ખાલીખમ, એસ.ટી. વિહોણા બસસ્ટેન્ડ ખાલીખમ અને તલાટી વિહોણી પંચાયતો પણ ખાલીખમ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી સૌરભભાઇ પટેલ. સૌરભભાઇ, આપ આપનું પ્રવચન ચાલુ કરો. શ્રી પરેશભાઇ, બોલો. એક જ લાઇન કીધું છે. એક મિનિટ નહીં.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે ગૃહને જણાવવા માગું છું કે, વિતેલા ૨૦ વર્ષોમાં વિધાનસભાએ જે બજેટ પાસ કર્યુ એ નાણાંનો કયાંક ને કયાંક દૂરપયોગ થયો હશે. અવ્યવસ્થાના અભાવે મને લાગે છે કે, આ કર આતંકવાદે વિકાસ અટકાવ્યો છે.

અધ્યક્ષશ્રી : તમારો સમય પૂરો થયો છે. એક વાર મેં ના પાડી હતી, છતાં તમારા કહેવાથી સમય આપ્યો, પછી વારંવાર હું કેવી રીતે સમય આપી શકું? બેસો આપ. માનનીય શ્રી સૌરભભાઇ આપ ચાલુ કરો.

શ્રી સૌરભ પટેલ(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, જયારે પણ ઉર્જા વિભાગની ચર્ચા આવતી હોય છે અને વીજળીની વાત આવતી હોય અને ખાસ કરીને ખરીદી કરવાની જયારે વાત આવતી હોય... (અંતરાય) અરે ભાઇ, પાછા પાંચ મિનિટ લઇને બોલજો બસ.

અધ્યક્ષશ્રી : શ્રી સૌરભભાઇ, આપ ચિંતા ન કરો, આપનું પ્રવચન ચાલુ રાખો. હું જોઉં છું ને. એ શ્રી નીતિનભાઇને ફરિયાદ કરે છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે પણ વિચાર આવે છે અને જયારે પણ ચર્ચા કરતા હોય છે ત્યારે એ ખાનગી શબ્દ પર વિરોધપક્ષના આગેવાનોને એ શબ્દ ગમતો નથી. મારે આજે એ લોકોને માહિતી આપવી છે કે કઇ રીતે અને કયારે આખા દેશમાં કોણ કેટલી ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદે છે. વર્ષ ૨૦૦૩ માં ઇલેક્ટ્રિસિટી એકટ આવ્યો અને વર્ષ ૨૦૦૬ની અંદર યુ.પી.એ. સરકારમાં આદરણીય પ્રધાનમંત્રીશ્રી મનમોહનસિંહે નેશનલ ટેરિફ પોલીસી બહાર પાડી. અને એ જે ટેરિફ પોલિસી બહાર પાડી એમાં જે ગાઇડલાઇન્સ આપી કે, આવી રીતે બધા જ રાજયો અને કેન્દ્ર સરકાર વીજળી ખાનગી કંપનીઓ પાસેથી ખરીદશે. અને સૌથી પહેલી પહેલ કરી ખાનગી વીજળી કંપની કરવામાં તો એ કેન્દ્ર સરકારે કરી. અને અલ્ટ્રા મેગા પાવર પ્રોજેકટ નામની પોલિસી બહાર પાડી અને ચાર ચાર હજાર મેગાવોટના ચાર પ્રોજેકટ, એક મુન્દ્રા, એક સાસણ, એક ક્રિષ્નાપટનમ, કાલૈયા અને ઝારખંડ એ ચાર પ્રોજેકટ નાખવાનો એ લોકોએ નિર્ણય કર્યો. મુન્દ્રા પ્રોજેકટ સકસેસફૂલ ગયો. એટલે મારે સભ્યશ્રીઓને એટલું જ કહેવું છે કે મુન્દ્રા પ્રોજકેટનું ટેન્ડરના બિડિંગ સાથે, ટેન્ડરની ગાઇડલાઇન સાથે રાજય સરકારનો કોઇ હિસ્સો નહોતો, સંપૂર્ણપણે કેન્દ્ર સરકારે કર્યું અને એમાંથી જે હિસ્સો મળે છે તે આપણને આજે મળી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પછી બધા જ રાજયોએ પોત પોતાની રીતે ટેન્ડરો બહાર પાડયા અને ટેન્ડરો કઇ રીતે બહાર પાડયા તેની ગાઇડલાઇન્સ થી માંડીને બીડ ડોકયુમેન્ટથી માંડીને બધું જ કેન્દ્ર સરકારે આપ્યું હતું. આટલાં વર્ષોમાં મહારાષ્ટ્રએ બહાર પાડયું, પંજાબે બહાર પડયું, હરિયાણા, રાજસ્થાન, આંધ્રપ્રદેશ આ દરેક રાજયોએ પોત પોતાના બહાર પાડયા. છેલ્લાં વર્ષોમાં કુલ આખા દેશમાં ૫૫,૪૧૦ મેગાવોટ વીજળી ખાનગી ક્ષેત્રમાં ખરીદવાના ટેન્ડરો જુદા જુદા રાજયોએ બહાર પાડયા. અને આજની તારીખે જણાવું તો છત્તીસગઢ ૧,૩૨૦, હરિયાણા ૩,૬૭૨, મહારાષ્ટ્ર ૯,૪૩૭, મધ્યપ્રદેશ ૩,૧૬૫, પંજાબ ૪,૭૯૧, રાજસ્થાન ૩,૭૪૪, ઉત્તર પ્રદેશ ૧૧,૫૩૫, કર્ણાટક ૪,૪૭૯, આમ ૫૫,૪૧૦ કુલ ખરીદાઇ એમાંથી ગુજરાતનો હિસ્સો ૬,૮૧૫ મેગાવોટ છે. એટલે આપણે એકલા નથી, આ કેન્દ્ર સરકારની ગાઇડલાઇન્સને કારણે આપણે ખરીદી ચાલુ કરી અને ખરીદી કરવાનું કારણ એ હતું કે આ ૫૫ હજાર મેગાવોટ વીજ ઉત્પાદનનું મથક ઉભું કરવા જઇએ તો રાજય સરકાર પાસે ઓછામાં ઓછા અઢી લાખ કરોડ રૂપિયા જોઇએ. રાજય સરકાર પાસે અઢી લાખ કરોડ રૂપિયા નહોતા, એટલે આ કાયદો વર્ષ ૨૦૦૩માં બદલાયો, વર્ષ ૨૦૦૬ની ગાઇડલાઇન્સ આવી અને ગાઇડલાઇન્સના કારણે ખરીદી ચાલુ થઇ. એટલે બધા લોકોએ પોત પોતાની આ રીતે નીતિ બનાવી અને ચાલુ કર્યું. આજની તારીખમાં દેશમાં ૩,૯૫,૬૦૭ મેગાવોટ ઇન્સ્ટોલ કેપેસિટી છે. અને એની અંદર ખાનગી પાસેથી ૧,૯૧,૯૫૫ મેગાવોટ લેવામાં આવે છે. એટલે કુલ ૪૮.૫ ટકા આખા દેશની અંદર વીજળીનું ઉત્પાદન ખાનગી કંપનીઓ કરે છે અને ખાનગી કંપનીઓ બધા ડિસ્કોપ્સને મટિરિયલ આપે છે. ગુજરાતે ખાનગીની સાથે આપણું પોતાનું પણ ચાલુ કર્યું. છેલ્લા પાંચ વર્ષની અંદર કુલ બધા જ રાજયો આખા દેશના એમણે પોતાના કેટલા મેગાવોટના મથક નાખ્યા? કુલ ૧૧,૨૮૮ મેગાવોટનું જાતે ઉત્પાદન કર્યું છે. ફકત ૧૧,૨૮૮ આખા દેશમાં. અને એની અંદર ૧,૫૫૦ મેગાવોટ ગુજરાત સરકારે કર્યું છે. આપણી જીસેટની સીકકા ગણો, વણાકબોરીનું ગણો, બીઇસીએલ નું ગણો, આના કારણે ૧૧,૨૮૮ માંથી આપણો હિસ્સો દસ ટકા ઉપર છે. એટલે પોતે જાતે પણ વીજ ઉત્પાદન કર્યું અને ખાનગી ક્ષેત્રે કેન્દ્ર સરકારની નીતિ પ્રમાણે પણ કર્યું. અને આજની તારીખમાં બધા રાજયો આ પદ્ધતિ અપનાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, થોડી રીન્યુએબલની વાત કરવા માગું છું. આની અંદર આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ દેશનું નેતૃત્વ કર્યું છે. પેરીસની અંદર બધા દેશોના પ્રેસિડેન્ટ અને પ્રધાનમંત્રી મળ્યા એ સમીટમાં આપણે ભાગ લીધો અને પછી દિલ્હીમાં એ ધોસ્ટ કર્યું અને સોલર એલાયન્સ ફોર્મ કર્યું એની અંદર ફ્રાંસના પ્રેસિડેન્ટથી માંડીને સો દેશના નેતા હાજર રહ્યા.

## તા. ૨૯મી માર્ચ ૨૦૩૩

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

દુનિયાનું નેતૃત્વ શ્રી નરેન્દ્રભાઇએ લીધું અને એમણે કોમ્પ્સ સમિટમાં કહ્યું કે નવેમ્બર,૨૦૨૧માં ૫૦૦ ગીગાવોટ એટલે પાંચ લાખ મેગાવોટ દેશમાં સન ૨૦૩૦ સુધીમાં આપણે સ્થાપના કરવાની છે. હાલમાં કેટલી છે તો ૧ લાખ ૧૦ હજાર મેગાવોટની છે, એટલે દર વર્ષે નવી ૨૫ હજાર મેગાવોટ આવે તો આપણે આ આંકડે પહોંચી શકીએ. આ જરૂરી એટલે છે કે આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ આત્મનિર્ભર ભારત વિષય ઉપર વાત કરી. તમે જૂઓ કે આખા દેશની અંદર નહિ, પરંતુ દુનિયામાં ૮૫ ટકા માલ ઉત્પાદન સોલર સેલ્સ ગણો, સોલર મોડ્યુલ ગણો એ ચાઇનાથી આવે છે, એટલે આખી ચાઈનીઝ સરકાર આખી દુનિયાની એનર્જી સેકટર પર કન્ટ્રોલ રાખે છે. એટલે એનર્જી સેકટરના ઇન્સ્ટ્રુમેન્ટ મોંઘા આવે તો વીજળીની કોસ્ટ વધે, વીજળીની કોસ્ટ વધે તો દુનિયાની હરિફાઇમાં પહોંચી ન વળાય એટલે આત્મનિર્ભર ભારતની આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ વાત કરી છે. આનંદની વાત એ છે કે વર્ષ ૨૦૨૦ની અંદર કેબિનેટની અંદર દસ સેકટરો જેની અંદર પી.એલ.એ. સ્કીમ દાખલ કરવામાં આવી. આપણા દેશમાં ઉત્પાદન જે બનતું ન હોય એને કેન્દ્ર સરકાર ઇન્સેન્ટિવ આપે અને એ દસ સેકટરોમાં આવતા દિવસોમાં બને એટલે આપણે આયાત ઉપર આધાર ઓછો થાય. દસ સેકટરમાંથી એક સેકટર એ આ રીન્યુએબલ એનર્જીનું સોલરનું સેકટર હતું. એટલે પહેલું જયારે નીકળ્યું ત્યારે ફેઝ-૧માં ૪,૫૦૦ કરોડ રૂપિયા આપણે પી.એલ.એ. સ્કીમમાં આવ્યા અને બીજામાં ૧૯,૫૦૦ કરોડ એટલે કુલ ૨૪ હજાર કરોડ રૂપિયાના ઇન્સેન્ટિવ આપણે આવતા દિવસોમાં ઉદ્યોગોને કેન્દ્ર સરકાર આપવાની છે. સિલિકોનથી માંડીને સોલર સેલ, વેફર્ઝ, ફિંગર્સ બધું રો-મટિરિયલથી માંડીને ચાઇના ઉપર આધાર ન રાખવો પડે એ આધાર રાખીને સોલર સેલ મોડ્યુલનું આપણા દેશમાં ઉત્પાદન થાય. મોટી મોટી કંપનીઓ જેવી કે રિલાયન્સથી માંડીને અદાણી આવી, ટાટાથી માંડીને ૨૦ જેટલી કંપનીઓ આનું ઉત્પાદન કરવા જઇ રહ્યા છે. જોડે જોડે આપણે સૌથી અગત્યનું જયારે સંપૂર્ણપણે રીન્યુએબલ દ્વારા વીજળી પેદા કરતાં હોઇએ તો વીજળી સ્ટોર નથી થતી. દિવસે ઉત્પાદન થાય અને વીજળી વાપરવી પડે, એટલે પીક ટાઇમની અંદર વીજળીનું ઉત્પાદન કરવાનું અને બેટરીમાં સ્ટૉરેજ કરવાનું આ સૌથી ઇમ્પોર્ટન્ટ આ પી.એલ.એ. સ્કીમમાં લેવાનું છે. બેટરી એનર્જી સ્ટૉરેજ ઇન્સ્ટોલમેન્ટ એટલે દિવસે ઉત્પાદન આઇધર જનરેશન સાઇડ ઉપર કે ટ્રાન્સમિશન સાઇડ ઉપર કે ડિસ્ટ્રિબ્યુશન સાઇડ ઉપર સ્ટોર કરે એ કર્યા પછી જયારે રાતના વીજળીની જરૂર પડે ત્યારે ટ્રાન્સમિશન નેટવર્કમાં રીલીઝ કરે અને વીજળી આપણને મળે. એટલે કોલસા દ્વારા વીજળી દિવસે દિવસે ઓછી થાય અને રીન્યુએબલ દ્વારા વીજળી સોલરની વીજળી, વિન્ડની વીજળી વધારે ઉત્પાદન થાય એ માટે આત્મનિર્ભરનું પેકેજ લાવીને ગુજરાતની અંદર સૌથી વધારે કંપનીઓ રિલાયન્સે કહ્યું કે અમે આવીએ છીએ, અદાણીએ કહ્યું. આવી અનેક કંપનીઓ ગુજરાતમાં ઉત્પાદન કરવાની છે. એટલે આનો ખૂબ મોટો લાભ આવતા દિવસોમાં થવાનો છે. એ દિવસો દૂર નથી અત્યારે તમે ટ્રાન્સમિશન નેટવર્ક હોય એ નેટવર્ક બન્યું હોય એનો પૂરો ઉપયોગ નથી થતો. કારણ કે એ વખતે વીજળીનું જનરેશન ન આવતું હોય તો એ ૩૦,૪૦ કે ૫૦ ટકા ઉપયોગ થતો હોય તો બીજો ઉપયોગ કરવા માટે બેટરીનો ઉપયોગ કરીને પછી ટ્રાન્સમિશન નેટવર્ક પણ થાય એ દિવસો દૂર નથી. તે આવતા દિવસોમાં મોટા ઉદ્યોગોની અંદર જેમ હમણાં ઇ-વ્હીકલ્સની અંદર બેટરી સ્ટૉરેજનું આવે છે કે શોપિંગ કરીને કરવાનું. જે શોપ કરશે એટલે ૫૦૦-૧૦૦૦-૨૦૦૦ ડેપો ખૂલે. જેમ પેટ્રોલ પુરાવા જાવ એમ આપણી બેટરી લઇ લે અને નવી બેટરી આપી દે આ રીતે શોપ બેટરીની વ્યવસ્થા આખા દેશમાં ઉભી થઇ રહી છે. એ પ્રમાણે શોપિંગ પણ, આની અંદર મોટા મોટા ઉદ્યોગો. દા.ત. મારે પાંચ મેગાવોટની રિક્વાયરમેન્ટ હોય તો ઉદ્યોગવાળો હોય, ડાયરેક્ટ મારી ફેક્ટરીમાં આવે, હું વાપરું, ઓછું થાય એટલે પાછું આપી દઉં. એટલે વાયરો, ટ્રાન્સમિશન નેટવર્ક, મીટરો બધું. આ દિવસો પણ દૂર નથી. ગુજરાત આની પહેલ કરે છે તેના કારણે આપણને આવતા દિવસોમાં ખૂબ મોટા પ્રમાણમાં લાભ છે. ૩૦,૦૦૦ મેગાવોટનો પાર્ક આપણે ત્યાં થવા જઇ રહ્યો છે. તેની અંદર હાઇબ્રીડ એટલે વિન્ડ અને સોલર બન્નેનું ઉત્પાદન થશે. વિન્ડની છે એ સંપૂર્ણપણે સેકી કામ કરવાની છે. એટલે સેકી ૩૦૦૦ મેગાવોટનું વિન્ડ કરવાની છે, બાકીના બધા ખાનગી લેવાના છે. એ જગ્યાએ ટ્રાન્સમિશન નેટવર્ક ઉભું કરીને દેશની બહાર જવાનું છે અને સાથે સાથે ત્યાં બેટરીનું સ્ટૉરેજ થાય, એટલે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બન્ને ભાગીદારીમાં આખો પાર્ક ડેવલપ કરે. ૩૦,૦૦૦ મેગાવોટ એ નાનો ન કહેવાય. આટલો મોટો પાર્ક આપણાં ગુજરાતની અંદર કચ્છ જિલ્લામાં થવા જઇ રહ્યો છે. આવતા દિવસોમાં ખૂબ મોટા પ્રમાણમાં રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર... અધ્યક્ષશ્રી : સૌરભભાઇ, મારા મતવિસ્તારમાં છે.

શ્રી સૌરભ પટેલઃ જી, એટલે કન્સ્ટ્રક્શન, ઇક્વિપમેન્ટ, વિન્ડની કેટલી વેલોસિટી છે તેનો અભ્યાસ થઇ રહ્યો છે. રીન્યુએબલ દ્વારા જ આપણે આવતા દિવસોમાં વીજળી આપવાની છે અને મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે રાજ્ય સરકારે આ વખતના બજેટમાં ખૂબ સારી જોગવાઇ કરી છે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નાણા અને ઉર્જા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરભભાઇએ ખૂબ વિસ્તૃત રીતે ઉર્જાની ચિંતા કરી. ગુજરાત પહેલું એવું રાજ્ય છે કે વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦માં ગુજરાત રાજ્યની અંદર ૨,૨૧૦ મેગાવોટ ઉત્પાદનમાં વધારો થયો. વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં ૨,૭૭૭ મેગાવોટનો વધારો થયો, એટલે કુલ વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં ૪,૯૮૭ મેગાવોટનો જ્યારે વધારો થયો ત્યારે વીજળી પણ વધે. આ રાજ્ય સરકાર દ્વારા અલગ અલગ માધ્યમોથી શ્રી સૌરભભાઇએ ખૂબ લંબાણપૂર્વક વાત કરી છે તેનો નિચોડ આપણે કાઢીએ તો નિચોડના પરિણામસ્વરૂપ ગુજરાતમાં રાજ્ય વીજમથકો,

આઇ.પી.પી., કેન્દ્રીય વીજમથકો, ખાનગી વીજમથકો, બિનપરંપરાગત વીજમથકો આ બધાનો નિચોડ કાઢીએ તો તેનો મતલબ એ કે ગુજરાતમાં મેગાવોટમાં વધારો થયો છે. માનનીય શ્રી સૌરભભાઇ, ગુજરાતનું એ સત્ય છે કે આજે પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર ૬ કલાક પણ ખેડૂતોને વીજળી આપી શકતી નથી. જે રીતે મેગાવોટમાં વધારો થયો છે એટલે મિલિયન યુનિટમાં વધારો થયો છે. હું આપના માધ્યમથી આ ગૃહને બતાવવા માગું છું કે વર્ષ ૨૦૧૭-૧૮થી માંડીને ૨૦૨૦-૨૧ના મારી પાસે આંકડા છે. સમય ઓછો છે માટે લાંબું નહીં બોલી શકાય. વર્ષ ૨૦૧૭-૧૮ની અંદર ૬૨,૧૬૫ મિલિયન યુનિટ વીજળી પેદા થઇ અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૬૨,૦૫૪ મિલિયન યુનિટ વીજળી પેદા થઇ. આમાં જોવા જઇએ તો વીજળી કોણ વાપરે છે? તો ઘર વપરાશમાં વપરાય છે. ઘરવપરાશમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૬,૯૧૯ મિલિયન યુનિટની જરૂર છે. ખેતી માટે ફક્તને ફક્ત ૨૦,૧૯૬ મિલિયન યુનિટની જરૂર છે. જાહેર દીવા બત્તી, વોટર વર્કસ, રેલવે કે અન્ય. આમ, ઘર વપરાશ, ખેતી, દીવા બત્તી, વોટર વર્કસ, રેલવે અને અન્ય એની જો આપણે વીજળી ગણીએ તો વર્ષ ૨૦૧૭-૧૮માં ૩૮,૦૦૫ મિલિયન યુનિટની જરૂરિયાત હતી. એની સામે ૬૨,૧૬૫ મિલિયન યુનિટ પેદા થઇ. વર્ષ ૨૦૨૦-૨૧ માં ૪૦,૯૮૦ મિલિયન યુનિટની જરૂરિયાત હતી એની સામે ૬૨,૦૫૪ મિલિયન યુનિટ વીજળી પેદા થઇ. એનો મતલબ કે આપણી પાસે ઘર વપરાશ, ખેતી, દીવા બત્તી, વોટર વર્કસ, રેલવે અને અન્ય માટે જેટલી વીજળી જોઇએ, જેટલા મિલિયન યુનિટ વીજળી જોઇએ એટલી વીજળી રાજ્ય સરકારે પેદા કરી છે. રાજ્ય સરકારે આટલી વીજળી ઉત્પન્ન કરી છે તેમ છતાં રાજ્યના ખેડૂતોને ૬ કલાક પણ વીજળી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આપી શકતી નથી. કેમ નથી આપી શકતી? એનું કારણ છે કે ઔદ્યોગિક ક્ષેત્રોમાં જે વીજળી આપવાની વાત છે એ વીજળીવર્ષ ૨૦૨૦-૨૧માં ૪૮,૩૦૨ મિલિયન યુનિટ વીજળી આપવામાં આવી. આમ, જે વીજળી ઉદ્યોગો માટે ખૂટતી હતી એ ૨૭,૨૨૭ મિલિયન યુનિટ ખૂટતી હતી. ઉદ્યોગોને વીજળી આપવા માટે સરકાર પાસે જે સરપ્લસ વીજળી હતી એ વીજળી રાજ્ય સરકાર ઉદ્યોગોને આપી શકતી હતી. જે ઉદ્યોગોને વીજળીની જરૂર છે એ ખાનગી ઉદ્યોગો પાસેથી, ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદી શકતી હતી. પણ રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૨ થી ૨૦૨૨ સુધી ઉદ્યોગો માટે વીજળી ખરીદી છે. તમે ખેડૂતો માટે વીજળી નથી ખરીદી. તમારી પાસે સરપ્લસ વીજળી છે. ઘર વપરાશ માટે નથી ખરીદી. તમે વોટર વર્કસ કે રેલવે કે જાહેર બાબતો માટે વીજળી નથી ખરીદી. એ માટે તો સરપ્લસ વીજળી છે. વર્ષ ૨૦૦૨ થી ૨૦૨૨ સુધી લગભગ આશરે ૧ લાખ કરોડ મિલિયન યુનિટ કરતાં વધારે વીજળી આ રાજ્ય સરકારે આ રાજ્યના ફક્ત ઉદ્યોગો માટે વીજળી ખરીદી છે. એના કારણે રાજ્યનું દેવુ વધતું ગયું છે. ખાસ કરીને ઉંચા ભાવે જ્યારે વીજળી ખરીદો છો, ત્યારે જર્કના નિયમો છે એ નિયમોનું ભારતીય જનતા પાર્ટી દ્વારા ઘોર ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. સસ્તી વીજળી ખરીદવા ગુજરાત રાજ્ય વીજ નિયમન પંચના મેરિટ ઓર્ડર, એટલે કે સસ્તી વીજળી ખરીદ કરવાનો નિયમનો ભંગ થતો હોવા છતાં ભૂતકાળમાં આ અંગે જર્કના ચેરમેનશ્રી આનંદકુમારને ફરિયાદ કરવામાં આવી હોવા છતાં પણ આ ફરિયાદને દબાવી દેવામાં આવી હતી. જર્કે આપેલા જજમેન્ટ પછી પણ એના ચેરમેનના હુકમ પછી પણ આ કરવામાં આવ્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર કર્મચારીઓની ચિંતા કરે છે, જેને આપણે કર્મયોગી નામ આપ્યું છે. મારી સરકારને વિનંતી છે કે સરકારી કર્મચારી/અધિકારીઓનું ઘર ભાડા ભથ્થું ૩૦ ટકા કરવા બાબત મિનિસ્ટ્રી ઓફ ફાયનાન્સ ખર્ચ વિભાગ, ભારત સરકારનું ઓફિશિયલ મેમોરેન્ડમ તા. ૩૧-૭-૨૦૧૫ના રોજ સરકારને મળી ગયું છે. શ્રીમતી આનંદીબેન પટેલ, શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર અને અત્યારે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર છે. કેન્દ્રના સાતમા પગારપંચની ભલામણોને અનુલક્ષીને રાજ્ય સરકારના કર્મચારી/અધિકારીઓને ભથ્થાં તેમજ પગારના તફાવતની રકમ ચૂકવણી અને પગારમાં વિસંગતતા વગેરે બાબતોની વિચારણા કરવા અધિકારીઓ તેમજ મંત્રીમંડળની પેટાસમિતિની રચના કરવામાં આવી છે. મારી વિનંતી છે કે તા. ૩૧-૭-૨૦૧૫ના રોજ આ કમિટિ નીમી હતી ત્યારે કેન્દ્રના સાતમા પગાર પંચ મુજબ રાજ્યના કર્મચારીઓને એના લાભો મળવા જોઇએ. કમિટિનો રિપોર્ટ રજૂ કરીને એના લાભો મળવા જોઇએ એવી સરકાર સમક્ષ વિનંતી કરું છું. ખાસ કરીને નાણા વિભાગ ઉપર હું વાત કરવા માગું છું. રાજયનું અંદાજપત્ર ૨,૪૩,૯૬૫ વર્ષ ૨૦૨૧-૨૨ કરતા ૨૦૨૨-૨૩માં ૧૬,૯૩૬ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. રાજયનું બજેટ જયારે વપરાતું હોય ત્યારે દરેક વર્ગને ધ્યાનમાં રાખીને, દરેક વિભાગને ધ્યાનમાં રાખીને બજેટની ફાળવણી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સરકારને એ પૂછવું છે કે સરકાર નર્મદાની જયારે વાત આવે છે ત્યારે અમે દરવાજા મૂકાવી દીધા એવો જશ તમે લો છો પણ દરવાજા તમે કયારે મૂકયા? કે જયારે સ્ટ્રકચર તૈયાર હોય ત્યારે ખુલ્લામાં તમે દરવાજા મૂકી શકો. તો શ્રી આત્મારામભાઇ, મૂકાય નહીં. એનું સ્ટ્રકચર તૈયાર હોય તો જ તમે દરવાજા મૂકી શકો. સ્ટ્રકચર તૈયાર હતું એટલા માટે દરવાજા મૂકયા (અંતરાય) શ્રી જીતુભાઇ સાંભળો, તમારી નર્મદા માટેની લાગણી તમને જ આપું છું હું કે આ વખતના અંદાજપત્રમાં ૧,૨૮૦ કરોડ રૂપિયા નર્મદા વિભાગને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ, આપે ઓછા ફાળવ્યા છે. જો આપ નર્મદાની ચિંતા કરતા હોત તો કચ્છમાં અને બનાસકાંઠામાં આજે પણ પાણી માટે લોકોને તકલીફ છે. લોકો રેલી કાઢે છે. સરકાર ટેન્કર દ્વારા પાણી પહોંચાડે છે. જો સરકારને એ છેવાડાના માનવીની, કચ્છ અને બનાસકાંઠાના માનવીની ચિંતા હોત તો ૧,૨૮૦ કરોડ રૂપિયાનું બજેટ આપે ઓછું ન ફાળવ્યું હોત.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ચિંતા કરે છે કલ્પસરની. કલ્પસરમાં તો ૨૬૧ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા છે. મહેસૂલમાં પણ ૧૫૪ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા છે. ખાસ કરીને જળસંપત્તિ પાણી સાથે જોડાયેલો, સિંચાઇ સાથે જોડાયેલો

વિભાગ. આ વિભાગમાં પણ ૧૯૫ કરોડ રૂપિયા જેટલું બજેટ ઓછું ફાળવવામાં આવ્યું છે. રાજયમાં જી.ડી.પી.ના પર કેપીટલ મુજબ આપણે ગણીએ તો પર કેપીટલ ઇન્કમ મુજબ આ દેશમાં ગુજરાતનો દશમો નંબર છે અને રીચેસ્ટ એટલે કે પૈસાદાર સ્ટેટની અંદર દેશમાં ગુજરાતનો ત્રીજો નંબર છે. પહેલું રાજય ગુજરાત નથી આ વાત સમજવાની જરૂર છે. છેલ્લી એક વાત કરીને પૂરી કરીશ કે ખાસ કરીને જી.એસ.ટી.ના કાયદા અનુસાર રાજય સરકારની આવકમાં જયારે ઘટાડો થાય ત્યારે વર્ષ ૨૦૧૫-૧૬ના ૧૪ ટકા લેખે જયારે ગ્રોથનો ઉમેરો કરવામાં આવે ત્યારે કાયદાની કલમ-૫ મુજબ કેન્દ્ર સરકારને વળતરના ચૂકવવાના થાય છે અને એ પેટે કેન્દ્ર સરકાર પાસેથી ૧૨,૩૧૩ કરોડ રૂપિયા આજે પણ લેવાના નીકળે છે. મોસાળમાં લગન છે અને મા પીરસનાર છે. આ રકમ સરકાર લઇ આવે એવી વિનંતી સાથે રાજય સરકાર રાજયના ખેડૂતોને વીજળી આપી શકતી નથી, દેવાનો ભાર કરી દીધો છે, માટે આજની નાણા વિભાગ અને ઉર્જા વિભાગની માગણીમાં અમે સમર્થન આપી શકતા નથી.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વ જન હિતાય, સર્વ જન સુખાય આ મંત્રને ચરિતાર્થ કરતું આ બજેટ છે. નાગરિકો ઉપર કોઇપણ પ્રકારના નવા કરવેરા વગરનું ગુજરાતનું સૌથી મોટા કદનું ઐતિહાસિક બજેટ છે ત્યારે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇને હું હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. મારે ખાલી યાદ કરાવવું છે. સન્માનનીય શ્રી પરેશભાઇ અને શ્રી શૈલેષભાઇ બોલતા હતા. આ પરિસ્થિતિ કયારે આવી? બધાં ખાનાં તિજોરીના બંધ થયા, વચેટિયા નાબૂદ થયા અને પ્રજાને સીધો લાભ સરકાર આપે છે ત્યારે ૨૭ વર્ષથી આ ભારતીય જનતા પાર્ટી ગુજરાતની અંદર રાજ કરે છે. પૈસા કયાંથી આવે છે અને કયાં વપરાય છે એનો હિસાબ સરકાર આપે છે. સેન્ટ્રલ ગવર્મેન્ટની ડીપેન્ડસી જે વાત કરીએ એ માત્ર ૧૬ થી ૨૦ ટકા આપણી છે. ગુજરાત રાજય પોતાની રેવન્યુ જનરેટ કરે છે અને માનનીય શૈલેષભાઇ ઉદ્યોગની વાત કરતા હતા. ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથ એ આપણી ધોરી નસ છે. ગુજરાત રાજય પોતાની રેવન્યુ જનરેટ કરે છે અને બી.જે.પી. સરકારે આ નાણાની વાત થતી હોય ત્યારે આટલાં વર્ષની અંદર એક પણ દિવસ પગાર કરવા માટે કે કોઇપણ કામ માટે ઓવરડ્રાફ્ટ લીધો નથી. રાજયના તમે દેવાની વાત કરો છો તો એ રાજયના વહીવટ ઉપર દેવુ થતું હોય એનો આધાર એના ઉપર રાખે છે. સરકારની ફાઇનાન્શિયલ સ્ટેબિલિટી એટલી સારી છે કે કોઇ ચિંતા કરવાની જરૂર નથી. કોવિડ-૧૯ ની આ બીજી લહેર દવાઓની ઉભી થયેલી તીવ્ર માંગને પહોંચી વળવા રાજ્ય સરકારે ત્વરિત પગલાં લીધાં. આ દવાઓ અને મેડિકલ સાધનોમાં ગુજરાત સરકારે વેરાની રાહતો આપી. એની અંદર જોવા જઇએ તો સારવામાં ઓક્સિજન કોન્સન્ટ્રેટર, ઓક્સિજન જનરેટર, કોવિડ-૧૯ વેક્સિન. વેક્સિનની વાત ઉપર યાદ આવ્યું કે આ રાજ્યના ૧૦ કરોડથી વધારે લોકોને વેક્સિનેશન ફ્રીમાં આપી છે. એકપણ કરવેરો આ બજેટમાં વધારવામાં આવ્યા નથી. રેમડેસીવીર ઇન્જેક્શન જેવી ચીજવસ્તુઓ તા. ૩૧-૭-૨૦૨૧ સુધી આયાત ઉપર ભરવાપાત્ર આઇજીએસટી અપ ફ્રન્ટ પેમેન્ટ તથા રી-એમ્બર્સમેન્ટ આપવાનું ઠરાવેલ હતું. સાથે સાથે કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧૪-૬-૨૦૨૧ ના રોજ નોટિફિકેશન નં. ૫/૨૦૨૧ એ જારી કરીને કોરોના સારવામાં વપરાતી નીચે મુજબની દવાઓ, ચીજવસ્તુઓ એ કોવિડ-૧૯ ની ટેસ્ટિંગની કીટ હોય, એ મેડિકલ ગ્રેડના ઓક્સિજન હોય, ઇન્ફ્લેમેટરી ડાયગ્નોસ્ટિક માર્કર કીટ હોય, હેન્ડ સેનિટાઇઝર હોય, ગેસ ઇલેક્ટ્રિક અધર ફર્નેસીસ, બાયપેપ મશીન, ટેમ્પરેચર ચેકનાં સાધન હોય વગેરે આવી તમામ ચીજવસ્તુ ઉપર લાગુ પડતો ૧૨ ટકા, ૧૮ ટકા ૨૮ ટકા વેરો ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યા છે. ત્યારબાદ જોવા જઇએ તો દવાઓ જે દર્દીઓને આપી છે. મારી પાસે દવાઓના નામ લેવાનો ટાઇમ નથી. એમાં લાગુ પાડી ૧૨, ૧૮ ટકા ઘટાડીને એ ૫ ટકા કરવામાં આવ્યો છે. સાથે સાથે રાજ્ય સરકારના નાણા વિભાગ દ્વારા ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને નાણાકીય સાધારણ માટે શ્રેષ્ઠત્તમ ઇ-ગવર્નન્સ માળખું ઉભું કરવાના ઉદેશ અને સંકલિત નાણાં વ્યવસ્થાપન એને આઇ.એફ.એમ.એસ. કહેવાય તે અમલમાં મૂકવામાં આવેલ. આ આઇ.એફ.એમ.એસ. દ્વારા રાજ્યના ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓને આવરી લીધી. આ તિજોરી કચેરીના તમામ નાગરિકોને કોમ્પ્યૂટરાઇઝેશન અને ઓન લાઇન કરવામાં સફળતા પ્રાપ્ત થઇ છે. એનાથી આગળ જઇએ તો સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિ હેઠળ રાજ્યના ૩૩ જિલ્લા તિજોરી કચેરીએ, ૧૩૭ પેટા તિજોરી કચેરી, ૧ વિભાગીય તિજોરી, ૨ પગાર અને હિસાબી કચેરી, ૧ ઇપીએઓ કચેરી આમ જોવા જઇએ તો તમામ ૫ પેન્શન ચૂકવીણીની કચેરી કેન્દ્રની ડેટા બેઇઝના આધારે કોમ્પ્યૂટરાઇઝેશન કરેલ છે. તિજોરીના કોમ્પ્યૂટરાઇઝેશનના કારણે તિજોરી ખાતે તમામ કામગીરી સરળ અને ઝડપી બની છે. રાજ્યના જિલ્લા અને તાલુકા મથકમાં આવેલા રાષ્ટ્રીયકૃત બેન્કો તેમજ ખાનગી બેન્કોમાં નિયત કરેલા મથકો ખાતેના શાખા મારફતે સરકારી ભરણાઓ ઇ-રિસીપ્ટ, જી.એસ.ટી.ના પ્રોફેશનલ ટેક્સ, રોયલ્ટી ટેક્સ, રોડ ટેક્સ, લેબર ફી, સિક્યોરિટી ડિપોઝિટ અને સ્ટેમ્પ ડ્યૂટી વગેરે આવક સ્વીકારવામાં આવે છે. પેન્શનરની વાત કરી લઉં. રાજ્યના અંદાજિત ૪,૮૨,૬૨૦ પેન્શનરોને પેન્શનનું ચૂકવણું તિજોરી દ્વારા ઇ પેમેન્ટથી કરવામાં આવે છે. જે જિલ્લામાં પેન્શનરોની સંખ્યા વધુ છે. પેન્શનરોને આ બાબતે હાલાકી ન પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા અલગ પેન્શન ચૂકવણી કચેરી શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, સુરત અલગ અલગ પેન્શન ચુકવણી કચેરી શરૂ કરવામાં આવેલી છે. પેન્શનરોને ઘરે બેઠા હયાતિ, ખરાઇ કરી શકે તે માટે જીવન પ્રમાણ પોર્ટલની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. પેન્શનરોને મોટી રકમ જેવી કે પેન્શનરનું મૂડીકૃત રૂપાંતર, ગ્રેજ્યુઇટી રકમની ચુકવણી ઇ-પેમેન્ટના ચૂકવણા દ્વારા કરવામાં આવે છે. પેન્શન પોર્ટલ ગુજરાત પરથી પેન્શનરોને પોતાની

વિગતવાર માસિક પેન્શનની માહિતી ઓનલાઇન મેળવી શકે છે. પેન્શન અંગેની તમામ કામગીરી ઓનલાઇન કરવામાં આવેલ હોવાથી પેન્શનની અધીકૃત પેન્શન સુધારા વિગત તથા ચૂકવણાના ઓનલાઇન ઉપલબ્ધ થતા પેન્શન મેળવતા..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. વિરામ બાદ સભાગૃહ સાંજના ૬-૦૦ કલાકે ફરી મળશે.

**( વિરામ ૫-૩૦ થી ૬-૦૦ )**

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના માનનીય મંત્રીશ્રી ઉર્જા, પેટ્રોકેમિકલ્સ અને નાણા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેની સાથે અમે એટલા માટે સંમત નથી થતા અને હમણાં જ અમારા સિનિયર સભ્ય શૈલેષભાઇએ વાત કરી, તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૨૧ નો જે રિપોર્ટ છે તેમાં એવું લખ્યું છે કે, ઇન્ડિયા ઇઝ ધી થર્ડ લાર્જેસ્ટ પ્રોડ્યુસર ઓફ ઇલેક્ટ્રિસિટી ઇન ધી વર્લ્ડ. વિશ્વની અંદર ભારત સૌથી વધુ વીજળી ઉત્પન્ન કરતો ત્રીજા નંબરનો દેશ છે. ભારત દેશની અંદર જે રાજ્યો છે તે રાજ્યોની અંદર ગુજરાત તે બીજા નંબરે વીજળી ઉત્પાદન કરે છે. પહેલા નંબરે તામિલનાડું છે. એટલે આટલું બધુ વીજ ઉત્પાદન પેદા થતું હોય અને માનનીયશ્રી શૈલેષભાઇએ કહ્યું તેમ ખેડૂતોને આઠ કલાક પણ વીજળી આપવામાં ન આવે. વીજળી ઉપર સૌથી વધુ ટેક્સ લેવાતો હોય તો તેમાં ગુજરાત પંદરમા નંબરનું રાજ્ય છે કે જ્યાં ડોમેસ્ટિક અને કોમર્શિયલની અંદર લેવાય છે. મણિપુર રાજ્યની અંદર ૨ ટકા ડોમેસ્ટિકની અંદર છે અને કોમર્શિયલની અંદર પણ ૨ ટકા છે. હિમાચલપ્રદેશની અંદર ૩ ટકા છે, ઓરિસ્સાની અંદર ૪ ટકા, યુ.પી.ની અંદર ૫ ટકા અને ગુજરાતની અંદર ૭.૫ ટકા રૂરલની અંદર અને ૧૫ ટકા અર્બન વિસ્તારની અંદર ટેક્સ ડોમેસ્ટિકની અંદર લેવાય છે, જ્યારે કોમર્શિયલની અંદર ૨૫ ટકા ટેક્સ વસૂલ કરવામાં આવે છે. આપણે ગુજરાતને નંબર વન ગણાવીએ છીએ ત્યારે દસ રાજ્યો એવા છે કે, આ ઇલેક્ટ્રિસિટી ઉપર ટેક્સ પણ વસૂલ કરતા નથી. જ્યારે વીજ કંપનીઓ જર્કની અંદર ખોટા આંકડા રજૂ કરી ટ્રાન્સમિશન લોસ દર્શાવે છે અને છેતરપિંડી કરે છે. જ્યારે કોઇ ખેડૂત હોય અને વધારે વીજ વાપરતો હોય અને લોડ વધારે હોય તો તેને લાખો રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવે છે. તે બાર મહિનાની અંદર આઠ મહિના વીજળી ન વાપરે. ચોમાસામાં જ્યારે જરૂર ન હોય ત્યારે વીજળી આપવામાં આવે છે. અત્યારે જ્યારે જરૂર છે ત્યારે વીજળી આપવામાં આવતી નથી. તમે ખેડૂતોને સમયસર અને પૂરતી વીજળી આપવાની વાત લઇને આવ્યા હોત તો અમે સમર્થન આપ્યું હોત. શિક્ષણની વાત કરું તો નીતિ આયોગ મુજબ જી.ડી.પી.ના ૬ ટકા જેટલું બજેટ શિક્ષણની અંદર ફાળવવું જોઇએ. તેની જગ્યાએ માત્ર ૧.૫૩ ટકા જ બજેટ ફાળવ્યું છે. અંદાજપત્ર પ્રકાશનના પાન નં.૩૩ ઉપર ૩૦,૫૩૭ કરોડની વાત કરી છે, જ્યારે બજેટ પ્રવચનની અંદર ૩૪,૮૮૪ કરોડની વાત કરી છે. એટલે આ બંનેમાંથી સાચો આંકડો કયો છે તેની માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે તેવી વિનંતી કરું છું. પેન્શન યોજના માટે ૧,૨૮૮ કરોડની વાત કરી છે. આપણે ગુજરાતને નંબર વન રાજ્ય ગણાવીએ છીએ, ત્યારે જૂની પેન્શન યોજના શરૂ કરવાની માગણી લઇને આવ્યા હોત તો અમે તેને સમર્થન કર્યુ હોત. પશ્ચિમ બંગાળ આપણા કરતાં પછાત રાજ્ય છે છતાં તેની અંદર જૂની પેન્શન યોજના ચાલુ છે. રાજસ્થાન અને છત્તીસગઢે જૂની પેન્શન યોજના શરૂ કરી છે. નવી પેન્શન યોજનાની અંદર ૨૫ થી ૩૦ વર્ષ સુધી સરકારી કર્મચારી નોકરી કરતો હોય અને જ્યારે નિવૃત્ત થાય ત્યારે ૩,૫૦૦ થી ૪,૦૦૦ રૂપિયા પણ તેને પેન્શન મળતું નથી. હમણાં જ આપણા એક કર્મચારીનું મૃત્યું થયું તો તેને ૮૨૦ રૂપિયા પેન્શન મળે છે. ઉચ્ચ શિક્ષણ માટે નાણા વિભાગ ઓરમાયું વર્તન કરતું હોય તેવું લાગે છે. રાજ્યના જે અધ્યાપકો છે તેને સી.એસ.નો લાભ આપવામાં આવતો નથી. જે પ્રિન્સિપાલ થાય છે તેનો પગાર આસિસ્ટન્ટ પ્રોફેસર જેટલો થઇ જાય છે. આ વિસંગતતા છે તે દૂર કરવામાં આવે. નામદાર હાઇકોર્ટે પણ તેમાં જજમેન્ટ આપેલું છે.

શ્રી જગદીશ ઇ. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે બજેટ લઇને આવ્યા છે એને હું સમર્થન આપુ છું, અભિનંદન આપુ છું અને માગણી નંબર ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ એજ બનાવી શકે કે, જેની પાસે આવકનો સ્ત્રોત હોય. વર્ષ ૧૯૯૪-૯૫ પહેલા બજેટ કેવી રીતે બન્યા હશે એ ભગવાન જાણે. ૮,૫૦૦ થી ૯,૦૦૦ કરોડના બજેટમાં ૭,૦૦૦ કરોડ પગારોમાં ચૂકવાતા હોય તો એ બજેટ ક્યાં કેટલું વિકાસના કામ માટે વપરાતું હશે? અહીંયા બધા મિત્રો બેઠા છે એ વર્ષ ૧૯૯૪-૯૫માં ખૂબ નાના હશે, એટલે કદાચ એમણે એ વખતના બજેટ તરફ નજર પણ નહીં કરી હોય અને એમાં એમનો કોઇ વાંક પણ નથી, પણ અત્યારે હું છેલ્લાં ૨૦-૨૫ દિવસથી સાંભળું છું, એમના આંકડાઓ મેં બધા લખ્યા અને જોયું કે સાથી પક્ષના મિત્રો બજેટમાં આ કરવું જોઇએ, આટલું પ્રોવિઝન કરવું જોઇએ, અહીંયા મફત આપવું જોઇએ, અહીંયા સબસિડી આપવી જોઇએ આ બધા વિષયો તેઓ જે બોલ્યા એના હું આંકડા લખતો હતો તો લગભગ ૧૦ લાખ કરોડને પાર થવા જાય છે. એટલે "મુંગેરીલાલ કે હસીન સપને" જેવું. તમારે કંઇ આવવાનું નથી, તમારે કંઇ બજેટ બનાવવાનું નથી અને બોલવામાં શું વાંધો? આ ૨૫ દિવસ તમે લોકો જે બોલ્યા છો એનો આંકડો માનનીય શ્રી પરેશભાઇ, જરા જોઇ લેજો ૧૦ લાખ કરોડથી પણ વધારે તમારો આંકડો બોલે છે. અહીંયા મફત આપવું, અહીંયા સબસિડી આપવી, અહીંયા આટલી ભરતી કરવી આ બધાનો આંકડો ૧૦ લાખ કરોડ થવા જાય છે.

## તા. ૨૯મી માર્ચ ૨૦૩૩

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, બજેટની વાત કરું તો ૨.૪૪ લાખ કરોડનું જે આપણે બજેટ બનાવ્યું છે એમાં જ્યારે કોઇ પણ રુલિંગ પાર્ટી બજેટ બનાવતી હોય છે ત્યારે પાર્ટીના નાણામંત્રીશ્રી, સનદી અધિકારીઓ વગેરે જોતા હોય છે કે આગામી વર્ષમાં લોકોના ઉપયોગી કામ કરવા માટે અલગ અલગ વિભાગમાં કેટલા રૂપિયાની જરૂર પડશે અને કેટલા રૂપિયા આપણને આવક થવાની છે એને ધ્યાનમાં રાખીને બજેટ બનાવતા હોય છે. અમારા અત્યાર સુધીના બધા બજેટ તમે જુઓ, એમાં શિક્ષણ માટેનું બજેટ હોય, સબસિડી આપવાની હોય, સામાજિક ન્યાય અધિકારીતાનું હોય, ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટેનું હોય, આરોગ્યનું હોય, ઉદ્યોગ માટેનું હોય, ઉર્જા અને ખાણ માટેનું હોય, પગાર માટેનું હોય, પેન્શન માટેનું હોય, ખેડૂતોનું એમ બધા વિષયોનું બજેટ હોય છે. ભારતીય જનતા પાર્ટી જન્મથી માંડી મૃત્યુ સુધી એ તમામને આવરી લે છે કે કયાં કયાં કેટલી કેટલી જરૂરિયાત છે અને વર્ષોથી એજ રીતે બજેટની ફાળવણી થતી હોય છે. આની અંદર બજેટનો જે સ્ત્રોત છે એ જી.એસ.ટી. દ્વારા, ઇન્કમ ટેક્સમાં કેન્દ્ર સરકાર તરફથી મળતો ટેક્સ, પ્રોફેશનલ ટેક્સ, મહેસૂલ વિભાગમાં રેવન્યુની જે આવક થતી હોય છે એ બધા સ્ત્રોતમાંથી એક વર્ષમાં કેટલા આપણને પૈસા મળવાના છે એ બધું જોઇને એના ભાગરૂપે આ બજેટ બનતું હોય છે. ગત છેલ્લાં બે વર્ષ કોરોનાનો સમય હતો એ દરમ્યાન પણ આપ બધા જાણો છો. લાખો પેશન્ટો માટે એક એક પેશન્ટ દીઠ લગભગ ૧.૫ થી ૧.૬ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. આવા લાખો પેશન્ટ હતા અને આપણે એમને ઉગાર્યા છે. વેક્સિનેશનની વાત કરું તો લગભગ ૩૦૦ કરોડ ડોઝ આપણા દેશમાં અપાયા. આ બધું જ કરવા છતાં ભારતીય જનતા પાર્ટીની આપણી સરકારે એક પણ રૂપિયાનો ઓવરડ્રાફ્ટ નથી લીધો કે એક પૈસાની આના માટે લોન નથી લીધી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, આખાય ગુજરાતમાં માનનીય નાણામંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેની ચર્ચા થાય છે અને તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાથી આપણે શ્રી સડિયાભાઇ વાત કરતા હતા કે શિયાળામાં વીજકાપ ના હોય. આટલા વાવેતર હોય છતાં પણ શિયાળામાં નથી અને ઉનાળામાં કેમ? અત્યારે ઉનાળો છે અને સરકારનું અમે વારંવાર ધ્યાન દોર્યું કે તમે ઉદ્યોગમાં થોડોક કાપ આપો. મોટા ઉદ્યોગો છે, તેના ઇન્સ્ટ્રુમેન્ટમાં પણ એ.સી.વાપરવામાં આવે, કોર્પોરેટ ઓફિસોમાં સેન્ટ્રલી એ.સી. હોય છે એ.સી.ની એટલી બધી માંગ વધી છે અને તેના હિસાબે મોટાભાગનો વીજ વપરાશ છે તે એ.સી.માં જાય છે. મારું તો એ જ કહેવાનું  છે કે, એ.સી.ને કાપો અને ખેતીને આપો, ખેતી વગર જીવાશે નહીં પણ એ.સી.વગર જીવાશે. આ બહુ અગત્યની વાત છે. પૂરી આઠ કલાક વીજળી આપો નહીંતર ખેતી ભાંગી જશે ખેડૂત રાહ જોઇને બેઠો છે કે આની ચર્ચા થાય.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ કે ગામડાંઓની અંદર ગામતળમાં જે ગામતળની બોર્ડર ઉપર ખેડૂત રહેતો હોય કે કોઇ માણસ પોતાની જમીનમાં મકાન બાંધીને રહેતો હોય કે ગરીબ માણસ કોઇ ખરાબામાં રહેતો હોય તો આને જયોતિગ્રામમાંથી વીજ કનેકશન આપવામાં આવતું નથી. આ વર્ષોથી માગણી છે અને હજારો અરજીઓ આજે પેન્ડિંગ પડી છે આને તમે એ ટાઇપનું કનેક્શન સીધી સર્વિસ આવતી હોય છે. ગામતળમાંથી સીધી સર્વિસ આવતી હોય આવા લોકો કનેકશનની રાહ જોઇને બેઠા છે. આમાં મારી રજૂઆત છે કે પીજીવીસીએલ અને જીઇબીને પણ ફાયદો થશે કારણ કે તેને ગ્રાહકો વધશે, લોકો ચોરી કરતા બંધ થશે કનેકશન આપી દો આપણને વાંધો શું છે ?

માનનીય અધ્યક્ષશ્રી, પાવર ચોરીના નામે ખેડૂતોને ખૂબ મોટા દંડ ફટકારવામાં આવે છે. ખોટી રીતે પાવર ચોરીમાં પકડે છે, અમે વારંવાર જીઇબીને રજૂઆત કરી છે કે તમે પાવર ચોરીમાં ગણતરી જે કરો છો ખેડૂતની વાડીએ જાય તેના કરંટ અને એમ્પીયર માપે. આઇએસઆઇનો માર્કો, મોટર બનાવતી કંપની સબમર્શીબલ મોટર જે બનાવે છે તે કંપની તેની પાસે તમે રિપોર્ટ માગજો. આઇએસઆઇ એટલે ઇન્ડિયન સ્ટાન્ડર્ડ એમ કહેશે કે ૧ એમ્પીયરે ૧.૯ એક હોર્સપાવરે ૧.૯ એમ્પીયર લેવા જોઇએ અને આપણું જી.ઇ.બી.૧.૫ ગણે છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની બે મિનિટ બાકી છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અને જો ખેડૂતને બોરની અંદર તેણે મોટર ઉતારી હોય કયાંક ફાસ્ટ બેરિંગ ગયુ કે કયાંય બુશિંગ ગયા કે તેના રોટરમાં કંઇક વાંધો આવ્યો તો એમ્પીયર તો લેવાનું છે. આપણે મોટર ઉપર એક કરો. એમ્પીયરમાં તમે ખોટી રીતે પાવર ચોરીમાં ફીટ કરો છો. તમારે નિયમ મુજબ ૧૦ હોર્સપાવરની ખેડૂત મોટર ચલાવતો હોય તો ૧.૯ એટલે ૧૯ એમ્પીયર લેવા જોઇએ અને તમે ૧૫ ગણો છો. ૪ એમ્પીયર વધારે, ખોટી રીતે પાવર ચોરીમાં ખેડૂતોને ફીટ કરવામાં આવે છે આ પણ મારો વાંધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની અનેક બાબતો છે વીજળીની છે તેમજ માનનીય નાણામંત્રી જે વાત લઇને આવ્યા છે તેમાં ખેડૂતોને માલ જે ખેડૂત વેચવા આવે, માલનું ઉત્પાદન કરે તેમાં ૫ ટકા ટેક્સ લેવામાં આવે છે. આજદિન સુધી કોઇ સરકારે ખેતીના માલ ઉપર અથવા તો ખેડૂત ઉપર ટેક્સ નથી લીધો તો આ ૫ ટકા ટેક્સ છે તે પણ રદ થવો જોઇએ આવી પણ મારી માગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૧ કે.વી. અને એલ.ટી.લાઇનો બહુ વધી છે. ગામડાંઓની અંદર ખેતીવાડીમાં તમે અત્યારે ૧૧ કે.વી.લાઇન હોય ત્યાંથી સીધું કનેકશન આપી દો તો આ એલ.ટી.મોટી લાઇનો છે તે કાઢી અને તેને ડાયરેક આપી દેવુ જોઇએ. એનો મતલબ એમ થાય કે એલ.ટી.લાઇન બહુ લાંબી હોય એટલે પાવર કાપ આવે કે ફ્રિકવન્સી ડાઉન લાગે, ટી.સી

બળતાં હોય એટલે તેમાં પણ આપણે તાત્કાલિક તેનો નિર્ણય લઇ અને નજીકની ૧૧ કે.વી.માંથી તેને સીધું ટી.સી.આપીને કનેકશન આપી દેવુ જોઇએ આ પણ મારી માગણી છે. ખેડૂતોના ટ્રાન્સફોર્મર બળી જાય છે. ટ્રાન્સફોર્મર બનાવતી કંપનીઓ નવે નવું ટ્રાન્સફોર્મર આવ્યું હોય ખેડૂતની વાડીએ જાય એક બળ્યું, બે બળ્યું, ત્રણ બળ્યું આવી રીતે ટ્રાન્સફોર્મરનું ચેકિંગ પણ નથી થતું.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(મહેસાણા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા અને ઉર્જામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ નાણા વિભાગની અને ઉર્જા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સંપૂર્ણ સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગ અને ઉર્જા વિભાગ બંને ખૂબ ઉપયોગી, સેન્સિટીવ અને ૨૪ કલાક કામ કરવું પડે એવા વિભાગો છે. આપણે ત્યાં એમ કહેવાય છે કે વ્યાજનું મીટર ૨૪ કલાક ચાલુ રહે છે. બેંકમાં નાણાં મૂક્યા હોય અને આપણે રાત્રે ઉંઘી ગયા હોઇએ તો પણ વ્યાજની આવક ચાલુ રહે અને બેંકની લોન લીધી હોય ત્યારે પણ રાત્રે ઉંઘી ગયા હોઇએ તો પણ લોનનું વ્યાજ ભરવાનું ચાલુ રહે છે. એવી જ રીતે ઉર્જા વિભાગ પણ દરેક રીતે, દરેક પ્રસંગે, દરેક ક્ષણે, હું મિનિટ નથી કહેતો મિનિટથી પણ નાનો સમય ક્ષણમાં મપાય છે. દરેક ક્ષણે લોકોને વીજળી સેંકડો ઉપયોગો માટે જોઇતી હોય છે. આ બંને અગત્યની કામગીરી અમારી ગુજરાતની ભારતીય જનતા પક્ષની ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્ત્વવાળી સરકારમાં શ્રી કનુભાઇ જેવા પીઢ અને અનુભવી જે મેનેજમેન્ટના જાણકાર છે તેઓશ્રી કરી રહ્યા છે. માનનીય સભ્યશ્રીઓના થોડાં પ્રવચનો મેં સાંભળ્યા. હું તો લગભગ વર્ષ ૧૯૯૦થી આ ગૃહમાં છું. કૉંગ્રેસની આ બધી જ વાત વર્ષ ૧૯૯૫થી અલ્પવિરામ કે પૂર્ણ વિરામના ફેરફાર સિવાય હું સાંભળું છું અને હવે મને એ પણ યાદ રહી ગયું છે કે આ ધારાસભ્ય ઊભા થશે એટલે શું બોલશે એ મને ખબર જ હોય છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

એમની પાસે નવી કોઇ માહિતી નથી. નવો કોઇ અભ્યાસ નથી. એમને નવું જાણવાની જિજ્ઞાસા નથી. હું દરવર્ષે નવું પુસ્તક બતાવું છું. આપના દ્વારા વિધાનસભામાં સુંદર પુસ્તકનું વિતરણ થાય છે. વિપક્ષના કોઇ મિત્રો વાંચવાની તસ્દી પણ કેમ નથી લેતાં એની મને નવાઇ લાગે છે. કોઇ બગીચો હોય એમાં ફૂલ-ઝાડ હોય, સરસ સુગંધ આપતા પુષ્પો પણ હોય. ૯૯ ટકા લોકો આવા સુંદર બગીચામાં ફરે પણ કેટલાંક લોકોને ખૂણામાં કોવાઇ ગયેલું ઘાસ કે બગડી ગયેલી વસ્તુ જ દેખાય. સારું, સ્વસ્થ, ઉપયોગી, આનંદ થાય, મન પ્રફુલ્લિત થાય એવું આ મિત્રોને નથી દેખાતું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને નાણામંત્રીશ્રી કનુભાઇએ બજેટમાં જે નવી બાબતો લીધી છે એનો તો કોઇ માનનીય સભ્યશ્રીઓએ ઉલ્લેખ જ નથી કર્યો. દા.ત. અત્યાર સુધી અમે કહીએ જ છીએ અને ભારતીય જનતા પાર્ટીનો એ કહેવાનો અધિકાર પણ છે કે ખેડૂતોને '૦' ટકા વ્યાજે લોન આપવાનું કામ ફક્ત અને ફક્ત ભારતીય જનતા પક્ષની સરકારે કર્યું છે. ૭ ટકા વ્યાજદર છે એમાં ભારત સરકાર ૩ ટકા અને ગુજરાત સરકાર ૪ ટકા ભરે છે. લગભગ ૩૫,૦૦૦ કરોડ રૂપિયાનું જે ધિરાણ થાય છે એનું વ્યાજ ગુજરાત સરકાર ભરે છે. એના વિશે કોઇ ઉલ્લેખ ન કર્યો. એમાં સૂચન ન કર્યું. એમાં સરળતાની વાત ન કરી. એનો અર્થ કે એ એમને ગમે છે. આ વખતે અમારી સરકાર ખેડૂતથી અટકી નથી. મારે શ્રી કનુભાઇને અને સરકારને એટલા માટે અભિનંદન આપવા છે કે આ વખતે પશુપાલકો અને માછીમારો કે જેમને અત્યાર સુધી ટૂંકી મુદ્દતના કૃષિ ધિરાણ જેવો '૦' ટકા વ્યાજનો લાભ નહોતો મળતો એવો લાભ લાખો પશુપાલકો અને લાખો માછીમારોને મળવાનો છે. એ લોકોને ૮ થી ૧૦ હજાર કરોડની લોન '૦' ટકા વ્યાજ સાથે મળવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા માછીમારોની વાતો કરે, જેટી બનાવવાની વાત કરે. હું લગભગ ગૃહમાં સતત બેસું છું, પણ કૉંગ્રેસના કોઈ ધારાસભ્યએ એવું નથી કહ્યું કે આ માછીમારોને તમે લાભ આપ્યો તેને અમે આવકારીએ છીએ એવું મેં સાંભળ્યું નથી. પશુપાલકો આખા ગુજરાતમાં છે. અમારું ઉત્તર ગુજરાત અને આખા સૌરાષ્ટ્રમાંથી લગભગ દોઢ કરોડ લીટરથી વધુ દૂધનું ઉત્પાદન આપણા પશુપાલકો કરે છે એમને આ યોજનાનો લાભ મળશે તેના વિશે કોઈ બોલ્યું નથી. ગુજરાતમાં દૂધ ઉત્પાદન માટે બનાસ ડેરી પહેલા નંબરની છે. બનાસકાંઠાના અમારા સન્માનનીય અભ્યાસુ ધારાસભ્યોએ આ પશુપાલકોને લાભ મળશે તેના માટે અમે સરકારનો આભાર માનીએ છીએ એવું બોલ્યા નથી. આવું સારું તેમને દેખાતું નથી. કુપોષણની બાબતની ટીકા કરવા ઉત્સાહી થઈ જાય છે, પણ અમારી સરકારે આપણી સગર્ભા માતાઓ અને કુપોષિત ધાત્રી માતાઓ-બહેનોને એક હજાર દિવસ સુધી એટલે કે લગભગ અઢી થી પોણા ત્રણ વર્ષ સુધી દર મહિને અનાજ, ૧ કિલો તુવેરદાળ, ૨ કિલો ચણા, ૧ લીટર તેલ લાખો બહેનોને વિના મૂલ્યે આપવાનું અમારા બે મહિલા મંત્રીશ્રીઓએ સૂચવ્યું અને માનનીય નાણામંત્રીશ્રીએ તે માન્ય રાખ્યું. આ વિશે કૉંગ્રેસના કોઈ પુરુષ ધારાસભ્યએ તો ભલે વાત ન કરી પણ મહિલા ધારાસભ્યએ પણ આની કોઈ નોંધ ન લીધી તેની મને નવાઈ લાગે છે. તમે અમારી ટીકા ચોક્કસ કરો, ભૂલ થતી હોય તો આંગળી ચીંધો એ તમારું કામ છે પણ સારું થતું હોય તો તમારા વિસ્તારમાં આવી ગરીબ બહેનોને આવી વાત પહોંચાડવાની પણ તમે તસ્દી લેતા નથી તેની મને નવાઈ લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જામંત્રીશ્રીએ આ વખતે નિર્ણય કર્યો છે કે કૃષિ ઉત્પાદનમાં એક પણ વીજ કનેક્શન આ વખતે પેન્ડિંગ નહિ રાખીએ. મારે આ વીજળીની વાત કરનારા લોકોને જણાવવું છે કે આપણા એક તાલુકા જેટલી પણ વસતિ ન ધરાવતા મિઝોરમ જેવા નાના રાજ્યની સરખામણી સાડા છ કરોડની વસતિ ધરાવતા ગુજરાત સાથે કરો છો. આપણા

કચ્છમાં ૩-૪ ઇંચ વરસાદ થાય તો બધા ઉજાણી કરે અને દક્ષિણ ગુજરાતમાં ૧૦૦ ઇંચ વરસાદ થાય તો પૂર આવે એવા ભૌગોલિક રીતે વરસાદની ખેંચવાળા ગુજરાતની સિંચાઈ યોજનાઓ, નર્મદા યોજના માટે જે જોગવાઈઓ કરી છે તે આ લોકોને કશું દેખાતું નથી. અમને આનંદ છે કે અમારી ગુજરાતની ભાજપની સરકાર આવી. આ કૉંગ્રેસના નેતાઓ ખેડૂતોના નામે વાત કરે છે. કૉંગ્રેસની સરકાર હતી ત્યારે અમારા કિસાન સંઘના આંદોલન ઉપર આ લોકોએ ગોળીબાર કરી ખેડૂતોને શહીદ કર્યા હતા અને અમારી ભાજપની સરકાર આવી તો અમે મીટર પ્રથા કરી. અમારી સરકાર આવ્યા પછી ખેડૂતોના વીજળીના કનેક્શન બિલમાં એક પૈસાનો વધારો વર્ષ ૧૯૯૫ થી આજ દિન સુધી કર્યો નથી. અમે વર્ષે રૂ. ૮,૩૦૦ કરોડ ખેડૂતો વતી વીજળીની સબસિડી ગુજરાત વિદ્યુત બોર્ડને ચૂકવીએ છીએ. ગુજરાત વિદ્યુત બોર્ડ પણ તંદૂરસ્ત રીતે નવા પાવર સ્ટેશનો બનાવે, નવી ગ્રીડ લાઇનો બનાવે, નવા ઘરોમાં કનેક્શન આપે, અહીંયા જુદી જુદી વાતો થઈ . હું સ્વીકારું છું કે ખેડૂતોને નાનો-મોટો પ્રશ્ન હોય પણ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી, કૃષિમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી કિસાન સંઘ સાથે સતત જીવંત સંપર્ક રાખી એમની સાથે મિટિંગ કરી, પ્રશ્નનું નિરાકરણ કરી ખેડૂતોને સતત વીજળી મળે તે માટે સતત પ્રયત્નશીલ છે. વર્ષના ૩૬૫ દિવસમાં ૨-૫ દિવસ તકલીડ પડે, અઠવાડિયું તકલીફ પડે તો એ કંઈ કાયમી તકલીફ ન કહેવાય. તંદૂરસ્ત માણસ હોય કે મોટો પહેલવાન હોય તેને તાવ આવે તો કંઈ પહેલવાન જતો ન રહે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી ગુજરાત સરકાર ખેડૂતોની સરકાર છે, ખેડૂતો માટે છે, ખેડૂતોથી બનેલી છે અને ખેડૂતો જ અમારી સરકાર બનાવશે. એમાં કોઇએ કોઇ બીજુ વિચારવાની જરૂર નથી. ટૂંકમાં એક છેલ્લી વાત કરી લઉં. હું નાણામંત્રી રહેલો છું એટલે કહેવાની મારી જવાબદારી છે. અહીંયા દેવાની વાતો થાય છે. હું જી.એસ.ટી. કાઉન્સિલમાં હતો. અત્યારે પણ વેબસાઇટ ઉપર જેને જોવું હોય અને પોતાની જાતને અભ્યાસું માનતા હોય એ લોકો જોઇ લે કે, કયા રાજ્યમાં કેટલું દેવુ છે અને એમાં તમારા કોગ્રેંસ શાસિત રાજ્યો પહેલા નંબરે આવે છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે કોરોના વખતે મિટિંગ કરે ત્યારે કોગ્રેંસના મુખ્યમંત્રીશ્રીઓ એક જ માગણી કરે કે અમારું દેવુ વધારવાની છૂટ આપો, અમને ઓવરડ્રાફ્ટ લેવાની છૂટ આપો, નહીંતર અમે પગાર નહીં કરી શકીએ અને પેન્શન નહીં આપી શકીએ. એની સામે ગુજરાતની ભા.જ.પ સરકારે વર્ષ ૨૦૦૫થી એકપણ પૈસાનો ઓવરડ્રાફ્ટ કે પેશગી લીધી નથી. તમામ સરકારી કર્મચારીઓ, પેન્શનરો, કોન્ટ્રાક્ટરો બધાના ચૂકવણા નિયમિત થાય છે. ગુજરાતની નાણાકીય શિસ્તને બધા રાજ્યો પહેલા નંબરે સ્વીકારે છે. એટલે આ બધી જૂની વાતો તમે છોડી દો. વર્ષ ૨૦૦૪-૦૫માં ગુજરાતનું ૧૦.૭૯ ટકા જાહેર દેવુ હતું અને અમે ઘટાડતાં ઘટાડતાં, આજે શ્રી કનુભાઇએ એને ૭.૭ ટકા સુધી કરવાનો એટલે કે ૧૦ ટકા ઓછું કરવાનો અમારો સહિયારો પ્રયત્ન ચાલે છે. બહાર ભલે લાગે પણ ગુજરાત જેવું નાણાકીય સદ્ધર બીજુ કોઇ રાજ્ય નથી. આજે પણ રિઝર્વ બેંકમાં ગુજરાતના નાણાખાતાની માગણી જાય તો તરત જ એ પાનું ફડાઇ જાય છે. કેમ કે, નંબર વન ફાઇવ ગ્રેડ ધરાવતું, ફાઇવ સ્ટાર ધરાવતું, રેટિંગ ધરાવતું આખા ભારતમાં કોઇ રાજ્ય હોય તો ફકત ને ફકત ગુજરાત રાજ્ય છે. તમારું કોઇ રાજ્ય, ગુજરાત જેવું નહીં પણ ગુજરાતની નજીકમાં પણ નથી. આ બધી જૂની વાતો બંધ કરો. નવો અભ્યાસ કરો, મારી પાસે સમય નથી, નહીંતર તો હું તમને બધું યાદ કરાવી દેત.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરૂ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ભિષ્મપિતા શ્રી નીતિનભાઇએ વાત કરી, એની ટીકા-ટિપ્પણીમાં મારે પડવું નથી. પણ એમણે બુકના વાંચનની વાત કરી એટલે મને પાછલું બજેટ સત્ર યાદ આવે છે. શ્રી નીતિનભાઇની ટીકા-ટિપ્પણીમાં પડવાની મારી કોઇ ઉંમર નથી. પણ પાછલી બુકમાં શ્રી સૌરભભાઇ ઊર્જા મંત્રી હતા અને અહીંયા મિડલ ક્લાસના લોકો અને ઉદ્યોગો માટે સોલાર સ્કીમની વાતો કરતા હતા અને સોલાર સ્કીમ લઇને આવ્યા હતા. દરવર્ષે ૧,૦૦૦ મેગાવોટ પ્રોડક્શન લાવવાની વાત કરી અને લોકો એમની લાગણીમાં આવીને સોલાર સ્કીમમાં જોડાયા. એમાં સબસિડીની પણ વાત હતી. રકમ રૂપિયા ૨.૮૦ પૈસામાં, મીડલ ઉદ્યોગકારો માટે એ સોલાર ઉદ્યોગ માટેના સરવે ડ્રાફ્ટ બનાવ્યા. જી.ઇ.બી. ની અંદર ડ્રાફ્ટ આપ્યા. એ સોલાર સ્કીમમાં જોડાવવા માટે લોકોએ સોલાર કંપનીઓ સાથે કરાર કર્યા. પછી એવું બન્યું કે કોઇ ખાનગી કંપનીઓ આવી ગઇ અને રકમ રૂપિયા ૨.૮૦ પૈસામાં કરાર થયો હતો એ ઓચિંતાનો રદ થઇ ગયો અને એ લોકો આજે પણ એ પૈસા શોધે છે, સોલાર કંપનીના આંટા મારે છે અને કહે છે કે અમારા પૈસા પરત કરો. જે પૈસા કંપનીઓ પરત કરતી નથી. ઉદ્યોગ સ્થાપવા નિકળ્યા હતા એની જમીન રોડ ઉપર રખડી ગઇ. જે લોકોએ જી.ઇ.બી.માં ડ્રાફ્ટ આપ્યા હતા એમાં રૂપિયા ૧ લાખ ઓછા મળ્યા. બજેટની અંદર આપણે સ્કીમો તો ઘણી બધી સારી લાવીએ છીએ પણ એની અમલવારી કરવી ઘણી કઠીન છે એવું મારૂ માનવું છે. કોલસાની અછતના કારણે કરોડો રૂપિયાની વીજળી ખાનગી કંપની પાસેથી ખરીદવી પડે છે અને આનો મોટો બોજ પ્રજાની કમર ઉપર આવ્યો છે. પ્રજાની કમર તૂટી ગઇ છે. એવું લોકમૂખે, લોકવાયકે ચાલી રહ્યું છે એવું મારૂ માનવું છે. કોગ્રેંસના સમયની અંદર ૨૭ વર્ષ પહેલા સરકારી વીજમથક તરીકે ઉકાઇ હોય, નર્મદા હાઇડ્રો હોય, ગાંધીનગર થર્મલ હોય, કાકરાપાર હોય કે કચ્છનો લિગ્નાઇટ પાંન્ધ્રો પ્રોજેક્ટ હોય એ સરકારી કંપનીમાં છેલ્લાં ૧૦ વર્ષની અંદર ૩૦ ટકા પ્રોડક્શન થઇ ગયું. અને ખાનગી કંપનીનું પ્રોડકશન વધી ગયું એ સરકારી કંપનીને જો મજબૂત બનાવવાનું કામ કર્યું હોત તો આજે જે પરિસ્થિતિમાં વીજળીની અછત ઉભી થઇ છે તે દિવસ જોવાનો વારો ન આવ્યો હોત. ખાનગી કંપનીને ૧૦ હજાર કરોડ આપ્યા, તેની જગ્યાએ સરકારી કંપનીને આપણે મજબૂત બનાવવાનો પ્રયાસ કર્યો હોત તો અદાણી પાસેથી આપણે સાડા ચાર રૂપિયે

૨૫ વર્ષનો કરાર કર્યો, એ ૨૫ વર્ષના કરારમાં દર ઈલેકશને ભાવ વધારો આપવો પડે એવી પરિસ્થિતિ બૂકમાં વાંચવામાં આવી છે. અદાણી કંપની મજબૂત થઇ, ટાટા કંપની મજબૂત થઇ, પણ લોકોના ખિસ્સા ખાલી થયા છે. આ તો મેં કંપનીઓની વાત કરી, હવે અમારા ગામડાંમાં જઇએ તો પરિસ્થિતિ એવી નિર્માણ થઇ છે કે અમારા વિસ્તારની અંદર તાઉતે વાવાઝોડા બાદ કેટલા પોલ પડી ગયા એ સરકાર પાસે કોઇ ફિગર નથી. સરકાર પાસે એટલા માટે ફિગર નથી કે એ પોલ પડી ગયા એનો આંકડો તો નથી, પણ જે પોલ ઉભા કર્યા એની અંદર મોટો ભ્રષ્ટાચાર થયો, એટલા માટે કહી શકું, ખુલ્લે આમ એટલા માટે બોલી શકું કે સરકાર જવાબ આપી શકે નહીં કે કેટલા પોલ પડયા, જયારે વાવાઝોડું આવ્યું તો અહીંયાથી મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી કે ૧ લાખ પોલ પડી ગયા, કોઇ ગણતરી નહીં, કોઇ આયોજન નહીં, સીધી ગણતરી વગર લાખ પોલનું ડિકલેરેશન થઇ ગયું. છ-છ મહિના સુધી એ પોલ ઉભા કરવા માટે અમારા ખેડૂતોએ પુરુષાર્થ કર્યો, ઉભા કરવા માટે જે કંપનીઓ આવી એ કંપનીઓ ઉભા કરી અને ટકાડીને જતા રહ્યા છે. આપના મારફત મંત્રીશ્રીને વિનંતી કરું છું કે એનું રિનોવેશન કરવામાં નહીં આવે તો ફરી વખત અમારા વિસ્તારની અંદર વીજળીની સમસ્યા ઘેરી બનશે. જે શ્રી હર્ષદભાઇએ વાત કરી તે પ્રમાણે ૨૪ કલાકે ટી.સી. આપવાનો કાયદો છે, ૨૪ કલાકે ટ્રાન્સફોર્મર બળી જાય તો આમાં આપણા નિયમ પ્રમાણે ૨૪ કલાકે આપવું જોઇએ. દસ દિવસે પણ ખેડૂતને ટી.સી. મળતું નથી, મળે છે તે બળેલું ટી.સી.મળે છે. આજે પરિસ્થિતિ એવી છે કે મારું વિજપડી સબ ડિવિઝન હોય, કોઇ અધિકારી ત્યાં છે નહીં, વિસ્તારની અંદર હેલ્પરો નહીં, અધિકારીઓ નથી અને હેલ્પર નથી અને મટિરિયલ્સ પણ નથી. આ કામ જે સરકારના તંત્રને કરવાનું હોય, કોઇ અમારા ખેડૂતનું વીજ કનેકશન નુકસાનીમાં ગયું હોય તો એના તાર પોતાને લેવા જવાના, થાંભલા પોતાના ટ્રેકટરથી ખેંચવા જવાના, થાંભલા અમારા ખેડૂતને ઉભા કરવાના, અને તાર પોતે લઇને આવીને આપે તો મારા ખેડૂતનું કામ થઇ શકે........

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી કનુભાઇ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા તેમજ ઊર્જા અને પેટ્રો કેમિકલની વર્ષ ૨૦૨૨-૨૩ માટેની માગણીઓ લઇને ઉપસ્થિત થયો છું. માનનીય સભ્યશ્રીઓએ ખાસ કરીને શ્રી પરેશભાઇ, શ્રી સૌરભભાઇ, શ્રી શૈલેષભાઇ, શ્રી દુષ્યંતભાઇ, શ્રી કિરીટભાઇ, શ્રી ર્ષદભાઇ અને શ્રી નીતિનભાઇએ સુંદર રજૂઆત કરી અને છેલ્લે શ્રી પ્રતાપભાઇએ પણ રજૂઆત કરી. ચર્ચા દરમિયાન પ્રજાલક્ષી અને વિકાસલક્ષી સૂચનો પોતાના વકતવ્યમાં રજૂ કર્યા છે એને હું આવકારું છું અને તેની અમે નોંધ લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર યોગ્ય સૂચનો જયાં જરૂર હોય ત્યાં વિચારણામાં લેવા માટે કટ્ટીબદ્ધ છે. નાણાં અને ઊર્જા વિભાગની અંદાજપત્રીય જોગવાઇઓને આ સન્માનનીય સભાગૃહ સર્વાનુમતે અનુમતિ આપે તેવો નમ્રપણે અનુરોધ કરું છું. નાણામંત્રી તરીકે વિકસીત ગુજરાતને અમૃતકાળ તરફ આગળ વધતું સ્વર્ણીમ ગુજરાત બનાવવામાં સમાજના તમામ વર્ગો અને ક્ષેત્રોને આવરી લેતી યોજનાઓનો આ બજેટમાં સમાવેશ કરવાનો સનિષ્ઠ પ્રયાસ કર્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેનું ૨,૪૩,૯૬૫ કરોડનું આ અંદાજપત્ર મેં રજૂ કરેલ છે. આ અંદાજપત્રમાં ૬૬૮.૯ કરોડની એકંદર પુરાંત અને ૧,૦૦૫.૮૬ કરોડની મહેસૂલી પુરાંત દર્શાવેલ છે. અમારી સરકારનો વહીવટ પ્રમાણિકતા અને સખત મહેનતના પરિણામે રાજય વિવિધ ક્ષેત્રોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. નીતિ આયોગના એકસ્પોર્ટ પ્રિપેર્ડનેસ ઇન્ડેક્ષ વર્ષ ૨૦૨૧માં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે. ગુજરાતને ૭૮.૮૬ નો સૌથી વધુ માનાંક પ્રાપ્ત થયો છે. ગુજરાતે સતત બીજા વર્ષે આ ક્રમ પ્રાપ્ત કર્યો છે. માનનીય વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૨૧-૨૨માં યુ.એસ. ડોલર ૪૦૦ બિલિયનની નિકાસ હાંસલ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો. જે ભારતે ૨૩ માર્ચ, ૨૦૨૨ના રોજ હાંસલ કરેલ છે. આજ સિદ્ધિમાં ગુજરાતનો ફાળો સૌથી વધુ એટલે કે ૨૫ ટકા જેટલો છે. ગુજરાતની નિકાસ યુ.એસ.ડોલર ૧૦૧.૨ કરોડ જેટલી થઇ છે. આપણા મિત્રો હંમેશા વાત કરે છે પણ કંડલા બંદર એમના સમયમાં વિકસ્યું છે એનો કોઇ ઉલ્લેખ નથી કરતું. કંડલાને લીધે આપણે નિકાસમાં દેશમાં સૌથી પ્રથમ નંબરે આવ્યા છીએ. ગુજરાત દેશની કુલ વસતિના ૪.૯૯ ટકા હિસ્સો ધરાવે છે પરંતુ ઘરગથ્થું ઉત્પાદનમાં રાજયનો હિસ્સો ૮.૩૬ ટકા જેટલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુયોજીત પરિવહન માળખાને લીધે માલ સામાનની સરળતાથી હેરફેર કરવાના કેન્દ્ર સરકારના લોજિસ્ટિક ઇન્ડેક્ષ લીડસ ઓન ગુજરાત સરકાર ત્રીજા વર્ષે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે આવેલ છે. દેશની સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૧,૧૮૧ યુનિટ સામે ગુજરાતનો માથાદીઠ વીજ વપરાશ ૨,૧૪૩ યુનિટ છે એટલે કે ડબલ છે. વર્ષ ૨૦૧૮-૧૯માં દેશમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાત ૧૭.૪૪ ટકા સાથે દેશના મોટા રાજયોમાં સૌ પ્રથમ સ્થાન ધરાવે છે. દેશના કુલ દૂધના ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૭.૭ ટકા જેટલો છે. દેશની બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે કુલ વીજ સ્થાપિત ક્ષમતાના ૧,૨૦૯ ટકા જેટલો હિસ્સો ગુજરાત રાજય ધરાવે છે. દેશમાં કુલ મગફળીના ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૪૭ ટકા છે. સમગ્ર દેશમાં સોલાર રૂફટોપના ઉત્પાદનમાં ગુજરાત પ્રથમક્રમે છે. વધુમાં રહણાંક સોલાર રૂફટોપ વીજ ક્ષમતામાં ગુજરાત આખા દેશની વીજ ક્ષમતાના ૮૨ ટકા સાથે પ્રથમક્રમે છે. આ આંકડા એટલા માટે આપીએ છીએ કે ગુજરાતની સરકાર ખેડૂતો માટે અને દરેક સમાજના કે દરેક ક્ષેત્રના લોકો માટે કામ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની આગેવાની વાળી મારી સરકાર દ્વારા ઉર્જા વિભાગની વિવિધ યોજનાઓમાં અસરકારક અમલીકરણ માટે આગામી નાણાકીય વર્ષના અંદાજપત્રમાં કુલ રૂપિયા ૧૫,૫૬૮ કરોડ

જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સર્વાંગી વિકાસમાં મહત્વનો ફાળો આપે છે. રાજયની જનતાને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુકત પુરવઠો અને કુદરતી ગેસ કિફાયતી ભાવે મળી રહે એ ઉદ્દેશ સાથે કામ કરે છે. વીજળીના ઉત્પાદન પ્રવહન અને વિતરણની કામગીરી કાર્યદક્ષ રીતે કરી રહેલ છે. ઘર વપરાશ માટે પાઇપ લાઇન દ્વારા કુદરતી ગેસ પૂરો પાડવા બિન પરંપરાગત ઉર્જાના વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ વધારવા માગે છે. ગ્રીન અને કિલન એનર્જી કરવાના લાંબાગાળાના આયોજનને સિદ્ધ કરવા આવનાર વર્ષોમાં રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે રાજયની સ્થાપિત ક્ષમતામાં વધારો કરવા અમારી સરકાર કટિબદ્ધ છે. વર્ષ ૨૦૧૩માં ગુજરાતની રીએન્યુઅલ એનર્જીની સ્થાપિત ક્ષમતા ૪,૧૨૬ મેગાવોટ હતી, જે આજે ૧૫,૪૪૭ મેગાવોટ થવા જાય છે. જેને સન ૨૦૨૨ના અંતમાં ૧૯,૭૦૦ મેગાવોટ સુધી લઇ જવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક-૧૨ અંતર્ગત વિભાગના હસ્તકની મુખ્ય વિદ્યુત નિરીક્ષક અને વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરીના પગારભથ્થાં અને બીજા સંલગ્ન વિવિધ પ્રવૃતિઓ માટે જોગવાઇ કરવામાં આવેલ છે. ત્યારે મારી માગણી નંબર-૧૩માં આગામી વર્ષના જુદા જુદા કાર્યો માટે હયાત ચાલુ યોજનાઓ અને આગામી વર્ષની નવી યોજનાઓનો સમાવેશ થાય છે. આગામી વર્ષોમાં સૂચવવામાં આવેલી નવી યોજનામાં આર.ડી.એસ.એસ. રીવેન્ટ ડિસ્ટ્રિબ્યુશન સેકટર સ્કીમ. કેન્દ્ર સરકાર દ્વારા કાર્યક્ષમ વીજ વિતરણ ક્ષેત્રે ટકાઉ નાણાકીય વ્યવસ્થા થકી ગ્રાહકોને સાતત્ય પૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવાના ઉદ્દેશથી રીવન્ટ ડિસ્ટ્રિબ્યુશન સેકટર સ્કીમ કેન્દ્ર સરકાર આયોજીત છે. રાજય સરકારે આ યોજનામાં જોડાવાનો નિર્ણય કર્યો છે. આ યોજનાના મુખ્ય ત્રણ પાસા છેઃ એમાં મીટરિંગ, વીજ વિતરણ માળખાને સંબંધિત કાર્યો અને પ્રોજેકટ મેનેજમેન્ટનો સમાવેશ થાય છે. આના લીધે વીજળી કેટલી ઉત્પન્ન થાય છે અને કયાં વપરાય છે એનુ સંપૂર્ણરીતે આયોજન થશે આ માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાંચ વર્ષ પૂર્ણ થયેલ તેવા અંદાજીત ૮૯૨ અપગ્રેડ સોલાર પંપને વીજ લાઇન ટ્રાન્સફોર્મરને રીમોટ મોનિટરિંગ સિસ્ટમ સાથે નેટવર્ક ઉભું કરીને ગ્રીડ સાથે જોડવા માટે વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજપત્રમાં ૨૦.૬૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહને જણાવતા આનંદની લાગણી અનુભવું છું કે તાજેતરમાં ઉદભવેલ કોવિડ-૧૯ની મહામારીના સમયગાળામાં રાજયમાં આવેલ હોટલ, રિસોર્ટ, રેસ્ટોરન્ટ, વોટર પાર્ક, સિનેમા ઘરો, મલ્ટીપ્લેક્ષ,જીમ્નેશિયમ જેવી લોકપયોગી સુવિધા પૂરી પાડતા એકમોને વીજ બિલના ફિકસ ચાર્જમાંથી મુકિત આપવાનો અમારી સરકારે નિર્ણય કરેલ છે, જેના માટે ૭૧ કરોડ રૂપિયાની જોગવાઇ પણ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ સુવિદિત છે કે સરકાર હંમેશા કિસાનોના હિતને પ્રાથમિકતા આપવાવાળી છે. સન ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં કિસાનલક્ષી અભિગમ ધરાવતી વિવિધ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા વધુને વધુ વીજ જોડાણ આપી વીજ જોડાણ માટેનો બેકલોગ ઝીરો કરવા માટે સરકારે આયોજન કર્યું છે. વર્ષ ૨૦૨૦-૨૧માં સદર યોજના અંતર્ગત ખેતીવાડી ફિડર વિભાજનની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે. ફેબ્રુઆરી-૨૦૨૨ સુધીમાં ૨૪,૦૪૯ કૃષિ વિષયક કૂવાનું વીજળીકરણ કરવામાં આવેલ છે. ઉપરાંત વધારાના અંદાજિત ૧૫,૪૦૦ કૃષિ વિષયક વીજ જોડાણ આપવાનું આયોજન છે. આમ, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં આશરે ૩૯,૪૬૦ કૃષિ વિષયક કૂવાનું વીજળીકરણ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં આ યોજના માટે રૂ. ૭૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, જેમાં અંદાજિત ૬૧,૪૫૯ વીજ વિષયક જોડાણો અને ૩૦૬ કૃષિ ફીડરોના વિભાજનનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, કિસાન સૂર્યોદય યોજના. રાજ્યના ખેડૂતોને દિવસે પાવર આપવાની રજૂઆતને ધ્યાનમાં લઈ સરકાર દ્વારા એક નવિન અભિગમ અપનાવી કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા જરૂરી માળખાકીય નેટવર્ક ઉભું કરવા માટે કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત કુલ ૩,૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇની જરૂરિયાત રહે છે. વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં આ માટે ૧,૪૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ નજીક ખાવડા ખાતે ૩,૩૨૫ મેગાવોટનો સોલાર-વિન્ડ, હાઇબ્રીડ સોલાર પાર્ક પ્રોજેક્ટના વિકાસ માટે મૂડી સહાયકી. આપણા સૌના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ સોલાર-વિન્ડ હાઇબ્રીડ પ્રોજેક્ટના વિકાસ માટે રાજ્ય સરકારને પ્રોત્સાહિત કરેલ અને આપણી સરકારે તેને વધાવી લઈ કચ્છ જિલ્લામાં ખાવડા ખાતે ૩૦,૦૦૦ મેગાવોટ હાઇબ્રીડ સોલાર પાર્કના નિર્માણની કામગીરી હાથ ધરેલ છે. આ પ્રોજેક્ટની ૩૦,૦૦૦ મેગાવોટની ક્ષમતામાંથી ૧૦,૦૦૦ મેગાવોટ ઉત્પાદન માટે જરૂરી જમીન રાજ્ય સરકાર હસ્તકની કંપની માટે અનામત રાખવામાં આવેલ છે. તે મુજબ ખાવડા કચ્છ પાસે આંતરરાષ્ટ્રીય સરહદી વિસ્તારની નજીક ૩,૩૨૫ મેગાવોટ સોલાર પ્રોજેક્ટની સ્થાપના-વિકાસ માટે જી.યુ.વી.એન.એલ. હસ્તકની કંપની ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કંપની જી.સેક.ને ૬,૬૫૦ હેક્ટર જમીન ફાળવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રજૂઆતો ખેડૂતો માટે કરવામાં આવી, ખાસ કરીને હું વર્ષ ૧૯૬૪ની યાદ જાહેર કરું કે જ્યારે લાલબહાદૂર શાસ્ત્રીજી દેશના વડાપ્રધાન હતા. પાકિસ્તાનનું યુદ્ધ થયું અને એમણે જાહેર કર્યું કે 'જય જવાન જય કિસાન' અને આપણે એક ટંક ઓછું ખાઇને દેશ માટે અનાજ બચાવીએ. આપણે બધાએ ખેડૂતોને વીજળી માટેની ઘણી બધી વાત કરી. આ

માત્ર પાંચથી દસ દિવસ માટે વીજળીની તંગી હતી. બધા ઝોનમાં આઠ કલાક વીજળી આજે તો પહોંચી ગઇ છે, પરંતુ આપણે સૌ સાથે મળીને એ.સી. કે કોઇ પણ વસ્તુ ઓછી વાપરીને ખેડૂતોને વીજળી આપવાનો પ્રયાસ કરીએ તો ટીંપે ટીંપે સરોવર ભરાય એ દષ્ટિએ આપણે સૌ તેમાં સફળ થઇશું તેવી મને ખાતરી છે. હાલની સ્થિતિએ આંતરરાષ્ટ્રીય સ્તરે કોલસાની અછતના કારણે આયાતી કોલસા આધારિત પ્રોજેક્ટમાં સમગ્ર દેશમાં ઘટાડો થયેલ છે, પરંતુ રાજ્ય સરકાર દ્વારા ખેતીવાડી ક્ષેત્રે મહત્તમ પુરવઠો ઉપલબ્ધ રહે તે માટે નિશ્ચિત કરવામાં આવેલ છે. આજના દિવસે કુદરત પણ આપણી સાથે છે. આજે વિન્ડ ઉર્જામાં આપણને લગભગ ૨,૫૦૦ મેગાવોટ જેટલી વીજળી મળી છે. તેના લીધે આપણે રાજ્યના દરેક ખેડૂતોને આઠ કલાક વીજળી આપી શક્યા છીએ. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્ય દ્વારા ખેતીવાડીને ૧૮,૮૩૬ મિલિયન યુનિટ વીજળી આપવમાં આવેલ હતી, જે વર્ષ ૨૦૨૧માં વધીને ૨૦,૧૯૧ મિલિયન યુનિટ થયેલ છે. છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય દ્વારા ખેતીવાડી ક્ષેત્રે ૧ લાખથી પણ વધારે નવા કૃષિ જોડાણો આપવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન રહેણાંકના વીજ વપરાશ કરતાં ગ્રાહકો છે, એમને ૧૨,૧૫૯ મિલિયન યુનિટ વીજ પુરવઠો આપવામા આવેલ હતો. વર્ષ ૨૦૨૦-૨૧ માં ૧૩,૦૩૩ મિલિયન યુનિટ આપવામાં આવ્યા હતા. એનો અર્થ એ થયો કે આપણો વીજળીનો વપરાશ વધતો ગયો છે. એના માટે જે પણ પ્લાનિંગ કર્યું હશે પણ આપણી ઉર્જા, આપણી શક્તિ, ઇન્સ્ટોલેશન કેપેસિટી ઘણી બધી વધારે છે. વિન્ડ, સોલાર અને કોલમાં આપણી વધારે છે, પણ જ્યારે સાંજે ૪-૫ વાગ્યા પછી સોલારમાં ઝીરો થઇ જતી હોય છે. પવન કુદરતી છે. પવન આવે ત્યારે આપણી ક્ષમતા વધે છે. એટલા માટે આપણે રૂફટોપની યોજના લાવ્યા અને સમગ્ર દેશમાં ૮૨ ટકા સાથે સૌથી વધારે આપણે છીએ. આપણી સરકાર વર્ષોથી ઘણા બધા પ્રયત્નો કરીને આપણા રાજ્યને સ્વનિર્ભર બનાવવાના પ્રયત્નો કરે છે. હું બધા પૂર્વ મંત્રીશ્રીઓ અને મુખ્યમંત્રીશ્રીઓને અભિનંદન આપીશ કે આપણું ગુજરાત આ પરિસ્થિતિમાં સૌથી ઓછું નુકસાન ભોગવી રહ્યું છે એની આપણે નોંધ લેવી જોઇએ. ખાસ કરીને ઉદ્યોગોમાં પણ ૫૦૦ મેગાવોટનો કાપ કરવાની વાત કરી છે. આ કાપ માટે બે-ત્રણ દિવસની નોટિસ આપી છે. એનો અમલ થશે તો પણ ખેડૂતોને વધારે ફાયદો થશે. ખાસ કરીને શ્રી નીતિનભાઇએ તો ઘણી વાત કરી દીધી છે. પણ યુક્રેનના યુદ્ધ દરમિયાન તેમજ ઇન્ડોનેશિયાનો કોલસો અનિયમિત રીતે આવવાના લીધે ગુજરાતના વીજ ઉત્પાદનમાં ૩ હજાર કરોડનો ખર્ચ થયો છતાં કોઇપણ ગ્રાહકના બિલમાં, ખેડૂતોના બિલમાં આપવામાં આવ્યો નથી. આ બધો ખર્ચ સરકારે ભોગવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહને જણાવતા આનંદ થાય છે કે ચાલુ મહિનામાં આજ સુધીનું જી.એસ.ટી. કલેકશન, આપણા ગુજરાતમાં ઉદ્યોગ ધંધા ચાલતા નથી એમ કહેવામાં આવે છે. આપણા ગુજરાતમાં બધું થાળે પડી ગયું છે. કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપીએ કે કોરોનાની લહેરમાંથી આપણે બહાર નીકળી રહ્યા છીએ અને ગુજરાતનો આજ સુધીનું વર્ષ ૨૦૧૭ પછીનું સૌથી વધુ જી.એસ.ટી. કલેકશન ૪,૪૨૩ કરોડ રૂપિયા આ મહિનામાં આપણે મેળવેલ છે. ખાસ કરીને વીજળી ખરીદીની પણ વાત થઇ. એ પણ કેન્દ્રીય વીજ નિયમન દ્વારા ટેરિફ નક્કી કરવામાં આવે છે. એ ઓનલાઇન પરચેઝ કરવામાં આવે છે. કોઇ એગ્રીમેન્ટ થતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હવે નાણા વિભાગની મારી વાત રજૂ કરીશ. નાણા વિભાગ દ્વારા અગત્યની કામગીરી કરવામાં આવી છે એની વિગતો રજૂ કરીશ. નાણા વિભાગ હસ્તકના મારા વેરા વિભાગ મારફત ખૂબ સુંદર કામગીરી થયેલ છે. રાજ્યવેરા વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં જી.એસ.ટી.ના કાયદાની અમલવારી ખૂબ સારી રીતે અને અસરકારક રીતે થઇ છે. ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને ખાસ લાખ લાખ અભિનંદન આપું છું કે તેઓ સમગ્ર દેશમાં જી.એસ.ટી.નો કાયદો તા. ૧-૭-૨૦૧૭થી અમલમાં લાવ્યા. આ કાયદાથી સમગ્ર દેશમાં વન નેશન વન ટેક્સનો કાયદો અમલી બન્યો છે. ભારતમાં કોઇપણ ચીજવસ્તુ કે સેવાનો એકસરખો દર લાગું પડે છે. એના કારણે રાજ્ય રાજ્ય વચ્ચે થતી બિનજરૂરી હરિફાઇનો અંત આવ્યો છે. વેપારીઓ દ્વારા અન્ય રાજ્યોમાંથી થતી ખરીદીની વેરા શાખ અગાઉ જી.એસ.ટી. કાયદાની અમલવારી પહેલાં વેપારીઓને મળતી ન હતી. જેના લીધે વેરાનું ભારણ વધારે આવતું હતું. પરંતુ જી.એસ.ટી.નો કાયદો અમલમાં આવવાથી અન્ય રાજ્યોમાંથી થયેલ ખરીદીની વેરા શાખ આંતરરાજ્ય તબદીલી સરળ અને શક્ય બની છે. જેના કારણે વેરાનું ભારણ ઘણું ઘટ્યું છે. મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતના વેપારીઓ પત્રકો ભરવામાં ખૂબ નિયમિત છે તેથી મોટા રાજ્યોમાં રિટર્ન ફાઇલિંગમાં જી.એસ.ટી.ના કાયદાની અમલવારીમાં પહેલા નંબરે રહેતું આવ્યું છે. આપણે સૌ વેપારી ભાઇઓને અભિનંદન આપીએ. ગુજરાતમાં જી.એસ.ટી. હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં એપ્રિલ-૨૦૨૧ થી જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં ૫૬ લાખ ૫૪ હજાર ૯૯૪ જી.એસ.ટી.ના પત્રક ભરવામાં આવ્યા છે. તેવી જ રીતે ઇ-વે બિલ જનરેટ કરવામાં પણ ગુજરાત રાજ્ય સતત બીજા સ્થાને રહેતું આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેવી જ રીતે ઇ.વે. બીલ જનરેટ કરવામાં ગુજરાત રાજ્ય સતત બીજા સ્થાને રહેતું આવ્યું છે. એ જ પ્રમાણે ઇ.વે. બીલ ચકાસણીમાં પણ ગુજરાત રાજ્ય બીજા ક્રમે છે. ગુજરાત રાજ્ય જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ વેપારીઓની સંખ્યાની દ્રષ્ટિએ સમગ્ર ભારતમાં ત્રીજા ક્રમે રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા કોવીડ-૧૯ ની સારવારમાં ઉપયોગી ઓક્સિજન જનરેટર, કોન્સન્ટ્રેટર, કોવીડ-૧૯ વેક્સિન, રેમડીસીવર ઇન્જેકશન એવી ચીજવસ્તુઓને તા.૩૧-૭-૨૦૨૧ સુધીની આયાત ઉપર ભરવાપાત્ર આઇ.જી.એસ.ટી.નું ઓપ્શન પેમેન્ટ અથવા રીએમ્બર્સમેન્ટ આપવાનું ફાળવવામાં આવ્યું. આ ઉપરાંત કેન્દ્ર સરકારે કોરોનાની સારવારમાં વપરાતી કેટલીક દવાઓ અને ચીજવસ્તુઓ ઉપર ચોકકસ સમયમર્યાદા માટે લાગુ પડતા ૧૨

ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા વેરો ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો. તિજોરી અને હિસાબની વાત કરીએ તો રાજયમાં ૩૩ જિલ્લા કચેરીઓ, ૧૩૭ પેટા કચેરીઓ, બે પગાર અને હિસાબ કચેરીઓ, પાંચ પેન્શન ચૂકવણા કચેરીઓ, એક ઇ.પી.ઓ. કચેરી, એક વિભાગીય કચેરી જે તિજોરી કચેરી છે આ ૧૭૯ કચેરી મારફત ૪,૧૯૪ ઉપાડ અને વહેંચણી અધિકારીઓ દ્વારા રાજય સરકારની તિજોરીઓ ઉપર પગાર અને હિસાબ કચેરીઓના સંચાલન, રાજય સરકારના હિસાબોને લગતા સરકારી નાણાકીય વ્યવહારો હાથ ધરવામાં આવે છે. તિજોરી કમ્પ્યુટરાઇઝ હોવાને કારણે તિજોરી કચેરીની તમામ કામગીરી સરળ, ઝડપી અને પારદર્શક બની છે. શ્રી પરેશભાઇએ વાત કરી કે માણસોની ભરતી થતી નથી, પરંતુ જયારે દેશ કમ્પ્યુટરાઇઝેશન અને ડિજિટલ ક્ષેત્રે આગળ જઇ રહ્યો છે, ત્યારે માણસની જરૂરિયાત ઓછી થવાની છે અને એના માટે જ આપણે સૌએ કામ કરવાનું છે. રાજયના નાણાકીય વ્યવસ્થાપનના ભાગરૂપે અંદાજપત્રની તમામ કામગીરી ઓનલાઇન કરવામાં આવી છે અને વિધાનસભા અંદાજપત્ર રજૂ કરવાની સાથે જ નાણા વિભાગની વેબસાઇટ ઉપર કર અને યોજનાકીય માહિતી ઓનલાઇન દેખાય છે. નાણા વિભાગ હસ્તક નિયામક પેન્શન, પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર દ્વારા અખિલ ભારતીય સેવાના અધિકારીઓ, નામદાર હાઇકોર્ટના ન્યાયમૂર્તિ, જાહેર સેવા આયોગના અને સેવા ટ્રીબ્યુનલના સભ્યો, રાજય સરકારના કર્મચારીઓ, ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ અને પ્રાથમિક શિક્ષકોના પેન્શન કેસોની અધિકૃત ઇશ્યુ કરવાની કામગીરી કરવામાં આવે છે. પેન્શન અંગેની તમામ કામગીરીઓ ઓનલાઇન કરવામાં આવેલ હોવાથી પેન્શનની અધિકૃતિ, પેન્શન સુધારણાની વિગતો અને ચૂકવણા ઓન લાઇન ઉપલબ્ધ થતા પેન્શન મેળવતા વરિષ્ઠ નાગરિકોને સુગમતા રહે છે. જે જિલ્લામાં પેન્શનરોની સંખ્યા વધુ છે તે જિલ્લામાં પેન્શનરોને હાલાકી ન થાય તે માટે રાજય સરકાર દ્વારા અલગ પેન્શન ચૂકવણા કચેરી શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ અને સુરત જિલ્લામાં અલગ પેન્શન ચૂકવણા કચેરી શરૂ કરવામાં આવી છે. ગુજરાત સામૂહિક જૂથ અકસ્માત વીમા

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મારે સાત વાગ્યે મતદાન કરવું પડે. મેં ગૃહમાં જાહેરાત પણ કરેલી છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગની અનુદાનની માગણીઓ અંગે હું મારા વિચારો રજૂ કરી છેલ્લે આ વિભાગની માગણીઓ માનનીય સભ્યશ્રીઓ સર્વાનુમતે પસાર કરી ગુજરાતની વિકાસ યાત્રામાં પોતાનું યોગદાન આપે એવો અનુરોધ કરું છું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રી ઉર્જા વિભાગનો જયારે જવાબ આપતા હતા ત્યારે મારે લાંબુ પૂછવું નથી. અમારે ત્યાં છોટાઉદેપુર જિલ્લામાં કુટીર જ્યોત યોજના અન્વયે છોટાઉદેપુરમાં રંગપુર સડલી, ઘોઘાદેવ, કોઇલી, હરપાલપુરા, જેર, પાવી જેતપુરના ઝેરીવડલી, બોડેલી તાલુકાના ઘોઘડીયા, ડભેરાઇ, મુંઢીચારી, મોતીપુરા આ કુટીર જયોત યોજનાના કનેકશનો મંજૂર થયેલા છે. આ કનેકશનો વહેલા રિલીઝ થાય અને આદિવાસીના ઘરમાં વીજળીનો ગોળો સળગે. આપણે બધી વાતો ખેડૂતોને આગળ લાવવાની કરીએ છીએ. કૃષિ વીજ જોડાણો અમારે ત્યાં કવાંટ તાલુકામાં ૧૧૯, નસવાડી ૧૨૮, તેજગઢ ૧૮૦, બોડેલી ૧૧, છોટેઉદેપુર ૬૬, પાવી જેતપુર ૧૨૨, ટેસ્ટ રિપોર્ટના અભાવે આ પેન્ડિંગ કનેકશન છે એને કેટલા સમયમાં તમે કનેકશન આપશો?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : સમગ્ર કનેકશનો આપણા આઝાદીના અમૃત મહોત્સવ દરમ્યાન એટલે કે ૩૦ સપ્ટેમ્બર સુધીમાં બધા જ વીજ કનેકશનો આપવામાં આવશે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જિલ્લાના વિભાજન પછી ૩૩ જિલ્લા થયા છે. ત્યાં ડિવિઝનલ કચેરી અને જિલ્લા લેવલે અધીક્ષક ઇજનેરશ્રીની કચેરી માટે ઘણા લાંબા સમયથી માગણી છે. માનનીય મંત્રીશ્રીને પણ મળ્યો હતો. અમારા વિસ્તારમાં ઉના અને ગીર સોમનાથ આવે છે. ત્યારે અધીક્ષક ઇજનેરની અમરેલીની કચેરી અપાય અને કાર્યપાલક ઇજનેરના બે ડિવિઝન અપાય એના માટેની અમારી માગણી છે કે કેટલા સમયમાં પૂરી કરશો? કેન્દ્ર સરકારના પેન્શનર માતા-પિતાના અવસાન બાદ કોઇના ઉપર આધારિત જે દીકરી છે, એને પેન્શન મળે છે. ગુજરાત સરકારમાં આવું કોઇ નીતિવિષયક પેન્શન મળતું નથી, એના કારણે મોટી દીકરીઓ થયા પછી પોતે કઇ કરી શકતી નથી અને સરકારને બોજો પણ પડતો નથી. આ નીતિવિષયક નિર્ણયમાં પણ માતા-પિતા આધારિત જે પણ દીકરીઓ હોય એને પેન્શન આપવા માટેની જોગવાઇ કરવી જોઇએ. એવી મારી વિનંતી છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વિરજીભાઇ એકદમ અભ્યાસું સાંસદસભ્ય અને હવે ધારાસભ્ય છે. એમની દરેક રજૂઆત સાતત્યપૂર્ણ હોય છે અને એમની દરેક રજૂઆત ઉપર ૧૦૦ ટકા ધ્યાન આપીશું અને એનો ઉકેલ કરીશું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં રેકોર્ડ આધારિત જે મુદાઓ રજૂ કર્યા હતા. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો હોત તો મને ગમત. આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે વર્ષ ૦૦૨-૦૩ માં આપણી કર અને બીનકરની આવકો ૧૩,૫૨૪ કરોડ હતી. વર્ષ ૨૦૨૦-૨૧ માં કરની આવકો ૧,૧૮,૩૯૦ કરોડ થઇ. મારે મુખ્યત્વે જે ઘટકો છે તેના તરફ ધ્યાન દોરવું છે. છેલ્લાં ૨ વર્ષમાં ખૂબ કપરા કાળમાંથી પસાર થઇ રહ્યા છીએ, ત્યારે વિદ્યુત શુલ્ક વર્ષ ૨૦૦૨-૦૩ માં ૧,૩૮૪ કરોડ હતું અને અત્યારે ૮,૫૯૭ કરોડ થયું છે. તો ઘટકો ઉપર ધ્યાન દોરવાનું છે. મોટર વાહનનો વેરો વર્ષ ૨૦૦૨ માં ૮૦૮ કરોડ અત્યારે ૩,૮૦૭ કરોડ. ઉતારુઓ ઉપરનો કરવેરા ૧૧ કરોડ હતો અને અત્યારે ૨૯ કરોડ થયો છે. મનોરંજન વેરો માત્ર ૪૦ કરોડમાંથી ૪ કરોડ થયો. અને આબકારી વેરો એટલે કે આલ્કોહોલ સહિતની આવકો ૪૭ કરોડની હતી એ ૧૪૧

કરોડ થઇ. એટલે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે ખાસ કરીને વિદ્યુત શુલ્ક, વાહન વેરો, ઉતારુઓ ઉપરનો કરવેરો અને અન્ય વેરાની આવકો જે વધી છે એ ઘટાડી આ કોરોનાના કપરા કાળમાં પીડિત પરિવારોને રાહત આપવા માગો છો કે કેમ?

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને પાક ધિરાણમાં ૩ લાખથી નીચેની લોન હોય તો ઝીરો ટકા વ્યાજે લોન આપીએ છીએ. ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે લોન આપતા હોય તો પાક ધિરાણમાં ઓટો રિન્યુ. જો વ્યાજ જ નથી ભરવાનું તો ઓટો રિન્યુ એને એમને એમ કરી દેવું અને ૩ લાખ ઉપરની જેને લોન હોય એને વ્યાજ ભલે એ ભરી દે. અને એનું ઓટો રિન્યુ થઇ જાય. આમાં બહુ મોટા વ્યાજ વટાઉવાળા ખેડૂતોનું શોષણ કરે છે. વ્યાજે રૂપિયા લઇને ભરવા પડે છે. તેથી આ પ્રશ્ન સોલ થાય તેવું કરો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પરેશભાઇએ વિદ્યુત શુલ્કની વાત કરી તે વિદ્યુત શુલ્ક મોટા ભાગે ઉદ્યોગો પાસેથી વસૂલવામાં આવે છે. એમાં વધારો થાય એમાં ખોટું નથી. શ્રી હર્ષદભાઇએ ખેડૂતોની વાત કરી તો આપણે હંમેશા ખેડૂતોના હામી છીએ. જયારે પણ વાવાઝોડું આવે, વધારે વરસાદ આવે છતા પણ ગુજરાતના ખેડૂતો સૌથી વધુ ઉત્પાદન કરે છે અને એમ.એસ.પી. માટે વારંવાર ભલામણ કરે છે એટલે ગુજરાતના ખેડૂતો સમૃદ્ધ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોનું ૧૦૦ ટકા ધ્યાન રાખે છે.

કાપ દરખાસ્તો ક્રમાંક-૧, ૨, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૩, ૫૪, ૫૫ અને ૫૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૧૨,૧૩, ૧૫,૧૬,૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**ગિલોટિન કરેલી માગણીઓ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૨-૨૩ ના નાણાકીય વર્ષ પત્રમાં કુલ ૧૦૮ માગણીઓ સમાવિષ્ટ છે. આમાંથી ૫૩ માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઇ ગઇ છે. આથી બાકીની ૫૫ માગણીઓ પૈકી બે માગણીઓ બિનમતપાત્ર હોવાથી તે સિવાયની ૫૩ માગણી ક્રમાંક- ૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ૫૫ માગણીઓ લઇને આવ્યા છે, તેમાં રાજ્ય વિધાનમંડળને લગતી બે માગણીઓ પર ચર્ચા કરી શકાતી નથી તેવી છે, તેમાં અમારી કોંગ્રેસ પાર્ટીનું સમર્થન છે.

અધ્યક્ષશ્રી : હું રાજ્ય વિધાનમંડળને લગતી માગણી ક્રમાંકઃ ૩૬ અને ૩૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૭.૦૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૩૦ મી માર્ચ ૨૦૨૨ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક ૯૧ | વિષય સૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પેજ નં.** |
| અક્ષયકુમાર ઇ. પટેલ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | 286 |
| | ભરૂચ જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના | ૩૪૮ |
| | ભરૂચ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી | 388 |
| | ભરૂચ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના | ૪૧૩ |
| | વડોદરા જિલ્લામાં પશુપાલકોને ખાણદાણ સહાય | ૪૦ |
| અજમલજી ઠાકોર | પોશીના તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | 380 |
| | મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના | 48 |
| | સાબરકાંઠા જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના | 340 |
| | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | 276 |
| અજીતસિંહ ચૌહાણ | નવસારી જિલ્લામાં જમીન સંપાદનનું વળતર અન્યને ચૂકવવા બાબત | 37 |
| | મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં જમીન રી-સરવે | 98 |
| | મહીસાગર અને ડાંગ જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટોકર ખરીદી માટે સહાય | ૭૬ |
| | મહીસાગર અને દાહોદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો | 408 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત | 377 |
| | મહીસાગર અને ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી | ૩૩૫ |
| | મહીસાગર જિલ્લાના તાલુકાઓમાં માર્કેટયાર્ડની સવલત | 109 |
| | મહીસાગર જિલ્લામાં પોલીસ કંપલેઈન્ટ ઓથોરિટીમાં મળેલ ફરિયાદો | 211 |
| | મહીસાગર જિલ્લામાં શૂન્ય ગૌચર | 166 |
| | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | 286 |
| | રાજ્યમાં રાષ્ટ્રીય પક્ષી મોરની હત્યા/શિકારના બનાવો | 200 |
| અનંતકુમાર પટેલ | ડાંગ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં જર્જરિત ઓરડાઓ | 394 |
| | નવસારી અને ડાંગ જિલ્લાની આશ્રમશાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | 355 |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં બોગસ રેશન કાર્ડ | 122 |
| | નવસારી અને વલસાડ જિલ્લાના તાલુકાઓમાં માર્કેટયાર્ડની સવલત | ૧૧૦ |
| | રાજ્યમાં અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રોની ચકાસણી માટે સમિતિ | 306 |
| | રાજ્યમાં આંધળી ચાકણ (સેન્ડ બોઆ) નો વેપાર/વેચાણ | 178 |
| | રાજ્યમાં રજિસ્ટ્રેશન વગરની ફિશિંગ બોટ | 169 |
| | વલસાડ જિલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ | 34 |
| | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૨૭૧ |
| અંબરીશભાઇ જી. ડેર | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૨૮૭ |
| | અમદાવાદમાં નિર્દોષાનંદજી વેટરનરી દવાખાનામાં ગેરકાયદે ડૉક્ટરની નિમણૂક | 197 |
| | અમરેલી જિલ્લામાં મીઠા ઉદ્યોગ | 81 |
| | ગીર વન વિસ્તારમાં ઉભા કરેલ મોબાઈલ ટાવરથી વન્યજીવોને અસર | 357 |
| | રાજ્યમાં વાહનોને સ્ક્રેપ કરવા બાબત | 131 |
| | રાજ્યમાં સરકારી કોલેજમાં મદદનીશ પ્રાધ્યાપકોનું મંજૂર મહેકમ | 312 |
| | રાજ્યમાં સરકારી પોલિટેકનિક કોલેજમાં વર્ગ-૩ની ખાલી જગ્યાઓ | 397 |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં સીડ ફાર્મ માટે જમીન | 47 |
| | વડોદરા મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પ્રાણીઓના ટ્રાન્સપોર્ટેશન કાયદાનું ઉલ્લંઘન | 191 |
| અભેસિંહ તડવી | છોટાઉદેપુર જિલ્લામાં આદિમજૂથોને આવાસ ફાળવણી | 302 |
| | છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના | ૪૮ |
| | છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના | 354 |
| અમિત ચાવડા | પોલીસ સ્ટાફ દ્વારા ધારાસભ્યશ્રીઓ અને એમના સ્ટાફને રોકવા અંગે | 1 |
| | રાજ્ય સરકાર હસ્તકના યાત્રાધામો | 183 |

| | | |
|---|---|---|
| અરૂણસિંહ અ. રણા | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | 280 |
| | ભરૂચ જિલ્લામાં કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ | 334 |
| | ભરૂચ જિલ્લામાં ક્ષેત્રિય નિદર્શન | 23 |
| | ભરૂચ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી | 376 |
| | ભરૂચ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન | 69 |
| અરવિંદ પટેલ | વલસાડ જિલ્લામાં ક્ષેત્રિય નિદર્શન | 63 |
| | વલસાડ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના | 16 |
| | વલસાડ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના | 327 |
| અરવિંદ રાણા | દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના | 24 |
| | નવસારી જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના | 345 |
| | ભરૂચ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો | 386 |
| | વલસાડ જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન | 69 |
| અરવિંદકુમાર પટેલ | ખેડા જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ | ૩૫ |
| | રાજ્યમાં સમગ્ર શિક્ષા માટે ઈન્ફોર્મેશન સીસ્ટમ | 336 |
| | વિજયનગર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | 378 |
| અશ્વિનભાઇ કોટવાલ | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં જમીન ભાડાપટ્ટે આપવા બાબત | 46 |
| | રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા | 170 |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જમીન રી-સરવે | ૧૦૧ |
| | ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક | 346 |
| | ડાંગ અને સાબરકાંઠા જિલ્લામાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવા બાબત | 81 |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વધારે ફી ઉઘરાવતી શાળાઓ | 197 |
| | સાબરકાંઠા અને દાહોદ જિલ્લામાં શાળાઓમાં સુવિધાઓની સમીક્ષા બાબત | 387 |
| | સાબરકાંઠા જિલ્લાના તાલુકાઓમાં માર્કેટયાર્ડની સવલત | 108 |
| આત્મારામ પરમાર | કીડીખાઉં વન્ય પ્રાણીની ગેરકાયદેસર હેરાફેરી/વેચાણ | ૩૫૭ |
| | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, રમત-ગમત, | 268 |
| | ભાવનગર જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિરો યોજવા બાબત | 30 |
| | ભાવનગર જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના | 312 |
| | ભાવનગર જિલ્લામાં બકરા એકમના લાભાર્થી | 73 |
| આનંદભાઇ ચૌધરી | સુરત અને નવસારી જિલ્લામાં વધારે ફી ઉઘરાવતી શાળાઓ | 117 |
| | સુરત અને વલસાડ જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટોકર ખરીદી માટે સહાય | ૨૯ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મંજૂરી | 392 |
| | સુરત જિલ્લાના તાલુકાઓમાં માર્કેટ યાર્ડની સવલત | 144 |
| | સુરત અને તાપી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો | 417 |
| | સુરત અને વલસાડ જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ | 351 |
| | સુરત અને વલસાડ જિલ્લામાં ખૂટતા ગૌચર સામે વૈકલ્પિક જમીન ફાળવવા બાબત | 72 |
| ઈન્દ્રજીતસિંહ પરમાર | ખેડા અને આણંદ જિલ્લામાં કાર્યરત પાણી પુરવઠા યોજના | 154 |
| | આણંદ જિલ્લામાં મંજૂર કરેલી માધ્યમિક શાળાઓ | 410 |
| | ખેડા અને આણંદ જિલ્લાના ગામોને ખાસ વિશિષ્ટ પછાત ભાલ વિસ્તાર જાહેર કરવા બાબત | ૧૩૬ |
| | ખેડા જિલ્લામાં આયોજન કામ અર્થે મળેલ દરખાસ્તો | ૧૩૫ |
| | ખેડા જિલ્લામાં ખાસ વિશિષ્ટ પછાત ભાલ વિસ્તારને ફાળવેલ ગ્રાન્ટ | ૧૩૯ |
| | માતર, ખેડા અને વસો તાલુકામાં તળાવો ઊંડા કરવા બાબત | 86 |
| | ખેડા અને આણંદ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજના | 381 |
| | ખેડા અને આણંદ જિલ્લામાં બંધ કરેલી પ્રાથમિક શાળાઓ | 341 |
| | ખેડા જિલ્લામાં મહી સિંચાઈ સંચાલિત પાણીના નિકાલ માટેની કાંસો | 156 |

| | | |
|---|---|---|
| | ખેડા જિલ્લામાં રેશનીંગ જથ્થાનું બારોબાર વેચાણ | 146 |
| | ખેડા જિલ્લામાંમનરેગા યોજનામાં ગેરરીતિ | 105 |
| | પરીએજ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ ગામો / પરાને શુધ્ધ પીવાનું પાણી | 221 |
| | માતર, વસો અને ખેડા તાલુકામાં નહેરોના કામો | 57 |
| ઇમરાન ખેડાવાલા | અમદાવાદ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નાણાની ફાળવણી | 79 |
| | અમદાવાદ શહેર / જિલ્લામાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો | 349 |
| | આંબરડી સફારી પાર્કને અમાન્ય જાહેર કરવા બાબત | 179 |
| | સુરત શહેરમાં ચાલતા ગેરકાનૂની કતલખાના | 211 |
| | અમદાવાદ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો | 45 |
| | અમદાવાદ શહેર / જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા | 391 |
| ઇશ્વરભાઇ ૨. પરમાર | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | 270 |
| ઋત્વિકભાઇ મકવાણા | સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જમીન રી-સરવે | 104 |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં આંગણવાડીઓની ઘટ | 371 |
| | મોરબી અને રાજકોટ જિલ્લામાં પાસાની દરખાસ્તો | 208 |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં કાર્યરત ગૌચર દબાણ સેલ | 158 |
| | સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લાના ડેમોમાં કાંપ કાઢવા બાબત | 184 |
| | સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં વધારે ફી ઉઘરાવતી શાળાઓ | 113 |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ૭-૧૨ અને ૮/અ ના ઉતારાની આવક | 85 |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ખેડૂતની ખરાઈ અંગેની અરજીઓ | 53 |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ | 403 |
| | સુરેન્દ્રનગરની શાળાઓમાં સાયન્સ પ્રવાહના વર્ગો | 329 |
| ઋષિકેશ ગ. પટેલ | પાર-તાપી નર્મદા લીંક યોજના અંગે. | 284 |
| કેતનભાઈ ઇનામદાર | દાહોદ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના | ૩૭૯ |
| | છોટાઉદેપુર જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના | 338 |
| | દાહોદ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો | 7 |
